જાગૃતિ
માસિક પત્રિકા

190


ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૭૩ જાન્યુઆરી	છે
૨	૧૯૭૩ ફેબ્રુઆરી	છે
૩	૧૯૭૩ માર્ચ	છે
૪	૧૯૭૩ એપ્રિલ	છે
૫	૧૯૭૩ મે	છે
૬	૧૯૭૩ જુન	છે
૭	૧૯૭૩ જુલાઈ	છે
૮	૧૯૭૩ ઓગસ્ટ	છે
૯	૧૯૭૩ સપ્ટેમ્બર (missing pages 9 & 10)	છે
૧૦	૧૯૭૩ ઓક્ટોબર	છે
૧૧	૧૯૭૩ નવેમ્બર	
૧૨	૧૯૭૩ ડીસેમ્બર	છે

For Reference See Pages: 91, 97, 113, 114, 115, 116, 125, 129, 149, 331, 351, 369, 440, 445, 458, 489.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

જાગૃતિ
માસિક પત્રિકા

190

ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૭૩ જાન્યુઆરી	છે
૨	૧૯૭૩ ફેબ્રુઆરી	છે
3	૧૯૭૩ માર્ચ	છે
૪	૧૯૭૩ એપ્રિલ	છે
૫	૧૯૭૩ મે	છે
૬	૧૯૭૩ જુન	છે
૭	૧૯૭૩ જુલાઈ	છે
૮	૧૯૭૩ ઓગસ્ટ	છે
૯	૧૯૭૩ સપ્ટેમ્બર (missing pages 9 & 10)	છે
૧૦	૧૯૭૩ ઓક્ટોબર	છે
૧૧	૧૯૭૩ નવેમ્બર	
૧૨	૧૯૭૩ ડીસેમ્બર	છે


જાગૃતિ
:: તંત્રી ::
કાન્તિભાઈ કે. પટેલ
realpatidar.com



નાનજી પ્રેમજી પટેલ
(નેત્રાવાળા)

એજન્ટ :
લાઈફઈન્શ્યોરન્સ કોર્પો-ઓફ ઇન્ડીયા
જીવન વિમાના, આગનાવિમાના તેમજ દરેક
પ્રકારના વિમાના કામકાજ માટે
મળો યા લખો.

ફોન :

નાનજીભાઈ પી. પટેલ
પટેલ સો મીલ
પ્રો. પ્રેમજીભાઈ ખેતસીભાઈ
ઠે. એસ. ટી. સ્ટેન્ડ સામે
મુ. ડાકોર જિ. ખેડા. (ગુજરાત)

ખુશ ખબર !

જર્મન ટેકનોલોજી
મારફતે બનાવેલ

ટેલીફંકન
રેડિયાના
અધિકૃત વિક્રેતા

આપના ઘરને સંગીતમય બનાવવા
અવશ્ય મુલાકાત લો—


TELE
FUN
KEN

- રેડીયા
- ટ્રાન્ઝીસ્ટર
- એમ્પ્લીફાય
- ટેપરેકોર્ડ

સર્વોદય રેડિયો સર્વિસ

જવાહર બજાર, ધન્સુરા

પ્રોપ્રાયટર્સ : ડાહ્યાભાઈ એસ. પ



ટેલિફંકન રેડિયા – એ વર્ષોની કી સો

જાગૃતિ

તંત્રી : કાન્તિભાઈ કે. પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર
સનાતન સમાજ
યુવક મંડળ
તરફથી
સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતું પ્રાણવાન
માસિક



દુષ્કાળ !

ગુજરાતના મોટા ભાગના વિસ્તારમાં ભંયકર દુષ્કાળના ઓળા ઉતરી ચૂકયા છે. માનવ જીવન માટે અન્ન અને પાણીની વિકટ સમસ્યાઓ ઉભી થઈ છે. ઢોર-ઢાંખર ઘાસચારા વગર તરફડે છે. સરકાર આ બધી પરિસ્થિતિ માટે શકય તેટલા બધાજ પ્રયત્નો કરી રહી છે. છતાં સમાજમાં વસતા સહુ કોઇ નાગરિકો, શકય તેટલા પ્રમાણમાં, શકય તેટલી મદદ 'ગુજરાત દુષ્કાળ રાહત ફંડ'માં મોકલી આપી માનવ સેવાનો અમલ્ય લાભ લે. અને 'જન સેવા એજ પ્રભુ સેવા'નું સુવાક્ય હૃદયમાં ઉતારી માનવ સેવા માટે ઉમદા અવસર પ્રાપ્ત કરે.

—તંત્રી

વર્ષ : ૧૫ અંક : ૧ જાન્યુઆરી : ૧૯૭૩

ૐ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:	સ્વર્ગવાસ :
સંવત ૧૯૩૯, વૈશાખ પૂર્ણિમા	સંવત ૧૯૯૭, આસો વદ ચૌ...

* માસિકના નિયમો *

દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.

વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૬|, પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧| પરદેશમાં રૂા. ૧૨૫| નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.

- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ બી. એ. –તંત્રી

શ્રી. વાડીભાઈ કે. પટેલ એમ. એ., બી એડ્ –સહતંત્રી

શ્રી. પ્રિ. રતિભાઈ એલ. પટેલ એમ. એસ. સી.

ડૉ. ધનજીભાઈ કે. પટેલ જી. એફ. એ. એમ., એલ. એમ. પી

ડૉ. હંસરાજ એમ. પટેલ એમ. બી. બી. એસ

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ એમ. એસ. સી

શ્રી અરજણભાઇ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

* અનુક્રમણિકા *

આ માસના આજીવન સભ્યો

ગુજરાત ટીમ્બર કું.	રાયપુર
ડૉ. વેલજીભાઇ રાંમજીભાઇ	નાઇજીરીયા (આફ્રીકા)
પટેલ શાંતિલાલ વાલજીભાઈ	ઘાટકોપર–મુંબઈ

ॐ નમઃ શિવાય

તંત્રી સ્થાનેથી

યુવક સંમેલન કલકત્ત

આપણા સમાજની યુવા શક્તિને સંગઠિત કરવા માટે, તેમજ તે શક્તિનો સમાજને વખતો વખત લાભ મળે તે હેતુને દ્રષ્ટિ સમક્ષ રાખીને 'મન હોય તો માળવે જવાય' એ ઉક્તિને સાકાર સ્વરૂપ આપવાનો અથાગ પરિશ્રમ વેઠીને શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ. કલકત્તાએ છેલ્લા કેટલાક મહિનાઓથી મનોમંથન અનુભવીને ગત તા. ૨૩, ૨૪ અને ૨૫ ડીસેમ્બર–'૭૨ના દિવસોમાં યુવા સંમેલન યોજી, સમગ્ર સમાજમાં સૌ પ્રથમવખતે જ યશભાગી બન્યુ છે.

સમગ્ર દેશમાંથી બાવીસેક જેટલાં યુવક મંડળોએ પોતપોતાના પ્રતિનિધિઓને આ સંમેલનમાં ભાગ લેવા મોકલી સદ્‌ભાગી બન્યાં છે.

સંમેલન સમયના આયોજનની વાત કરીએ તો, ખરેખર વાણીની વિલાસીતા ન કરતાં કે વાસ્તવિક પરિસ્થિતિથી પર ન જઈને હું એટલું તો જરૂર કહી શકીશ કે સતત એક સપ્તાહ સુધી શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળના સૌ સદસ્યોએ આવનાર સૌ પ્રતિનિધિઓને રેલ્વે સ્ટેશન પર પ્રથમ દિવસે પગ મુકયો ત્યારથી, સૌને વિદાય અપાઇ ત્યાં સુધીમાં કોને, કયારે, શુ વસ્તુની સવારથી મોડી રાત સુધીમાં જરૂર પડશે તેનો તલસ્પર્શી અભ્યાસ કરી સવાર–બપોર અને સાંજ સુધીમાં ચા, નાસ્તા અને ભોજનથી માંડી સંમેલનની કાર્યવાહીને સાથે વણી લઈ 'હિન્દુસ્તાન સમય' ની

બિલ્કુલ અવગણના કરીને જે આ[illegible] સ્કાર કર્યો છે તેની સુંદર છાપ આ[illegible] દરેક યુવાનના માનસ પર પાડી એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ એટલુ જ નહિ પણ આ છાપ [illegible] દરેક યુવાનના મનપર દીર્ઘ કાળ અંકિત રહેશે એમ કહેવું પણ ખોટું

સમેલનના ત્રણ દિવસ [illegible] સરિતા જેમ પર્વતમાંથી નીકળી મળે છે ત્યાં સુધીમાં તેના [illegible] પાણી હમેશા નિર્મળ હોય છે કેટલીક જગ્યાએ તેમાં કુડો, વગેરે નાખવામાં આવે છે. કિનારા પર વસેલા અનેક ગા[illegible] શહેરોની ગટરોનાં ગંદા પાણી પ્રવાહને કયાંક કયાંક દુષિત [illegible] બરાબર એજ રીતે બંગદેશની [illegible] પસાર થતી પવિત્ર ગંગા નદીના [illegible] જ્ઞાતિ ગંગાના નિર્મળ, પ[illegible] કયાંક દુષિત બનતા પ્રવાહની કઇ રીતે દૂર કરવી તે માટેના એકત્ર થયેલા યુવાનોએ અ[illegible] કરી કેટલોક નિષ્કર્ષ તારવ્યે

સામાન્ય રીતે નીચે દર્શા[illegible] પાંચ રત્નો ત્રણ દિવ[illegible] મંથનના અંતે કાઢવામાં

૧. સમગ્ર દેશમાં જે જે હાલમાં જુદી જુદી કડીઓ છે તે કડીઓને ભેગી કરી બનાવી એક [illegible]

૨. સમગ્ર યુવક મંડ[illegible]

અખિલ ભારતીય યુવાનોનું અધિવેશન વખતો વખત યોજવું.

૩ દુનિયાના અન્ય સમાજોની સાથે કદમ મિલાવવા માટે આપણે પણ પ્રગતિ સાધવી હોય તો કન્યા કેળવણી પર સવિશેષ ભાર મૂકવો.

૪. આપણો સમાજ મુખ્યત્વે એ સંપ્રદાયોમાં વહેંચાઈ ગયેલો છે. પરિણામે આપણી સામાજિક પ્રગતિના માર્ગમાં મતભેદોના કારણે એ અવરોધરૂપ છે. તો તે અવરોધરૂપ ન બનતા એક સુત્રતા સાધવા પ્રયત્નશીલ બનવું.

૫. વખતો વખત આપણા સમાજના રીવાજોને લગતા ઠરાવો કરવામાં આવે છે પણ તેનું પાલન કરાવવા દરેક યુવક મિત્રો કટિબધ્ધ બને અને જ્ઞાતિનાં બંધનો મજબુત બનાવે.

ખરેખરએ હકીકત છે કે જે સમાજમાં શિક્ષણનું પ્રમાણ જેટલું ઓછું તેટલી જ તે સમાજની સુઘડતા પણ ઓછી જ ગણાય. માત્ર પુરુષોની જ નહિ પરંતુ સ્ત્રી કેળવણીની પણ સમાજને એટલી જ આવશ્યકતા છે. 'એક સુશિક્ષિત સ્ત્રી સો શિક્ષકોની ગરજ સારે છે.' તો જમાનાની માંગ સાથે આપણે પણ સ્ત્રી સન્માનની ભાવનાને મૂર્તસ્વરૂપ આપવા કેળવણી ક્ષેત્રે મક્કમ પગલાં ભરીએ

બીજું સાંપ્રદાયિક મતમતાંતરની દ્રષ્ટિએ વિચારીએ તો કેટલાંક સ્વાર્થ-સાધુ તત્વોએ ભૂતકાળમાં આપણા અભણ અને અજ્ઞાન સમાજને પોતાના મૂળ માર્ગમાંથી ચલિત કરીને અન્ય રાહ પર દોરી જવામાં આવ્યો છે. તેમાંથી સમાજનો મોટો ભાગ સમયનાં બદલીતાં જતાં વહેણની સાથે કદમ મિલાવી એ સ્વાર્થ સાધુઓની નાગચૂડમાં-થી છટકી ગયો છે. પરંતુ હજુ પણ કેટલોક વર્ગ આજના જમાનામાં પણ એ માર્ગે આગળ જવા માગતો હોય અને તે અન્ય સુઘડ સમાજોની દ્રષ્ટિએ તે સારું નથી જ એમ લાગતુ હોય તો આપણે માર્ગ ભૂલેલા આપણા જ બંધુઓને સાચા માર્ગે લાવવા માટે દીવાદાંડીરૂપ બનવાની ફરજ સમજ-વાની જરૂર છે. અને કેળવાયેલો વર્ગ અવશ્ય આપણી સંસ્કૃતિની શાન જાળવી રાખે એમ ઇચ્છીએ જ અને તેઓ માત્ર એટલું જ વિચારે કે પોતે કોણ છે.

ત્રીજી પણ ખૂબજ અગત્યની વાત છે. કે આપણા સમાજમાં છુટાછેડા તેમજ લક્ષ્મીના જોરે ખાનપાન આદિ અન્ય કેટલાંક દૂષણો ઘૂસી ગયેલાં છે. તે દૂષણોને દૂર કરવા વડીલ સમાજ સાથે પ્રેમ પુર્વક ખભેખભા મિલાવી વહેલી તકે ધીમેથી પણ ચોક્કસ પ્રયાણ કરવા સૌ યુવાનો તૈયાર રહીએ

આમ સમગ્ર સમાજ માટે હિતવર્ધક એવાં પાંચ રત્નો દેશની યુવા શકિત સામે ધરવામાં આવ્યાં છે.

આશા છે કે શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળના આદેશને માન આપી જે જે યુવક પ્રતિનિધિ ભાઇઓએ કલકત્તાના આંગણે જઇ લાભ લીધો હોય તેઓ સૌ પોત પોતાના મંડળોને મેળવેલી પ્રસાદી છુટા હાથે વહેંચી પવિત્ર ગંગાના તીરે ઉદ્‌ભવેલા સદ્‌વિચારોને જ્ઞાતિગંગાના પ્રવાહમાં અવશ્ય વહેતા કરે જેથી તેનાં શુભ ફળોનો આસ્વાદ વર્તમાન તેમજ ભાવિ પેઢી પણ માણી શકે.

"સુજ્ઞેષુ કિં બહુના." —અસ્તુ

* રણમાર્ગી હંસ *

(હરિગીત)

હરિલાલ દેવસી 'કશ્યપ'
પુરૂષોત્તમપુરા, પો, વડાગામ

ઓ માનવ સરોવરના હંસલા! તું પાછો વળી જા.
શીદને ઉડી રહ્યો અવરથા તુજ મારગ નથી આ.
ગિરિ કંદરા, વનકુંજો, નીલ સરોવરો જળ ઝરણાં,
લોભાયો કાં તું દેખીને મન મોજીલાં હરણાં.
વટાવીને સઘળું આ આવશે આગે રણ સીમા.
કિન્તું નહીં આવે તુજ ધામ સરીખા રંગ રસીલા,
સાત સાયરા મોજાળા બનાવી મૃગજળ ભાસે,
ઉડીને સમીપ તું જાશે કાંઠો સુદૂર નાસે.
આંધીના શર છુટતાં તનડુ તહારું વીંધાશે,
સુંદર ધવલ વાઘા તારા જડ ઝાંખરે ઉજડાશે.
થીગડું દેવા બેસવા છાંયડો કયાં ગોતવો,
ઓ મોત્યાહારી ! ધગતો ત્યાં ભાડભૂંજાનો તવો.
નિર્મલ વસ્ત્રો મલિન થાશે રૂપ તહારું બદલાશે,
નીરતીર વિના શે કરીને શ્વેતાંબર ધોવાશે.
ચાલતાં ચરણ દુખશે ઉડતાં થાકે દેવપાંખો,
આંધી ઓળાના આડે પર્દે ન દેખે તવ આંખો.
સાહસધારી ! જોઈ જાજે થાય નહિ છેતરપિંડી,
અંદર પેસતાં જોજે બા'ર જાવા બેતર છીંડી.

હકીકત

પ્રેષક : ડી. એલ. પટેલ
એસ. ટી વિભાગ કચેરી,
મોતીપુરા. હિંમતનગર

સમાજના છેલ્લા ૨૦ વર્ષના ઇતિહાસ સામે ડોકિયું કરીશું તો જણાશે કે, સમાજે વિકસતા યુગમા સામાજિક, આર્થિક અને ધાર્મિક ક્ષેત્રે ઘણી હરણફાળ સિધ્ધિ હાંસલ કરી છે...

ધંધાના વર્ગીકરણ કરતાં જણાય છે કે, વર્ષોથી જ્ઞાતિના બે ધંધા રહ્યા છે. ૧. ખેતી ૨. લાકડાં વહેરવાની સો મિલનો ધંધો. આ ઉપરાંત કેટલાક કોન્ટ્રાકટરના ક્ષેત્રમાં પણ પડેલા જોવા મળે છે.

વતન (કચ્છ) માં રોજગારીની તકો નહીં સાંપડવાથી, લગભગ એક સૈકા પહેલાં, ત્યાંથી સ્થળાંતર કરવામાં આવેલું અને ભારતના ખૂણેખૂણા તેમજ ભારત બહાર પણ વસવાટ કરેલો જોવા મળે છે. પરતુ એ વાત તો ચોક્કસ છે કે, અત્યાર સુધી ખેતી અને સો મીલના વ્યવસાયો કેન્દ્ર સ્થાને રહ્યા છે. અલબત્ત તે માટે આર્થિક પછાતપણા તેમજ અપુરતી કેળવણીને કારણરૂપ ગણાવી શકાય.

વિકસતા યુગમાં ધીમે ધીમે કચ્છ બહાર રહેતા પાટીદાર ભાઇઓએ (ખાસ કરીને અહીં તેમના પુત્રોનો ઉલ્લેખ કરું છું) તેમના સંતાનોને ફરજિયાત કેળવણી આપવાનું શરૂ કર્યું. બીજી બાજુ સાથે સાથે ગુજરાત (અહીં ગુજરાતનો ઉલ્લેખ કચ્છ બહાર) ના ખેડૂતોએ પણ તેમની ખેતીમાં પરિવર્તન શિલતા આણી. આધુનિક સાધનો, સીંચાઇ વગેરેના લાભ ને ઓછી મહેનતે વધારે કમાણીની તકો સાંપડી અને આમ સર્વાંસે જોતાં કચ્છ બહાર વસતા ભાઇઓમાં આર્થિક સધ્ધરતા આવી સાબરકાંઠામાં વસતા પાટીદારોનાં કુટુંબો વિસ્તૃત થતાં તેમને રાજસ્થાન ભણી પણ જવાની ફરજ પડી. એતો કેમ ન કલ્પી શકાય કે, આપણે આપણા અસલ ઉત્પતિ સ્થાન પંજાબ ભણી જઇ રહ્યા નથી !

આ બધું નિર્દેશ કર્યા પાછળનો આશય એજ કે, ઉપર જોયું તેમ સો મિલ માલિકો અને જમીન માલિકોએ તેમના સંતોનોને ઉચ્ચ કેળવણી આપવાનું પણ શરૂ કર્યું. આ જોતાં એક અનુમાન એમ કરી શકાય છે કે, તેમના જ સંતોનો પૂરતો દાખલો લેતાં આજે લગભગ ૩૬ ટકા જેટલા તેમના સતાનો ગ્રેજ્યુએટ એટલે કે ઉપાધિ (ડિગ્રી) કક્ષા મેળવી છે જયારે બાકીનાઓએ ૫૪ ટકા એસ. એસ. સી. સુધી શિક્ષણ મેળવ્યું છે.

જ્ઞાતિની અંદાજે ભારત ભરમાં કુલ ૩,૦૦,૦૦૦ જેટલી વસતિ અંદાજવામાં

આવે છે તે જોતાં સમગ્ર રીતે શિક્ષિતોની સંખ્યા નીચે મુજબ છે.

૦.૬૭ ટકા ગ્રેજયુએટ કક્ષાએ પહોંચેલા છે [જેમાં ડોકટરો વકીલો વ. નો સમાવેશ થાય છે.]
૨.૬૮ ટકા એસ એસ. સી સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરેલા છે.

૩.૩૫ કુલ ટકા

આમ જોવા જતાં કુલ વસતિના માત્ર ૩॥ ટકાજ ઉચ્ચ શિક્ષણ પામેલા ગણી શકાય, જે નહિવત્ પ્રમાણ ગણાય.

ઉપર નિર્દેષ કરેલ એ વ્યવસાયો બાદ કરતાં, અન્ય વ્યવસાયોમાં રોકાયેલ વ્યક્તિઓની ટકાવારી પણ નહીંવત છે. જ ગણ્યા ગાંઠયા વ્યક્તિઓને ગણાવી શકાય.

અત્રે માત્ર ગુજરાતના એક એસ. ટી હિમતનગર વિભાગનો દાખલો લઇએ તો હાલમાં આ એકમ વિભાગમાં કુલ ૧૯૩૨ કર્મચારીઓ કામ કરે છે જેમાં આપણા જ્ઞાતિ બંધુઓની સંખ્યા નીચેના વર્ગીકરણમાં જોવા મળે છે.

વહીવટી સ્ટાફમાં	:	૧
પરિવહન ,,	:	૩
યાંત્રિક ,,	:	૧
	કુલ	૫

આ સ્વરૂપ અને આંકડા, જો સાબરકાંઠામાં વસતા ભાઇઓની વસતિના સંદર્ભમાં લઇએ તો માત્ર ૦.૨૭ ટકા જ ગણાય.

આ પરિણામો જોતાં આજના સમાજવાદી સમાજ રચનાના યુગમાં આપણે હજુ પણ આપણા પૂર્વજોના વ્યસાયમાં જ સંપૂર્ણ પણે લાગી રહીશું તો આપણો વિકાસ રૂંધાશે, આપણો જે કઇ વિકાસ અને અવાજ છે તે કુપાઓ અને સો મીલે-માં જ રહેશે અને પડશે મેં ઘણી વખત સાંભળેલું છે કે, દિકરો ગ્રેજ્યુએટ થઇ નોકરી જેવા વ્યવસાયમાં આકર્ષાય તો પિતા તેને કહેશે, રહેવા દે ને, નોકરો પર દેખરેખ રાખીશ તો ય તારી નોકરી જેટલું મહેનતાણું તું પ્રાપ્ત કરી શકીશ અને આમ તે પિતા તેના પુત્રને તેના મર્યાદિત ક્ષેત્રમાં જ રોકી રાખશે. નોકરી પાછળનો આશય એક માત્ર આર્થિક સમસ્યા હલ કરવાનો નથી, જો પુત્ર કે ભાઇ નોકરી કરશે તો અથવા વકીલાત કરશે તો, તે તેના ભાઇઓ સંતાનોને તેના કરતાં કંઇક વિશિષ્ઠ બનાવવાના આદર્શો રાખી આગળ વધારવા પ્રયત્ન કરશે. તેના સંતાનોને ડાકતર બનાવશે અને આમ તેના કુટુંબમાં અનેક વ્યવસાયો હશે જુદા જુદા ક્ષેત્રના તજજ્ઞો જોવા મળશે અને આમ તેઓનો નાદ એક નહી, બે નહી અનેક ક્ષેત્રોમાં ગુંજશે. જે કુટુંબ, જ્ઞાતિ અને દેશને પણ ઉપયોગી થઇ પડશે.

આપણે નથી જોતા કે આપણા

લગ્નપ્રથાનું આંધળું અનુકરણ

કાન્તિલાલ જોઈતાભાઈ પટેલ
મુ. પો. ડઘરવાડા

ગુલાબનો ગોટો રૂપાનો લોટો,
આ પકડયો રિવાજ લગ્નનો ખોટો.

વાત છે જુના, ગણા જુના જમાનાની, દાદા આલમના વખતની. એક હતા રાજા, શૈલ જેનું નામ, તેઓને એક પુત્રી, પારુ તેનું નામ. રૂપ રૂપનો અંબાર, પારુ તે પારું જ. રૂપ તેવા ગુણ, ગુણ તેવા ગતાગમ.

રાજાને એક પ્રધાન. પ્રધાનને એક પુત્ર, પારુની બરોબરીનો, પ્રધાન પુત્રે પારુના રૂપથી લોભાઇ ખોટી માગણી કરી. પારુ ખૂબ રોષે ભરાઇ, પ્રધાનપુત્ર પર ગુસ્સે થઇ તેને અપમાનિત કર્યો.

પ્રધાનપુત્રને માઠું લાગ્યું, તેણે વેરનો બદલો લેવા નિશ્ચય કર્યો.

પારુના લગ્નનો સમય આવ્યો. કામ પ્રધાનને સોંપવામાં આવ્યું પ્રધાને પુત્રને યોગ્ય અને લાયક વર શોધી નક્કી કરી લાવવા કહ્યું.

પ્રધાન પુત્ર તકનો લાભ શા માટે જતો કરે. 'ભાવતુ હતું ને વૈદે કહ્યું'

પ્રધાનપુત્ર મુરતિયાની શોધમાં નીકળી પડયો. ફરતાં ફરતાં એક સુંદર હવેલી નજરે પડી. હવેલીમાં પેસતાં દરમાં હાથ નાખી સાપ શોધતાં એક રૂપવાન યુવક નજરે પડયો, જોઈતું હતું તે જડ્યું. 'ખરો મૂર્ખનો સરદાર, અઅક્કલનો ઓથમીર' કોઇ રાજકુમાર જેવો લાગે છે. જો રાજકુમાર હોય તો આ દરમાં હાથ નાખી સાપ શોધનારથી વધુ બુધ્ધુ મને કોણ મળવવાનો હતો. આ ગાંડા સાથે જ પારુને પરણાવું તો મારા અપમાનનો

પડોશી મહેસાણા જિલ્લાના પાટીદારો આર્થિક રીતે સમૃધ્ધ હોવા છતાં, છેક નીચલી કક્ષા જેવી કે પ્રાથમિક શાળાના શિક્ષકનો વ્યસાય સ્વીકારી કચ્છ, સાબરકાંઠા વગેરે જિલ્લાઓમાં પ્રવેશી ચૂકયા છે.

આથી હું પ્રત્યેક જ્ઞાતિ બંધુઓને એક ખાસ હાકલ (અપીલ) કરૂ કે, કંઇક નવીન ક્ષેત્રમાં ઝંપલાવતાં, કંઈક નવું મેળવવા પ્રયત્ન કરો અને એમ કરી કુંટુંબ અને જ્ઞાતિનો વિકાસ સાધવામાં ફાળો અર્પી દેશને પણ મદદ રૂપ બનો.

★ ★

બદલો વળે'. તે અંદર ગયો. પુછપરછ કરી વેવિશાળનું નકકી કરી દીધું.

આ હવેલી તે બીજા કોઇની નહિ, પણ સ્વર્ગમાં ગુનો કરવા બદલ બે વર્ષ પૃથ્વી પર રહેવાની સજા પામનાર શંકર પોતે હતા. પૃથ્વી પર ઘણા દિવસ એકલા રહેવાથી કંટાળી ગયા હતા. કોઇ સાથે હોય તો દિવસો શાંતિમય જાય ને તેથી જ; પારુના વખાણ સાંભળી પરણવા તૈયાર થયા હતા. તેથીજ ભગવાન શંકરે માયાની રચના કરી હતી. પ્રધાનપુત્ર જેવા મુરતિયાની શોધ કરવા ઇચ્છતો હતો તેવો મુરતિયો શંકર પોતે બન્યા હતા.

થોડા દિવસમાં લગ્ન પણ નકકી કરી દીધું શંકર પરણવા પણ આવી પહોંચ્યા.

પહેલાંના જમાનામાં પરણવું એટલે સસરાને ત્યાં જમાઇ જાય સારા મુહુર્તે છોકરી વરને વરમાળા પહેરાવે, ને સારા ચોઘડિયે બાપ છોકરીનો હાથ જમાઇને સોંપી મોં મીઠું કરાવી પુત્રીને મોકલી આપે. એ રીતે જ શંકર પારુને લેવા ગયા હતા.

સ્વર્ગમાં નારદમુનીએ સ્વર્ગના દેવોના કાનભંભેરણી કરી 'ગુનાહિત શંકર પૃથ્વી પર એક રાજાની કુંવરીને પરણવા તૈયાર થયા છે. ચાલો આપણે જોઇએ તો ખરા.'

રાતના સમયે સારા મુહુર્તે પારું શંકરને વરમાળા પહેરાવે છે. તેજ સમયે આકાશ માર્ગે દુંદુભી, નગારા ને સારા મીઠા સૂર ગુંજી ઉઠયા. પુષ્પ વૃષ્ટિ થઇ રંગબેરંગી રોશની ને સારા મીઠા સૂરથી લોકો ઉંઘમાંથી ઉઠયા ને રોશનીથી ફફડયા, ને રોશની તરફ દોડી ગયા.

એક ગાભા ફાટેલ ગોદડીઓ ની સૂતો હતો તે પણ ઉંઘમાંથી જાગી હાંફળો ફાંફળો દોડી આવ્યો છેક શંકર–પારુ નજીક પહોંચી ગયો. તેના ખભે ગોદડીના ગાભાની પટ્ટી વીંટળાયેલી હતી.

અંતરીક્ષમાંથી દેવોએ મીઠાઇના થાળ મોકલ્યા ને સુંદર મીઠી વાનગીઓની વૃષ્ટિ કરી. આ દ્રશ્યથી શંકર શરમાઇ ગયા.

શંકર માટે અંતરીક્ષમાંથી દેવોએ વિમાન મોકલ્યું શૈલપુત્રી પારુ તેજ પાર્વતી ને શંકર બંને સ્વર્ગમાં ચાલ્યાં ગયાં.

'કાગડાને બેસવું ને ડાળને પડવું.' આકસ્મિત સંજોગોનું પરિણામ કેવું આવ્યુ. આ બનાવને આપણી પ્રજા શું નું શું સમજી બેઠી. આ બનાવને આપણી પ્રજાએ એક રિવાજ ગણી લીધો. તે જ બનાવ આજે લગ્નનો રિવાજ બની ઘર કરી બેઠો.

લગ્ન વખતે હજારો રૂપિયાનો ધુમાડો સાદા નાસ્તાઓને બદલે આઇસ્ક્રિમ પાર્ટિઓ–નવી નવી વાનગીઓ સ્ત્રીઓના કોમળ કંઠના ગીતગૂંજનને બદલે લાઉડસ્પિકરો સાદી ફાનસોને બદલે

... ગમે તેમ ગા [illegible] ભાખરીને બદલે ધરેયેલા તવંગરોને જમણવાર. વગેરે વગેરે ખોટા ખર્ચા ને અવનવા ઠાઠમાઠ કરે છે. પછી ભલે ને ઘરમાં હાંલ્લાં કુસ્તી કરતાં હોય, પણ લગ્નનો ખર્ચ તો કરવો જ પડે. આવું ખોટું તૂત લોકોના મનમાં ઘર કરી બેઠું છે.

શા માટે લગ્ન પ્રસંગે જાનમાં સો બસો માણસો આવે ! તેલ જુઓ તેલની ધાર જુઓ. સંજોગો જોઈને ધીરજથી કામ કરો. કહોદોને કે આવે દશબાર.

શા માટે હાથમીલન વખતે (શંકર લગ્ન વખતના) ગોદડીના ગાભા વાળા માણસને જનોઈવાળો બ્રાહ્મણ સમજી બ્રાહ્મણ પાસે હાથમીલન કરાવો છો ! ફક્ત પહેરાવી દોને વરમાળા.

શામાટે લાઈટ, માઈક, મીઠાઈ એમાં પૈસા ખર્ચો છો ? કરી દોને ગરીબોને દાન, ફલાણાકાકાએ પુત્રીના લગ્નમાં ડંકો વગાડી દીધો.' આવું શા માટે !

ઓ મારા સ્વદેશી દીલોજાન વાંચક મિત્રો આપ સમજો છો કે ' ખોટી ખૂમારી. ' અનુકરણ એ મરણ. ' મોટા શ્રીમંતો તો ગમેતેમ વર્તે તો તેમને પોષાય દેખાદેખી મધ્યમ વર્ગના ગરીબ માનવીઓ આવા ખોટા રિવાજોને કેમ તિલાંજલી આપતા નથી. રિવાજોની પાછળ ઢસડાઈ ખોટા ખર્ચા કરી દેવાના દરિયામાં ડૂબી જઈ ખોટા ઠાઠમાઠ કરતાં ચોક્કસ વિચારવું ને શરમાવું જોઈએ

વાંચક યુવાન બંધુઓ તરંગોના લગ્ન પ્રથાનુંસાર ખોટા ખર્ચા ન કરતાં ' ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાય ને આટો ' પોતાનાં ભૂખે મારી પારકાં ને પોષવા કરતાં, ખોટા દેવાના દરિયામાં ડૂબવા કરતાં, એક જ યોગ્ય સ્ત્રીને પસંદગી આપી બકીની બીજી બા–બેટી-બહેન સમાન ગણી પ્રેમ લગ્ન કરે, આખી જિંદગી વિતાવવી જોઈએ.

વડીલ માતા પિતાઓએ પણ વિચારવું જોઈએ. તેઓએ ફક્ત ખાનદાની, કેળવણી, સંસ્કારીતા વગેરે પૈસાથી જ આંકવી જોઈએ. ' ઉજળું એટલું દૂધ નહિ.' બહાર સારું તે બધેથી જ સારું માની બાળક–બાલીકાને સારા ઘરનાં લૂલાં લંગડાં, બાડાં, અસંસ્કારી, અજાણ, કદરૂપાં, કઢગાં ગમે તે ગમે તેમ લાકડે માંકડુ વળગાડી, માબાપે પોતે જ એવા સોદા પતાવી પોતાના બાળકોની જિંદગી બગાડી નાખવી એથી બીજું કયું અઘોર પાપ હોઈ શકે ?

લગ્નજીવન એ વ્યક્તિ વ્યક્તિ વચ્ચેનો જિંદગીનો સવાલ છે દરેક વ્યક્તિનું સૌથી નજીકનું અંગત જગત છે. એ સફળ નીવડે તો જ તે વ્યક્તિઓની આખી જિંદગી સાર્થક થઈ ગણાય. લગ્ન પ્રથાનું મૂળ જાતિય વૃત્તિનો સંતોષ છે. ઉપરાંત માનવી સૌંદર્યનો પ્રશંસક

હોઈ તેને સૌંદર્ય જોવું બહુ ગમે છે. પછી પ્રાકૃતિક હેય કે સામાજિક. સૌંદર્ય ભાવના પણ લગ્ન કરવાથી સંતોષાવી જોઈએ.

બાળકોને અરસપરસના જીવનસાથીની પસંદગી માટે સ્થાન હોવું જોઈએ સફળતા માટે લગ્ન પહેલાં બાળકોને એકબીજાના સંપર્કમાં આવવા દેવાની પ્રથા દૃઢ બનતી જાય છે તે યોગ્ય છે. આમાં બંને એકબીજાના વિચારો વાંચે, લાગણીઓ અનુભવે, આ-તે બીજી-ત્રીજી ધંધાકિય રહેણી-કરણીને બાબતોનાં મંતવ્યો વગેરે જાણે અને એકબીજાને અનુકૂળ થવાશે કે નહિ તે વિચારી શકે

ટૂંકમાં પુરુષે એકજ યોગ્ય સ્ત્રી સાથે જૂના જમાના મુજબ વિના ખર્ચે લગ્ન કરી લેવું જોઈએ.

પરણ્યા પછી પત્યું, એમ માની લેવું પણ ભૂલ ભરેલ છે. પરણ્યા પછી પણ એકના દુઃખે દુઃખી, એકને સુખે સુખી રહેવાની આવડત કેળવવી જોઈએ. બાળકોને કઈ રીતે ઉછેરવાં, ખર્ચનું બજેટ કેવી રીતે બનાવવું, સંયુક્ત કુટુંબમાં કેવી રીતે રહેવું, ઘર કેવી રીતે નભશે. એકનું માથુ દુઃખે તો બીજાએ બામ કેવી રીતે થવું વગેરે બાબતોમાં પણ જો એક મત ન થવાય તો લગ્ન જીવનની નાવ જરૂર તોફાનમાં ઘસડાઈ જાય.

લગ્ન એટલે શુદ્ધ પ્રેમનું, સમજપૂર્વકનું સમર્પણ. એકબીજાના સુખ માટે અર્પણ થવું, એવા સુખ મેળવવા કરતાં સુખ આપવાની જ ભાવના મુખ્ય હોય છે. લગ્ન સંસ્કારમાં પ્રેમ, પવિત્રતા ને ત્યાગ મુખ્ય છે.

બંનેમાં પરસ્પર પ્રેમ હોવો આવશ્યક ને અનિવાર્ય છે પરસ્પરના પ્રેમને લીધે જ પરિણીત યુવક-યુવતી એકબીજાની હૂંફ મેળવી સુખી જીવન પસાર કરી શકે. સફળ લગ્ન માટે પ્રેમની આવશ્યકતા ખૂબ છે.

દરેક યુવક-યુવતીઓને માબાપની સંમતીથી વિના ખર્ચે, પ્રેમ લગ્ન કરી લેવાની છૂટ મળવી જોઈએ.

મોટા, આંધળા અનુકરણિય, લગ્ન જેવા પ્રસંગોનાં લક્ષ્મીનો દુર્વ્યય કરતાં તો-ધર્મશાળાઓ, દવાડાઓ, બોડિંગો તળાવો, વાવો કે જે માણસ એક વિદ્યાલય ખોલે છે. એ સંસારના એક કેદખાનાને બંધ કરે છે. તો શાળા, મહાશાળાઓ બંધાવશો. ગરીબોને શિક્ષણમાં મદદ કરશો કે ગરીબોને રોટી ખવડાવશો તો ભગવાન રાજી રહેશે ને આપની સુખ સંપત્તિમાં વધારો કરશે.

એકાદ પરબ બંધાવશો કે બેસાડશો તો હજારો તૃષાળુઓ તમને આશિષ આપશે. આ રીતે નાણાંનો સદુપયોગ થશે ને આપની કીર્તિમાં પણ વધારો થશે.

"નામ રહંતાં ઠાકરાં, નાણાં નવ રહંત,
કીર્તિ કેરાં કોટડાં, પાડ્યાં નવ પડંત".

★ ★

ખોટા ખર્ચાથી શ્રીમંતોની શ્રીમંતાઈનો ગર્વ પોષાય છે. તેને પરિણામે ગરીબ, મધ્યમ વર્ગ દેખાદેખી કાર્ય કરે છે, ને મુશ્કેલીમાં મૂકાઈ જાય છે. મને-કમને પણ એ રિવાજને અનુસરે છે. પણ 'લાંબા સાથે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય.' તે મુજબ અંતે દેવાના દરિયામાં વ્યાજના વ્યાજ ભર્યે જાય છે. તો ' આવ પથરા પગ પર' કરી જાતે આવી મૂશ્કેલીઓ વેઠવાની શી જરૂર છે ?

લગ્ન પ્રસંગે સગાંવહાલાં તરફથી પણ પારાવાર પરેશાની એઠવી પડે છે, ને આર્થિક સમસ્યા ખડી થાય છે. વળી રીસામણા–મનામણા કરવા પડે છે. આ બધું શા માટે ?

આજની મોંઘવારીને લક્ષમાં રાખી "શક્તિ તેવી ભક્તિ–પાથરણું જોઈને પગ તાણવા જોઈએ.'

કોઈની પણ સામાજિક પ્રતિષ્ઠાને આંચ આવવા દિધા સિવાય, શક્ય એટલી સરળ રીતે, નજેવા ખર્ચે લગ્નનું કામ પાર પાડવામાં સાર છે.

સરકાર પણ કાયદાથી લગ્ન ખર્ચમાં અમૂક જ ખર્ચ નક્કી કરે, વધુ ખર્ચ પર ભારે કર નાખે, તો તે સમાજ-પયોગી તથા દેશોપયોગી પગલું ગણાય.

આજનો નવલોહિયો યુવાન પોતાના જ લગ્ન પ્રસંગમાં ખર્ચ થતો અટકાવે તો દરેકને લાભકર્તા થશે. લોકનિંદાનો ડર રાખ્યા વિના, સ્વાર્પણના ઊના-ઊના લોહીનું ખમીર લઈ આજનો જુવાન જાગશે તોજ ફેલાયેલા ખોટા ખર્ચાળ રિવાજોના ડાઘ દેશમાંથી દૂર થશે. તોજ ખોટા ખર્ચા નાબૂદ થશે. હટાવી દો આવા કુરિવાજ ને. ★

'જાગૃતિ' પંદરમા વર્ષમાં પ્રવેશ કરે છે. તે પ્રસંગે સમાજના વડીલો, પ્રકાશક, સંપાદક મંડળના સભ્યો, આજીવન સભ્યો, વાર્ષિક ગ્રાહકો, લેખકમિત્રો, શુભેચ્છકો તથા અન્ય સ્નેહીજનોએ ગતવર્ષમાં જે સાથ અને સહકાર આપ્યો છે તેથી પણ વધુ પ્રેમ અને ઉત્સાહ ચાલુ વર્ષમાં પણ મળતો રહેશે તેવી આશા સાથે આપ સહુનો હું હાર્દિક આભાર માનું છું.

—તંત્રી

જાણવા જેવું

સંગ્રાહક
પટેલ ચંદુલાલ કાનજીભાઈ
તખતગઢ

પવનની ઝડપ કલાકે—

૧	માઈલની હોય તો		ધુમાડો સીધી લીટીએ ઉડે
૧ થી ૩	,,	,,	ધુમાડો સર્પાકારે ચાલે
૪ થી ૭	,,	,,	ઝાડપાન પવનની દીશા તરફ ચાલે
૮ થી ૧૨	,,	,,	પાન અને નાના છોડવા ચાલે
૧૩ થી ૧૮	,,	,,	ધુળ કાગળ વિ. ઉડે
૧૯ થી ૨૪	,,	,,	નાના ઝાડ આખાં હાલે
૨૫ થી ૩૦	,,	,,	મોટી ડાળીઓ હાલે, છત્રી ખુલી ન રહી શકે
૩૨ થી ૩૮	,,	,,	મોટા ઝાડ હાલવા માંડે, પવન સામે ન જવાય
૩૯ થી ૪૬	,,	,,	વાવાઝોડુ થાય અને ડાળીઓ ભાગે
૪૭ થી ૫૪	,,	,,	નળીયાં અને છાપરાં ઉડે
૫૫ થી ૬૩	,,	,,	ઝાડને મુળમાંથી ઉખેડે અને મોટો ઝંઝાવાત થાય
૬૪ થી ૭૫	,,	,,	મોટા વિસ્તારમાં ભયંકર તોફાન થાય
૭૫ થી વધારે	,,	,,	ખૂબજ મોટું તોફાન થાય અને વધારે નુકસાન થાય



આધુનિક યુગમાં ખેતી પેદાશના વેચાણનું મહત્વ

પટેલ હરિભાઇ સવજીભાઈ
એસ. વાય. બી. કૉમ.
જંત્રાલકંપા

આયોજન અર્થતંત્રમાં સ્થિરતા સાથેનો આર્થિક વિકાસ સિધ્ધ કરવો હોય તો ઉત્પાદન અને વપરાશ વચ્ચે સમતુલા હોવી જોઈએ, કારણ કે આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે ખેતી એ ભારતનું સોનું ગણાય છે. ખેતીમાં લેવામાં આવતા પાકો ભારતના અલંકારો ગણાય છે. ટુંકમાં કોઇપણ વસ્તુનું ઉત્પાદન થયા પછી તે વસ્તુની વેચાણ વ્યવસ્થામાં ખામી હોય તો ઉત્પાદકતા અને ઉપભોક્તા બન્નેને સહન કરવું પડે છે. ભારતની ખેતી પછાત હોવાના કારણોમાં ખેત પેદાશની વેચાણ વ્યવસ્થામાં ખામી પણ ગણાવી શકાય.

ખેત પેદાશમાં વેચાણ વ્યવસ્થા સ્વરૂપ ખામીઓ :–

ભારતમાં ખેત પેદાશનું વેચાણ કરવા બજારો મુખ્ય ત્રણ પ્રકારોના ગણાવી શકાય. (૧) હાટ (૨) મંડી અથવા જથ્થાબંધ માર્કેટ (૩) નિયત્રિત બજારો વ્યવસ્થાની ખામીઓ:– મોટા ભાગનું વેચાણ ગામમાં જ:– ખેડૂત જે ઉત્પાદન કરે છે તેના મોટા ભાગનું વેચાણ ગામમાં જ કરતો હોય છે. અંદાજ મુજબ ૬૫% વેચાણનો ભાગ ગામમાંજ થાય છે. મોટો ભાગ કાંતો ખેડુતને ગાંમમા વેચવાની ફરજ પડે છે અથવા સંજોગોને લીધે ખેડુત ખેત પેદાશનું વેચાણ બજારમાં કરવા પ્રેરાતો નથી. મોટા ભાગનું વેચાણ ગામમાંજ થાય છે એનો અર્થ એવો નથી કે તેની ખરીદી તે જ ગામના લોકો દ્વારા થાય છે. વાસ્તવમાં મોટા ભાગના સોદાઓ ગામના શાહુકાર તથા શહેરમાંથી આવતા દલાલો સાથે થાય છે. જો ખેડુતો ગામમાં વેચાણ કરવાને બદલે નજીકના નિયંત્રિત બજારમાં વેચાણ કરે તો વેચવાનો યોગ્ય શોધનો મોટા ભાગની ખરીદી કરી શાહુકારો અને દલાલો ખેત પેદાશની કૃત્રિમ અછત ઊભી કરી ખેત પેદાશના ભાવ ઊંચા લઇ જાય છે. એમ ન કરી શકે.

(૨) ગામના શાહુકારોને જ વેચાણ:–

ખેડુતો મોટાભાગનું વેચાણ ગામના શાહુકારોને જ કરે છે કારણ કે વાવણી શરૂ કરવાથી માંડીને પાક તૈયાર થાય થાય ત્યાં સુધી ખેડુતને નાણાં તથા અનાજની જરૂર પડે છે ગામના શાહુકારોનું લેણુ ખેડુત ઉપર આમ તો પહેલેથી જ ચાલતું આવતુ હોય છે અને તેથી પાછલા દેવાના ભાગરૂપે અથવા તેના વ્યાજ પેટે પણ ખેડુતને

દર વર્ષે ખેત પેદાશનો મોટોભાગ શાહુકારોને આપવો પડે છે વળી ખેડૂત પોતે પોતાની જીવન નિર્વાહની ચીજો લેવા માટે પણ શાહુકાર પાસે જાય છે ત્યારે ખેડૂત ખેત પેદાશનું વેચાણ નાણાં ધીરનાર શાહુકારને જ કરશે. તેવી શરતે શાહુકાર નાણાં ધીરશે આનું પરિણામ એ આવે છે કે ખેડૂતને ખેત પેદાશની ઓછી કિંમત આપી શાહુકાર ખેત પેદાશની ખરીદી કરી લે છે. આમ ખેડૂતને વ્યાજ વધારે આપવું પડે છે. એટલુંજ નહિ પણ ખેત પેદાશની કિંમત પણ ઓછી મળે છે. આમ જ્યાં સુધી દેશનો ખેડૂત શાહુકારના સાણસામાંથી છુટશે નહિ ત્યાં સુધી ખેડૂત ગામ બહાર નિયંત્રિત બજારોમાં ખેત પેદાશનું વેચાણ કરી શકશે નહિ

(૩) કસમયે વેચાણ:–

શાહુકારો દ્વારા થતી ખરીદી ખેડૂતના હિતની વિરુધ્ધ જાય છે આમ ખેત પેદાશની ખરીદી હિત વિરોધી તત્વો દ્વારા થાય છે. એટલું જ નહિ ખેત પેદાશનું વેચાણ પ્રતિકુળ સમયે થતું હોય છે. પાક તૈયાર થાય ત્યારે ખેત પેદાશના ભાવમાં ખુબ ઝડપી અને નોંધપાત્ર ઘટાડો થાય છે જો ખેડુતમાં સંગ્રહશક્તિ અર્થાત તેની ખેતપેદાશ તરતજ શાહુકારને વેચવાની ફરજ ન પડતી હોય તો ખેતપેદાશનું વેચાણ વર્ષના અમુક જ એક માસમાં થવાને બદલે અમુક માસના અંતરે થવાથી ખેડુતોને ખેતપેદાશની પૂરતી કિંમત મળી રહે છે વર્ષ દરમ્યાન ખેતપેદાશના સૌથી ઓછા ભાવ લણણીના સમયે હોય છે.

(૪) બજારની ગેરરીતિઓ:–

જો ખેડૂતોને શાહુકારના દેવામાંથી મુક્ત કરવામા આવે તો પણ ખેડૂતોની મુશ્કેલીઓનો પાર આવતો નથી સહુથી પ્રથમ તો ખેડુત નજીકના બજારમાં ખેત પેદાશનું વેચાણ કરી શકે તેવા રસ્તાઓ અને વાહન વ્યવહારની સગવડોનો અભાવ હોય છે. તેની પાસે ગાડુંબળદ હોય છે અને બજાર સુધીના રસ્તાઓ પણ કાચા અને અવ્યવસ્થિત હોય છે તેથી વાહનવ્યવહારનું ખર્ચ અને સમયનો દુરુપયોગ થાય છે વળી ગેરરીતિઓને લીધે ખેતપેદાશના ભાવ ખુબ ઓછા મળે છે. બજારની કેટલીક ગેરરીતિઓ નીચે મુજબ છે.

૧. દલાલની વણજાર અને ગુપ્ત વેચાણ પધ્ધતિ : ખેડૂત પોતાની પેદાશનું વેચાણ કરવા માટે દલાલોનો સહારો લે છે. ખેડુતો દલાલો મારફતે જ ભાવો નક્કી કરે છે અને સોદાઓ પતાવે છે દલાલ અને વેપારી વચ્ચે કયા ભાવે ખરીદ વેચાણ કરવુ તે નક્કી કરવા દલાલો અને વેપારીઓ ખેડુતની આંખમાં ધૂળ નાખીને નક્કી કરે છે.

૨ ખેડુતો પાસે ઉઘરાવાતી રકમો :- ખેડુતો ખેત પેદાશ વેચીને ખુબ ધનવાન બની જતો હોય તેમ ખેડુતો પાસેથી

ધાર્મિક હેતુઓ માટે તથા અન્ય હેતુઓ માટે ફાળો એકઠો કરવામાં આવે છે. આ ઉપરાંત માલનાં નાણાં જો ખેડુતને તુરતજ રોકડાં જોઈતાં હોય તો તેમાંથી વટાવ કાપી લેવામાં આવે છે.

ખેડુતની ખામીઓ:-

ખેડૂતમાં સંગઠનનો અભાવ હોય છે તેથી ખેડુતને થતા અન્યાય તરફ કોઈ ધ્યાન આપતુ નથી. ખેડુત અને દલાલ વચ્ચે સોદામાં તકરાર થાય તો પણ દલાલોનો પક્ષ મજબુત બનતો હોય છે સંગઠનના અભાવને લીધે વધારે ભાવ લેવાની શક્તિ હણાઈ જાય છે.

"આ ઉપરાંત ખેડુતો પણ કેટલીક વખત અપ્રમાણિક જોવામાં આવે છે. તે ઓછી ગુણવત્તા ધરાવતા માલને બરાબર સાફ પણ કરતા નથી, તેથી વેપારીઓને ઓછી કિંમત આપવાની તક મળે છે.

ખામીઓ દૂર કરવાના ઉપાયો :-

ખેત પેદાશના વેચાણની વ્યવસ્થામાં રહેલી ખામીઓ ને દૂર કરવાના સક્રિય પ્રયત્નો તો સ્વતંત્રતા બાદ લેવામાં આવ્યા છે જોકે તે પહેલાં પણ ચાલતી ગેરરીતીઓને દુર કરવા માટેની ધારાકીય જોગવાઈઓ થઇ હતી.

[૧] સંસ્થાકીય ધીરાણની સગવડ :-

જ્યાં સુધી ખેડુતો પાછલા દેવા પેટે શાહુકારના પંજામાંથી છુટે નહિ અને ચાલુ ખર્ચ માટે શાહુકાર પાસે જવું પડે ત્યાં સુધી નિયંત્રિત બજારનું કાર્ય ખુબ મર્યાદીત રહેશે. આ માટે અખીલ ભારત ગ્રામ ધીરાણ તપાસ સમાતીએ ધીરાણ અને વેચાણની સુસંકલીત મંગ યોજનાની ભલામણ કરી હતી. ખેડુતોનું પાછલા દેવામાં બોજ હલકો કરવા સરકારે ખેડૂત ઋણ રાહતના કાયદાઓ કર્યા આ ઉપરાંત રાજ્યની જમીન વિકાસ બેંક પણ ખેડુતોને પાછલુ દેવું ચૂકવવામાં મદદ કરે છે.

[૨] વાહન વ્યવહારની સગવડ :-

ખેડૂતોની સહકારી ખરીદ વેચાણ મંડળીઓ પેદાશનું વેચાણ નિયંત્રિત બજારોમાં સહેલાઈથી કરી શકે તે માટે ગામડાઓને આ બજારોને જોડતા રસ્તાઓ સુધર્યા છે ખેડુતો પાસે ઓછા ખર્ચે ખેત પેદાશ બજાર સુધી લઈ જાય તેવી સગવડો પુરી પાડવામાં આવે તો ખેત પેદાશનું વેચાણ જ્યારે જોઈએ ત્યારે થઈ શકે "વાહન વ્યવહાર એ તો ખેત પેદાશના વેચાણ માટે મહત્વનું અંગ છે."

[૩] કોઠાર, ગોડાઉન અને ધીરાણ વેચાણનું સંકલન :- ખેડુતો પાસે વૈજ્ઞાનિક પધ્ધતિએ સંગ્રહ કરવાનું જરૂરી જ્ઞાન હોતુ નથી. જરૂરીયાત કરતાં ઘણા ઓછાં અને તે પણ ખામીઓ વાળાં ગોડાઉનો હોવાથી ખેડૂતોને ખેત પેદાશ લણણી પછી તરતજ વેચવાની ફરજ પડે છે માટે ગોદામો આધુનિક હોવા જોઈએ. ★

★ ★

હડતાળ

નારાયણભાઇ પ્રેમજીભાઈ પટેલ
નિકોડાકંપા

આજકાલ છેલ્લાં કેટલાંક વર્ષથી મોટે ભાગે એવું બને છે કે, જ્યારે હાથમાં વર્તમાનપત્ર (છાપું)ઉપાડીએ ત્યારે કોઇને કોઇ જગ્યાએ એક યા બીજા પ્રકારની હડતાળ પડી છે, અથવા પડવાની છે એવા સમાચાર વાંચવા મળે જ. આવી હળતાળો સામાન્ય રીતે મજૂરો યા વિદ્યાર્થીઓ તેમની અમુક પ્રકારની લાગણીઓ ન સંતોષાઈ હોય એ કારણે પાડે છે. દેશના ઉગતા યુવાન વિદ્યાર્થીઓએ હડતાળ શા માટે પાડવી જોઇએ એ સત્ય સમજાય એ હેતુંથી આ લેખમાં 'હડતાળ' વિષે મારા વિચારો લખવા પ્રેરાયો છું.

હડતાળની વ્યાખ્યા તો એજ છે કે, "કામ બંધ કરી શોક પ્રદર્શીત કરવો" આ ઘણા જુના વખતથી ચાલતી આવેલી છે. પ્રથા આપણે જે સંસ્થા સાથે સંકળાએલા હોઇએ તે સંસ્થાનો આપણે માનતા હોઇએ તે પંથનો યા ધર્મનો, આપણા વતનનો યા દેશનો મુખ્ય માણસ સ્વર્ગવાસી થાય ત્યારે તેમના માનમાં શોક પ્રદર્શિત કરવા માટેજ હડતાલ હોવી જોઇએ. અને આ વાતને આપણે રોજંદો વ્યવહાર બંધ કરી ગુજરી ગયેલ વ્યકિતના ગુણોનું શાંતિ પૂર્વક સ્મરણ કરી તેના આત્માને શાંતિ અપાવવા માટે હડતાળ પાડવી જોઇએ. પરંતુ હમણાં જો કોઇ સંસ્થાનો, ધર્મનો કે દેશનો મુખ્ય માણસ ગુજરી જાય તો તેના નિમિત્તે પાડવામાં આવતી હડતાળના દિવસે શાંતિ, ચિંતન, પ્રાર્થના વગેરે લગભગ ભૂલાતાં જ જાય છે. અને આ દિવસે નિષ્ક્રિય બની, કામધંધા બંધ કરી હરવા ફરવા જવું, આનંદ પ્રમોદ કરવો, મનોરંજન અર્થે નાટક સિનેમા જોવાં આ બધુજ વધતું જાય છે. આ બધું જોઇ ગુજરી ગયેલ આત્માને પણ દુઃખ થાય છે.

આજકાલ વ્યાપક બનતી જતી હડતાળોમાં સરઘસો કાઢવાં સુત્રો પોકારવાં, છાજિયાં, ગાવાં, પથ્થરબાજી, મારામારી, ભાંગફોડ કરવી, આગ લગાડવી એવુ ઘણું થાય છે કોઈકોઈ વાર આવી ભાંગફોડ ને અંતે હડતાળ પાડનારાઓની માગણીઓ થોડે ઘણે અંશે સંતોષાઈ છે પણ ખરી પરતું સરવાળે એમાં પણ સમાજનું તો કંઇજ શુભ થતું નથી, કારણ કે એથી પરસ્પર વેરઝેરનાં બી રોપાય છે, કડવાશ વધે છે, સહકારનુ વાતાવરણ નષ્ટ થાય છે.

આપણા દેશમાં આ પ્રકારની હડતાલનો ઉપયોગ અગાઉ ભાગ્યેજ થતો

હતો. પહેલાં ક્યારેકજ શોક પ્રદર્શિત કરવા માટેજ હડતાળ પડતી પણ અત્યારની હડતાળો તો વિલાયતથીજ આવી હોય એવું લાગે છે.

આપણો દેશ ગરીબ છે. ખેતીવાડી ઉદ્યોગો, અને અન્ય ક્ષેત્રોમાં આપણે હરણફાળ ભરવાની છે. એટલે હું તો એમજ ઇચ્છું છું કે જ્યારે મજુર સંઘની મુળભૂત માગણીઓ સ્વીકારાઇ છે ત્યાર કામદારો હડતાળ પાડયા વગર ઉત્પાદન વધારવા પ્રયત્ન કરે તો દેશનું ભાવિ ઉજ્જવળ બને બાકી હડતાળ પાડવી અને બીજી બાજુ દેશની ગરીબી ટાળવાની વાત કરવી એ આપણને સૌને શોભતું નથી. વિદ્યાર્થીઓ માટે તો હડતાળ એ વસ્તુ પાપ જેવીજ સમજાવી જોઇએ "મજુરો હડતાળ પાડે એમાં તો તેઓ એમના રોજી આપનારને સીધું કે આડકતરી રીતે નુકશાન પહોંચાડી પોતાની માગણીઓ કબુલ કરાવવાની આશા સેવી શકે અને તે દ્વારા થતા લાભનો સંતોષ પણ મેળવી શકે છે.

પણ હવે આપણે જોઇએ કે વિદ્યાર્થીની હડતાળ પાછળ ખાસ કરીને ક્યાં કારણો હોય છે અભ્યાસક્રમ બહુ લાંબો હોય છે પરિક્ષાનાં પેપર બહુ કડક હતાં, પરિક્ષાનું પરિણામ બહુ ઓછા ટકા આવ્યું. શાળા તથા કોલેજના આચાર્યે કોઈ તોફાની છોકરાને દંડ કર્યો, આ અને આવાં અનેક કારણો વિદ્યાર્થી આલમમાં આજકાલ અસંતોષ, રોષ, બળવાની લાગણી મનોમન પ્રગટાવે છે. અને હડતાળના રૂપમાં ફેરવાઈ જાય છે.

"વિદ્યાર્થીઓ હડતાળ પાડે તેમાં ગેરલાભ તે પોતાની જાતનેજ કારણ કે અભ્યાસ કરવા માટે માબાપના મહામહેનતે પેદાકરેલા માંથી એ શાળા અથવા કોલેજન ભરે છે અને હડતાળો પાડીને ગેર રહે એમાં તેઓ પોતાની જાતને પો જ પગ ઉપર કૂહાડો મારે છે અ અને શિક્ષકોને તો આવી વણ રજા મળે છે એટલે અમુક માન આળસ ધરાવનાર શિક્ષકો તો હડતાળથી શરૂઆતમાં તો કઈજ નુ થતું નથી પણ જ્યારે ભાંગફોડ ત્યારેજ આર્થિક નુકશાન થાય છે.

સંસ્થાના સંચાલકો યાતો સ વિદ્યાર્થીઓ જે હડતાળ પાડે છે હડતાળના માનસને દાબી દેવા હૃદય કરતા નથી એટલે ધીમેધીમે વાતાવરણ થતું જાય છે કે કોઇ ખૂ ધાંધલ કરે અને વધારે નુકશાન તેટલા દરજ્જે એની માગણીઓ સંતો છે. આમજ જો ચાલ્યા કરે તો ક્યાં જઈ અટકશે ?

કાલે વિદ્યાર્થીઓનો અમુક સ એમ કહેશે કે પરીક્ષા લીધા વગર અ પાસ કરી દો અને ડિગ્રી આપી દો અધિકારીઓના આ વાતના અસ્વી સામે વિદ્યાર્થીઓ ઘણી લાંબી હડતા પાડી, તોફાનો કરી, માની લ્યો કે વાત કબુલ કરાવે તો શું તેથી એમ જ્ઞાનમાં કઇ ઉમેરો થવાનો છે ?

આથી દરેક વિદ્યાર્થીએ અને કા દારોએ સમજવું જોઇએ કે આપ એવું વર્તન ન કરવું જોઇએ કે જેથ બીજાને ત્રાસ પડે અને ... ઉભુ થાય

★ ★

★ ★

"ફેશન અને સમાજ"

છગનલાલ જીવરાજ કેશરાણી
નાના અંગીઆ
નખત્રાણા, કચ્છ

ફેશન... ફેશન... ફેશન .. આજનો માનવી ફેશનમાં કેટલો અટવાયેલો છે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે અને તે ફેશન માનવીને કયાં સુધી લઇ જશે તે કહેવું બહુ કઠીન છે. માણસે ચંદ્ર ઉપર વિજય મેળવ્યો, જે કાર્ય અશકય છે તેને શકય બનાવી તેના ઉપર વિજય મેળવ્યો પણ ફેશન ઉપર વિજય મેળવવાને બદલે જેમ જેમ દિવસો જતા જાય છે તેમ તેમ વધુ ને વધારે હાર પામતો જાય છે. વિજય બે પ્રકારનો છે, એક તો ફેશન અટકાવીને અને બીજો પ્રકાર એ કે ફેશનમાં ઉન્નતિ કરીને. આ બે પ્રકારમાંથી આપણા જીવનને જે પ્રકાર ઉજ્વળ બનાવે તે પ્રકાર પસંદ કરવાનો છે.

ચાલી રહેલી ફેશન ફક્ત શૃંગારની જ છે એવું નથી પણ વાણીમાં, સદ્‌-વર્તનમાં, આચાર-વિચારમાં અને હવે તો ચારિત્ર્ય અને શીલમાં પણ ફેશન આવી ગઇ છે. જ્યારે આપણે આવા ગુણોમાં ફેશનને સ્થાન આપીશું ત્યારે કઇ રીતે આપણે આપણા જીવનને કીર્તિવંત બનાવી શકશું. ધર્મને તો એક બાજુ મુકી દીધો છે કારણ કે ધર્મ અને ફેશન વચ્ચે બારમા ચંદ્રમા જેવું છે. ભગવાનનું ટીલુ કાઢવું, ભગવાનની કંઠી પહેરવી, ભગવાનની સેવા કરવી, મંદિરે જવું અને સાદાં કપડાં પહેરવાં આ બધા ગુણો કેળવવામાં પોઝીશનમાં પંકચર પડી જાય અને ફેશનને આંચકો લાગે ફેશન તો આપણી ધર્મપત્ની, તેમને કેમ દુઃખી કરાય? આજના યુવાનીયાઓ પત્નીને મોજશોખનું સાધન માને છે. તેના મોજશોખમાં થોડીક ઉણપ આવી એટલે મારપીટ અને છૂટાછેડા

આપણા સમાજની અંદર ચાલી રહેલા છૂટાછેડા એ આપણને તથા આપણા સમાજને લાંછન રૂપ છે અહિયાં પણ ફેશન કાર્ય બજાવી જાય છે ખરેખર સાચું કહું તો ફેશન આપણી બીજી પત્ની જ છે. આપણી પત્ની કરતા આપણે ફેશનને વધારે મહત્વ આપીએ છીએ આપણી પત્ની ફેશનમાં કુશળ હશે, એવી પત્નીને આપણે પસંદ કરતા થયા છીએ.

આપણે ધંધાર્થે વિદેશોમાં અ અલગ અલગ પ્રાંતોમાં ફરવા લાગ્યા તેથી ત્યાંની ભિન્ન ભિન્ન હવા સ્પર્શ થતી ગઈ તેમ તેમ ફેશને આપણા જીવનમા વધારે ને વધારે ઉન્નતિ મેળવી આજતો આપણે ફેશનની છેલ્લી શિખરે બેઠા છીએ સ્ત્રી અને પુરુષના શૃંગાર કપડાં જોઇને વડીલો

જ્યાં કે આધુનિક જમાનામાં પહેરાઇ રહેલાં ચુસ્ત કપડાં વાળ ઓળવાની પધ્ધતિ અને સ્ત્રીઓની જુદી જુદી સ્કર્ટો મર્યાદા ઓળંગી ગયાં છે ચુસ્ત કપડાં અને સ્ત્રીઓના સ્કર્ટ મર્યાદિત ભાગોને અમર્યાદિત કરે છે. જમાનો એટલી ઝડપથી દોડી રહ્યો છે કે આપણો પોશાક તેની સાથે કદમ મિલાવી શકે તેમ નથી.

ફેશનમાં પારંગત, ભણેલી, સિનેમાઓમાં પ્રગતિશીલ અને જેમાં રુપનું પ્રદર્શન થઇ રહ્યું હોય તેવી યુવતીને આજે આપણે પસંદ કરતા થયા છીએ, પછી ભલેને તેમાં સારા ગુણ ન હોય. પણ ઉપર દર્શાવેલા ગુણોમાં સર્વસમ્પન્ન હોવી જોઈએ અને જો તેમાં તે પરિપુર્ણ ન હોય તો આપણી સમક્ષ એકજ કોયડો ઉભો રહે છે કે જે "છૂટાછેડ." આ શબ્દને આપણા વડીલો જેટલો નીચ માનતા હતા એટલોજ આપણા સમાજમાં આજ સામાન્ય થઇ પડયો છે.

પુરુષ જો સ્ત્રીને ફેશનની ચિજો પૂરી પાડી ન શકે તો બન્ને માણસ વચ્ચે ફેશન (બીજી પત્ની) ઝઘડો પેદા કરે છે. પુરુષ પોતાની ફેશનમાંથી ઉચો આવે ત્યારે પત્નીની ફેશન પુરી કરી શકે ને? પોતાની પાસે પેટ પૂરતા પૈસા ભલેને ન હોય, પણ ફીલ્મી અભિનેતાની બરોબરીમાં (નકલ કરવામાં) મોખરાનું સ્થાન લે છે. ફીલ્મી અભિનેતા તથા અભિનેત્રીની નકલ કરવી એ એક આજના યુવક યુવતીનો મુખ્ય ધ્યેય ન બની ગયો હોય! શોભામાં કેવી રીતે વધારે અભિવૃધ્ધિ થાય તેજ તેમના વિચારો હોય છે. જ્યારે આ વિચારો મગજમાંથી દૂર થશે ત્યારે જ સારા વિચારોનો પ્રવેશ થશે.

ફેશનને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવાનું કાર્ય સિનેમાઓને ફાળે જાય છે. આજના સમાજને ફેશનમાં ફેરવનાર હોય તો આધુનિક સિનેમાઓ. આજની સિનેમાઓથી કેટલુ માનસ, શીલ અને ચારિત્ર્ય બગડયું છે તેનો ઇન્સાફ કુદરત સિવાય કોઇ આપી શકે તેમ નથ

આપણા સમાજ અને આપણી ઉગતી પેઢી તરફ નજર નાખતાં નિરાશા ઉપજે છે. એમની પાસે વિચારોનું કેવું ને કેટલું ભાતું છે? પાંચદશ અભિનેત્રીઓનાં વિલાસી અને અંગત જીવનની પાંચ પચાસ વાતોથી આગળ આજે તેમની પાસે ભાગ્યેજ કશું વિશેષ જોવા મળે. કોઇ એક વિષયમાં કેવળ જ્ઞાનની ભુખથી જ નિષ્ણાત થવાની વાતતો દુર રહી, પણ એ પાંચ વિષયો વિશે સામાન્ય જ્ઞાન પણ તેમાંનો બહુ મોટો વર્ગ ધરાવતો નથી અને આ મૂડી પર તે ભવિષ્યના સમાજની ધુસરી પોતાની કાંધે ઉઠાવવાનો છે? તેની પાસે કોઇ વિચાર નથી, મૂલ્ય નથી પરિણામે એની જબરદસ્ત શક્તિમાંની અર્ધી ફેશનમાં કટાઇ રહી છે ને અર્ધી એળે એળે વેડફાઈ રહી છે.

★ ★

સિનેમાઓ જેમ જેમ વધુ જોવાથી ફેશનમાં તો નવું જીવન આવે છે, વળી સાથે મન અને જીવન પણ બગડે છે કારણ શૃંગારના દ્રશ્યો જોઇને બગડેલું મન સ્પર્શ સુખ માટે પાગલ થઇ જાય છે અને જીવનનો સઘળો વિવેક ગુમાવી બેસે છે. શાળા–મહાશાળામાં ભણતા વિદ્યાર્થીઓ, ઓફિસોમાં કે કારખાનામાં કામ કરતા યુવાન કર્મચારીઓ, ઘરઘરમાં રહેલી યુવાન ગૃહિણીઓ અને એનાથી નાની ઉંમરની ઉછરી રહેલી પેઢી આ બધા પર છે, આવતી કાલનો ભાર. સારા સંસ્કારો અને કંઇક વારસો, આવી રહેલી પેઢીને વિદાય લેતી પેઢીના વડીલોએ ભાતું બંધાવવાનું છે. આપણી પાસે મુડી હોય તો ફેશન, તેના સિવાય આપણી પાસે કશુ જ નથી આ ઉછરતી પેઢીનાં આપણે કેવા મા બાપ છીએ તે તો ભગવાન નક્કી કરશે.

આપણી પાસે કઇક ઉત્તમ સત્વશીલ જ નથી અને છે એવો દાવો કરતા હોઇએ તો આપણી આવતી પેઢીને આપણે એ આપતા જવું જોઈએ કે નહિ? આજે આપણે એમને આવું કંઇ આપવાનો સન્નિષ્ઠ પ્રયાસ કરીએ છીએ ખરા? એમની દુર્દશા થશે એ વિચાર આપણે કોઇ દિવસ કર્યો છે ખરો? આજે ઉછરતો કિશોર ને યુવાન પેઢી જે રીતની તૈયાર થઇ રહી છે તે જોતાં તો લાગે છે કે વડિલ પેઢી પોતાની પાસે જે કાંઇ ઉત્તમ વારસો હોવાનો દાવો કરતી હોય તેમાંનું કશું આ નવી પેઢીમાં ઉતર્યું હોય તેવું બહુ લાગતું નથી.

લાવાના આ ઉકળતા રસથી જીવન આજે ભસ્મ થવા લાગ્યાં છે. આજે માણસ પોતાના પડોશીઓ સાથે ઓફિસમાં પાંચ પચીસ સાથીદારો સાથે કે કુટુંબમાં પાંચ સભ્યો ભેગા શી રીતે પ્રેમથી રહી શકાય, તેની કલ્પના પણ ખોઇ બેઠો છે. ઠીક ઠીક સફળતાને પામેલાં પ્રાચીન મુલ્યોની આજે જુનવાણી કહીને હાંસી ઉડાવાઇ રહી છે. પરિણામે એ મુલ્યો તૂટી રહ્યા છે પણ તેમનું સ્થાન પુરી શકે તેવા નવાં મૂલ્યો હજી ઉભાં કરી શકયા નથી. છેકજ નજર આગળની વાત કરીએ તો, પતિ–પત્નિ વચ્ચે આજે દિલની એકરસતા નથી કે પરસ્પરને માટે ઘસાવાની તૈયારી નથી. બાળકો બોજા રૂપ બનવા લાગ્યા છે ને વૃધ્ધ વડિલો વધારાનો ભાર લાગવા માંડયાં છે વડિલો ને બાળકો પ્રત્યેનો પ્રેમ ઓછો થયો છે તો બાળકો પણ વડિલો પ્રત્યેનો આદર ઓછો કરીને, તક મળે ત્યાં અનાદર કરીને જાણે બદલો લેવા લાગ્યાં છે.

ફેશન અને માનવી વચ્ચેની ગાઢ અરસ્પરસ્તા કેટલાંયનાં જીવન બરબાદ કરશે. આ સર્જાઇ રહેલી પરિસ્થિતિ બહુ ચિંતાજનક છે માટે હે પ્રભુ હું તને પ્રાર્થના કરુ છું કે આ બંનેની ગાઢ મિત્રતા નહિ તોડે તો બંને મર્યાદા ઓળંગી એક બીજાને ભરખી ખાશે માટે તેમાંથી ઉગારવા માટે એવી શક્તિ આપ કે દરેક માનવી મર્યાદા ઓળંગતે અટકે અને સાદાઇથી જીવતાં શીખે અને હંમેશાં તારો વિચાર કરતો રહે. -

દત્તાત્રેય પંથ

ઋષિ પ્રણિત યોગીમાર્ગમાં મતભેદ થતાં તેમાંનો કોઇ યોગી ઇ. સ. ના પાંચમા સૈકામાં દત્તાત્રેય નામના પંથની સ્થાપના કરી છુટો પડયો હતો. મહાત્મા દત્તાત્રેય પરમ બ્રહ્મનિષ્ઠ યોગી હતા. તેમનો જન્મ ત્રેતાયુગમાં અત્રિઋષિની પત્નિ મહાસતી અનસુયના પેટે થયો હતો.

માયાથી વિરક્ત થવા તેમણે પોતાની બુધ્ધિથી સ્વીકારેલા ચોવીસ ગુરુ કરી તેમના ગુણો ગ્રહણ કર્યા હતા. ચોવીસ ગુરુઓમાં પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચંદ્ર, સુર્ય, હોલો, અજગર, સમુદ્ર, પતંગીયું, ભ્રમર, હાથી, પારધી હરણ, માછલાં, પિંગળા, સમડી, બાળક, કુમારીકા, બાણ બનાવનાર, સર્પ, કરોળીઓ અને ભમરી હતાં.

આ પંથવાળા પોતાના આત્માને ઇશ્વરરૂપ સર્વજ્ઞ માને છે. તેને જ મુર્તિમાન સમજી અખંડ સમાધિમાં રહેવા સારૂ અષ્ટાંગયોગની સર્વ ક્રિયાઓ કરે છે અને અહિંસક જીવદયા પાળવા એ તેમનું મુખ્ય વલણ છે અને ઇશ્વરને નિરાકાર રૂપે માને છે પરંતુ પાછળથી તેને પણ પુરાણોની અસર થવાથી અને યોગ જ્ઞાન નરમ થવાથી મૂર્તિપુજા ચાલુ થઇ ગઇ છે અને અભક્ષ્ય આકાર ચાલુ થઇ ગયો છે અને તેમાંથી પણ માનભાવ વિગેરે પેટા પંથો થયા છે. ★

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ—આણંદ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ આણંદની વાર્ષિક સામાન્ય સભા તા. ૭-૧૧-૭૨ મંગળવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે શ્રી અંબિકા વિજય સો મીલના કમ્પાઉન્ડમાં શ્રીમાન પા. હંસરાજભાઈ વેલજીભાઇના પ્રમુખપદે મળી હતી. જેમાં સં. ૨૦૨૯ ના વરસ માટે કાર્યવાહક સમિતિના હોદ્દેદારોની ચૂંટણી નીચે મુજબ કરવામાં આવી છે.

પ્રમુખ	શ્રી હંસરાજભાઇ કરસનભાઈ	કાદિયા
ઉપ્રમુખ	,, મુળજીભાઇ જેઠાભાઇ	કાદિયા
મંત્રી	,, રામજીભાઈ નથુંભાઇ	ખોંભડી
સહમંત્રી	,, હરિલાલ પચાણભાઇ	વિગોડી
ખજાનચી	,, લખુભાઈ ખીમજીભાઇ	વિગોડી
કમિટિ સભ્યો		
	,, ભાણજીભાઈ સાવગણભાઇ	કાદિયા
	,, રામજીભાઈ પચાણભાઇ	રસલીયા

લિ. મંત્રીશ્રી,
રામજીભાઇ નથુભાઈ પટેલ

સમાચાર

ગરબામાં ગૌરવ

બેન્ક ઓફ બરોડા, તલોદ શાખાના નેજા હેઠળ તા. ૧૪-૧૨-૭૨ને ગુરુવારના રોજ રંગભર્યો રસોત્સવ તલોદને આંગણે યોજાયો ગરબો એ તો ગુજરાતનું ગૌરવધન છે. ગુજરાતના સંસ્કાર ધનનું જ્ઞાન ગુજરાતણને બચપનથી મળે છે, અને તે સતત પાંગરે છે. આજ વાતને ઝીલી લેવાનો કાર્યક્રમનો આશય હતો. સમગ્ર કાર્યક્રમમાં નવ જેટલી સંસ્થાઓએ ગરબાની રમઝટ જમાવી. ગૌરવની વાતતો એ છે કે સતત ત્રીજીવાર આપણા મંડળે પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત કર્યો. કચ્છ કડવા પાટીદાર સમાજની બહેનોએ સ્ટેજ ઉપર આપણા સમાજ જીવનને જીવંત કર્યું. ગરબો એ તો સમાજ જીવનનું પ્રતિબિમ્બ છે. આપણી પ્રજાનું જે ખમીર છે, જે જોમ જુસ્સો છે. એનો વારસો આપણે જાગવી રાખ્યો છે એ વાત આપણા ગરબાએ પૂરવાર કરી. ગરબો દરેકના દિલમાં વસી ગયો છે કે તો તાળીઓના ગડગડાટે જ પૂરવાર કરી દીધું હતું ત્યારબાદ નિર્ણાયકોના નિર્ણયે એને પ્રથમ પુરસ્કારની મહોર મારી હતી.

બીજી આનંદની વાત એ છે કે કાર્યક્રમમાં રંગમંચ પરની તમામ વ્યવસ્થા બેન્ક ઓફ બરોડા તરફથી શ્રી કચ્છી માઇ મંડળને સોંપવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલનમાં આપણી વ્યવસ્થાશકિતને બેંક ઓફ બરોડાના એજન્ટ સાહેબે બિરદાવી હતી.

આ સિવાય આપણું જેસલ તોરલનું ભજન વિશિષ્ટ સ્થાનને પ્રાપ્ત બન્યું હતુ. ભાઇશ્રી મણીભાઇ છગનભાઇના રાગ અને અવાજથી એ સુમધુર બન્યું હતું.

આમ આપણા કચ્છ કડવા પાટીદાર યુવક મંડળે તલોદના સાંસ્કૃતિક જગતમાં પ્રથમ હરોળમાં સ્થાન પ્રાપ્ત કરીને કચ્છી સમાજનું ગૌરવ વધાર્યું છે.

લિ. મંત્રી
કચ્છી માઇ મંડળ–તલોદ

※ શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળ

વડોદરા

શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળની સામાન્ય સભા તા. ૭-૧૨- રોજ મે. બરોડા સો મીલ વડોદરામાં મળેલ હતી. ગત વર્ષની કારોબારી સમિ રાજીનામું ગ્રહણ કરી સ. ૨૦૨૯ માટેની નવી કાર્યવાહક સમિતીની સર્વા વરણી કરવામાં આવી હતી.

હોદ્દેદારો :

(૧) પ્રમુખ	: શ્રી વેલજીભાઈ પ્રેમજી પટેલ		વડોદરા
(૨) ઉપ-પ્રમુખ	: શ્રી મનુભાઈ હરજી પટેલ		,,
(૩) મંત્રી	: શ્રી કાન્તિલાલ ડાહ્યારામ પટેલ		,,
(૪) ઉપમંત્રી	: શ્રી પ્રેમચંદભાઈ સામજી પટેલ		,,
(૫) ખજાનચી	: શ્રી તુલસીદાસ વાલજી પટેલ		,,
(૬) સભ્ય	: શ્રી મીઠુભાઈ લાલજી પટેલ		,,
	: શ્રી હંસરાજભાઈ માધવજી પટેલ		,,

તેજ દિવસે ઉપરોક્ત કારોબારી સમિતીની સભા મળી હતી અને નીચે મુજબના સલાહકાર સભ્યો, સાંસ્કૃતિક કાર્યવાહક સભ્યો અને શૈક્ષ કાર્યવાહક સભ્યોની નિમણુક કરવામાં આવી હતી.

(૧) સલાહકાર સભ્ય	: શ્રી રવજીભાઈ ડાહ્યાલાલ	પટેલ	વડોદરા
	: શ્રી ગંગારામ જીવરાજ	,,	,,
(૨) સાંસ્કૃતિક કા. સભ્ય	: શ્રી છગનલાલ દાનારામ	,,	,,
	: શ્રી કરશનભાઈ પ્રેમજી	,,	,,
	: શ્રી હરીભાઈ વિશ્રામ	,,	,,
(૩) શૈક્ષણીક કા. સભ્ય	: શ્રી રામજીભાઈ વાલજી	,,	,,
	: શ્રી છગનલાલ સામજી	,,	,,

લિ. મંત્રી : કાન્તિલાલ ડાહ્યારામ પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મં
વડોદરા.

★ ★

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ

C/o. નવલખા રોડ, ઇન્દોર-૧ (મ. પ્ર.)

યુવક મંડળની કોમન સભાની મિટીંગ તા. ૨૬-૧૧-૭૨ને રવિવારના બપોરે ૩-૦૦ વાગે 'ભગવતી સો મીલ' લાબરીયા ભેરૂ, પર રાખવામાં આવી હતી જેમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

[૧] સંવત ૨૦૨૯ના વર્ષ માટે પ્રમુખ સહિત કાર્યકારીણીના અગીયાર સભ્યોની ચુંટણી કરવામાં આવી ચુંટણીમાં કોમન સભાએ નીચે મુજબના સભ્યો ચુંટયા.

૧. પ્રમુખ	: શ્રી મણીલાલ રામજીભાઈ વાસાણી-કોટડા (કચ્છમાં ઠેકાણું)	
૨. ઉપપ્રમુખ	: શ્રી મણીલાલ વેલજીભાઈ પારસીઆ-નાનાઅંગીઆ	,,
૩. મંત્રી	: શ્રી વિશનજીભાઈ રામજીભાઈ B A સાંખલા-રવાપર	,,
૪. સહમંત્રી	: શ્રી કાન્તીલાલ કરશનભાઈ નાકરાણી જામડીકંપા (ધનસુરા)	
૫. ખજાનચી	: શ્રી ભીમજીભાઈ ખીમજીભાઇ પોકાર-નાગવીરી	કચ્છ
૬. સભ્ય	: શ્રી ગંગારામ વાલજીભાઈ નાથાણી-નખત્રાણા	,,
૭. ,,	: શ્રી કાન્તીલાલ વિશ્રામભાઈ કેશરાણી-આંબાળા	,,
૮. ,,	: શ્રી રતનશીભાઇ કાનજીભાઇ પટેલ-વિથોણ	,,
૯. ,,	: શ્રી રતનશીભાઈ હીરજીભાઈ પેથાણી-નેત્રા	,,
૧૦. ,,	: શ્રી અર્જુનભાઇ મુળજીભાઈ રતનાણી દયાપર	,,
૧૧. ,,	: શ્રી કાન્તિલાલ પ્રેમજીભાઈ લીંબાણી - ,,	,,

(૨) મંત્રીશ્રીએ પાછલા વર્ષનો મંડળનો 'કાર્ય તથા પ્રગતિ' નો વાર્ષિક અહેવાલ પ્રસ્તુત કર્યો. જેને આવકારવામાં આવ્યો.

(૩) નવલખા તથા લાબરીયા ભેરૂ ખાતેની વાચનાલયોનાં વાર્ષિક અહેવાલ તેના સંચાલકો તરફથી રજુ કરવામાં આવ્યા.

(૪) ધાર્મિક પ્રોગ્રામના અંતર્ગત શ્લોકનું વાંચન કરવામાં આવ્યું.

(૫) કાર્યકારિણી સમિતિને યોગ્ય માર્ગદર્શન યા સલાહ આપવા એક વિશેષ સલાહકાર સમિતિની નિમણુક કરવામાં આવી.

ઉપરોક્ત કાર્યો બાદ ચા-પાણી સાથે સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

આપનો આભારી,
વિશનજીભાઇ આર. સાંખલા
મંત્રી.

યુવક મંડળ પ્રતિનિધિ સભા—કલકત્તા

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળના આમંત્રણને માન આપી ગત તા. ૨૩, ૨૪ અને ૨૫ ડીસેમ્બર '૭૨ ના દિવસોમાં બાવીસેક જેટલાં યુવક મંડળોના પ્રતિનિધિઓનું એક સમેલન તાજેતરમાંજ કલકત્તાના આંગણે યોજાઇ ગયું.

સંમેલનમાં યુવા શક્તિને સંગઠિત કરી સમાજને તેનો લાભ મળે તે માટે આગામી સં. ૨૦૩૦ના ઊનાળે કચ્છ નખત્રાણા મુકામે યુવકોનું અધિવેશન ભરવાનો વિચાર કરવામાં આવ્યો છે.

ઉપરાંત બહેનોની કેળવણી પ્રત્યે કેટલેક સ્થળે હજૂ જોઇએ તેટલું ધ્યાન અપાતું નથી તો કેળવણીથી વંચિત રહેતી બહેનોના ભાવિનો તેમજ સાથે સાથે સમાજની ભાવિ સુઘડતાનો ખ્યાલ નજર સમક્ષ રાખવામાં આવ્યો હતો.

ધાર્મિક વિસંવાદિતાને દુર કરવા યુવાન પેઢીએ સક્રિય પણે વિચાર કરવોજ રહ્યો. હવેથી યુવાન પેઢીનાં બાપતનાં આચરણો સુધરે એવી અપેક્ષા સેવવામાં આવી.

છેલ્લે સામાજિક સડાઓને ધીરે ધીરે નાબુદ કરવા અને સમાજના ઠરાવોના પાલન કરવા યુવાન પેઢીએ વડીલ સમાજ સાથે તાલ મિલાવી આગળ આવવાની જરૂર છે.

આ રીતે સમાજના હિતને લક્ષમાં રાખીને ચાર પાંચ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

સમગ્ર દેશમાંથી યુવક મંડળોની એક એડહોક સમિતિની રચના કરવામાં આવી છે તેમાં હાજર રહેલાઓમાંથી અથવા જે તે યુવક મંડળો પોતાના પ્રતિનિધિ ભાઇઓને મોકલી શકે તેવા ૨૫ સભ્યોની એક સમિતિ વત્તા ૧૦ કો-ઓપ્ટ સભ્યો મળી કુલ ૩૫ જણનું એડહોક સમિતિનું સ્વરૂપ આપવામાં આવ્યું છે અને તેઓની એક મીટીંગ આગામી માર્ચ, ૧૯૭૩માં પૂના ખાતે મળે એમ નક્કી કરવામાં આવ્યું છે

યુવક મંડળોના પ્રતિનિધિઓના સંમેલન અંગેની કેટલીક માહિતી આગામી એટલે કે ફેબ્રુઆરી ૭૩ અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે તેની સૌ વાચક મિત્રો નોંધ લે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ પ્રતિનિધિ સભા, કલકત્તા.

જાહેર નિવેદન

તા. ૨૫-૧૨-૭૨

મે. પ્રમુખ સાહેબ.

આથી હું શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ધનસુરાના પ્રતિનિધી તરીકે હાજરી આપી રહ્યો છું. આ પ્રસંગે હું આપણા સમગ્ર સમાજ માટે જાહેર નિવેદન દ્વારા જણાવું છું કે–આપણા સમાજમાં સંપ્રદાયોની દ્રષ્ટિએ એક વિભાગમાં અહિંદુ આચરણો ઘુસી ગયેલાં છે. તેના પરિણામે સમાજનું સંગઠન મજબૂત કરવામાં તેમજ સમાજના કુરિવાજો દૂર કરવા માટે નડતર ઉભી થાય છે. જેથી આવાં અહિંદુ આચરણો સમાજમાંથી દૂર થાય તેમજ આપણાં ગરીબ અને લાગણીશીલ યુવક ભાઈ બહેનો ખોટા રસ્તે દોરાય નહિ અને આપણાં સંગઠન તથા સદ્‌ભાવનાના આ મહાન કાર્યમાં ભાગ લે એવું આચરણ કરનારાઓ પોતાના ભાઇઓને સમજાવી આવા અખિલ ભારતીય યુવક મંડળના કાર્યમાં હોંશભેર ભાગ લેવા આગળ આવવું જોઇએ અને એવું સંકુચિત માનસ રાખી સમાજને બે ભાગમાં વહેંચી રાખવાનું મહાન પાપ ન કરે એવી હું તેઓને ખૂબજ આગ્રહ પૂર્વક વિનંતિ કરૂં છું. આપણા હિન્દુ સમાજના ધર્માચાર્યો અને આપણા આગેવાનો સમક્ષ પોતે અથવા પોતાના પ્રતિનિધી દ્વારા આપણા સમાજની ગુજરાત શાખાની ધનસુરાની ઓફિસે પોતે સંપૂર્ણ હિંદુ ધર્મનું પાલન કરે છે તેવુ અહિંદુ આચરણ કરનારાઓ સાબીત કરી આપે તો તે બદલ રૂા. ૧૦,૦૦૦ દશ હજાર રૂપિયાના ઈનામની આથી હું જાહેરાત કરૂં છું. અને તે કાર્ય માટે આપણા અખિલ ભારતીય યુવક સંમેલનના ભાઇઓ પણ વિચારતા થાય. આપણામાંથી જો કોઈપણ તેમ કરવામાં પ્રયત્ન શીલ બને છતાં નિષ્ફળ

જાય તો તેના બદલામાં તેને કંઇપણ આપવાનું રહેશે નહિ. આ નિવેદન- આપણા સમાજના સંગઠન અને સેવાના મહાન કાર્યમાં ભાગ લેવા કોઈપણ યુવક ભાઈ બહેનો દુર્લક્ષ ન સેવે એવો આ નિવેદનનો હેતુ છે. મારી આ પ્રવૃત્તિ ફક્ત મારી જવાબદારી સમજીને બહાર પાડેલ છે. અને તે અંગે મારી સાથેજ પત્ર વ્યવહાર કરવો જરૂરી છે. આ અંગે હું નિવેદનમાં લખ્યા પ્રમાણે આપણી સમાજમાં અહિંદુ આચરણમાં ઓત-પ્રોત થએલા ભાઇઓ હોય તેઓ પણ હિંદુ ધર્મ સાબીત કરી આપે અને તે માટે તા. ૩૦–૧૨–૭૩ સુધીમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરા મુકામે સાબીત કરી આપવા એક મહિના પહેલાં ખબર આપવાની રહેશે. જેથી આ અંગે પૂરતી તૈયારી કરી શકાય. ઉપર મુજબના મારા નિવેદનને વધુ પ્રસિદ્ધિ મળે અને ચોખવટ થયે આપણા મનની શંકાઓનું નિવારણ થઈ જાય અને સમાજની એકતા થાય તે માટેનો જ મારો આ નમ્ર પ્રયત્ન છે.

આશા છે કે મારા આ પ્રયત્નને આપ વધુ વેગવાન બનાવવા પ્રયત્નશીલ બની સહકાર આપશો એવી અભિલાષા....એજ

લિ.
પ્રેમજીભાઇ દેવસીભાઇ પટેલ

સરનામું
મુ. પો. નવાનગર
તા. હિંમતનગર
જિ. સાબરકાંઠા. (ગુજરાત)



શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ
યુવક પ્રતિનિધિ સભા—કલકત્તા.

તા. ૨૪-૧૨-૭૨

માનનીય પ્રમુખ સાહેબ, સમારંભના પ્રમુખ શ્રી, અતિથીવિશેષ ધાનાથી પધારેલ ડૉ. સાહેબ, આગંતુક યુવક પ્રતિનિધિઓ, સમાજના વડીલો અને યુવક દોસ્તો.

સૌ પ્રથમ મારા યુવક દોસ્તોને મારા વ્યક્તિગત રીતે અભિનંદન આપું છું. કારણ આપણો સમાજ ભારત વર્ષના ખુણે ખુણે ધંધાર્થે પથરાયેલો છે તેથી તેની યુવા શક્તિ પણ વહેંચાઇ ગઇ છે. આ યુવા શક્તિને એકત્રિત કરવા આપ સૌ કોઇએ યુવક સંમેલન ભરવાનો વિચાર ઉપસ્થિત કર્યો જે ખુબજ ઉમદા અને આદરણીય પગલું છે તેથી આવા દરેક કાર્યમાં આપણા વડીલ સમાજનો ટેકો હોય તે ઇચ્છનીય છે. આવા શુભ કાર્યની શરૂઆત શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળે કરી છે, જે માટે હું ખરેખર ગર્વ અનુભવું છું અને તેના યુવક કાર્યકરોને ધન્યવાદ આપું છું.

કોઇપણ સમાજનો યુવક એ જે તે સમાજનો ફાઉન્ડેશન સ્ટોન છે. મકાનનો ફાઉન્ડેશન સ્ટોન જેટલો શુધ્ધ, મજબુત હોય તેમ તે મકાનનું ફાઉન્ડેશન મજબુત અને ટકાઉ બને છે તેવીજ રીતે સમાજનો યુવા વર્ગ કાર્યશીલ, શુધ્ધ વિચારયુક્ત, સદાચારી અને સમાજ પ્રત્યે ધગશવાળો હોય, સમાજ માટે ફના થનારો હોય તો તે સમાજ મજબુત અને આદર્શ બને છે. યુવા વર્ગ જ એ સમગ્ર સમાજનું અભિન્ન અંગ છે. આ અંગ જેટલું મજબુત, શુધ્ધ અને સદાચારી હશે તેટલો જ આપણો સમાજ પવિત્ર અને શુધ્ધ બનશે.

આજનો આ યુગમાં સમાજ પ્રત્યે દરેક યુવાનની વ્યક્તિગત તેમજ સંયુક્ત રીતે અનેક ફરજો છે અને સમાજ માટે કંઇક વ્યવસ્થિત કાર્યો કરવા માટે યોગ્ય સ્થળે, યોગ્ય સમયે અખીલ કચ્છ વડવા પાટીદાર યુવા સંમેલન યોજાય તેની રૂપરેખા માટેનું આ મિલન છે આવી પ્રવૃતિ આપણા સમાજમાં પ્રથમ હોઇ યુવક દોસ્તો ઉત્તરોત્તર પ્રગતિ કરે એ ઇચ્છનીય છે અને પધારેલ યુવક પ્રતિનીધિઓના સંપર્કમાં આવવાનો લાભ કલકત્તા પાટીદર સમાજને મળે તે માટે આજનો આ સમારંભ યોજાયેલ છે જે ખુબ જ આનંદની વાત છે આ પ્રસંગે એક યુવક તરીકે મારા વિચારો અને મંતવ્યો રજુ કરવાની રજા લઉ છું.

 આજનો બાળક આવતી કાલનો યુવાન છે. આજનો યુવક આવતી કાલ આપણા સમાજ માટે એક આશાનું કિરણ છે. કારણ કે આવતી કાલે સમાજના બાગડોર, સમાજનું સુકાન તેના હાથમાં હશે.

સદીઓથી અજ્ઞાનતામાં રહેલો, નીરક્ષર એવો ભલો ભોળો આપણો સમાજ જેને ચૂસવા માટે સ્થાપીત હીતોએ કંઈજ કસર નથી રાખી તે મૂરઝાયેલ સમાજ આજે જાગૃત બન્યો છે. આ જાગૃતિ આણવા સૌ પ્રથમ આંદોલન આપણા સમાજના કાર્યકર સ્વ. નારાયણ રામજી લીંબાણીએ આપના પરના ધાર્મિક કલંકને ભુંસવા શરૂ કર્યું, તે પછી મુંબઈ, કચ્છ તેમજ તે વખતના કરાંચીના યુવાનોએ સ્વ. નારાયણ રામજીના કાર્યને મૂર્ત સ્વરૂપ આપવા ક્રાંતિકારી આંદોલન શરૂ કર્યું. તે પછી નાગપુરના યુવકોએ દુર દુરના યુવનોના વિચારોની આપ લે કરવા 'પાટીદાર' પતિકાનું પ્રકાશન ચાલુ કર્યું. પરંતુ સંજોગોવસાત પત્રિકાનુ પ્રકાશન બંધ પડ્યું. તે પછી કેટલોક વખત યુવા પ્રવૃતિમાં ઓટ આવી પરંતુ આપણા સદ્ભાગ્યે સંત પૂજ્ય ઓધવરામજી મહારાજના પવિત્ર આશીર્વાદથી ગુજરાતના યુવાનોએ સમાજની હાકલને ઉપાડી લીધી અને ગુજરાતના હીરાપુર અધિવેશનમાં જાગૃતિનો જુવાળ ઉછળ્યો અને તેમાંથી આપણા સમાજના છાત્રાલયનો ઉદ્ભવ થયો તેમજ 'જાગૃતિ' માસિકનો જન્મ થયો અને આજ દિન સુધી 'જાગૃતિ' સમાજમાં જાગૃતિ લાવવા અથાગ પરિશ્રમ કરી રહેલ છે તેની સામે કેટલાંક સ્થાપિત પરિબળોએ મોરચા માંડ્યા અને જાગૃતિને આર્થિક રીતે તોડી પાડવા વ્યવસ્થિત પ્રયત્નો શરૂ થયા છતાં તેના કાર્યકરોએ તેના કુશળ સુકાનીઓએ જાગૃતિના હાલુ ડાલુ થતા જહાજને ઉગારી લીધું. જાગૃતિના સુકાનને સુદ્રઢ કરવાનો કેટલોક યશ આજીવન સભ્યો બનીને તેને યોગ્ય સહકાર આપવાનો યશ કલકત્તા સમાજને ફાળે જાય છે. જેથી કલકત્તા સમાજ માટે તેમજ અમારા યુવક વર્ગ માટે આજે હું ઉન્નત મસ્તકે ગર્વ અનુભવું છું. ખાસ કરીને કલકત્તા સમાજને તેના એક આદરણીય પ્રમુખનો લાભ વર્ષો વર્ષ મળતો રહે છે અને તેઓ યુવા પ્રવૃતિમાં રસમય રહે છે જે અમારા માટે ગર્વની વાત છે. આવેલ યુવક દોસ્તોને વિનંતિ કે આપ સૌ કોઈ પણ આપના કાર્યક્ષેત્રમાં ત્યાંના વડીલ સમાજની સાથે ખભેખભા મિલાવી તાલબધ્ધ કાર્ય કરશો.

પ્રત્યેક સમાજને બંધારણ રૂપી માળખું એટલે રીતરીવાજો અને તેના પાલન માટેની આચાર સંહિતા હોય છે. જનરલ સમાજ અખીલ હિન્દમાં વસતા આપણા સમાજ માટે આવા નિયામો તૈયાર કરી તેના પાલન માટે રજુ કરે છે. આ રીવાજોનું પાલન સાંગોપાંગ થાય તે જોવાની યુવાવર્ગની પ્રથમ ફરજ છે સામાજિક અન્યાયો સામે ઝઝુમતા રીત રીવાજો તોડતા વર્ગ સામે લાલબત્તી શુભ ઈરાદાઓ પારપાડવા તે યુવક પ્રવૃતિનું એક અંગ છે. લક્ષ્મીનઃ જોરે તેમજ

તેના ગર્વથી જો કોઇ વ્યક્તિ રીવાજોના પાલન માટે આનાકાની કરે, સમાજની આચાર સહિતાને તોડે તો તે સામે આંદોલન જગાડવાની યુવકોની ફરજ છે.

કન્યા કેળવણી એ આપણા સમાજનું અને આપણું કર્તવ્ય છે, પરંતુ ગણ્યા ગાંઠ્યા સ્થળો જેવાં કે ગુજરાત, મુંબઇ, મદ્રાસ, નાગપુર, આદી સ્થળે વસતા આપણા ભાઇઓ આનું મહત્વ સમજ્યા છે અને પોતાની બહેન–દીકરીઓને અભ્યાસાર્થે પ્રોત્સાહન આપે છે. કન્યા કેળવણી માટે આપણે પુરતો વિચાર કરીને આ ભગીરથ કાર્ય હાથ ધરીએ એ ખુબજ ઇચ્છવા યોગ્ય છે. આપણી સમાજમાં કન્યા કેળવણી માટે ધનસુરામાં પાટીદાર સમાજે કન્યા છાત્રાલય બનાવ્યું તે આ દિશામાં પહેલ ગણાય દરેક યુવકો આજના આ બદલાતા યુગમાં કન્યા કેળવણીના ક્ષેત્રે પોતાનો અમૂલ્ય ફાળો આપે એવી અપેક્ષા આપણો સમાજ યુવકો પાસે રાખે તો તે અસ્થાને નથી. દરેક યુવકોને સતી સીતા જોઇએ સુશીલ અર્ધાંગના જોઇએ પોતાનાં બાળકો માટે કરેલ વિચાર શીલ અને મમતાળુ માતા જોઇએ, શાણી ગૃહિણી જોઇએ આ બધુ મેળવવા માટે મારા યુવક દોસ્તોએ પરિશ્રમ કરવાનો રહેશે કન્યા કેળવણીને ઉત્તેજન આપી આપણે આપણી બહેન દીકરીઓ માંથી ઝાંસીની રાણી, સતી અહલ્યા, રઝીઆ બેગમ કસ્તુરબા અને ઇન્દીરા ગાંધી તૈયાર કરવાની છે. સ્ત્રીને માત્ર કડછી કલેક્ટર અથવા સેક્સનું સાધન ન બનાવતાં બહેનોને પણ કેળવણી દ્વારા સમાજમાં યોગ્ય સ્થાન મળે એ ઇચ્છનીય છે

છૂટાછેડાએ આપણા સમાજમાંના રીવાજોનું જાણે એક અંગ છે. દરેક સમાજમાં છૂટાછેડા તેમજ પુનર્લગ્ન આજના યુગમાં અનીવાર્ય છે. કારણકે તેનાથી કેટલાંક અનિષ્ટો અટકે છે. પરંતુ તે ક્યારે ? એક અજાણ્યા યુવક સાથે ગભરૂ બાળાના તેના માબાપે નક્કી કરેલ સમાજની રસમો મુજબ હથેવાળો કર્યો હોય તે પછી બાળા સ્વગૃહે આવે, સમય જતા સંતાન ઉત્પન્ન થાય, પુખ્ત ઉંમરે પહોંચતાં વાણી સ્વાતંત્ર્યના જમાનામાં પતિ પત્નીના વિચારોમાં મેળ ન આવે અને સામાન્ય કારણો માટે પાંચ દસ વર્ષના ગૃહસંસાર જીવન વિતાવ્યા બાદ બેચાર સંતાનો થયા પછી આપણા યુવાન છુટાછેડા માટે પ્રયત્નો કરે છે. આવા છુટાછેડામાં મનોભંગ અને અહં જેવાં ક્ષુલ્લક કારણો જ હોય છે. ઘર કંકાસ આમાંનું મૂળ હોય છે અને આવા ગૃહ ક્લેશમાં ખલનાયકની ભુમીકામાં યુવકની માતા ઘણું ખરું હોય છે. યુવક બિચારો નિમિત્ત માત્ર હોય છે. સાસુ વહુ ન ભળતાં હોવાથી સાસુજીને વહુ પસંદ ન પડે તેથી તે આવા કિસ્સામાં સુત્રધાર હોય છે. અને છેવટે છુટાછેડા લેવાની નોબત આવે છે. આવા કેટલાય પ્રસંગો આપણા સમાજમાં બને છે, યુવકનો પિતા જાણે અજાણે પોતાની પત્નીનો તેના આ કાર્યમાં સહભાગી બને છે. આ એક આપણા સમાજનું કલંક આ કલંકને મીટાવવા હું યુવાનોને હાકલ કરૂ

છું, હું પ્રશ્ન કરૂં છું કે તમારી બહેન દિકરીને બેચાર સંતાન પછી છુટાછેડા લેવાનો પ્રસંગ ઉભો થાય તો તમો શું કરશો ? પતિપત્નીના એક સરખા વિચારો ન પણ હોય તેથી શું સમાજની વેદીપર આવી ગભરૂ બાળાઓનાં બલિદાન આપવાનો કે લેવાનો આપણને કોઇ હક્ક છે ? આવે વખતે આ બાળાનો આર્તનાદ શું પોકારતો હશે...............પોકારતો હશે એજ કે......

" ફિટકાર હજો એ યુવા વર્ગને કે જેમાંથી માનવતા પરવારી ચુકી છે, ધિક્કાર હજો એ સમાજનાં બંધનોને કે જેમાંથી માનવતાની સોડમ સો સો જોજન દુર ઉડી રહી છે. "

આવા યુવકોને મારા યુવક દોસ્તોએ સમુદ્રના પેટાળમાંથી શોધી કાઢીને તેને પ્રથમ સમજાણથી અને તેમ ન બને તો સામુહિક આંદોલન જગાડી લોકમત જાગૃત કરી પરાસ્ત કરવા જોઇએ અન્યથા સમાજના પાયા હચમચી જશે, સમાજની નાવ ડામાડોળ થઈ જશે. આપણે સૌ કોઇએ ચિતરવા ધારેલ સમાજનું ચિત્ર ભૂસાઈ જશે, સમાજની ઈમારતના પાયા કડડભુસ થઇ તુટી પડશે, આપણુ અસ્તિત્વ મટી જશે, પત્ની સાથે અણ બનાવ થતાં બાળાની લાશના ટુકડે ટુકડા કરી બસ્તામાં ભરી નિર્જન અવાવરૂ જગ્યાએ ફેંકવા જતા યુવકો પણ આપણા સમાજમાં છે,અને આવા નરાધમ નર રાક્ષસોને પોતાની કોડ ભરેલી કન્યા બીજી વખત પરણાવનાર વડીલો પણ આપણા સમાજમા છે તો આ સમગ્ર બાબતો માટે યુવા વર્ગે તેના સમગ્ર પાસાંઓનો અભ્યાસ કરી સમજાવટ તેમજ સામુહિક આંદોલન દ્વારા લોકમત જાગૃત કરી આ પ્રવૃતિ ઉપાડી લેવી જોઈએ. કમસેકમ યુવતીથી ઉત્પન્ન થયેલ અભાગી અને નમાયા બાળકોના અંધકારમય ભાવિ જીવન માટે યુવકોએ કટીબધ્ધ બની યુધ્ધના ધોરણે આંદોલન જગાડવાં જોઇએ. કોઇને વ્યક્તિગત ઉતારી પાડવાનો મારો આશય નથી અને કોઇ બંધ બેસતી પાઘડી પહેરી લે તો તે તેમના જોખમે રહેશે, પણ યુવક દોસ્તોને મારૂં નમ્ર સુચન છે કે આપણા ભાવિ અધિવેશનમાં આ મુદ્દા પર વિસ્તૃત વિચારણા દ્વારા યોગ્ય પગલું ભરશો એવી મારી પ્રાર્થના છે.

આપણો સમાજ આજે ઉન્નતિનાં શિખરો સર કરવા મથી રહ્યો છે. આપણા સમાજમાં આવેલ કેળવણી ક્ષેત્રની ક્રાંતિ એ આશાનું કિરણ છે, આપણી યુવા પેઢી શિક્ષિત બને એ આપણા માટે ગર્વની વાત છે, તેટલીજ શરમની વાત આપણા ધાર્મિક પાસા માટે પણ કહી શકાય. આપણો સમાજ ધાર્મિક રીતે બે ભાગમાં વહેચાયેલો "સનાતન સમાજ" અને "સતપંથ સમાજ". સનાતન સમાજના ધાર્મિક રીતરિવાજો હિન્દુ ધર્મના પાયાપર રચાયેલ છે અને સતપંથ સમાજના રીતરિવાજો કેટલાક અંશે તેથી જુદા પડે છે. આવા ધર્મને હિન્દુ ધર્મ કહેવાય કે કેમ? તે આપણા

સમાજે, આપણા યુવકોએ શોધી કાઢવું જોઇએ અને હિન્દુ ધર્મના ઓઠા નીચે ચાલતા આપણા આ કલંકને દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ, અસહકાર દ્વારા આપણા આ કલંકને મીટાવવું જોઇએ. જરૂર પડે રોટી અને બેટી વ્યવહાર બંધ કરવો જોઇએ, આ મારો પોતાનો વ્યક્તિગત વિચાર છે અને તે માટે મારા મતાનુસાર યુવકોએ કટીબધ્ધ બનવું જોઇએ અને ભાવિ સંમેલનમાં આ એક વિચારણાનું અંગ હોવું જોઇએ.

બીજું શિક્ષિત બનતા આપણા યુવકો પોતાની ભાવિ પત્ની માટે કોઇ પણ જાતની સોદાબાજી ન કરે તે જોવાનું આપણા યુવકોનું કર્તવ્ય છે. પોતાની કન્યાનું માગું કન્યાના પિતા યુવક સમક્ષ રજુ કરે, યુવક વધુ અભ્યાસ માટે અમેરિકા, બ્રિટન વિગેરે વિદેશોના અભ્યાસનું ખર્ચ કન્યાના પિતાના શિરે નાખવાની શરતે કન્યાનો હાથ સ્વીકારવા તૈયાર થાય આવા દાખલા પણ કેટલીક જગ્યાએ બને છે, સુખી અને સાધન સંપન્ન કન્યાનો પિતા યુવકની આ માગણી સ્વીકારી શકે, પરંતુ ગરીબ કન્યાના પિતાનું શું ? શું તેની કોડ ભરેલી સુશિક્ષિત કન્યા ધનના અભાવે યોગ્ય પાત્રને ન પામી શકે ? શું ધનનો અભાવ તેનું જીવન ધુળધાણી કરશે ? આવા લેભાગું યુવકો અને તેવાજ લેભાગુ કન્યાના પિતા લક્ષ્મીના જોરે પોતાનું કાર્ય પાર પાડે તે સમજી શકાય તેમ છે. અને આવા પ્રસંગો પર યુવકોએ પોતાની પવિત્ર ફરજ અદા કરવાની રહે છે.

કેળવણી ક્ષેત્રે સમાજના ગરીબ બાળકો અને બાળાઓને યોગ્ય શિક્ષણ મળે તે માટે શિષ્યવૃતિ આપવા જેવાં ભગીરથ કાર્યો ઉપાડવા સમાજના યુવકોને મારી હાર્દિક વિનંતી છે.

આવાં અનેક ભગીરથ કાર્યો વિશે આપ સૌ કોઇ આપણા ભાવી સમેલનમાં વિચારો અને તેનું યોગ્ય પૃથ્થકકરણ કરી કદમ ઉઠાવો એવી આશા રાખું તે તે અસ્થાને નથી. બાકી જેમ આપણા ભારત વર્ષમાં ઘણી વખત કરોડોના ખર્ચે અધિવેશનો ભળી ભોળી જનતાને વાંઝીયાં આશ્વાસનો અપાય છે. અને કરોડો રૂપિયાનું શ્રાધ્ધ થાય છે. તેમ આપણા ભાવિ સમેલનમાં ન થાય તે જોવાનું કાર્ય આપણું છે. આગામી પેઢી આપણા સૌં કોઇ તરફ આશાની મીટ માંડી રહી છે. તેની આશા, આશા ન રહેતાં અભિલાષામાં પરિણામે અને ઠોસ પ્રવૃત્તિ દ્વારા સમાજના પાયા મજબુત કરી ભગીરથ કાર્ય પાર પાડવા કટીબધ્ધ બને યુવકો માટે આ યોગ્ય ભુમિકા છે યુવકો તૈયાર થાવ, " આગ્રહ, દઢતા ખંતખડી ત્યાં ધાર્યાં પડે નિશાન " તે મુજબ કાર્યની દિશામાં આગળ વધે યુવા શકિત જાગે તો પાતળમાં રહેલ શેષ નાગને પણ ડોલાવી શકે છે, પૃથ્વી કાયા પલટ કરી શકે છે.

આજે આપણો સમાજ સાધન સંપન્ન છે. સમાજ પાસે ભારત વર્ષના ખુણે ખુણે વસતી આપણી યુવા પેઢીના વિચારોની આપલે કરવા પોતાનાં બે મુખપત્રો 'જાગૃતિ' માસિક અને હમણાંજ ભુજથી ચાલુ થયેલ 'આઝાદ કલમ' છે. તે દ્વારા ઝુંબેશ ઉઠાવવાની મારા યુવક દોસ્તોને હાકલ કરૂં છું ને સાથે સાથે આજના આપણા આ પ્રતિનિધિઓના સમેલનની તેમજ આગામી અધિવેશનની સફળતા ઇચ્છું છું અને તે દ્વારા, સમાજ તેમજ દેશની સેવા કરવાની આપ સૌ કોઇ પાસે અભિલાષા રાખીને વિરમું છું.

" જયહિન્દ "

મગનભાઈ જી. પટેલ
કલકત્તા

ભેટ

મોકલનાર	કન્યા છાત્રાલય રૂ. ન-પૈ	વિદ્યાર્થી ભવન રૂ. ન-પૈ
(૧) વિષ્ણુ સો મીલ ઔરંગાબાદ	૫૧-૦૦	૫૧ ૦૦
(૨) ગુજરાત સો મીલ C/o. કાન્તિલાલ એન પટેલ ખેરાળુ	૧૩-૦૦	૧૨-૨૫
(૩) જીવરાજભાઈ ધનજીભાઈ	૨૫-૦૦	—

C/o. શ્રી આશાપુરી સો મીલ-ખેડબ્રહ્મા તરફથી તેમના પૂજ્ય પિતાશ્રી સ્વ. ધનજીભાઈ ભીમજીભાઇના સ્મરણાર્થે

હોંશિયાર તેમજ લાયક વિદ્યાર્થીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન મળે તે માટે અગાઉ ડો. હંસરાજ એમ. પટેલ ના પિતાશ્રી માનણભાઈ ભીમજીભાઈ પટેલ તરફથી આર્થિક મદદ આપવાની જાહેરાત કરવામાં આવી હતી તે મુજબ કેટલીક અરજીઓ આવતાં નીચે દર્શાવ્યા મુજબ વિદ્યાર્થીઓને દરેકને રૂા. ૫૦/- પચાસ રૂપિયા મોકલી આપવામાં આવ્યા છે.

(૧) ધનાણી	અરજણ હંસરાજ	પ્રિ. કોમર્સ	ભુજ
(૨) પટેલ	ચંદુભાઈ જેઠાભાઈ	પ્રિ. સાયન્સ	મોડાસા
(૩) ડોસાણી	નરસિંહભાઈ ગોવિંદભાઇ	ધો. ૧૧	ધનસુરા (વિ ભવન)
(૪) પટેલ	મોહનભાઇ હીરજીભાઇ	,, ૮	રામપુરા (કઠાણા)

ઉપરાંત પટેલ ચંદુલાલ ગોવિંદભાઇ ભોજાણી તખતગઢ સરતાનપુર વાળાને મૌયાના લાટ વાળા પટેલ કરમસીભાઈ માવજીભાઇ તરફથી રૂા. ૫૦ આપવામાં આવ્યા છે.

શિક્ષણ બાબતમાં પ્રોત્સાહન આપનાર ઉપરોક્ત બંને દાનવીર વડીલોની દાન ભાવના બદલ અભિનંદન. સૌ વડીલજનો પ્રેરણા મેળવે એવી અભિલાષા ★

★ ★

શ્રી જયઅંબ



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

શ્રી ૧।



આપની જરૂરીયાત મુજબ :
- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર ટયુબ,

હરેક સાઇઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર. મોટર સાયકલ તથા

● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

હરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઇયર ઇન્ડિયા લિ. મુંબઇ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઇ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઇન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

ફોન નં. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

પટેલ ઇલેકટ્રીકલ્સ

ઈલેકટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના
વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધ ન સુ રા
જિ. સાબરકાંઠા.


આપની જરૂરીયાત મુજબ

- ટયુબ લાઇટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઇલે સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર

વગેરે... વગેરે...

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ખીમજીભાઈ કરશનભાઈ
[બદામકંપા વાળા]




પ્રખ્યાત—
એવરેસ્ટ ઈ. મોટર્સ

તેમજ

દરેક કંપનીના
સ્ટાર્ટર તથા સ્વીચો
અને તેને લગતી તમામ
વસ્તુઓ.

Everest


LAXMI
LAXMI

આ. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા જિ. સાબરકાંઠા

Book-Post

To,

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
યુવક મંડળ (ગુજરાત) વતી
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

૨

સેવા, સંગઠન અને સહકારનો
ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

*

જાગૃતિ

*

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૫

ફેબ્રુઆરી : ૧૯૭૩

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૬), પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૧૦૧) પરદેશમાં રૂ. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક.

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ
એમ. એ., બી. એડ્
સહતંત્રી : જાગૃત
ગૃહપતિ : ક. ક. પા સ સ. વિદ્યાર્થી ભવન ધનસુરા.

શ્રી. રતિભાઈ એલ. પટેલ
એમ. એસસી.
પ્રિન્સિપાલ : શ્રીમતિ શા. મો. પંચાલ સાયન્સ કોલેજ, તલોદ.

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી. એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસસી.

શ્રી અરજણભાઇ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

✻ અનુક્રમણીકા ✻

તંત્રી સ્થાનેથી *

આપણે સૌ જાણીએ છીએ તેમ છેલ્લા કેટલાંક વર્ષથી વરસાદની અનિયમિતતાના કારણે સમગ્ર દેશને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

એકબાજુ દેશની દિન પ્રતિદિન વધતી જતી વસ્તી અને બીજી બાજુ કોઈ કોઈ વર્ષ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ રેલસંકટ વગેરેના કારણે દેશની પાયમાલી સર્જાય છે. ચાલુ વરસે દુષ્કાળના કારણે સમગ્ર દેશની જનતાને જીવન નિર્વાહ કરવાનું મુશ્કેલ થઈ પડયું છે તેમ કહીએ તો પણ ખોટું નથી

આજકાલ ખેતીએ નાના સરખા ઉદ્યોગનું સ્થાન લીધું છે. કારણ કે સુધરેલા બિયારણો, ખાતરો અને દવાઓના ડોજ આપવા પાછળ માનવ શ્રમનું તેમજ આ બધી બાબતોની પાછળ નાણાંનું રોકાણ ખૂબ વધી ગયું છે. આ બધુ હોવા છતાં વરસાદ ઓછોવત્તો થાય તો બધુ વ્યર્થ જાય છે એટલે દેશના ખેડુતની પાયમાલી એટલી બધી વધી ગઇ છે કે ન પૂછો વાત. ખેડુત ખરેખર બિચારો બની રહ્યા. છે છતાં બાહ્ય દ્રષ્ટિએ ખેડૂતવર્ગ સમૃધ્ધ હોવાની ગણના છે પરંતુ વ્યવસ્થિત આંકડો મૂકવામાં આવે તોજ ખેડુતની સાચી પરિસ્થિતિનો તાગ મેળવી શકાય,

ચાલુ વર્ષે સમગ્ર દેશ દુષ્કાળની ભીંસમાં જકડાયેલો છે ત્યારે આપણે જોઇ શકીએ છીએ કે કોઇપણ જાતના અનાજ, મગફળી, કપાસ વગેરે જીવનની જે પ્રાથમિક જરૂરિયાતો છે. તેનો પાક ખુબ ઓછો થયો છે પરિણામે ખેડુતને આગામી વર્ષે આ પાક ઉગાડવા માટે બીયારણના પણ સાંસા છે એટલુ જ નહીં પણ મગફળી જેવા પાકમાં ગત વર્ષે વાવણી કરી નાખેલુ બીયારણ પણ મળી શકયુ નથી, અનાજ માંડ પોતાના કુંટુબને પહોચે એટલું પણ દરેક ખેડુતને ત્યાં પાકી શકયું નથી. આ બધુ હોવા છતાં ખેતીવાડીની પાછળ લખલુટ ખર્ચ વધી ગયું છે પરિણામે ખેડૂતની વિષમ પરિસ્થિતિ માટે આપણે એમ જરૂર કહી શકીએ "ડુંગરા દુરથી રળીયામણા પાસે જતાં બિહામણા" આ રીતે સમગ્ર દેશના દુષ્કાળની સાથે સાથે ખેડૂત વગને જે આગવો દુષ્કાળ પડયો છે તેની પરવાહ કોઇ કરે છે ખરું ?

એક ચિત્ર આપણને રોજબરોજ જોવા મળશે અને આપણે વર્તમાન પત્રોમાં પણ વાંચીએ છીએ કે આજે અમુક ગામે દુષ્કાળ રાહત ફંડમાં અમુક રકમ આપી. આજકાલ ગામેગામ શાળા મહાશાળાઓમાંથી વિદ્યાર્થી વર્ગ હોય, શિક્ષક ભાઇ બહેનો હોય કે પછી નાનાથી માંડી મોટા અમલદારો સુધી મોટા ભાગનાં ખાતાંઓના સભ્યો હોય પણ દુષ્કાળ રાહતફંડ ઉઘરાવવા નીકળતા

હોય છે. આ બન્ને જ વર્ગ મોટાભાગે દુષ્કાળમાં સપડાયેલા ખેડુતવર્ગની પાસે વધુ પડતો હાથ લંબાવશે, પણ ખુદ દુષ્કાળથી પીડાયેલો ખેડુતવર્ગ જે રાહત મેળવવાને લાયક એવા સંજોગોમાંથી પસાર થઇ રહેલો વર્ગ છે એ આ બધું કેટલા અંશે સહન કરી શકશે એ બાબત પણ વિચાર માગી લે તેવી નથી?

આજે ખેતીવાડી તેમજ ઉદ્યોગોમાં ઘણા મોટા મજુર વર્ગને રોજી અને રોટી મળી શકે તેમ હોય છે. પરંતુ આજના માનવીમાં દિન પ્રતિ દિન કામ ચોરીની ભાવના વધતી જાય છે. ભિક્ષા માગવા માટે ઘણા શસક્ત માણસો નીકળી પડતા હોય છે. પણ કામ કરીને પેટીયું રળવાની ઈચ્છા કોણ જાણે કેમ તેઓ કરી શકતા નથી? તેઓ ધારેતો ખેડૂતોને ત્યાંથી પણ રોજી રોટી અમુક અંશે મેળવી શકે.

પણ પ્રજાજીવનમાં આપણે ડોકિયું કરીશું તો જણાશે કે સાચેજ જેને મજુરી કરીને જીવન ગુજરાન કરનારો જ વર્ગ છે તે પોતે પોતાની અને દેશની મુશ્કેલીઓમાં ઘટાડો કરી શકે છે. પરંતુ જેના દીલમાં કામ ચોરી છે. અને પરિણામે જે ગરીબીમાં અટવાતો આવતો વર્ગ છે. તેની ગરીબી કઇ રીતે દુર થાયએ માટેના ઉપાયો વિચારી તેનું નિવારણ કરવું જરૂરી છે આવો વર્ગ જ ખરેખર 'દુષ્કાળમાં અધિકમાસ' જેવી સ્થિતિ ઉભી કરે છે. તે પોતે તો પોતાને ભારરૂપ છે જ પરંતુ સમગ્ર દેશ માટે પણ તે ભારરૂપ બની જાય છે. તો એ ભાર હળવો કરવા માટે નામદાર સરકાર અને પ્રજાએ પણ વિચારવું રહ્યું કે આ પરિસ્થિતિનો અંત કઇ રીતે આવે.

નહીંતર આપણે ભગવાનમાં અપ્રતિમ શ્રધ્ધા રાખી પ્રાર્થના જ કરવાની રહી કે ભગવાન સૌને સદ્બુદ્ધિ આપે અને વ્યક્તિ પોતે પોતાનું જીવન ગુજરાન સારી રીતે ચલાવવા યોગ્ય માર્ગે પ્રયત્નશીલ બને. પણ 'મારા પડોશીને ત્યાં બંગલો છે અને હું પોતે ઝુંપડામાં રહેતો હોઉં' તો મનમાં ઈર્ષા પ્રગટ કરીને બંગલાનો અમુક ભાગ મને પણ મળે એવી ભાવના પેદા કરીને જીવનજીવવાની કોઇ જરૂર નથી પણ હું પોતે પણ ઝુંપડામાં કયાં કારણાસર રહી ગયો છું એ વિશે આત્મખોજ કરી આગળ વધવાથી પણ જીવનમાં આપણે સાચી દિશા અવશ્ય મેળવી શકીશું.

—અસ્તુ.



રમત

કાન્તિભાઇ સી. પટેલ
હિંમતનગર

આજે પૂર્ણિમા છે. આકાશમાં ચન્દ્ર હસે છે. તારા ટમટમે છે. આકાશનું આ નૈસર્ગિક ચિત્ર મનોહર છે. કોઈ અજાણે જાદુ કરી આ રમ્ય કલા કરી છે... કોણ હશે એ જાદુગર?... હા તે જાદુગરનું નામ છે પરમેશ્વર... આ સૃષ્ટિનાં નૈસર્ગિક દ્રશ્યો વખતસર ઘડાય છે તે આ જાદુગરના કારણે જ.

મારું મન પ્રસન્ન હતું. ચન્દ્રમાને જોઇને મને આનંદ થતો હતો, તેના તરફ જોઇ કાવ્ય રચવાની ઇચ્છા થતી હતી, વાર્તા લખવા મન કહેતું હતું મારા અંદરના કવિને, મારા અંદરના લેખક માટે આ પાર્શ્વભુમિ સુંદર હતી, કલ્પનાને પાંખ ફુટતી હતી, કલ્પનાનું પતંગિયું ગરુડ બની પૃથ્વીને પ્રદક્ષિણા કરતું જોતું હતું મારા વિચાર મંથનના અંદરથી સુંદર વાર્તાનું અમૃતકુંભ નિકળનાર હતું. છેલ્લા એક માસથી મારું લેખન કાર્ય અટકી ગયું હતું. પેન ખોલી ઢાંકણુ હાથમાં પકડી રાખ્યું હતું પણ! શબ્દ જ મળતો ન હતો... હતાશ થઇ મેં પેનને બાજુમાં મુકી. પણ, આજની વાર્તા નિરાળી હતી, મન પ્રસન્ન હતું, કલ્પના હાથ જોડીને ઉભી હતી હવે થોડાજ સમયમાં હું વાર્તા લખવાનો હતો. પંદરથી વીસેક પાનાં સુંદર રીતે લખીને સમાપ્ત કરવાનો હતો, મગજના વિચાર કાગળ પર નાખનાર હતો, એટલામાંજ......

એટલામાંજ મારા કાન પર કોઇક યુવતીનો સ્વર અથડાયો! અવાજ અપરિચિત લાગ્યો... હું બહાર આવ્યો મારી સામે આંસુ લૂછતી તે ઉભી હતી.

નિર્મળા સરપંચની પત્ની હતી. સરપંચ મારા બાળપણના મિત્ર હતા. પિતાની વિશાળ ખેતીવાડી, ગામની ભાગોળે આવેલ દ્રાક્ષની વાડી વિગેરેનો વહિવટ જુવાન સરપંચ ચલાવતા હતા. આટલી નાનો ઉંમરમાં તેમની કુશળતાની સુગંધ ચોમેર પ્રસરી હતી... લક્ષ્મી-દેવીની કૃપા ઉતરેલ હોવાથી તેમની ગણુના શ્રીમંત તરીકે હતી... તે સરપંચની નિર્મળા પત્ની હતી... નિર્મળાને એક છોકરો હતો, લગભગ ત્રણેક વરસનો.

આવી રાત્રીના સમયે નિર્મળા, એક ખાનદાન સ્ત્રી મારે ઘેર કેમ આવી? એ વિચારે ક્ષણભર હું ગુંચવાઇ ગયો. હું તેની તરફ દિગ્મુઢ થઇ જોઇ રહ્યો. મને ગુંચવાયેલ જોઇ તેના હોઠ ધ્રુજ્યા...

હું તમારી પાસે આવી છું... એક વ્યથા કહેવા... જાણવા દો તમારા વાચકોને... તમારા એ સમાજને...

અંદર આવોને!... સરપંચ તો

આનંદમાં છે ને ? મેં પેન બાજુ પર મૂકી આવકાર આપ્યો.

તેમનું નામ માત્ર પણ ના લેશો ! બોખરા સાદે તે બોલી,

કેમકાંઇ કંકાશ થયો છે ! વાત શું છે !

તેજ કહેવા આવી છું. અને તેજ રહેવુ છે મારો ! સાડી ઠીક કરતાં તે અંદર આવી, પોતાના પર મોટો અન્યાય થયો છે તેમ તેની ફરિયાદ હતી. પલંગના ખૂણે સંકોચાઇને તેણે બેઠક લીધી.

તેના હોઠ ફફડયા " સરપંચ મને છુટાછેડા આપવાના છે ? " તેમને બીજું લગ્ન કરવું છે ! આંસુ રોકતાં રોકતાં તેનાથી ડુસકુ મુકાઈ ગયું !

'કોણ' ? મારાથી વધારે જોરથી બોલાઈ ગયું. પણ, કોની સાથે તે બીજું લગ્ન કરશે.

ચંન્દ્રિકા નામની નર્તકી સાથે...... પેલી નાટક કંપનીવાળી ? જે નાટકમાં નૃત્ય કરે છે તે ચંન્દ્રીકા ? ખુરશી આઘી લેતાં મેં પૂછ્યું.

હા તે જ કુલ્ટા સાથે......... પણ ભાભી તમારામાં તે શું ઓછું ભાળ્યું ? રૂપ, ગુણ, કળા, આ સર્વસ્વ તમારામાં હોવા છતાં આ મોહ એમને કયારથી લાગ્યા ?

મોહ કેમ થયો ? હું પણ શું કહુ ! પણ તેમનો જીવ ચંન્દ્રીકા ઉપર બેઠો છે.

પણ...એક પત્નીની હયાતીમાં બીજું લગ્ન કરી શકાય નહિ તેમ કાયદો કહે છે.

પણ ...તેઓ મને જીવનનિર્વાહ માટે ખર્ચ આપવા તૈયાર છે, તેઓ કહે છે. તને પૈસા જોઇએ તેટલા લઈ જા પણ...મારા જીવનમાંથી નિકળી જા... ! કાયમ માટે... આંસુ લુછતાં તે બોલી

પૈસાથી પેટ ભરાશે પણ ! મનનું સમાધાન ! આંખોમાં અશ્રુ લાવતાં તે રડી પડી......

' પુરૂષોને એક સબંધ તોડી બીજો જોડતાં આવડે છે... પણ સ્ત્રીનું શું ! લગ્ન એટલે બે હૃદયનું મિલન... આ મિલનનો મૃત્યુ પછી જ અંત હોય છે...

નિર્મળ ભાભી ! ખરેખર ! બહુમોટો ગંભીર પ્રશ્ન છે તમારી સામે—

હા મારા જીવન મરણનો પ્રશ્ન છે. મારી સાથેનો સબંધ તોડી તેમનું મન શાંત થતું નથી... આ છોકરાને પણ સાથે લઈ જા... આવા સમયે મારે શું કરવું ? હું એક સ્ત્રી છું... પતિ જો આમ કરે તો પત્નીએ શું કરવું ? કોઈ દુષ્ટની બદનજર મારા સુખી સંસારને લાગી છે અને તેવું બનવાનું લાગે છે...

મારી સામે એક ગંભીર પ્રશ્ન નિર્મળા રૂપે ઉભો હતો. નિર્મળાનો પતિ ખુશીથી ચંદ્રીકા સાથે લગ્ન કરી

★ ★

તેને ઘરમાં લાવનાર હતો. અને નિર્મળાનો ત્યાગ કરનાર હતો, એકલી નિર્મળાજ નહિ પણ પોતાના ત્રણ વર્ષના માસુમ ફુલને પણ કરમાવવા તૈયાર થયો હતો આ સમાજમાં, આ દેશમાં, પુરુષને જોઈએ તે શોખ, આનંદ પ્રમોદ માણી શકે, પણ સ્ત્રી? સ્ત્રીને એક પુષ્પ સમજી તેની સુગંધ લીધા બાદ ફેંકી દેવામાં આવે છે... કાલે જો સરપંચની વિરૂધ્ધમાં ઘડાયુ હોત તો? નિર્મળા કોઈ પર પુરુષ સાથે પ્રેમ કરે કે તેની સાથે ન સાં જાય તો સમાજે શું કહ્યું હોત? તેના પતિએ શું કહ્યું હોત?

—નિર્મળાને બદચલન કહી હોત...

પણ! જ્યારે આ પ્રકારે તેણીનો પતિ કરે છે, ત્યારે સમાજ કેમ ચુપ છે? ક્યાં ગયા સમાજના આગેવાનો! જેઓ સ્ત્રીઓના સુધારાવાદી તરીકેના દાવા કરતા હતા... સ્ત્રી કેળવણીના લાંબા લાંબા ભાષણો આપતા હતા, તેઓ મુંગા કેમ છે? ક્યાંથી બોલે... સરપંચ તો આબરૂદાર છે, પૈસાદાર છે પછી તેમની વિરૂધ્ધ કેમ બોલાય?

સમાજ પણ આ સમયે કંઈ બોલતો નથી. જે બંધન, મર્યાદા સ્ત્રી પર સ્ત્રી તરીકે છે તો પુરુષ પર પુરુષ તરીકેનું બંધન કેમ નહિ? તેને તે બંધન કેમ નથી નાંખ્યું? અત્યાર સુધી મેં ખુબ વાર્તાઓ, નવલકથાઓ વાંચેલ, પણ નિર્મળાની કહાની મનને અસ્વસ્થ કરનારી હતી... ભવિષ્યમાં છુટાછેડા લીધા બાદ તેને ક્યાં માર્ગે જવું? કોના સહારે રહેવું? જીવનની અધુરી રમત કોની સાથે રમવી...

અત્યાર સુધી સૂનમૂન બેસેલ નિર્મળા બોલી, છુટાછેડા લીધા પછી મારે ક્યાં જવું? હું શું કરું? મારો છોકરો મોટો થતાં બાપના વિષે મને પૂછશે તો મારે શું જવાબ આપવો? નિર્મળાના આ પ્રશ્નનો મારી પાસે જવાબ નહોતો, સમાજ પાસે જવાબ ન હોતો. સંસારની અત્યાર સુધી જે રમત થઈ ગઈ તે રમ્ય, સુંદર દેખાવ વાળી હતી, પણ હવે શરૂ થનાર નવી રમતનું શું?

સરપંચ નવો દાવ રમનાર હતા. નવી પત્ની સાથે નવો શૃંગાર કરનાર હતા. નવો દાવ રમવાના હતા... પરંતુ નવો દાવ રમતાં પહેલાં નિર્મળાનું હૃદય ભાંગી જશે! તેની પરવાહ કરનાર ન હોતા તે!

અને નિર્મળા...નિ સહાય અટુલી... પોતાના કોમળપુષ્પને ખોળામાં પંપાળતાં તેના વાળમાં આંગળીઓ ફેરવી ભાગ્યને હજારો ગાળોનો વરસાદ જ વરસાવેને ...કે વધારેમાં વધારે અશ્રુનો અભિષેક કરે, એકબાજુ આનંદ ઉલ્લાસ તો બીજી બાજુ દુઃખી અશ્રુનું ઝરણું રડતુ રડતુ પ્રવાસ કરનાર હતુ ...એક તરફ હાસ્ય! બીજી તરફ અશ્રુ!

અશ્રુ અને હાસ્યનું આ જગામાં મિલન થયુ છે ક્યારે?......

નિર્મળા બોલવા લાગી—

★ ★

મને સુખે મરતાંય આવડતું નથી. આ મારો છોકરો ના હોત તો હું ખુશીથી કૂવો પૂરત ! પતિનાં માર્ગમાંથી કાંટા તરીકે આ દેહને અલગ કર્યો હોત ! પણ તેટલું ય ભાગ્ય મારું નથી. પુત્ર માટે કંટકભર્યું જીવન ગુજારવું–વિચાર થાય છે કે આ કોમળપુષ્પને તમારી પાસે મુકી જાઉં !...કે તેને ખીલવવા માટે આ દેહરૂપી વેલને જીવંત રાખવી ...પરંતુ ! આ જ વેલ જયારે દુઃખની વિજળી પડવાથી સુકાઇ જાય તો આ પુષ્પ ખીલશે કે ?

નિર્મળાનું બોલવું સત્ય હતું, તેના હૃદયનો ઉકાળો સત્ય હતો કોઇને લાગણી થઈ જાય તેવું તેનું બોલવું હતું, જે જગ્યાએ નિર્મળાનું નામ હતું તે જગ્યાએ ચંન્દ્રીકા મહાલવાની હતી...

અને...

અને નિર્મળા મહેલમાંથી રસ્તાપર આવનાર હતી... અ રે રે ! દુર્ભાગ્ય કહે છે, તે આજ કે નહિ ?...

ચંન્દ્રીકા અને સરપંચના લગ્ન... બરાબર ચાર દિવસ પછી......

આવતી કાલે તો છુટાછેડા આપી ઘરની બહાર કાઢશે...હું કયાં જઇશ !

હું કયાં જઈશ...રડતા સાદે તે બોલી મેં પાણી આપી તેને શાંત રહેવા કહ્યું.

આ છે નિર્મળાની કહાની...

નિર્મળા પાછી બોલવા લાગી...

સંસારની મારી આજની છેલ્લી રાત !

પહેલી સુહાગરાત...

પહેલી અને છેલ્લી વચ્ચે કેટલુ અંતર છે ? પહેલી રાત્રીએ મારી ખુશીનો પાર નહોતો...

આજે મારા દુઃખનો પાર નથી... જાઉં છું હું પતિના સહવાસની છેલ્લી રાત જો મને રડતાં રડતાં વિતાવવી પડશે તો તે પણ મારૂં ભાગ્ય સમજી જાઉ છું... મને માફ કરજો... અને તે દોડી ગઇ

મનમાં વિચારોનાં તરંગ શરૂ થયા. એક મન સરપંચના નિષ્ઠુર વર્તનને ધિક્કારવા લાગ્યુ :

બીજુ મન નિર્મળાના દુઃખ સાથે સમરસ થઈ ગયું. સુખની શૈયા પર આળોટનાર નારી કાલ કયાં જશે, જે સૌભાગ્ય ચિન્હને તે ગર્વથી જેના નામે બાંધતી તે કાલે કોના નામે બાંધશે ? કોના માટે બાંધશે ? કોના માટે જીવશે !

વળી નવો વિચાર આવ્યો...

નિર્મળા જો પુર્નલગ્ન કરે તો સુખી થશે ? પણ ! આ નવી રમત પુરુષ માટે જેટલી આનંદમય થશે તેટલી સ્ત્રી માટે થતી નથી.

નિર્મળાનાં આંસુ ઓછા થાય તેવું તેના જીવનમાં આશાનું કિરણ ચમકે ? વિધીના લેખ જો એમ હશે તો... જેમ સરપંચના બીજા લગ્નનો...

★ ★

છે. તેમ તેવો યોગ નિર્મળાના લગ્નનો હોય તો ? તેવી જ ઇશ્વરની યોજના હશે તો ?...

રાત્રિના અગિયાર વાગ્યા છતાં હું લખતો હતો... નિર્મળાનું દુઃખ કોરા કાગળ ઉપર ઉતારતો હતો... નિષ્ઠુર સરપંચ વિરૂધ્ધ કડક ટીકા લખતો હતો. ટીકાંનો અંત કર્યો નહોતો... માથા પરનો બોજ હલકો થયો તેમ લાગતું હતું. અંતઃકરણથી લખાયેલ છે તેમ લાગતું હતું. નિર્મળાનું દુઃખ... સરપંચની નિષ્ઠુરતા... મારે સમાજમાં ઉઘાડી પાડવી હતી. એક અબળાનાં આંસુ સમાજને નજરે બતાવવાનાં હતાં વિચારોના વમળમાં ઘેરાતાં ઘેરાતાં મારી આંખ મિંચાઇ ગઈ.

પ્રભાતમાં ઉઠતાં જ દેખાવા લાગ્યું

ચંદ્રીકા સાથે સરપંચનું લગ્ન, આગળ નિર્મળાને છુટાછેડા આપ્યા હતા એક લક્ષ્મીને ઠોકર મારી તિરસ્કારી કાઢેલ હતી. નિર્મળા ચોધાર આંસુએ રડતી હતી સરપંચને દયા નહોતી આવી, કોમળ બાળકનો પણ તિરસ્કાર માણુસ મોહમાં કેટલો આંધળો બને છે તે આજ મેં.હ !

કયાં જાઉં હું ? આ દુનિયામાં મારૂ કોણ ? આ બાળકને તો રાખો, આની જવાબદારી તો લો, આ ફૂલ સાથે રહેતાં મારે જીવવું પણ મુશ્કેલ છે. અને મરવુ પણ મુશ્કેલ છે.

પગથિયાં ચડતાં સરપંચે રાડ પાડી, મારે તારી કે છોકરાંની કોઈ જરૂર નથી ! જા તારે જ્યાં જવું હોય ત્યાં ચાલી જા, તારું મોઢું બતાવીશ નહિ.

ભલે, ઠીક છે. હું જાઉ છું છતાં તમો સુખેથી સંસાર વસાવો, તમારા ચરણ સ્પર્શ કરવા દો, મને છેલ્લી જ વાર ! બસ એક વાર....

જા, ? ચાલી જા, ? એટલો પણ અધિકાર નથી રહ્યો. તારા કલંકિત હાથથી મારા નવજીવનમાં ડાઘ પડશે, જા, ચાલી જા.

નિર્મળા હિબકાં ભરતી ચાલી ગઇ કયાં જવાની હતી, અરેરે ! તે તો કૂવા તરફ જતી લાગે છે. જીવનનો વિલય કરવા તો નથી નિકળી ?

ત્યાર બાદ ચારેક દિવસ નિકળી ગયા તે છતાં મને વાર્તાનો અંત કરતાં ના આવડયો. શિર્ષક મળતું ન હોતું, હું અસ્વસ્થ હતો.

સાંજના વધારામાં વાંચતા મથાળે નજર પડતાં જ ચમકી ગયો.

"મોહનપુર ગામના સરપંચની પત્નીનું રહસ્યમય અવસાન ! પોલિસ તપાસ પરથી અમારા ખબરપત્રીને જાણુવા મળે છે કે સરપંચે મરનાર તેમની પત્નીને ચાર દિવસ અગાઉ ઘરમાંથી કાઢી મુકેલ અને ચંદ્રીકા નામની પ્રખ્યાત નર્તકી સાથે લગ્ન કરેલ હતું. લોકવાત પરથી જાણવા મળે છે કે

બન્ને પતી પત્ની વચ્ચે ઝઘડો થયેલ... ઇન્સપેક્ટર શ્રી દેસાઈની તપાસ ચાલુ છે"......

અરે રે ! આખરે તેણે તે જ માર્ગ લીધો ?

દાવ પૂરો થયો...

નિર્મળાએ આત્મહત્યા કરી હતી, પણ તેની શું ભૂલ હતી ? જીવતાં મૃત્યું જેવું જીવન ગુજારવું તે કરતાં મૃત્યું જ બહેતર છે. પતીનું સુખ તે કઇ આંખે જોઇ શકે ? જીવનસાથીએ જ જ્યારે જાકારો દીધો તો પછી જીવવાનો અર્થ જ ક્યાં રહ્યો...

માંરુ મન પોકારવા લાગ્યું, ના ! નિર્મળાનો માર્ગ એજ સર્વોત્તમ છે, તેણે જે કર્યું તે જ યોગ્ય હતું... જેથી સરપંચના જીવનમાં કલંકનો ડાઘ લાગ્યો.

બીજું મન કહેવા લાગ્યું, ના નિર્મળાએ આત્મહત્યા નહોતી કરવી તેને પણ સરપંચના દેખતાં જ લગ્ન કરવું હતુ હા ! સરપંચની સામે તેમના દેખતાં જ નવો દાવ રમવાનો હતો... પણ ! હાય ! વિધાતા તે, સમાજને, સરપંચને પોતાની રમત બતાવતી ગઇ. રમત ચાલુ કરી એ ખેલાડીનો દાવ અધવચ્ચે છોડી ગઈ હતી...

એક વિજયી ખેલાડી તરીકે નામ રાખી...



ચમત્કારોની પરંપરા

શ્રી શામજીભાઇ એસ. પટેલ
વડોદરા

આપણા દેશમાં ચમત્કારોની ખામી નથી. રામાપીરનાં પગલાં પડવાં, છોકરીના હાથે-પગેથી કંકુ પડવાં છબીમાં ફૂલ ઉગવાં, બાળક પૂર્વજન્મની વાતો કરે, ગંગાજી પ્રગટવાં, મંત્રેલા પાણીથી નિરોગી થવું વગેરે આવી ઘણી ઘણી વાતો આપણે સાંભળતા આવ્યા છીએ, અને તેનાં પરિણામો પણ જાણ્યાં. આવી વાતોથી આકર્ષાઇને આંધળી દોટ મુકનારા શ્રધ્ધાળુઓની પણ સંખ્યા નાનીસૂની નથી હીંદુ મુસલમાનોમાં આવા ચમત્કારો આપણે સાંભળતા આવ્યા છીએ ફરક એટલોજ છે કે, મુસ્લીમ જ્યાં પાણી મંત્રીને ફુંક મારીને આપે ત્યાં હીંદુઓનીજ મોટી કતારો હોય છે. પરંતુ તેની જગ્યાએ હીંદુ હોય તો ભાગ્યેજ કોઇ મુસલમાન આવે છે, હીંદુઓની માન્યતા કયારે પણ સમજમાં આવતી નથી, શ્રધ્ધાને પણ માઝા હોય છે

તાજેતરમાં ઉત્તર ગુજરાતના ખેરાળુ ગામમાં નજરમહમદ નાથુ,મીઆં નામનો મુસ્લીમભાઈ ફૂંક મારીને પાણી મંત્રીને આપે છે. અને તેથી લકવો ટી. બી. કેન્સર વગેરે અસાધ્ય ગણાતા રોગો મટી જાય છે. અને તેના માટે આખું અંધ શ્રધ્ધાળુઓની હજારોની સંખ્યામાં લોકો તે તરફ વહેતા થયા. જાત તપાસ કરેલા કેટલાક લોકો પેપરમાં વારંવાર નવાર આવેછે. એટલું નહિ પણ ગુજરાતની વિધાન સભામાં પણ તેની ચર્ચા થઇ છે. પ્રશ્નોત્તરી દરમિયાન સરકારેને જણાવ્યુ કે આની અંદર હજી કોઇનું મૃત્યું થયું નથી. તેથી છેતરપીંડી જેવું પણ સરકારને જણાતુ નથી ત્યાં સુધી સરકાર વચમાં ન આવે. એ તો એક શ્રધ્ધાનો સવાલ છે. છતાં પણ આખરે આરોગ્ય અને સલામતી માટે જીલ્લા સત્તા વાળાએ તેના પર પ્રતિબંધ મૂકયો ખરો.

આણંદ પાસના એક ગામમાં દક્ષિણ ભારતમાંથી કોઇ બાલાજી બાબા પધાર્યા છે. મસ્તકમાંથી ભસ્મ કાઢે છે. અને તેમાંથી સોનાના ગણપતિ કાઢી બતાવે છે. અગાઉ અમદાવાદ પધારેલા "સત્ય સાંઇ બાબા" હવામાં હાથ વીંઝી માદળીઆં અને વીંટીઓ કાઢી બતાવતા હતા અને તેની પ્રપ્તિ માટે સરકાર અને પ્રજાના સર્વોચ્ચ નેતાઓ પણ લાઇન બંધ ઉભા રહી ગયા હતા. વર્ષો પહેલાં સૌરાષ્ટ્રના એક ગામ ઝીંઝકામાં એક એવી "દેવી" પેદા થયા હતા કે જેના ચરણોમાંથી કંકુ ખરતું હતું. અને તેના દર્શન માટે ઉભરાયેલા એકાણુ ટોળાની ધક્કામુક્કીમાં ડઝનેક માણસો મર્યા અને અસંખ્ય ઘવાયા અને માંદા પડયા. ગુજરાતના ગાંધી-

નગર જીલ્લામાં વલાદ ગામના ફુલપરામાં

મા વિનાની રાજુ

મોકનાર : અમૃતલાલ એચ. પટેલ
શ્રી લક્ષ્મી સો મીલ, સેવાલીયા

રાજુની માતા તો બિચારી એ પાંચ વર્ષની હતી ત્યારથી જ સ્વર્ગવાસી બનેલી. પિતા એના કરીયાણાના વેપારી તે વેપારમાં જ ગળાબૂડ બનેલા ને આ છોકરી તરફ બિલકુલ કોઇ ધ્યાન જ ન આપે. રાજુ જેમ જેમ મોટી થતી ગઇ તેમ તેમ માના પ્રેમના અભાવે બડખોર વૃતિ ધરાવતી થઇ ગઇ. શાળામાંથી તેની દરરોજ ફરિયાદ આવે મહોલ્લામાં પણ રાજુના તોફાન ચાલુ રહે અને વાત વાતમાં બધાની સાથે ઝઘડો જ કરી બેસે. સંયુક્ત કુટુંબમાં મા વિનાની રાજુની આ ફરિયાદ આ તોફાનથી બધા કંટાળી ગયેલા અને એને વારંવાર ઘરનાં બધા જ ટોક ટોક કર્યા જ કરે, પણ આની રાજુ ઉપર કઇ અસર થતી નહીં, માતા પિતાના પ્રેમથી વંચિત રાજુ માતાના મૃત્યુ માટે જાણે આખા સમાજ તરફ વેર ધરાવતી હોય તેમ જ વર્તતી અને

છેલ્લા એકાદ માસથી એક ઠાકોર દૈવી શક્તિ ધરાવતા ચમત્કારિક પુરૂષ આવે છે તેની પાસે એક ચમત્કારિક તલવાર છે અને તેનો સ્પર્શ કરાવીને આંધળા, બહેરા, લૂલા, લંગડા લકવા, કેન્સર તથા ભૂતપ્રેતના વળગાડ વાળા, વાંઝીયાપણુ વગેરે અસંભવિત કાર્યો પોતે સરળતા પૂર્વક કરી આપે છે. અને રોજ હજારોની સંખ્યામા લોકો જાય છે.

આતો માત્ર છાપે ચડેલી જાહેર બીનાઓ છે. તે ઉપરાંત અંદરખાને તો એવા કેટલાએ ભુવા ડાકલીઆઓ જંતર મંતર દોરાધાગા કરી ભૂત પ્રેત કાઢવાનો ધંધો લઈને ભોળી પ્રજાને છેતરતા હોય છે.

અત્યારના યુગમાં આ દેશમાં વેજ્ઞાનિકો અને ડૉકટરો કરતાં પણ આવા દૈવી ચમત્કારિક શકિત ધરાવતા લોકોનું વર્ચસ્વ વધારે છે. કારણ કે તેઓને ડીગ્રી કે લાઇસન્સની જરૂર હોતી નથી કોઇ જાન-હાની થાય તો તેમાં પણ તે જવાબદાર હતા નથી. જેથી તેની જમાત વધતી જાય છે ડોકટરોને એવી છુટ હોતી નથી નવાઇની વાત તો એ છે કે સરકારી ખાતાં પણ આવાં ધતિંગો ચલાવી લે છે.

આમ આ દેશ અનેક ભગવાનો. સંપ્રદાયો, ધર્મગુરૂઓ, જ્યોતિષો, ચમત્કારી બાબાઓ જંતર મંતર વાળા ઓલિઆ પીર ફકીરો, અને એવી અદ્દભૂત શકિત ધરાવનારાઓ અને તેથી વળી તેમાં શ્રદ્ધા ધરાવતા લોકોનો પણ તોટો ન હોવા છતાં દેશ ગરીબ, અભણ, દુઃખી, દરિદ્રી અને દુષ્કાળ પિડીતજ રહ્યો છે. એજ એક મોટી નવાઇ છે.

★

બધાની સાથે દુશ્મનાવટ જ હોય તેમ કોઈનું કહેવું સાંભળવા તૈયાર નથી. રાજુના મનની મુંઝવણ કોઈ સમજી શકતુ નથી.

રાજુની પાડોશમાં સ્મિતાબેન રહે છે. તેઓ માનસશાસ્ત્રનાવિષય સાથે એમ.એ. થયા છે. અત્યારે તેઓ માનસિક રીતે પછાત હોય તેવા બાળકોની સંભાળ લેવાનું કેળવણી આપવાનું સ્તુત્ય કાર્ય કરી રહ્યાં છે. આ સ્મિતાબેનને રાજુ માટે ખુબ જ સહાનુભૂતિ રહે. કોઈને કોઈ બહાને તેઓ રાજુના સાથે વાતો કરે અને વાતવાતમાં રાજુનીમનની મુંઝવણ તેઓ થોડી ઘણી પામી ગયાં. અને રાજુ પણ સ્મિતાબેનને બધીજ વાતો કહેતી, શાળાની, પોળની અનેક ફરિયાદ તે સ્મિતાબેનને કરતી. સ્મિતાબેનના મીઠા ઠપકાથી રાજુ હવે અભ્યાસમાં પણ ચીવટ રાખવા લાગી અને એની ફરિયાદો, ઝઘડા બધું થોડું થોડું ઓછું થવા લાગ્યું.

એક દિવસ શાળાનો પટાવાળો રાજુના વાલીને શાળામાં આચાર્યશ્રી બોલાવે છે તેમ સંદેશો કહીને જતો રહ્યો શાળામાં અત્યારે વાર્ષિક પરીક્ષા ચાલે છે. અને વાલીને બોલાવે છે. તો તાકીદનું જ કંઈ કામ હશે એટલું સમજવાની પણ ઘરમાં કોઈને પડી નહોતી કારણ? રાજુ તરફ બધાંની ઉદાસી વૃતિ જ માત્ર અને એના તોફાનથી બધા તંગ આવી ગયેલા તેથી અત્યારે કોઈ શાળામાં જવા માટે રાજી નથી. સ્મિતાબેને આ વાત જાણી અને તેઓ તરત જ શાળામાં પહોંચી ગયાં. શાળામાં તેઓ જ્યારે પહોચ્યાં ત્યારે રાજુને એના આચાર્યશ્રી ખુબ ધમકાવતા, હતા "આવી છોકરી માટે શાળામાં જોઈએ જ નહિ. હજી કહું છું સાચું બોલી જા" વિગેરે, રાજુને આ ધમકીની આ વાંટાની કંઈ અસર નથી એતો ન બોલવાનો નિશ્ચય કરીને સ્થિર ઉભી જ રહી છે. અચાનક એણે ઉંચે જોયું તો આ શું! સ્મિતાબેન સામેથી આવી રહ્યાં છે.

ઓફીસમાં પેસતા જ સ્મિતાબેને રાજુની સામે જોયું અને એમની અસલ રીતે તેની સામું મીઠું હસ્યા અને એના ખભે હાથ મૂકતાં મૂકતાં જ આચાર્યાશ્રી ને પૂછ્યું. "બોલો બહેન રાજુના વાલીને કેમ બોલાવવા પડયા છે?" એમના સવાલનો જવાબ અપાય તે પહેલાં તો રાજુ જ સ્મિતાબેનના ખભે માંથુ મુકી રડતાં રડતાં બોલવા લાગી "મને આવડતું નહોતું યાદ રહેતું નહોતુ તેથી મે બાજુની છોકરીનું પેપર લઈને તેનામાંથી ઉતારો કર્યો છે આ લોકો મને શાળામાંથી ઘેર કાઢી મુકે છે. અને ઘેર તો બધાંજ મને મારવાનાં છે. પણ દીદી તમે મને નહિ કાઢી મૂકોને! ફરી આવુ કામ હું કદી નહીં કરૂ તમે મારાથી નારાજ નહી થઈ જાવને!" રાજુને આમ રડતી રડતી બોલતી જોઈને આચાર્યાશ્રી તો દિગમૂઢ બની ગયાં! આ શું કહેવાય! કદી ન રડતી રાજુ આજે રડે છે! કલાકથી જે ભૂલ કબુલ

કરાવવા અમે મથીએ છીએ તે ભુલનો એકરાર રાજુ પોતે જ કરે છે ? માન્યામાં ન આવે તેવી જ તો આ વાત છે ?

આખીયે પરિસ્થિતિ ક્ષણવારમાં સમજીને સ્મિતાબેને રાજુને કહ્યું, "મારી ગાંડી રાજુ તને લેવા તો હું આવી છું! જરા બહાર બેસ, પછી આપણે જઈએ". રાજુને બહાર મોકલી તેમણે આચાર્યા શ્રી ને કહ્યું, "બાળક માત્ર પ્રેમનું ભૂખ્યું હોય છે. એનું અંગત જીવન તમે જાણવા પ્રયાસ કર્યો હોત તો આજે રાજુ મારે બદલે તમારી પાસે એનું મન મોકળુ કરી શકી હોત માતા પિતાનો પ્રેમ જે બાળકને નથી મળતો તેઓ કંઈક અંશે અભ્યાસ તરફ બેધ્યાન બનવામાં વધારે મોખરે હોય છે અને ઘરમાં કે શાળામાં બાળકનું સ્વમાન વારંવાર ઘવાયા કરે તો તેના મનમાં વડીલો તરફ અને શિક્ષકો તરફ આદરને બદલે અનાદરની વૃતિજ વધારેને વધારે જોર પકડતી જાય છે વાંક હોય તો જરૂર લડવુ જોઈએ પરીક્ષામાં કોપી કરે તે યોગ્ય તો નથી તે માટે એને યોગ્ય શિક્ષા કરવી જ જોઈએ પણ આખા વર્ષ દરમિયાન તમે કયારેય પણ રાજુના મનની મુઝવણ પામવા પ્રયાસ કર્યો છે ખરો ? સાથે જ એને માની ખોટ એના જીવનમાં સાલે છે. મા સિવાય બીજુ કોઈ બાળકને પ્યાર કરે જ નહિ એમ એ માને છે, એ માન્યતા ધીમે ધીમે દૂર કરવા હું મથી રહી છુ તમે પણ મને સાથ આપશો તો કોમળ બાળકનું જીવન વેડફાઈ જતુ અટકાવી શકીશું. જાહેરમાં જ્યારે જ્યારે સ્વમાન ઘવાય એવી પરીસ્થિતીમાંથી પસાર થવુ પડે ત્યારે તેને મોટો માનિસક ફટકો પડી જાય છે. સ્મિતાબેન રાજુની સાથે જવા લાગ્યાં. એમને બન્ને ને જતાં જોઈ રહેલાં આચાર્યાશ્રીના મનમાં "બાળકો સ્વમાની હોય છે, બાળકો પ્રેમના ભૂખ્યા હોય છે અને ઓતો રાજુ છે" એ વાકય વારંવાર રમ્યા કરતું હતું.

—અસ્તુ



"વરોળીયાનો વા"

મોહનલાલ કે. પટેલ
નાગપુર

સવારના પહોરમાં ચાર વાગ્યે ગામના ઘણાંખરાં ઘરોમાં ઘંટીના અવાજ સંભળાવા લાગ્યા ક્યાંકક્યાંકથી મીઠાશ ભરેલા ગળાંના સુર, પરોઢીએ સંભળાતા હતા. – ગોકુલમાં કરશન ગ્યાતા હો રા.. જ. કાન ગોપી રાસડે રમ્યા રે લોલ...... નિરવ શાંતિથી ઘેરાયેલા બીજા ઓરડાઓમાં પણ હલચલ ચાલુ થઇ હતી અને ગૃહિણીઓ ઘરકામે વળગી ગઇ હતી

આજ વિરાના હૈડામાં હરખ માતો નો'તો ગામનો માનીતો આ વિરો વિર હતો. ગામના મુખીની કન્યાને કુવામાંથી જીવતી કાઢયા પછી વિરો ઘરઘરમાં નાનાં મોટાંની આંખમાં રમવા લાગ્યો. પણ ગામની જુવાન છોડીયુંની આંખ્યુંમાં અટકવા પણ લાગ્યો. દિ'રાત આંખુના ડોળામાં વિરાને જ રમાડતી. આમ તો વિરો પરણેલો હતો નાનપણમાં જ માબાપને ખોઇ બેઠો. ગામની ગાયો-ભેંસોને ચારી, કાળી મજુરી કરી માંડ બે રોટલા ભેળો થયો. અને ઉપરનો બનાવ બન્યા પછી એ પરણ્યો, ખેતર મળ્યું એટલે ઓરડા ભેગો થયો. ખેતર મળવાથી એને ખેતી કરવાનો વિચાર થયો.

આજ હળ જોડવાનો પહેલો દિવસ હતો. વિરો વે'લો ઉઠી, પરવારી રૂપાને કહ્યું, "અલી, ભાતું બાંધીને તૈયાર રાખ્ય, અબઘડી નિકળવું સે.

"પેલાં પુરા તો પરવારી લ્યો, ત્યાં સુધીમાં હું કંકુ ચોખા થાળીમાં સરાવી લઉ" ભલે ભલે કહેતો વિરો કામે વળગ્યો. બળદીયા હાંકી મોડીયો લઈ આંગણામાં આવ્યો. ત્યાં દાદા પટેલ ભેગો વાતે વળગ્યો, ત્યાં બીજી હાકલ પડી –"એ હાલો શિરામણ કરી લ્યો." 'જા બા જા' કહેતા દાદા પટેલ જંગલ તરફ ગયા.

રૂપા કેટલા દન પછી ઘઉંનો રોટલો ખાઉ છું. એમ બોલતો જાય અને કોળીયા ભરતો જાય. આ વિરાની ચેંગડ હાંભળી રૂપા ચીડાતાં બોલી 'રે'વા દ્યો, વધારે બોલશો તો બળેલા રોટલા ખાવા પડશે" અને પાણીઆરે જઇ ઉભી. 'તે' ખાધું, 'ના' એમ, પેલાં તમે ખાઇ લ્યો પછી હું, કહેતા રૂપા કંકુ ચોખાની થાળીમાં ઉથલ પાથલ કરવા માંડી.

વિરો જમીને સીધો બળદ પાસે પહોંચ્યો અને રાસ બાંધી બારણે આવ્યો સામેથી થાળીમાં ઝગમગતો દિવો લઇ આવતી રૂપાને જોઇ વિચારે ચડયો કે, "રૂપા આવડુ બધુ રૂપ ક્યાંથી લાવી હશે !"

રૂપાએ બળદ તથા વિરાને ચાંલ્લો કરી ચોખાથી પોંખ્યા અને ટચા...ક કરતાંક દસે દશ આંગળીયુંના ફટાકડા ફોડી ઓવારણા લીધા. એક એક ગોળની કાંકરી બળદને ખવરાવી. પોંખણાંનો ક્રમ ચાલ્યો ત્યાં સુધી વિરાને કાંઇપણ ખ્યાલ જ ન હતો.

રૂપાના 'જાઓ' શબ્દેજ વિરો માંડયો હાલવા. ગામની બહાર નીકળતાં જ મૂરતમાં દિશા જંગલથી પાછા ફરેલા દાદા પટેલ સામા આવ્યા. પટેલના હોઠ ફરકયા "મારૂં સૌયું ભારે ખંતીલું હો"

અર્ધો દિ માથે આવી ગયો હતો. વિરાને એક વિચાર આવતો હતો કે હજી રૂપા કેમ ન આવી. ત્યાંજ સામેથી રૂપાને આવતી દીઠી એટલે વિરો બમણા વેગથી બળદ હાંકવા લાગ્યો. રૂપા અને વિરો બન્ને શેઢામાં ઉભેલા બાવળીયાના ઠંડા છાંયડા નીચે આવ્યાં. વિરો બળદને છોડી હાથ ધોવા માંડયો. શેઢાવાળા ખેતરમાં રૂપા તરફ જોઇ રહેલો સોમુભા બોલ્યો, "કાં વિરીયા વે'લી ભૂખ લાગી"

વિરાએ જવાબ ન વાળ્યો અને પલાંઠી વાળી બેઠો. રૂપા થાકેલા વિરાને પ્રેમથી જમાડતી હતી. આ સારસ બેલડીને જોઈ સોમુભા મનમાંને મનમાં સળગી મરતો હતો. એ ખેતર ધણી સોમુભા વિરાને ઉથલાવી રૂપાના દેહની હુંફ સેવવાના સોણલાં જોતો હતો.

એક ખેતરમાં સારા શુકન જોઇને ખેડાણ થતું હતું ત્યારે બીજા ખેતરમાં સોમુભાએ ઇર્ષાના મોલને તૈયાર કરી લીધો હતો અંતે ખેતર વચ્ચે ઉભો રહી સોમુભા મનમાં બબડયો "વિરીયા, હસી, રમીલે. પેટ ભરી જમી લે, રૂપા સાથે જેટલી વાતો કરવી હોય એટલી કરી લે પણ ઢળતો સુરજ મારો છે"

વિરો જમી હાથનું ઓશીકું બનાવી આડે પડખે પડયો. રૂપા વાસણ ધોઇ વિરાના વાળમાં આંગળીઓ ફેરવી અનેરો આનંદ આપવા માંડી. ત્યાંજ દાનવની જેમ મોઢું ખુલું હોય એમ વંટોળીઓ પસાર થયો. વંટોળીયાના વાથી રૂપાના પહેરણ ઉડવા લાગ્યા. આ જોઇ સોમુભાની મે'લી આંખોમાં રતાશ ફેલાવા લાગી. રૂપા વંટોળીયાને ગાળો ભાંડતાં બોલી, તું તો મારો ભવભવનો વેરી છો, ફુટમુઆ

સુરજ મા'રાજ ઠૂબુંઠૂબું થઇ રહ્યા હતા. વિરો બળદો છોડી ઘરે જવાની તૈયારી કરતો હતો. રૂપા શેઢામાંથી ગમેલાં ભરી ખેતરના નીચાણવાળા ભાગમાં કાંપ નાખતી હતી. વે'લી આવજે કહેતો વીરો ખેતરમાંથી નીકળી ગયો. ગમેલું ઉપાડતાં રૂપાનો હાથ લથડયો અને કાંપ ઉડયો. રૂપાને વંટોળીયો યાદ આવ્યો અને સે'જે બોલી ઉઠી, મારો પીટયો વંટોળીયો, મર મર્યે. પણ રૂપાને કયાં ખબર હતી કે સોમુભા વંટોળીયાની જેમજ ગીધ દ્રષ્ટિથી જોતો ઉભો હતો.

માણસ ન ઓળખી શકાય એવુ અંધારું થઈ ગયું હતું. રૂપા કામ બંધ કરી કશાક કામ માટે ખેતરના શેઢા

પરના શુવેર પાછળ ગઈ સોમુભાને લાગ મળ્યો અને એ પણ પાછળ સરકી ગયો.

ખેતરોના વિશાળ પટમાં ફેલાયેલા કાળા ડિબાંગ અંધારામાં એક ઓળો ઝડપભેર આગળ વધતો હતો. ખભા ઉપર કશુંક વજન હોય એમ લાગતું હતું. એ વ્યક્તિ હાંફતી હતી. ગામથી ઘણે છેટે એક ઊંડી માટીની ખાણ હતી ત્યાં એ ઓળો થોભ્યો. ખભાપરની વસ્તુ નીચે રાખી અને પોતે કમર પર હાથ રાખી ઉભો રહ્યો.

એ ઓળો વાંકો વળી કશુક છોડવા માંડયો. હરામખોર, જનાવર, નિચ, પાપી, કાળમુખા, મોહું ખૂલતાં જ રૂપા ભાંડવા માંડી ત્યાં તો રૂપાના ગાલ પર એક હથોડા જેવી થપાટ પડી. રૂપા તો "કોણ છે તું મારા રોયા મવાલી" રડતાં રૂપા બોલી. "હું તારો બીજો ધણી સોમુ. સોમુભા આગળ બોલે તે પહેલાં રૂપાએ બળ કરી સોમલાને થપાટ ચોડી દીધી. રૂપા ઉભી થઇ પવન એના અંગપરનાં કપડાંને અસ્તવ્યસ્ત કરતો હતો. સોમલો હડકાયા કૂતરાની જેમ રુપા સાથે ગેન ચાળા કરવા માંડયો રૂપા ભાગી પણ ભાગે કયાં સુધી સોમલાએ એના પગ પકડી નીચે પછાડી, ખેચવા માંડયો. રૂપાને ઢસડી માટીના ભોંયરામાં લઈ ગયો

એક તો નિર્જન વગડો, બીજો બળીયો સોમલો, સોમલાએ બળ વાપરી રૂપાનાં હાથ બાંધી દીધા સાડીથીજ રૂપાનું મોં બંધ કર્યું. રૂપાં તો નિર્જીવ માછલીની જેમ દેખાતી હતી. બીચારી એ કરી પણ શું શકે? એનો દેહ અભડાણો, રૂપાંનું બધુંજ લુટાઇ ગયું.

સોમલો તો અંધારામાં કયાંય અલોપ થઇ ગયો હતો. બસ તમરાના નાદ, પવનના સૂસવાટા અને રાત્રીનો રણકાર જાણે રૂપાંને ધીરજ આપી રહ્યો હોય એમ સંભળાવા લાગ્યો. શું મોઢું લઇને રૂપાં વિરાને મળે? આખરે રૂપાં તો હાદા પટેલના કુવાના થાળે આવીને ઉભી અને આંખમાં આંસુને ચહેરા ઉપર હસી તથા ઉદાસી બસ નિર્જીવ મૂર્તિ જેવી રૂપાં એજ પળે રૂપાં કૂવામાં કૂદી પડી અને તે વખતે જ વિરાનો અવાજ સંભળાયો. રૂ...પાં પતિની હાકલનો જવાબ દેવાય ન રોકાણી અને જવાબ કેમ કરીને આપત.

કશુંક પાણીમાં પડવાનો અવાજ સાંભળી વિરો દોડતો દોડતો કૂવા પાસે આવ્યો અંધારૂ થતાં રૂપાં હજી ઘેર ન આવવાથી બહાવરો બનેલ વિરો વિચારે ચડયો કે કદાચ રૂપાં તો કૂવાનાં ના...ના કદાચ ભીંતનો પાણો પડયો હશે એ વિચારી પાછો ઘેર વળ્યો.

ઘેર આવ્યો પણ રૂપાં હજી આવી ન હોતી વિરાને એકદમ ફાસકો પડયો અને કુવાનો અવાજ યાદ આવ્યો. ગામમાં દશબાર જણાને ભેગા કરી ફાનસ લઇ કુવા પાસે આવ્યો કુવાની

★ ★

ભાગ કાઢી ફાનસના અજવામાં રૂપાંની લાશ વિરાને ઓળખાણી "મારી રૂપાં કહેતો વિરો રડમશ થઈ ગયો. થોડી-વાર પછી રૂપાંનો નિર્જીવ દેહ બહાર કાઢવામાં આવ્યો.

મસાણમાં રૂપાંની ચેહને આગ ચાંપતાં વિરો રડી પડયો. બાજુમાં ઉભેલા સોમુએ વિરાને કહ્યુ વિરા, ભગવાનને જે સારૂ લાગે છે તેવું કરે છે. એમાં આપણે મનેખ શું કરી શકીયે" ધ્રુજતા હાથે અને રડતા હૃદયે વિરાએ આગ ચાંપી. પવન જોરથી ફુંકાવા માંડયો. ચેહ ભડકે બળવા લાગી પવન એમ ફુંકાતો હતો કે જાણે ચેહની અસહ્ય ગરમીથી રૂપાંના દેહને માટે વિંઝણો બન્યો હોય.

માણસો બધાં ગામના ઝાંપામાં આવી ગયાં હતાં દૂર...દૂર...દૂર... રૂપાંની ચેહ બળતી હતી. આખી ધરતી અંધારપટમાં ડુબેલી હતી. ખાલી રૂપાંની ભડકે બળતી ચેહ એ અંધકારમાં ચમકતી હતી. કયારેક કયારેક ચેહના ભડકા આમતેમ લપાટા મારતા હતા. "વંટોળીયાના વા" થી. ★

સમાચાર વિભાગ

તા. ૩ ૨–૭૩ શનિવારના દિને શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત,) ધનસુરા સંચાલિત શ્રી ક પા સ. સ. વિદ્યાર્થી ભવનમાં એક વકતૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેનું પ્રમુખ સ્થાન નેશનલ ટાયર્સ ધનસુરાના માલિક શ્રી પ્રેમજીભાઈના પિતાશ્રી અખેરામબાપાને આપવામાં આવ્યું હતું. તેઓશ્રીને વિદ્યાર્થીઓની આવી પ્રવૃત્તિમાં રસ હોઇ રૂા. ૫૧–૦૦ વિદ્યાર્થીઓને ઈનામ રૂપે આપ્યા હતા. ઉપર્યુક્ત કાર્યક્રમમાં સમાજના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તેમજ અન્ય અગ્રણી કાર્યકરોએ હાજર રહી વિદ્યાર્થીઓના કાર્યને બિરદાવ્યું હતું. સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબરે આવનાર વિદ્યાર્થીઓ અનુક્રમે (૧) રમણલાલ કાનજીભાઈ પટેલ [રવિપુરા] (૨) મોહનલાલ રતનસી પટેલ [રાણાઘાટ] (૩) ચીમનલાલ હરજીભાઈ પટેલ [કૃષ્ણપુરા] હતા

તા. ૨૬–૧–૭૩ (પ્રજાસત્તાક દિને) શ્રી ક. પા. સ. સ. વિદ્યાર્થી ભવનમાં ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ધ્વજવંદન 'જાગૃતિ' માસિકના તંત્રી તેમજ અનુપમ પ્રિ. પ્રેસધનસુરાના માલિક શ્રી કાન્તિલાલ કે. પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. યુવાનોએ દેશને કટોકટીને પ્રસંગે મદદરૂપ બનવું જોઇએ તે અંગે પ્રેરક વક્તવ્ય ટૂંકમાં રજુ કર્યું હતું.

★ ★

લક્ષ્મી ટોકીઝ–ધનસુરા ઉદ્ઘાટન સમારંભ

★ ગત તા ૨૧–૧–૭૩ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે સાબરકાંઠા જિલ્લાના વયોવૃધ્ધ કાર્યકર શ્રી ચુનીકાકાના વરદ્હસ્તે લક્ષ્મી ટોકીઝનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

આ પ્રસંગે પ્રમુખસ્થાન અને ધનસુરાના વતની સાબરકાંઠા જિલ્લાના શાસકપક્ષના આગેવાન શ્રી વાડીલાલ પી મહેતાએ શોભાવ્યું હતું તેમજ અતિથીવિશેષનું સ્થાન અત્રે રાયણનામાળ કંપાના વતની તેમજ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના અગ્રણી, શ્રી વાલજીભાઈ કાનજીભાઈ પટેલે શોભાવ્યું હતું.

સીનેમાના માલિકો તરફથી મુ. શ્રી ખેતાભાઈ જેઠાભાઈ પટેલ, કલકત્તાવાળાએ પ્રથમ શોની આવકનો રૂા. ૫૫૬/– નો ચેક દુષ્કાળ રાહત ફંડ માટે અર્પણ કર્યો હતો.

ઉપરાંત શ્રી વાડીલાલ પી. મહેતા, શ્રી ચીમનલાલ સી. શાહ, હાઈસ્કૂલના આચાર્ય શ્રી ભાનુપ્રસાદ એસ. પંડયા, તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ. પટેલ, શ્રી ચુનીકાકા વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં.

મહેમાનોને ફુલહાર વિધિ સિનેમાના ભાગીદાર શ્રી કરશનભાઈ એમ. પટેલે તેમજ આભારવિધિ ભાગીદાર શ્રી અર્જુનભાઈ વી. પટેલ એદલપુરાકંપા વાળાએ કરી હતી.

ત્યાર બાદ અલ્પાહાર પછી સમારંભ પૂરો થયો હતો

● તા. ૨૧–૧–૭૩ના દિને સાબરકાંઠા જિલ્લા માધ્યમિક આચાર્ય મંડળ દ્વારા વકતૃત્વસ્પર્ધા તેમજ નિબંધસ્પર્ધા શ્રી જે. એસ. મહેતા હાઈસ્કૂલ, ધનસુરા મુકામે યોજવામાં આવી હતી. જેમાં જિલ્લાની મોટાભાગની શાળાઓના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

તેમાં નિબંધ સ્પર્ધામાં ઈશ્વરલાલ ગંગારામ પટેલ (ધો.–૧૦) (રાજપુરકંપા) પ્રથમ નંબર મેળવી શેઠ શ્રી ડુંગરદાસ લલ્લુરામ શાહ વિજયપદ્મ જીતી ગયા છે છે. અને શ્રી જે. એસ. મહેતા હાઈસ્કૂલનું તેમજ આપણા ક પા. સ. સ. વિદ્યાર્થીભવનનું ગૌરવ વધાર્યું છે.

● વકતૃત્વસ્પર્ધામાં નરેન્દ્રકુમાર વાડીલાલ પટેલ (ધો –૧૦) જિલ્લામાં પ્રથમ આવી શેઠશ્રી સોમાલાલ કસ્તુરચંદ શાહ વિજયપદ્મ જીતી ગયા છે. તેમણે પણ શ્રી જે. એસ. મહેતા હાઈસ્કૂલ અને ક. પા સ. સ. વિદ્યાર્થીભવનની શાન વધારી છે.

★ ★

દવાખાનાનું ઉદ્‌ઘાટન

ગત તા. ૪-૨-૭૩ ના રોજ બદામકંપા નિવાસી ડૉ. બહેચરભાઈ આ[illegible] પટેલના દવાખાનાનું હડમતિયા કંપામાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

ઉપરોક્ત પ્રસંગે ઉદ્‌ઘાટક તરીકે પોગલુંના વતની અને 'સર્વોદય સર્જી[illegible] હૉસ્પિટલ' હિંમતનગરના ડૉ. ચીમનભાઈ એસ. પટેલ, પ્રમુખ તરીકે કંપાની ગ્રામ પંચાયતના સરપંચ શ્રી વેલજીભાઇ પી. પટેલ તેમજ અતિથિવિશેષ તરીકે બિલે[illegible] મહાદેવથી સ્વામી શ્રી પૂર્ણાનંદજી મહારાજ પધાર્યા હતા.

સદર પ્રસંગે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના મંત્રી શ્રી નાનજીભાઈ કે. પટેલ, સમાજના અગ્રણી શ્રી વેલજીભાઈ ભાણજીભાઇ પટેલ તલોદ સાયન્સ-કૉલેજના પ્રિન્સિપાલ તેમજ યુવાન અગ્રાણી કાર્યકર શ્રી રતિલાલ એલ પટેલ, તલોદ કૉલેજના સાયન્સ ફેકલ્ટીના સ્ટાફ મેમ્બર્સ, તલોદના જાણીતા શ્રોફ શ્રી ઠાકોરભાઈ, ડૉક્ટર શ્રી બી. કે. શાહ, ધનસુરાના ડૉ. સુરેશભાઇ તેમજ કોકીલાબેન સોની, વિદ્યાર્થી ભવનના ગૃહપતિ શ્રી વાડીભાઈ કે. પટેલ કન્યાછાત્રાલયનાં ગૃહમાતા શ્રી સાવિત્રીબેન વેલાણી, જાગૃતિ માસિકના તંત્રી શ્રી કાન્તિલાલ કે. પટેલ, ગામના આગેવાન શ્રી પ્રેમજીભાઈ પટેલ, શ્રી નાથાલાલ ડી. પટેલ, બદામકંપા નિવાસી શ્રી ગંગારામ એન. પટેલ વગેરે વક્તાઓએ પોતાના વક્તવ્ય દરમિયાન ડૉક્ટરના ભાવિજીવનની ઉજ્વળતા માટે તેમજ હડમતિયા અને આજુબાજુની જનતાનો સહકાર મળી રહે તે માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

ઉપરોક્ત પ્રસંગે માઇક સંભાળવાની કાર્યવાહી તેજ કંપાના વતની, હાઇસ્કુલના શિક્ષક શ્રી આર. આઇ. પટેલે કરી હતી.

નવા દવાખાનાના ઉદ્‌ઘાટન પ્રસંગે ગ્રામ્યજનો તેમજ આજુબાજુથી આવનાર જનતામાં ઉત્સાહ અને આનંદની લાગણીઓ વરતાતી હતી.

અંતમાં ડૉ. શ્રી બી. આર. પટેલે આમંત્રિત મહેમાનોનો તેમજ ગ્રામ્યજનતાનો આભાર માન્યો હતો.

★ સંજોગોવસાત કલકત્તા નવચેતન પાટીદાર યુવક મંડળ દ્વારા બોલાવવામાં આવેલ "યુવક સંમેલન" વિશેના સમાચારો આ અંકમાં મૂકી શકાયા નથી. આગામી અંકમાં મૂકવામાં આવશે તેની વાચક વર્ગ નોંધ લે. —તંત્રી

'જાગૃતિ' માસિકના કેટલાક ગ્રાહકોનાં '૭૨ની સાલનાં લવાજમો પણ બાકી છે. તો સત્વરે તે ભરી દે અને સાથે સાથે ગ્રાહક તરીકે ચાલુ રહેવું હોય તો' ૭૩ની સાલનું લવાજમ પણ અવશ્ય મોકલાવી આપી ગ્રાહક વર્ગ સહકાર આપશે એવી અભિલાષા.

★ ★

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ વિદ્યાર્થી ભવન

મો ડા સા.

સાબરકાંઠા જિલ્લામાં મોડાસા એક મોટું ગામ છે. જ્યાં ઉચ્ચશિક્ષણ માટે આર્ટસ, સાયન્સ, કોમર્સ, બી. એડ્., આઇ ટી. આઈ. વગેરે કોલેજો છે. આવા કેન્દ્રસ્થાને કચ્છ કડવા પાટીદાર સમાજને વિદ્યાર્થીભવનની જરૂર જણાતાં એ વિસ્તારના કેટલાક ભાઈઓએ મળીને રૂા. ૨૨૫૦૦/–માં એકર ૧–૭ ગુંઠા જમીન થોડા સમય પહેલાં જ ખરીદી લઇ એક વ્યવસ્થાપક કમિટીની નિમણુંક પણકરેલી છે. જેના પ્રમુખ તરીકે મડાસણુ કંપાના વતની અને મોડાસા વિભાગના સમાજના આગેવાન કાર્યકર શ્રી ખીમજીભાઈ પ્રેમજીભાઈ પટેલની નિમણુંક કરેલી છે.

ગઇ તા. ૨૪–૧–૭૩ના રોજ સદર વ્યવસ્થાપક કમિટીની તેમજ આજુબાજુના કેટલાક કાર્યકરોની મળેલી માટીંગમાં આ સંસ્થાને રૂા. ૩૧૦૦૦/–નું દાન આપનાર દાતાના નામથી સાંકળી લેવાનું નક્કી થયું. ઉપરાંત આ સંસ્થાની કુલ ૩૬ રૂમો બાંધવાની છે તેમાં નીચેની રૂમો માટે રૂા. ૫૦૦૧/– અને ઉપરની રૂમો માટે રૂા. ૪૦૦૧/– રૂમ દીઠ આપે તેમના નામની રૂમો ઉપર તકતીઓ લગાવવી એમ પણ નક્કી થયું.

ઉપરોક્ત જાહેરાત થતાંની સાથે શ્રી ખીમજીભાઈ પ્રેમજીભાઈએ રૂા. ૩૧૦૦૦/– આપવાની જાહેરાત કરી હતી તેથી આ સંસ્થા શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત શ્રીયુત ખીમજીભાઈ પ્રેમજીભાઈ – મડાસણા કંપા વિદ્યાર્થી ભવન બને છે ઉપરાંત રૂમો માટે નીચે મુજબનું દાન આપવામાં આવ્યું છે.

(૧)	પટેલ કરમસીભાઈ પેથાભાઈ	રૂા ૫૦૦૧	આનંદપુરાકંપા
(૨)	,, અરજણભાઈ ભીમજીભાઈ	રૂા. ૫૦૦૧	લીંબોઇકંપા
(૩)	,, લક્ષ્મણભાઈ લધાભાઈ	રૂા. ૫૦૦૧	,,
(૪)	,, હરીભાઇ લાલજીભાઈ	રૂા. ૫૦૦૧	શીવપુરાકંપા
(૫)	,, પ્રેમજીભાઈ કેશરાભાઈ	રૂા. ૫૦૦૧	મદાપુરકંપા
(૬)	,, નાનજીભાઈ મેઘજીભાઈ	રૂા. ૫૦૦૧	મહાદેવપુરાકંપા
(૭)	,, શામજીભાઈ અરજણભાઇ	રૂા. ૪૦૦૧	દેસાઈપુરાકંપા

ઉપરોક્ત સંસ્થાના બાંધકામની શરૂઆત થોડા સમયમાં જ હાથ ધરવામાં આવનાર છે.

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન, ધનસુરા.

★ આ સંસ્થામાં ધોરણ ૫ થી ૧૧ સુધી અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને રાખવામાં આવે છે. ધોરણ ૫ થી જ અહીં દાખલ થનાર વધુ પ્રગતિ સાધી શકે છે.

★ આ છાત્રાલય ધનસુરામાં તલોદ રોડ, પર શ્રી જે. એસ મહેતા હાઇસ્કૂલની બાજુમાંજ આવેલું છે જેથી સ્કૂલની પાસે જ છાત્રાલયનું સ્થાન હોવાથી છાત્રાલયનો વિદ્યાર્થી સમયનો પૂરો ઉપયોગ કરી શકે. છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તે માટે અભ્યાસને પૂરક પ્રવૃત્તિઓ તેમજ આધ્યત્મિક નૈતિક મૂલ્યો કેળવાય તેની પૂરતી કાળજી લેવામાં આવે છે છાત્રાલયમાં અલગ લાયબ્રેરી છે. જેનો લાભ, માનસિક ખોરાક માટે ઉપકારક છે. છાત્રાલયમાં અપાતો ખોરાક શુદ્ધ, સાત્વિક અને વિટામીનયુકત હોય છે. વિદ્યાર્થીને સવારમાં દૂધ, નાસ્તો બપોરે દાળ, ભાત, રોટલી શાક સાંજે ભાખરી, પૂરી, દૂધ શાક આપવામાં આવે છે ચોખ્ખું દૂધ અને ઘી એ ખોરાકની વિશિષ્ટતા છે. મહિનામાં એક વખત ફિસ્ટ આપવામાં આવે છે. અનાજ વગેરેની ખરીદીમાં ખૂબજ ધ્યાન રાખવામાં આવે છે છાત્રાલયના વિદ્યાર્થીને ખોરાક સારો મળે તેમજ ખર્ચનું પ્રમાણ માપસર રહે તે માટે શ્રી કડવા પાટીદાર સનાતન સમાજની કારોબારીના તમામ સભ્યો ખૂબ જ સજાગ અને સક્રીય છે. વિદ્યાર્થીઓનું જીવન ઘડતર ઉત્તમ રીતે થાય અને તેનું ભાવિ ઉજ્વળ બને તે માટે સમાજના પ્રમુખશ્રી તેમજ અન્ય સભ્યશ્રીઓ હરહંમેશ પ્રયાસો કરતા રહે છે. છાત્રાલયનાં અન્ય નવાં કામ માટે નાણાંની જરૂર પડે તો તે માટે નાણાંકીય સહાય આપવા તેમજ ઉઘરાવવા પ્રયત્નો કરે છે. હમણાં હમણાં પાણીની તંગી અંગે જે મુશ્કેલી હતી તેનો પ્રશ્ન હલ કરવા માટે પણ પ્રયાસો કરી પાણીની ટાંકી બનાવી દીધી છે અને કુવાના ખોદકામ અંગે પણ યોજના કરી દીધી છે. જેથી હવેથી પાણીની મૂશ્કેલીનો ટુંક સમયમાં અંત આવશે

★ આમ સમગ્ર પણે વિચારતાં આ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરનાર વિદ્યાર્થીને પોતાનું ભાવિ સુધારવાનો પૂરો અવકાશ છે.

★ આ છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉત્તમ પરિણામો લાવે છે. છેલ્લાં પાંચ સાત વર્ષથી ૯૦ થી ૯૫ ટકાની આસપાસ પરિણામ ટકી રહ્યું છે એસ. એસ. સી. ના વિદ્યાર્થીઓ તો મોખરાનું સ્થાન જ રાખે છે.

★ વળી અન્ય પ્રવૃત્તિઓમાં પણ આ જ છાત્રો વિકાસશીલ રહી હાઇસ્કૂલને પ્રગતિશીલ બનાવવામાં નોંધપાત્ર હિસ્સો આપે છે.

★ ★

★ વળી છાત્રોને જે હાઈસ્કુલમાં અભ્યાસ કરવો પડે છે તે શ્રી જે. એસ. મહેતા હાઈસ્કૂલ જિલ્લામાં ગણાતી પ્રગતિશીલ સ્કૂલોમાંની એક છે. જેના આચાર્યશ્રી ભાનુપ્રસાદ એસ. પંડયા (M.A; M Ed.) એક વિદ્વાન વ્યકિત છે અને હાઇસ્કુલને શૈક્ષણિક તેમજ શિક્ષણેત્તર પ્રવૃત્તિઓથી ધમધમતી રાખવાની નોંધપાત્ર લાયકાત ધરાવે છે. વળી શાળાનો સ્ટાફ વધુ અનુભવી તેમજ લાયકાતયુકત હોઇ તેનો લાભ સ્કુલને મળે છે. અને આ સ્કૂલની જવાબદારી છે. તે ધનસુરા કેળવણી મંડળના અગ્રણીઓ મંત્રીશ્રીઓ તેમજ અન્ય કાર્યકરો અત્યંત કાર્યશીલ રહી સ્કૂલ પ્રગતિ કરે તે માટે ખૂબ રસ લે છે વળી ગયે વર્ષે આ સ્કુલના વિદ્યાર્થી ભાવસાર વસંતકુમાર ગોપાલદાસ ગુજરાત એસ. એસ. સી બોર્ડમાં ૯ મા નંબરે પાસ થઈ પ્રતિષ્ઠા વધારી છે. ઉપરાંત હાઇસ્કૂલના શિક્ષક શ્રી બાબુભાઇ પટેલને નેશનલ એવોર્ડ એનાયત થયો છે હાઇસ્કૂલનું સદ્દનસીબ છે કે આવા ઉત્સાહી તેમજ નિપુણ શિક્ષકો તેને સાંપડયા છે.

આ રીતે કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન, ધનસુરામાં રહીને જીવનઘડતર કરનાર છાત્ર ઘણું પ્રાપ્ત કરે છે. તે આપણા સમાજ માટે આશાનું એક કિરણ છે, ભાવિ પેઢીને ઉજ્જવળ બનાવવા માટે આપણો સમાજ–યુવક મંડળ તેમજ વડીલ મંડળ બંને એકરૂપ થઈ ખૂબ સમગ્ર પણે પ્રયત્નશીલ છે.

—સંપાદકીય

ખેડુત સમાજ શા માટે?

(૧) ખેડુતને આઝાદ બનાવવા માટે ?
(૨) ખેડુતની આર્થિક આબાદી માટે ?
(૩) કાયદાની ચુંગાલમાંથી બચાવવા માટે ?
(૪) મુંઝવણો અને મુશ્કેલીઓમાંથી પાર ઉતારવા માટે ?
(૫) સ્વમાન ભેર જીવવા માટે ?
(૬) દેશના બીજા નાગરીકોની હરોળમાં આવવા માટે ?
(૭) ખેડુતોની થતી અવગણના દૂર કરવા માટે ?
(૮) ખેડુતોની ન્યાયી માંગણીઓની લડત માટે ?

ખેડુતોની સંગઠન શકિત એજ મુંઝવણો અને મુશ્કેલીઓમાંથી પાર ઉતરવાનું સાધન છે. જેથી તમામ ખેડુત ભાઈઓ ગુજરાત ખેડૂત સમાજના સભ્યો બનો અને સંગઠીત થઇ તમામ અવરોધક પરીબળો સામે–તમારો અવાજ ઉઠાવો

સહમંત્રી : ગુજરાત ખેડૂત સમાજ

લી. **નારણભાઈ એસ. પટેલ** (માજી. ધારાસભ્ય)

શ્રી પાટીદાર યુવક મંડળ–સાગર (મ. પ્ર.)

શ્રી પાટીદાર યુવક મંડળ દ્વારા ગણતંત્ર દિવસ અને સાગર સંભાગીય દિવસના એક સાંસ્કૃતિક ઉપલક્ષમાં કાર્યક્રમ શ્રી પટેલ સોમીલમાં હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં હાઇસ્કૂલ અને યુનીવર્સીટીના વિદ્યાર્થી ભાઈ બહેનો તથા મંડળના અન્ય સદસ્યોએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું આયોજન નીચે મુજબ હતું.
(૧) લોકગીતો, રાષ્ટ્રગીતો (૨) નૃત્ય અને રાસ ગરબા (૩) એકાંકી નાટક
(૪) હાસ્યાત્મક કાર્યક્રમ

મંડળનો આ પ્રકારનો પ્રથમ પ્રયાસ તથા સમયનો અભાવ હોવા છતાં પણ કાર્યક્રમે સારી સફળતા મેળવી. વિશેષકર બલિકાઓનો કાર્યક્રમ આકર્ષક રહ્યો હતો અંતમાં સાગર સ્થિત આપણી સમાજના પ્રમુખ અને મંત્રીશ્રીએ યુવકોની સરાહના કરી હતી અને વધુમાં કહ્યું કે યુવક મંડળને આવા નાના નાના કાર્યક્રમોનું આયોજન કરી યુવકોમાં વિકાસ અને એકતા કેળવવી જોઇએ. વિશેષકર યુવકમંડળના મંત્રીશ્રી કેશવલાલ વી. પટેલ જેઓ સાગારમાં એ૧. એલ. બી. નો અભ્યાસ કરી રહ્યા છે ને ધન્યવાદ આપ્યા કે જેના પ્રયત્નથી કાર્યક્રમનું આયોજન અને સંચાલન કરવામાં આવ્યુ' હતું. અંતે વડીલશ્રી શિવજીબાપા તરફથી મિઠાઇ વિતરણ કરવામાં આવી હતી.

તા. ૨૮–૧–૭૩ના રોજે મંડળની કારોબારી સમિતિએ શ્રી અબજીભાઇ એન. પટેલના માનમાં માનપત્ર સમારોહ આયોજયો હતો હાલે તેઓ ઇન્દોર એમ. બી બી. એસમાં અભ્યાસ કરી રહ્યા છે.

મણીલાલ બી. પટેલ
ખેલકૂદ મંત્રી
વતી, શ્રી પા. યુ. મંડળ **સાગર**

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ વલ્લભ વિદ્યાનગર.

✻ સ્નેહ સંમેલન ✻

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ વિદ્યાનગર અને શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ આણંદનું સ્નેહસમેલન તા. ૧૭–૯ ૭૨ના રોજ શ્રી લક્ષ્મી સો મીલ, આણંદ મુકામે યોજવામાં આવ્યું હતું. આપણા સમાજના આણંદ અને વિદ્યાનગરમાં વસતા દરેક ઇચ્છુક ભાઇ બહેનોએ સંમેલનમાં હાજરી આપી હતી. સંમેલનના પ્રમુખ સ્થાને વડીલ શ્રી ખીમજીભાઈ વાલજીભાઈ પટેલ બીરાજ્યા હતા.

સંમેલનના પ્રમુખશ્રીએ કહ્યું હતું કે આપણે સૌ એકજ સમાજના સંતાનો છીએ. આપણા બધા વચ્ચે ભાઇચારો કેળવાય અને એક બીજાની વધુને વધુ સહાયરૂપ થઇને રહીએ તથા એક બીજાની મુશ્કેલીઓને સમજીને દુર કરવા મદદરૂપ થઇએ. વધુમાં વડીલ શ્રી ખીમજીભાઈ વાલજીભાઈ પટેલ (શ્રી અંબિકા વિજય સો મીલ, આણંદ) એ અમારા મંડળને પુસ્તકોની સહાય માટે રૂા. ૧૦૧ ભેટ આપ્યા છે. તે બદલ અમારૂ મંડળ તેમનું ખુબ ઋણી છે.

બાદમાં શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ, વિદ્યાનગરના અધ્યક્ષ શ્રી બાબુભાઈએ સંયુક્ત સંમેલન યોજ્યુ તે બદલ ખુબ આનંદ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે આપણુ બધા એક કુટુંબના સભ્યો તરીકે રહીને બંન્ને મંડળને અરસ પરસ મદદરૂપ થઈએ ત્યારબાદ મંડળના પ્રમુખશ્રી લક્ષ્મણભાઈએ મંડળના સભ્યોની ઓળખવિધી કરાવી હતી આણંદ સમાજના મંત્રીશ્રીએ આણંદમાં વસતા વડીલોની ઓળખાણ આપી હતી તેમણે બંને મંડળો એક થઇને ઉત્તરોત્તર પ્રગતિ સાધે તેવી આશા વ્યકત કરી હતી. મંડળના ઉપપ્રમુખશ્રી ધનજીભાઈએ જણાવ્યું કે આપણે વડીલોની છત્રછાયામાં રહીને પ્રગતિ કરીએ

ત્યારબાદ મંત્રીશ્રી હરીલાલે સંમેલનમાં હાજર રહેલાં સૌ ભાઇ બહેનોનો આભાર માન્યો હતો અને મંડળનો અહેવાલ રજુ કર્યો હતો અને અલ્પાહાર લીધા બાદ સભા વિસર્જન થઇ હતી.

અત્રે શ્રી દિલ્હી પાટીદાર સમાજના અગ્રણીય આગેવાન અને સમાજના માજી પ્રમુખ શ્રી હીરાલાલજેઠાભાઈ પટેલ (ગોભડી વાળા) નું તા. ૧૩ ૧-૭૩ના રોજ હૃદયરોગના હુમલાથી અચાનક અવસાન થવાથી અહિ સમાજને તથા તેમના કુટુંબીજનોને ઘણોજ આઘાત લાગ્યો છે.

સદ્‌ગતના આત્માને શાંતિ માટે શ્રી હીરાલાલ પટેલ એન્ડ કું માં શોકસભા તા. ૧૬-૧-૭૩ના રોજ રાખવામાં આવેલ અને તેમાં બે મિનિટનું મૌન રાખી સદ્‌ગતના આત્માને શ્રધ્ધાંજલિ અર્પિત કરવામાં આવેલ

સદ્‌ગત સ્વભાવે સરળ અને મિલનસાર હતા. અને હમેશાં સમાજના કાર્ય માટે તત્તપર રહેતા. તેમનાઅવસાનથી સમાજને તથા કુટુંબીજનોને ઘણીજ ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે અને કુટુંબીજનોને આઘાત સહન કરવાની શકિત અર્પે.

લી. કચ્છ કડવા પાટીદાર સમાજ દિલ્હી વતી,

મંત્રી,

ધનજીભાઈ હિરાલાલ પટેલ

શ્રી પાટીદાર મિત્ર-મંડળ—નાગપુર

શ્રી પાટીદાર મિત્રમંડળની વાર્ષિક ચુંટણી સભા તા. ૯–૧૧–૭૨ના રાત્રે ૮-૦૦ વાગ્યે શ્રીમાન રામજી કાનજી પટેલ (નાગલપર) ના પ્રમુખપદે મળેલ હતી જેમાં નીચે મુજબના હોદ્દેદારો સં. ૨૦૨૯ની કાર્યવાહક સમિતિ માટે બહુમતે ચુંટાયેલ જાહેર કરવામાં આવ્યા હતા.

(૧)	પ્રમુખ	: શ્રી જીવરાજ દેવસી પટેલ	વિથોણ
(૨)	ઉપ પ્રમુખ	: શ્રી રવીલાલ જશરાજ પટેલ (B. Com.)	નખત્રાણા
(૩)	મંત્રી	: શ્રી લધ્ધારામ હંસરાજભાઈ પટેલ (B. Com.)	કોટડા જડોદર
(૪)	સહમંત્રી	: શ્રી લાલજી સોમજી પટેલ	નખત્રાણા
(૫)	ખજાનચી	: શ્રી મુળજી ખીમજી પટેલ	,,
(૬)	ઓડીટર	: શ્રી હીરાલાલ દાલાલાલ પટેલ	નાગલપર
(૭)	,,	: શ્રી મનસુખલાલ રામજી પટેલ	,,
(૮)	સભ્ય	: શ્રી ગંગારામ વાલજી પટેલ	ગઢશીશા
(૯)	,,	: શ્રી વાલજી રવજી પટેલ	વીરાણી
(૧૦)	,,	: શ્રી મનસુખલાલ રવજી પટેલ	,,
(૧૧)	,,	: શ્રી કાન્તિલાલ વિરજી પટેલ	,,
(૧૨)	,,	: શ્રી મોહનલાલ અમરજી પટેલ	નાની અરલ
(૧૩)	,,	: શ્રી રતનસી જસરાજ પટેલ	કોટડા જડોદર

બીજું નાગપુર ગુજરાતી સમાજ દ્વારા આયોજીત રાસ ગરબા પ્રતિયોગીતા તા. ૨૩–૧૦–૭૨ના લગભગ ૫૦૦૦ ભાઈ બહેનોની હાજરીમાં કાર્યક્રમ થયેલ. ઘણા ગુજરાતી મંડળોએ આ પ્રતિયોગીતામાં ભાગ લીધેલ તેમાં અમારા મંડળે ઇનામમાં શીલ્ડ મેળવી નાગપુરના ગુજરાતી સમાજમાં શ્રી પાટીદાર સમાજ તેમજ શ્રી પાટીદાર મિત્રમંડળે નામના મેળવેલ છે તે ગૌરવની વાત છે. ગુજરાતી સમાજના ઘણા નામાંકીત ભાઈઓએ સ્વેચ્છાએ મેડલ પણ આપેલ છે.

ત્યારબાદ ચુંટણી–પ્રમુખ શ્રીમાન રામજીભાઈ કાનજીભાઈએ નવા હોદ્દેદારોને માર્ગદર્શન આપેલ અને શુભકામના ઇચ્છી હતી.

આમંત્રિત મહેમાન શ્રી કરસનભાઈ માવજીભાઈ જે શ્રી પાટીદાર યુવક મંડળના પ્રમુખ છે તેઓએ પણ માર્ગદર્શન આપતાં નવા હોદ્દેદારોની શુભ કામના ઇચ્છેલ.

અંતમાં મંડળના મંત્રીશ્રીએ આભાર વ્યક્ત કર્યો હતો. અને અલ્પાહાર બાદ સભા વિસર્જન થયેલ.

★ ★

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા

મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૨-૧૧-૭૨ને રવિવારના બપોરના ૩-૦૦ વાગ્યે મે. પ્રતાપ સો મીલમાં બોલાવવામાં આવેલ જેનું પ્રમુખસ્થાન મંડળના પ્રમુખશ્રી અખેરાજ પ્રેમજીએ ગ્રહણ કરેલ.

આ સભામાં નીચે મુજબ સં ૨૦૨૯ના કાર્યવાહક સમિતિના સભ્યો અને હોદ્દેદારો સર્વાનુમતે ચુંટવામાં આવેલ :—

૧. પ્રમુખ — શ્રી ખીમજીભાઈ લખમશીભાઈ
૨. ઉપપ્રમુખ — શ્રી રામજીભાઈ કરશનભાઈ
૩. મંત્રી — શ્રી અખેરાજભાઇ પ્રેમજીભાઈ B.A.
૪. સહમંત્રી — શ્રી વેલજીભાઈ હરજીભાઈ B. Com. (Hons.)
૫ કોષાધ્યક્ષ — શ્રી કેશવલાલ હંસરાજભાઈ B. Com.
૬. સહકોષાધ્યક્ષ — શ્રી જવાહરલાલ કરશનલાલ B. Com
૭. સભ્યશ્રી — શ્રી અખેરામ વાલજીભાઈ
૮. ,, શ્રી નારાયણભાઈ ભાણજીભાઇ
૯. ,, શ્રી દેવજીભાઇ વાલજીભાઈ
૧૦. ,, શ્રી લખમશીભાઇ નારણભાઈ
૧૧. ,, શ્રી વિશ્રાનભાઇ હંસરાજભાઈ
૧૨. ,, શ્રી જીવરાજભાઇ કરશનભાઈ
૧૩. ,, શ્રી બાબુલાલ નારણભાઇ
૧૪. ,, શ્રી અરજીભાઇ વિશ્રામભાઇ B. Com. (Hons.)
૧૫. ,, શ્રી નાનજીભાઇ પ્રેમજીભાઈ B. Com.
૧૬. ,, શ્રી વાલજીભાઈ કરશનભાઈ
૧૭. ,, શ્રી તુલસીદાસ કેસરાભાઈ
૧૮. ,, શ્રી ગોવિંદભાઈ વિશ્રામભાઇ
૧૯. ,, શ્રી છગનલાલ માવજીભાઈ
૨૦. ,, શ્રી ધનજીભાઇ મુળજીભાઈ
૨૧. ,, શ્રી દેવજીભાઇ માવજીભાઇ

ત્યાર બાદ અનુક્રમે નવા ચુંટાયેલ પ્રમુખ, મંત્રી અને વિદાય થતા મંત્રીએ પ્રવચનો કરેલ.

અંતે આભાર વિધી બાદ સભા બરખાસ્ત કરવામા આવેલ.

લી. શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ
વેલજીભાઇ હરજીભાઇ પટેલ
સહમંત્રી

શ્રી રણજીતપુરા કેળવણી મંડળ

શ્રી રણજીતપુરા કેળવણી મંડળ સંચાલિત શ્રી રણજીતપુરા હાઇસ્કુલના નવા મકાનનું ખાત મુહૂર્ત સંવત ૨૦૨૯ ના માગસર વદી ૧૨ ને સોમવાર તા. ૧-૧-૭૩ ના રોજ બપોરના ૨-૦૦ વાગે રાખવામાં આવ્યું હતું. ખાતપુજા વિધી શ્રી વિશ્રામભાઇ લાલજીભાઈ પટેલ વતીથી શ્રી ચંદુભાઈ નાનજીભાઇ પટેલે કરી હતી. આ સમારંભના પ્રમુખસ્થાને બીરપુર વિભાગના અગ્રગણ્ય કાર્યકર શ્રી ચંદુભાઇ રેવાશંકર શુકલ તથા અતિથિવિશેષ તરીકે બાલાશિનોર હાઇસ્કૂલના આચાર્ય શ્રી ગોરધનભાઇ પટેલ પધાર્યા હતા

શાળાના વિદ્યાર્થી ભાઇ-બહેનો એ મનોરંજન કાર્યક્રમ રજુ કર્યો હતો. ત્યારબાદ આચાર્યશ્રી શંકરલાલ શર્માએ શાળાની છેલ્લા ત્રણ વર્ષની વિકાસ ગાથા રજુ કરીને શાળાના ભાવિ વિકાસની શકયતાઓનો ખ્યાલ આપ્યો હતો. મુશ્કેલીભરી સ્થિતિમાં સર્જાએલી શાળા થોડા સમયમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ પણ પોતાનું નામ રોશન કરતી જોવા મળે છે. તે માટે કેળવણી મંડળના સહકારને બિરદાવ્યો હતો તથા શાળાના નવા મકાનની કાર્યવાહી ઝડપની શરૂ કરવા બદલ ગ્રામજનોનો તથા કેળવણી મંડળને તથા ભંડોળ માટે સહકાર આપનાર જબલપુરના મિત્રો, નાગપુર, રાયપુર, રાજનાંદગાંવ તથા અન્યદાતાઓને આચાર્યશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા, અતિથિવિશેષ શ્રી ગોરધનભાઈના વરદહસ્તે શાળાના બાળકોએ મેળવેલ ચિત્રકલા પહેલી તથા બીજી પરીક્ષા અને તાલુકા, જીલ્લા રમત હરિફાઇના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. અતિથિવિશેષ શ્રી એ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે બાલાશિનોર તાલુકાના દુરના ભાગમાં આવેલા આ નવી શાળાની કાર્યપ્રવૃતિઓ ખૂબજ શ્રેષ્ઠ છે. શાળામાં શૈક્ષણિક પ્રવૃતિઓ તથા મૌલિકઆત્મસુજની ભાવનાથી શિક્ષણ પ્રવૃતિ જે જોવામળી તે પ્રવૃતિ ઘણી ઓછી શાળાઓમાં જોવા મળેછે. ખેડા જીલ્લા રમત હરિફાઇમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર ગૌરીબેન એમ. પટેલ (૧૦૦ મી. દોડ) તથા કુ. સાવિત્રીબહેન જી- પટેલ (ચક્રફેંક) તથા જીલ્લા હરિફાઇમાં દ્વિતિય નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ખૂબજ અભિનંદન પાઠવું છુ. ગામમાં સંગઠનની ભાવના શ્રેષ્ઠ છે. શાળાના ભાવિવિકાસ માટે તમોએ આરંભેલું કામ જરૂર કલ્યાણકારી હોઇ ઉગી નીકળવાનું છે. વળી આચાર્યશ્રી પણ ખૂબજ ઉત્સાહી છે. તથા શાળાના વિકાસ માટે તેઓ હંમશ ચિંતિત રહેછે. ભાવી પેઢી માટે શિક્ષણ આવશ્યક છે. તથા હવે વ્યાવાસયિક શિક્ષણના માર્ગે જવાનુ હોઈ કેળવણી મંડળે આ મકાનની કામગીરી પુરી કરીને ખેતીવાડી શાળા શરૂ કરવા માટેની પ્રવૃત્તિ આરંભવી જોઇએ

શ્રી કાન્તિભાઈ ધનજીભાઈ પટેલે મંડળનો હેવાલ રજુ કર્યો હતો તથા શાળાના મકાન માટે દાન આપનાર દાતાઓનો આભાર માન્યો હતો. શ્રી જીવાભાઈ ડી. પ્રજાપતિએ આભાર વિધિ કરી હતી.

લી. **ધનજીભાઇ દાનજીભાઈ પટેલ**

★ ★

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ-કલકત્તા

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તાનું નુતન વર્ષના દિવસે સ્નેહ મિલન મંડળના પ્રમુખશ્રી અખેરામ પ્રેમજીના પ્રમુખસ્થાને યોજવામાં આવેલ. સમારોહના પ્રમુખ તરીકે સમાજના મુરબ્બી શ્રી ખેતાભાઈ જેઠાભાઈ પધારેલ અને મુખ્ય મહેમાનનો તરીકે સમાજના મુરબ્બીશ્રી દાનાભાઈ દેવશીભાઇ, પરબતભાઇ દાનાભાઇ, અને રામજીભાઈ સીવદાસભાઇએ હાજરી આપેલ.

આ સ્નેહ સંમેલનમાં નીચે મુજબના યુવક ભાઇઓને ઉત્તીર્ણ થવા બદલ મુરબ્બીશ્રી પરબતભાઈ દાનાભાઈના હસ્તે ઇનામની વહેંચણી કરવામાં આવેલ.

૧.	શ્રી	અબજીભાઈ વિશ્રામભાઈ	(બી. કોમ પાસ)
૨.	,,	વેલજીભાઈ હરજીભાઇ	,,
૩.	,,	રતનશીભાઇ લધાભાઈ	,,
૪.	,,	જયંતિલાલ દાનાભાઇ	,,
૫.	,,	રમણિકલાલ સિવદાસ	,,
૬.	,,	નાનજીભાઇ પ્રેમજીભાઇ	,,
૭.	,,	છગનલાલ માવજીભાઈ	,,
૮.	,,	ગોવિંદભાઇ વિશ્રામભાઇ	(હાયર સેકન્ડરી પ્રી પાસ)
૯.	,,	ગંગારામભાઇ કરશનભાઇ	,,
૧૦.	,,	જયંતિલાલ ભાણજીભાઈ	સ્કૂલ ફાઇનલમાં પાસ
૧૧.	,,	કરમશીભાઈ માવજીભાઇ	ધોરણ ૬ માં પ્રથમ આવ્યા

સૌ પ્રથમ મંત્રી શ્રી અખેરામભાઇ વાલજીભાઈએ સૌને નૂતન વર્ષના અભિનંદન આપી અને મંગળ પ્રવચન કરેલ ત્યારબાદ ઉત્તીર્ણ થયેલ યુવક ભાઇઓએ પોતાના વિચારો અને અનુભવો વર્ણવેલ ત્યારબાદ અનુક્રમે પ્રમુખશ્રી અખેરાજ પ્રેમજી, ખેતારામ જેઠા, દાના દેવસી, ગમજી સીવદાસ. અને પરબત દાના એ યુવકોને બે શબ્દો કહેલ. ત્યાર પછી મંડળના આગેવાન સભ્યોએ પણ પ્રવચન રેલ. જેમાં અનુક્રમે ભાઇશ્રી ખીમજી લખમશી, લખમશી નારાયણ, દેવજી વાલજી, વિશ્રામ હંસરાજ, પ્રેમજી જેઠા, શામજી કરશન, નારાયણ ભાણજી, મણીલાલ અરજણ, બાબુલાલ નારણ, જીવરાજ કરશન વિગેરે ભાઇઓનો સમાવેશ થાય છે.

ત્યારપછી અલ્પાહાર અને દૂધ લીધા બાદ મંત્રીશ્રીએ આભાર વિધિ કર્યા બાદ સભા બરખાસ્ત કરવામાં આવેલ.

—સહમંત્રી

શ્રી પાટીદાર યુવક મંડળ

હૈદરાબાદ — સિકન્દરાબાદ

શ્રી પાટીદાર યુવક મંડળ (હૈદરાબાદ–સિકન્દરાબાદ)ની બારમી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૧-૧-૭૩ના સવારના ઠીક ૯-૩૦ કલાકે, શ્રી પાટીદાર ભુવન મધ્યે મંડળના પ્રમુખ શ્રી દાનાભાઈ ડાહ્યાભાઈના પ્રમુખપદે મળી હતી. સૌ પ્રથમ મંત્રીશ્રીએ ગત વર્ષ થયેલ કાર્યોનો ટૂંકમાં અહેવાલ વાંચી સંભળાવ્યો હતો. ત્યારબાદ ખજાનચી તરફથી ગત વર્ષનો વાર્ષિક આવક જાવકનો હિસાબ રજુ કરાયો હતો, જેને સૌએ મંજુરી આપી હતી. ત્યારબાદ ચાલુ સત્ર માટે કાર્યવાહક સમિતીની ચુટણી કરવામાં આવી હતી, તેમાં નીચે મુજબ હોદ્દેદારો ચુંટાયેલા જાહેર થયા હતા.

૧.	પ્રમુખ	: શ્રી તેજાલાલભાઇ દેવજીભાઈ	
૨.	ઉપ પ્રમુખ	: ,, શીવગણભાઈ સીવજીભાઇ	(B Com.)
૩.	માનદમંત્રી	: ,, મહેન્દ્રકુમાર વિશ્રામભાઈ	(B. Com.)
૪.	સહમંત્રી	: ,, જીવરાજભાઈ પ્રેમજીભાઈ	
૫	ખજાનચી	: ,, કરસનભાઈ લધાભાઈ	
૬.	સહખજાનચી	: ,, મગનલાલભાઈ નારણભાઈ	
૭	પર્યટન	: ,, ધનજીભાઈ મેઘજીભાઈ	
૮.	વ્યવસ્થાપક	: ,, મગનલાલભાઈ પુંજાભાઈ	
૯.	રમતગમત મનોરંજન	: ,, રતનસીભાઈ ધનજીભાઈ	(B. Com.)
૧૦	પુસ્તકાલય	: ,, દેવજીભાઈ માવજીભાઈ	
૧૧	મુખ્ય સલાહકાર	: ,, દાનાભાઈ ડાહ્યાભાઈ પટેલ	

નવા ચુંટાયેલા હોદ્દેદારોને સર્વે સભ્યોએ તાળીઓના ગડગડાટ અને હર્ષનાદોથી વધાવી લીધા હતા. અંતમાં અલ્પાહાર બાદ સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

એજ લી. આપનો,
શ્રી પાટીદાર યુવક મંડળ વતી
માનદ મંત્રી — મહેન્દ્રકુમાર વિશ્રામભાઈ

શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ)

પાટીદારવાડી, આગ્રારોડ, ઘાટકોપર, મુંબઈ-૮૬ તા. ૫મી ફેબ્રુ., ૧૯૭૩

ઉપરોક્ત મંડળે રવિવાર તા. ૨૮ મી જાન્યુ. ના સવારના ૮-૩૦ વાગે ઘાટકોપરના 'શ્રેયસ' થિયેટરમાં લોકપ્રિય ગુજરાતી ચલચિત્ર 'જીગર અને અમી' રજુ કરીને આપણા જ્ઞાતિજનોને અનોખું મનોરંજન પૂરું પાડ્યું હતુ

આ 'ફિલ્મ શો' પ્રસંગે મંડળ દ્વારા એક સુવેનિયર પ્રકાશિત કરવામાં આવ્યું હતું જેમાં મંડળના પ્રમુખ શ્રી ડો. શામજી લાલજી ચોપડાના લેખિત નિવેદનનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો જેમાં પ્રમુખશ્રીએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન મંડળે કરેલી પ્રવૃતિઓની આછી રૂપરેખા આપતાં બુક-બેંકનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે ભારતભરમાં કાર્ય કરતાં આપણાં યુવક મંડળોમાંનું આ એક જ મંડળ છે. જે છેલ્લા ચાર વર્ષથી બુકબેંકનું સફળતા પૂર્વક સંચાલન કરી રહ્યું છે. અને તે બદલ મંડળ ગૌરવ અનુભવે છે. તદ્‌ઉપરાંત પ્રમુખશ્રીએ મંડળને સહકાર અર્પનાર દાતાઓ અને ઉત્સાહી કાર્યકરોનો હાર્દિક આભાર માન્યો હતો ઉપરોક્ત સુવેનીયર અને અન્ય માધ્યમો દ્વારા મંડળ આશરે રૂ. ૫૦૦૦ નુ ભંડોળ મેળવવાની આશા રાખે છે.

આ પહેલાં પણ મંડળ જ્ઞાતિજનોના મનોરંજનાર્થે બે ફિલ્મ શો રજુ કરી ચૂક્યું છે. તેમાનું 'પાનેતર નો રંગ' શ્રેયસમાં અને 'કુંદન' પાટીદાર વાડામાં રજુ કરવામાં આવ્યું હતું. ઉપરાંત મંડળે એ વખત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો કરીને જ્ઞાતિજનોની પ્રશંસા મેળવી હતી. આ રીતે મંડળની પ્રવૃતિઓને ધબકતી રાખવા વખતોવખત પર્યટનો અને હરિફાઇઓનું આયોજન થતું રહે છે.

લી. **અરૂણ નાકરાણી-સહમંત્રી.**

શ્રી ગણેશાય નમઃ

જાહેર જનતાને —

ખુશખબર

અમારી દુકાનેથી ઇલેક્ટ્રીકને લગતો
દરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેક્ટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

દરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ દરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે
વિક્રેતા : સીમેન્સ ઇલે. મોટર
— રૂબરૂ મળો —



શ્રી ગણેશ ઇલેકટ્રીક એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા. ફોન : પી.પી. ૭૯

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બ્રહ્મકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બ્રહ્મકંપાવાળા)

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ કરી આપવામાં આવે છે.

શ્રી ૧ા



આપની જરૂરીયાત મુજબ :
- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર ટયુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ

દરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઇયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ


ફોન. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

શ્રી જયઅંબે



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું

વડાગામ જિ. સાબરકાંઠા.



નાનજી પ્રેમજી પટેલ
(નેત્રાવાળા)

એજન્ટ :
લાઈફઈન્શ્યોરન્સ કોર્પો-ઓફ ઇન્ડીયા
જીવનવિમાના, આગનાવિમાના તેમજ દરેક
પ્રકારના વિમાના કામકાજ માટે
મળો યા લખો.

ફોન : ૨૩

નાનજીભાઈ પી. પટેલ
પટેલ સો મીલ

પ્રો. પ્રેમજીભાઈ ખેતસીભાઈ પટેલ
ઠે. એસ. ટી. સ્ટેન્ડ સામે
મુ. **ડાકોર** જિ. ખેડા. (ગુજરાત)

ખુશ ખબર !

આપના ઘરને સંગીતમય બનાવવા માટે
અવશ્ય મુલાકાત લો—

જર્મન ટેકનોલોજી
મારફતે બનાવેલ
ટેલીફંકન
રેડિયાના
અધિકૃત વિક્રેતા

TELE
FUN
KEN

- રેડીયા
- ટ્રાન્ઝીસ્ટર
- એમ્પ્લીફાયર
- ટેપરેકોર્ડર્સ


સર્વોદય રેડિયો સર્વિસ

જવાહર બજાર, **ધનસુરા.**



પ્રોપ્રાયટર્સ : ડાહ્યાભાઈ એસ. પટેલ

ટેલિફંકન રેડિયો – બે વર્ષની ફ્રી સર્વિસ



Shree

LAXMI ENGINEERING WORKS

AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.

બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઇપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા (જિ. સાબરકાંઠા)

ગ્રા. નં.

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
યુવક મંડળ (ગુજરાત) વતી
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ કેન્દ્રીય મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો
ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

*

જાગૃતિ

*

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

૩

વર્ષ : ૧૫ માર્ચ : ૧૯૭૩

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૬], પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧] પરદેશમાં રૂા. ૧૨૫] નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક.

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ
એમ. એ., બી. એડ્.
સહતંત્રી : જાગૃતિ
ગૃહપતિ : ક. ક. પા. સ. સ. વિદ્યાર્થી ભવન ધનસુરા.

શ્રી. રતિભાઈ એલ. પટેલ
એમ. એસસી.
પ્રિન્સિપાલ : શ્રીમતિ શા. મો. પંચાલ સાયન્સ કોલેજ, તલોદ.

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી. એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસસી

શ્રી અરજણભાઇ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:
ત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ



અનુક્રમણિકા

॥ ૐ નમઃ શિવાય ॥



તંત્રી સ્થાનેથી

આપણે જાણીએ છીએ તેમ ગત તા. ૨૩–૨૪–૨૫ ડિસેમ્બર–૭૨ ના દિવસોમાં શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તાના આદેશને માન આપી સમગ્ર ભારત દેશમાંથી આપણા સમાજનાં યુવક મંડળોના પ્રતિનિધિઓનું એક સંમેલન કલકત્તા મુકામે યોજવામાં આવ્યું હતું આ સંમેલનને આકાર સ્વરૂપ આપવા ઉપરોક્ત મંડળના સંદર્ભમાં આપણે જરૂર એમ કહી શકીએ કે ' મન હોય તો માળવે જવાય ' એ ઉકિતની યથાર્થતા પૂરવાર થઈ છે.

આમ વિશાળ ભારતવર્ષમાં વેર-વિખરે પડેલી શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની યુવા શક્તિને સુસંગઠિત કરવા અને તેનામાં સુષુપ્ત અવસ્થામાં પડેલી શક્તિને ઢંઢોળવાનો સૌ પ્રથમ પ્રયાસ કરવાનો સુયશ નવચેતનને ફાળે જાય છે. આશા છે કે સમગ્ર યુવક મંડળોમાં હાલના તબકકે પ્રવેશેલી નવચેતના સુદીર્ઘ–અર્થાત ચિરંજીવ બની રહે.

અત્યાર સુધીમાં ઘણાં સ્થળોએ વડીલજનોનો અનુભવ એવો છે કે આપણે સૌ આરંભે શૂરા છીએ. એટલે કે આપણી કોઈપણ પ્રવૃત્તિની શરૂઆતમાં આપણે ખૂબ ઉત્સાહપૂર્વક કાર્યવાહી કરીએ છીએ પરંતુ પછીથી લાંબા ગાળા સુધી એ પ્રવૃત્તિઓ જીવંત રહી શકતી નથી પરંતુ સાગરમાં જેમ ભરતી આવે અને પછી તરતજ ઓટ આવી જાય છે એવું બને છે. અત્યાર સુધીમાં કેટલીક જગ્યાએથી ઘણાં યુવક મંડળોના સભ્યોએ કદાચ આજ બાબત વડીલજનોના મુખેથી રૂબરૂ અગર પરોક્ષ રીતે જાણી કે સાંભળી હશે એમ મારું માનવું છે. તો વડીલજનોના આ અનુભવને દ્રષ્ટિ સમક્ષ રાખીને જ આપણે સૌ યુવક મિત્રોએ વર્તવાનું રહેશે. કદાચ કેટલાક વડીલો તરફથી ટકોર આવતી હોય તો પણ એ ટકોર "તેજી" ને છે એ વાત સૌ યુવક મિત્રો માટે અવિસ્મરણીય બની રહેવી જોઈએ નહિતર પણ આપણાં સંમેલનોની પાછળ જે સમય, શક્તિ અને પૈસો ખર્ચાય છે. એ બાબત વડીલોની દ્રષ્ટિએ હાસ્યાસ્પદ ન બની જાય એનું સવિશેષ ધ્યાન આપવું જરૂરી છે.

આ તબક્કે આપણે વડીલજનોના અનુભવોની એરણ પરથી ઉતરી આવેલા એ અનુભવ વાણીને આવકારીએ. એટલું જ નહિ પરંતુ આપણે આપણી યુવાશક્તિનાં દર્શન કરવા અને કરવવાનો જે માર્ગ લઈ રહ્યા છીએ તે આપણા કોઈનાય વ્યક્તિગત સ્વાર્થ કે હીત ખાતર નથી એ પણ નિર્વિવાદ હકીકત છે. તો પછી "ખડગ, ખાંડુ ને ખંત ખડાં, ત્યાં ધાર્યાં પડે નિશાન" એ ઉક્તિને યથાર્થ કરવા સમાજસેવાનો અંચળો ઓઢી સમગ્ર સામાજિક માળખાંને સુગ્રથિત રીતે અને સુસંગત સ્વરૂપે આગળ વધારવા આપણી વડીલ પેઢીને સહાયરૂપ બનવા આકાશ પાતાળ એક કરીને 'યા હોમ કરી ભગીરથ માર્ગે આગળ વધવાનો સમય નજીક આવી ગયો છે.

હાલના સંજોગો જોતાં આપણા સમાજમાં આર્થિક દ્રષ્ટિએ જેમ જેમ પગભર થવાય છે તેમ તેમ સામાજિક દ્રષ્ટિએ આપણે ખૂબ નીચે ઉતરતા જઈએ છીએ.

આપણા સમાજમાં વખતોવખત ઘડાતા ઠરાવોના અમલની બાબતમાં, બાળલગ્નો, વૃધ્ધલગ્નો, છુટાછેડા, જુગાર તેમજ કેટલાક ચારિત્ર્યહીન ભ્રષ્ટાચારોની વ્યાપકતા વધતી જાય છે. આપણામાં ઘણી જગ્યાએ સમૃધ્ધિની વૃધ્ધિ સાથે સન્મતિનો હ્રાસ થતો જાય છે. આપણે સ્વતંત્ર કરતાં સ્વચ્છંદી વધુ બનતા જઈએ છીએ એવો ભાસ થતો નથી લાગતો ? આ બધીજ બદીઓ સમાજમાં એટલી બધી વ્યાપક બની ગઈ છે કે એની વ્યાપકતાને શોધવા માટે સમગ્ર યુવક મંડળોના પ્રત્યેક સભ્યોએ સંપૂર્ણ સક્રિય બની લોઢાના ચણા ચાવવા જેવું કઠિન કાર્ય હાથ ધરવાનું રહે છે.

આ બધી બદીઓને દૂર કરવા માટે સમગ્ર સમાજ સામે સાંપ્રદાયિક મતભેદની દ્રષ્ટિએ એક બીજી મુશ્કેલી પણ છે. આ પ્રકારના મતભેદને દૂર કરવા માટે સમાજની મજબુત યુવા શક્તિને જાગૃત કરવાની છે એ પણ ન ભૂલવું જોઈએ ભૂતકાળમાં અજ્ઞાનતાના અંધકારમાં આપણે ભલે માર્ગ ભૂલ્યા હોઈએ પણ આધુનિક જમાનાને ઓળખીને જમાના સાથે કદમ મિલાવવા જ્યાં હિંદુ સંસ્કૃતિનો નાશ થતો હોય ત્યાં વિરોધ કરવાની યુવા શક્તિની ફરજ છે કે કેમ ? એ પણ આપણે સૌએ સક્રિય પણે આપણી ભાવિ પેઢીની સુઘડતા અને એકતા માટે પણ અચૂક વિચારવાનું છે.

આશા છે કે આપણે સૌ સમાજના સડાને ડામવા માટે આગળ વધવા તૈયાર જ હોઈએ તો સર્વવ્યાપી પરમ-કૃપાળુ પરમાત્મા સૌને સન્મતિ આપે એજ અભ્યર્થના

અસ્તુ.

નારી કેળવણી

રતિલાલ દેવસીભાઇ પટેલ
'વિલ’ી' અમદાવાદ

કાશ્મીરથી છેક દખ્ખણમાં કન્યાકુમારી અને દેશના પૂર્વીય છેડાથી માંડીને કચ્છના સાગરકાંઠા સુધી આપણી સમાજ વિખરાયેલી છે. "કણબી પટેલ" ના નામથી પંકાયેલો વર્ગ મહેનત મજુરીને ઘોળીને પી જનારા કણબીએ છેલ્લા દસ વર્ષમાં જેટલી પ્રગતિ કરી છે. તેટલી પ્રગતિ પાછલા પચ્ચીસ પચાસ વરસોમાં પણ કરેલ નથી એમ મારૂં માનવું છે. આ વાતનો કોઇ ઇન્કાર કરી શકે તેમ નથી.

પ્રત્યેક સમાજને પોતાનુ આગવું રૂપ હોય છે. કઇક આગવી પ્રતિભા શોભા આવી જાય છે. તેમ આપણા સમાજ પાસે ખેતી–લાકડાંનો વ્યવસાય અને થોડે ઘણે અંશે કોન્ટ્રાકટર્સ સિવાય બીજું કોઇ આગવું રૂપ નથી કારણ એટલું જ છે કે આપણા સમાજે શિક્ષણને વધુ પડતું મહત્વ આપ્યું નથી જો કે છેલ્લા પાંચેક વરસથી જે પ્રમાણે શિક્ષણ પર આપણે ભાર મુકયો છે તે જોતાં આપણે અન્ય સમાજોની શિક્ષણ પ્રગતિને આંબી શકીશું એમ લાગે છે પરતુ હાલની પ્રગતિ વિકસતી જતી દુનિયામાં ખુબજ વામણી કહેવાશે.

આપણે શિક્ષણ ક્ષેત્ર પર ભાર જરૂર મુકયો છે પરંતુ નારી કેળવણીની કંઇક અંશે અવગણના જરૂર કરી છે અને એ અવગણના સમાજની પ્રતિષ્ઠા, પ્રગતિ અને ગૌરવને જોખમાવશે એમ કહીશ તો ખોટું નથી.

પ્રથમ તો શિર્ષક વાંચતાં જ આપણામાંનો કેટલોક વર્ગ લેખ પ્રત્યે તિરસ્કારથી જોશે અને સાથે સાથે કહેશે પણ ખરો કે સ્ત્રીને તે વળી કેળવણી કેવી ? એને તો ગૃહસંભાળ તેમજ બાળઉછેરનુ જ કાર્ય કરવાનું હોય અને એવી સંભાળ તો અભણ અબુધ સ્ત્રી પણ રાખી શકે. સ્ત્રી સ્વયં એક રહસ્ય છે, સવાલ છે છતાં પણ આવડી મોટી દુનિયા માનતી આવી છે કે તે સર્વશ્રેષ્ઠ છે તો એ "શ્રેષ્ઠ"ને શ્રેષ્ઠ બનાવવા શા માટે પ્રયત્નો ન કરવા !

આપ એક વધુ દલીલ કરશો કે વધુ ભણેલા સ્ત્રી પોતાનું ઘર–કુળની મર્યાદા આમન્યા જાળવી શકતી નથી. ઘરની ચાર દિવાલોમાંથી બહાર નીકળેલી સ્ત્રી સ્ત્રી રહેતી નથી. બહારનું વાતાવરણ એના વિચારોને મલિન બનાવી દે છે પરંતુ આ માત્ર ભ્રમણાને સત્ય માની શકાય નહીં અનુભવમાં આવેલું પણ કેટલીક વાર જુઠાણું સાબિત થતું હોય હું તો માત્ર એટલું જ કહી શકું કે જે આગ પલકારામાં દુનિયાને બાળીને ખાખ કરીદે છે. તે જ આગ માનવીના

જીવનને રોશની આપવાનું પણ કાર્ય કરે છે તે કદી ન ભુલવું જોઈએ જીવનભર આગના ભયથી કાંપતો માનવી મરતી વખતે ય આગની ભુજાઓમાં સમાવવાનું ચૂકતો નથી. તો શું સમાજની વ્યકિતઓ આટલી નાનીશી ફરજ પણ અદા ન કરી શકે ?

મને પોતાને પણ આશ્ચર્ય થાય છે. કે મા-બાપ પુત્ર ને વધુ ભણાવે છે. અન્ય બાબતોમા પુત્રને વધુ પ્રધાન્યતા આપે છે. એમાં પોતાનો સ્વાર્થ જુએ છે. જ્યારે પુત્રી પ્રત્યે દુલર્ક્ષ સેવે છે પુત્રીને આવા લાભથી હંમેશા વંચિત રાખવામાં આવે છે. આપણે કદી વિચાર કર્યો છેકે દુનીયા કેટલી બધી આગળ ગઇ છે અને જે રીતે પ્રગતિ કરી રહી છે તેમાં આપણું સ્થાન કયાં અને કેટલુ ? અન્ય સમાજોમાં નારી કેળવણીનું પ્રમાણ કેટલું વિશેષ છે એ જોવાની દરકાર સુધ્ધાં કરી નથી.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે જે દેશે નારી સન્માનની ભાવનાને તિલાંજલી આપી છે તે દેશનું નૈતિક અધઃપતન આજ નહીં તો કાલ અવશ્ય છે એમાં કોઈ શંકા નથી.

"નારી કેળવણી" એ સમાજના માળખા પર પણ આધાર રાખે છે. પુત્રી હજુતો માંડ સોળ વરસની થઇ હશે ત્યાં સુધીમાં તો પરણાવી દેવાય એટલે તેનો અભ્યાસ પણ કેવો અને કેટલો થશે એ એક સવાલ છે. અન્ય સમાજોમાં વીસ એકવીસ વર્ષ સુધી અપરિણિત અવસ્થા ભોગવતી હોય છે તેથી તેને અભ્યાસ કરવાની વધુ સારી તક મળે છે સાથે સાથે પરણ્યા બાદ સાસરે પણ પોતાનો અધૂરો અભ્યાસ ચાલુ રખે છે. એટલુ સાચું, સત્ય છે કે સમયના વહેણની સાથે સાથે માનવીએ પણ પોતાના આચાર વિચાર રહેણીકરણી પલટો લાવવો જરૂરી બને છે અને આ પલટો ન આવતાં હમેશા નવી પેઢીને આથમતી પેઢી સાથે સંઘર્ષમય જીવન વ્યતિત કરવું પડે છે આપણે એ પણ ન ભુલવુ જોઇએ કે સંસ્કૃતિનો વિકાસ પ્રતિકારથી થાય છે, લોહિયા નહીં !

વિદ્યા પામેલી નારી શું નથી કરી શકતી ? એનામાં આવડત હોય છે તેથી જ એ સ્ત્રી અભણ સ્ત્રી કરતાં પોતાના કુટુંબને સ્થિરતા આપી જાણે છે ઘરનુ વાતાવરણ મતભેદના કારણે કલેશમય બનતું નથી બાળકો પર સંસ્કાર સ્વચ્છ અને સુઘડ મળી શકે છે. બાળકોના સંસ્કાર પર તો કુંટુંબ સમાજ અને રાષ્ટ્રની પ્રગતિ રહેલી છે. એના પર તો દેશની સંસ્કૃત ખડકાઇ છે તેથી જ કહેવાયું છે "કે એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે."

આપણો સમાજ નારી કેળવણીને હડસેલા મારે ને વ્યાજબી અને સમાજના ભવિ માટે સારૂં નથી. જો કે ધનસુરા કન્યા છાત્રાલયની સંખ્યા જોતાં આપણે ઠીક ઠીક પ્રગતિ કરી છે પરંતુ આ પ્રગતિથી માત્ર સંતોષ માનવો યોગ્ય છે એક વાત યાદ રાખવી

જોઇએ કે માત્ર ઇમારત ઊભી કરવાથી કૅ[illegible] [illegible]ની નથી.

અમદાવાદની વાત કરીએ તો માત્ર એક જ વિદ્યાર્થીનીએ ગ્રેજ્યુએટકક્ષા સુધી અભ્યાસ કર્યો છે આ ઉપરથી આપણા સમાજનાં નારી કેળવણીનું પ્રમાણ જણાઇ આવશે. મા બાપ પુત્રીને માત્ર ભણાવવા ખાતર ભણાવે છે યોગ્ય ભણતર અને પુરતા જ્ઞાનથી હમેશા વંચિત રાખે છે.

વળી આજે સ્ત્રીના ભાવિજીવનનો વિચાર કરવો જરૂરી બને છે આણુયુગમાં વિદ્યા પામેલા વિદ્યાર્થીને મન આજકાલ છુટાછેડા સામાન્ય ચીજ છે તે એમ કરતાં જરા પણ અચકાતો નથી. તેને અભણ પત્નિ સાથે જીવન જીવવું ગમતું ન હોવાથી આ સવાલ ઉભો કરે છે તો એ "પત્નિ" માં કદાચ આપની દિકરી પણ હોઇ શકે આવી સ્થિતિ પેદા થાય છે ત્યારે સ્ત્રીને માટે મજબુરી સિવાય બીજો કોઇ વિકલ્પ રહેતો નથી બીજાના ઉપકાર પર તેને જીવન વ્યતિત કરવું પડે છે પરંતુ જો શિક્ષિત નારી હોય તો પોતાના પગ પર ઉભી રહી, આવી પડેલી વિકટ પરિસ્થિતિમાંથી રસ્તો કાઢે છે.

કવિવર રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે "ભણતરનો અર્થ માત્ર એ નથી કે મોટી મોટી ડિગ્રીઓ મેળવી આજીવિકાનું સાધન પ્રાપ્ત કરવું. પરંતું ભણતર માનવીને કઇ રીતે જીવવું, કઇ રીતે જીવનને સાર્થક બનાવવું તેના પાયરૂપ છે."

આજે નારીનું અમુલ્ય જીવન દટાયેલું પડ્યું છે તેને ઉચુ લાવવાની જરૂર છે પ્રયત્ન કરીએ તો અન્ય સમાજોની સરખામણીમાં આપણે પણ એક સમયે આપણી બહેનોને પણ એ સ્થાને મુકી શકીશુ પ્રગતિ પંથે ડગમાંડતી દુનીયામાં સ્ત્રી પુરૂષની સમોવડી થવા માંગે છે તો કેળવણીક્ષેત્રે કેમ નહીં ?

આ વિષયમાં સંભવ છે મારૂ જ્ઞાન મર્યાદિત હોય પરંતુ આપ આપની રીતે વિચારી જોશો એજ અપેક્ષા. આપને યોગ્ય લાગે તો આપના ગૃહભુવનથી પ્રથમ શરૂઆત કરશો, એજ આશા. બીજું તો આપની પાસે શું માગું ? માત્ર "નારી કેળવણી"



વિચિત્ર પણ સાચું !

શ્રી દેવસીભાઈ એલ. પટેલ
કડૂર (માયસોરા સ્ટેટ)

* લિંકન અને કેનેડી *

લિંકનનો જન્મ સને ૧૮૧૮	—	કેનેડીનો જન્મ સને ૧૯૧૮
લિંકનનું અવસાન ,, ૧૮૬૩	—	કેનેડીનું અવસાન ,, ૧૯૬૩
લીંકનના ખૂનીનો જન્મ સને ૧૮૨૯	—	કેનેડીના ખૂનીનો જન્મ સને ૧૯૨૮

બન્ને શુક્રવારના દિવસે માર્યા ગયા. અવસાન સમયે બન્નેની પત્નિઓ પણ તેમની પાસે જ હતી.

બન્ને જણના ખૂનીઓની ધરપકડ થાય તે પહેલાં જ તે માર્યા ગયા હતા.

બન્નેના વરસોનો ગાળો બરોબર ૧૦૦ વર્ષ

નેપોલીયન અને હિટલર :–

	નેપોલીયન	હિટલર	વર્ષનો ગાળો
(૧) જન્મ સને	૧૭૬૦	૧૮૮૯	૧૨૯
(૨) અધિકારમાં આવ્યા	૧૮૦૪	૧૯૩૩	૧૨૯
(૩) વિયેના પર આક્રમણ	૧૮૦૯	૧૯૩૮	૧૨૯
(૪) રશિયા પર આક્રમણ	૧૮૧૨	૧૯૪૧	૧૨૯
(૫) લડાઈમાં હાર્યા	૧૮૧૬	૧૯૪૫	૧૨૯

ભારતની ૧૪ મોટી રાષ્ટ્રીયકરણ થયેલી બેંકો

આર. એલ. પટેલ (એદલપુરા કંપાવાળા)

(૧) સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા.
(૨) પંજાબ નેશનલ બેંક.
(૩) બેંક ઓફ ઇન્ડિયા.
(૪) બેંક ઓફ બરોડા.
(૫) યુનાઈટેડ કોમર્શિયલ બેંક.
(૬) કેનરા બેંક
(૭) યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયા.
(૮) યુનીયન બેંક ઓફ ઇન્ડિયા.
(૯) સીન્ડીકેટ બેંક.
(૧૦) દેના બેંક.
(૧૧) અલ્હાબાદ બેંક.
(૧૨) ઇન્ડિયન ઓવરસીઝ બેંક.
(૧૩) બેંક ઓફ મહારાષ્ટ્ર.
(૧૪) ઇન્ડિયન બેંક.

॥ શ્રી ઉમિયા માત નમઃ ॥

શ્રી

અખિલ ભારત
કચ્છ કડવા પાટીદાર યુવક સંમેલન
પ્રતિનિધિ સભા

કલકત્તા

તા. ૨૩-૧૨-૭૨ થી તા. ૨૬-૧૨-૭૨

Report on formation of
Yuvak Sangh meeting

*

અહેવાલ

*



સંયોજક :

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ

C/o. કેશવલાલ એન્ડ કું.
૬૫/૧, મહર્ષી દેવેન્દ્ર રોડ,
કલકત્તા-૬

॥ શ્રી ઉમીયા માત નમઃ ॥

શ્રી અખિલ ભારત કચ્છી કડવા પાટીદાર યુવક સંમેલન પ્રતિનિધિ સભા

તા. ૨૩-૧૨-૭૨ થી તા. ૨૬-૧૨-૭૨

—: સંયોજક :—

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ – કલકત્તા.

અહેવાલ

તા. ૨૩-૧૨-૭૩ સમય : સવારના ૯-૦૦ કલાકે
સ્થળ : પ્રેમજી ભીમજી એન્ડ કું. ના પ્રાંગણમાં

ઉપરોક્ત સ્થળે અને દિવસે સમગ્ર ભારત દેશના ખૂણે ખૂણેથી જુદાં જુદાં સ્થળેથી નીચે મુજબના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

પધારેલ પ્રતિનિધિઓની યાદી :—

૧ **હડમતિયા કંપા**
શ્રી શામજીભાઇ શિવજીભાઇ

૨ **તલોદ**
શ્રી મુળજીભાઇ કરશન ધોળુ
શ્રી મોહનલાલ ગંગારામ ચવાણ
શ્રી વિશ્રામભાઇ સોમજી ધોળુ

૩ **ધનસુરા**
શ્રી કાન્તિલાલ ખીમજીભાઇ સેંઘાણી
('જાગૃતિ' તંત્રી)
શ્રી પ્રેમજીભાઈ દેવશીભાઈ છાભૈયા

૪ **ઉંઝા**
શ્રી માવજીભાઈ વાલજી રૂડાણી

૫ **ભુજ**
શ્રી નારાયણ વિશ્રામભાઈ ભગત
('આઝાદ કલમ' પ્રતિનિધિ)
શ્રી શામજીભાઈ કરશન નાકરાણી
શ્રી છગનલાલ પ્રેમજીભાઈ રંગાણી

નખત્રાણા
શ્રી પ્રેમજીભાઈ નાગજી રામાણી
શ્રી દેવજીભાઈ હરજી ધનાણી
શ્રી હિરાલાલ હંસરાજ ધનાણી

૭ **મથલ**
શ્રી લખમશી તેજા પોકાર
શ્રી લખમશી ખીમજી લીંબાણી

૮ **મુંબઇ**
શ્રી દામજી દેવસી વેલાણી
શ્રી કાન્તીલાલ લાલજી ચોપડા

૯ **પુના** (મહારાષ્ટ્ર)
શ્રી રતનશી હિરજી દિવાણી
શ્રી મુળજી શામજી પોકાર
શ્રી રવજી શિવજી લીંબાણી

૧૦ **નાગપુર-૮** (મહારાષ્ટ્ર)
શ્રી કરશનભાઈ માવજી લિંબાણી
શ્રી વાલજીભાઈ અબજી વાઘાણી

૧૧ **નાગપુર–૩** (મહારાષ્ટ્ર)

શ્રી જીવરાજભાઈ દેવશી માંનાંણી
શ્રી લધારામ હંસરાજ છાભૈયા

૧૨ **રાજનાંદગાંવ** (એમ. પી.)
શ્રી મનજીભાઈ એતાભાઇ માંનાણી
ભોગીલાલ શીવજી નાકરાણી

૧૩ **રાયપુર** (એમ. પી.)
શ્રી પન્નાલાલ કિશનજી નાંયાંણી
શ્રી જસરાજ જીવરાજ પદમાણી

૧૪ **જબલપુર** (એમ. પી.)
શ્રી લાલજીભાઈ પ્રેમજી દડગા
શ્રી વિરેન્દ્રકુમાર માવજી નાકરાણી

૧૫ **ઈન્દોર** (એમ. પી.)
શ્રી દેવશીભાઈ શીવજી ભાવાણી
શ્રી મણિલાલ વેલજી પારસીયા

૧૬ **સાગર** (એમ. પી)
શ્રી કેશવલાલ વીરજી પોકાર
શ્રીગોપાળભાઈ લાલજીભાઈ સેંગાણી

૧૭ **બાલાઘાટ** (એમ. પી.)
શ્રી ઇશ્વરલાલ લાલજી ખીમાણી
શ્રી દેવરામભાઈ કરશનભાઈ

૧૮ **બાલેશ્વર** (ઓરિસ્સા)
શ્રી જયંતિલાલ દાનાભાઈ રૂડાણી

૧૯ **શંબલપુર** (ઓરિસ્સા)
શ્રી ગોપાળભાઈ કાનજી ખેતાણી
શ્રી હરીલાલ કાનજીભાઈ છાભૈયા

૨૦ **દિલ્હી**
શ્રી ગંગારામ હીરાલાલ સાંખલા
શ્રી પરબત કરશન રવાણી
શ્રી કરશન વિશ્રામ પોકાર

૨૧ **હૈદ્રાબાદ–સિકંદ્રાબાદ** (આંધ્રપ્રદેશ)
શ્રી મહેન્દ્રકુમાર વિશ્રામ દિવાણી
શ્રી રતનશીભાઈ ધનજી લિંબાણી

૨૨ **ઘાના** (વિદેશ)
શ્રી ડૉ. વેલજીભાઈ રામજી નાકરાણી)

શ્રી નવચેતન મંડળ કલકત્તા, વતી
શ્રી ખીમજીભાઈ લખમશી લિંબાણી
શ્રી અખૈરાજ પ્રેમજી માંનાંણી

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળના આયોજન મુજબ ઉપરોક્ત સૌ પ્રતિનિધિ ભાઇઓએ પોતપોતાની બેઠકો પર સ્થાન ગ્રહણ કર્યું.

ત્યાર બાદ મંડળના મંત્રીશ્રી અખેરાજ પ્રેમજીભાઈ એ આવનાર પ્રતિનિધિઓનું સ્વાગત કરતાં, સૌ પ્રતિનિધિઓ પોતાના અમુલ્ય સમયનો ભોગ આપી પધાર્યા છે. તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને જે હેતુસર અત્રે સૌ એકત્ર થયા છીએ તે હેતુ પાર પડે તેવી અભિલાષા વ્યક્ત કરી હતી.

ત્યાર બાદ આજની સભાનું પ્રમુખ સ્થાન ગ્રહણ કરવા મંડળના મંત્રીશ્રીએ મંડળના પ્રમુખશ્રી ખીમજીભાઈ લખમશીભાઈના નામની દરખાસ્ત મૂકી હતી અને સહમંત્રીશ્રી વેલજીભાઈ હરજીભાઈએ તેને અનુમોદન આપ્યું હતું અને સૌ પ્રતિનિધિઓએ તેને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું.

 ત્યાર બાદ મંત્રીશ્રીએ પ્રમુખશ્રીનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. પ્રમુખશ્રીએ પ્રમુખ સ્થાન આપવા બદલ સૌનો આભાર માની સભાનું કાર્ય ચાલુ કરવાની અનુમતિ આપી હતી.

શરૂઆતમાં જ મંડળના મંત્રીશ્રી અખેરાજભાઈએ સૌ પ્રતિનિધિઓની ઓળખવિધિ કરાવી હતી ત્યારબાદ સહમંત્રીશ્રીએ "સંમેલન આયોજન સમિતિ" અને "કાર્યવાહક સમિતિ" ના સભ્યોની ઓળખવિધિ કરાવી દરેકની કાર્યદક્ષતાનો આછો ખ્યાલ આપ્યો હતો.

ત્યારબાદ મંડળના ઉપપ્રમુખશ્રી શામજીભાઈ કરશનભાઈ અને સભ્ય શ્રી નારાયણભાઈ શીવદાસ તરફથી 'સરસ્વતિ આરાધના' સ્વરચિત ગીતથી કરવામાં આવી હતી.

રચયિતા : **શામજી કીસનજી પટેલ**
હારમોનિયમ : **નારાયણ સીવદાસ પટેલ**

જયતિ જયતિ જયતિ............મા......સુબુધ્ધિ દે સરસ્વતી
બુધ્ધિ દે સરસ્વતિ સુબુધ્ધિ દે સરસ્વતિ...મૈયાજયતિ...
શરણી સરણ દે સદા......બિનન્હ ભાવે ભકિત દે (૨)
સુખાદ પંકજ નમાવી (૨)... સુબુધ્ધિ દે સરસ્વતિ મૈયાજયતિ...
વરસદૈવ તત્વ ભબામી............ભકિત ભાવ ભવિતા
વિણા પુષ્પક ધારણીમા (૨) સુબુદ્ધિ દે સરસ્વતિ...મૈયાજયતિ...
સ્વયં ભવાની વિધા ....સુસોભતે સુલક્ષણે
પ્રભાકરે પ્રસિદ્ધ હૈ (૨) સુબુદ્ધિ દે સરસ્વતિ...મૈયાજયતિ...
પ્રચંડ સૂર્ય શનિમે.........મહા અન્ધકારે નાસિની
નમં સદા નમં સદા......સુધ્ધિ દે સરસ્વતિ...મૈયાજયતિ...

ઉપરોકત સ્વાગત ગીત ગાયા બાદ પ્રમુખશ્રીએ સ્વાગત પ્રવચનમાં જણાવેલ કે:-

સૌ પ્રથમ આપ સૌનું અમારા મંડળ વતી સ્વાગત કરતાં હર્ષ અનુભવું છું. આપ સૌએ અમારા આમંત્રણને માન આથી દેશના ખૂણે ખૂણેથી પધારી અમારી ભાવનાને પ્રોત્સાહિત કરી છે. તે ખરેખર અત્યંત આનંદની વાત છે.

આપસૌ જાણો છો કે આજે આપણે અહીં એકત્ર થઈ એક નવાજ પથે પ્રયાણ કરવાનું છે આ કાર્ય યુવકોનું પોતાનું જ છે. સમાજમાં જાગૃતિ લાવી ફેલાયેલ અનિષ્ટ તત્વોને નાબુદ કરવાનાં છે. યુવકોએ સંગઠીત થઇ સમાજને પયોગી દરેક કાર્યને ઉપાડી લેવાની હામ ભીડવાની છે. તે માટે આપણે ત્યાગ કરવો જોઇશે યુવક શક્તિ વિકસાવવા ગામડે સ્વ પૂ. નારાયણજી રામજીની પ્રેરણાથી યુવક મંડળો સ્થાપવાં પડશે. સ્વ.પૂ. નારાયણજી રામજીએ આ બાબત પહેલ કરી અને તેમની જ પેરણા અને આશિર્વાદથી આપણે આજે આ માર્ગ અપનાવવો છે. તેમની પ્રેરણાને આગળ વધારવા આપણે સમાજ ઉત્થાનનાં કાર્યો કરવાનાં છે. તે કાર્ય આપણે સમાજ અને વડીલોની સાથે રહી કરવાનાં છે. તેમનો પ્રેમ સંપાદન કરી આપણાં કાર્યને આગળ ધપાવવાં છે. સાથે સાથે આપણે આંધળું અનુકરણ છોડી પરિવર્તનો નો માર્ગ અપનાવવો જોઇશે. અનુકરણથી ઇતિહાસ નથી સર્જાતો આપણાં યોગ્ય પરિવર્તનો ના માર્ગમાં અવરોધક તત્વોનો સામનો કરવાની તાકાત યુવાનો એ કેળવવાની છે. આપણો આ પ્રસંગ આપણા ભગીરથ કાર્યનું પ્રથમ સોપાન છે. બાકીનાં સોપાન આપણે બનાવી શિખર સર કરવાનું છે. અંતે ધગશ દાખવી આપ સૌં પધાર્યા તે બદલ ધન્યવાદ ઘટે છે. અને આ ભગીરથ કાર્યનાં પ્રથમ સોપાનનું નિમિત્ત બનવા બદ્દલ અમારુ મંડળ ગોરવ અનુભવે છે. અંતે પ્રભુ સૌને કાર્ય કરવાની શકિત આપે.

ત્યાર બાદ મંત્રી શ્રી દ્વારા બહારનાં જુદાં જુદાં સ્થળોથી આવેલ કાયંક્રમની સફળતા ઇચ્છતા અને આશિર્વાદ આપતા શુભ સંદેશાનું વાંચન કરવામાં આવેલ જેમાં નીચે મુજબ ના માનનીય મુરબ્બીઓ વતી મોકલાવવામાં આવેલ સંદેશાઓનો સમાવેશ થાય છે:—

(૧) શ્રીમાન ખીમજી માસ્તર શ્રી અખિક કચ્છ ક. પા. સમાજના પ્રમુખ **M.L.A.**
(૨) ,, કરમશી સિવદાસ ,, ,, ,, ,, ઉપ-પ્રમુખ
(૩) ,, પ્રેમજીભાઈ પુંજા ,, ,, ,, ,, મહામંત્રી
(૪) ,, નાનાલાલ વિશ્રામ , ,, ,, ,, મંત્રી ખેડૂત સંઘ
(૫) ,, ડો. વી કે પટેલ (ભૂજ) ,, ,, ,, ,, મહામંત્રી અને આઝાદ કલમ તંત્રી
(૬) ,, શીવદાસ કાનજી (સમાજના ટ્રસ્ટી અને માજી પ્રમુખ શ્રી)
(૭) ,, શ્રી કચ્છ કડવા પા. યુ, મંડળ મદ્રાસ અમદાવાદ
(૮) ,, ,, ,, ,, પાટીદાર સમાજ કલકત્તાના પ્રમુખ શ્રી ખેતારામ જેઠા

ત્યારબાદ આવેલ પ્રતિનિધિઓ તરફથી પ્રાસંગિક પ્રવચનો કરવામાં આવેલ — જે ટૂંકમાં નીચે મુજબ છે:—

(૧) શ્રી કરશનભાઈ માવજીભાઈ (નાગપુર)

શ્રી નવચેતન મંડળ નો જુદાં જુદાં સ્થળો ના મંડળોના પ્રતિનિધિઓને એકત્ર કરવા બદ્દલ ખુબ ખુબ આભાર આપણે સૌએ કાર્ય કરવાનાં છે. અને સાચાં કાર્યો એજ ખરી સંપત્તિ છે આપણે કહેવા કરતાં કરવામાંજ વધુ માનીશું તેવી આશા રાખીશું તો જરૂર પ્રગતિ કરી શકશું. સમાજને આગળ લઇ જવો હોયતો યુવકો એજ પહેલ કરવી પડશે શકય કાર્ય તો સૌ કરે પણ અશકયને શકય બનાવે તે જુવાન — તો તે માટે સૌએ એક થવુ પડશે સંગઠન કરવું પડશે અને આ સમયસર ની જે હાકલ આવી છે તેને તત્પર ઉપાડી લઇ આગળ વધીએ એજ અભ્યર્થના.

(૨) શ્રી કાન્તિભાઈ ખીમજીભાઇ (તંત્રીશ્રી 'જાગૃતિ')

આપણો સમાજ છેલ્લાં કેટલાંક વર્ષોથી રોજી રોટી માટે પોતાનો દેશ વટાવતાં વટાવતાં પરદેશમાં જ્યાં પણ વસવાટનું સ્થાન મળ્યું ત્યાં પ્રદ્ગાંતેમાં રોકાયેલો છે. આપણે સૌ અહીં વિચારોનું મંથન કરવા એકત્ર થયા છીએ. આપણા વિચારોને દુધની ઉપમા આપીએ, તેમાંથી જ દહીં બનશે, તેનું જ માખણ થશે અને આપણે તે વિચારોને મલાઇ કે માખણની જેમ કેળવી સમાજમાં ચોતરફ ફેલ.વવા છે. આપણે આપણો સંદેશો ઘેરઘેર પહોંચાડવો છે. સૌના વિચારો એક કરી સારૂં એવું ભાથું બાંધી સાથે લઇ જશું અને સૌને પ્રસાદીરૂપે આપશું અને આપણુ કાર્ય આગળ ધપાવશું

(૩) શ્રી નારાયણભાઈ વી. પટેલ (આઝાદ કલમ–પ્રતિનિધિ)

શ્રી નવચેતન મંડળના સમાજને સાચા અર્થમાં મદદગાર થવા બદ્દલનાં આ પગલાંને ખુબ ખુબ આવકાર. સમાજમાં ચાલતી કુરૂઢિઓ સામે આવાજ ઉઠાવવામાં આપણે એકતા અને સંગઠન સાધવું પડશે. આપણો સમાજ એક ખુબજ કચડાયેલો વર્ગ હતો, પણ છેલ્લા કેટલાંક વરસોમાં સારી પ્રગતિ કરી છે; છતાં શિક્ષણ ક્ષેત્રે અને તેમાં પણ કન્યા કેળવણીક્ષેત્રે દુર્લક્ષ સેવેલ છે. પણ આપણે આ સંમેલનથી તે બાબત જરૂર કાંઇક કરી છુટવા સમર્થ થશું તેવી આશા છે.

(૪) શ્રી કરશનભાઇ વિશ્રામ (દિલ્હી)

શ્રી નવચેતન મંડળનાં આ ભગીરથ પગલાંને આનંદથી આવકાર. આપણી સમાજમાં પ્રગતિ થાય છે પણ તેમાં અવરોધો ગણા છે તેમના સામે એક થઈ સગઠન બનાવી ઝઝૂમવું પડશે. આપણી કેળવણી અને ભાવનાને આગળ વધારવા કમર કસવી પડશે. આપણે યુવાનોએ આગળ વધી અવરોધો દુર કરવા પડશે

આપણે કુરિવાજો સામે આવાજ ઉઠાવવાનો છે પણ વિદ્રોહથી નહિ, સમજાવટથી.

આપણે આ સભાના વિચારો ચોમેર ફેલાવવા છે અને તેના પ્રચાર માટે 'જાગૃતિ' અને 'આઝાદ કલમ' નો ફાળો હંમેશાં મળશે તેવી આશા છે.

(૫) શ્રી દેવશીભાઈ શીવજીભાઇ (ઇન્દોર)

સમાજના કાર્યોમાં સહાયરૂપ થવા યુવક મંડળોએ સક્રિય હિસ્સો લેવો જોઇએ. સમાજના જે કોઈ કાર્યો છે તેને પાલન કરાવવાની જવાબદારી આપણી છે. આપણે ધગશ અને ખંતથી તે કાર્યો ઉપાડવાં પડશે. તે તો બરાબર છે પણ તે કાર્યો પાલન કરાવવામાં આપણી પાસે વ્યવસ્થિત વહીવટી તંત્ર નથી. આપણાં મંડળો કાર્ય નથી કરતા તેનું કારણ કે તેનું કોઈ અખિલ ભારતીય ધોરણે કોઇ સંગઠન નથી બધાં મંડળો એક થાય તો તેનો વહીવટ બરાબર થઈ શકે સમાજની દ્રષ્ટિએ નહિં તો પણ કુરિવાજો સામે યુવકોએ જરૂર દ્રષ્ટિ રાખવી પડશે અને તેનાં મંડાણ આજથી જ કરશું તેવી આશા છે.

(૬) શ્રી દામજીભાઈ પટેલ (મુંબઇ)

અહીં એકત્ર થવા બદલ કલકત્તા મંડળના ખુબ આભારી છીએ, આપણા વિચારો અમલમાં આવે તો જ આપણું એકત્ર થયાનું મહત્વ ગણાશે. સમાજના કુરિવાજો ધાર્મિક વિખવાદો વગેરેનો રસ્તો આપણે શોધવો જોઇએ દરેક કાર્યને પ્રચારની જરૂર છે તે માટે આપણાં માસિક અને પખવાડિકનો સબળ ટેકો રહેવો જોઇએ, અને તેને આપણે સબળ ટેકો આપવો જોઇએ, તેથી તે માધ્યમ સાચવી શકે. આપણે એકત્ર થયા અને ફર્યા તે ખરેખરે આનંદની વાત છે. ફરી પણ મળશું તેવી આશા છે.

(૭) શ્રી જસરાજ જીવરાજ (રવિપુરા)

આપણો સમાજ રૂઢિવાદ તરફ હતો ત્યારે તે સમયના યુવાનો ખરેખર અશકય ને શકય બનાવી શકયા. આપણે સબળ છીએ અને આપણને સમાજનો ટેકો છે આપણામાં જુસ્સો અને જુવાળ ઓસરી ગયો તે માટે સમાજનો નહિં પણ યુવકોનો વાંક છે. આપણે સમાજનાં મુખ્ય અંગ છીએ. સમાજના યુવકો સુતેલાં હશે તો સમાજ કેવી રીતે આગળ આવશે. તો જાગો અને એક થાવ.

(૮) શ્રી મહેન્દ્ર વિશ્રામભાઈ (હૈદ્રાબાદ)

શ્રી નવચેતન મંડળના અથાગ પરિશ્રમને લઈ આપણે એકત્ર થયા છીએ તે બદલ તેને ઘણાંજ અભિનંદન. આપણો ઉત્સાહ જોતાં એમ જણાય છે કે આપણે આમાં પાછા પડીશું નહિ અન્ય સમાજ અને મંડળો તરફ જોતાં આપણે પછાતપણું ભોગવી રહ્યા છીએ છતાં પણ હાલ તો પ્રગતિ કરી છે. અને આવીજ પ્રગતિ આગળ કરતા રહીશું તેવી આશા છે.

(૯) શ્રી રતનશી હીરજીભાઇ (પુના)

શ્રી નવચેતન મંડળના સુંદર પ્રયાસથી એકત્ર થયા છીએ તેથી સૌ પ્રથમ તેનો આભાર. આ જહેમત ઘણીજ પ્રસંસનીય છે. આપણે યુવકોને એક કરવા આપણામાં સંગઠન કેળવવા એકત્ર થયા છીએ તે આનંદની વાત છે અમદાવાદ મદ્રાસ બેગલોર વગેરે સ્થળોની ગેરહાજરી બદલ ખેદ આપણા ભવિષ્યમાં નવા વિચાર અર્પણ કરવાની સીડી આપણે છીએ. તો એક થઈ આગળ વધીએ.

(૧૦) શ્રી ઇશ્વરભાઇ (બાલાગાટ)

આપણા સૌમાં કૌટુંબિક ભાવના હોવી જોઇએ. આપણે એક કુટુંબના છીએ તે ભાવના જરૂરી છે કુટુંબના સભ્યો પોતાની ફરજ કુટુંબ પ્રત્યે સમજે છે તેજ રીતે આપણે પણ એ ભાવના કેળવી એક થશું તોજ આગળ વધી શકશું

(૧૧) શ્રી પ્રેમજી નાગજી (નખત્રણા)

શ્રી નવચેતન મંડળને અભિનંદન લાંબા સમયની ભુખ આજે સંતોષાય છે. તેનો સંપુર્ણ યશ નવચેતનને છે. વરસો પહેલાં સ્થાપના થઈ 'નવચેતન' શબ્દનો સહારો લીધો અને તે શબ્દને આજે સાકાર કર્યો તે જોઇ રહ્યા છીએ તેઓ આ રીતના વિચારો આવી રીતે લાવશે તેની તો આશાજ નહોતી કરી કચ્છથી દુઃખનુ પોટલુ બાંધીને આવ્યા છીએ અને જે વિચારો લાવ્યા છીએ તેનો સાદ ઘેર ઘેર ગલી ગલી પહોંચાડવો છે આનો પડઘો હિંદુસ્તાનના ખુણે ખુણે પહોંચે અને સફળ થાય. આપણા વડીલોએ બંધારણો ઘડયાં પણ તેનો ૯૫ ટકાય અમલ થયો નથી પણ આપણે તેનો અમલ કરવવામાં જરૂર સમર્થ થશુ-એવી આશા આપણાં રૂઢિ રિવાજો અને અંધકારને દુર કરવાની જરૂર છે. બે સુત્રો 'જાગૃતિ' અને આઝાદકલમ આપણી સાથેજ છે આઝાદકલમ પાછળ અમારો ધ્યેય એજ હતો કે ભારતના ખુણે ખુણે તેનો ફેલાવો થાય અને ખુણે ખૂણાના બનાવો અને અપકૃત્યો પ્રકાશિન કરવાં અને તેની અવાજ ચોમેર ફેલાવવી.

(૧૨) કેશવલાલ વીરજી (સાગર)

આવો પ્રયાસ ખાસ જરૂરનો હતો તે માટે શ્રી નવચેતન મંડળને અભિનંદન બધા સભ્યોનો આવાં કાર્યોમાં સાથ હોવો જરૂરી છે. આપણા નિયમોનુ ઘડતર ભૂત વર્તમાન અને ભવિષ્ય ને ધ્યાનમાં લઇ કરવું જોઇએ યુવકોએ યા હોમ કરી આગળ વધવું પડશે. આપણો ઉદ્દેશ ધાર્મિક સાથે સાથે રાજનૈતિક હોવો જરૂરી છે. આજનો સમાજ રાજનિતિ વગર જરાપણ પ્રગતિ કરી શકતે. નથી.

(૧૩) શ્રી મુળજીભાઈ કરશનભાઈ (તલોદ)

આજે દેશના ખૂણે ખુણેથી ભાઈઓ પધારેલ છે તે બદલ ખુશી ઉપજે છે. આપણે પરિપૂર્ણ કરી શકીએ તેટલા જ મુદ્દાઓ ચર્ચવા જોઇએ. ભાષણો કરવાં એ આપણા સ્વભાવમાં નથી, આપણે તો કામ જ કરવાનું છે.

(૧૪) શ્રી શામજીભાઇ શીવજીભાઇ (હડમતીયા કમ્પા)

મારો મુખ્ય મુદ્દો આપણા સમાજમાં જુના વખતથી ચાલતા ધર્મ બાબતના સડાનો છે. તે સડો કેવી રીતે દૂર થાય તે આપણે જોવું જોઇએ. આપણે સનાતન ધર્મનો મહિમા જાણવો જોઇએ. અત્યારે પ્રચારની ખામીને લઈ સનાતન ધર્મ આગળ વધ્યો નથી. ધાર્મિક શિબિરો યોજવી જોઇએ. જેથી ગામનું સંચાલન ધાર્મિક રસ્તે બરાબર દોરવાય. દબાણ કે જોર જુલમથી ધર્મનો પ્રચાર શકય નથી. સુખ અને સાહ્યબીમાં મહાલવું એ ભૌતિકતા છે, પણ ભૌતિકતા સાથે ધાર્મિક બાબતની નૈતિકતા પણ જરૂરી છે.

ત્યાર બાદ મંડળના સહ-મંત્રીશ્રી વેલજી હરજી દ્વારા સ્વરચિત યુવકોને સમાજ પ્રત્યે જાગૃત થવા અને સમાજના તંતુને સબળ બનાવવા માટે આગળ આવવાની હાકલ કરવા બાબતની ગઝલ સંભળાવવામા આવેલ.

પ્રમુખશ્રીની પરવાનગીથી- મંત્રીશ્રી દ્વારા સભા મુલતવી.

—: તા. ૨૩-૧૨-૭૨ શનિવાર ૨જી સભા :—

પ્રમુખશ્રીએ સ્થાન ગ્રહણ કર્યા બાદ સભા આરંભ

મંત્રીશ્રી દ્વારા નવા આવેલ નીચે મુજબના શુભ સંદેશાઓનું વાંચન.

(૧) મુંબઇના મુરબ્બી શ્રી માલજી ધનજી
(૨) શ્રીમાન બાબુભાઈ કારીઆ, (કલકત્તા) (આપણા સમાજનાં દરેક કાર્યોમાં સંકળાયેલા એક હિતેચ્છુ)
(૩) શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ રાયપુરના પ્રમુખશ્રી
(૪) શ્રી પ્રેમજીભાઇ હરજી (મદુરાઇ)
(૫) શ્રી કચ્છ પાટીદાર પ્રગતિ મંડળ (વડોદરા)
(૬) કુમારી નિર્મલાબેન પટેલ (જબલપુર)

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી મંત્રીશ્રી દ્વારા પ્રતિનિધીઓને પોતપોતાના મંડળના પ્રસ્તાવો રજુ કરવાનું કહેવામાં આવેલ. અને તે મુજબ દરેક મંડળ દ્વારા પોતાના પ્રસ્તાવો રજુ કરવામાં આવ્યા. જે અનુક્રમે નીચે મુજબ છે.

(૧) શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તા

(૧) અખિલ ભારતીય ધોરણે યુવક સંમેલન યોજવા બાબત
(૨) અખિલ ભારતીય ધોરણે યુવક સંગઠનની રચના બાબત
(૩) અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજે સમયે સમયે પસાર કરેલ ઠરાવોનો અમલ કરાવવા બાબત
(૪) સનાતન ધર્મના પ્રચાર અને ધાર્મિક સંગઠન બાબત
(૫) કન્યા શિક્ષણ બાબત

(૨) શ્રી પાટીદાર યુવક મિત્ર મંડળ, નાગપુર

(૧) અખિલ કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા ઘડવામાં આવેલ ઠરાવોનું ચુસ્તપણે પાલન થવું જોઈએ.
(૨) ભારતભરમાં લગ્નવિધી એકજ રીતથી થાય તેવી વ્યવસ્થા કરવી
(૩) અખિલ ભારત યુવક સંમેલન દર પાંચ વરસે યોજાવું જોઈએ
(૪) સંમેલન સં. ૨૦૨૯માં ઉનાળામાં જ યોજાય તેવી વિચારણા
(૫) સંમેલનમાં ધાર્મિક બાબત પર ચર્ચા. વિચારણા ન થવી જોઇએ, યુવક સંગઠન બાબત જ ચર્ચા વિચારણા કરવી જોઇએ

(૩) શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ-ધનસુરા અને શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ-તલોદ (એક સાથે પ્રસ્તાવ)

(૧) અધિવેશન યોજાવું જોઇએ અને તે મે-૧૯૭૩માં યોજવું. સ્થળની પસંદગી ધનસુરા, નખત્રાણા, મુંબઈ અથવા નાગપુર
(૨) સામાજિક તેમજ ધાર્મિક બાબતના સુધારા અંગેની ચર્ચા કરવી
(૩) યુવક મંડળોનાં અધિવેશનો દર ૩ વરસે યોજાવાં જોઇએ
(૪) ધાર્મિક પ્રચાર, જ્ઞાતિમાં ઠેર ઠેર કરવો જોઇએ
(૫) યુવક સંમેલનમાં બહેનોને પણ બોલાવવી જોઇએ
(૬) અધિવેશનમાં કચ્છની સંસ્કૃતિ રજુ કરતું પ્રદર્શન ભરાવું જોઇએ
(૭) અધિવેશન ભરાયા પહેલાં સલાહકાર સમિતિની રચના થવી જોઇએ અને તેમાં વડીલોનું પ્રતિનિધિત્વ પણ હોવું જોઇએ

(૪) શ્રી પાટીદાર યુવક મંડળ ભુજ, નખત્રાણા અને મથલ

(કચ્છનાં મંડળોના એક સાથે)

આ મંડળો દ્વારા શ્રી નવચેતન મંડળ કલકત્તાના પ્રસ્તાવને અનુમોદન આપવામાં આવેલ.

(૧) અખિલ ભારતીય ધોરણે યુવક મંડળ સ્થાપવું અને યુવક સંમેલન સં. ૨૦૩૦માં નખત્રાણા (કચ્છ) મુકામે ભરાવું જોઇએ

(૨) કન્યા કેળવણીની ખાસ આવશ્યકતાને લઇ ઝડપી પ્રયાસ થવો જોઇએ

(૩) શિક્ષણક્ષેત્રે આર્થિક રીતે નબળી પરિસ્થિતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ (સ્કોલરશીપ) આપવી જોઇએ
(૪) જ્ઞાતિના રીતરિવાજોનું ચુસ્તપણે પાલન થવું જોઇએ
(૫) સામાજિક કુરિવાજો જેવા કે છૂટાછેડા, બહેનોને ઉંઝા તરફ પરણાવવામાં આવે છે તે બાબતો પર પણ ત્વરિત પગલાં લેવાં જોઇએ
(૬) ધાર્મિક પ્રશ્ને વિરોધાભાસના પ્રહારો ન કરતાં સનાતન ધર્મનો પ્રચાર થવો જોઈએ

(૫) શ્રી પાટીદાર યુવક મંડળ, મુંબઇ

(૧) અખિલ ભારતીય ધોરણે મંડળની જોગવાઈ કરવી અને સમેલન દર ૩ વરસે ભરાવું જોઇએ
(૨) ભારતના વિભાગવાર સમાજના નિયમોનું ઘડતર કરવા વિશે વિચારણા
(૩) ધર્મ, શિક્ષણ અને કુરિવાજો બાબત વિચારણા
(૪) સમાજનાં નીતિનિયમોના પાલનનું ઉલંઘન કરવા સામે શું પગલાં લેવાં તે નક્કી કરવું જોઇએ
(૫) અખિલ ભારત યુવક મંડળમાં બહેનોને પ્રતિનિધિત્વ મળવું જોઇએ

(૬) શ્રી પુના પાટીદાર યુવક મંડળ, પુના

(૧) શ્રી કચ્છ કડવા પાટીદાર યુવકોનું સંમેલન ભરવું અને તે ભારતના મધ્યનાં કોઈ સ્થળે ભરવું, મે–૧૯૭૩માં
(૨) સમાજના બંધારણનું યોગ્ય પાલન કરાવવું.
(૩) યુવકોને સામાજિક કાર્યમાં રસ ધરાવતા કરવા અને સંમેલનને સફળ બનાવવા જોરદાર પ્રચાર કરવો
(૪) કન્યાકેળવણી પર પુરતું ધ્યાન આપવું.

(૭) શ્રી પાટીદાર યુવક મંડળ, રાજનાંદગાંવ.

શ્રી નવચેતન મંડળના પ્રસ્તાવોને અનુમોદન

(૮) શ્રી પાટીદાર નવયુવક મંડળ (રાયપુર)

(૧) આપણાં સમાજના યુવકોનું અખિલ ભારતીય સંમેલન ભરાવું જોઇએ.
(૨) સંમેલન સાથે અખિલ સમાજના ભાઇઓની વિદ્યાર્થી પરિષદ બોલાવવી જોઇએ.
(૩) શ્રી નવચેતન મંડળના પ્રસ્તાવને ટેકો

(૪) સંમેલન કચ્છમાં જ યોજાવું જોઇએ સં. ૨૦૩૦માં.

(૯) શ્રી પટેલ તરૂણ મિત્ર મંડળ, નવીદિલ્હી

(૧) અખિલ ભારત યુવક સંઘની સ્થાપના થવી જોઈએ.
(૨) આપણી સમાજે ઘડેલ ધારાધોરણોનું પાલન કરાવવા માટે યોગ્ય પગલાં લેવા જોઇએ.
(૩) સંઘ દ્વારા સમાજનું, ધર્મનું કાર્ય ઉપાડી લેવું જોઇએ.
(૪) સંમેલન સં. ૨૦૨૯ માં ઉનાળામાં નાગપુર અથવા ૨૦૩૦ માં નખત્રાણા મુકામે દર પાંચ વરસે તે યોજાવું જોઇએ.
(૫) કન્યાશિક્ષણ બાબત યુવકો જેટલી જ સગવડો બહેનોને અપાવવા સમાજનું ધ્યાન દોરવું જોઇએ.

(૧૦) શ્રી પાટીદાર યુવક મંડળ, સાગર (મ. પ્ર.)

(૧) અખીલ ભારત યુવક મંડળની સ્થાપના થવી જોઇએ.
(૨) કચ્છ પાટીદાર સમાજના ધારા ધોરણોનું પાલન કરાવવું જોઇએ. અને તે માટે મંડળે પગલાં લેવાં.
(૩) સ્ત્રી શિક્ષા માટે સાધનો ઉપલબ્ધ કરાવવાં જોઇએ, અને છાત્રાલયો બંધાવવાં જોઇએ.
(૪) ઉંઝામાં મોકલાતી કન્યાઓનાં વેપારધંધા બંધ કરવવા જોઇએ.
(૫) યુવકોને જ્ઞાતિ અભિમાન તરફ વાળવા જોઇએ અને સમાજીક જવાબદારી સમજાવવી જોઇએ.
(૬) સમુહ લગ્નો પર વિચાર કરવો જોઇએ.

(૧૧) શ્રી પાટીદાર યુવક મંડળ, જબલપુર

(૧) અખિલ ભારત સ્તર પર સંગઠનની સ્થાયના
(૨) અખિલ ભારત સ્તર પર યુવક સંમેલન યોજાવું જોઇએ, સ્થળ : નાગપુર અને સં. ૨૦૩૦ માં
(૩) કન્યા શિક્ષણ તરફ ધ્યાન આપવું જોઇએ.
(૪) ધર્મ બાબત ઉંડી ચર્ચા ન કરવી જોઇએ.

(૧૨) શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, ઇન્દોર (મ. પ્ર.)

(૧) સંમેલન યોજાવું જોઇએ. સ્થળ કચ્છમાં મે-૧૯૭૪ નખત્રણા કચ્છ બહાર મે-૧૯૭૩, નાગપુર અથવા મુંબઇ
(૨) શિક્ષણ ને પ્રોત્સાહન આપવું જોઇએ અને કન્યા કેળવણી તરફ ખાસ ધ્યાન આપવું જોઇએ.
(૩) અખિલ ભારતય સ્તરે યુવક મંડળની સ્થાપના.

(૧૩) શ્રી આલાઘાટ મંડળ :—

શ્રી નવચેતન મંડળ કલકત્તાના પ્રસ્તાવોને પૂર્ણ અનુમોદન.

(૧૪) શ્રી આલેશ્વર યુવક મંડળ :—

શ્રી નવચેતન મંડળ કલકત્તાના પ્રસ્તાવોને અનુમોદન.

(૧૫) શ્રી પાટીદાર યુવક મંડળ, હૈદરાબાદ

(૧) અખિલ ભારત યુવક મંડળની સ્થાપના.
(૨) સમાજના ધારાધોરણોનું ચુસ્તપણે પાલન કરાવવું જોઇએ.
(૩) અખિલ ભારત યુવક સંમેલન યોજાવું જોઇએ. અને દર પાંચ વરસે યોજાવું જોઇએ.
(૪) શિક્ષણ ક્ષેત્રે ઉત્તેજન આપવા પૂરતા પ્રયાસો કરવા.
(૫) સામાજિક પ્રગતિના ઉપાયો યોજવા.

(૧૬) શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, સમ્બલપુર. (ઓરિસ્સા)

(૧) શ્રી અખિલ કચ્છ યુવક સમેલન યોજવું. પ્રથમ ૨૦૨૯ના વૈશાખમાં
(૨) કન્યા શિક્ષણના પ્રચર બાબત.
(૩) સમાજના બંધારણનું પાલન બરાબર થવું જોઇએ.

આમ ઉપરોક્ત દરેક મંડળોના પ્રસ્તાવોની રજુઆત થયા પછી સૌ પ્રથમ દરેક સભ્યોના અનુમોદનથી પ્રમુખ શ્રી દ્વારા શ્રી નવચેતન મંડળના ૧ લા પ્રસ્તાવ પર ચર્ચા વિચારણા કરવાનું મંત્રીશ્રીને રજુ કરવાનું કહેવામાં આવેલ અને મંત્રીશ્રીએ મંડળના વિચારો નીચે મુજબ રજુ કરેલ.

પ્રસ્તાવ નં. – ૧
અખિલ ભારતીય ધોરણે યુવક સંમેલન યોજવા બાબત

આપણા સમાજમાં ઘણા એવા અનિચ્છનિય અને શરમજનક કિસ્સાઓ બને છે જે જોઇ યુવકવર્ગનું મસ્તક શરમથી ઝૂકી જાય છે પણ તે તરફ પગલાં લેવા તેઓ અસમર્થ બની જાય છે કારણ કે આપણું કોઇ યુવક સંગઠન અખિલ ભારતીય ધોરણે નથી. આજના જમાનામાં એકતા અને સંગઠન વિના કોઇ કાર્ય શકય નથી અને સંગઠન વિના કોઇ કાર્ય પાર ઉતારવું કલ્પના બહારની ચીજ છે. આમ સંગઠનની છૂપી રહેલી ભાવનાને એક સુત્રે બાંધવા, યુવકોમાં એકતા અને પ્રેમની ભાવના કેળવવા અને સામાજિક ફરજો પ્રત્યે જાગૃત કરવા યુવક સંમેલન યોજવું ખાસ જરૂરતું છે.

અમારા મંડળે આ બાબતમાં સં. ૨૦૩૦માં કચ્છમાં નખત્રાણા મુકામે આ સંમેલન યોજાય તેવો વિચાર રાખેલ છે. આજની વેરવિખેર પરિસ્થિતિમાં સંમેલન આપણા પ્યારા વતન કચ્છમાં યોજાવું જોઇએ.

આ સંમેલનની યોજનાને મૂર્તસ્વરૂપ આપવા અખિલ ભારતીય ધોરણે સંમેલનની પૂર્વ ભુમિકા તૈયાર કરવા એક 'સંમેલન આયોજન સમિતિ'ની નિમણુંક કરવી જોઈએ.

ઉપરોકત પ્રસ્તાવને દરેકે દરેક સભ્ય ભાઈ તરફથી વધાવી લેવામાં આવેલ. અને સંમેલન કોઇપણ સંજોગોમાં ભરાવું જ જોઇએ તેવો હર્ષનાદ આવેલ પણ તે સંમેલન ભરવાના સ્થળ અને સમય બાબત બે જુદા મતો આવેલ. એક તો તે સં. ૨૦૨૯માં નાગપુર મુકામે યોજવું અને બીજો તે સં. ૨૦૩૦માં કચ્છ, નખત્રાણા મુકામે યોજવુ. આમ કોઈપણ એક નિર્ણય પર ન આવતાં ચર્ચા વિચારણાને અંતે પ્રમુખશ્રી દ્વારા નિર્ણય–કોઇ એકે પોતાની સત્તાની રીતે ન લેતાં એક નિર્ણાયક સમિતિ દ્વારા આ નિર્ણય થવો જોઇએ. અને આ માટે પ્રાંત વાઇઝ ૨૦ સભ્યો અને એક પ્રમુખશ્રી એમ ૨૧ સભ્યોની સમિતિએ નીચે મુજબ નિર્ણય સર્વાનુમતે જાહેર કરેલ.

સંમેલન યોજવાનું સર્વાનુમતે સં. ૨૦૩૦ માં કચ્છ, નખત્રાણા મુકામે ભરવામાં આવશે તેવું નકકી કરેલ. સમેલનનો દિવસ તદર્થ સમિતિ પાછળથી જાહેર કરશે.

તા. ૨૪–૧૨–૭૨ રવિવાર ૩જી સભા

પ્રમુખશ્રીએ સ્થાન ગ્રહણ કર્યા બાદ સભા આરંભ–

પ્રમુખશ્રી દ્વારા સભ્યોના અનુમોદનને લઇ શ્રી નવચેતન મંડળના બીજા પ્રસ્તાવ પર ચર્ચા વિચારણા માટે સભામાં રજુઆત કરવાનું મંત્રીશ્રીને સુચન કરવામાં આવેલ.

બીજા પ્રસ્તાવ પર મંડળના વિચારો રજુ કરતાં મંત્રીશ્રીએ જણાવેલ જે—

પ્રસ્તાવ નં. ૨

અખિલ ભારતીય ધોરણે યુવક સંગઠનની રચના બાબત

સમાજના છુટા છવાયેલા યુવકોને એક મંચ પર સંગઠિત કરવા માટે અખિલ ભારતીય ધોરણે યુવક મંડળ જેવું સંગઠન હોવું જરૂરી છે. આ સંગઠન માટે એક "સંવિધાન સમિતિ" ની રચના કરવી જોઇએ. આ રચાનાર સમિતિને યુવક મંડળનું બંધારણ તૈયાર કરવાની સત્તાઓ સોંપવામાં આવવી જોઇએ. આ સમિતિએ

સમાજની પરિસ્થિતિનાં પ્રત્યેક પાસાં તપાસીને યુવક સંગઠન માટેનું બંધારણ તૈયાર કરવું જોઈએ. આ બંધારણ અખિલ ભારતીય યુવક સંમેલન સં. ૨૦૩૦માં યોજાનાર છે તે પહેલાં તૈયાર કરી લેવું જોઈએ, અને તે સમેલનમાં તેને બહાલી આપવા રજુઆત કરવી જોઈએ. જેથી તેને સંમેલનમાં અનુમોદન મળતાં અખિલ ભારતીય ધોરણે તેનો અમલ થઈ શકે.

આ પ્રસ્તાવ પર સૌ એક મત થયા. અને અખિલ ભારતીય ધોરણે પણ અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજની જેમ એક યુવક સંગઠન હોવુંજ જોઈએ તેવું સૌ પ્રતિનિધિઓ તરફથી કહેવામાં આવેલ. આ સંગઠનનું બંધારણ તૈયાર કરવા માટે તેમજ તે બંધારણ અમલમાં આવે ત્યાં સુધી કાર્ય ચલાવવા માટે ૩૫ સભ્યોની એક "તદર્થ સમિતિ" Ad hoc Committeeની રચના કરવામાં આવેલ અને તે સમિતિના સભ્યપદ માટે સર્વાનુમતે હાજર રહેલ સભ્યોમાંથી નીચે મુજબની વિભાગીય રીતે સંખ્યા નક્કી ઠરવામાં આવેલ.

કચ્છ વિભાગ	૫	સભ્યો.
ગુજરાત વિભાગ (કચ્છ બહાર)	૪	,,
મહારાષ્ટ્ર વિભાગ	૪	,,
મધ્ય પ્રદેશ વિભાગ	૩	,,
ઉત્તર ભારત	૧	,,
પૂર્વ ભારત (બંગાળ, બિહાર, આસામ અને ઓરિસા સાથે)	૫	,,
દક્ષિણ ભારત	૩	,,

આમ કુલ ૨૫ સભ્યો અને બીજાં ૧૦ સભ્યો જેઓ અખિલ ભારતીય ધોરણે પ્રતિષ્ઠા જાળવી સુયોગ્ય રીતે સમાજિક કાર્યોમાં પોતાનો અમૂલ્ય ભોગ આપી આગવું સ્થાન જાળવે તેવા સભ્યોનો સમાવેશ કરવો. આમ કુલ ૩૫ સભ્યોની તદર્થ સમિતિની રચના કરવામાં આવેલ. અને આ સમિતિના સભ્યોનાં નામ બાબત દરેક મંડળોને પોતાના વિભાગના સભ્યોનાં નામ મોકલાવવાનું અને સાથે-સાથે અખિલ ભારતીય ધોરણે આગવું સ્થાન જાળવતા કાર્યકર ભાઈઓનાં ૧૦ નામનું સુચન કરવાનું પણ કહેવામાં આવેલ. આ નામો તા ૧૦મી ફેબ્રુઆરી સુધીમાં શ્રી નવચેતન મંડળને કલકત્તા પહોંચતાં કરવાનુ કહેવામાં આવેલ અને ઉપરોક્ત સંગઠનનું કાર્ય હાલ "શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ"ના નામે કરવાનુ સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ અને તેનું મુખ્ય સ્થળ હાલ કલકત્તા રાખવાનું નક્કી કરવામાં આવેલ.

પ્રસ્તાવ નં. – ૩ કન્યા કેળવણી બાબત

આ પ્રસ્તાવ પર શ્રી નવચેતન મંડળના વિચારો રજુ કરતાં મંત્રીશ્રીએ જણાવેલ જે સમાજને પ્રગતિને પથે લાવવા માટે સમાજમાં કન્યા કેળવણીનો પ્રચાર અને પ્રસાર કરવાની સમાજની નૈતિક ફરજ રહેલી છે. આપણા સમાજે પાછળના દસેક વરસોમાં શિક્ષણ ક્ષેત્રે ખુબજ સારી પ્રગતિ કરેલ છે. પરંતુ ભાઈઓએ કન્યા શિક્ષણ તરફ દુર્લક્ષ સેવેલ છે. જુના ખ્યાલોને લઈ કન્યાઓને શિક્ષણ ક્ષેત્રે આગળ આવવાની તકો મળતી નથી પરંતુ આજના કેળવણી યુગમાં કન્યા કેળવણી ખુબ જરૂરની છે તે બાબત બે મત ન જ હોઈ શકે.

આમ બહેનો પ્રત્યે આપણી પવિત્ર ફરજ છે કે તેમને પણ શિક્ષણ ક્ષેત્રે આગળ લાવવામાં તકો ઉપસ્થિત કરવી જોઈએ. દેશના અન્ય સુસંસ્કૃત અને સભ્ય સમાજો સાથે આપણી સમાજનું સ્થાન જાળવી રાખવું હોય અને જમાનાની હવા સાથે કદમથી કદમ મિલાવી આગેકૂચ કરવી હોય તો સમાજમાં કન્યા કેળવણી ખુબજ આવશ્યક છે.

આથી જેમ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સમાજે વિદ્યાર્થીભવનો વગેરે બનાવેલ છે અને વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ લેવાની વ્યવસ્થાઓ કરેલ છે તેવીજ રીતે બહેનો માટે પણ ઉચ્ચશિક્ષણાર્થે યોગ્ય વ્યવસ્થાઓ કરવી જોઈએ. કન્યા શાળાઓ તેમજ કન્યા છાત્રાલયોની સ્થાપના કરવી જોઈએ.

ઉપરોક્ત પ્રસ્તાવ પર સૌ એક મત થયેલ અને તે અતિ જરૂરી છે. હોવીજ જોઈએ અને તાત્કાલિક સગવડો ઉભી થવી જોઈએ તેવું કહેવામાં આવેલ. આ બાબતનો પ્રચાર દેશના ખુણે ખુણે થવો જોઈએ અને સમાજના વડીલોનું પણ આ ક્ષેત્ર તરફ ધ્યાન દોરવું જોઈએ. સમાજની બહેનોને કેળવણીના પંથે આગળ લાવવા યુવકોએ પોતાના ઘરથીજ આ બાબતની પહેલ કરવી જોઈએ અને યુવક મંડળોએ ગામે ગામ કન્યા કેળવણીનો પ્રચાર કરવો જોઈએ. કન્યા છાત્રાલયોની યોગ્ય સ્થળે વહેલામાં વહેલી તકે સ્થાપના થાય તે બાબત યુવક સંઘે સમાજને વિનંતી કરવી.

તા. ૨૫–૧૨–૭૨ ને રવિવાર, ૫ મી સભા

પ્રસ્તાવ નં. ૪

સમયે સમયે સમાજે પસાર કરેલ ઠરાવોનો અમલ કરાવવા બાબત.

આ પ્રસ્તાવ પર ચર્ચા વિચારણ કરતાં સૌ પ્રતિનિધીઓ તરફથી કહેવામાં

આવેલ જે સમાજનું કાર્ય અને સંચાલન સુચારૂ રીતે ચલાવવા તેમજ સમાજિક મૂલ્યો જાળવવા શ્રી અખિલ કચ્છ સમાજે સમયે સમયે પસાર કરેલ ઠરાવો અને ધારાધોરણોનો અમલ ચુસ્તપણે થવો જરૂરનો છે. સમાજે જ્યારે સન ૧૯૭૧ના ૨૪ મી મેના રોજ ફરીથી ધારાધોરણો ઘડયાં, ત્યારે સમય અને બદલાયેલ પરિસ્થિતિ અનુસાર જરૂરી એવા સુધારા દરેક સ્થળોની સમાજો પાસેથી વિચારો અને સુધારા જાણી અને પછી રીતરિવાજો ઘડવામાં આવેલ તે છતાં પણ આપણી સમાજના અમુક ભાઇઓ આવા જ્ઞાતિ જનોના હિતાર્થે પસાર થયેલ ઠરાવોનું છડેચોક ઉલ્લંઘન કરેલ છે. આવું ઉલ્લંઘન કરનારમાં આપણી સમાજમાં અગ્રસ્થાન ભોગવતી વ્યકિતઓનાં નામ મોખરે આવેલ છે. સગપણ તોડવાના તેમજ સમજી વિચારીને લગ્નગ્રંથીથી જોડાયા બાદ વિના કારણે છુટા છેડા લેવાના પ્રસંગો છાસવારે બનવા લાગ્યા છે. મા બહેનોની કિંમત રૂપિયા પૈસાથી અંકાવા લાગી છે. આમ આવા સમાજના કંલકરૂપ કુરિવાજો જોઈ કયા પાટીદાર યુવાનનું લોહી ઉકળી ન ઉઠે !

પ્રત્યેક વસ્તુની એક સીમા હોય છે. તેમ યુવકોની ધીરજની પણ એક સીમા હોવી જોઇએ. સમાજમાં આવાં કંલકો ચલાવી ન લેવાય. યુવકે આ બાબત સંગઠિત થઈ કટીબદ્ધ થવાની આજના આ સંગઠનના જમાનામાં ખાસ જરૂર છે.

ઉપરોકત પ્રસ્તાવ પર ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ કે શ્રી અખિલ કચ્છ કડવા પાટીદાર સમાજે સમયે સમયે પસાર કરેલ ઠરાવોનો ચુસ્ત પણે અમલ થવો જોઇએ. અનિવાર્ય સંજોગોમાં નિયમોનો ભંગ કરવાની પરિસ્થિતિ ઉભી થાય તો તેથી પહેલાં પોતાની સ્થાનીય સમાજ તેમજ શ્રી અખિલ કચ્છ પાટીદાર સમાજની લેખિત મંજુરી મેળવવાની રહેશે. સમાજને કારણો યોગ્ય ન જણાય અને મંજુરી ન આપે તો સમાજના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે તો શ્રી અખિલ ભારત યુવક સંઘે તેની નોંધ લઇ આગળ યોગ્ય પગલાં લેવાં અને તેની જાણ સમાજને કરવી.

પ્રસ્તાવ નં – ૫

સનાતન ધર્મના પ્રચાર અને ધાર્મિક સંગઠન બાબત

આ બાબત સભામાં જોરશોરથી ચર્ચા કરવામાં આવેલ. અમુક યુવકમિત્રોએ નીચે મુજબના મંતવ્યો રજુ કરેલ.

શ્રી શામજીભાઇ શીવજીભાઈ —(હડમતિયા કચ્પા)

આપણે સનાતન ધર્મનો વાડો કરીએ તો ન ચાલે. સનાતન ધર્મમાં

ધર્મોનો સમાવેશ થાય છે. આ બાબતમાં પૂરતા ધાર્મિક પ્રચારની ખાસ જરૂર છે જેનો ધર્મ બાબતની જાણ હોય તેવા સુધારકો પોતાની જાતને પણ સુધારે તેવા જોઇએ છે. આ બાબત પ્રચાર સમિતિઓ નીમવી જોઇએ અને ગામે ગામ જઈ બીજા ધર્મની જેમ સનાતન ધર્મનો પ્રચાર કરી અને લોકોને તે ધર્મમાં રસ લેતાં કરવાં જોઇએ ધર્મનું એક કેન્દ્ર રાખવું અને એક ધર્મ ગુરૂની નિમણુક કરવી જોઈએ,

શ્રી કાન્તિભાઈ ખીમજીભાઇ — (તંત્રી : 'જાગૃતિ')

આ નિવેદન એક સમગ્ર સમાજ માટે પડકાર રૂપ છે આપણામાં પેસી ગયેલા સડાને પ્રેમથી અને સમજાવટથી દૂર કરવો પડશે. સતપંથ એ હિંદુને વટલાવવાની પ્રવૃતિનોજ ભાગ છે. વરસો સુધી અજ્ઞાન પ્રજાને સકંજામાં સપડાતી રાખવાનો કેટલાંક તત્ત્વોનો હેતુ હતો. સ્વ પૂ. નારાયણજી બાપાએ આપણને જાગૃત ન કર્યા હોત તો આપણે દેશપરદેશમાં તેજ જૂના ધર્મનું આચરણ કરતા હોત. સતપંથ ધર્મને ફુલતો ફાલતો અટકાવવાની ખાસ જરૂર છે અને આ જવાબદારીનો યુવકોએ યુધ્ધના ધોરણે અમલ કરવો જોઇએ

શ્રી શામજીભાઇ —(ભૂજ)

પંથો બાબત કચ્છના દરસડી ગામની બાબતમાં અમે ઉંડા ઉતર્યા અને તેમાં સફળતા પણ પામ્યા. આપણે આપણા ગામો માટે યુવાનો આગળઆવીએ અને તે પંથ જે હિંદુઓ માટે ખરેખર કલંકરૂપ છે તેને નાબુદ કરવા માટે કટીબધ્ધ થઇએ.

શ્રી પ્રેમજીભાઈ દેવશીભાઈ —(ધનસુરા)

આપણી સમાજમાં સંપ્રદાયોની દ્રષ્ટિએ એક વિભાગમાં અહિંદુ આચરણો ઘૂસી ગયેલાં છે. જેના કારણે સમાજનું સંગઠન મજબુત બનાવવામાં અને કુરિવાજો દૂર કરવામાં તે નડતરરૂપ થાય છે જેથી આવાં અહિંદુ આચરણો સમાજમાંથી દૂર થાય અને આપણાં ગરીબ અને લાગણીશીલ ભાઇ બહેનો ખોટા રસ્તે ન દોરવાય અને આપણા આ સંગઠન અને સદ્દભાવનાના કાર્યમાં ભાગ લે તે માટે યુવકોએ આગળ આવી અને સંકુચિત વિચારો છોડી સમાજને બે ભાગમાં વહેંચવામાં આવતાં મહાન પાપને રોકે.

(ઉપરોકત નિવેદનની નકલો 'જાગૃત' અને 'આઝાદ કલમ' માં છપાવવાનો નિર્ણય લેવામાં આવેલ અને બન્ને સામયિકોના પ્રતિનિધિઓને તે નકલો આપવામાં આવેલ)

ઉપરોકત વિષય પર શ્રી નવચેતન મંડળના વિચારો રજુ કરતાં મંત્રીશ્રી દ્વારા કહેવામાં આવેલ જે આ ધાર્મિક સડાને વહેલી તકે દૂર કરવાની જરૂર છે

આપણા સમાજમાં આવી અંધશ્રધ્ધાઓ ખરેખર હિન્દુ સમાજ માટે કલંક રૂપ છે. આ સમાજના કલંકરૂપી દુષણોને દુર કરવા પ્રાતઃસ્મર્ણીય સ્વ. શ્રી નારાયણજી રામજીએ અથાગ પ્રયત્નો કરેલ અને આપણી સમાજમાં એક નાએ ચેતના આણી સમાજને સાચો રસ્તો બતાવેલ, પણ છેલ્લાં કેટલાંક વરસો તરફ દ્રષ્ટિ ફેરવીએ તો જણાશે કે ધર્મ પ્રત્યે આપણે આગળ જે ભાવના અને પ્રેમનો જુવાળ આવેલ તેમાં ઘટાડો થયેલ છે. ધર્મપ્રત્યે આપણે ઉદાસિન થયા છીએ તેમ કહેવામાં પણ અતિશયોકિત નથી. આમ સમાજમાં સનાતન ધર્મનો પ્રચાર કરવા સમાજ તેમજ યુવક વર્ગે આગળ આવવું પડશે. જેમ શરીરની ભુખ મટાડવા અનાજની જરૂરત છે, તેમ મનની શાન્તિ મેળવવા ધર્મની ભાવનાની ખુબજ આવશ્યકતા છે. ધર્મના બંધન વિના નૈતિકતા બાબત વિચારણા કરવી તે ભીંત વિના ચિત્રો આંકવા બરાબર છે. ધાર્મિક સંસ્થાઓએ જીવત રહેવા માટે કાયમી ધોરણે ધર્મ બાબતની ચર્ચા સભાઓ અને પ્રચાર ગામે ગામ થવો જરૂરી છે. તેમ જો નહિં થાય તો ભવિષ્યમાં આવનાર પેઢીમાં ધર્મ બાબતની લાગણીન હિવત થઇ જશે અને સમાજમાં તે નૈતિક બળનો હમેશને માટે લોપ થઇ જશે.

ધાર્મિક પ્રચાર માટે ગામોગામનાં મંદિરોને એકસુત્રે બાંધવા અખિલ ભારતીય ધોરણે એક ધાર્મિક સંસ્થાની સ્થાપના હોવી જોઇએ. આવી સંસ્થાનું કેન્દ્રસ્થળ વાંઢાય (ઇશ્વરનગર) કચ્છ મધે રાખવું જોઇએ. દરેક ગામની સસ્થાઓને તેના સભ્ય બનવવાં જોઇએ અને સંસ્થાના સંચાલન માટે દરેક સભ્ય ગામો તરફથી આવકનો અમુક નિશ્ચિત ભાગ આપવો જોઇએ અને સંસ્થાના અધ્યક્ષપદે એક ધાર્મિક આચાર્યની નિમણુક થવી જોઇએ.

તા. ૨૫-૧૨-૭૨ રવિવાર ૬ ઠી સભા.

સૌ પ્રથમ મંત્રીશ્રી દ્વારા શ્રી નવચેતન યુવક મંડળની "સંમેલન આયોજન સમિતિ" વતી આ સભાનું પ્રમુખસ્થાન ગ્રહણ કરવા નાગપુરના વડિલ શ્રી કરશન-ભાઈ માવજીના નામનું સુચન કરવામાં આવેલ અને તેમના સુચનને મંડળના પ્રમુખશ્રી ખીમજીભાઇ તરફથી અને જાગૃતિ તંત્રી શ્રી કાન્તિભાઈ તરફથી અનુમોદન આપવામાં આવેલ.

અંતે પ્રમુખશ્રીએ સૌના આભારી થઈ સભાનું પ્રમુખસ્થાન ગ્રહણ કરી સભાનું કાર્ય ચાલુ કરવાની અનુમતી આપેલ.

સૌ પ્રથમ નવા પ્રમુખશ્રીએ કહેલ જે મારૂ સ્થાન વધારવા સાથે મારી જવાબદારી પણ ઘણીજ વધારી. આપણે આપણા વિચારોને પ્રેમથીલાંબા કરશું.

આપણે બે લકીરોની માફક જે ૪" અને ૩" લાંબી છે તો બન્નેને સરખી કરવા ૪" લાંબીને ન કાપતાં ૩" ને લાંબી કરવાની કોશિષ કરશું, આપણા વિચારો આપણે વડીલો પાસે રજુ કરશું અને તેમને તેના અમલ બાબત વિનંતી કરશું.

આમ ધર્મ બાબતના પ્રસ્તાવ અંગે સર્વાનુમતે નિર્ણય લેવામાં આવેલ જે અખિલ ભારત યુવકે સંઘે સનાતન ધર્મના પ્રચાર માટે યોગ્ય પગલાં લેવાં અને સમાજને તે બાબત ઘટતું કરવા વિનંતી કરવી.

આમ દરેક પ્રસ્તાવો સર્વાનુમતે પસાર થઇ જવા બાદ પ્રમુખ શ્રી કરશન માવજી તરફથી કહેવામાં આવેલ જે આપણા ઠરાવો પૂરા થયા અને આમાં શ્રી નવચેતન મંડળને પૂરેપૂરી સફળતા મળી. ૧૦૧ ટકા સફળતા કહેવાય કારણ કે એના બધા ઠરાવો પૂરા થયા, ઠરાવોને આપણે સાધારણ આડા અવળા કરીને પાસ કર્યા, છતાં પણ અંતે તો નવચેતનની જ સફળતા કહેવાય આપણે ધારેલું કામ પુરૂં કર્યું છતાં પણ હજી પુરૂં કર્યું ના કહેવાય. જ્યાં સુધી આપણે બોલ્યા અને નક્કી કર્યું તેનું પાલન બરોબર ન થાય.

ત્યારબાદ વિદેશ થાનાથી આવેલ ડૉ. વેલજીભાઇ રામજીભાઈ દ્વારા કહેવામાં આવેલ જે આપના સંમેલનમાં ભાગ લેવાનો અચાનક સંજોગ મારા સદ્દભાગ્યે શ્રી નવચેતન મંડળનું આમંત્રણ મળ્યું તે બદલ તે સૌનો ઘણોજ આભાર. અને મારા વિચારો રજુ કરતાં જણાવું છુ જે અત્યાર સુધીના દરેક પ્રસ્તાવો સાથે હું સંમત થાઉં છું અને વિશેષમાં જે થોડું કહેવાનુ છે તે ટૂંકમાં નીચે મુજબ છે.

૧. પરદેશમાં દરેક પ્રાંતનું એક એક મંડળ રચાવું જોઇએ. કચ્છમાં તાલુકાવાર એક એક મંડળ રચાવું જોઇએ અને દરેક મંડળનું નામ એક સરખુ હોવું જોઈએ.

૨. અખિલ ભારત પાટીદાર મંડળની સ્થાપના થવી જોઇએ તેના સભ્યો વસ્તી-ગણત્રી પ્રમાણે હોવા જોઇએ.

૩ અખિલ ભારત મંડળની દર ઉનાળે મિટીંગ થવી જોઇએ.
આપણાં આબાલવૃધ્ધ સૌ કોઇને નિમંત્રવાની ઇચ્છા હોય તો દર દશ વરસે યુવક સંમેલન કચ્છમાં ભરાવું જોઈએ.

૫ વૃધ્ધ લગ્ન બાબત કોઇ વાંધો નથી પણ લગ્નો ઘણીજ નાની ઉંમરની કન્યાઓ સાથે થાય છે તે ન થવાં જોઇએ. અને તેમ થાય તો યુવાનોએ તે અટકાવવા જોઇએ.

૬ છુટાછેડાનો રિવાજ ખરેખર સુધારાનું સોપાન ગણી શકાય, પરંતુ જો તે યોગ્ય રીતે લાગે ત્યારે થતા હોય આજે જે છાસવારે છુટાછેડા થઈ રહ્યા છે તે યુવકોએ અટકાવવા જોઈએ.

૭ કેટલાંક યુવક–યુવતિઓ વયમાં આવે ત્યારથી ખુબ સ્વચ્છંદી બની જાય છે. એ ખરેખર સમાજ માટે અનિષ્ટરૂપ છે. આવા યુવકોને પ્રથમ સમજાવીને અને પછી યુવકમંડળના યુવાનોએ ભય બતાવીને પણ કાબુમાં લેવાં જોઇએ.

૮ બાળકોને ધર્મશિક્ષણ અનિવાર્ય હોવું જોઇએ. માનસશાસ્ત્રીય દ્રષ્ટિએ વિચારીએ તો જણાશે કે પહેલાં બારવરસની અંદરના બાળકના મન પર જે અસર પડશે તે વજ્રલેપ બની જશે.

૯ કન્યા કેળવણી બાબત ધ્યાન આપવું જોઇએ. આમ મુખ્ય ઠરાવો પસાર થઇ જવા પછી આવેલ પ્રતિનિધીઓ તરફથી શ્રી નવચેતન મંડળના કાર્યને બીરદાવવામાં આવેલ અને કહેવામાં આવેલ જે બે માસના અથાગ પ્રરિશ્રમ, રાત દિવસના ઉજાગરા અને તેનું પરિણામ જાગૃતા–શ્રી નવચેતને યુવકોમાં જે ભાવના પ્રગટાવવા હાકલ કરી અને ખુણેખુણેથી યુવકોએ આવી તે હાકલને સાકાર બનાવી તેનો નિષ્કર્ષ કાઢવા અને તેને ફેલાવવા–આપણે બધું કરી છુટશું દરેક મુદ્દાપર ચર્ચા કરી કોઇને ખોટું ન લાગે તેવી રીતે નિર્ણયો લેવાયાં તે ખરેખર ઘણાજ આનંદની વાત છે. આપણી એકતાની ઉમંગ આશાની, લાગણી અને કાર્ય કરવાની ધગશને લઇ સમાજને પ્રગતિના પંથે લઈ જવા એક થયા. તો દરેક દરેક યુવક ભાઈને અહીં લેવાયેલા નિર્ણયો અમલમાં મુકવા તેનો ઘેર ઘેર પ્રચાર કરવો અને 'આઝાદ કલમ' અને 'જાગૃતિ' દ્વારા ખુણે ખુણે ફેલાવી આ ઉદ્‌ગારોને દરેકના દિલમાં વસાવવાની જરૂર છે. આમ યુવક એકતા અને નવચેતનની હાકલને બિરદાવવામાં આવી હતી.

પ્રમુખશ્રીના પુર્ણાહુતિ પ્રવચન બાદ આજની સભાની પુર્ણાહુતિની જાહેરાત કરવામાં આવેલ.

પ્રમુખશ્રી કરશનભાઇ માવજી દ્વારા પૂર્ણાહુતિ પ્રસંગે કહેવામાં આવેલ જે "પધારા પુરા થયા," હવે ઘર તરફ પ્રયાણ કરવું છે. આપણા કોઇનામાં પણ નમાલાપણું કે કમજોરીપણું ન શોભે. આપણા માટે તે નકામું છે. હું જ્યારે ફરી આવીશ ત્યારે સૌને પુછીશ કે નમાલામાંથી મજબુત કેટલા બન્યા છો. તો પછી જ્યારે ફરી મળશું ત્યારે તમારા ચહેરા પરથી તેજ જોઇ અને માપીશ કેટલું કર્યું અને કેટલા પ્રગતિની દિશામાં આગળ વધ્યા. તો હુ તે વખતે નાખુશ ન થાઉ તેનું ધ્યાન રાખજો. પૂર્ણાહુતિરૂપી ભારે પ્રવચનનો બોઝ ઉપાડતો હોઈ તે ભાર

[illegible] બદલ ઘણોજ આભાર અને સૌ એકઅવાજે એકસાથે સમાજની જય બોલો જેનો અવાજ દૂર દૂર સુધી પહોંચે અને તાળીઓના ગડગડાટમાં તે જયનો હર્ષનાદ બુલંદ અવાજે સભામંડપમાં ઉઠેલ અને સૌ ઉપસ્થિત સભ્યોનાં મોં આનંદથી મલકી ઉઠેલ.

તા. ૨૬-૧૨-૭૨ —આવ્યો વસમો "વિદાય સમારંભ"

સૌ પ્રથમ મંત્રીશ્રી દ્વારા મંડળના પ્રમુખશ્રી ખીમજીભાઈ લખમશીને સ્થાન ગ્રહણ કરવા વિનંતી. સભાનું પ્રમુખસ્થાન ગ્રહણ કર્યા બાદ સભા આરંભ.

મંત્રીશ્રી દ્વારા મંડળના ઉપપ્રમુખ શ્રી શામજીભાઇ કરશનને 'સમારોહ પ્રમુખ' નું સ્થાન ગ્રહણ કરવા વિનંતી, જે સૌ વતી વધાવવામાં આવેલ અને તેમણે પોતાનું સ્થાન ગ્રહણ કરેલ.

ત્યારબાદ મંત્રીશ્રી દ્વારા હડમતિયા કંપા વાળા શામજીભાઇને મંગળ સ્તુતિ ગાવાનું કહેવામાં આવેલ અને તે સ્તુતિ બાદ સભાનું કાર્ય આરંભ.

મંત્રીશ્રી દ્વારા ખંત અને આનંદથી આ કાર્ય પાર પાડવામાં સાથ અને સહકાર બદલ સૌનો આભાર માનવામાં આવેલ પોતપોતાના કામ છોડી અમારા આમંત્રણને માન આપી આભારી કરવા બદલ મંડળ વતી આભાર. કોઇ કાર્યમાં ઉણપ રહી ગઈ હોય, કોઇના મન એક યા બીજી રીતે દુભાયા હોય તો મોટાં મન રાખી ક્ષમા કરશો.

સમારોહ પ્રમુખ દ્વારા કહેવામાં આવેલ જે આવ્યા ત્યારે મેળે જવા જેવો ઉમંગ હતો પણ હવે વિદાય વખતે મેળેથી વળતી વખતે થાય તેવું વસમું લાગતાં મન બહુજ ગમગીન બની જાય છે.

—મંડળના સહમંત્રી શ્રી વેલજી હરજી :

દ્વારા કહેવામાં આવેલ જે પ્રવચનમાં માનતો નથી અને કામમાં પણ માનતો નથી આ તો કયારેક આપ જેવા વડીલોની દયાથી બે લાઇનો લખતાં શીખી ગયો છું, આપણે સૌએ કહેવા કરતાં કરવા તરફ વધારે ધ્યાન રાખવું પડશે. આપણે જે કાંઇ નિર્ણયો લીધા છે અને વચનો આપી કસમ ખાધા છે તે અહીંથી જ ન ભુલી જતાં તેનો સંદેશો ઘેર ઘેર અને ગામડે ગામડે પહોંચાડવાનો છે. જેમ ઉનાળાના સોળેકળાએ ખિલતા સુરજ પર અષાઢ આવતાં વાદળો છવાવા લાગે છે અને તેના

કિરણોની ગતિમાં અવરોધક બને છે. ફરી પાછો આસો મહિનાનો અંતનો કે કારતકનો શિળો અને સુસવાટા મારતો પવન તે વાદળોને દૂર ભગાડી મુકી રાખે છે તેવીજ રીતે આપણે પણ આપણા સામાજિક કાર્યની પ્રગતિમાં આવતા અવરોધો સામે આસા કારતકના પવનની જેમ ઝઝૂમી તે અવરોધો ને દૂર કરી આપણી પ્રગતિના પ્રકાશનાં કિરણો વૈશાખના સુરજની સોળ કળાએ પ્રકાશિત કરી ફેલાવવાં છે

"અહીંજ નથી આપણી મંઝિલ મારા યારો;
હજી તો આપણે ઘણુજ આગળ જવાનું છે."

—મંડળના ખજાનચી શ્રી કેશવલાલ હંસરાજભાઈ :

બોલવાની આદત નથી પણ તમોએ જે અમને આ સેવા કરવાની તક આપી તેથી ઘણોજ આનંદ થયો પણ હજી કાંઇક વધારે તક આપો તો ઘણોજ વધારે આનંદ થાય. પ્રભુ આપણાં કાર્યો પાર પાડવાની શક્તિ આપે.

—સહ-ખજાનચી શ્રી જવાહરભાઇ કરશન (માજી મંત્રી)

આપણે આપણાં કાર્યો પાર પાડવાં છે અને પાર પાડી શકીએ તે માટે પ્રભુ આપણને જોમ આપે અને આપણા કાર્યો સારી રીતે પાર પડે એજ આશા છે.

—શ્રી અખેરામ વાલજી (માજી મંત્રી)

અમારા નવચેતન મંડળના સામાજિક કાર્યમાં આગળ વધવાની હાકલને માન આપી તેમાં સામેલ થવા આપ દૂર દૂરથી પધાર્યા તે બદલ મંડળ વતી ઘણોજ આભાર અને આપણે આપણા પૂર્વજો અને વડીલોના અથાગ પરિશ્રમના ફળે અહિ એકત્ર થઇ સમાજ માટે કાંઈક કરી છુટવાની નેમ લઇ રહ્યા છીએ તો તે પ્રસંગે તેમને યાદ કરવા સ્વરચિત કાવ્યની ૮ લાઇનો સંભળાવું છું.

વૈશાખ જેઠના ધખતા તાપમાં, ખેતર ખેડવા જાય.
માથાથી પગ સુધી પરસેવો નિતરે કામ મુકયું ન પોસાય
ભાઇ જુઓ કણબીની જાત છે કેવી મહેનતું માગેલો રોટલો ન ખાય
વહેલી સવારમાં ઉઠીને કણબી કોષ હંકારવાને જાય;
ચડતે પહોરે રાબ ને ડુંગળી ખાઇ ને બહુ ધરાય— ભાઇ જુઓ
કણબીની સાથે ઉઠીને કણબણ ઘંટી રવતી થાય,
દળણું દળીને છાસ વલોવતાં ગાયોને ભેંસો દોવાય—ભાઈ જુઓ
બહુરે મહેનતથી દાણાને કાઢી ગાડેથી લાવતી ઘેર
તેઓની મહેનત સૌને જીવાડતી—ધન્ય છે કણબીની જાત—ભાઇ જુઓ

આપણા વડીલોનાં વખાણ જેટલાં કરીએ તેટલાં ઓછાં છે, તેમજ સાચેજ ઘણાંજ કાર્યો કર્યાં અને તેઓના પરસેવાના પુણ્યે આપણે રોટલો ખાઇ રહ્યા છીએ તો મહેનતથી ન ડરતાં, પાછળ નપડતાં આપણાં કાર્યોમાં અવરોધો ન જોતાં આગળ વધી કાર્યો પાર પાડવાનાં છે,

શ્રી પ્રેમજીભાઈ લીંબાણી.

કહેતાં કાંઇ વધારે શિખ્યો નથી ગમે તેવો બાપ હોય તોપણ દિકરી વળાવતી વખતે રોતાં આવડી જાય. આપ સૌએ પધારી અમને સેવા કરવાનો મોકો આપ્યો. તે બદલ ખુબ ખુબ આભાર. આપણા વિચારો અને ઠરાવોને આગળ વધારવા જરૂર કટિબધ્ધ થશું તેવી આશા રાખું છું.- આપ સૌ અમૂલ્ય સમયનો ભોગ આપી પધાર્યા તે બદલ આભાર.

શ્રી લખમશીભાઇ નાંયાભાઇ

આપણને ખબર હશે કે મારી બોલવાની આદત ઓછી છે, મને તો સૌએ વખાણ કરી લાંબો કરી નાખ્યો છે–તો વધારે ન કહેતાં આભાર માની બેસી જવાની રજા લઉં છું.

શ્રી દેવજીભાઈ વાલજી

આજનો વિદાય સમારંભ ગોઠવતાં વખત લાગ્યો તેનું કારણ કે અમે મોટા છીએ તો આંસુતો પાડી શક્તા નથી– પણ મન વિદાય ના દુઃખમાં વલોવાઇ જાય છે હજી કાંઈક રોકાઓ તો સારૂં અમારી ઇચ્છા છે કે ભવિષ્યમાં પણ જ્યારે આપણે સાથે મળીએ ત્યારે અમારી ઊણપો જરૂર બતાવશો. અમેતો આયોજન મુજબ જ કર્યું છે વધારે કાંઇ કર્યું નથી કરશનભાઈનો કામ કરવાનો દાખલો અનુસરશું અને મંડળ વતી વચન આપીએ છીએ કે જ્યારે પણ "આવો" એટલુંજ કહેશો ત્યારે અચૂક હાજર રહેશું. અંતે સૌનો આભાર

શ્રી નારાયણભાઈ શીવદાસ

આપણે છાસમાંથી માખણ કર્યું તેમજ આપણાં કાર્યો આપણે ચોમેર ફેલાવીએ અને વધુને વધુ ભોગ આપી સમાજને આગળ લઇ જઇએ તો હું સૌને ભોગ આપવાની વિનંતી કરી બેસવાની રજા લઉ છું,

શ્રી નારાયણભાઈ ભાણજી:—

આપણો સાથ કયારેય પણ ભુલાશે નહિ આપણામાં નવચેતન જે આવ્યુ છે તે દરેક ખુણે ગલીએ ગલીએ પહોંચાડી મનમાં ઉતારવાનુ છે અને સમાજમાં ફેલાવવુ છે,

શ્રી વિશ્રામભાઈ હંસરાજભાઈ

આ ભાઈને મંત્રીશ્રી દ્વાર. મંડળના વડીલનું સંબોધન કરવામાં આવેલ, જેના પ્રત્યુતરમાં તેમણે જણાવેલ કે—

અમારા મંડળે મને ઓછી ઉમરે વડીલ ઠરાવી દીધો 'વ' એટલે સારો અક્ષર અને 'ડીલ' એટલે વધારાનું શરીર આમ જેનું મોટું શરીર તે વડીલ જે મારૂં નથી મારો આપ સમક્ષ બોલવાનો પ્રથમ અવસર છે. આપણે ૩ દિવસમાં ઘણુંજ કામ કર્યું અને ભવિષ્યમાં પણ ઘણાંજ કાર્યો કરીશું

(ત્યારબાદ આ ભાઇશ્રીએ પોતાની રમુજી શૈલીમાં દરેકે દરેક મંડળોના પ્રતિનિધિઓના સ્વભાવની રજુ આતી કરેલ.) અંતે સૌનો પધારવા બદલ આભાર માની રજા લીધેલ.

શ્રી અમ્રજીભાઈ વિશ્રામભાઈ

આપ સમક્ષ સૌ પ્રથમ હાજર થાઉં છું–સૌને સૌ પ્રથમ મારા અભિનંદન. આપણે ૩ દિવસની અંદર સમુદ્રમંથનની જેમ મંથન કરી કુનેહ સાથ અને સહકારથી કાર્ય સફળ કર્યું. તેમ ભવિષ્યમાં પણ આવી જ રીતે કરીશું તો આપણને સફળતા મળશે. અને સમુદ્રમંથનમાંથી અમૃત મળ્યું તેમ આપણે પણ અમૃત પામશું ! હવે પાછા ન પડતાં કાર્ય કરવાનું વચન લઇ અને બહાર પડશું, વડીલોના અમને આર્શીર્વાદ મળતા રહે અને શીખવાનું મળતું રહે તેવી આશા છે.

શ્રી બાબુલાલ નારાયણભાઇ

અમારા ફાળે ખુબજ વસમો વિષય આવ્યો. ૩ દિવસ કામ કર્યું ને કેવી રીતે સમય પસાર થયો તે ખબર ન પડી. લગ્ન પ્રસંગ પછી દિકરી વળાવતી વખતની સ્થિતિ થાય તેવી જ સ્થિતિ અમારી છે. ૩ દિવસમાં પ્રસ્તાવો પાસ કરી વચનબધ્ધ થયા તેને સમાજના ઉત્કર્ષ માટે પાળવા કટિબધ્ધ થશું. અને તન, મન, ધનથી સેવા આપશું. ભવિષ્યમાં આપણા કાર્યકરો હાજર નથી તેમનું માર્ગદર્શન પણ મળશે અને આપણને આગળ વધવામાં મદદ રૂપ થશે

શ્રી નાનજીભાઈ પ્રેમજીભાઇ

આનંદ અને લાગણીથી હૃદય સભર બન્યું છે શું કહેવું શું ન કહેવું તેમાંથી મનનો નિષ્કર્ષ નથી નીકળતો આપણા મુદ્દાઓ પર પુર્ણ વિવેચન કર્યું તો તેના આચરણ

માટે અત્યારથી જ કામે લાગવાનું છે. જીવનમાં કાર્યો ઘણાં છે પણ અસ્તિત્વનો સમય અલ્પ છે, તો અત્યારથી જ કાર્યો કરવાં છે તેમાં યશ–અપયશની આશા ન રાખવી વચનોનો ભાર સમાજ પર ન લાદતાં આપણે કાર્ય જ કરવા છે.

શ્રી જીવરાજભાઈ કરશનભાઈ

અમારા મંડળના આમંત્રણને માન આપી આપ સર્વે દૂર દૂરથી પધાર્યા તે બદ્દલ ગૌરવ અનુભવું છું. ૩ દિવસના સમય દરમિયાન થયેલ ચર્ચાઓનો અમલ કરીએ.

શ્રી તુલસીભાઈ કેશરાભાઇ

વિશેષમાં કંઈ કહેવાનું નથી આપણે જે કામ માટે ભેગા થયા તે કામનો ફેલાવો અને અનુકરણ એજ યોગ્ય છે.

શ્રી ગોપાળભાઈ વિશ્રામભાઇ

કોઇપણ ભગિરથ કાર્ય હાથમાં લેતાં જુસ્સો અને સંપ ખાસ જરૂરનાં છે. આપણું આ કાર્ય આગળ જતાં પણ આવીજ રીતે પાર પડે એવી આશા.

શ્રી રતનશીભાઇ લધાભાઈ

વિદાય લઇ રહ્યા છો તેથી ઘણુંજ દુઃખ થાય છે. ૩ દિવસમાં ભાંગ્યું તુટ્યું કામ થયું તેમાં ત્રુટિને સ્થાન હોય તો તથા અમારી પણ ત્રુટિઓ જરૂર હશે જેને ક્ષમ્ય ગણશો.

પ્રમુખશ્રી **ખીમજીભાઈ લખમશીભાઇ**

વિદાય પ્રવચનમાં કહેવામાં આવેલ જે અમારે ભાગે સ્વાગતનું કાર્ય આવેલ પણ વિદાય કાર્ય અમારા હાથમાં નહીં લઇએ, અને વિદાય નહિ આપીએ વિદાય આપતાં દરેકે દરેકને ઘણુંજ દુઃખ થાય છે. તે ખરેખર યોગ્ય જ છે. સૌ કાર્યકર્તા વતી અત્રે પધારી ખુબ ઓતપ્રોતતા બતાવી તે બદ્દલ ખુબ ખુબ આભાર આપણને એકબીજાની વ્યક્તિગત ઓળખાણ થઇ. અમારાં આ આયોજન પાછળ આપસૌનું પીઠબળ હતું, પ્રેરણા હતી, સાથ સહકાર હતો. આ પ્રથમ કાર્ય હોવાથી કાંઇક ઉણપો જરૂર હશે, અમને આ કાર્યથી સમજણ અને અનુભવ થયો. જરૂરી સુચનો માર્ગદર્શન આપના તરફથી મળ્યાં તે બદ્દલ સૌ વતી આભાર સમાજના વડીલો અને આગવું સ્થાન ધરાવતા શ્રી પચાણ શિવજી (નાગપુર)ના નાનાલાલ ઉકાણી (ભુજ) વિગેરેની ગેરહાજરી બદ્દલ દુઃખ લાગે છે. અમારૂં મંડળ અમારાથી બનતું દરેક કાર્ય કરશે અને આપની સેવા કરવાનો મોકો ભવિષ્યમાં પણ આપશો તેવી આશા છે. અમારામાંથી કોઇના પણ વર્તનમાં સ્વચ્છંદીપણાં કે તોછડાપણાંનો અંશ આવેલ હોય તો મોટું મન રાખી ક્ષમા આપશો.

શિલ્ડ અર્પણ કરવાનો વિધી

શ્રી પ્રેમજીભાઈ નાગજીભાઇ, નખત્રાણા

મને કહેવા દો, અતિશયોક્તિ કોઇ માનતું હોય તો ભલે માને, આજનો મંડપ આપણે જે શોભાવી રહ્યા છીએ, તે મંડપ આપણું ગુરૂકુળ છે. અને આપણે સૌ દિક્ષિત છીએ. અહીં જે કાંઇ મનન કર્યું તે દિક્ષા લીધીજ કહેવાશે. અખૈ ભાઈ વાલજીએ આપણી સમાજનો ગીત દ્વારા ચિતાર રજુ કર્યો તે વખતે આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. આપણે દિક્ષા લીધી છે, તેનું અનુકરણ કરવા જઈ રહ્યા છીએ.

આપના તરફથી અમે ઘણુ જ મેળવ્યુ અને મળ્યું. પણ અમે શું આપીએ, એવું કાંઇક આપવું કે જેની સુવાસ રહી જાય. શ્રી કરશનભાઇ નાગપુરવાળાને હું ફુલ નહિ તો ફુલની ફોરમ અપવાનું કહીશ–ત્યારબાદ

શ્રી કરશનભાઇ માવજી નાગપુરવાળાના હસ્તે

બહારનાં મંડળો તરફથી નવચેતન મંડળને એક શિલ્ડ અર્પણ કરવામાં આવેલ અને કહેવામાં આવેલ જે આ ફુલની ફોરમ રૂપી યાદગાર બનવા આ ચિહ્ન સ્મૃતિ રૂપે આપવામાં આવેલ છે. દિકરીનો બાપ દિકરી વળાવતાં રડે છે તેવી જ વિદાયવેળા વસમી છે. હૈયું ભરાયા વગર રહેતું નથી હૈયું ભરાઇ જાય છે તે હું કહેતો જ નથી પણ ખરેખર છે (આંખમાં આંસુ) (અન્ય સૌની આંખમાં પણ ઝળઝળિયાં, ખરેખર ઘણુંજ વસમું દ્રશ્ય હતું. સૌના મન ગમગીન હતાં) અમે પ્રતિનિધિત્વ કરવા અને અહીંનો અવાજ સાથે લઈ જવા આવ્યા. અહીંના ડાયરેકશન નીચે કોઇ ભાગ કાચો રહયો હોય એમ મને નથી લાગતુ. આંબો એવી ચીજ છે જેનું પાંદડુ, લાકડુ અને અમરફળ કામ આવે અને તે બધામાં પવિત્ર આ છે. અમ નવચેતન રૂપી આંબાનું ઝાડ ફુલે ફાલે અને અમને કામ આવે અંતે ફરીથી પણ વિદાય વસમી છે, એમ કહેવું જ રહયું.

ડૉ. વેલજી રામજી (ધાના)

આપનો કાર્યક્રમ પૂરો થયો તેનો યશ કોઇ એકને નહિં દરેકને ફાળે જાય છે. હું આભાર દર્શાવી શકતો નથી હું 'હુ' ન રહેતાં 'આપણે' બની ગયો છું. આપણે આત્માથી સંકળાયેલા છીએ આપણા આ કાર્યથી પણ બમણા વેગથી અખિલ ભારત સંમેલનમાં ભાગ લઇશું તો સારૂ થશે.

શ્રી કાન્તિભાઇ (જાગૃતિ-તંત્રી)

આપણે નવચેતનના સંદેશાને માન આપી કવિવર રવિન્દ્રનાથ ટાગોરની ભૂમિ

પર પગ મૂકી જે કાંઇ મંથન કર્યું છે તે આ પવિત્ર ગંગા નદીના કિનારેથી આ પવિત્રતા જ્ઞાતિ ગંગામાં વહેતી થાય તે આપણે જોવાનું છે. આપણી આ ભાવના કાયમ રહે તેમ ઇચ્છું છું. આવી જ રીતે અમારી પાસે આવીને અમારૂં આંગણું પણ પવિત્ર કરશો તેવી આશા છે.

પ્રમુખ શ્રી ખીમજીભાઈ તરફથી કહેવામાં આવેલ જે મે. પ્રેમજી ભીમજી કું.નો આ મંડપ બાંધવા પોતાના ગાળા જે કયારનાય વરસોથી હતા તેને અમારા મંડપ માટે ખોલવા પડયા અને અહીંના ભાઇઓ જે કાર્યમાં રચ્યાપચ્યા રહયા છે તેમનો મંડળ વતી આભાર માનું છું. અર્પણ કરેલા શિલ્ડની વિધી અમારે માટે બહુજ ભારરૂપ છે. અમે આ લેવા નહોતા માગતા પણ પ્રતિકરૂપે સ્વિકારીએ છીએ ત્યારે નિષ્ક્રિય અને આળસુ ન બનતાં આગળ વધવાની પ્રેરણા મળતી રહેશે.

(ત્યાર બાદ શિલ્ડ શ્રી કરશનભાઈ–નાગપુરવાળા દ્વારા આપવામાં આવતા કહેવામાં આવેલ જે શિલ્ડ લેનાર એક હાથ છે તે ખીમજીભાઈનો નથી પણ શ્રી નવચેતન પાટીદાર મંડળનો છે અને બીજો પોતાનો હાથ સૌ પધારેલ પ્રતિનિધિઓનો છે. તો તેને સહર્ષ વધાવશો.) (અને આ અર્પણવિધિ સૌએ જોરદાર અપૂર્વ તાળિયોના ગડગડાટથી વધાવી લીધેલ)

ત્યારબાદ બાલાઘાટવાળા શ્રી ઇશ્વરલાલભાઈ દ્વારા ૩ દિવસનાં કાર્યની રૂપરેખા સ્વરચિત ગીત દ્વારા ગાવામાં આવેલ;—

લો રવિની નીકળી પ્રથમ ઊગ્યું નવલ પ્રભાત,
બંધન મુક્ત થયા ભમરા ચુસી અમર પરાગ,
એમજ બંધન મુક્ત થાઓ ભાઈ છોડી અંધ વિશ્વાસ,
પુરવથી નિકળી જે કિરણ; નવચેતને પ્રગટાવી છે,
એ કિરણ ને ઓલાવવા ન દઇએ કસમ આપણે ખાવી છે,
કહેવી છે એક વાત મને ; આજે જ્ઞાતિના યુવાનોને
અર્ધ્ધનિદ્રામાં સૂતિ જ્ઞાતિ પહેલાં એને જગાડોને.
નવચેતનની એક હાકલથી આવ્યા યુવાનો થનગનતા.
ચહેરા પર ઉત્સાહ અનેરો ઉદ્દગારો છે મનગમતા.
પાંચ પ્રસ્તાવો યુવક સંઘના, પંચત્વ સમાન છે.
રગરગમાં સમાવી દેવા તલપાપડ સૌ યુવાન છે.
જે પ્રસ્તાવો પાસ કર્યા તે મક્કામતાથી પાળીશું
લીધી પ્રતિજ્ઞા પુરી કરવા નૈતિક હિંમત રાખીશું.

નારણ રામજી જોઇ રહ્યા છે. યુવકોનાં અરમાનો ને......
જાગો નવયુવાનો તમને સમયની પોકાર છે.
આગળ વધતાં ગભરાશોના વડીલોનો સહકાર છે.
શિક્ષા ક્ષેત્રનું બિડું ઝડપો જ્ઞાતિની લલકાર છે;
જાગો આજે તમારી સામે ફેલાયેલ અંધકાર છે.
અંતરમાં અજવાળાંથી તમે દુર કરો અંધારાંને...

ત્યારબાદ હુડમતિયા કંપાવાળા શ્રી શામજી શિવજી:—

આપની અમારા પ્રત્યેની સુસેવા અને આપના મંડળની વરણીના પ્રમુખશ્રીની બુધ્ધિચાતુર્ય ગભીરતા, કુનેહ. મંત્રીશ્રીની કાર્યદક્ષતા, સલાહ અને મંડળના સભ્યોની નિરાભિમાન અને ખડાપગે ઉમંગ સુસેવા અને કાર્યદક્ષતામાં સૌએ હાજર રહી વિનય સંયમ અને હોંશથી ફરજમાની નિસ્વાર્થ ભાવે જે યજ્ઞ અરંભ્યો તેનાં વખાણ મોંઢેથીં જેટલાં કરીએ તેટલાં ઓછાં પડે તેમ છે. વખાણ ન કરવા છતાં પણ પરાવાણી દ્વારા મારા આત્મભાવો પ્રગટ કર્યા વગર રહેવાનું નથી—

(૧) આગંતુક મહેમાનોની એવી સેવા કરી કે જાણે અમે કલ્પવૃક્ષ નીચે બેઠા છીએ કે કેમ ? જ્યારે કલ્પવૃક્ષ નીચે બેસીને વિચાર કરીએ ત્યારે ફળ મળે પરંતુ અહિં તો વિચાર કર્યા પહેલાં બધીજ સુસેવા હાજર હતી તો તેને શું ઉપનામ આપવું ?

(૨) ભારતના ખૂણે ખૂણાને સાંકળમાં ગુંથવાની પ્રથમ પહેલ પાછળ કેટલાય દિવસનો ખૂબ પરિશ્રમ અને તન, મન, ધનથી ઉભે પગે આપેલા ભોગની ખરેખર કદર કરવી ઘટે.

(૩) તેમનો વડીલો સાથેનો સુયોગ અને પ્રેમ સંપાદન અમારી આંખે પુજા ભાવનાની કૃપા રૂપે તરી આવતો હતો.

(૪) યુવક પ્રતિનિધીઓનું તેમજ મંડળના સભ્યોનું શિસ્તબધ્ધ પાશ્ચાત્ય દેશોની જેમ સમયસર, સવિવેક, કાર્યચાતુર્ય અને સભામાં અચુક હાજરી, પરોક્ષ કે અપરોક્ષ જ્યારે જ્યારે અધિવેશનને યાદ કરશું ત્યારે આ દ્રશ્ય સાંગોપાંગ ખડું થયા વિના રહેશે નહિં.

તો આના પ્રતિબિંબ રૂપે અમારામાં આવી ઐક્ય કૌટુંબિક ભાવના જાગે અને આપ સર્વે અમારે આંગણે પધારી અમોને સેવાનો લાભ આપી ઋણ મુકત કરો એજ અંભિલાષા.

ત્યારબાદ મંડળના સભ્યોશ્રી શામજી કરશન, નારાયણ સિવદાસ અને જવાહર કરશનનું નીચે મુજબ વિદાય ગીત રજુ કરવામાં આવ્યું હતું.

રચયિતાઃ—

શામજીભાઈ કીશનજી પટેલ
કલકત્તા (દેવિસર)
શ્રી જવાહરભાઈ કરશન પટેલ
હારમોનિયમ માસ્તર
નારણભાઈ શીવદાસ
કલકત્તા (દેવિસર)

થશું સૈનિક સાચા
કામ સમાજનું અમે કરનારા !
કરનારા કામ કરનારા.........થશું સૈનિક....
અમે એકતાનું ગાન ગુંજવનારા
નહિ નિશ્ચયથી પાછા પડનારા
ગામ ગામ જઇ નાદ ગુંજવનારા.........થશું સૈનિક...
અમે શ્રમના મહિમાને સમજનારા
નહિ પારકી આશે લટકનારા
કરી આરંભ પાછા ના પડનારા.........થશું સૈનિક...
અમે સાધનાથી નહિ થાકનારા
નહિ તપથી કદી કંટાળ નારા
અમે મનમાં લીધેલું પાર પાડનારા.........થશું સૈનિક...
લોભલાલચ મહી તો નહિ ફસનારા
નહિ લીધેલો પંથ અમે ચુકનારા
ધ્યેયનિષ્ઠ બની જીવનને જીવનારા.........થશુ સૈનિક...
નહિ ભાંત્રોની પાછળ ભટકનારા
ચરડયો છે કુ પથે અટકનારા
સત્પંથે સદૈવ ડગ ભરનારા.........થશું સૈનિક...
અમે ભક્તિની શકિતથી ઝૂમનારા
ખભે ખભા મિલાવી ઝઝૂમનારા
દુષ્ટ વૃતિને વિશ્વેથી હાંકનારા.........થશું સૈનિક...
અમે પ્રેમથી સૌને સમજ નારા
ભાવ ભકિતથી સમાજને માન નારા
અમે સૌમાં સમાજને નિરખનારા.........થશું સૈનિક...

 ત્યારબાદ ચક્રવર્તિશ્રી રાજાજીના અકાળ અવસાન બદલ બે મિનિટનું મૌન પાળવામાં આવેલ. અને ત્યારબાદ રાષ્ટ્રગીત ગાવાયા બાદ સભા બરખાસ્ત જાહેર કરવામાં આવેલ.

તા. ક. સૌ પ્રતિનિધીઓ વતી આપવામાં આવેલ શિલ્ડમાં નીચે મુજબ લખાણ છે.
" શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ તરફથી શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તાને સપ્રેમ ભેટ.

શ્રી ઉમિયાય નમઃ

* ઠરાવોની નકલ *

શ્રી અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર યુવક મંડળોના પ્રતિનિધિઓની સભા "શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા" ના સંયોજન હેઠળ કલકત્તા મુકામે તા. ૨૩-૧૨-૭૨થી ૨૬-૧૨-૭૨ સુધી મળેલ. જેમાં નીચે મુજબના ઠરાવો ચર્ચા-વિચારણાને અંતે સર્વાનુમતે પસાર કરવામાં આવેલ.

ઠરાવ નં. ૧ "અખિલ ભારતીય ધોરણે યુવક સંમેલન બોલાવવા બાબત"

યુવકોમાં પરસ્પર સ્નેહ, સહકાર અને સંગઠનની ભાવના વધારવા અને સમાજમાં ચાલતા કુરિવાજો સામે અવાજ ઉઠાવવા યુવક સંમેલન યોજવું. આ સંમેલન સં. ૨૦૩૦માં કચ્છ મધ્યે નખત્રાણા ગામે યોજવું. સંમેલનનો દિવસ "તદર્થ સમિતિ" નિર્ણય કરી જાહેર કરશે

ઠરાવ નં. ૨ "અખિલ ભારતીય ધોરણે યુવક સંગઠનની રચના બાબત"

અખિલ ભારતીય ધોરણે યુવક સંગઠનની સ્થાપના કરવી. આ સંગઠનનું નામ 'શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ'' રહેશે. સંઘની રચના માટે સંવિધાન તૈયાર કરવા તેમજ સંવિધાન અમલમાં આવે ત્યાં સુધી કાર્ય ચલાવવા માટે ૩૧ સભ્યોની 'તદર્થ સમિતિ' ની રચના કરવામાં આવેલ.

ઠરાવ નં. ૩ શ્રી અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજે સમયે સમયે પસાર કરેલ ઠરાવોના અમલ કરાવવા બાબત.

શ્રી અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજે સમયે સમયે પસાર કરેલ ઠરાવોનો ચુસ્તપણે અમલ થવો જોઈએ. અનિવાર્ય સંજોગોમાં નિયમોનો ભંગ

કરવાની પરિસ્થિતિ ઉપસ્થિત થાય તો તેથી પહેલાં પોતાની ‘સ્થાનિય સમાજ’ તેમજ ‘શ્રી અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજ’ ની લેખીત મંજુરી મેળવવાની રહેશે. સમાજને કારણો યોગ્ય ન જણાય અને મંજુરી ન આપે તો સમાજના નિયમોનું ઉલ્લંઘન કરવું નહિં. આમ મંજુરી ન મળવા છતાં નિયમોનુ ઉલ્લંઘન કરવામાં આવે તો ‘યુવક સંઘે’ તેની નોંધ લઇ આગળ યોગ્ય પગલાં લેવાં અને તેની જાણ સમાજને કરવી.

ઠરાવ નં. ૪ “ કન્યા કેળવણી બાબત ”

સમાજની બહેનોને કેળવણીના પંથે આગળ લાવવા યુવક મંડળોએ ગામે-ગામ કન્યા કેળવણીનો પ્રચાર કરવો જોઈએ. કન્યા છાત્રાલયોની યોગ્ય સ્થળે વહેલામાં વહેલી તકે સ્થાપના થાય તે બાબત ‘યુવક સંઘે’ સમાજને વિનંતી કરવી.

ઠરાવ નં. ૫ “ સનાતન ધર્મનો પ્રચાર અને ધાર્મિક સંગઠન બાબત”

સમાજમાં ચાલતી અંધશ્રધ્ધાઓને નાબુદ કરવા, ‘યુવક સંઘે’ સનાતન ધર્મનો પ્રચાર કરવો જોઇએ. યુવકોએ ધાર્મિક ભાવના કેળવવા માટે ધાર્મિક સભાઓ તેમજ સંમેલનોમાં ભાગ લેવો જોઇએ. તેમજ આયોજન કરવાં જોઈએ. અખિલ ભારતીય ધોરણે ધાર્મિક સંસ્થાની સ્થાપનાના પ્રયાસો કરવા માટે સમાજને “ યુવક સંઘ ” વતી વિનંતી કરવામાં આવે.

—સમાપ્ત



Yuvak Sangh Adhoc Comittee Pune Report

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ તદર્થ સમિતિ, પૂના.

તા. ૨૭-૨-૭૩ થી તા ૧-૩-૭૩

ઉપરોક્ત સંઘના ઉપક્રમે ગત તા. ૨૭-૨-૭૩ના રોજ બપોરના ૩-૦૦ વાગે પૂનાના આપણા સમાજના અગ્રગણ્ય વેપારી શ્રી નાનજીભાઇ દેવજીભાઈના નિવાસસ્થાન "રામાણી નિવાસ" ખાતે તદર્થ સમિતિના સભ્યોની મિટીંગ યોજવામાં આવી હતી; જેમાં શ્રી નવચેતન પાટીદાર યુવકમંડળના પ્રમુખશ્રીએ કલકત્તા ખાતે ડિસેમ્બર ૭૨માં મળેલ પ્રતિનિધિ સંમેલનની રૂપરેખા આપી હતી.

આગંતુક મહેમાનોએ સંઘની સ્થાપના બદલ તેમજ આગામી વર્ષે અધિવેશન બોલાવવા માટે સંઘની સ્થાપના બદલ આનંદની લાગણી વ્યક્ત કરી હતી,

સાંજે ૬-૦૦ પછી " ઉદ્યાન કાર્યાલય " ખાતે જ્યાં મિટીંગનું આયોજન તેમજ રહેવા તથા ભોજન વગેરેનો પ્રબંધ કરવામાં આવ્યો હતો તે સ્થળે સૌએ પ્રયાણ કર્યું હતું.

રાત્રે ૯ થી ૧૨ દરમિયાન શ્રી પૂના પાટીદાર યુવક મંડળ દ્વારા આગતુકોના સ્વાગત તેમજ પરિચય વિધિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ઉપરાંત કલકત્તા ખાતે મળેલ પ્રતિનિધિ સંમેલનમાં વિચારેલ તે મુજબ તદર્થ સમિતિની રચનાને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું હતું.
તદર્થ સમિતિના વિભાગવાર નક્કી થયેલા સભ્યોની નામાવલી નીચે મુજબ છે.

શ્રી ખીમજીભાઇ લખમસી પટેલ-પ્રમુખ પૂર્વ ભારત (કલકત્તા)
,, કરસનભાઇ માવજી પટેલ-ઉપ-પ્રમુખ નાગપુર
,, શામજીભાઈ શીવગણ પટેલ ,, ગુજરાત
,, અખેરાજ પ્રેમજી પટેલ-મંત્રી કલકત્તા
,, પ્રેમજીભાઇ નાગજી પટેલ-સહમંત્રી કચ્છ
,, ડો શામજીભાઈ લાલજી પટેલ ,, મુંબઇ
,, વાડીભાઇ કે. પટેલ ,, ગુજરાત
,, ધનજીભાઇ મેઘજી પટેલ ,, હૈદ્રાબાદ

શ્રીમતી પુષ્પાબેન ડી. પટેલ સ મં. મુંબઇ
શ્રી દેવજી વાલજી પટેલ-ખજાનચી કલકત્તા
,, નાનજી દેવજી રામાણી-સહખજાનચી પુના

—સભ્યો—

શ્રી રતનશીભાઇ હીરજી પટેલ પુના
,, વિશ્રામભાઈ હંસરાજ પટેલ કલકત્તા
,, જવાહરભાઈ કરસન પટેલ ,,
,, લખમશીભાઇ નાયાભાઇ પટેલ ,,
,, કરસનભાઇ પરબતભાઇ પટેલ આસનસોલ

શ્રી વિસનજીભાઇ રામજીભાઈ પટેલ ઈંદોર
,, ભાણજીભાઇ હરજી પટેલ જબલપુર
,, પન્નાલાલ કરસન પટેલ રાયપુર
,, ગંગારામ હીરાલાલ પટેલ દિલ્હી
,, કરસનભાઇ વિશ્રામ પટેલ ,,
,, જીવરાજભાઇ રામજી પટેલ નાગપુર
,, દામજીભાઈ દેવસી વેલાણી મુંબઈ
,, હંસરાજભાઈ ખેતાભાઇ પટેલ મદ્રાસ
,, કેશવલાલ કાનજીભાઇ પટેલ બેંગલોર
,, હીરાલાલ હંસરાજ પટેલ નખત્રાણા
,, નાનાલાલ વી ઉકાણી ભુજ
,, દયારામ લધારામ પટેલ વિગોડી
,, દેવજીભાઈ પ્રેમજીભાઇ પટેલ આણંદસર
,, મોહનલાલ શીવજીભાઇ પટેલ નાગલપુર
,, વિનોદચંદ્ર સોમજીભાઈ પટેલ હરસડી
,, વિરજીભાઇ લધાભાઇ પટેલ કોલ્હાપુર
,, પ્રેમજીભાઇ એ. પટેલ ધનસુરા
,, દેવજીભાઇ ખીમજીભાઇ પટેલ અમદાવાદ

પ્રિન્સિપાલ શ્રી રતિલાલ લધાભાઇ પટેલ તલોદ
શ્રી કાન્તિભાઈ કે પટેલ ધનસુરા

— મહિલા સભ્યો —

શ્રીમતી પાર્વતીબેન આર. પટેલ અમદાવાદ
,, લક્ષ્મીબેન રવજીભાઇ પટેલ મદ્રાસ
કુ. નિર્મળાબેન રામજી પટેલ જબલપુર

—સલાહકારો—

શ્રી માવજી ધનજી પટેલ મુંબઇ
,, માવજીભાઇ પેથાભાઈ પટેલ ,,
,, પચાણભાઈ શીવજીભાઇ પટેલ નાગપુર
,, લાલજીભાઇ ભાણજી પટેલ પુના
,, નાનજીભાઇ કાનજી પટેલ ગુજરાત
,, વિશ્રામભાઇ નથુભાઈ પટેલ ,,
,, દાનાભાઇ દેવશીભાઇ પટેલ કલકત્તા
,, ડૉ. વી. એચ. પટેલ ભૂજ
,, કરસનભાઈ રાજા પટેલ ,,
,, માવજીભાઇ હીરજી પટેલ જબલપુર

તા. ૨૮–૨–૭૩ બુધવારના રોજ સવારના પ્રાર્થના તેમજ ચા નાસ્તાના કાર્યક્રમ બાદ સવારના ૯ થી રાતના ૧૨ તદર્થ સમિતિની મિટીંગ મળી હતી. જેનુ અધ્યક્ષસ્થાન નાગપુર નિવાસી શ્રી પચાણભાઈ શીવજીભાઇએ શોભાવ્યું હતુ. તેમજ સર્વાનુમતે નકકી કાર્યા મુજબ હાલ પૂરતું સંઘના કાર્યાલય તરીકે નવચેતન પાટીદાર યુવક મંડળ જ રહેશે અને સંઘના પ્રમુખ તરીકે શ્રી ખીમજીભાઈ લખમશીભાઇને જ જવાબદારી સોંપવામાં આવી હતી તેથી આજની સભામાં મુખ્ય સ્થાન તેઓશ્રીએ શોભાવ્યું હતું.

ત્યાર બાદ પ્રસંગને અનુસરીને કાર્યવાહીની શરૂઆત થતાં નીચે મુજબના મુદ્દાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

(૧) શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના સભ્ય પદ સભ્ય ફી, ઉંમર વગેરે નક્કી કરવા બાબત.

(૨) સંઘનું બંધારણ ઘડવા માટે બંધારણ સમિતિ નિમવા બાબત

ઉપરોક્ત મુદ્દા નં ૧ ને અનુસરીને નીચે મુજબના સભ્યોએ પોત પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યાં હતાં.

શ્રી કરશનભાઈ માવજીભાઈ નાગપુર		શ્રી માવજીભાઈ ધનજીભાઈ મુંબઈ	
,, નાનાલાલ વી. ઉકાણી ભુજ		,, દેવજીભાઈ ખીમજીભાઈ અમદાવાદ	
,, દામજીભાઈ ડી. વેલાણી મુંબઇ		,, રતનશીભાઈ હીરજીભાઈ પૂના	
,, વિસનજીભાઈ આર. પટેલ ઇંદોર		,, પ્રેમજીભાઈ અખેરામભાઈ ધનસુરા	
,, વાડીભાઈ કે. પટેલ ધનસુરા		,, નાનજીભાઈ કાનજીભાઈ ધનસુરા	
,, ભાણજીભાઈ હરજીભાઈ જબલપુર		,, ખીમજીભાઇ લખમશીભાઈ કલકત્તા	
,, શામજીભાઈ એસ પટેલ વડાગામ		,, માવજીભાઈ પેથાભાઈ મુંબઈ	
,, નાનજીભાઈ દેવજીભાઈ પૂના		,, જીવરાજભાઈ રાંમજીભાઈ નાગપુર	
,, અખેરામ પ્રેમજીભાઈ કલકત્તા		,, ગંગારામ હીરાલાલ દિલ્હી	
,, ધનજીભાઈ પ્રેમજીભાઈ હૈદ્રાબાદ		,, વિશ્રામભાઈ નથુભાઈ ધનસુરા	
,, પ્રેમજીભાઈ નાગજીભાઈ નખત્રણા		,, પચાણભાઈ શીવજીભાઇ નાગપુર	

ઉપરોક્ત સભ્યોનાં મંતવ્યો બાદ વધુ મતે નક્કી થયા મુજબ અધ્યક્ષ શ્રી પચાણભાઈ શીવજીભાઇએ નીચે મુજબ નિર્ણય સર્વાનુમતે જાહેર કર્યો હતો.

(૧) ભારતભરમાં વસતાં આપણા કોઇપણ યુવક મંડળો સંઘના સભ્ય બની શકે.

(૨) દરેક યુવક મંડળો પોતાના યુવક મંડળના સભ્યોની યાદી તેમજ સભ્ય દીઠ રૂા. ૧/– નક્કી થયા મુજબ મોકલાવી આપે.

(૩) સંઘના સભ્યની ઉંમર મર્યાદા ૪૫ વર્ષથી વધવી ન જોઇએ.

ઉપરોક્ત મંતવ્યોની રજુઆત થયા બાદ મંડળના ઉદ્દેશોની બાબતમાં નીચે મુજબના વકતાઓએ પોતપોતાના વિચારો પ્રદર્શિત કર્યા હતા.

(૧) શ્રી વાડીભાઇ કે. પટેલ ધનસુરા	(૭) દયારામ લધાભાઇ વિગોડી
(૨) પુષ્પાબેન ડી. પટેલ મુંબઇ	(૮) પ્રેમજીભાઇ અખેરામભાઈ ધનસુરા
(૩) કરશનભાઇ માવજીભાઈ નાગપુર	(૯) નાનજીભાઇ દેવજીભાઇ પૂના
(૪) વિશ્રામભાઇ હંસરાજભાઇ કલકત્તા	(૧૦) વિસનજીભાઇ રાંમજીભાઇ ઇંદોર
(૫) લાલજીભાઈ ભાણજીભાઇ પૂના	(૧૧) માવજીભાઈ ધનજીભાઇ મુંબઇ
(૬) ડૉ. સામજીભાઇ લાલજી મુંબઇ	(૧૨) કાન્તિભાઇ કે. પટેલ ધનસુરા
	(૧૩) પચાણભાઇ શીવજીભાઇ નાગપુર

ઉપરોક્ત સૌ સભ્યોએ —(૧) કેળવણી ક્ષેત્રે દ્વિપક્ષી વિકાસ સાધવા (૨) ગરીબ તેમજ લાયક બાળકોને શૈક્ષણિક સહાય આપવા. (૩) સામાજિક સડાઓને આગળ વધતા અટકાવવા (૪) સાંપ્રદાયિક મતભેદ અંગે વિચાર કરી સનાતન ધર્મનો પ્રચાર કરવા (૫) ધૂંઘટ જેવી પ્રથાથી સ્ત્રીઓનો વિકાસ અટકે છે. વગેરે બાબતો યુવક મંડળે દ્રષ્ટિ સમક્ષ રાખી બંધારણીય માર્ગે આગળ વધવું જોઇએ એવો નિર્દેશ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ કલકત્તા ખાતે મળેલા યુવક મંડળોના પ્રતિનિધિ સંમેલનમાં નક્કી થયેલા ઠરાવોની ચર્ચા કરી પસાર કરવામાં આવ્યા હતા. આ ઠરાવોમાં કન્યા કેળવણીને ઉત્તેજન આપવા સમાજના ઠરાવોમાં વખતો વખત થતું ઉલ્લંઘન અટકાવવા તેમજ સનાતન ધર્મના પ્રચાર માટેનાં મુદ્દાઓને સ્પર્શવામાં આવતાં નીચેનાં મંતવ્યો રજુ થયાં હતાં.

નાનાલાલ વી. ઉકાણી (ભુજ)

(૧) કન્યા કેળવણીને ઉત્તેજન આપવા કચ્છમાં ભુજ ખાતે છાત્રાલય ઉભું કરવું જોઇએ. (૨) બાળલગ્નને અનુસરી હિંદુ લૉ સ્પેશ્યલ મેરેજ એકટ સમજાવ્યો હતો. (૩) સનાતન ધર્મના માટે પ્રચાર કરવો ખૂબ જરૂરી છે. આ અંગે પધ્ધતિસરનુ વ્યવસ્થા તંત્ર ગોઠવવા પ્રયાસ કરવો જોઇએ.

અખઇભાઇ પી. પટેલ (કલકત્તા)

સમાજના નિયમોનું ઉલ્લંઘન કરનારને વખોડી કાઢવા જોઇએ. આ અંગે દરેક યુવક મિત્રોએ જાગૃત બની નૈતિક હિંમત બતાવવી જોઇએ.

દામજીભાઇ દેવસીભાઇ પટેલ (મુંબઇ)

લગ્નો યુવકોનાં થાય, દોષિત વડીલો ઠરે. સમાજનું હિત હૈયે વસતું હોય તો પરણનાર યુવકેજ નિયમનુ ઉલ્લંઘન ન થાય તે જોવું જોઇએ.

ઘણા કિસ્સાઓમાં છોકરા પક્ષની સગવડતા સાચવવા કન્યાપક્ષે કન્યાનાં માતાપિતાએ ઠરાવોનો ભંગ કરવા લાચાર બનવું પડે છે. યુવકોએ આ બાબતમાં ગંભીર રીતે વિચારવું જોઇએ.

લાલજીભાઇ ભાણજીભાઈ (પૂના)

સમાજના ઠરાવોના ઉલ્લંઘનને અટકાવવા યુવકો અને સ્થાનિક વસતા ભાઇઓએ પ્રવૃત્તિ અટકાવવી જોઇએ. એકાએક એ મુશ્કેલ છે ધીરે ધીરે સફળતા મળશે.

ધાર્મિક બાબતમાં શાસ્ત્રીજીની પ્રેરણાથી સ્વાધ્યાય કેન્દ્રો ઉભાં કરી શિબિરો યોજી ધર્મ પ્રચાર થવો જોઇએ.

સામજીભાઇ એસ. પટેલ (વડાગામ)

યુવકસંઘ બાલ સ્વરૂપે છે. તેની પ્રવૃતિઓને આપણે વિકસાવવી છે. વડીલોની ભૂલો પ્રત્યે આપણે તેઓને નિર્દેશ કરવો જોઇએ.

મોટા ભાગે છોકરાપક્ષના દબાણથી પણ છોકરી પક્ષવાળાં લગ્ન લેવા મજબુર બને છે. આ બધી બાબતોને નજર સામે રાખી યુવક મિત્રોએ ખભે ખભા મિલાવી પ્રવૃત્તિશીલ બનવું પડશે.

 સંપ્રદાયોની દ્રષ્ટિએ આપણા સમાજની શકિત બે વિભાગમાં વહેંચાયેલી છે. બાહ્ય દ્રષ્ટિએ જે આચરણોથી આપણે શરમ અનુભવીએ છીએ તે જો દૂર થાય તો સામાજિક એકતા સાધી શકાય. કેટલાંક આચરણો અમારા માટે મુશ્કેલીરૂપ છે, પરદેશમાં એ અંગે કોઇ નડતર નથી

અંતમાં ઘર, ગામ કે સમાજને નુકશાન ન થાય એવી પ્રવૃત્તિઓ યુવક મંડળે ઉપાડી લઇ સામાજિક વિકાસ તરફ આગળ વધવાની જરૂર છે.

વિશ્રામભાઇ એન. પટેલ (ધનસુરા)

શાસ્ત્રોકત રીતે પ્રેમપૂર્વક લગ્ન ઉજવાઇ ગયા બાદ બે ત્રણ વર્ષે પણ લગ્ન વિચ્છેદનો મુદ્દો ઉભો થાય છે. આ બાબતને અટકાવવા માટે યુવક મંડળોએ પોતાની જાત નિચોવી નાખવાની જરૂરી પડશે. લગ્નવિચ્છેદ ન થાય તે માટે કડકાઇપૂર્વક યુવકોએ લાલ બત્તી ધરવાની જરૂર છે.

માવજીભાઇ ધનજીભાઈ (મુંબઇ)

લગ્ન વિષયક ઠરાવો તેમજ છુટાછેડા સંબંધી જે પ્રશ્નો છે તે ખૂબ ગંભીર છે.

સામાજિક દ્રષ્ટિએ ઠરાવો કે રીત રિવાજોનું ઉલ્લંઘ થતું અટકાવવાની દરેકની ફરજ છે. સગાં સબંધીઓમાં નિયમ વિરુધ્ધ લગ્નો થતાં હોય તો તે સમજાવીને અટકાવવાં જોઇએ. સ્થાનિક તેમજ બહારના યુવક મંડળોએ જાગૃત બની સત્યાગ્રહ કરીને પણ આ બધું અટકાવવું જોઈએ.

નજીવાં કારણોસર થતા છુટાછેડા સમાજનું ગંભીર દૂષણ છે. જે યુવક ભાઇઓ આવું પગલુ ભરવા તૈયાર થાય તેમને અટકાવવા જોઈએ અગર યુવકોએ વિચારીને જ આ પગલું ભરવું જોઇએ.

ધાર્મિક બાબતમાં આપણા વડીલોનો સાઠેક વર્ષથી પ્રયાસ ચાલુ છે. એનાં મૂળ ઉંડાં છે. આપણે કેટલાક ભાઇઓએ સતપંથી ભાઇઓના યુવક વર્ગને સમજાવવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

બીજા સમાજોની દ્રષ્ટિએ આપણે હલકા દેખાઇએ તેવાં આચરણોથી આપણને તકલીફ ઉભી થાય છે. ભુતકાળમાં સ્થાપિત હિતોએ પોતાના સ્વાર્થ ખાતર અજ્ઞાન અને અભણ પ્રજાને અવળા રસ્તે દોરી છે

આપણે જાગૃત થઇ એ લોકોને વિનવીએ, સમજાવીએ તો તત્કાળ સફળતા મેળવીએ.

ખીમજીભાઈ લખમશીભાઈ કલકત્તા.

 આપણા સમાજના ૧૭ ઠરાવોમાંથી મોટાભાગનાનું પાલન થાય છે. પણ લગ્ન જેવા મોટા પ્રસંગો ઉજવાય તે દેખાઇ આવે છે. પરિણામે સમાજનો ઠરાવ તૂટે છે એવી અફવા ફેલાય છે, તે વ્યાજબી નથી. આ ઠરાવની ફેર વિચારણા માટે પણ સમાજને અપીલ કરી શકીએ. પણ આવા પ્રસંગોએ વધુ પડતા ખર્ચમાંથી બચવા અજુગતાં ખર્ચ કેમ ઓછાં થાય તે વિચારવું જોઇએ. કલકત્તા યુવક મંડળે આ બાબતની શરૂઆત એકાદ બે પ્રસંગોમાં કરી પણ છે.

માવજીભાઈ પેથાભાઈ મુંબઈ

સામાજિક નિયમભંગ થતો અટકાવવાની જરૂર છે. યોગ્ય કારણસર લગ્ન જેવી બાબતમાં સમાજની પરમીશનથી છુટ આપી શકાય છે. અને અપાઇ પણ છે.

ધર્મની બાબતમાં સ્વાધ્યાય કેન્દ્રો નથી ત્યાં ઉભાં કરીને અઠવાડિયે એકાદ બે વખત ધાર્મિક પ્રવૃત્તિ આદરવી જોઇએ.

મુંબઇમાં થોડા દિવસ પહેલાં યુરોપ, આફ્રિકા, અમેરિકા, જાપાન વગેરે દેશોના સન્યાસીઓ જેઓએ પહેલાં ક્રીશ્ચીયન ધર્મ અંગિકાર કર્યો હતો, અને હાલમાં હિંદુ સંસ્કૃતિના રંગથી રંગાયેલા એ સાધુ પુરુષોને સાંભળવાનો મને લાભ મળ્યો હતો.

ભગવાંવસ્ત્ર, માથા પર શિખા અને હાથમાં દંડ ધારણ કરેલ જેમના ગુરુ બંગાળી સાધુ છે તેવા એ સંન્યાસીઓને શ્રોતાઓનાંથી કોઇએ પ્રશ્ન પૂછ્યો કે તમો ભારતીય સંસ્કૃતિની વાત કરવા છેક અહીં સુધી કેમ આવ્યા છો ?

તેમણે જવાબ આપ્યો કે અમો સનાતન ધર્મમાંથી ઘણું બધું સમજી શકયા છીએ. ભગવદ્દગીતા, ભાગવત, બ્રહ્મ સંહિતા વગેરે પુસ્તકોનો અમોએ વિગતવાર અભ્યાસ કર્યો છે. આશ્ચર્યની વાત છે કે આ પુસ્તકોના અર્થ રેફરન્સ સાથે તેઓ સંસ્કૃતમાં સ્પષ્ટ કરતા હતા કારણ કે તેઓને આ બધું ગમતું હતું.

જવાબમાં સન્યાસીએ એમ પણ કહ્યું; તમો ભારતીય લોકો પાસે જે કંઈ છે તેનો ઉપયોગ કરતા નથી. તમો જે કંઈ આપી શકો તેમ છો છતાં આપતા નથી તમો માત્ર ભિક્ષા માગવા જ ટેવાયેલા છો તો તમો જે આપી શકો તેમ છો છતાં નથી આપી શકતા તે જ વસ્તુ આપવા અમોને અહીં આવવું પડયું છે.

આપણે સૌએ એક બાબત નજર સમક્ષ રાખવાની જરૂર છે. "ધર્મ ત્યારે ટકે છે જયારે તે આચરવામાં આવે છે. ધાર્મિક પુસ્તકોનું વાંચન કરી આપણે સૌએ વિચારવાનું છે,, આપણે કયાં છીએ ! આપણે અંધશ્રધ્ધાને ઝૂંટવી લેવા માગીએ છીએ તેની જગ્યાએ કંઇક નવું જ આપીશું તો આગળ વધી શકીશે.

નાનજીભાઇ કાનજીભાઈ (રાયણનોમાળ)

ગુજરાતમાં સંપ્રદાયની દ્રષ્ટિએ અમોને આચરણોની તકલીફો છે તે દૂર કરવા યુવક મિત્રો સાથ આપે. જેથી આપણે સૌ સાથે મળી તેઓની સાથે યોગ્ય ચર્ચા વિચારણા કરી શકીએ.

ઉપરોક્ત બધી ચર્ચા વિચારણાના અંતે આગામી સં. ૨૦૩૦માં કચ્છ નખત્રાણા મુકામે યોજવામાં આવનાર અધિવેશનના ખર્ચ અંગે જુદાં જુદાં મંતવ્યો એકત્ર કરી આપણાં દરેક યુવક મંડળો યુવક સંઘનાં સભ્ય બને, અને દરેક મંડળો પોતાની સભ્ય સંખ્યા દીઠ એક એક રૂપિયો મોકલાવી આપે જેથી અધિવેશન તેમજ અન્ય કોઇ કાર્યવાહીઓ અંગેના ખર્ચનો પ્રશ્ન ઉકેલી શકાય.

આ બાબતમાં હવેથી કામચલાઉ ખર્ચને પહોંચી વળવા માટે મીટીંગ દરમ્યાન યુવક મંડળો દ્વારા તેમજ વ્યક્તિગત રીતે મળી કુલ રૂ. ૭૫૦૦/- (સાડા સાત હજાર)ની રકમ નોંધવામાં આવી હતી.

ઉપરોક્ત રીતે એ દિવસ દરમિયાન રજુ થયેલા વિચારોને અનુસરીને ભવિષ્યમાં યુવક મંડળની પ્રવૃત્તિને જારી રાખવા અને બંધારણીય માર્ગે જ સંઘનાં સભ્ય એવાં યુવક મંડળો સામાજિક વિકાસ પ્રતિ પ્રગતિ સાધે તે માટે સંઘનું બંધારણ નક્કી કરવા એક સમિતિની રચના કરવામાં આવી છે. અને એ સમિતિના સભ્યો ગુજરાતમાં ધનસુરા ખાતે સં ૨૦૨૯ની દિવાળીની આસપાસના દિવસમાં એકત્ર થઇ બંધારણ ઘડશે.

બંધારણ સમિતિઃ—

(૧)	**પચાણભાઈ શીવજીભાઈ પટેલ**	નાગપુર
(૨)	**પ્રિન્સિપાલ રતિલાલ લધાભાઇ પટેલ**	તલોદ (ઓરડીટીબા)
(૩)	**માવજીભાઈ ધનજીભાઈ પટેલ**	મુંબઇ
(૪)	**માવજીભાઈ પેથાભાઇ પટેલ**	મુંબઈ
(૫)	**નાનાલાલ વી. ઉકાણી**	ભુજ

સમુહ મિલન—પૂના

તા. ૧-૩-૭૩

સભા સ્થળઃ કેશવલાલ એન્ડ કું. સમયઃ સાંજના ૪-૩૦ થી ૬-૩૦

પ્રમુખ સ્થાનઃ લાલજીભાઈ ભાણજીભાઈ, પટેલ ડાહ્યાભાઈ તેજાભાઇ પટેલ

તાજેતરમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના ઉપક્રમે તદર્થ સમિતિની મિટીંગ યોજવામાં આવી હતી જેમાં ઉપરોક્ત વડીલોના પ્રમુખ સ્થાને

નિર્દેશ કરેલા સ્થળ સમય અને તારીખે પૂના સમાજનાં આબાલવૃધ્ધ સ્ત્રી પુરુષો સાથે યુવક સંઘનો સમુહમિલનનો કાયક્રમ રાખવામાં આવ્યો હતો.

બહારથી પધારેલામહેમાનોનો પરિચય શ્રી નાનજીભાઇ દેવજીભાઇ ટીમ્બર ટ્રેડીંગ કંપની વાળાએ કરાવ્યેઃ હતો.

આ પ્રસંગે નીચે મુજબના વકતાઓએ સંબોધન કર્યું હતું.

હીરજીભાઇ સવદાસભાઈ પૂનાઃ– યુવક મિત્રોએ પૂના ખાતે મિટીંગ બોલાવી તેનો અમોને પણ લાભ મળ્યો છે. આ દિવસોમાં અહીંના સમાજના આગેવાનો અને સૌ યુવક ભાઇઓએ જે ઉત્સાહ બતાવ્યો છે તે ખુબ આનંદની વાત છે. સંઘ તેનાં ધારેલાં કાર્યો પાર પાડે અને પ્રગતિ સાધે એવી અભિલાષા.

ડાહ્યાભાઇ કરશનભાઇ પૂનાઃ– શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના ભાઈઓ અત્રે પધાર્યા છે તે આનંદની વાત છે. ખોટા રીવાજો નાબુદ કરવા માટે પાછલી પેઢીને આવા પ્રસંગથી પ્રેરણા મળશે. આવા પ્રસંગોનો સંદેશો ગામડે ગામડે અને ઘેરઘેર પહોંચાડવો જોઇએ.

પચાણભાઈ શીવજીભાઇ નાગપુરઃ– યુવક સંઘના કાર્યક્રમમાં આપણને જે પ્રેમ, લાગણી અને ભાવના જોવા મળી તે ભુલાય તેમ નથી. યુવાન લોહી આગળ ન આવે ત્યાં સુધી કોઇ પણ સમાજ પ્રગતિશીલ ન બની શકે. કલકત્તાથી પ્રગટેલી જ્યોત દેશભરમાં પ્રસરે સંઘના કાર્યકર્તાઓ નિરાભિમાની અને નિશ્પાપ હશે તો વડીલોનો સાથ સહકાર જરૂર મળી રહેશે.

સમાજની ઉન્નતિ માટે દીકરીઓને શિક્ષણ આપવા દૃષ્ટિભેદ ન રાખવો જોઇએ.

સમાજમાં શિક્ષણ ન હોઈ ઘણી જગ્યાએ સાસુ વહુના ઝઘડા થતા હોય છે. દીકરાની વહુને દીકરી સમાન જ ગણવી જોઇએ. વહુઓને જ્યાં ત્રાસ અપાય છે. ત્યાં પોતાના દિકરાને જ ત્રાસ થાય છે તે સાસુઓ સમજી શકતી નથી.

જો સુખી થવું હોય તો દીકરાની વહુને પ્રફુલ્લિત રાખો; તેમાંજ ડહાપણ છે. જ્યાં સુધી આવું વાતાવરણ ન હોય ત્યાં સુધી સાસુ સસરાને શાંતિ મળતી નથી, મનને નિર્મળ કરી ઘરમાંથી જ શાંતિ મેળવવી જોઇએ. શાંતિ એ બજારમાંથી ખરીદવાની ચીજ નથી.

આપણા સમાજમાં અમુક અંશે આર્થિક સ્થિતિ સારી છે, એટલે આપણે પરમ કૃપાળુ પરમાત્માના કૃપા પાત્ર છીએ. ઇશ્વર દયાળુ છે તે પોતાનાં બાળકોને ભુલ્યો નથી પણ આપણે સારા કર્મો કરીએ અને પ્રભુને ન ભુલીએ. યુવાનોએ પોતાના દિલમાં પ્રભુ જેવી શકિતનો ડર રાખવો જોઇએ. કુદરતે આપણને વાણી મફત આપી છે તો આપણે તેનો બુધ્ધિ પુર્વક ઉપયોગ

 કરવો જોઇએ. બજારમાંથી સારી અને ખરાબ ચીજો આપણે પૈસાથી ખરીદી શકીએ છીએ પણ ખરીદતી વખતે હંમેશાં સારી ચીજનો જ વિચાર કરીએ છીએ તો વાણી તો આપણને મફત મળે છે તો આપણે તેનો સદ્ઉપયોગ કેમ ન કરીએ !

સ્ત્રીઓના વિકાસ માટે શિક્ષણની જરૂર છે. બીજું ઘૂંઘટની પ્રથા મુસલમાનોના આગમનથી દાખલ થઇ છે. કેટલાંક લંપટ તત્વોની કુદૃષ્ટિથી બચવા આ રીવાજ શરૂ થયો. આપણે તેને મર્યાદાના અર્થમાં ઘટાવીએ છીએ પણ ખરાબ માણસોથી બચવા આ પ્રથાની શરૂઆત થઇ છે સમય બદલાતાં તેમાં ફેરફાર કરવો જોઇએ કારણ કે ઘૂંઘટથી દીકરીઓનો વિકાસ રૂંધાય છે.

લાજ, મર્યાદા, વિનય, વિવેક રાખીને પણ ઘૂંઘટ દૂર કરી શકાય છે.

ખીમજીભાઈ લખમસીભાઇ (કલકત્તા)

અહીં એ ત્રણ દિવસ દરમ્યાન ઘણુ શીખવા તેમજ જાણવા જેવું મળ્યું છે અહીં વડીલોનો, યુવક વર્ગને જે સહકાર મળ્યો તે કદી ભૂલાય તેમ નથી. આવો સહકાર હંમેશાં યુવકોને મળશે તો ઉત્સાહ અને પ્રોત્સાહન મળવાથી યુવકોનું કાર્ય સુગમ બનશે. વડીલો અને યુવકો પરસ્પર સારાંપાસાં નજર સમક્ષ રાખે. એક બીજાની ક્ષતિઓ વિનય પુર્વક સૂચવે. વડીલો અમારી જ્યાં ભૂલ થાય ત્યાં બ્રેક લગાવે

નાનાલાલ વી. ઉકાણી (ભૂજ) તંત્રી : આઝાદ કલમ

આપણા સમાજની પ્રગતિ અને કચ્છની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. રાજકારણમાં ખીમજી માસ્તર જેવા વડીલોએ ઝંપલાવ્યું છે તેમાં કેટલીક આડખીલીઓ અને અંતરાયો આવ્યા તેનો ખ્યાલ આપ્યો. આપણો સમાજ ધંધાકીય રીતે આર્થિક પ્રગતિ સાધી શકયો છે. સામાજિક તેમજ રાજકીય ક્ષેત્રે હજુ વિશેષ પ્રગતિ સાધવાની જરૂર છે. કેટલીક જગ્યાએ સ્થાપિત હિતો આપણી પ્રગતિના માર્ગમાં અવરોધ ઉભો કરવા પ્રયત્નો કરે પણ આપણામાં સપ, સંગઠન હશે તો મુશ્કેલીઓમાંથી પણ માર્ગ કાઢી શકીશું.

કચ્છમાં ખેડુત સંઘની સ્થાપના થઈ છે. ગામડે ગામડે ફરી કડવા, લેઉવા તેમજ આહીર વગેરે જ્ઞાતિના ખેડૂતોમાં એકતા ઉભી કરી છે જેની મધ્યસ્થ કચેરી ભૂજમાં શરૂ કરી છે.

સમાજની પ્રગતિ માટે અને તેના પ્રચાર માટે આઝાદ કલમના વધુ ગ્રાહકો બની તેનો ફેલાવો કરવાની જરૂર છે. તો વિશેષ ગ્રાહક સંખ્યા મળી રહે તેવો સહકાર જરૂરી છે.

પુષ્પાબેન ડી. પટેલ (મુંબઇ)

સમાજમાં કન્યા કેળવણીની બાબતમાં વિકાસ સાધવો જરૂરી છે, બહેનો ઘરથી

બહાર ન જાય અને લક્ષ્મણરેખા ન ઓળંગે એમ ઘણા વડીલો માને છે. કેળવણીથી સમાજનાં બીજાં કેટલાંક દુષણો ઘટશે. સાસુઓ પણ વહુઓને દીકરી તુલ્ય માને ઘૂંઘટ પ્રથાથી પણ બહેનોનો વિકાસ રૂંધાય છે. તો તેના બુંદ કરવા વિચારવું જોઇએ

વિશ્રામભાઈ નથુભાઈ (ધનસુરા)

સમાજની પ્રગતિ સાધવા માટે આપણે જેમ દળણું દળાવતી વખતે કાંકરા કાઢી નાખીએ છીએ તેમ સમાજમાંથી દૂષણો રૂપી કાંકરાઓ કાઢી નાખવાની જરૂર છે. એ રીતે જ સમાજની પ્રતિભા વધારી શકાશે. આપણી વાણીમાં હંમેશાં મીઠાશ હોવી જોઇએ. સારો સંસ્કાર વારસો એજ સાચી મુડી છે. બહેનોએ બાળકોના જીવન ઘડતર માટે આ બાબતમાં વિશેષ જવાબદારી સમજવાની જરૂર છે.

કાન્તિલાલ કે. પટેલ " તંત્રી " જાગૃતિ ધનસુરા.

કેટલાંક સ્થાપિત હિતો કચ્છ તેમજ ગુજરાતમાં સમાજની પ્રગતિ માટે અવરોધ રૂપ બને છે. શિક્ષણ ક્ષેત્રે આપણે પ્રગતિ ન સાધીએ તે માટે 'ભણ્યો કણબી કુટુંબ બોળે' જેવી કહેવતો રૂઢિચુસ્ત માનસ પર ભરી આપણને પછાત રાખવાના પ્રયત્નો થયેલા છે.

છેલ્લા દોઢેક દાયકાથી સમાજે કેળવણીની બાબતમાં પગરણ માંડયાં છે. હજુ પણ સમાજને સુઘડ બનાવવા કન્યા કેળવણીની જરૂર છે તે માટે વધુ વસ્તી અને વિસ્તારના ધોરણે કન્યા છાત્રાલયો ઉભાં કરવાની જરૂર છે.

આ સિવાય બાળલગ્ન, વૃધ્ધલગ્ન છૂટાછેડા તેમજ અન્ય દુષણોને દૂર કરવા વડીલો તેમજ યુવકોએ કટિબધ્ધ બનવું પડશે.

હાલના તબક્કે નવચેતન યુવક મંડળે પ્રગટાવેલી નવચેતના સૌ મંડળોમાં પ્રસરે અને તેનો સંદેશો આપણે સમગ્ર સમાજમાં દેશવિદેશમાં પહોંચાડી શકીએ તે માટે ' આઝાદ કલમ ' અને " જાગૃતિ " જેવાં આપણાં માધ્યમોની ગ્રાહક સંખ્યા વધારવામાં આપ સૌનો સાથ સહકાર જરૂરી છે.

પ્રમુખ શ્રી લાલજીભાઈ ભાણજીભાઇ પૂના

સ્ત્રીઓમાં જાગૃતિ લાવવાના પ્રયાસ દરેક જગ્યાએ થવા જરૂરી છે. પરંતુ સમય પ્રમાણે આગળ વધી શકાશે.

રવજીભાઈ શીવજીભાઇ પૂના:-

પૂના પાટીદાર યુવક મંડળ વતી અહીંના વડીલો શ્રી લાલજીભાઈ ભાણજીભાઇ શ્રી કરશનભાઇ ડાહ્યાભાઇ, ખજાનચી શ્રી વાલજીભાઇ ખીમજીભાઈ વગેરેએ બે ત્રણ દિવસ દરમ્યાન હાજર રહી મહેમાનોની સેવા સુશ્રુષા માટે જે પ્રયત્ન કર્યો છે તે બદલ આભાર આ બાબતમાં અમારી કયાંય ક્ષતિ રહી ગઇ હોય તો દરગુજર કરશો.

 અંતમાં આપણો યુવક સંઘ એ ત્રણ માસનું નાનું બાળક છે. છતાં પુત્ર લક્ષણ પારણામાં એ કહેવત મુજબ સંઘ આગળ વધશે' અહીંના વડીલો તરફથી જે સહકાર મળ્યો તેમ સર્વત્ર વડીલોના સહકારથી જ યુવક સંઘની પ્રવૃતિને વેગવાન બનાવી શકાશે

સમાપ્ત

પાન ૬ નું અનુસંધાન

પચાણભાઈ શીવજીભાઈ નાગપુર

આપણા સમાજના ઠરાવોનું ચુસ્તપણે પાલન થાય તેવું સૌ માને છે ચાલુ વર્ષે ઠરાવને અનુસરીને માત્ર ૫ થી ૮ ટકા જ લગ્નો થયાં છે. જો નિયમ ન હોત તો વધુ લગ્ન પ્રસંગો ઉજવાત. ધીરે ધીરે આપણે ઠરાવોના સંપૂર્ણ અમલ અંગે આગળ વધાવા સજાગ રહીએ.

ચોરી કે ખુન કરનારને દંડ કે સજા થાય છે. એ કાયદેસર ગુનો છે છતાં તે બનેજ છે લગ્ન વિશે ઠરાવ એ સામાજિક બંધન છે. છતાં આપણે મહદ્અંશે સફળ થયા છીએ

સમાજમાં પૈસાની વૃધ્ધિ સાથે પૈસાને પ્રાધાન્ય અપાતાં ઘણાં દૂષણો વધ્યાં છે નૈતિક દ્રષ્ટિએ યુવાનોએ એવું વાતાવરણ ઉભું કરવું જોઇએ કે જ્યાં સંસ્કાર અને નૈતિકતાને પ્રાધાન્ય અપાય આપણે નિઃસ્વાર્થ અને નિર્ભય પણે આગળ વધીશું તો જ પ્રગતિ સાધી શકીશુ.

શ્રી ગણેશાય નમઃ

જાહેર જનતાને —

ખુશ ખબર

અમારી દુકાનેથી ઇલેક્ટ્રીકને લગતો
દરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેક્ટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

દરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ દરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે
વિક્રેતા : સીમેન્સ ઇલે. મોટર

— રૂબરૂ મળો —



શ્રી
ગણેશ ઇલેક્ટ્રીક
એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા. ફોન : પી.પી. ૭૯

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બદામકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બદામકંપાવાળા)


તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ કરી આપવામાં આવે છે.

શ્રી જયઅંબે



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઇપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

પ
ટે ઇલેક્ટ્રીકલ્સ
લ


ઈલેક્ટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, **ધ ન સુ રા**
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટયુબ લાઇટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઇલે. સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર
  વગેરે... વગેરે...

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.



પ્રખ્યાત—

એ વ રે સ્ટ ઈ. મોટર્સ

તેમજ

દરેક કંપનીના
સ્ટાર્ટર તથા સ્વીચો
અને તેને લગતી તમામ
વસ્તુઓ.

'Everest'

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ખીમજીભાઈ કરશનભાઈ
[બદામકંપા વાળા]



નાનજી પ્રેમજી પટેલ

(નેત્રાવાળા)

એજન્ટ :

લાઈફઈન્શ્યોરન્સ કોર્પો–ઓફ ઇન્ડીયા

જીવનવિમાના, આગનાવિમાના તેમજ દરેક પ્રકારના વિમાના કામકાજ માટે મળો યા લખો.

ફોન : ૨૩

નાનજીભાઈ પી. પટેલ

પટેલ સો મીલ

પ્રો. પ્રેમજીભાઈ ખેતસીભાઈ પટેલ

ઠે. એસ. ટી સ્ટેન્ડ સામે

મુ. ડાકોર જિ. ખેડા. (ગુજરાત)

ખુશ ખબર !

આપના ઘરને સંગીતમય બનાવવા માટે અવશ્ય મુલાકાત લો—

જર્મન ટેકનોલોજી મારફતે બનાવેલ

ટેલીફંકન

રેડિયાના અધિકૃત વિક્રેતા

TELE FUN KEN

- રેડીયા
- ટ્રાન્ઝીસ્ટર
- એમ્પ્લીફાયર
- ટેપરેકોર્ડર્સ


સર્વોદય રેડિયો સર્વિસ

જવાહર બજાર, ધનસુરા.

પ્રોપ્રાયટર્સ : ડાહ્યાભાઈ એસ. પટેલ



ટેલિફંકન રેડિયો – બે વર્ષની ફ્રી સર્વિસ


LAXMI
LAXMI

સ્થાન :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા જિ. સાબરકાંઠા

ગ્રા. નં.

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત) વતી,
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

૪

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

*

જાગૃતિ

*

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૫

એપ્રિલ : ૧૯૭૩

*** માસિકના નિયમો ***

○ દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.

○ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૬/, પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૧૦૧/ પરદેશમાં રૂ. ૧૨૫/ નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ સાલોમાં આવશે.

○ પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પૂરેપૂરું સરનામું લખવું જરૂરી છે.

○ કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખક મોકલનારાઓના શિર પર રહેશે.

○ લેખ હંમેશાં શાહી કમને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.

○ લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.

○ કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.

○ દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.

○ "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ —પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ —આદ્યતંત્રી

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ —તંત્રી
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ
એમ. એ , બી. એડ્
સહતંત્રી : જાગૃતિ
ગૃહપતિ : ક. ક. પા. સ. સ. વિદ્યાર્થી ભવન ધનસુરા.

શ્રી. રતિભાઈ એલ. પટેલ
એમ. એસસી.
પ્રિન્સિપાલ : શ્રીમતિ શા. એ. પંચાલ સાયન્સ કોલેજ, તલોદ.

શ્રી શામજીભાઈ એસ. પટેલ
પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ–ધનસુરા.

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી. એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ
એમ. બી., બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસસી.

શ્રી અરજણભાઈ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

પૂ. ગુરૂવર્ય મહારાજ શ્રી ઓધવરામજી



વાંઢાય (ઇશ્વરનગર) કચ્છ તથા હરિદ્વારવાસીની પવિત્ર યાદમાં

જન્મ : ચૈત્ર શુકલ પક્ષ ૯ રામનવમી સં. ૧૯૪૫

દેહોત્સર્ગ : પોષ સુદી ૧૨ રવિવાર મકરસંક્રાંતિ સં. ૨૦૧૩ ૧૩–૧–૫૭

realpatidar.com



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:	સ્વર્ગવાસ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા	સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

અનુક્રમણિકા

મંત્રીસ્થાનેથી

વર્ષોથી અથાગ પરિશ્રમ દ્વારા આગળ વધવા મથતા આપણા સમાજનું ચિત્ર છેલ્લાં થોડાંક વર્ષથી બદલાવા માંડતું હોય એમ નથી લાગતું? માત્ર શ્રમ એજ જીવન છે એમાં રાચનારો એક વિશાળ સમાજ હવે કેળવણીની બાબતમાં કંઈક અંશે પ્રગતિ શીલ બનવા મથામણ કરી રહ્યો છે એવું સ્પષ્ટ ચિત્ર છેલ્લાં પંદરેક વર્ષના સમાજ જીવનમાં ડોકિયું કરતાં ઉપસી આવશે

પણ આ એક વિશાળ સમાજ કે જેની વસતી સમગ્ર ભારત દેશમાં પ્રસરેલી છે અને છેલ્લે લગભગ અર્ધી સદીથી પોતાનું માદરે વતન કચ્છ છોડી રોજી રોટી માટે વેરણ-છેરણ હાલતમાં ફેલાયેલી પડી છે. તેને એક સુત્રે બાંધવા માટે છેલ્લા છએક માસથી સક્રિય પ્રયાસો થઈ રહ્યા છે. તે આપણે જાણીએ છીએ.

સમગ્ર જ્ઞાતિના યુવા વર્ગને અને એ રીતે સમાજને આમ એક સુત્રે બાંધવા માટે કડીરૂપ બનવાનું શ્રેય શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તાને ફાળે જાય છે. અને એ બદલ એ યુવક મંડળના પ્રત્યેક કાર્યકર ભાઈઓને લાખ લાખ અભિનંદન આપવા ઘટે.

યુવાશક્તિને સંગઠિત બનાવવા આ યુવક મંડળે ડીસેમ્બર ૭૨'ના પાછલા દિવસોમાં અખિલ ભારત યુવક પ્રતિનિધિ સંમેલન યોજી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની સ્થાપના કરી આપણા સમાજ જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવા માટેનો નમ્ર પ્રયાસ શરૂ કરી દીધો છે.

છેલ્લે આ પ્રવૃત્તિને વેગવાન બનાવવા તદર્થ સમિતિની રચના કરવા ફેબ્રુઆરી –'૭૩ના અંતમાં પૂના પાટીદાર યુવક મંડળના આમંત્રણને માન આપી સમાજમાં રચનાત્મક પ્રવૃત્તિઓની વિચારણા કરવામાં આવી હતી એ પણ સૌને સુવિદિત છે.

દેશવ્યાપી ધોરણે આવાં યુવક પ્રતિનિધિ સંમેલનો યોજવાં એ પણ કંઈ નાનીસૂની વાત નથી. કલકત્તા નવચેતન મંડળે યોજેલ શાનદાર સંમેલન બાદ પુના ખાતે પણ યુવક મંડળ દ્વારા ઉદ્યાન કાર્યાલયમાં યોજવામાં આવેલા કાર્યક્રમ પાછળ એ ભાઈઓએ જે સતત પરિશ્રમ કેળવ્યો તે બદલ તેઓ સૌને પણ અભિનંદન આપવા યોગ્ય ગણાશે.

પૂના વાસી યુવક મિત્રોએ છેલ્લા દિવસે પૂનાથી અપરિચિત એવા દૂર દૂરથી પધારેલા યુવક ભાઈઓ માટે શહેર દર્શનનો જે પ્રોગ્રામ રાખ્યો હતો તેનાથી આપણા દેશના ભૂતકાળના ઇતિહાસની ઝાંખી થઈ હતી.

શનિવાર વાડો, આગાખાન મહલ કે જેને હવે બા-બાપુ મેમોરીયલ તરીકે ઓળખવામાં આવે છે. જયાં પૂ કસ્તુરબા ગાંધી તેમજ ગાંધીજીના મુખ્ય સેક્રેટરી મહાદેવ દેસાઈના દેહાંત બાદ સ્મારક રચવામાં આવેલ છે. તેના પરથી દેશના રાજકીય ઇતિહાસનાં પરોક્ષ દર્શનનો અનુભવ થતો હતો.

અલૌકિક શક્તિમાં માનનારા આપણા દેશની ભક્તિભાવથી આધ્યાત્મિક ક્ષેત્રે પ્રવૃત્તિનો નિર્દેશ કરતાં ક્ષેત્રોમાં પાતાળેશ્વર મહાદેવ, જંગલી મહારાજ, સીંદેક્ષત્રિય મંદિર. ગણુપતિ મંદિર વગેરેનાં દર્શનનો અમૂલ્ય લાભ પણ મળ્યો હતો.

શહેરોની શૈક્ષણિક પ્રવૃત્તિઓને વેગવાન બનાવવા પૂના યુનિવર્સિટીં, મહાત્મ ફુલે સંગ્રહાલય વગેરે સ્થળોનાં દશન થયાં હતાં.

અને જીવનભર ઢસરડો કરનાર માનવ મનને પ્રફુલ્લિત કરવા દિવસ ભરની પ્રવૃત્તિઓના અંતે મનને કંઈક શાન્તિનો અનુભવ થઇ શકે એવાં સ્થળો ગાંધી ઉદ્યાનતેમજ સારસબાગની સફર પણ ભૂલી શકાય તેમ નથી.

આ માટે પુના યુવક મંડળનો આભાર માનવાનું ઉચિત જ ગણાશે.

ઉપરોક્ત રીતે આપણે જોયું તેમ પુનાના પ્રવાસે આવેલા ભાઈઓએ પણ જીવનમાં અભૌતિક સંગ્રહ કરવા જેવી કેટલીક બાબતો અચૂક મેળવી હશે જેને કદાચ નકારી ન શકાય.

આ રીતે આપણા સમગ્ર સમાજ જીવનમાં સડાઓને આગળ વધતા અટકાવવા કેળવણી ક્ષેત્રે (બહેનોની પણ) પ્રગતિ સાધવા જમાના સાથે કદમ મિલાવવા યુવક મિત્રો કટિબધ્ધ બની આગળ વધવા નક્કર પ્રવૃત્તિઓ હાથ ધરશે એવી સૌ કોઈની મીટ યુવા શક્તિ પર જયારે મંડાઇ છે ત્યારે આપણે સૌ યુવાનો સક્રિય પણે રસ દાખવી આપણા અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના સુત્રધાર તદર્થ સમિતિના સભ્યો દ્વારા સર્વાનુમતે વરાયેલા પ્રમુખ શ્રી ખીમજી-ભાઈ એલ. પટેલ, મંત્રી શ્રી અખેરાજ ભાઈ પી પટેલ, ખજાનચી શ્રી દેવજી-ભાઈ વી. પટેલ તેમજ સંઘના અન્ય સૌ કાર્યકર ભાઈઓ યુવક સંઘની કલકત્તા ખાતે નક્કી થયેલી ઓફીસમાં સતત પ્રાણ પુરતા રહેવાનો નિર્ધાર કરી નવચેતન પાટીદાર યુવક મંડળના સૌ કાર્યકર ભાઈઓના આદેશને ઝીલી સમાજના તેમજ લાંબા ગાળા પછી આ દેશના નવ નિર્માણ પ્રતિ આગળ વધવા પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થીએ.

★

‘સત્યનો જય’

લાલજીભાઇ પી. પટેલ
પાલનપુર

એક ઘરડો જર્મન ધર્મગુરુ, નામે જોન કેન્ટ. એક વખત દુરના ગામોમાં લોકોને ઉપદેશ કરીને પોતાને ઘેર જતો હતો તેને જંગલમાં થઇને જવું પડતું હતું. સૂર્યાસ્ત થવાનો સમય હતો તે ઘોડા ઉપર બેસીને સાંકડા પગ રસ્તેથી જતો હતો. એટલામાં પાસેની ઝાડીમાંથી કેટલાક ચોર નીકળી આવ્યા ને તેઓએ ધર્મગુરુને ઘેરી લીધો. ચોરોના આગેવાને કહયું, “પાદરી સાહેબ અમે બેઅદબી કરીએ છીએ તો માફ કરજો; પણ તમારી પાસે જે કંઇ હોય તે આપી દો” ઘરડા માણસે જવાબ આપ્યો ‘મારી પાસે બીજુ કંઇ નથી સિવાય કે ઘોડો, ઘડીયાળ અને પૈસાની કોથળી’ ત્યાર પછી ઘરડા માણસે ઘોડા પરથી ઉતરીને ચોરના આગેવાનને ઘોડો, ઘડીયાળ અને પૈસાની કોથળી આપી. નાયકે કહયું ‘હવે આપ જાઓ’ ઘરડા માણસને હવે પગે ચાલતા જવું પડયું તે થોડે દૂર ગયો નહિ હોય એટલામાં તેના હાથ સાથે કંઈક અથડાયું. ઓહો, આતો પેલા સોનાનો ગઠ્ઠો જે મેં મારા ડગલાની કિનારીમાં સીવી દીધો હતો તે. ઠીક થયું કે આટલું મારી પાસે રહી ગયુ’ પણ થોડીવારમાં તેનું અંતઃકરણ કહેવા લાગ્યું, ‘જોન કેન્ટ તું જુઠ્ઠુ બોલી રહયો છે, તેં ચોરને છેતર્યા, તરત જ તે પાછો ફર્યો. ચોર તો હજી ત્યાંજ હતા. ઘરડા માણસને પાછો આવતો જોઇને આશ્ચર્ય પામ્યા. પેલો સોનાનો ગઠ્ઠો ચોરના નાયકની ની આગળ ધરીને કહયું, “મને માફ કરજો મારાથી જુઠુ બોલાયું આ સોનું તમને આપવાનુ ભૂલી ગયો.” પેલા ચોરનો કેપ્ટન આ સત્યવાદી ધર્મગુરૂ પર ખુશ થયો ને તેની પાસેથી જે કંઇ લીધુ હતુ તે તેને પાછુ આપ્યું, કેન્ટે તેમને આશિષ આપ્યા.

આ ઉપરથી જાણવા મળે છે કે ‘સત્ય’ શુ નથી કરી શકતું ? મહાનમાં મહાન ચોરોનાં કે ગુંડાઓનાં દિલ ફેરવી નાખે છે. “હમેશાં સત્યનો જ જય છે.”

રતિલાલ એસ. પટેલ. ચંદ્રપુરા.

ભવિ ભુલાવે ભાન ત્યાં બુધ્ધિ બિચારી શું કરે ?
બેડૂ હોય પોતે અજ્ઞાન ત્યાં બાળક બિચારાં શું કરે ?
માનવ મગજ બેકાર ત્યાં સરકાર બિચારી શું કરે ?
પાણી ન મળે પાતાળ ત્યાં ખેડૂત બિચારા શું કરે ?
રૂઠી ગયા પોતે જગદાધાર ત્યાં સરકાર બિચારી શું કરે ?
મૂઠ્ઠી ન મળે જયાં અન્ન ત્યાં માનવ બિચારાં શું કરે ?
કરપીણ બની કુદરત પોતે ત્યાં ઘનશ્યામ બિચારા શું કરે ?
કાળની થપ્પડ પડે ત્યાં મદાંધ બિચારા શું કરે ?
પેન્શન થાય જયાં બંધ ત્યાં મહારાજા બિચારા શું કરે ?
‘સાથી’ તુજ સાથે છો ભલે ત્યાં એકલો બિચારો શું કરે ?

એક બિચારી !

પટેલ અમૃતલાલ રામજીભાઈ
જનકપુર (મધ્યપ્રદેશ) હાલમાં બદામકંપા (ગુજરાત)

આજે શારદાના સગપણ થવાના હતાં તેને જોવા માટે આજે ઇન્દોરથી સુરેશ અને તેના પિતા આવવાના હતા. સારા ગુણુથી એસ. એસ. સી. પાસ કરી ચૂકેલ શારદા મનમાંને મનમાં મલકાતી સુરેશને જોવા આતુર હતી, સાથે સાથે વિચારતી હતી કે શું થશે ? તેઓની સાથે વાતચીત કરતાં શરમ આવશે તો ? ખેર, એ તો 'પડશે તેવા દેવાશે' અને પોતે બબડતી 'હું ય કેવી છું હજુ એ આવ્યા નથી કે મને જોઇ નથી અને અત્યારથી કયાં આવી વાતો લઇ બેઠી.

બપોરના બરાબર ચાર વાગ્યે તેઓ આવી પહોંચ્યા અને અત્યાર સુધીમાં અગણ્ય વખત બહાર જોઈ ચૂકેલી શારદાને હૈયે ટાઢક વળી. પહેલી નજરે જ શારદાને સુરેશ ગમી ગયો.

શારદા અને સુરેશ બન્ને એકબીજાને મળ્યાં, વાતચીત કરી. અભ્યાસમાં, કામમાં, દેખાવમાં, વર્ણમાં બધી રીતે સુંદર શારદા સુરેશને પસંદ કેમ ન પડે ? સુરેશને આ વેવિશાળ મંજૂર છે એવું તેણે પોતે જાહેર કર્યું. જ્યાં સુરેશની પોતાની પસંદગી હોય ત્યાં તેના પિતા શા માટે ના પાડે ? બંને વેવાઈઓએ વાત પાકી કરવાનો વિચાર કર્યો.

બીજા દિવસના વહેલી સવારની આ વાત. સુરેશના પિતા વહેલી સવારના શૌચક્રિયા પતાવીને પાછા વળી રહ્યા હતા ત્યાંજ-

“ઉભા તો રહો આમ કાં દોડતા જાઓ છો ? ”

કાં શું છે —જવાબ મળ્યો.

“શારદાને બરાબર જોઇ, પસંદ પડી ? એક ડોશીમા આ પૂછી રહ્યાં હતાં.

'હા શારદા દેખાવમાં, કામમાં બધી રીતે સુંદર છે પછી પસંદ કાં ન પડે !

ત્યાંજ તમારી ભૂલ થાય છે, જો જો વિચાર કરીને કરજો, આ તો મને તમારા સુરેશની દયા આવે છે, નહિતર આવી વાત કરીને મારે મારી જીભ બગાડવી નથી, પણ કહી દઉં વાત એમ છે કે છોકરી રાતે બરાબર દેખી શકતી નથી. મુઈ રતાંધળી છે, વળી કયારેક કયારેક વાઇ પણ આવે છે. હવે તમે જ કો આવી વાત કેવામાં કાંઇ વાંધો ખરો. આ તો મેં હતું એ કહી દીધું બાકી તો તમે જાણો અને તમારુ કામ જાણે, જો જો પાછા કોઇને કાંઇ કહેતા !

કાચા કાનના કહી શકાય એવા સુરેશના પિતા તો આ બધું સાંભળીને સાચું જ માની બેઠા. પછી તો તેઓ એ થવાના હતા તે વેવાઇ એટલે કે શારદાના પિતાને ગલ્લાં તલ્લાં સંભળાવીને તેઓની રજા લીધી. સુરેશે તેના પિતાને ઘણું બધું કહ્યું છતાં તેના પિતા એકના બે ન થયા. સુરેશે ઘણું કહ્યું કે તમે તપાસ તો કરો. ડોશીમા કદાચ ઇર્ષ્યાને લીધે ખોટું પણ કહેતાં હોય. પણ સુરેશના પિતાને એવું સાંભળવાની કાંઇ પડી નહતી એને મન તો એક નહિ તો બીજી છોડીઓનો ક્યાં દુષ્કાળ છે ?

વાસ્તવમાં ડોશીમાએ કહેલ બધું તદ્દન ખોટુ હતું. એ તો શારદા અને તેના ઘર સાથે પહેલેથી જ ઇર્ષ્યામાં બળ્યા કરતાં હતાં એને મન તો આ સુંદર મોકો હતો પછી શા માટે જતો કરે ? પણ ડોશીમાએ એ નહોતું વિચાર્યું કે બિચારી શારદાનુ શું થશે ? સવગણભાઈના છોકરાનાં વેવિશાળ પ્રસંગે પણ આ ડોશીમા વચ્ચે દિવાલ બનીને ઉભાં રહ્યાં હતાં. પણ જેમ તેમ કરીને આ કાર્ય સફળ થવું હતું. બીજાનું ભલું થતું જોઇને દુઃખી થતાં આપણે ખરુંખોટું કહીને કોઇના જીવનમાં આગ લગાડી આપણા પોતાના આત્માને કલુષિત ન કરીએ તો કેવું સારું ? આપણા બધાની આ કેવી ખોટી ટેવ પડી ગઇ છે કે બીજાની પ્રગતિ આપણે સાંખી શકતા નથી એકની ચડતી જોઈ આપણે તરતજ પાછળ પડી તેને અટકાવવા પ્રયત્ન કરીએ છીએ તેને બદલે આપણે તેની પ્રગતિના ટેકારૂપ બનીએ તો કેવું સારું ?

શારદા માટે આ આઘાત અસહ્ય હતો પણ એ બિચારી શું કરે ?

આમને આમ ત્રણ ચાર જગ્યાએથી શારદાને જોવા માટે આવ્યા. બધાને શારદા પસંદ હતી પણ શારદા માટેની ખોટી અફવાઓ તેને નડતરરૂપ થતી. સાચી હકીકતને તો દબાવી પણ શકાય છે પણ અફવાને દબાવવી મુશ્કેલ છે. અફવાઓને જેમ દબાવવા પ્રયત્ન કરીએ તેમ તે વધારે જોરથી ફેલાય છે.

બિચારી શારદા !

અને આમને આમ ત્રણ વર્ષ વીતી ગયાં છતાં શારદા કોઇની પત્ની બનવા સમર્થ નીવડી નથી. શારદા વિષેની ખોટી અફવાઓ ધીરે ધીરે શમી ગઈ છે પણ એક નવા તર્કે જોર પકડયું છે શારદા આવડી મોટી થઈ છતાં હજુ તેનાં વેવિશાળ થયાં નથી માટે જરૂર કાંઇ ખોડખાંપણ હશે.

અને આમને આમ મા-બાપને ભારરૂપ બનતી જતી શારદાની જીવનનૈયા ડોલું ડોલું થઇ રહી છે. છે કોઇ ભણેલા અને સાથે સાથે ગણેલા યુવાનો કે, જે ડોલું ડોલું થતી આવી શારદાઓની જીવનનૈયાના કુશળ નાવિક બની શકે. ★

—વિચાર કણિકા

એમ. આર. પટેલ
તખતગઢ

- ★ જીવનની પળેપળનો હિસાબ રાખનાર મહાન બને છે.
- ★ શાળા એ જ્ઞાનની ગંગા છે, જેનાં નીર અવિરત રહે છે.
- ★ શિક્ષક, બાળક, અને વાલી એ ત્રણ શાળાના આધાર સ્તંભો છે.
- ★ બાળક એ માનવ ફુલવાડીનું મોંઘુ પુષ્પ છે.
- ★ આળસ જીવતા મનુષ્યની કબર છે.
- ★ મતભેદ હોવા છતાં મન ભેદ ન થવા દે તેનું નામ મહાત્મા.
- ★ ધ્યેય વિનાનું જીવન પાયા વિનાની ઇમારત જેવું છે.
- ★ ઉત્તમ પુસ્તક સારા મિત્રની ગરજ સારે છે.
- ★ જીંદગી અમૂલ્ય છે વ્યસનોથી ટુંકાવો નહિ.
- ★ પુસ્તકોની મિત્રતા જંગલમાં મંગલ કરે છે.
- ★ પરમેશ્વરને ન શોધો, મનને જ મંદિર બનાવી દો.
- ★ પોતાનો પડછાયો કેવળ પ્રકાશમાં જ સાથ આપે છે.
- ★ શિક્ષક એ શિલ્પ છે અને વિદ્યાર્થી એ આરસપહાણ છે.
- ★ તમારા પુત્રોને મિલ્કત ન આપો તો કાંઈ નહિ, કેળવણી તો જરૂર આપજો
- ★ જે માતા-પિતાની સેવા કરી શકતા નથી તેને ભગવાનની સેવા કરવાનો કોઇ અધિકાર નથી.
- ★ કાંટાની માફક કોઈના અંતરમાં ખૂંચે એવી વાત ન કરો
- ★ આત્મવિશ્વાસ એ સફળતાની ચાવી છે.
- ★ વિદ્યાની વિંટી વિનયના નંગથી શોભે છે.
- ★ પરિશ્રમ ઉન્નતિની સીડીનું પ્રથમ પગથિયું છે.

—ગાગર માં સાગર

મોહનલાલ આર. પટેલ
સરતાનપુર-તખતગઢ

★ દુઃખ વિના સુખ નથી, એમ સમજી ને દુઃખ વેઠવું એ સારામાં સારો રસ્તો છે.

★ કઠોરમાં કઠોર હૃદયને પણ પ્રેમથી વશ કરી શકાય છે અને સામાની કઠોરતાના પ્રમાણમાં આપણો પ્રેમ તેટલોજ સબળ હોયતો જરૂર આપણે જીતી શકીએ.

★ આપણે ડર કાઢી બીજાને ડરાવીએ તેના જેવું એકે બીજું પાપ નથી, માટે તમે ઇશ્વરનો ડર રાખો.

★ ગામની શોભા ગામના વકીલો કે ડોકટરો ઉપર નથી પણ ગામે કેટલા સેવકો પેદા કર્યા તે ઉપર છે.

★ કોઇ માણસ પથ્થરને "હીરો" માની લાંબા કાળ સુધી સાચવી રાખી ભીડને પ્રસંગે વટાવવા જાય અને પસ્તાયા તેમાં પથ્થરનો શો દોષ ?

ગાંધીજીએ શીખવેલા અગિયાર આદર્શો

રમણ ડી. પટેલ. એસ. એસ. સી.
તખતગઢ. કંપા.

આપણે ગાંધીજીના જીવનમાંથી જડેલા નીચેના અગિયાર અમૂલ્ય આદર્શોનો અમલ કરી એમની યાદને અમર કરીએ.

(૧) અસત્ય બોલવું નહીં, અસત્ય આચરવું નહીં, સત્ય એજ પરમેશ્વર છે.

(૨) કોઈ પણ જીવની હિંસા ન કરવી પ્રાણીમાત્ર અને મનુષ્યમાત્ર પ્રત્યે સમાનભાવ રાખવો. પ્રેમ રાખવો.

૩) મનથી પણ ખરાબ વિચારોથી ચિંતન કે સેવન ન કરવું,

(૪) જીભના સ્વાદને જીતવો. સ્વાદ ખાતર ભોજન ન કરવું

(૫) બીજાની વસ્તુનો એની રજા સિવાય ઉપયોગ ન કરવો ઓછામાં ઓછી વસ્તુંઓથી ચલાવવુ.

(૬) કોઈપણ વસ્તુનો ખોટો સંગ્રહ કરવો નહીં.

(૭, પરદેશી વસ્તુનો ત્યાગ કરી, સ્વદેશી માલનો ઉપયોગ કરવો

(૮) ભયનો ત્યાગ કરી ઇશ્વર સિવાય કોઈથી ન ડરવું.

(૯) માણસમાત્ર સરખા છે. કે ઈને નીચ કે અસ્પૃશ્ય ન ગણવા.

(૧૦) સર્વ ધર્મ સમાન છે. આપણે આપણો ધર્મ પાળવો બીજાને એનો ધર્મ પાળવા દેવો.

(૧૧) સ્વાશ્રયી થવું, ખૂબ મહેનત કરવી, જાત મહેનતથી આગળ વધવું,

ગાંધીજી એમના કાર્યથી મહાન થઇ ગયા તેવી રીતે આપણે આપણા કાર્યથી મહાન થઇએ...........

ગાંધી બાપુ અમર રહો,

દેશકાળની ડાયરી

ગંગારામ એમ. પટેલ
રણજીતપુરાલાટ

અંધારાનો ખંડ—	આફ્રિકા
નવી દુનિયા—	અમેરિકા
નિલમનો ટાપુ—	આયર્લેન્ડ
દુનિયાનું છાપરું—	પામીર
લવીંગનો ટાપુ—	ઝાંઝીબાર
ગર્જતો મહાસાગર—	એટલાન્ટિક
ડેરીનો ઉદ્યોગ—	ડેન્માર્ક
પેગોડાની ભૂમિ—	બ્રહ્મદેશ
નીચીભૂમિ—	નેધરલેન્ડ
સોનેરી ઊનભૂમિ—	ઓસ્ટ્રેલિયા
ઊગતા સૂર્યનો દેશ—	જાપાન
મધ્યરાત્રિના સૂર્યનોદેશ—	નોર્વે
શ્વેત હાથીની ભૂમિ—	સિયામ
જગતની શિકાર ભૂમિ—	કેનિયા
પવિત્ર ભૂમિ—	પેલેસ્ટાઈન
પવિત્ર શહેર—	જેરૂસાલેમ
સાતટેકરીઓનું શહેર—	રોમ
ઊંચી ઇમારતનું શહેર—	ન્યૂયોર્ક
કાંગારૂનો પ્રદેશ—	ઓસ્ટ્રેલિયા
ચીનની દિલગીરી—	હોં આંગ હો નદી
ચલચિત્રોનું શહેર—	હોલીવૂડ
ભારતનું માન્ચેસ્ટર—	અમદાવાદ
એસ્કિમોની કામધેનુ—	રેન્ડિયર
ઇજિપ્તની અન્નપૂર્ણા—	નાઇલ નદી
યુરોપનું પાણીપત—	બેલ્જીયમ
હિંદી મહાસાગરનુ મોતી—	સિલોન
ઝાડની છાલ ખરતો પ્રદેશ—	ઓસ્ટ્રેલિયા
ભારતમાં સિયાળામાં પડતા વરસાદનો પ્રદેશ—	મદ્રાસ

પ્રાચીન ગુજરાતમાં કૂર્મીઓનો પ્રવેશ

કાન્તિલાલ વી. પટેલ
ગોયડીલાટ

પૌરાણિક આધારોથી માલુમ પડે છે કે, ગુજરાતમાં પહેલું રાજ્ય મનુના પૌત્ર આનર્તનું હતુ. તેને રૈવત નામનો પુત્ર હતો. તેની રાજધાની કુશસ્થલીમાં હતી. રૈવતને ૧૦૦ પુત્રો હતા. જેઓમાં રૈવત મોટો હતો. તેને રેવંતી નામની એક સુંદર કન્યા હતી, જેને શ્રી કૃષ્ણના ભાઇ બળભદ્ર સાથે પરણાવવામાં આવી હતી. જરાસંઘની સવારીઓથી કંટાળી યાદવો માથુર દેશ છોડી જ્યારે ગુજરાત તરફ આવ્યા ત્યારે તેમણે દ્વારિકાને પોતાની રાજધાની કરી અને સુરરાષ્ટ્ર ઉપર ઇ. પૂ. ૫૦૦ સુધી રાજ અમલ કર્યો ત્યારપછી ઇ. સ. પૂ. ૩૧૯માં મગધ પ્રાંતમાં રાજ કરતા મૌર્યવંશીય રાજાઓનો ગુજરાત પર અમલ થયો, ત્યાં સુધી આ દેશ પર કોઈ ચોકકસ સત્તાનો અમલ હતો તે માલુમ પડતું નથી. મૌર્યોની રાજગાદી મગધ પ્રાંતના શહેર કુશાવર્તા નગરીમાં હતી, અને તેમની તરફથી સુબાઓ આવી સૌરાષ્ટ્રના ગીરિનગરમાં રહી રાજ ચલાવતા હતા હાલમાં જે ભાગને આપણે ગુજરાતના નામથી ઓળખીએ છીએ, તે ભાગનાં તે વખતે આનર્ત (ભરૂચ) એવા ત્રણ વિભાગ હતા. મૌર્ય વંશના અમલ અને સિકંદરના મરણ પછી તેના સરદારોએ તે દેશો વહેંચી લીધા, જેથી પંજાબ વગેરે દેશો ગ્રીકોના હાથમાં આવ્યા અને તેથી ક્ષત્રય રાજાઓની ગુજરાત પર સત્તા થયા પહેલાં ગ્રીક બાક્ટ્રીયન, પર્થિયન, સ્કીથિઅન, હુસન અને શક લોકોનો ગુજરાત પર અમલ હોય એવું ગુજરાતના મધ્યભાગ તેમજ કાઠિયાવાડમાંથી તેમના મળી આવેલા ઘણા પ્રાચીન સિકકાઓ કૂવા, વાવ. મકાનો અને દેવાલયો પરના લેખો અને ખંડિયરો પરથી માલુમ પડે છે. પાછળથી અવન્તિના વીર વિક્રમાદિત્યે ગુજરાત, માળવાડ અને પંજાબમાંથી તેમને હાંકી કહાડી તે દેશોપર અધિકાર ચલાવ્યો હતો. તેની પછી મગધદેશના ક્ષત્રય રાજાઓએ ઈ. સ. ના પહેલા સૈકામાં માળવા જીતી ત્યાં પોતાનો સુબો મુકયો, અને તે દેશના ત્રીજા રાજા જય દામાએ ઇ. સ. ૧૪૦માં સૌરાષ્ટ્રમાં આવી ગીરિનગરમાં રાજધાની કરી તેની આસપાસના મુલકો ઉપર જાતે અમલ કર્યો હતો. આ સમયમાં ઇડર અને વાંસવાડાના પ્રદેશોમાંથી કણબીઓ એ આવી આનર્તપુરના શાન્ત પ્રદેશમાં વડનગર અને શ્રી સ્થળ આસપાસની ફળદ્રુપ પડતર જમીન પર વાસ કર્યો. આ ભાગમાં સંપૂર્ણ શાન્તિ હતી, અને આનર્ત દેશમાં કોઇ મોટી સત્તાનો અમલ નહોતો, તેમજ ગીરિનગરમાં રાજ કરતાં જયદામા

 વગેરે ક્ષત્રપ રાજાઓએ ગુજરાતના તે વેરાન અને મધ્ય પ્રદેશ તરફ નજર નાંખેલી નહિ હોવાને લીધે તેઓ ખેતી વાડીમાં સારી રીતે આ બાદ થયા હોય એવું ગુજરાતના પ્રાચીન ઇતિહાસો જોતાં માલુમ પડે છે. હાલમાં જ્યાં અમદાવાદ છે. તે વિભાગમાં પીરાણા તથા ખેડા અને ધંધુકાનો ભાગ તે વખતે મહેવાસી લૂંટારાઓથી ભરપૂર હતો, અને તેથી તે સઘળા ભાગોમાં કોઇની સત્તા નહોતી. ભરૂચ, નવસારી અને નાંદીપુરના' રાજાઓનો ખેડા શહેર સુધી અવારનવર અમલ થયો હતો તેવું ઇતિહાસો પરથી જણાય છે. અને છઠ્ઠા સૈકાની શરૂઆતમાં વલ્લભીપુરની સ્થાપના થઇ તથા સાતમા સૈકાના અંતે પંચાસરમાં ચાવડા વંશની શરૂઆત થઇ ત્યાં સુધી હાલના ગુજરાતનો મધ્યભાગ બિલકુલ અંધેર વાળી વેરાન દશામાં અરાજક હતો; તેથી સિધ્ધપુર અને વડનગર તથા દંઢાવ્ય વગેરે વિભાગમાં કૂર્મીઓ કેવી સહેલાઇથી આગળ વધી આબાદ થયાં હશે. તેનો આપણને સહજમાં ખ્યાલ આવી શકે છે.

ક્ષત્રપ રાજા જયદામનના સમયમાં માધાવતીના કુર્મિ રાજા વ્રજપાલજી ને મહેત દેશના રાજા ચંદ્રસેન સાથે લડાઇ થઈ, તેમાં પોતે હાર્યા, જેથી માધાવતી છોડી પોતાની માલ મિલ્કત અને એક નાનો રસાલો લઈ આનર્ત ગુજરાત તરફ આવ્યા અને સિદ્ધપુરમાં માતૃગયા શ્રાદ્ધ કર્યું જુદાં જુદાં ગામો માંથી આવી ત્યાં વસેલા જાતિભાઇઓનો નો મેળાપ થયો અને તેમના ઘણા આગ્રહથી વ્રજપાલજી ત્યાંજ રહી ગયા, સંવત ૨૧૨, સને ૧૫૬ માં શુભ મુહૂર્ત જોઇ ઊંઝા ગામ વસાવ્યું અને શ્રી શંકર મહાદેવના તેઓ ભક્ત હોવાને લીધે પોતાનાં દેવી તરીકે શંકરનાં પટ્ટરાણી ઉમિયાજીની સ્થાપના કરી.

સનાતન સમાજનો જય હો

※ શ્રમનું મહત્વ ※

જયંતીલાલ નાથાલાલ પટેલ
અહમદપુરાકંપા

પ્રકૃતિએ જન્મથીજ માનવીને શ્રમ કરવાનો આદેશ આપે છે. માનવ જાત જન્મથી શ્રમનો બોજ સાથે જ લઈને આવે છે. બાળક જયારે જન્મે છે. ત્યારે રડવાનું, હાથ પગ હલાવવાનું વગેરે કાર્ય કરે છે ખોરાક સારી રીતે પચાવવા માટે હલન ચલન અને શરીર સ્વચ્છ રાખવા માટે સ્નાન કરવાનુ કાર્ય દરેકે કરવુ જ પડે છે. કોઇપણ માણસ જાતે તેનું આ દૈનિક કાર્ય નહિં કરે તો તેનું શરીર રોગીલુ બની જશે તેથી સંસારમાં જીવવા માટે શ્રમ એ અનિવાર્ય બની જાય છે.

મુખ્યત્વે શ્રમ બે પ્રકારના છે. એક શારીરિક અને બીજો માનસિક પરિશ્રમ. ખેતીક્ષેત્રે કે કોઇ નાનામોટા ઉદ્યોગોમાં કામ કરવું એમાં શારીરિક શ્રમની વિશેષ જરૂર પડે છે. જ્યારે ભણવું, ભણાવવું કોઇ કાર્યાલયો કે સંસ્થાઓમાં કામ કરવું, રાજ્ય કારોબાર ચલાવવો વગેરેમાં માનસિક શ્રમની જરૂર પડે છે.

આમ જ્યાં બુદ્ધિથી શ્રમ ન કરતાં શરીરથી જે શ્રમ કરવો પડે છે તેને શારીરિક શ્રમ કહેવાય છે.

શ્રમ એ જીવનમાં જરૂરી છે. તેનાથી શરીર ઘડાય છે. અને મન પ્રફુલ્લિત રહે છે. આપણા શ્રમથી બનાવેલી વસ્તુ આપણને વધુ સારી લાગે છે દરેક ધર્મમાં પણ શ્રમની મહત્તા સમજાવવામાં આવે છે. બાઈબલે પણ કહ્યું છે કે 'તું પરસેવાનું ખા' ભગવદ્‌ગીતા અને વેદો પણ યજ્ઞ કર્યા વગર ખાવાની મનાઈ કરે છે. આ યજ્ઞ એટલે એક યા બીજા પ્રકારનો શ્રમ. પરિશ્રમ વડે મનુષ્ય પોતાની તેનો પરિવાર, સમાજ, દેશ અથવા રાષ્ટ્રની ઉન્નતિ સાધી શકે છે. માત્ર ધન પેદા કરવા માટે જ એક પ્રકારનું સુખ અને સંતોષ સમાયેલાં છે

આળસએ સર્વ દુઃખોનાં મૂળ છે. 'આળસ એ જીવતા માનવીની કબર છે.' એ વાકય પણ માનવ જાતને ઘણું ઘણુ કહી જાય છે. જે માણસો પોતાનું કામ જાતે ન કરતાં બીજાઓ પર આધાર રાખે છે. તેઓને પોતાના જીવનમાં વાસ્તવિક આનંદ નથી મળતો તેઓને એક પ્રકારનું દુઃખ ભોગવવું પડે છે. અને જે માણસ શ્રમ કરે છે. તે પોતાના જીવનમાં વિજય મેળવે છે.

શ્રમનું મહત્વ સમજી દરેક મનુષ્યે પોતાનું કર્તવ્ય બજાવવું જોઈએ

'Man is the architect of his own fortune' માનવી એ પોતાનો ભાગ્ય વિધાતા છે. આ વાકય પણ શ્રમનો જ મહિમા બતાવે છે અને રાજેન્દ્ર શાહે પણ ઠીક જ કહ્યું છે કે ' આપણા ઘડવૈયા બાંધવ આપણે.'

★

યહુદી ધર્મ *

સંકલન : સામજીભાઇ એસ. પટેલ
વડોદરા.

મિસર દેશની વસ્તી આર્યાવર્તમાંથી જ ગઇ છે. મહાભારતના યુધ્ધ પછી તે દેશ સાથેનો વ્યવહાર બંધ થઈ ગયો ત્યાંના લોકો સૂર્યની પૂજા કરતા અને આર્યોના જેવાજ આચાર વિચાર પાળતા ઇ. સ. પૂર્વે સાતમા સૈકામાં યહુદીઓનું નું એક ટોળું જોસેફના ઉપરી પણા નીચે મેસોપોટેમિયામાંથી જઇ વસ્યું ત્યાંના લોકો તેમને ગુલામ બનાવી ખૂબ મહેનત કરાવતા અને તેમની વસ્તી વધતી અટકાવવા માટે ત્યાંના બાદશાહે યહુદી લોકોનાં છોકરાંને મારી નાખવા સુધીનો હુકમ કર્યો હતો. આ ભયંકર હુકમ થયા પછી તરતજ એટલે ઇ. સ. પૂ. ૧૫૭૧માં આ ધર્મના સ્થાપક " મુસાનો " જન્મ થયો હતો પોતાના બાળકને બચાવવા તેની મા એક બરૂના પારણામાં સુવાડી ગુપચૂપ નદીના કિનારે મૂકી આવી, દૈવયોગે ત્યાંની શાહજાદી તેજ સ્થળે સ્નાન કરવા ગયેલી તેની નજરે આ દ્રશ્ય પડતાં તેને દયા આવી અને તેની માને શોધી કાઢી અભય દાન અપાવ્યું અને પોતે એ છોકરાને ઉછેરી મોટો કર્યો. તે મોટો થયો ત્યારે પોતાના જન્મના ભેદની ખબર પડતાં પોતાની જાત ઉપર ગુજરતો જુલમ જોઈ તેને ઘણુ લાગી આવ્યુ પણ રાજ સત્તા આગળ તે લાચાર હતો.

એક વખત એક મિસરીને પોતાના જાતિ બંધુ ઉપર જુલમ ગુજારતો જોઇ તેનું લોહી ઉકળી ઉઠ્યું અને તે મિસરીને મારી નાખ્યો અને ડરનો માર્યો તે અરબસ્તાનમાં ભાગી ગયો, ત્યાં તે જાદુગરની વિદ્યા શિખ્યો અને થોડા વર્ષ પછી મિસરના બાદશાહને પોતાના ચમત્કારો દેખાડી ખૂશ કર્યા અને યહુદીઓને મિસરમાંથી જતા રહેવાની રજા મેળવી પોતાની કોમને આમ દુઃખમાંથી છોડાવવા માટે સઘળા યહુદીઓ તેના પ્રત્યે માનથી જોતા આ સમયનો લાભ લઇ તેણે પોતે પયગંબર હોવાનો દાવો કરી યહૂદી ધર્મ સ્થાપ્યો.

આ ધર્મના સિધ્ધાંતો ક્રિશ્ચયનધર્મને મળતા!જ આવે છે, એમનું ધર્મ પુસ્તક કોબાલા છે. આ ધર્મવાળાને ક્રિશ્ચયનો સાથે ઘણી તકરારો થઇ છે. આ લોકો મોટા વેપારી અને ભારે વ્યાજનો ધંધો કરવાવાળા છે હિન્દુસ્તાનમાં આ ધર્મ વાળાની એક શાખા છે. જેને ઇઝરાઇલ નામે ઓળખાય છે. તેના મૂળ પુરૂષ ઈ સ ૬૧૪માં એડન બંદરેથી આવ્યા હતા. પાછળથી બ્રિટીશ રાજ થતાં વેપાર અર્થે ઘણા યહુદીઓ આ દેશમાં આવેલા છે. જેઓ અબ્રાહમ, ઇશાક, અને જાકબને માન્ય રાખે છે. તેઓમાં સુન્નત કરતી વખતે પ્રથમ હિબ્રુ નામ પાડે છે.

✻ કલ્પના નકામી છે. ✻

સંગ્રાહક : ચંદુલાલ એમ. પટેલ
તખતગઢ

સંકલ્પ વિના કલ્પના નકામી છે,
ન્યાય વિના નીતિ નકામી છે,
સંયમ વિના સ્નેહ નકામો છે,
સમર્પણ વિના સેવા નકામી છે,
પ્રજ્ઞા વિના પુરુષાર્થ નકામી છે,
સત્વ વિના સૌંદર્ય નકામું છે,
શ્રમ વિના વિશ્રાંતિ નકામી છે,
શ્રધ્ધા વિના ભક્તિ નકામી છે,
સ્વસ્થતા વિના કાયા નકામી છે,
ઉદારતા વિના સમૃદ્ધિ નકામી છે,
લાગણી વિના દ્રષ્ટિ નકામી છે,
અરમાનો વિના જોબન નકામુ છે,
પરિમલ વિના પુષ્પ નકામું છે,
જવાબ વિના ખંડેર નકામાં છે,
તન્મયતા વિના પ્રણય નકામો છે,
કલ્પના વિના કવિસૃષ્ટિ નકામી છે,
'જાગૃતિ' વિના જિંદગી નકામી છે;



"જ્ઞાતિ ઈતિહાસની અવશ્યકતા"

ઇશ્વરલાલ પટેલ
C/o પટેલ ડ્રેસ સ્ટોર્સ
બાલઘાટ (મ. પ્ર.)

આજે દુનિયા દરેક ક્ષેત્રે કુદકે ને ભુસ્કે આગળ વધી રહી છે. માનવે ચંદ્રમા પર પણ પગલાં માંડી દીધાં છે ભવિષ્યમાં માનવ ક્યાં પહોંચશે એ તો સમય જ બતાવી શકશે. પાટીદાર જ્ઞાતિએ પણ દરેક ક્ષેત્રે અસાધારણ પ્રગતિ સાધી છે, એ તો આપણે સૌ જોઇ રહયા છીએ અને હજુ દરેક ક્ષેત્રમાં વધુ પ્રગતિનાં શિખર સર કરતાં પણ જોઇશું.

માનવ સામાજિક પ્રાણી છે. એની પાસે બુદ્ધિ અને શ્રમનો અખૂટ ભંડાર છે. બુદ્ધિ વડે માનવ ભવિષ્યનાં સ્વપ્નો સેવે છે અને શ્રમ વડે તેને સાકાર બનાવે છે. ભવિષ્ય તરફ સદા આગળ વધે એજ માનવ કહેવાય. ભવિષ્યને ધ્યાનમાં લઇ આગળ વધવું જરૂરી છે તથા ભૂતકાળને વિસારવું નહિ એ પણ એટલું જ જરૂરી છે. ભાવિ પેઢી માટે અનેક સંકટો સહન કરી એની રાહ કંટક વગરની બનાવવી એ વડીલોની ફરજ છે; પરંતુ ભવિષ્યની પેઢીને ભૂતકાળની પેઢીએ સહન કરેલ સંકટોનો આભાસ થવો પણ અત્યંત જરૂરી છે. સુખ–દુઃખના અનુભવથીજ માનવમાં માનવતા જાગે છે. કહેવાનો ભાવાર્થ એજ કે આજની વર્તમાન પેઢીએ ભૂતકાળના આપણા પૂર્વજોનાં સંસ્મરણો તાજાં કરવાં જરૂરી થઈ જાય છે ભૂતકાળનું સંસ્મરણ એટલે ઇતિહ સ[ં] આવશ્યકતા."

આજ આપણે આપણા વડીલો પૂર્વજોના ઇતિહાસ બાબત પૂછશું તેઓ માત્ર પોત પોતાનું એક–બે ત્રણ પેઢીઓ સુધી બતાવી શકશે. એ પૂર્વનું તેઓ પાસે સંકલન ન હોવા તેઓ ન બતાવી શકે એમાં એમ દોષ ન જ ગણાય ત્યારે આપ સમસ્ત પાટીદાર જ્ઞાતિના ભૂતકાળ અવલોકન તો માત્ર ઇતિહાસ કરાવી શકે. હવે પ્રશ્ન એ ઉપરિ થાય છે કે પાટીદાર જ્ઞાતિનો ઇતિહાસ છે ખરો ?... ઇતિહાસ હોય એવું તો બનેજ નહિ. [ ] તેમજ ભારતના ખુણે–ખુણે ફેલા આપણી પાટીદાર જ્ઞાતિનાં વિ[ ] કુટુમ્બોના ઇતિહાસ તો છે; પણ ઠેકાણે તેનું સંકલન નથી, અને સંકલન કરવું એ પણ એક ભ[ ] કાર્ય છે. શ્રમને પ્રધાનતા આ[ ] આપણી જ્ઞાતિની વ્યકિતઓ મહાન ભગીરથ કાર્યથી જરા ગભરાયા વિના પૂરાણો અને સમુદ્ર મંથન કરી પાટીદાર જ્ઞા[ ]

ઇતિહાસનું અમૂલ્ય રત્ન મેળવી
ભૂતકાળમાં ઓલાઈ ગયેલી જ્યોતને
વધુ પ્રકાશવાન અને સ્થાયી બનાવવા
માટે અખિલ ભારત પાટીદાર સમાજના
વડીલોને સહકાર રૂપી તેલ પુરવાની
આવશ્યકતા જણાઇ આવે છે.

પાટીદાર જ્ઞાતિના ઇતિહાસનું સુંદર
અને સફળ સંકલન રૂપી ભગીરથ
ાર્યમાં સફળતા મેળવવાનું શ્રેય
બલપુર પાટીદાર સમાજના ઉત્સાહી
ાર્યકર્તાઓને ફાળે જાય છે જે ખરેખર
મગ્ર પાટીદાર જ્ઞાતિ બંધુઓ માટે
ૌરવ રૂપ ગણાશે.

તાજેતરમાં જબલપુર પાટીદાર સમાજ
અગ્રણી વડીલ શ્રી રામજીભાઇ
મજીભાઈ (સાયરાવાળા) સાથે મને
ુલાકાતનું સૌભાગ્ય પ્રાપ્ત થયું જ્ઞાતિ
તિહાસ ચર્ચા થતાં તેઓએ તેમના
થીઓની સહાયતા વડે તૈયાર કરેલ
ટીદાર જ્ઞાતિના ઇતિહાસનું સરસ
કલન બતાવ્યું. પુરાણો અને ગ્રંથોનાં
ધ્યયન કરી સરસ અને સુંદર ઇતિહાસ
સંકલનમાં કરેલએ વડીલોના પ્રયત્નો
ા અંત : કરણથી મુગ્ધ કંઠે પ્રશંસા
ી લે છે. જ્ઞાતિ ઇતિહાસ માટે
લ જબલપુર પાટીદાર સમાજના
લોના એ પ્રયત્નો ખરેખર અ દ્વિતીય
પાટીદાર જ્ઞાતિ ઇતિહાસ માટે
લએ વડીલોના પ્રયત્નો ત્યારે જ
ફ થયા ગણાશે જયારે ઇતિહાસની
પાટીદાર જ્ઞાતિનાદરેક ઘરોમાં હસે.
દાર જ્ઞાતિનો ઇતિહાસ પ્રકાશિત

થવો અત્યંત જરૂરી છે. જુદા જુદા
પ્રાંતોમાં વસ્તા દરેક પાટીદાર સમાજે
એનું અધ્યયન કરી સત્વરે માન્યતા
આપી તુરંત પ્રકાશિત કરવા વિદ્યુતવેગી
પગલાં લેવા પ્રયાસ કરવા જોઇએ.
અખિલ ભારત પાટીદાર સમાજના
વડીલોને મારી નમ્ર વિનંતી છે કે
પાટીદાર જ્ઞાતિના ઇતિહાસના પ્રકાશનોમાં
પોતાનું અમૂલ્ય યોગદાન આપે.

આશા જ નહીં, પણ ખરા અંત :
કરણથી પૂર્ણ વિશ્વાસ છે કે પાટીદાર
જ્ઞાતિના શિક્ષિત અને ઉત્સાહી યુવકો
જ્ઞાતિ ઇતિહાસના પ્રકાશન કાર્યને વેગ
આપવા ભવ્ય ઉત્સાહ દર્શાવશેજ
અને એક દિવસ એવો પણ જોવાં
મળશે કે પાટીદાર જ્ઞાતિના ઇતિહાસની
કૃતિ દરેક પાટીદાર; ભાઇઓના ઘરમાં
હશે અને આવતી પેઢીને પાટીદાર
જ્ઞાતિના ભૂતકાળનું સંસ્મરણ કરવાનું
સૌભાગ્ય સાંપડશે અને પોતાના પૂર્વજોની
યાદ ચિર-સ્થાયી બનાવી શકશે

॥ અસ્તુ ॥



સમાજ નિર્માણ ઔર નારી



કુમારી નિર્મળા પટેલ
જબલપુર

સમાજ વ્યક્તિયોં સે બનતા હૈ! સમાજ સે કોઇ વ્યકિત પુરુષ હો યા સ્ત્રી અપને આપકો અલગ નહીં રખ સકતા! ફિર ભી સમાજકે ઋણ સે ઉઋણ હોને કી વિશેષ જિમ્મેદારી મહિલાઓં પર હૈ! એક અચ્છે લોક કલ્યાણકારી સમાજકે નિર્માણ હેતુ નારી કો શકિત રૂપા કહા ગયા હૈ, ઔર માના ગયા હૈ! શકિત કે અચ્છે ઔર બુરે દોનો હીં પ્રકાર કે પ્રયોગ હો સકતે હૈ! જીસ શકિત દ્વારા દૂસરોં કો પીડા પહુંચતી હો વહ ઉસકા દુરૂપયોગ હૈ! નારી કા વિશેષ ગુણ ક્ષમા હૈ! ક્ષમા વીર કા ભુષણ હૈ! નારી અબલા નહીં હૈ યદિ ઉસે અપને બલ કા ઔર ઉસકે સદુપયોગ કા ભાન હો તો કૌન ઉસે અબલા કહ સકતા હૈ? માતા સે જો વાત્સલ્યપૂર્ણ શિક્ષણ બાલક કો મિલતા હૈ વહ કહીં સ્થાયી ઔર પવિત્ર હોતા હૈ! હમેં અપની સ્વસ્થ પરંપરા કા પાલન કરતે હુએ પશ્ચિમી દેશોં સે ઉતના હી લેના હૈ, જો હમારી જલવાયુ ઔર અપની મિટ્ટી કે અનુકૂલ હો! પ્રગતિ એવમ્ દ્રુતગતિ કે ઇસ યુગ મેં કેવલ સ્કૂલી શિક્ષા તક સંતોષ કર લેના ગલત હોગા! ઉચ્ચ શિક્ષા સે બુદ્ધિ કા વિકાસ હોતા હૈ, બુદ્ધિ કે વિકાસ સે આત્મવિશ્વાસ ઔર આત્મવિશ્વાસ સે આત્મનિર્ભરતા પ્રાપ્ત હોતી હૈ, જો આને વાલી સમાજ વ્યવસ્થા કે લિએ અનિવાર્ય હૈ!

યદ્યપિ સમાજ મેં નારી શિક્ષણ પર ભાષણ હોતે રહે હૈં, લેખ લિખે જાતે રહે હૈ; પરન્તુ ઉસમેં ઈતની પ્રગતિ નહીં હુઇ જિતની હોની ચાહિએ! સરકાર કી ઓર સે ઇસ દિશા મેં પ્રયત્ન અવશ્ય હુએ હૈં, સ્થાન–સ્થાન પર નારી શિક્ષણ કેન્દ્ર ખોલે ગએ હૈ; પરન્તુ ફિર ભી હમારે સમાજ મેં નારી કો ઉચ્ચ શિક્ષા નહીં દી જા રહી હૈ! અતઃ ઈસકે લિએ સમાજ કી ભી કુછ જિમ્મેદારી હૈ! પરંતુ ધનવાન પરવાહ નહીં કરતે ઔર ગરીબ કુછ કહ નહીં પાતે હૈં! ગરીબ કન્યાઓં

કી સામૂહિક મદદ કરકે ઉચ્ચ શિક્ષા કો અનિવાર્ય બનાયા જાએ! ઇસ કાર્ય મેં બુદ્ધિજીવી ઔર શ્રીમન્ત લોગ સહયોગ દેં તભી ઇસ દિશામેં પ્રગતિ હો સકતી હૈ!

સ્ત્રી–પુરુષ ગૃહસ્થી રુપી ગાડી કે દો ચકકે હૈં, યદિ એક ચકકા ભી નિષ્ક્રિય રહેગા તો ગાડી નહીં ચલ સકેગી! અતઃ પુરુષ વર્ગ મહિલાઓં કો ગૃહસ્થી ઔર સમાજ કે ઉત્થાન કાર્યમેં યોગદાન કરને કા અવસર દેં!

સમાજ કે ઉત્થાન મેં નારી મહત્વ પુર્ણ કાર્ય કરતી હૈ અતઃ નારી યુગાનુરુપ સમય કો સમજે તભી વહ અપની ઔર સમાજ કી ઉન્નતિ કર સકતી હૈ! નારી કો સુસંસ્કૃત હોના ચાહિએ, અન્યથા આને વાલી પીઢી સંસ્કારહિન એવં સંકુચિત વિચારો વાલી હોગી ઔર ઇસકા સારા દોષ જનની પર હોગા હમારે સામને પ્રાચીન એવં અર્વાચીન કાલકી સન્નારિયોં કે ઐસે અનેક આદર્શ ઔર ઉદાહરણ ઉપસ્થિત હૈં જિનસે જ્ઞાન, ધર્મ, શીલ, મર્યાદા ઔર શૂરવીરતા કી શિક્ષા એવમ્ પ્રેરણા લી જા સકતી હૈ!

★

સંવત ૨૦૨૯ની સાલનો

★ ચોમાસુ સાર ★

(આખા ગુજરાત રાજ્યને લાગુ પડે છે.)

૧ વીક્રમ વીસો ઓગણત્રીસમી સાલ
સંવત મા આ છે
કહો જગદમ્બા કહો આજ અમ્બા
ચોમાસો કેવો થાશે

૨ શીવગણ તને શું સમજાવું
સમજાવ્યો ચૌદસીની રાતે
તારે હાથે લખી નાખજે કોઇ
જગ્યામાં બેસી એકાંતે.

૩ ખેડૂત તું આ વરસનો
સમજી લેજે સાર
અમાસાના દીવસોમાં મેઘ
વરસે મુશળ ધાર.

૪ ઓગણત્રીસની સાલમાં કેમો ભરાય
ચકચુર
બાંધા પાળા બાંધજે પાદર
આવશે પુર

૫ ઘર ઘર ખેલે વાછડાં ભલે દુવો
ભેંશ ને ગાય
દુધે ભરાશે માટલાં
દોનારી હરખાય.

૬ સુખી થવાશે આ વરસમાં દુઃખડાં
ભુલી જવાશે.
જંગલે ઢોરો ચારતાં ગોવાળ
બહુ હરખાશે.

૭ સોંઘારત આ વરસમાં બજાર
તુટી જાશે.
જે નર ભુલ્યો ખરીદ વેચતાં
પાછળ તે પસતાશે.

૮ બીજ સરત્રે નાખજો વાવજો
શેડા થાશે
શીવગંણુ કહે આપનેપેદાશ
પંદર આની થાશે.

૯ વૈશાખ માસે ઝાપટારૂપી મેઘ
વાદળ દેખાશે.
તમારી પાસે છાંટા પડશે
તો બીજે વરસી જશે.

૧૦ વૈશાખે અંધારી વચેના દિનમાં
વરસાદ અવશ્ય થઇ જાશે
અતી ઘણો ભાઇ તાપજ પડતાં
એ વાદળ વીખેરાઇ જાશે

૧૧ કંઇ જગામાં ઝાપટા પડશે.
કંઈ જગામાં હશે ભારી
ખેડૂત ભાઇયો હોંશે હોંશે
કરશો વાવણીની તૈયારી.

૧૨ જેઠ માસે વાવણી લાયક વરસા
અજવાળી વચલા દીનમાં થાશે
એમ જો કદાં નહીં બને તો
પાછળ વરસે અંધારી રાતે.

૧૩ વાવણી જેઠ પુરી કરશો
નહી રહે કોઈ ખાલી ચાસ
જંગલે ઢોરો ચરવા જાશે.
આંગણે નહીં ખાય ઘાસ

૧૪ અષાડ માસે અષાડી ચંદર
વરસાદ વરસે આજુ બાજુ
માલધારી જંગલ માલ ચરાવે
ઘાસ ખવડાવે તાજુ ને તાજુ

૧૫ અષાડ અજવાળી પાંચમ દશમ
વધુ વરસ્યાના વિચાર
આમ જો કદી નહીં વરસે તો
અંધારાંયે વચમાં મુશળધાર

૧૬ ડેમો તળાવો ઓગની જાશે
પાણી જોશો ઠામો ઠામ
વધુ વરસાદે નુકશાની થાશે
તમો ચેતીને ચાલજો ગામ

૧૭ ગયા દુકાળ ભુલી જવાતાં
આ તોફાની વરસ લેખાશે
જાન માલની હાની થાતાં
સરકારી દફતરે નોંધણી થાશે.

૧૮ શ્રાવણ માસ જયારે આવશે
વાવેલા મોલના પાંદડાં જોતાં
હરખાશે બહુ મન.

૧૯ જોઇતો માગતો વરસાદ સારો
હશે તેવો શ્રાવણ માસે
ગોકુલ આઠમના દીવસોમાં
ગોપીયો ગુણ ગોવિંદના ગાશે.

૨૦ ભાદરવે ગરમાં બહુ ભારી
વરસાદ કયાં ગયો કહેવાશે
પુનમ એકમ આવતા વરસાદ
અણધાર્યો પેદા થાશે.

૨૧ ગાજ વીજને વાદળ એરંગી
સાથે પાણી અપરંપાર
સાળા ઘેર વરસીયો સીધો સાદો
મામા ઘેર હશે મુશળધાર.

૨૨ પાતાળે પાણી બહુ ચડશે
હરીએ ભાદરવાના આખર દિન
સોડ તાણી તમે સુતા રેશો
તો તણાશે તમારા મશીન.

૨૩ તેશ નવાણે વધસે પાણી
નદીયો વહેશે બારો મ:સ
ઘરને આંગણે ગાય વાછરૂ બાંધજો
તાજી પીજો ગાયની છાસ.

૨૪ આસો આડો અતી ઘણો
સમજો લુવાસુનો એ માસ
કાપણી ટાણે મજુર મોંઘા
અપશો પાંચના પચાસ.

૨૫ બજાર ભાવ બાવન પતાં સમજવાં
રાખવો ત્રેપનમો સાથે જોકર
જોકર મીલાવતાં નહીં આવડે
તેવા ખાશે વહેપારી ઠોકર.

૨૬ શીવગણભાઈ પટેલે ગાયા
આ ચોમાસાના લેખ
ગણીતકારો, પંડીત, મુલ્લાં, કાજી,
આને મારશો નહિ મીંની મેખ.
શીવગણભાઈ કહે છે.

૨૭ સાખી બનાવી અમો આ વરસની
સમજી વીચારી મન માંહી
બીજી સાખી આ સમયમાં
કદી દુઃખજ ભાંગે નહીં.

જાહેર સુચના

અમો શીવગણભાઈ આવા ચોમાસુ સાર લગતા લેખો તૈયાર કરીએ છીએ. તેવા અનોખા લેખો કોઇને યોગ્ય ન લાગે અથવા કોઇને બંધનકર્તા હોય તો અમોને લેખીત નોટીસ રાજસત્તા અધીકારીઓ તરફથી આપવા તેની નોંધ લેશો.

દઃ શીવગણભાઇ લધાભાઈ પટેલ
ઇશ્વર ભવન, કલ્યાણપુર મજલ (ભુજ કચ્છ)
મહા સુદી ૧૫ પુનમ

★

લગ્ન ભેટ

૨૫-૦૦	કેશવલાલ ભાણજીભાઈ પટેલ	નવટાંકી
૨૫-૦૦	દેવસીભાઈ રામજીભાઈ પટેલ	નરોડા
૨૫-૦૦	ભવાનભાઈ વિશ્રામભાઈ પટેલ	રણજીતપુરાલાડ
૨૫-૦૦	ભાણજીભાઈ જીવરાજભાઈ પટેલ	રામશીકંપા
૨૧-૦૦	નારણભાઈ દેવજીભાઈ પટેલ	ચાસુકંપા

આપના તરફથી ભેટ મળી તે બદલ આભાર,

લગ્ન ભેટો આપી સંસ્થાઓ પ્રત્યે પોતા પણાની ભાવના રાખનાર ઉદારદિલ વડીલ બંધુઓના ઉદાહરણને સૌ કોઇ અનુસરે એવી અભિલાષા

મંતવ્ય

માનનીય તંત્રી સાહેબ,

માર્ચ મહિનાનો "જાગૃતિ" અંક વાંચ્યો. આપની કુશાગ્ર બુધ્ધિ, અનુભવથી માસિકની ખામી રહીત છપાઈ અને લેખન કાર્યમાં ઓર વધારો થયેલ છે. તે બદલ અમારા મિત્રવર્ગ તરફથી આપને હાર્દિક અભિનંદન.

નવચેતન યુવક મંડળના પ્રમુખ તેમજ તેમના સાથીઓએ યુવક સંમેલન યોજવા માટે જે અથાગ પરિશ્રમ ઉઠાવી તેને સફળ બનાવ્યું તે માટે તેમને ઘણાજ ઘણા ધન્યવાદ આપવા ઘટે ! અખિલ ભારતીય પાટીદાર યુવક મંડળ સ્થાપવાનો યશ તેઓ લઇ જાય છે તે બદલ તેમને અભિનંદન.

પૂના પાટીદાર યુવક મંડળે તેમના પ્રયાસને વધાવી એક નવું જોમ ઉમેર્યું છે. અને સમસ્ત યુવક વર્ગમાં ચેતના લાવી એક ઉમદા ઉદાહરણ પૂરું પાડયું છે.

કલકત્તા તેમજ પૂનાના સંમેલનમાં પ્રતિનિધિઓ તેમજ સમાજના આગળ પડતા આગેવાનોએ હાજરી આપી પોત પોતાનાં મંતવ્યો નવી વિચાર ધારાઓ રજુ કરી સમાજમાં ચાલતા કુરિવાજો વિરૂધ્ધ જોરદાર વિરોધની માગણી પ્રવર્તે છે. અને તે માટે યોગ્ય પગલાં લેવા જોઇએ તેમ આજનો બુધ્ધિજીવી યુવાવર્ગ માને છે.

આપણી સમાજમાં એક રૂઢિચુસ્ત અંધશ્રધ્ધા ધરાવતી માન્યતા પ્રસરેલી છે. અને તેના લીધે નિર્દોષ અને સુયોગ્ય બહેનોનું જીવન ઘણું કરુણામય બની જાય છે એક ભાઇએ બહેનો ઊંઝામાં કેમ જાય છે ? તેવો પ્રશ્ન સંમેલનમાં કરેલ તો તેના માટે ૭૫% આજ કારણ છે !

અને તે છે "છાપ" વાળી કન્યા અમારી ધારણા પ્રમાણે છાપવાળી કન્યા સાથે કોઇ પણ પરણવા તૈયાર નથી થતું તો આ "છાપ" એ આખરે શું છે ? અને તે અમુકને જ કેમ લાગુ પડે છે ? આ પ્રશ્ન ઉપર કેમ કોઈ પ્રકાશ નથી નાખતું ? આજે આ અંધશ્રધ્ધાવાળી પ્રચલિત માન્યતાના કારણે જ કેટલીય સુયોગ્ય બહેનોને યોગ્ય પાત્ર ન મલવાને કારણે અયોગ્ય પાત્રના હાથમાં સોંપી દેવા કરતાં ઊંઝામાં શા માટે ન મોકલવી ? એમ વિચારનારાઓની ખરેખર ! ઘણી જ દુઃખદાયક માન્યતાએ આજ સુધી કેટલીય બહેનોનાં જીવન અંધકારમય અને કરુણામય બનાવી દીધાં છે એમના અંધકારમય જીવનમાં આપશ્રી પ્રકાશ નાખશો તેવી અમારી વિનંતી છે.

શું આપણી સમાજમાં સમુહ લગ્ન જેવી ખર્ચ ઓછું ના કરી શકાય ?

સમાજના અમુક આગેવાનો કે પ્રતિનિધિઓ અવાર નવાર ઘુંઘટની પ્રથા નાબુદ કરવા વિષે કહે છે. તો તેઓ જાતે જ એ દિશામાં પગલું ભરી ઉમદા ઉદાહરણ કયારે પૂરું પાડશે ? અમો તો એમની જ રાહ જોઈને બેઠા છીએ ?

ચૂંટાયેલ પ્રતિનિધિઓમાં જે ત્રણ બહેનોનો સમાવેશ થાય છે તે આનંદદાયક છે પણ બીજી બહેનો આગળ કેમ આવતી નથી ? તેના માટે પ્રયાસ કરવા જરૂરી છે.

આ વિચારો એ મારા અંગત વિચારો નથી પણ મારી સહવાસના કોલેજના વિદ્યાર્થીઓ અને મારા મિત્રવર્ગના છે. આશા છે કે આપ અમારી વિચારધારાને વેગ આપી અમને માર્ગદર્શન આપશો.

કાન્તિલાલ શીવદાસ પૂનાવાલા (હિંમતનગર.)

સમાચાર દર્શન

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા

નું પ્રશંસનીય પગલું સુશિક્ષિત બહેનોનું સન્માન

આથી અમે સહર્ષ જણાવીએ છીએ કે આપણા સમાજ માં કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવામાં અમુક અંશે સાથ આપવા આપણા સમાજની એસ. એસ સી. કે હાયર સેકન્ડરી અથવા તેથી ઉચ્ચ કક્ષામાં ઉત્તિર્ણ થનાર બહેનોનું અમારા મંડળ દ્વારા બહુમાન કરવામાં આવશે. અમારા મંડળ તરફથી ઉત્તિર્ણ થનાર બહેનોને એક મેડલ અને સર્ટીફિકેટ ભેટ આપવામાં આવશે. આ નિર્ણય ૧૯૭૨ની સાલથી ચાલુ ગણવામાં આવશે.

આથી દરેક બહેનોને અને યુવક મંડળોને વિનંતી કરવામાં આવેછે. કે આપના વિભાગમાંથી ઉત્તિર્ણ થયેલ બહેનોનાં નામ સરનામાં અને વિગતવાર અહેવાલ સહિત) નીચેના સરનામે. મોકલી આપવા મે. કરશો. અમને અમારા આ કાર્યમાં સાથ અને સહકાર આપી આભારી કરશો એજ અભ્યર્થના સાથે

પત્ર વ્યવહારનું સરનામું :
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ
C/o. કેશવલાલ એન્ડ કું.
૬૫/૧ મહર્ષિ દેવેન્દ્ર રોડ, કલકત્તા–૬

લી શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ વતી.
વેલજી હરજી પટેલ સહ–મંત્રી

આગમાં સપડાયેલ પુના ટિમ્બર માર્કેટ

સમિક્ષક :— **શ્રી પૂના પાટીદાર યુવક મંડળ–પૂના–૨.**

સનિવાર તા. ૧૭–૩–૭૩નું પ્રભાત પુનાના લાકડાના વેપારીઓ માટે આઘાત સમું બની ગયું હતું. એ પ્રભાત આનંદ અને આશાઓ ન લાવતાં દુઃખ અને નિરાશા સાથે લાવ્યું હતું. અચાનક ટિંબર માર્કેટના મધ્યભાગને આગમાં ભસ્મ કરી નંદનવનને વેરણ છેરણ કરી સ્મશાન બનાવી મુકયું, એ કારમા પ્રસંગના પૂના ટિંબર માર્કેટના ૨૭ નાના મોટા વેપારીઓ ભોગ બન્યા અને કુદરતી આફત આગળ પોતાનું સર્વસ્વ ગુમાવી બેઠા. આ આગે પુના ટિંબર માર્કેટમાં રૂપિયા એક કરોડની રમખાણ કરી નાખી, આ આફતની વાત આખાય શહેરમાં પલભરમાં પ્રસરી ગઇ અને આખું શહેર ઘટના સ્થળે આફત ગ્રસ્તોને આશ્વાસન આપવા ઉમટી પડયું. કેન્દ્ર સરકારના રાજ્યમંત્રી મોહન ધારીયા, પુનાના મેયર, ધારાસભ્યો નગરપતિઓ, કલેકટર, કમિશનર, પોલીસ કમીશનર સર્વે ઘટના સ્થળે પહોંચી આવ્યા અને આફતં ગ્રસ્તોને સાંત્વન આપ્યું અને નિરાશામાં દરેક પ્રકારની સહાયતા આપવાના આશ્વાસન રૂપી આશા જગાડી. આ કુદરતી આફતમાં આપણા પાંચ જ્ઞાતિબંધુઓની સર્વ મિલો પણ બળીને ખાખ થઇ ગઇ છે. એ મિલો આ પ્રમાણે છે.

(૧) સરસ્વતિ ટિંબર ટ્રેડર્સ (૨) ગણપતિ સૉ મિલ્સ (૩) શારદા ટિંબર ટ્રેડીંગ કું. (સૉ મીલ તથા ગોડાઉન) (૪) એચ. ગોપાલભાઈની કું. (૫) સરસ્વતિ સૉ મિલ્સ.

આપણા જ્ઞાતિબંધુઓને કે જેમની સૉ મિલો આગમાં ખાખ થઇ ગઈ છે તેમનું શ્રી પૂના પાટીદાર સમાજે સાંત્વન કરવા માટે તા. ૧૯–૩–૭૩ના રોજ મે. પટેલ સૉ મિલ્સમાં સમાજના પ્રમુખ લાલજી ભાણજીના પ્રમુખપણા હેઠળ મળી હતી અને સર્વ ભાઈઓને દિલાસો આપ્યો હતો અંતે આફતગ્રસ્ત ભાઇઓને તાત્કાલિક મદદ માટે વગર વ્યાજે રૂા. ૧૫૦૦૦–૦૦ (રૂપિયા પંદર હજાર) દરેક સૉ મિલને લોન તરીકે આપવાનું નકકી કરેલ છે અને તેમની સૉ મિલ ફરીથી ચાલુ કરવા માટે સમાજ વતી નીચેના સભ્યોની સમિતિ નીમી છે, જે આફતગ્રસ્ત ભાઈઓને દરેક પ્રકારની મદદ કરશે.

(૧) નાનજીભાઈ દેવજીભાઈ રામાણું (૨) પરબતભાઇ લાલજીભાઇ પટેલ (૩) અરજણભાઇ કરસનભાઇ પટેલ (૪) રવજીભાઇ માવજીભાઇ પટેલ (૫) પ્રેમજીભાઇ ડાહ્યાભાઈ પટેલ

આફતગ્રસ્ત ભાઇઓને સાંત્વન આપવા માટે —અહમદનગર નાશિક, મુંબઈ, સાંગલી, ભીવંડી, ચાલીસગાંવ, નિપાણી, બિલીમોરા, બિજાપુર, લાસલગાંવ વગેરેથી ભાઈઓ પધાર્યા હતા. અને ઘણા ભાઇઓએ ફોન ઉપર ઘટતી બાબતનો સંપર્ક સાધી આફતગ્રસ્ત ભાઇઓને સાંત્વન આપ્યું હતું.

જે જે ભાઇઓ પૂના પધારી આફતગ્રસ્ત ભાઇઓને સાંત્વન આપ્યું છે તેમને આફતગ્રસ્ત ભાઇઓ તરફથી શ્રી પૂના પાટીદાર યુવક મંડળ ધન્યવાદ અર્પે છે. અને આફતગ્રસ્ત ભાઇઓની ઉઝડી વાડી ફરીથી મ્હેંકતી બનાવી દે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરે છે.

★

★ શ્રી કાનજીભાઈ અખઇભાઈ પટેલ C/o પટેલ સો મીલ
,, વિશ્રામભાઈ અખઇભાઈ પટેલ C/o સરસ્વતી સો મીલ
ભીવંડીવાળા ના સ્વ. પિતાશ્રી અખઇભાઈ કરસનભાઈ ના સ્મરણાર્થે રૂા. ૨૫-૨૫ ન. પૈ. વિદ્યાર્થી ભવન ધનસુરા તેમજ રૂા. ૨૫-૨૫ ન. પૈ. કન્યા છાત્રાલય ધનસુરા ને ભેટ આપવામાં આવી છે

ભીવંડી નિવાસી સ્વ. અખઇભાઈ કરશનભાઇ પટેલનું ગત તા. ૧૪-૩-૭૩ ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયું છે. તેમના વિશાળ પરિવારને તેમના અવસાનથી પડેલી ખોટ સહન કરવાની પ્રભુ શકિત આપે અને સદ્ગતના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના

★ આનંદની વાત છે કે અણિયોર કંપા નિવાસી જાગૃતિના પ્રકાશક તેમજ સમાજના અગ્રગણ્ય કાર્યકર પટેલ વિશ્રામભાઈ નથુભાઈની ગઈ તા. ૩૧-૩-૭૩ના રોજ જમીન વિકાસ બેંક શાખા સમિતિ માલપુરના પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. પ્રગતિ બદલ તેઓશ્રીને અભિનંદન

★ શ્રી જલગામ પાટીદાર યુવક મંડળના યુવક મિત્રોએ આપણી જ્ઞાતિનાં બે મુખપત્રો 'જાગૃતિ' માસિક તેમજ 'આઝાદ કલમ' માક્ષિક મંગાવવાનો દરેક પેઢીવાળા ભાઈઓએ ઠરાવ કરી નિર્ણય લઈ ગ્રાહક બન્યા છે. તે બદલ તેઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે

સાથે સાથે જલગામ પાટીદાર યુવક મંડળના આ નિર્ણયને દેશભરમાં પથરાયેલા આપણા સમાજના ભાઈઓ પણ પ્રેમપૂર્વક વધાવી લઈ તેઓના ઉદાહરણને દ્રષ્ટિ સમક્ષ રાખે તેવી અભિલાષા સેવવામાં આવે છે.

—તંત્રી

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત

શ્રી ખીમજીભાઇ પ્રેમજીભાઈ પટેલ (મડાસણાકંપા) વિદ્યાર્થી ભવન—મોડાસા.

ગત તા. ૨૫–૩–૭૩ના રોજ ઉપરોક્ત વિદ્યાર્થી ભવનના લાભાર્થે અત્રે મોડાસાની અપ્સરા ટોકીઝમાં સુવિખ્યાત પ્રોફેસર ભીમ.ણીનો હીપ્નોટીઝમનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

સમારંભનું પ્રમુખ સ્થાન મફતલાલ કાન્તિલાલ ઓઇલ મીલ—કપડવણજના માલિક શ્રી મફતલાલ અંબાલાલ શાહે શોભાવ્યું હતું.

આ પ્રસંગે મોડાસાના અગ્રણી વેપારીઓ, શહેરની શૈક્ષણિક સંસ્થાના વડાઓ, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના તેમજ યુવક મંડળના પ્રમુખશ્રીઓ તેમજ આપણા સમાજની જિલ્લાની સમાજવાડીઓના આગેવાનો સહિત વિશાળ સંખ્યામાં સમાજના કાર્યકરોએ હાજરી આપી હતી.

મુખ્ય દાનદાતા શ્રી ખીમજીભાઇ પ્રેમજીભાઈ પટેલ, કાર્યકર્તા શ્રી અરજણભાઇ ભીમજીભાઇ, તેમજ હરજીભાઇ લાલજીભાઈ વગેરેની હાજરીમાં સદર પ્રસંગની શરૂઆત બાળાઓના સ્વાગત ગીતથી કરવામાં આવી હતી.

મહેમાનોની ઓળખવિધિ મોડાસા યુવક મંડળના પ્રમુખશ્રી રતિલાલ સોમાલાલ પટેલે કરાવી હતી, ત્યાર બાદ મહેમાનોનું હારતોરાથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નીચે મુજબના વકતાઓ સર્વશ્રી હરજીભાઇ લાલજીભાઇ પટેલ શીવપુરાકંપા, શ્રી રમણલાલ સોની—મોડાસા, શ્રી અંબાલાલ ઉપાધ્યાય (ધારાસભ્ય) લીંભોઇ, માજી ધારાસભ્ય નારણભાઈ એસ. પટેલ મોતીવેણી, શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન, ધનસુરાના ગૃહપતિ તેમજ શ્રી જ. સાં. મહેતા હાઇસ્કૂલ, ધનસુરાના સુપરવાઇઝર શ્રી વાડીભાઈ કે. પટેલ, શ્રી કાન્તિભાઈ સોની મોડાસા, નવનિર્માણ પામતા વિદ્યાર્થી ભવન—મોડાસાના મુખ્ય દાનદાતા શ્રી ખીમજીભાઇ પ્રેમજીભાઈ—મડાસણાકંપા, સમારંભના પ્રમુખશ્રી મફતલાલ અંબાલાલ શેઠ, કપડવણજ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો દ્વારા જણાવ્યું હતું કે વિવિધ શૈક્ષણિક શાખાઓના કેન્દ્ર સ્થાન જેવા મોડાસામાં કચ્છ કડવા પાટીદાર સમાજનું છાત્રાલય થાય એ સમાજના ભાવિ ઉત્થાનનું એક મહામૂલું પગથિયું છે આ સંસ્થા થવાથી માત્ર સમાજને જ નહિ પણ પરોક્ષ રીતે જિલ્લાને પણ લાભપ્રદ નીવડશે.

આ સમાજે ધનસુરામાં ૧૮ વર્ષ પહેલાં વિદ્યાર્થી ભવન અને ચાર વર્ષ પહેલાં કન્યા છાત્રાલય બંધાવેલું છે જેથી શિક્ષણમાં પણ સર્વાંગી વિકાસ સાધી શકાશે.

 સમાજની પ્રગતિ વિશેષ ફુલેફાલે એવાં વકતાઓનાં આશિર્વચનો બાદ સમારંભના પ્રમુખશ્રીએ પ્રમુખસ્થાન આપવા બદલ કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો.

શ્રી હરજીભાઈ લાલજીભાઈએ આ સમારંભ યોજવામાં અને તેને સફળ બનાવવામાં જે જે વ્યક્તિઓ કે સંસ્થાઓએ ભોગ આપ્યો હતો તેઓ સૈનો તેમજ પ્રો. ભીમાણીના કાર્યક્રમની સુંદર વ્યવસ્થા જાળવવા બદલ મોડાસા યુવક મંડળના વ્યવસ્થાપક ભાઇઓનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

ઉપરોક્ત વિદ્યાર્થી ભવન માટે નીચે મુજબના દાતાઓએ દાન આપ્યું છે.

રૂા.	નામ	ગામ
૩૧૦૦૧	પટેલ ખીમજીભાઇ પ્રેમજીભાઈ	મડાસણાકંપા
૫૦૦૧	શાહ મફતલાલ અંબાલાલ	કપડવણજ
૫૦૦૧	પટેલ અરજણભાઇ ભીમજીભાઈ	લીંબોઇકંપા
૫૦૦૧	પટેલ કરમસીભાઇ પેથાભાઇ	આનંદપુરાકંપા
૫૦૦૧	પટેલ લક્ષ્મણભાઈ લધાભાઇ	લીંબોઇકંપા
૫૦૦૧	પટેલ હરજીભાઇ લાલજીભાઇ	શીવપુરાકંપા
૫૦૦૧	પટેલ નાનજીભાઇ મેઘજીભાઈ	મહાદેવપુરાકંપા
૫૦૦૧	પટેલ લાલજીભાઈ હીરજીભાઇ	,,
૫૦૦૧	પટેલ પ્રેમજીભાઇ વાલજીભાઇ પટેલ મેઘજીભાઇ વાલજીભાઇ	,,
૫૦૦૧	પટેલ લાલજીભાઇ ભીમજીભાઇ	નહેરૂકંપા
૫૦૦૧	પટેલ વાલજીભાઇ રાંમજીભાઈ	લીંબોઈકંપા
૫૦૦૧	પટેલ ગંગારામ નાનજીભાઇ	મોહનપુરકંપા
	પટેલ પુંજાભાઇ નાનજીભાઇ	,,
૫૦૦૧	પટેલ હંસરાજભાઇ પચાણભાઇ ભાઇઓ સમસ્ત	નહેરૂકંપા
૫૦૦૧	મહાદેવપુરાકંપા સમસ્ત	
૫૦૦૧	પટેલ કાનજીભાઈ વિશ્રામભાઇ	આનંદપુરાકંપા
	પટેલ નારણભાઇ વિશ્રામભાઈ	,,
૫૦૦૧	પટેલ માવજીભાઇ રામજીભાઇ	ધરમેડાકંપા
૪૦૦૧	પટેલ સામજીભાઈ અરજણભાઇ	દેસાઇપુરાકંપા
૪૦૦૧	પટેલ કરમસીભાઇ કરશનભાઇ ભાઇઓ સમસ્ત	આનંદપુરાકંપા
૪૦૦૧	હરજીભાઈ ભાણજીભાઈ	આનંદપુરાકંપા

ઉપરોક્ત દાતાઓએ વિદ્યાદાન માટે નિર્દેશિત રકમનું દાન જાહેર કર્યું છે.

★

✻ શ્રી જલગામ પાટીદાર યુવક મંડળ ✻

શ્રી જલગામ પાટીદાર યુવક ભાઈઓની મિટીંગ તા, ૧૩–૨–૭૩ના શ્રી મનમોહન સૉ મીલમાં રાખવામાં આવેલ હતી તેમાં "શ્રી જલગામ પાટીદાર યુવક મંડળ" ની સ્થાપના સર્વાનુમતે કરવામાં આવી. ત્યારબાદ ચાલુ સત્ર માટે કાર્યવાહક સમિતીની ચૂટણી કરતાં નીચે મુજબના હોદ્દેદારો ચૂટાયેલા જાહેર થયા હતા.

૧. પ્રમુખ : શ્રી કરમસીભાઈ ભાણજીભાઇ પટેલ
૨. ઉપ પ્રમુખ : „ વેણીલાલ જેઠાભાઈ પટેલ
૩. મંત્રી : „ શંકરલાલ રાજારામ પટેલ S. Y. B. Com.
૪. સહમંત્રી : „ દામોદર માવજી પટેલ S. S. C
૫. ખજાનચી : „ વિઠ્ઠલભાઇ મોહનલાલ

નવા ચૂંટાયેલા હોદ્દેદારોને સર્વ સભ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. ત્યાર બાદ પ્રમુખ, ઊપ પ્રમુખ તેમજ અન્ય સભ્યોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા તેમાં સૌએ સહકાર આપવાની પ્રતિજ્ઞા દર્શાવી હતી ત્યારબાદ મિઠાઈ વિતરણ કરવામાં આવી હતી

ત્યારબાદ મિટીંગ વિસર્જન કરવામાં આવી હતી

એજ લિ. આપનો
શ્રી જલગામ પાટીદાર યુવક મંડળ વતી
મંત્રી : **શ્રી શંકરલાલ રાજારામ પટેલ**

✻ શ્રી પાટીદાર યુવક મંડળ, જબલપુર ✻

શ્રી પાટીદાર યુવક મંડળની જનરલ સભા તા. ૧૦–૩–૭૩ના પાટીદાર સમાજના પ્રમુખ શ્રી માવજીભાઇ હીરજીભાઇ નાકરાણીના અધ્યક્ષપદ હેઠળ યોજવામાં આવી હતી. તેમાં કલકત્તાથી પધારેલ યુવક સંઘના પ્રમુખ, ખજાનચી તથા સભ્યોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ મંડળના ઉપ–પ્રમુખ શ્રી વિરેન્દ્રકુમાર માવજીભાઈ નાકરાણીએ આવેલ મહેમાનોની ઓળખવિધી આપી અને મંડળની આછી રૂપરેખા આપેલ અને ત્યારબાદ સંઘના પ્રમુખ તથા ખજાનચીએ યુવક સંઘની સ્થાપના તથા તેમના કાર્યોની રૂપરેખા જણાવી હતી અને જબલપુર યુવકો તથા સમાજના વડીલોથી સંઘનાં કાર્યોમાં પૂર્ણ સાથ સહકાર આપવાનું નમ્ર નિવેદન કર્યું હતું અને ત્યારબાદ સમાજના પ્રમુખ માવજીભાઇ હીરજી નાકરાણીએ સંઘના કાર્યોમાં પૂર્ણ સાથ આપવાનો નિર્ણય જણાવ્યો હતો. અને ત્યાબાદ યુવક મંડળના પ્રમુખશ્રીએ આભાર વિધી કરેલ અને અલ્પાહાર પછી સભા સમાપ્ત કરવામાં આવી હતી.

ઉપ–પ્રમુખ :: **વીરેન્દ્રકુમાર એમ. પટેલ**



સ્વ.
પટેલ પ્રેમજીભાઈ રાંમજીભાઈ
જબલપુર (મ. પ્ર.)

કચ્છ ધાવડા નિવાસી સ્વ. પટેલ પ્રેમજીભાઈ રામજીભાઇ હાલ જબલપુર મધ્યે પી. ડી. પોકાર એન્ડ કું વાળાનું ગત તા. ૧૪-૩-૭૩ના રોજ સાંજે ૫-૩૫ કલાકે ૬૮ વર્ષની ઉમરે દુઃખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થ તેમની પાછળ એક વિશાળ પરિવારને વિલાપ કરતાં મૂકી ગયા છે તેમના જવાથી તેમનાં કુટુમ્બીજનોને પડેલી ખોટ સહન કરવાની પ્રભુ શક્તિ અર્પે. અને સદ્દગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પો એજ અભ્યર્થના.

★

પૂણ્ય સ્મૃતિમાં ભેટ

	કન્યા છાત્રાલય વિદ્યાર્થી ભવન ધનસુરા રૂ. પૈસા	જાગૃતિ કાર્યાલય ધનસુરા રૂ. પૈસા
★ સ્વ. પટેલ પ્રેમજીભાઇ રામજીભાઇના સ્મરણાર્થે તેમના સુપુત્રો પરસોત્તમભાઈ તેમજ દાંનાભાઈ (જબલપુર) તરફથી—	૫૦—૫૦	૫૦—૫૦
સ્વ. પટેલ હંસરાજભાઇ વાલજીભાઈના સ્મરણાર્થે તેમના સુપુત્રો રામજીભાઇ, જશરાજભાઇ તેમજ લીલાધરભાઇ (અમદાવાદ) તરફથી	૫૦—૫૦	૫૦—૫૦
	૧૦૧-૦૦	૧૦૧-૦૦



સ્વ.
પટેલ હંસરાજભાઇ વાલજીભાઇ
અમદાવાદ

કચ્છ વિથોણ નિવાસી સ્વ. પટેલ હંસરાજભાઇ હાલ શારદા વિજય સૉ મીલ અમદાવાદ વાળાનું ગત તા. ૧૪–૩–૭૩ના રોજ રાત્રે ૯–૧૫ કલાકે ૬૫ વર્ષની ઉમરે દુઃખદ અવસાન થયું છે

સ્વર્ગસ્થ તેમની પાછળ એક વિશાળ પરિવારને વિલાપ કરતાં મૂકી ગયા છે. તેમના જવાથી તેમના કુટુંબીજનોને પડેલી ખોટ સહન કરવાની પ્રભુ શક્તિ અર્પો અને સદ્‌ગતના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પો એજ અભ્યર્થના.

★

વિધીની વિચિત્રતા !

જબલપુર નિવાસી પટેલ પરસોત્તમભાઇના પિતાશ્રી સ્વર્ગસ્થ પ્રેમજીભાઇ રામજીભાઈ પટેલનું તેમજ પરસોત્તમભાઇનાં ધર્મપત્ની વાલબાઇના પિતાશ્રી સ્વ. હંસરાજભાઇ વાલજીભાઈ એમ બન્ને વેવાઈઓનું ગત તા. ૧૪–૩–૭૩ ના રોજ એકજ દિવસે માત્ર ૩ કલાક ને ૪૦ મિનિટના અંતરમાં જ અવસાન થતાં પતિ–પત્ની બન્નેએ એકજ દિવસમાં, થોડાકજ સમયમાં પોતાના વડીલોને ગુમાવ્યા છે પ્રભુ આ કારમો ઘા સહન કરવાની શક્તિ બંને પતિ–પત્ની તેમજ તેમનાં સ્નેહી સબંધીજનો અને કુટુંબીજનોને અર્પો એજ અભ્યર્થના.

卐

આપ વિચારશો ?

★ આપણે જાણીએ છીએ તે મુજબ ભારતભરમાં પથરાયેલા આપણાં સમાજના યુવા વર્ગની તાજેતરમાં જ ડીસેમ્બર–૭૨ની આખરમાં અખિલ ભારતીય યુવક સંઘની તદર્થ સમિતિની નિમણુંક કરવામાં આવી છે તેમાં બહેનોની સંખ્યા ખૂબ અલ્પ છે. જો આ બહેનોનું સંખ્યાબળ પ્રાંતવાર ઉમેરવામાં આવે તો પ્રત્યેક પ્રાંતની એક કરતાં વધુ બહેનોને સામાજિક રીતે એક-બીજાના વિચારોની આપ લે કરવાની તક મળી શકે.

જો તેમ ન થાય તો માત્ર નામ ખાતર જ નામ રાખ્યા શકાશે અને મુખ્ય હેતુ માર્યો જશે અને કાર્યવાહીમાં પણ આગળ ન વધી શકાય તેમ આપ સૌને નથી લાગતું ? આ અંગે યુવક સંઘ યોગ્ય વિચારણા કરી શકય હોય ત્યાં સુધી ઘટતું કરે તો યોગ્યજ લેખાશે.

★

આપણે અને આપણો ઇતિહાસ

★ આપણા સમાજના ભૂતકાળના ઇતિહાસની સમાજને જરૂર છે ખરી ? જો જવાબ 'હા' હોય તો સમાજ આ અંગે વિચાર કરે તો તે આવકારદાયક ગણાશે.

આ બાબતમાં સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ યોગ્ય વિચાર કરે અને આપણા મૂળ ઇતિહાસની અમૂલ્ય સામગ્રી એકત્ર કરી, ગ્રંથસ્થ કરી સમાજમાં ઘેર ઘેર તેને સ્થાન આપે તો તે ખુબજ સારું પગલું કહી શકાશે.

ખરેખર ! જો આ અંગે વિચારવામાં આવે તો આપણે પોતે કોણ છીએ કેવા હોવા જોઇએ, આપણી સંસ્કૃતિ અને સસ્કારિતામાં કેટલા અંશે સામ્ય છે વગેરેનો ખ્યાલ દરેક કુટુંબ રાખી શકે તે માટે સમગ્ર સમાજે સક્રિય-પણે વિચારી તેનો વહેલી તકે અમલ થાય તે જરૂરી નથી લાગતું ?

જે કોઇ ભાઈઓ પાસે આ અંગેનું જે સાહિત્ય હોય તેઓએ સમાજ માટે ઉપયોગી બનવા પોતાનો વિચાર પ્રદર્શિક કરે.

આ બાબતમાં રસ ધરાવનાર ભાઈઓ ઇતિહાસની જરૂરીયાત અંગે પોત પોતાના વિચારો કાર્યલયના સરનામે મોકલાવી આપે એ જરૂરી છે.

✻ કચ્છ કડવા પાટીદાર સમાજ ✻

દેશબંધુ ગુપ્તારોડ, પહાડગંજ, નવી દિલ્હી.

" નવાવરસમાટે કાર્યવાહક સમિતિ "

અત્રે શ્રી સૂર્ય વિજય સૅા મીલમાં, શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ (દિલ્હી) ની તા. ૨૫-૨-૭૩ના રોજે એક સામાન્ય સભા રાખવામાં આવેલ જેનું પ્રમુખ સ્થાન, સમાજના પ્રમુખ, શ્રી ખીમજીભાઈ તેજાલાલે સ્વીકાર્યુ હતું.

ત્યાર બાદ સંવત ૨૦૨૯ના વરસ માટે નવી ચૂંટણી કરવામાં આવેલ અને સર્વ સંમતિથી નીચે જણાવેલ કાર્યવાહક સમિતિની રચના કરવામાં આવેલ.

૧	સર-ફર્સ્ટ	શ્રી વેલજીભાઈ દેવસીભાઈ પટેલ	રસલિયા
૨	પ્રમુખ	શ્રી જેઠાભાઈ પચાણભાઈ પટેલ	અંગીયા
૩	ઉપપ્રમુખ	શ્રી સીવગણભાઈ હીરાલાલ પટેલ	ખોંભડી
૪	મંત્રી	શ્રી ધનારામ હીરાલાલ પટેલ	રસલિયા
૫	સહમંત્રી	શ્રી કરસનભાઈ વીસરામ પટેલ	કાદીયા મોટા
૬	ખજાનચી	શ્રી રવજીભાઈ ખીમજીભાઈ પટેલ	અંગીયા

સલાહકાર સભ્યો :-

૧	શ્રી ખીમજીભાઈ તેજાલાલ પટેલ	ખોંભડી
૨	શ્રી પચાંણભાઈ મુળજીભાઈ પટેલ	રસાલિયા
૩	ભીમજીભાઇ નાનજીભાઈ પટેલ	ખોંભડી
૪	અમજીભાઈ પરબતભાઈ પટેલ	કાદીયામોટા

ત્યાર બાદ અલ્પાહાર લીધા પછી પ્રમુખની પરવાનગીથી સભા પુરી કરવામાં આવેલ.

મંત્રી,
ધનારામ હીરાલાલ પટેલ
કચ્છ કડવા પાટીદાર સમાજ (ન્યુદીલ્હી)

✶

લક્ષ્મી નારાયણજી મંદિર

દરશડી (કચ્છ)

વર્ષોથી જેની રાહ જોવાતી હતી તે શ્રી દરશડી ગામે ભગવાન શ્રી લક્ષ્મી નારાયણના મંદીરની પાયાવિધિ વસંત પંચમી (તા. ૮-૨-૭૩) ના રોજ ગામના આગેવાન અને સંનિષ્ઠ કાર્યકર, ઉદાર અને સનાતન ધર્મ પ્રેમી શ્રીમાન ભાણજી ભાઈ ખેતશી ના શુભ હસ્તે ઉત્સાહપૂર્ણ વાતાવરણ વચ્ચે કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગામના ઇતર વર્ગ તેમજ આજુ બાજુનાં ગામોના આગેવાનોએ ઉત્સાહ ભેર ભાગ લઇ પ્રસંગને દીપાવ્યો હતો. તદ્‌ઉપરાંત સમાજના મુંબઇથી પધારેલા કેટલાક ભાઈઓની હાજરી પણ આ પ્રસંગને અનેરો ઓપ આપી રહી હતી.

આ મંદીરનું કામ અંદાજી રૂ. લાખથી સવા લાખ જેટલું થવા સંભવ છે. જેમાં પત્થરનું પાકું શિખર બંધ મંદીર ઉપરાંત પ્રવચન હોલ ગેસ્ટહાઉસ વગેરે ની પણ સગવડો આધુનિક ઢબે કરવામાં આવનાર છે.

આ કાર્યને પરિપૂર્ણ કરવા સ્થાનિક તેમજ પરદેશ વસતા ગામના સનાતન ધર્મ પ્રેમી ભાઈઓ ધગશ અને ખતથી સારો એવો આત્મ ભોગ આપી રહ્યા છે, ★

કચ્છ કડવા પાટીદાર સમાજ, નવી દિલ્હી

કચ્છ પ્રવાસ બાદ હરિદ્વારવાસી સંતશ્રી વાલદાસજી મહારાજનું સ્વાગત

કચ્છ પ્રવાસ બાદ હરિદ્વાર વાસી સંત શ્રી વાલદાસજી મહારાજનું સ્વાગત

અત્રે તા ૧૭–૩–૭૩ના વહેલી સવારે મહારાજશ્રી કચ્છનાં ૩૫૦ ગામડાંનો પ્રવાસ પૂરો કરી દિલ્હી પહોંચતાં રેલ્વે સ્ટેશન ઉપર સમાજના આગેવાનોએ ફુલહારથી તેમનું સ્વાગત કરેલ હતું. મહારજશ્રી સીધા હરિદ્વાર જવાના હતા પણ સમાજના આગ્રહને માન આપી એક દિવસનું રોકાણ દિલ્હી મુકામે કરેલ હતું.

દિવસ દરમ્યાન સમાજના આગેવાનો સાથે ઘણી દુકાનોની મુલાકાત લીધી હતી અને આશીર્વાદ આપ્યા હતા, રાત્રે શ્રીમાન વેલજીભાઇ દેવસી રસલીયાવાળાના મકાનમાં મહારાજશ્રીના પ્રવચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. તેમાં મહારાજશ્રીએ પોતાના કચ્છના પ્રવાસનું કારણ અને પ્રવાસનો ટુંક અહેવાલ જણાવ્યો. અને દિલ્હીમાં વસતા પાટીદાર ભાઇઓને કચ્છમાં દુષ્કાળ રાહતમાં પોતાનો ફાળો આપવા અપીલ કરેલ હતી ત્યારબાદ મનુષ્ય જીવનની સાર્થકતા માટે મનુષ્યે શું કરવું જોઇએ તે સંતે પોતાની મીઠી અને સરળ ભાષામાં સમજાવ્યુ હતું. સભામાં હાજરી જોઇને આનંદ વ્યકત કર્યો હતો અને જણાવ્યું હતું કે કચ્છના પ્રવાસ દરમ્યાન પણ દિલ્હીના સર્વ શ્રી હિરાલાલ ગોપાલ તથા શ્રી વિશ્રામ સીવદાસે સાથે રહી મને સહકાર આપેલ અને પ્રવાસ સફળ બનાવવા ખૂબ મહેનત કરેલ હતી ત્યારબાદ શ્રી વિશ્રામ સીવદાસ કે જેઓ કચ્છથી મહારાજશ્રીની સાથે આવેલ હતા તેમણે ભજનો રજુ કર્યા હતા ત્યાર બાદ બહેનોએ પણ ભજનો રજુ કર્યા અને અંતમાં પ્રસાદ લઈ સૌ વિખરાયાં હતાં

બીજે દિવસે સવારના મહારાજશ્રીને હરિદ્વાર જવા ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

લી: શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ વતી
મંત્રી

※ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ※

અમદાવાદ

ઉપરોકત સમાજના હોદેદારો તથા કાર્યવાહક કમિટિની ચુંટણી કરવા માટે સમાજની સામાન્ય સભા રવિવાર તા. ૪–૩–૭૩ના બપોરના ૨–૩૦ વાગે કચ્છ કડવા પાટીદાર કોલોનીમાં "શીવનિવાસ" કમ્પાઉન્ડમાં બહેરામપુરા રોડ ઉપર મળી હતી. તેમાં મોટી સંખ્યામાં સમાજના ભાઈબહેનો હાજર રહ્યા હતા. સભાની શરૂઆતમાં સમાજના મંત્રીશ્રી લાલજીભાઈ મેઘજીભાઇ પટેલે સમાજ રજીસ્ટરની કાર્યવાહીનો ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ સર્વાનુંમતે નીચે મુજબ કાર્યવાહક કમિટિનાં નામો જાહેર કરવામાં આવ્યા હતાં—

૧	જેઠાભાઇ પુંજાભાઈ પટેલ	શ્રી ગીતા વુડ વર્કસ સો મીલ	પ્રમુખ
૨	દેવસીભાઇ રામજીભાઇ પટેલ	,, ઉમીયા વિજય સો મીલ	ઉપ–પ્રમુખ
૩	લાલજીભાઈ મેઘજીભાઈ પટેલ	શીવ ટીમ્બર માર્ટ	માનદ્‌મંત્રી
૪	કરસનદાસ માવજીભાઈ પટેલ	ભારત સો મીલ	સહમંત્રી
૫	વિશ્રામભાઈ ખીમજીભાઈ પટેલ	શંકર વિજંય સો મીલ	સહમંત્રી
૬	નારાયણભાઈ ભીમજીભાઈ પટેલ	અંબીકા સો મીલ	ખજાનચી
૭	અબજીભાઈ રામજીભાઈ પટેલ	શંકર વિજય સો મીલ.	સભ્ય
૮	નારણભાઈ જેઠાભાઈ પટેલ	ભગવતી સો મીલ	,,
૯	કરસનભાઈ રતનશીભાઈ પટેલ	શંકર ટીમ્બર માર્ટ	,,
૧૦	રામજીભાઈ મનજીભાઈ પટેલ	રામકૃષ્ણ સો મીલ	,,
૧૧	શીવજીભાઇ દેવસીભાઇ પટેલ	નેશનલ ટીમ્બર માર્ટ એન્ડ સો મીલ	,,
૧૨	વિઠ્ઠલભાઇ રામજીભાઇ પટેલ	મહાવીર સો મીલ	,,
૧૩	રતીલાલ જીવરાજભાઇ પટેલ	કૃષ્ણ વિજય સો મીલ	,,
૧૪	વેલજીભાઇ હીરજીભાઈ પટેલ	પટેલ સો મીલ	,,
૧૫	લખુભાઇ લધાભાઇ પટેલ	ગણેશ સો મીલ	,,

ઉપર મુજબ ચુંટણીનું કામ પતી ગયા બાદ પ્રમુખ સાહેબે આભારવિધિ કરી હતી અને અલ્પાહાર લઇ સભાનું કામકાજ પુરું થયું હતું —

માનદ્‌મંત્રી
લાલજીભાઈ મેઘજીભાઇ પટેલ

✻ આજીવન સભ્યો

નામ	ગામ
પટેલ પ્રેમજીભાઇ અરજણભાઇ	દુર્ગાપુર (કચ્છ)
પટેલ મોહનભાઈ રવજીભાઈ	ઘાટકોપર (મુંબઇ)
ગુજરાત ટીમ્બર કું.	રાયપુર (મ. પ્ર.)
ડૉ. વેલજીભાઈ રામજીભાઇ પટેલ	નાઇઝીરીયા (આફ્રિકા)
પટેલ શાંતિલાલ વાલજીભાઇ	ઘાટકોપર (મુંબઇ)
શંકર વિજય સૉ મીલ	પ્રાંતિજ
પટેલ રવજીભાઇ હીરજીભાઇ	ઘાટકોપર (મુંબઇ)
પટેલ દેવરામભાઇ સવજીભાઇ	રામપુરાકંપા (હડમતિયા)
એસ. એમ. પટેલ એન્ડ કું.	હૈદ્રાબાદ

★

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તાએ બહાર પાડેલ નિવેદન અનુસાર આપણા સમગ્ર સમાજની ૭૨ની સાલથી એસ. એસ. સી. તેમજ તેથી આગળ શિક્ષણ પુરું કર્યું હોય તેવી સૌ બહેનોને મેડલ તેમજ સર્ટિફીકેટ આપી બહુમાન કરવામાં આવશે.

ખરેખર કન્યા કેળવણીને ઉત્તેજન મળે એ હેતુથી આ યુવક મંડળે જે સુંદર વિચાર કર્યો છે અને સાથે સાથે યુવક સંઘની પ્રવૃત્તિના પ્રતિક રૂપે આમાં પણ પહેલ કરી છે તે બદલ નવચેતન પાટીદાર યુવક મંડળના પ્રમુખ શ્રી, મંત્રીશ્રી, તેમજ કારોબારીનાં અન્ય સૌ યુવક ભાઇઓને જાગૃતિ કાર્યાલયના સંપાદક મંડળ વતી હાર્દિક અભિનંદન આપવામાં આવે છે.

—તંત્રી

★

સમાજની યુવા શકિતનો લાભ લેવા અને સામાજીક પ્રવૃત્તિને વિકસાવવા સમાજમાં ઘેર ઘેર સામાજિક સમાચારો પહોંચાડવા માટે "જાગૃતિ" માસિક તેમજ 'આઝાદ કલમ' જેવાં માધ્યમોના આજીવન સભ્ય તેમજ ગ્રાહક બનવા નમ્ર વિનંતી.

—તંત્રી

શ્રી પ્રગતિ પાટીદાર યુવક મંડળ

C/o. અશોક ટીમ્બર ટ્રેડીંગ કાં.
બેંગલોર-૨

તા. ૧૮-૩-૭૩ના બપોરે ૪-૦૦ વાગે શ્રી ન્યુ અશોક સો મીલના કમ્પાઉન્ડમાં યુવક મંડળ સ્થાપવા માટે દરેક ભાઈઓ એકઠા થયેલ. જેનું પ્રમુખ-પદ સમાજના આગેવાન મુરબ્બી શ્રી કાનજીભાઈ ભીમજીએ દિપાવ્યું હતું. અને તેમના માર્ગદર્શન હેઠળ મંડળ સ્થાપવામાં આવ્યું હતું. સર્વાનુમતે મંડળનું નામ શ્રી પ્રગતિ પાટીદાર યુવક મંડળ (બેંગલોર) નક્કી કરવામાં આવેલ છે. અને તેમના સભ્યો અને કાર્યકતાઓ નીચે મુજબ છે.

(૧)	શ્રી	કેશવલાલ કાનજીભાઈ ભગત	ખોંભડી	કચ્છ
(૨)	,,	પચાણભાઈ માવજીભાઈ વેલાણી	,,	,,
(૩)	,,	સીવગણભાઈ વેલજીભાઈ નાથાણી	રતડીયા	,,
(૪)	,,	નારાયણભાઈ પ્રેમજીભાઈ માંકાણી	નેત્રા	,,
(૫)	,,	મનજીભાઈ માવજીભાઈ ચૌધરી B.A.	રસલીયા	,,
(૬)	,,	વિઠ્ઠલદાસ ધનજીભાઈ પોંકાર	ટીમ્બાકંપા	ગુજરાત
(૭)	,,	નાનજીભાઈ કરસનભાઈ નાકરાણી	તલોદ	,,
(૮)	,,	વિશ્રામભાઈ લાલજીભાઈ ચૌહાણ	ખોંભડી	કચ્છ
(૯)	,,	દેવજીભાઇ ભાણજીભાઈ દિવાણી B A.	ટોડીયા	,,
(૧૦)	,,	અમૃતલાલ કાનજીભાઈ ભગત B.A.	ખોંભડી	,,
(૧૧)	,,	પ્રેમજીભાઈ વેલજીભાઈ નાથાણી	રતડીયા	,,
(૧૨)	,,	નારાયણભાઈ નાનજીભાઇ ધોળુ	કોટડા	,,
(૧૩)	,,	વિઠ્ઠલભાઇ પચાણભાઇ નાકરાણી	ખીરસરા	,,
(૧૪)	,,	બાબુલાલ વાલજીભાઇ ભગત	ખોંભડી	,,
(૧૫)	,,	ગોપાલભાઇ રામજીભાઈ ભાવાણી	મથલ	,,
(૧૬)	,,	મણીલાલ દેવજીભાઈ ભાવાણી	મોતીશ્રી	ગુજરાત
(૧૭)	,,	સીવગણભાઇ ડાહ્યાભાઈ ગૈયાત	વિગોડી	કચ્છ

ઉપર જણાવેલ ૧૭ સભ્યો સર્વાનુમતે ચુંટાયેલ છે. તેમાંથી નીચે જણાવેલ હોદ્દેદારોને ચુંટી કાઢેલ છે.

(૧) શ્રી નારાયણભાઇ પ્રેમજીભાઈ પટેલ — પ્રમુખ
(૨) ,, પચાણભાઈ માવજીભાઇ પટેલ — ઉપપ્રમુખ

(૩)	શ્રી કેશવલાલ કાનજીભાઇ પટેલ	મંત્રી
(૪)	,, દેવજીભાઈ ભાણજીભાઇ પટેલ	સહમંત્રી
(૫)	,, સીવગણભાઇ વેલજીભાઇ પટેલ	ખજાનચી

શ્રી પ્રગતિ પાટીદાર યુવક મંડળની સલાહકાર સમિતિના સભ્યો નીચે મુજબ છે.

(૧)	શ્રી કાનજીભાઈ ભીમજીભાઇ ભગત	ખોંભડી	કચ્છ
(૨)	,, કરસનભાઇ પ્રેમજીભાઇ નાકરાણી	તલોદ	ગુજરાત
(૩)	,, શીવજીભાઇ ગોપાલભાઈ ભગત	ખોંભડી	કચ્છ
(૪)	,, દેવજીભાઇ જીવરાજભાઇ વાગડીયા	ખોંભડી	,,

ઉપર જણાવ્યા મુજબ સર્વેને પોતપોતાના હોદ્દાઓ સોંપવામાં આવેલ હતા. અને તે સર્વે ભાઇઓએ મંડળનો આભાર માન્યો હતો.

અંતમાં વિગોડીવાળા શ્રી ડાહ્યાલાલ લધાભાઇ હાજર હોવાથી તેમણે કલકત્તા અને પુના ખાતેની અગાઉ મીટીંગના અહેવાલ ટુંકમાં વાંચી સંભળાવેલ હતા. અને ત્યાર બાદ મંડળ તરફથી તેમનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ચા-પાણી કય પછી પ્રમુખ સ્થાનેથી મીટીગ બરખાસ્ત કરવામાં આવી હતી

મંત્રી
કેશવલાલ કે. પટેલ

સહમંત્રી
દેવજીભાઇ ભાણજીભાઈ પટેલ

★

કચ્છ પાટીદાર સમાજ (મુંબઈ)

સને ૧૯૭૩ના વર્ષ માટે કારોબારી તથા હોદ્દેદારોની થયેલી સર્વાનુમતે ચૂંટણી

પ્રમુખ	.	શ્રી વિશ્રામભાઈ હંસરાજભાઈ પટેલ
ઉપપ્રમુખો	૧	શ્રી મણીભાઈ વાલજીભાઇ પટેલ
	૨	શ્રી શિવદાસ લાલજીભાઇ પટેલ
મંત્રી		શ્રી માવજીભાઈ ધનજીભાઈ પટેલ
સહમંત્રીઓ	૧	શ્રી સાંમજીભાઈ કેશરાભાઈ પટેલ
	૨	શ્રી કાન્તીલાલ પાંચાભાઈ પટેલ
ખજાનચી		શ્રી બાબુલાલ વાલજીભાઇ પટેલ

કારોબારીના સભ્યો :—

૧ શ્રી માવજીભાઈ પોકાર
૨ ,, મણીલાલ પુંજાભાઇ
૩ ,, કેશવજી શીવજી
૪ ,, નારાયણદાસ રામજીભાઇ
૫ ,, દેવસીભાઈ મેઘજીભાઈ
૬ ,, ખીમજીભાઇ કચરાભાઈ
૭ ,, વિશ્રામભાઇ ખીમજીભાઇ
૮ ,, શાંતિલાલ નારાયણભાઇ
૯ શ્રી કેશરાભાઈ કરસનભાઈ
૧૦ ,, વિરજીભાઈ નાનજીભાઇ
૧૧ ,, પુંજાભાઇ ખેતસીભાઇ
૧૨ ,, લધાભાઇ નથુભાઈ
૧૩ ,, હરિભાઇ રામજીભાઇ
૧૪ ,, સાંમજીભાઈ હરજીભાઇ
૧૫ ,, મેઘજીભાઇ લ લજીભાઇ

કો. ઓપ્ટ

૧૬ ,, મોહનલાલ સિવદાસ

ઓડીટર્સ :—

૧ શ્રી જેઠાભાઇ મનજીભાઈ પટેલ
૨ શ્રી ખેતસીભાઈ પચાણભાઈ પટેલ

હાજર સ્ટોકમાં

- બેડાં
- કોઠી
- લંચબોક્ષ
- તગારાં
- ટીફીન
- ડબ્બા
- ડોલ
- બરણીઓ
- ટ્રંક (પેટી)
- પ્રાયમસ વગેરે...

શકિત વિજય વાસણ ભંડાર

તાંબા, પિત્તળ, સ્ટેનલેસસ્ટીલ, હીન્ડોલીયમ,
તેમજ
એલ્યુમિનિયમનાં વાસણોના વહેપારી.

●

સ્થળ :
બુટાલવાડા
મોડાસા, જિ. સાબરકાંઠા.

અ.ઇ. એસ. આઈ. ના માર્કાવાળાં તથા રાજેશ પ્રેસર કુકર
તથા મીલ્ક કુકર

પ્રોપ્રાયટર: **પટેલ માવજીભાઈ ભીમજીભાઈ**
(કચ્છ) વીરાણીવાળા

ખુશ ખબર !

આપના ઘરને સંગીતમય બનાવવા માટે
અવશ્ય મુલાકાત લો—

જર્મન ટેકનોલોજી
મારફતે બનાવેલ
ટેલીફંકન
રેડિયાના
અધિકૃત વિક્રેતા

TELE FUN KEN

- રેડીયા
- ટ્રાન્ઝીસ્ટર
- એમ્પ્લીફાયર
- ટેપરેકોર્ડર્સ

સર્વોદય રેડિયો સર્વિસ



જવાહર બજાર, **ધનસુરા.**
પ્રોપ્રાયટર્સ : ડાહ્યાભાઈ એસ. પટેલ

●

ટેલિફંકન રેડિયો – બે વર્ષની ફ્રી સર્વિસ

શ્રી ગણેશાય નમઃ

જાહેર જનતાને —

ખુશખબર

અમારી દુકાનેથી ઇલેકટ્રીકને લગતો

દરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે

....તેમજ....

મકાનોમાં ઇલેકટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

●

**દરેક જાતના હેરઓઇલ, ક્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ દરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે
વિક્રેતા : સીમેન્સ ઇલે. મોટર**

— રૂબરૂ મળો —



શ્રી ગણેશ ઇલેકટ્રીક એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા. ફોન : પી.પી. ૭૯

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બહામકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બહામકંપાવાળા)

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ કરી આપવામાં આવે છે.

શ્રી જયઅંબે

ખેડૂત ભાઈઓને ખુશ ખબર



સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું

વડાગામ જિ. સાબરકાંઠા.


પટેલ ઇલેકટ્રીકલ્સ

ઈલેકટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધ ન સુ રા
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટયુબ લાઇટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઇલે. સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર
  વગેરે... વગેરે...



પ્રખ્યાત—
એ વ રે સ્ટ ઈ. મોટર્સ

તેમજ

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.

દરેક કંપનીના સ્ટાર્ટર તથા સ્વીચો અને તેને લગતી તમામ વસ્તુઓ.

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ખીમજીભાઈ કરશનભાઈ
[બદામકંપા વાળા]

Everest

શ્રી ૨ા



આપની જરૂરીયાત મુજબ :
- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર ટયુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

દરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—


ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઇયર ઇન્ડિયા લિ: મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઇમ્પિ ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એસ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

ફોન. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા.


LAXMI
LAXMI

JAGRUTI April '73 Reg. No. G. 322

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત) વતી,
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા જિ. સાબરકાંઠા

Book-Post

To, પટેલ સવજીભાઈ હરજીભાઈ
મુ. ઈશ્વરપુરા કંપા
પો. ખિલોડા તા. ભિલોડા
S.K.

卐

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

*

જાગૃતિ

*

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

૫

વર્ષ : ૧૫ મે : ૧૯૭૩

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૬|, પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૧૦૧| પરદેશમાં રૂ. ૧૨૫| નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર
પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી
[વીરાણી કચ્છ]

જન્મ:	સ્વર્ગવાસ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા	સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

અનુક્રમણિકા

તંત્રીસ્થાનેથી

આપણે જાણીએ છીએ તેમ એકાદ બે દાયકા પહેલાંનો આપણો સમાજ ગરીબી, નિરક્ષરતા અને અજ્ઞાનતાના અંધકારમાં અટવાતો ગોથાં ખાતો હતો.

છેલ્લાં થોડાં વર્ષથી જાત મહેનત, ખંત અને સાહસિકપણા જેવા સદ્‌ગુણોના પરિપાક રૂપે આર્થિક દ્રષ્ટિએ અમુક વર્ગે ઠીક ઠીક પ્રગતિ સાધી છે.

પરદેશમાં લાકડાંનો ધંધો તેમજ કચ્છ અને ગુજરાતમાં મોટા ભાગે ખેતીવાડીનો ઉદ્યોગ ધરાવનાર આપણો સમાજ દિનપ્રતિદિન પ્રગતિ અચૂક સાધે છે પરંતુ છેલ્લાં બે પાંચ વર્ષ પર આપણે દ્રષ્ટિપાત કરીએ તો સમાજ કેટલાક રૂઢિગત સંસ્કારોને લઈ વૃદ્ધ લગ્નો, અમુક અંશે બાળ લગ્નો—જે બાળ સગપણના પરિણામનીજ મોટા ભાગે ઉપજ છે એમ કહી શકાય તેમજ લગ્ન વિચ્છેદ જેવા સડાઓમાં અટવાતો જાય છે.

આર્થિક સ્થિતિની થતી જતી વૃદ્ધિ સાથે માનસિક સ્વતંત્રતા કરતાં પણ સ્વચ્છંદતાનો વ્યાપ વધતો જતો હોય તેવો ભાસ થતો નથી લાગતો ?

ગુજરાત ખાતે પણ દ્રષ્ટિપાત કરીએ તો નિરક્ષરતાના પરિણામે આપણે નજીવી લાગતી બાબતોની પાછળ અમલદાર શાહીની શોષણ ખોરીનો ભોગ બનીને કે અવિચારી પણે અન્ય કેટલીક બાબતોમાં પાંચ પચ્ચીસ રૂપિયાની જગ્યાએ બે પાંચસો રૂપિયાનું ખર્ચ કરવામાં પણ અચકાતા નથી

આ રીતે નાણાંકીય દુર્વ્યય અથવા દુરૂપયોગ કરવાની હદ સુધી આપણે જઈએ છીએ પરંતુ જરૂર પુરતી બાબતોમાં ઉદાહરણ તરીકે એમ કહી શકાય કે આપણા જ બાળકોને સુશિક્ષિત બનાવવા આપણી સામાજિક સંસ્થાઓને આર્થિક રીતે શક્તિશાળી અને સુદૃઢ બનાવવામાં આપણે વિચાર કરીએ તો આપણો ફાળો કેટલો !

સમાજમાં ધીરેધીરે સ્વછંદતાનું વાતાવરણ જોર પકડતું જતું હોય તેવો ભાસ થાય છે એક યા બીજા કારણો સર કેટલાક સામાજિક કિસ્સાઓની બાબતમાંથી પણ સમાજ પ્રત્યે અમુક વર્ગની ઉપેક્ષાવૃત્તિ વધતી જાય છે પરંતુ સમાજની દરેક વ્યક્તિ જીવનભર માત્ર પોતાના કુટુંબ માટે કે પોતાના માટે જ ઢસરડો કરી જે બોઝ ઉઠાવે છે તેની સાથે સાથે સામાજિક રીતે સમાજને પગભેર બનાવવા માટેનો વિચાર કરવા દરેક વ્યક્તિએ આત્મખોજ કરવાની જરૂર હોય તેમ નથી લાગતું ?

ખરેખર સમાજની દરેક વ્યક્તિઓ માત્ર વ્યકિતવાદી બની એકલવાયાપણું બતાવી સ્વચ્છંદી વિચારધારાઓમાં ન અટવાતાં વ્યકિત કરતાં સમાજ એ કંઈક વિશેષ છે એવો થોડો ઘણો પણ ખ્યાલ રાખવા વિચારશીલ બને તો સમાજના ભાવિ વિશે એ બાબત શુભ ચિન્હ જેવી ગણાશે નહિતર દિવસે દિવસે સ્વછંદીપણામાં વિહાર કરતાં સમાજનાં સંતાનો સમાજ પ્રત્યે જો વધુ ઉપેક્ષા બતાવશે તો આપણી સામાજિક શકિતને નષ્ટ પ્રાયઃ બનાવી દેશે એમાં શંકાને સ્થાન નથી.

કચ્છ પ્રદેશ તરફથી સાંભળવા મળ્યું છે તેમ આપણી બહેન દીકરીઓનાં વેચાણ થઈ રહ્યાં છે એમ કહીએ તો પણ ખોટું નથી.

આ બધી પરિસ્થિતિ સમાજની પ્રગતિ માટે જો સમયસર નહીં ચેતવામાં આવે તો અવરોધક બની જશે એટલું જ નહિ પણ સમાજના હીરને તેના સ્વપણાને પણ ભરખી જશે તો સમાજનો વડીલ વર્ગ તેમજ યુવા વર્ગે સમયસર જાગૃત બની આવા સડાઓને ડામવા માટે તેમજ સમાજનાં સંતાનોને સામાજિક રીતે જાગૃત કરવા માટે પ્રયત્નશીલ બનવું જરૂરી હોય એમ નથી લાગતું ? ★

જે માણસો ધારે છે કે અમે અમુક કાર્ય કરવાને શક્તિમાન છીએ તેઓ જ તે કાર્ય કરી શકે છે ચારિત્ર્યબળ એ સંપૂર્ણ વિકાસ પામેલી ઇચ્છાજ છે. ઇચ્છા શક્તિનો વિકાસ કરવો એ આપણા જીવનનો ઉદ્દેશ છે દૃઢ ઇચ્છા અને નિશ્ચય ધરાવનાર માણસને માટે જગતમાં સમય અને તક છે, છે ને છે જ.

—ઈમર્સન

તેજપૂંજ

રતિલાલ દેવસીભાઈ પટેલ
“ વિલયી ” અમદાવાદ

સંસ્કૃતિનો વિકાસ પ્રતિકારથી થાય છે, લોહીથી નહીં પરંતુ એ પ્રતિકારની માત્રા યોગ્ય સુંદર અને સમયાનુસાર હોવી પણ એટલી જ જરૂરી છે

આદર્શ પહેલો, મમતા પછી મમતાની ખાખ પર રચાયેલ આદર્શ યુગ યુગ સુધી અમર બની રહે છે.

જીવી તો બધાંય જાણે પણ ત્યાગની ભાવના વગરનું જીવતરેય શા કામનું !

સત્ય હમેશાં બધાંને આકરું લાગે છે કારણ કે સત્ય છે ને એટલે ?

આદર્શની પ્રાપ્તિમાં સત્યનો સથવારો કિર્તીધ્વજને અહોનિશ લહેરાવે છે એમાં કોઈ શંકા નથી.

સત્યના ઉદ્યાનમાં ખોવાઇ જાઓ અસત્ય તમને શોધતું આવશે.

આંસુ આંખમાં ભરાયેલું રહે ત્યાં સુધી જ તેની કિંમત અંકાય છે. આંખની બહારની દુનિયાનું અસ્તિત્વ માત્ર પાણીનું ટીપું કહેવાય છે. જલબિંદુ સિવાય કંઇ નહીં.

આપનાથી કોઈનુ ભલુ ન થાય તો કાંઇ નહીં પરંતુ બુરું કરવાનો જરા સરખોય ખ્યાલ આપનામાં રહેલા 'માનવ' ને ક્યાંય નીચો ઉતારી દે છે. એ કદી ન ભૂલશો.

યુગયુગ પર્યંત કરેલ તપશ્ચર્યાથી મેળવેલ સાધના પ્રાપ્તિથી જે આનંદ મળે છે. તેના કરતાં કોટિ કોટિ ગણો આનંદ તેના ત્યાગમાં છે ત્યાગમૂર્તિ ચિન્હ બનવામાં રહેલો છે.

શ્રદ્ધા અને સ્નેહના સરળ પ્રવાહે વહેતાં નીર વહેમના ખડક સાથે અથડાય તો ? ”

નારીના જીવનની પ્રાણપ્રિય ભાવનાઓ માત્ર એ પ્રિતી અને વાત્સલ્ય.

માનવીની ઠોકરે ચડતો જંગલનો એ પત્થર જયારે દેવમૂર્તિ બની માનવી સમક્ષ આવે છે, ત્યારે એ જ માનવી એને કોટિ વંદનાથી આવકારે છે.

આવનારી આવતી કાલ સુખરૂપ નિવડવાની હોય તો તેના ગર્વમાં આવી જઇ આજને અવઠોરશો નહીં કારણકે આવનારી આવતી કાલનું સ્થાન આજનું મૃત્યુ સંધાન બની રહે છે.

વણનાર ને કયાંથી ખબર કે પોતે વણેલું કાપડ કોઇનું થશે કફન કે કોઇનું થશે પાનેતર ?



દૌલતને દૂરથી પ્રણામ

સંગ્રાહક : પટેલ ચંદુલાલ રામજીભાઇ
તખતગઢ

"એય સાંભળે છે કે ?"

"કેમ શું છે ?"

'કહું છું કે, તું હવે જા ! મને તારી જરૂર નથી."

"પણ તમે મને સ્વીકારી મને પાળી પોષી અને મોટી કરી. અને હવે હું કયાં જાઉં"

"ગમે ત્યાં જા ! પણ હું કેવી રીતે જઈ શકું ? મારું અને તમારું સગપણ કંઇ આજનું નથી.

"ભલે તેથી શું ?"

પણ તમને છોડીને જતાં મારો જીવ નથી ચાલતો."

તારા જીવ ન જ ચાલે ને ! પણ મને તારી જરૂર નથી તેનું શું ?"

વારુ, તમને મારી જરૂર નથી. પણ મને તો તમારી જરૂર છે હું કયાંય જવાની નથી તમે મને રજા આપવાની ભૂલ કેમ કરો છો ?"

"ભૂલ ? શાની ભૂલ ?"

"મારા ગયા પછી આ જગતમાં તમારું કોણ ? મારા વિના જગતમાં તમને ઓળખશે કોણ ?"

" ભલે ન ઓળખે ?"

તમને ખબર છે ? પાંડવો અને કૌરવો ઇતિહાસમાં અમર થઈ ગયા, એ મારા જ પ્રતાપે ! અને મહાન રાજવીઓ જેવા કે અકબર, રાણાપ્રતાપ વગેરે પણ મારા વડે જ અમર થયા છે તો પછી તમારા જેવાનો હિસાબજ કયાંથી મળે !"

" અને દુઃશાસનની સાથળ ચિરાવનાર, પાંડવોને બારવર્ષ વનમાં મોકલીને તેરમા વર્ષે છુપા રખાવનાર પણ તું જ હતીને ! અરે, તેતો ખુદ ભગવાન શ્રી કૃષ્ણનેય નથી છોડયા બિચારા સુદામાના તાંદુલ હોંશે હોંશે ખાતા હતા, ત્યારે તાંદુલનો થાળ તેજ ઝુંટવી લીધાને ! અને ભગવાન રામચંદ્રજીનો પીછો પકડવામાં તો તેં કંઇજ બાકી રાખ્યું નથી. અને મારા જેવા અનેકનો તો હિસાબજ નથી કેમ ખરું ને ?"

"એતો સુખ પાછળ દુખઃનો કુદરતી ક્રમ છે એમાં મારો વાંક નથી."

"ના તારો બિલકુલ વાંક નથી. તારો સંઘ કરનારને કો'ક દિવસ તું સુખના સિંહાસન પર બેસાડે છે અને ...અને પાછળથી દુખના દાવાનળમાં હોમે છે."

"એ બધું હું કરું છું તો પછી મારી પાછળ તેમ લોકો કેમ ગાંડા થાઓ છો ?"

"અમે ગાંડા હોઇએ કે ડાહ્યા એમાં તારે માથુ મારવાની જરૂર નથી. પણ

તને ટૂંકમાં કહું છું કે, તું હવે જા જા !"

"ના. ના ! જયાં સુધી તમારું અસ્તિત્વ છે. ત્યાં સુધી તમને છોડીને મારાથી કયાંય જવાય નહિ."

"જાય છે કે નહિ ?"

"ન જાઉં તો તમે મને શું કરશો !"

"બાળીને ભસ્મીભૂત !"

"કહ્યું ! તમે મને બાળીને ભસ્તીભૂત કરશો ?

"હા...હા...! ભસ્મીભૂત"

"ના, એમ ન કરશો હું તો આ ચાલી પણ યાદ રાખજો ભવિષ્યમાં મને યાદ કરવાનો વખત આવશે, "

"ભલે આવે"

"પણ તમે કેવા નિર્દયી છો ? તમારા સંસર્ગમાં આવી ત્યારથી તમે મને હસી હસાવીને ચેન ચાળા કરાવ્યા અને..."

"અને તેં મારા હૈયામાં હોળી પ્રગટાવી. મારૂ જીવન ખરાબ કર્યું કેટલાય નિર્દોષ કુટુંબોમાં અને સ્નેહીજનોમાં વિખવાદ કરાવી તેમને નિરાધાર કરી રઝળતાં કર્યાં છતાંય તું પાપીણી ન જંપી તે ન જ જંપી."

"તમે મને રાખવા નથી માગતા ત્યારે હું હવે જાઉં છું."

"જા, ખુશીથી જા ! ફરીથી તારું કાળું મોં મને ના દેખાડીશ."

"પણ...!"

"વળી પાછી કેમ આવીતું ?"

"જતાં જતા છેલ્લી વખત તમે મને એક વાર માનથી બોલાવો તો ખરા ?"

"ઇર્ષાદેવી જા, હવે તું જા તને મારા દૂરથી પ્રણામ !"

સમાજ ઔર નારી

કુમારી નિર્મળા પટેલ
જબલપુર બી. એ.

મનુષ્ય એક સામાજિક પ્રાણી હૈ, સમાજ કી પ્રગતિ મેં હી ઉસકી પ્રગતિ હૈ ! સમાજ કી પ્રગતિ સ્ત્રી ઔર પુરૂષ દોનોં કે સહયોગ સે હી સંભવ હૈ ! યદ્યપિ હમારે સમાજ મેં સમાજ સુધાર કે લિએ નારી શિક્ષા ઔર નારી કો અધિકાર દિલાને કી ચર્ચા હોતી રહતી હૈ, પરન્તુ ઉસકા કોઈ સ્પષ્ટ પ્રભાવ દેખને મેં નહિ આતા હૈ ઇસકા કારણ યા તો યહ હો સકતા હૈ કિ નારી અપને કર્તવ્ય કો સમજને કી કોશિષ નહીં કરતી હૈ યા પુરૂષ વર્ગ સચ્ચી ભાવના સે પ્રયત્ન નહીં કરતે હૈ !

સમાજ મેં લોગ ઉપદેશ દેતે રહતે

હૈ કિ ઐસા કરો વૈસા કરો, પરન્તુ સ્વયં ઉન ઉપદેશો કા પાલન નહીં કરતે હૈ ! કોઈ ભી કુટુમ્બ, સમાજ ઔર રાષ્ટ્ર તબ તક ઉન્નતિ નહીં કર સકતા હૈ જબ તક કિ કુટુમ્બ કા મુખિયા સમાજ કે કાર્યકર્તા ઔર રાષ્ટ્ર કે નેતા જિન આદર્શો કા પાલન કરને કે લિએ લોગોં કો ઉપદેશ દેતે રહતે હૈ ઉન આદર્શો કો સ્વયં અપને જીવન મેં ન ઉતારે !

સમાજ કો ઉન્નતિ કરની હૈ તો નારી કો અધિકાર દેને હોંગે ક્યોંકી નારી કા જીવન એક પ્રકાશપુંજ હૈ વહ અપને અંદર પુરૂષ સે ભી અધિક શકિત સૃજન કિયે હુએ હૈ ! હમારી પૂર્વ સંસ્કૃતિ મેં સીતા, દ્રૌપદી, તથા માતા અનસુઇયા જૈસી અનેક નારીયાં હુઈ જિન્હોને અપને તપ, વિદ્વતા, ત્યાગ ઔર પ્રેમ સે સમાજ મેં અપના ઉંચા સ્થાન પ્રાપ્ત કિયા !

યદ્યપિ મધ્યયુગ મેં નારી કા મૂલ્ય બહુત કમ હો ગયા થા, પરન્તુ ઇસ યુગ મેં ભી ઐસી નારિયાં હુઇ, જિન્હોને માનવ જાતિ કો વે કામ કરકે દિખાયે જો મહાન વીર પુરૂપ હી કર સકતા હૈ ! રાજસ્થાન કી પદ્મની જૈસી વીરાંગના ને શૌહર કી આગ મેં જલકર અપને પતિવ્રત ધર્મ કી રક્ષા કી ! ઇસ યુગ મેં નારી ને ભારતીય સંસ્કૃતિ કો જીવિત રખા ! અતઃ ઇસ યુગ કી નારી દુર્બલ નહીં થી પરન્તુ પુરૂપ ને ઈસ દેવી જાતિ કો અપની બુદ્ધિ સે ગિરા દિયા ઔર આગે ચલકર યહી હમારી અવનતિ કા કારણ બની !

સમાજ કે નિર્માણ મેં નારી કા વિશેપ હાથ રહા હૈ ! નારી ને હી મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી, ગુરૂ ગોવિન્દ સિંહ, સુભાપ ચંદ્ર બોસ, વલ્લભભાઈ પટેલ ઔર મહાત્મા ગાંધી જૈસે ભારત રત્નોં કો જન્મ દિયા ! ઔર નાનક, દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, જગદ્‌ગુરુ શંકરાચાર્ય જૈસે અનેક સંત શિરોમણિ દેકર ભારત ભૂમિ કા નામ ઉજ્જવલ કર દિયા આજ આવશ્યકતા હૈ ઐસી હી નારિયોં કી જો અપની સંતાનોં કા ઉચિત પથ પ્રદર્શન કર શકે ઔર યહ કાર્ય નારી તબ તક નહિ કર સકતી હૈ, જબ તક ઉસે સમાજ મે સમાન અધિકાર નહીં મિલતા હૈ ! યદિ પુરૂપ જીવન નિર્વાહ કે લિએ ધન કમાતે હૈ તો સ્ત્રી ભી ગૃહસ્થી કી જિમ્મેદારી કો સંભાલતી હૈ ! પ્રત્યેક ક્ષેત્ર મેં પુરૂષોં કો સ્ત્રિયોં કે સહયોગ કી આવશ્યકતા પડતી હૈ અતઃ પુરૂપ કો ચાહિએ કિ વહ નારી કો અપને સમકક્ષ સમજે !

સમાજ મેં સ્ત્રિયોં કી ઉપેક્ષા કા એક માત્ર દોપારોપણ પુરૂષોં પર હી નહીં કિયા જા સકતા હૈ ! નારી જાતિ કી ભી કુછ આંતરિક દુર્બલતાએં હૈં જિનકે કારણ વે સમાજ મે ઉપેક્ષિત હો રહી હૈ ! આજ કી નારી કો અપને કર્તવ્યોં કા ધ્યાન નહિ રહા હૈ વહ અપને બચ્ચો કે પ્રતિ, પરિવાર કે પ્રતિ પતિ કે પ્રતિ, કર્તવ્યોંસે વિમુખ હોતી જા રહી હૈ ! જબ તક નારી કી આંતરિક દુર્બલતા દૂર નહીં હોગી તબ તક સમાજ મેં ઉસકી સ્થિતિ દયનીય હી રહેગી ઈસમેં સંદેહ નહીં !

વિદ્યાર્થી જગતને

રતનસીભાઇ ગોપાલભાઇ
પટેલ સો મીલ
ખેરાલુ

આજે આપણે સૌ કોઇ જાણીએ છીએ કે, દેશનું ભાવિ તેની નવયુવાન પેઢી પર અવલંબે છે. યુવાન પેઢીને બીજા અર્થમાં 'વિદ્યાર્થી જગત' કહીશું આજનો વિદ્યાર્થી આવતી કાલનો નાગરીક છે. વિદ્યાર્થી જો ચેતન હશે તો કુટુંબથી માંડી દેશ સુધી તેની અસર પહોંચશે વિદ્યાર્થીમાંના ઘણાને ખબર નહિ હોય; કે 'વિદ્યાર્થી' શબ્દનો અર્થ શું થાય છે? અને તેમાં કેટલું મહત્વ રહેલું છે, તે જોઇએ. વિદ્યાર્થી શબ્દ એ પાંચ અક્ષરોનો બનેલો છે વિદ્યાર્થી આ એક એક શબ્દમાં મહાનતા રહેલી છે કે, તેને જો કોઈ વિદ્યાર્થી અપનાવે તે સર્વ ગુણ સંપન્ન બની જાય. તેનું વિદ્યાર્થી જીવન સાર્થક બની જાય. પહેલો અક્ષર છે 'વિ' એટલે કે વિજય જે વિદ્યાર્થી પોતાની જાતને વિજયી બનાવે તેને જ સાચા અર્થમાં વિદ્યાર્થી કહેવાય. આત્મવિશ્વાસ રાખનાર વિદ્યાર્થી તેના જીવનમાં કદી પણ નિષ્ફળ થતો નથી તેના ડગલેને પગલે સફળતાના જ ડંકા વાગતા રહે છે

કલકત્તાની ટાગોર કોલેજમાંથી ઉચ્ચ શિક્ષણ માટે આઠ વિદ્યાર્થીઓ વિદેશ ગયા. વિદેશમાં પાંચ વર્ષ સતત અભ્યાસ કરી છઠ્ઠે વર્ષે બેરિસ્ટર થવા માટે દાખલ થયા આ સમાચાર કલકત્તા ટાગોર કોલેજને મળ્યા. કલકત્તા ટાગોર કોલેજના પ્રિન્સિપાલે તેઓને પત્ર લખ્યો "પ્યારા સપૂતો અમોને જણાવતાં અત્યંત ખુશી થાય છે કે હવે તમો છ વર્ષે તમારા વિદ્યાર્થી જીવનના છેલ્લા તબકકામાંથી પસાર થઈ રહયા છો અમોને વિશ્વાસ છે કે તમો દરેક જણ સારા ગુણો મેળવી બેરિસ્ટર થયાનુ સર્ટિફિકેટ મેળવશો. આમાંના સાત જણને કે જેને પોતાના પર આત્મ વિશ્વાસ ન હતો, તેઓએ કલકત્તાને આ પ્રમાણે પ્રત્યુતર આપ્યો.

'મેં મારા અભ્યાસક્રમ દરમ્યાન ખૂબ મહેનત કરી છે અને તેમાંય છેલ્લા બે વરસોથી તો સરખી ઊંઘ પણ નથી કરી પણ પાસ થઇશ કે કેમ? તે કહી ન શકાય કેમ કે અહિની કોલેજોમાં ભારતીયો પ્રત્યે તિરસ્કારની લાગણીઓ દેખાઈ રહી છે. તેમ છતાં સફળ થવાય કે નિષ્ફળ જવાય તે તો પરિણામ બાદ ખબર પડે અને આમાંના એક જણનો જવાબ આ પ્રમાણે હતો. ' પૂજ્ય પ્રિન્સિપાલ મેં મારા છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન મારું અભ્યાસી જીવન પૂરી કાળજી તથા આઝાદીથી કર્યું છે તેમજ આ ચાલુ વર્ષે પણ બેરિસ્ટરીના કાયદા પુરી સફળતાથી ભણી રહયો છું અને મારી મહેનત પર પુરો વિશ્વાસ છે; કે હું

જરૂર સફળ થઈશ એટલું જ નહિ પણ ફર્સ્ટ ક્લાસમાં પાસ થઈ કલકત્તા કોલેજનું નામ રોશન કરીશ. પાંચ વર્ષ પુરાં થયા બાદ બેરીસ્ટરની કાયદાઓની પરીક્ષાઓ લેવાઇ રીઝલ્ટ મળ્યાં. તે સમયે હિન્દુસ્તાનમાંથી આવેલા આઠ જણા પૈકી ફક્ત એક જણને ૮૪% ગુણ મળ્યા અને ફર્સ્ટ ક્લાસ બેરીસ્ટ્રીનો ચાંદ મળ્યો. બાકીના સાત જણ ફેઇલ થયા. સૌને આશ્ચર્ય ઉપજાવે તેવું છે કે આ વિદ્યાર્થી કોણ હશે.? આ હતા જગત લાડીલા પંડીત જવાહરલાલ નહેરુ. નહેરુને પોતાની સાચી મહેનત પર આત્મવિશ્વાસ હતો કે પોતે વિજયી બનશે જ અને વિજયી બન્યા. આ દ્રષ્ટાંત વિદ્યાર્થી જગતને શિખવે છે કે જે વિદ્યાર્થી પોતાની જાતને વિજયી માને તેવા વિદ્યાર્થીના દરેક કાર્યો પાછળ વિજયના ડંકા વાગશે.

બીજો અક્ષર છે 'દ'. એટલે દર્શન વિદ્યાર્થી દર્શન પ્રેમી હોવો જોઇએ જે વિદ્યાર્થી ભક્તિ દર્શન કે પ્રાર્થનાને નથી માનતો તેનું વિદ્યાર્થી જીવન ફોક છે. તેવો વિદ્યાર્થી વિદ્યામાતાનો અણમાનીતો છે. દર્શન કરવામાં, પ્રભુ ભક્તિ કરવામાં અજબ શક્તિ રહેલી છે કે જે રટવાથી ડુબતાં તરી જાય છે વિદ્યાર્થીએ નિયમિત મંદિરે જવું જરૂરી છે અને જુજ સમય પણ પ્રભુનું રટણ કરવું જરૂરી છે જેથી તેનામાં અભિમાન વૃત્તિ પણ ઓછી થશે. સ્કૂલમાં જે પોપટીયું જ્ઞાન મેળવેલું હોય છે તેમાંથી તેને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થશે. આજ કાલ તો બસ, ટ્રેન કે પ્લેનમાં મુસાફરી કરતા ઘણા વિદ્યાર્થીઓ ઉધ્ધતાઇ ભર્યું વર્તન કરતા હોય છે, ભગવાનને માનતા નથી, માને નહિ તો કાંઈ નહિ પણ ઉલટુ ભગવાનની મજાક કરતા હોય છે ક્રૂરને પણ શરમાવે એવી ગાળો ભાંડતા હોય છે અને આજુબાજુનાને સમજાવતા હોય છે કે ભગવાન છે જ નહિ. પણ અરે દુષ્ટો ! જો ભગવાન ન હોય તો મોરનાં ઇંડાંમાં ભાત કોને મૂકી તેની પીછીઓમાં ચાંદને પણ શરમાવે એવી સુંદર ટીલડીઓ કોને મઢી, બંધ નાળીયેરમાં પાણી કોને ભર્યું. આ બધુ કરવા વાળો વિદ્યાર્થી છે? ના તે બીજો કોઇ નહિ એક જ ઇશ્વર છે કે જે સર્વવ્યાપી છે જેનું સ્મરણ. ભક્તિ-પ્રાર્થના બીજા કાર્યોને છોડીને પણ કરવું જોઇએ. સાચી ભાવનાથી ભક્તિ કરનાર એકલવ્ય એક મહાન બાણાવળી થઇ ગયો કે જેના સામે અર્જુને પણ બાણ વિદ્યામાં હાર કબુલી હતી. એકલવ્ય એક કોળી પુત્ર હોવાથી ગુરુ દ્રોણાચાર્યે તેને બાણ વિદ્યા શીખવી નહિ. તેને અન્ય શિષ્યો સાથે ભેળવ્યો નહિ. આવો મહાન ભેદ રાખ્યો પણ એકલવ્ય માટે શ્રેષ્ઠ ગુરૂ એક માત્ર દ્રોણાચાર્ય હતા. જેથી તે પથ્થરની મૂર્તિ બનાવીને તેને ગુરુ દ્રોણાચાર્ય સમજી પૂજતો અને જાણે સાક્ષાત દ્રોણાચાર્ય ઉભા છે એમ સમજી મૂર્તિ સામે પ્રણામ કરી બાણ વિદ્યા શીખતો. એક વખત તે

બાણ વિદ્યા શીખી રહયો હતો, સાથે મૂર્તિનું સ્મરણ હતું તેવા સમયે કૂતરાના ભસવાનો અવાજ સંભળાયો એકલવ્યના સ્મરણને ખલેલ કરનાર કૂતરા પર ઉગ્ર ક્રોધ ઉપસ્થિત થયો એક બાણ તેને અવાજ સામે એવું તો માર્યું કે સનનન... કરતું કુતરાના મોં માં પેસી ગયું અને કુતરો ભસતો બંધ થઇ ગયો મતલબ કે આ વિદ્યાર્થીને ગુરૂ પ્રત્યે એટલો ભકિતભાવ હતો કે જે ભાવના વડે તે એક મહાન બાણાવળી બની ગયો અને તે પણ વગર શીખવ્યે, કેવળ પ્રેરણાથી મતલબ કે વિદ્યાર્થીમાં આ ગુણ હોવો જોઇએ અને દર્શન કર્યા વિના કોઇ કાર્યની શુભ શરૂઆત નહિ કરવી જોઇએ.

ત્રીજો અક્ષર છે. 'યા' એટલે કે યોગ્ય વિદ્યાર્થી જીવનમાં યોગ હોવો જરૂરી છે. કે તે કોઈપણ વ્યસનથી મુકત હોવો જોઇએ. આજે તો વિદ્યાર્થીઓ હોટેલો, સિનેમાઓ કે મધુશાળાઓમાં લહેજત ઉડાવતા હોય છે. તેમાંયે વળી ચારિત્ર્ય-હીન વિદ્યાર્થીઓના જીવનમાં કાંટા પથરાય છે. અને મહામૂલું વિદ્યાર્થી જીવન ખોટાં વ્યસનોમાં દુર્ગંધમય બની વ્યર્થ ચાલ્યું જાય છે. આથી વિદ્યાર્થી જીવનમાં યોગ પાળવો જરૂરી છે. ચોથો અક્ષર છે. 'ર' એટલે રમતી-યાળ વિદ્યાર્થીને તેના અભ્યાસની સાથે સાથે રમતગમતમાં પણ રસ હોવો જોઇએ. ઘણાખરા વિદ્યાર્થીઓનું માઇન્ડ એવું હોય છે કે પોતે હોંશિયાર હોવા છતાં તે લાંબો સમય વાંચી નહિ શકે આનું કારણ તેની માનસિક અશકિત છે. વિદ્યાર્થી જો રમતગમત કસરત નિયમિત કરશે તો તેની શકિત વધશે. અને તે લાંબો સમય વાંચી પણ શકશે અને થાક નહિ લાગે રમત ગમતથી મગજ એટલું તંદુરસ્ત થશે કે તેની યાદદાસ્ત વધી જશે. જેથી વિદ્યાર્થી રમતીયાળ પણ હોવો જોઇએ પાંચમોં અને છેલ્લો અક્ષર છે. 'થી' એટલે થીજેલું એટલે કે વિદ્યાર્થીને થીજેલું જ્ઞાન નહીં લેવું જોઇએ. તે જે વિષય શીખતો હોય તે સચોટ રીતે અર્થ સમજીને જ જીવનમાં ઉતારવું જોઇએ. એને સમજણનું જ્ઞાન કહેવાય.

અભ્યાસની દ્રષ્ટિએ જોતાં તે જે સ્વાધ્યાય શીખતો હોય તે સમજણ પૂર્વક શીખવો જોઇએ. શિક્ષક સમજાવી ગયા એ પાઠ ચાલી ગયો છે એમ સમજવું નહિ. તેનો અર્થ સ્પસ્ટ કરી તેનો જાહેર જીવનમાં સફળ પ્રયોગ કરવો જોઇએ. તેને જ બ્રહ્મજ્ઞાન કહેવાય બાકી બધું થીજેલું જ્ઞાન કહેવાય જેમ બરફ ખાસ કરીને ઉનાળામાં જ ઓગળે છે. બાકીની ઋતુમાં થીજેલો રહે છે તેવી જ રીતે વગર સમજણનું જ્ઞાન થોડો સમય યાદ રહેશે લાંબે ગાળે ભૂલાઇ જશે.

એક વખત ગુરૂ દ્રિણાચાર્ય પાંચ પાંડવો તથા તેના અન્યશિષ્યોને 'સત્યમેવ જયતે' નો પાઠ શીખવી રહ્યા હતા. આ પાઠ યુધિષ્ઠિર સિવાય [illegible] શીખી ગયા. પણ યુધિષ્ઠિરથી પુરો

યાદ ન થયો. રાત્રે સુતી વખતે તેઓએ વિચાર કર્યો કે જો હું જુઠું બોલતો હોઈશ ? અગર બોલાઈ જતુ હશે ? અને હું જો ગુરુજી પાસે પાઠ બોલી જઈશ તો પાપ લાગશે મારે લેશમાત્ર પણ જુઠું બોલવું નથી પછી ભલે સત્યની ખાતર વેચાવું પડે. દિવસ દરમિયાન લેશમાત્રપણ જુઠું નહિ બોલુ તો જ ગુરૂજી પ્રત્યક્ષ 'સત્યમેવ જયતે'નુ ઉચ્ચાર્યો કરીશ લીધેલી પ્રતિજ્ઞા તેઓએ નભાવી ચોથે દહાડે બધા શિષ્યો સમક્ષ ગુરુ દ્રોણાચાર્યને યુધિષ્ઠિરે પાઠ ઉચ્ચાર્યો કેમ કે આના આગલા દીવસે તેઓ લેશ પણ જુઠું બોલ્યા ન હતા. અહીં એ વાત સમજવા જેવી છે. કે બીજા શિષ્યો પાસે પોપટીયું યાને થીજેલું જ્ઞાન હતું. જેથી ગુરુજી સમક્ષ તેઓ ફટાફટ ' સત્યમેવ જયતે ' પાઠ બોલી ગયા. ત્યારે યુધિષ્ઠિર જ્ઞાની હતા. તેઓ જાણતા હતા કે 'સત્યનીજ જીત થાય છે' આવો પાઠ શીખવા માટે વિદ્યાર્થી પાસે યુધિષ્ઠર જેવું જ્ઞાન હોવું જોઇએ. શિષ્યો જેવું નહિ બોલવું તેવું આચરણ થાય તો જ જેવું બ્રહ્મજ્ઞાન કહેવાય. આજ જ્ઞાન લાંબો સમય ટકવા વાળું છે

મારા પ્રિય વિદ્યાર્થી બંધુઓ ? આપમાંના ઘણા વિદ્યાર્થી શબ્દના અર્થથી વાકેફ હશો. છતાં જેઓને જાણ ન હોય તેઓ માટે વિદ્યાર્થી શબ્દનો અર્થ અહીં દ્રષ્ટાંત સહીત સમજાવ્યો છે. અને દેશનો દરેક વિદ્યાર્થી એક એક અક્ષરનો ગુણ જીવનમાં ઉતારશે તો દેશના દરેક સમાજ અને તેની સંસ્કૃતિમાં નવી જાગૃતિ આવશે તેમાં શંકાને સ્થાન નથી.

★

" શ્રી ઉમાશરણં મસ્તુ "

આપણા સમાજની વિશિષ્ઠતા

લેખક :
પ્રેમજીભાઇ દેવસીભાઇ
મુ. પો. નવાનગર

આપણો સમાજ અત્યારે કચ્છ અને ગુજરાતના વિવિધ જિલ્લાઓ અને રાજસ્થાન જેવા પ્રદેશોમાં ખેતી કરનાર અને પરદેશમાં સો મીલોમાં વહેપાર અને ધંધો કરનાર એમ મુખ્ય બે પ્રકારના વ્યવસાયોમાં દૂર દૂર સુધી વહેંચાયેલો છે.

આ સમાજને સુધારાના ઠરાવો કરીને વિકસતા જમાનામાં, આપણે પણ "વિકસતા સમાજ" તરીકે રાખવાનું તો ઘણાને મન થાય પરંતુ તે પહેલાં આપણો ઇતિહાસ, વ્યવસાય અને સંજોગો પણ જોઈ લેવા જરૂરી છે.

આપણા સમાજે સંવત ૧૪૮૦ થી સંવંત ૧૮૩૨ સુધી કચ્છમાં દેખા દેખી અને કોઇ બીજા કારણો સર વસવાટ કર્યો. તે વખતે જૂની જાગીરો કે રજવાડાંઓના જમાનામાં આ

સમાજને કેળવણી માટે કોઈ દરકાર ન હતી. તેવાજ રાજ્યમાં અને એક ખૂણા જેવા ગણાતા કચ્છ પ્રદેશમાં, આપણા સમાજે ઘણી ગરીબાઇ અને હાલાકી ભોગવી છેવટે પોતાનું ભરણ પોષણ ન થતું હોવાથી પરદેશમાં હાથ વહેરણ માટે મજુરી કરવા નીકળ્યા અંદાજે વિ. સં. ૧૯૧૨ પછી અને એ સખત મજુરી કામમાં પોતાની સાહસિકતા અને પ્રમાણિકતાથી ભારતના ઘણા પ્રદેશોમાં ફેલાયા અને અંદાજે સંવત ૧૯૪૫ પછી યંત્ર યુગમાં સો મીલના ઉદ્યોગમાં બરાબર લાગી ગયા આજે તે ઉદ્યોગમાં ભારતભરમાં આપણા સમાજે ઘણી સારી સધ્ધર સ્થિતિ કેળવી છે. તેવીજ રીતે પરદેશમાં કામ અને સાહસિકતા અને પ્રમાણિકતાના આધારે ગુજરાતના સાબરકાંઠામાં અંદાજે ૧૯૭૫માં આપણા બુઝર્ગ વડીલોએ ખેતી માટે શરૂઆત કરવા જમીન સંપાદન કરી પુનઃ ગુજરાતમાં આવવા લાગ્યા અને આજ સુધી ગુજરાત અને રાજસ્થાનમાં કચ્છ સિવાય ખેતીના વ્યવસાયમાં અંદાજે આઠ હજાર કુટુંબો પોતાની માલિકીની જમીન ખેડે છે. અને દશ હજાર (૧૦,૦૦૦) કુટુંબો કચ્છમાં ખેતીવાડીનો વ્યવસાય ધરાવે છે. સો મીલ અને વેપાર કોન્ટ્રાકટર વગેરે સારી રીતે આવક મેળવનાર પરદેશમાં આપણાં અંદાજે ૧૦,૦૦૦ હજાર કુટુંબો વસતાં હશે. એટલે સામાન્ય અંદાજ પ્રમાણે ૨૮,૦૦૦ આપણાં સ્વાવલંબી (સુખી ગણાતાં) કુટુંબો સિવાય હજારે ૧૨,૦૦૦ ગરીબ કુટુંબો પણ ગણાય જેથી આપણા સમાજની વસ્તી ૪૦,૦૦૦ (ચાલીસ હજાર) કુટુંબની જન સંખ્યા આશરે બે (૨) લાખથી ઉપર હશે, હવે આપણે વિકાસ અને સંગઠનની વાતો જો આવા જુદા જુદા પ્રદેશમાં વસતા ભાઈઓ નહીં સમજીએ તો આપણે હતા તેથી પણ વધુ પાછા રહી જઇએ એમાં શંકા કોઈ નથી પણ સમાજ કે સંસ્થા સંગઠન વગર પ્રગતિ કરેજ નહીં સમાજને નવી ક્રાંતિ આપનાર આપણા ભારતના મહાન સંતો અને નેતાઓ આજે પણ અમર છે. ગુરુ નાનક કે જે બાદશાહો તરફથી વારંવાર થતી કનડગતથી તેણે "શીખ" નામની નવીજ ક્રાંતિકારી સમાજની સ્થાપના કરી, તો મહાત્મા ગાંધીજી જેવા મહાન સંતે નવું ચેતન આપી ભારતને ગુલામીમાંથી મુક્ત કર્યું આવા અનેક સંતો અને મહાત્માઓએ ભારતની સંસ્કૃતિને જોખમમાંથી બચાવી લીધી છે, અને એવા આપણા સમાજને પણ સ્વ. નારાયણભાઈ રામજીભાઇ લીંબાણી એ સેવા, સંગઠન અને ધાર્મિક પ્રેરણા આપી આપણને શીખ પ્રજા જેવી ખડતલ અને સાહસિક બનાવવાની તક આપી છે. આપણું ક્ષેત્ર (વસવાટની જગા) ઘણું મોટું છે. તેમાં કાર્ય કરીને પોતાના સમાજને સંગઠિત કરવા નવાં નવાં પાસાંઓ વિચારી લેવાં પડશે અને કદાચ હજુ કોઇ ભગીરથ કાર્ય બાકી રહી જતું હશે તો એવા

નવાજયુગ નિર્માણનો કદાચ તેઓ આરંભ કરવા કટિબધ્ધ થાય તો પણ નવાઇ નહી ગણાય અને આપણા આ ખાસ જરૂરી સમયમાં કદાચ સંગઠન શકિતને આપણે દરેક ભાઈ બહેનોએ પોતાની પવિત્ર ફરજ સમજી આવતા વર્ષે ભરાનારા—

"અખિલ ભારતીય યુવક સંઘની"

પરિષદને સફળ બનાવીએ કચ્છમાં કેળવણીના અભાવે અને બીજા રૂઢીગત જૂના વિચારો ને પકડી રાખવાની રીત ને આ જમાનામાં આપણા સમાજના પ્રગતિવાદી અને વિચાર શીલ ભાઈ ઓ જમાનાને કહી બતાવશેકે અમો 'કડવા પાટીદાર' કદી પાછળ રહેવાના નથી આજથી ૪૦ વર્ષ પહેલાં લખી વાંચી શકે તેવા આપણા સમાજની ટકા વારી જોઈએતો અંદાજે પાંચ ટકા હતી. આજે ચાલીસ વર્ષે લખી વાંચી શકે તેવાં ભાઈ બહેનોની સંખ્યા કદાચ ૪૦ ટકા ગણાય હમણાં કદાચ એસ. એસ. સી. પાસ થયેલા ભાઈ બહેનોની એ ટકા સંખ્યા હશે હવે આપણી આ ટકાવારી ને આધારે આ સંગઠનના પવિત્ર પર્વમાં દરેકે દરેક કુટુંબ યથા યોગ્ય તન, મન અને ધનનો ફાળો આપશે. તો આપણો સમાજ કદાચ નવા જ "યુગ નિર્માણ" ની પવિત્ર દિશામાં પહોંચી જશે તેમાં લેશ માત્ર શંકા નથી.

સને ૧૯૨૪માં મુંબઇમાં મળેલા આપણા સમાજના ૨ ધિવેશનના આધારે આપણા પૂજ્ય સ્વ. શ્રી નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી એ જણાવેલ સમસ્ત સમાજની વસ્તી ૨૬,૫૦૦ હતી અને આપણા સમાજ ની વાડીઓની સંખ્યા તે વખતે ૭૦૦ ની હતી આ પચાસ વર્ષના ગાળામાં આપણી અનેક વિધ સેવાઓનો વિશાળ સમાજના ખૂણે ખૂણે કયારે અને કઈ રીતે લાભ મળેતે આપણે વિચારવાનું રહ્યું

—અરતુ

"ઘુંઘટ ઉઘાડા થઈ ગયા"

કરસન પટેલ જામવાળા
(ન્યુદિલ્હી)

—ચૂડી ગઇ ને ચાંદલો ને હેમના કંકણ ગયા,
ત્રયુસો રૂપિયે સોનું થતાં, પ્લાસ્ટીકના કંગન થઇ ગયા
—નાકની નથની ગઈ, ને કાંપ કાનેથી ગયા;
એ કાનપર એરીંગ સમ, ઝુમ્મર લટકતાં થઇ ગયા.
—પગથી ગયા છે સાંકળા, દસ શેરના કડલાં ગયા;
અસલી સપાટો ગુમ થઇ, ઘર ઘરમાં ચંપલ થઈ ગયા.
—કૂવાતણા કાંઠા ગયા, તેથી તો દિ' માઠા થયા,
નારીનું દુઃખ ભાંગવા, ઘર ઘરમાં નળતો થઇ ગયા,
—પ્રભાતના પ્રભાતિયાં, ને ભજનીયાં ભૂલી ગયા;
આજે ફીલ્મના ગાયનો ગાતાં સૌ થઇ ગયા.
—ગાલની લાલી ગઇને હોઠ ગુલાબી ગયા;
મનને મનાવી રાખવા, પાવડર લપેડા રહી ગયા.
—હાથે દળેલા લોટના, ગુણ બધે ભુલાઇ ગયા;
ડોસી તણી ઘંટી જતાં, દળવાના સંચા થઇ ગયા.
—મહેનત કરવી ન ગમે સૌ હાડકાં ખોટાં થયા;
શેઠાણીઓની મદદમાં, ઘર ઘરમાં નોકર થઇ ગયા.
—ઘરનું ઢાંકણુ નાર એ કહેવાના શબ્દો રહી ગયા;
'લવમેરેજ' ની મ્હોકાણમાં, ઘુંઘટ ઉઘાડા થઇ ગયા,
—મા બાપનાં કીધેલ સગપણ, ના મંજુર સર્વે થઈ ગયા;
પોતે કરેલ પસંદગીથી, 'છુટાછેડા' ઘર ઘરમાં થઇ ગયા,
—સવારનું શીરામણને સાંજના વાળુ વહી ગયા;
મહેમાનનું મન મનાવવા, ઘર ઘરમાં ચા પાણી થઈ ગયા.
—માતાના દૂધના ગુણો સર્વત્ર ભૂલાઇ ગયા;
બાળકોના મનમનાવવા, પાવડરના દૂધ થઇ ગયા,
—મા બાપ પ્રભુની સેવા કરવામાં, લજ્જા સૌ અનુભવી રહ્યા;
નટ નટીઓનાં દર્શન થતાં, પાવન સર્વે થઇ ગયા,
—એમ. એ; બી. એ. ની ડીગ્રીઓ, મેળવતા સૌ થઇ ગયા;
ઝાઝું ભણવાની ધમાલમાં પોતાની જાતને સૌ ભૂલી ગયા.
—માનો યા ન માનો 'કરસન' કહેવાનું હતું તે કહી ગયો;
દીકરો પરણાવી 'લાડી' લાવતાં, મા બાપથી સૌ ન્યારા થઇ ગયા,

'નિશદિન'

અભિનય કરવાને અવતર્યાં સૌ તારા એ રંગમંચે,
દીઠાં ત્યાં એને સુખ દુઃખના ખેલ; કયાંક આનંદ વળી.
અનજાન રહયાં આજ લગી તારા એ રાહથી,
ગયા યુગો તારા એ પરિવર્તનશીલ ગમથી.
જાણે કોઇ કો' ભલા; તું કયારે ‘મનીશ હઠીલી,
આમ તો તું હંમેશ દેખાય છે નવી દુનિયાની રંગીલી.
સૂરજની સાથે, સમંદરને કાંઠે, સુખદુઃખની વાટે
'નિશદિન' આજ તું રમી રહી છે સુખાનંદની જિંદગી!
તું છેડાય; તું ખીજાય; ત્યારે,
પમાડે છે આઘાત કો'ક સુકોમલ દિલને
તારું જ છે આ રાજ વિશ્વમાં; તારા અમે અનજાન રાહી,
તારી જ છે લીલા આ મંચમાં; તારી છે આ ટૂંકી મુસાફરી
ખપી જઇશું કયારે તારા એ ખપ્પરમાં ?
મટી જઇશુ કયારે તારા એ ગમમાં ?
તારી એ પૂજા, તારા થકી એક જ આરાધના;
ઉગાર તું હજારો રડતાં હૈયાંના દિલને.
નિશદિન તારા દ્વારે ઉભો છું.
એક આશ ફળશે મારી એ,...?
તારા એ ખપ્પરમાં બળતાં બળતાં હું બચી જાઉં...

પિંજરે પુરાએલું પંખી

અમેરિકા નો એક ધનવાન માણુસ આયરમાં પ્રવાસ કરતો હતો. મોટરમાં પસાર થતાં તેણે એક ઝૂંપડીમાંથી પક્ષીનું ગીત સાંભળ્યું ગીતના સ્વરથી તે મુગ્ધ બન્યો મોટર થોભાવી ઝૂંપડીમાં ગયો ગીત સ્વર એક પીંજરે પુરાયેલા ચંડોળ પક્ષીનો હતો તરત પાછો તે પોતાની મોટરમાં બેઠો અને પછી પક્ષી ખરીદી લેવા મન સાથે નક્કી કર્યું.

થોડા વખત પછી તે પોતાના વતન ગયો. એક મહિના પછી પોતાના એક મિત્ર ને એ ચંડોળ ખરીદી અમેરિકા મોકલવા લખ્યુ' મિત્રે ચંડોળ પક્ષી પાંચ પાઉન્ડમાં ખરીદ્યું, અને એક ખાસ માણુસ સાથે અમેરિકા મોકલ્યું.
પાંચ પાઉન્ડના પક્ષી માટે બીજું ૩૦૦ પાઉન્ડ એટલે કે કુલ ૪૦૦૦ રૂપિયા ખર્ચ થયું.

ચંડોળનુ ગીત સાંભળી ધનવાન ખુશી થયો પણ આવુ સુંદર પક્ષી પિંજરે પુરાઇ રહે તે તેને યોગ્ય ન લાગ્યુ તેણે ૪૦૦૦ રૂ.ના મોંઘા પક્ષીને પિંજરાનુ દ્વાર ઉઘાડી છોડી મૂકયું અને તેના મુકત આનંદ વિહારને નિહાળવા લાગ્યો.

તે ધનવાનનુ નામ હેન્રી ફોર્ડ એ મુક્ત વિહાર કરતા પક્ષીઓને જ કુદરતની સમૃદ્ધિ માને છે, અને એણે અમેરિકામાં પક્ષીઓના સંરક્ષણ માટેનો કાયદો પસાર કરવામાં ખૂબ ખંત દાખવી છે.

યુવાનો અને વડીલો

ચંદુલાલ આર. પટેલ
ટી. વાય. બી. એસ. સી.
(દેસાઈપુરા) અમદાવાદ

આજના જમાનામાં યુવાનો અને વૃધ્ધો વચ્ચે સંઘર્ષ ચાલે છે. ઘણા વડીલોની ફરીયાદ છે કે આજનો યુવાન વર્ગ આળસુ, નિરૂત્સાહી કામચોર અને નઠારો બની ગયો છે. યુવાનો ઉડાઉ અને મોજીલા થઈ ગયા છે. તેમનામાં શરમ, માન, મર્યાદા જેવું કશુ છે જ નહીં.

તેના જવાબમાં જણાવવાનું કે વડીલોએ સમય ને પારખવો જોઇએ. આજે પવન કઇ તરફ ફુકાઇ રહ્યો છે. તેનો ખ્યાલ વડીલો એ રાખવો જોઇએ આપણામાં કહેવત છે કે "વા તેવી પૂઠ" એ કહેવત વડીલોએ સમજવી જોઇએ. પુત્ર જયારે યુવાન બને ત્યારે પિતાએ તેને મિત્ર સમજવો જોઇએ અને યુવાન પુત્રી ને માતાએ સખી તરીકે નું સ્થાન આપવું જોઇએ અને આ પ્રમાણે સબંધ હોય તો જ એક બીજા સાથે નિખાલસ ચર્ચા થઇ શકે તુમાખી રાજા જેવી રીતે નોકરને હુકમ કર્યા કરે તેવા જીવન પર્યંત ના હુકમો આજનો યુવાન વર્ગ કયાંથી પાળે ?

"જવાની ને તો લગામ શોભે ચાબુક નહીં" આ કથન અનુસાર જવાની એક તેજીલા ઘોડા જેવી છે. તેને વશ કરવા માટે પ્રેમ રૂપી લગામ જરૂરી છે માર રૂપી ચાબુકથી તો ઘોડો તેના માલિક ને ફેંકી દેશે જવાનીમાં લોહીનું જોમ કંઈ જુદુંજ હોય છે. તે સમયે દરેક વ્યક્તિને કંઇક કરી બતાવવાની આકાંક્ષાઓ હોય છે. આ સમયે દરેક યુવાન સોનેરી આદર્શો અને ગુલાબી સ્વાનોમાંરાચતો હોય છે. ખરૂં જોતાં યુવાની ઘેલી છે તેને યોગ્ય માર્ગદર્શનની જરૂર છે. એક લેખકે કહ્યું છે કે જો તેનો (જવાનીનો) લાભ લેતાં આવડે તો શ્રેષ્ઠ મોકો છે. જવાની જિન્દગાની નો સુંદર તબક્કો છે.

પંખીનાં બચ્ચાં ને પાંખ આવી જાય છે પછી પંખીનાં મા-બાપ અમારૂં બચ્ચું અમુકજ દિશામાં ઉડે તેવો આગ્રહ કરતાં નથી કારણ કે પંખીનું બચ્ચું સારી રીતે સમજે છે કે તેની સલામતી કયાં છે. અને કયાં જવાથી પોતાને ખોરાક મળી રહેશે.

વડીલો યુવાનોને સમજવા માટે પ્રયત્ન કરે ભૂલ હોય તો સમજાવટથી કામ લેવું જોઇએ.

યુવાનો સાથે રોકટોક ધાક-ધમકી કે માર-પીટથી કામ લેવામાં આવે તો પરિસ્થિતિ વિચિત્ર બનશે બંધ ઓરડામાં લાકડી લઇ બિલાડીને મારવા જાઓ અને જે પરિસ્થિતિ સર્જાય તેવી દશા યુવાનો સાથે ધાક-ધમકીથી થશે વડીલોએ પોતાના જુનવાણી વિચારો, જુનીરૂઢીઓ

 આવા જડ નિયમો યુવાન પેઢી પર લાદવા વ્યર્થ પ્રયત્ન ન કરવો જોઇએ. વડીલો આટલું સમજે તો આપણા સમાજમાં મન દુઃખ, ઝગડા, વેરઝેર, માર-પીટ, અને આપઘાત જેવા કરૂણ પ્રસંગો સર્જાય નહીં.

યુવાનો અને વડીલો બંને પક્ષે એક બીજાને માન આપવું જોઇએ. અમારી ઇચ્છા પ્રમાણે જ યુવાનોએ વર્તવું જોઇએ એવું અરમુખત્યારશાહી વલણ વડીલોએ ન રાખવું જોઇએ. ઘણી વખત વડીલોના આવા અમાનુષી આગ્રહને કારણેજ સમાજમાં વિગ્રહનાં બીજ રોપાય છે.

★

—: ગૃ હ ર ક્ષ ક :—

માવજી ગંગાદાસ પટેલ નાશિક

(કાવ્ય)

ચોકીદાર તું ચોકી કરતો
સહુના ઘરની રાતે
ચોર આવે ખાવા દોડતો
ચોકી કરતો તું નિરાંતે
સૌ જનનો તું માનીતો
સૌ જન આપે તુજને માન
લેશ ના થાતો મગરૂબ મનમાં
લેશના ધરતો તું અભિમાન
ચતુર તું સૌ પ્રાણીઓમાં
છૂપી પોલીસ તું માલિકનો
વફાદાર કહેવાતો જગત માં
આધાર તું રાતે પાલકનો
હિંદુઓ માને છે તુજને
સાચો ગુરૂ દત્તાત્રયનો
મનાય છે. પરદેશમાં આજે
પુત્ર સમાન તું સહુજનનો
ભલે હોય ગુરુ દત્તાત્રયનો
ભલે હોય સૌ જનનો માનીતો
ભલે હોય ચતુર પ્રાણી માં
ચોકીદાર છે તું ઘરનો

" વર્ણભેદ અને સ્ત્રીઓની અવદશા "

સંકલન : **સામજીભાઇ એસ. પટેલ** દરસડી (કચ્છ)

આર્યો ભારતમાં આવ્યા ત્યારે એમની વચ્ચે કોઈ વર્ણના ભેદ ન હતા આથી ઋગ્વેદમાં પ્રથમ બે વર્ણનો ઉલ્લેખ છે. એક 'આર્યો' અને બીજા 'અનાર્યો' બન્ને રંગમાં જુદા પડતા હતા તે ઉપરથી વર્ણભેદ પડયો. પાછળથી તેના કર્મ પ્રમાણે ચાર વર્ગ પડયા. આર્યો માંથી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય અને અનાર્યોમાંથી શુદ્ર.

બૌદ્ધ ધર્મની સમાનતા અને વૈદિક ધર્મનો કર્મ પ્રમાણેનો આદર્શ પૌરાણિક યુગમાં અલોપ થયો અને જન્મ પ્રમાણેની વર્ણની સત્તા સ્થાપિત થઈ. જેથી ચારમાંથી અઢાર થઇ અને આજે તો ૧૮૦૦ સુધી પહોંચી ગયા.

અસ્પૃશ્યતા કયારથી શરૂ થઇ તેની ચોકકસ માહિતી ઈતિહાસમાંથી મળતી નથી પરંતુ ગુપ્ત વંશના રાજ્ય કાળ દરમિયાન હિન્દુ ધર્મનો સામ્રાજ્યવાદ એની ઉચ્ચ કોટીએ પહોંચ્યો હતો. જેથી સામાજિક દ્રષ્ટિએ જોઈએ તો આ કાળમાં વૈદિક ધર્મની સમાનતાને પાયા માંથી સાવ ખોદી નાખીને તેને સ્થાને હિંદુ ધર્મની ઉંચ નીચની અસમાનતાની અસ્પૃશ્યતા સુધીના ભેદની નવી ઇમારતના પાયા નંખાયા. જેનાં કડવાં ફળ આજ સુધી એના વારસોને ભોગવવાં પડયાં છે કહેવાય છે કે અછૂતપણુ એટલી હદ સુધી વિસ્તર્યું હતું કે અછૂતોને જાહેર માર્ગ પર ફરતાં થૂંકવા માટે કોટે થૂંક દાની લટકાવવી પડતી અને પોતાનાં પગલાં ભુંસવા પાછળ ઝાડુ બાંધવું પડતું.

સ્ત્રીઓની અવદશા :—

પૌરાણિક કાળમાં ધર્મના ક્ષેત્રે પુરૂષાર્થના બદલે દૈવવાદની પ્રતિક્રાંતિ શરૂ થઇ અને ચાર વર્ણમાંથી અઢાર વર્ણના ભેદ પડયા. સાથે સાથે સ્ત્રીઓનું પણ અવમૂલ્યન કરવામાં આવ્યું સ્ત્રી અને પુરૂષ એ બંને સમાજ માટે અતિ આવશ્યક અંગ છે છતાં ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન દરેક જમાનામાં અનિશ્ચિત રહયું છે.

ઋગ્વેદના સમયમાં સ્ત્રીનું સ્થાન ખુબ ઉંચુ હતું જે આજે પણ લગ્ન સંસ્કાર વિધીની સપ્ત પદી ઉપરથી જાણી શકાય છે. તે વખતે સ્ત્રી પરમાત્મ પદ પ્રાપ્ત કરી શકતી. જૈન ધર્મમાં શ્રી મલ્લીનાથ ભગવાન સ્ત્રી હતા. ગાર્ગી અને મૈત્રેયી જેવી વિદૂષીઓ એ જમાનામાં થઈ ગઈ હતી ધર્મની તમામ ક્રિયાઓમાં સ્ત્રી ગૌરવપ્રદ રીતે ભાગ લઇ શકતી હતી. બુધ્ધના વખતમાં પણ સ્ત્રીઓને સમાન દરજ્જો આપેલો છે· આ યુગના અંત પછી મધ્ય યુગિન

કાળમાં સ્ત્રીનું સ્થાનં નીચુ જવા લાગ્યું સ્ત્રીઓની પડતીનો આ એક ભયંકર યુગ આવ્યો.

પ્રતિ ક્રાંતિ વાદીઓએ પ્રથમ સ્ત્રીઓનુ બળ તોડી નાખવા તેઓને શિક્ષણથી વંચિત રાખી. દૈવ વાદને માને તેવી અંધ શ્રધ્ધાના પરંપરાગત સંસ્કારમાંજ ઉછરે તેમ કર્યું. તે કાળમાં એ અંગે કેવો જોરદાર હલ્લો શરૂ કર્યો તે એ કાળમાં રચાયેલી ૧૮ સ્મૃતિઓમાં જોવા મળે છે. એમાં મનુસ્મૃતિને મહત્વનું સ્થાન મળ્યું છે અને તેની અસર આજ સુધી હિંદુઓમાં ચાલી આવી છે. તેમાં કહયું છે કે ઋતુકાળ પહેલાં બાળ વયમાં કન્યાને પરણાવી દેવી નહિ તો પિતાને પાતક લાગે. પરાશર સ્મૃતિમાં તેના કરતાં પણ કડક શિક્ષા છે. જો રજસ્વલા કન્યા કુંવારી હોય તો પિતા, માતા અને મોટાભાઇ પણ નરકમાં જાય છે. મનુએ તો સ્ત્રી અને શુદ્રોને ભણવાનો જ અધિકાર આપ્યો નથી અને પરતંત્ર રહેવાનું સૂચવ્યું છે.

સ્ત્રીઓની આવી અવદશા પૌરાણિક કાળથી શરૂ થઇ તે ઠેઠ ૧૦મી સદીમાં પુનઃ જાગૃતિનો યુગ શરૂ થયો ત્યાં સુધી ઉત્તરોતર વધતી રહી છે.

સતી થવાનો રિવાજ પૌરાણિક કાળમાં જોવા મળતો નથી આ રિવાજ મુસ્લિમ આક્રમણ કાળ દરમિયાન શરૂ થયો હોય તેમ જણાય છે. રજપુત યોધ્ધાઓ લડાઇમાં ખપી જવાથી એમની વીર ક્ષત્રાણિઓ મુસલમાનોના જુલ્મી અત્યાચારો અને અપહરણના ભોગ બનવામાંથી ઉગરી જવા માટે મરવું એમાં પ્રતિષ્ઠા ગણાતી એટલે પતિના મૃત્યુ પછી એની સાથે ચિતામાં બળી મરવાનો રિવાજ થયો.

સ્ત્રીઓની અતિ કરૂણ અવદશાનો આ રિવાજ ૧૮૨૯માં રાજારામ મોહન રાયની આગેવાની નીચે સુધારકોએ જે આંદોલન શરૂ કર્યું તેના પ્રતાપે અંગ્રેજ સરકારે કાયદેસર બંધ કરાવ્યો.

જાહેર ખબર

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી ભુવન હિંમતનગરમાં ચાલુ શૈક્ષણિક વર્ષ અને ૧૯૭૩ના જૂન માસથી માધ્યમિક શાળા તેમજ કોલેજના વિદ્યાર્થીઓ માટે ચાલુ કરવાનું છે. આ અંગેનાં નામો નોધવાની કાર્યવાહી ચાલુ છે. તો જે વિદ્યાર્થી ભાઇઓ ઉપરોકત ભુવનમાં રહેવા ઇચ્છતા હોય તેઓના વાલીને રૂબરૂ ભુવનમાં આવી નામ નોંધાવા જવા વિનંતી છે.

પત્રવ્યવહારનું સરનામું
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી
જિલ્લા પંચાયત સામે
હિંમતનગર સાબરકાંઠા

પ્રમુખ
શ્રી કચ્છ કડવા પાટીદાર
વિદ્યાર્થી ભુવન
હિંમતનગર

સમાજ સરિતાનાં કુંડાળાં

હરિલાલ ડી. પટેલ 'કશ્યપ'
પુરૂષોતમપુરા, પો. વડાગામ

સમાજનું સ્વરૂપ ઘણુંજ પુરાણું છે. સમાજના અસ્તિત્વની સાથે કેટલીક સામાજિક પ્રથાઓ પણ અસ્તિત્વમાં આવેલી છે. સમયના પરિવર્તન સાથે તેમાં કેટલેક અંશે સુધારા થતા ગયા છે અને થાય છે. છતાં પણ એક હકીકત તો તેમાં જળવાઈ રહે છે જ અને તે એકે સમાજમાં કયારે પણ ઝડપી યંત્રવત પરિવર્તન આવી શકે નહિ કારણકે કોઇ પણ સમાજ બધી જુની પ્રથાઓને એકદમ ત્યાગતો નથી તેમ બધી નવી પ્રથાઓને એકદમ અપનાવતો પણ નથી જો આ હકીકતને બળજબરીથી સૈદ્ધાંતિક સ્વરૂપમાં ફેરવવામાં આવે તો તે નિઃશંક અશકય છે. કોઇ પણ સમાજ શુદ્ધ ત્યારે જ બની શકે છે, જયારે તેની અંદર જુની તથા નવી પ્રથાઓનો સુભગ સમન્વય થતો રહેતો હોય.

**पुराणमित्येन न साधु सर्वम्
न चापि काव्यं नवमित्य वद्यम् ।**

બધી જૂની પ્રથાઓ નિરર્થક છે. અને નવી પ્રથાઓમાં પ્રગતિ શીલતા જ ભરેલી છે. એમ માનવું બિલકુલ ગેરવાજબી છે. માટે કોઇ પણ ક્ષેત્રમાં પ્રગતિનો વિચાર કરતાં વિવેકબુદ્ધિ વાપરવી જોઇએ. આ સૃષ્ટિનાં દરેક તત્વોમાં વિરોધાભાસ રહેલો છે જ પછી માનવ સર્જીત બાબતોમાં વિરોધાભાસ કેમ ન હોય ! આ રીતે વિચારતાં આપણે જયાં નજર કરીએ ત્યાં દ્વંદ્વ સ્વરૂપ જ છે. સમાજ એટલે માનવો માનવો વચ્ચે મર્યાદિત સંબંધોને આધારે ચાલતી સંસ્થા. ધર્મ અને જાતિભેદ તથા જ્ઞાતિ પ્રથાએ સમાજના શેઢા છે.

ઉપરની ત્રણ બાબતોથી . સકળ માનવ સમાજના ભાગલા પડયા છે અને વિભાજિત થયેલ માનવ સંઘોને જ્ઞાતિ સમાજ તરીકે ઓળખાવવામાં આવે છે એ રીતે પુરાતન સંસ્કૃતિમાં જન્મેલા માનવ સમાજના ફાંટા પડયા છે અને દરેક સમાજમાં પુરાતન સંસ્કૃતિના જુદા જુદા અંશો ગૂંથાયેલા છે. તેથી જ દરેક સમાજમાં જ્ઞાતિપ્રથાઓમાં ભિન્નતા રહેલી છે.

દરેક સમાજમાં અમુક દિશામાં આમુલ પ્રગતિથયેલી હશે તો બીજી દિશામાં કંઇક ઉણપ રહેલી હોય છે જ લગ્નવિચ્છેદની પ્રથા પણ તેમાંની એક છે કોઈ પણ પ્રથા સંપૂર્ણ પણે નિરર્થક કે અસત્ય છે, એમ માનવું ખોટું છે બલકે તે ઓછી સત્ય હોઇ શકે ખરી બિલકુલ અસત્ય રૂઢિ કે પ્રથા કદાપિ ચિરકાલ ટકી શકે જ નહિ હંમેશા સત્યનો વિજય થાય છે એવું આપણી ભારતીય વિચારધારાનું મૂલ્ય છે. લગ્નવિચ્છેદનો પ્રથા પણ બહુજ પુરાણી એટલે કે લગભગ બે હજાર વર્ષ પર્યંતથી જન્મેલી છે અને તે અત્યાર સુધી પણ

લાવી આવી છે. તેથી તેમાં કંઇક ગુણ હશે કંઇક દોષ પણ હશે પણ નગુણી તો નહિ જ હોય નહિતર તે ક્યારનીય નાબુદ થઈ ગઇ હોત લગ્નવિચ્છેદને જડમૂળથી નિવારવાનું કાર્ય અશક્ય છે. આપણે આર્ય સંસ્કૃતિના પાછા પગલે જઇએ તો તે અંગે વધુ ખ્યાલ આવશે આર્ય સંસ્કૃતિમાં જયારથી પુનર્લગ્નની છુટ આપવામાં આવી ત્યારથી લગ્નવિચ્છેદને વધુ પ્રોત્સાહન મળ્યું આથી લગ્નવિચ્છેદ અને પુર્નલગ્નએ પ્રથાઓ પરસ્પર પૂરક બની ગઇ. આમ જોવા જઇએ તો બંને પ્રથાઓ સમાજના હિતની જ ગણાતી હતી હિતની એટલા માટે કે તે વખતે બંને પ્રથાઓ મર્યાદામાં હતી અને તેથી જ તો તે સમયમાં તે અંગે કોઇ બહિષ્કારી આંદોલન કે વિચાર ઉદ્‌ભવતા નહોતા મતલબકે બંને પ્રથાઓમાં સપ્રમાણ જળવાઈ રહેતું હતું. બંને પ્રથાઓમાં જયારથી પ્રમાણ (Balance) જળવાયું નહિ એટલે કે પુર્નલગ્ન ઓછાં થવા લાગ્યાં અને લગ્નવિચ્છેદની 'પ્રથા' ને બદલે બદીનું ઉપનામ મળ્યું હકીકતમાં તે બદી નહોતી પણ પરિવર્તિત સમાજે તેને બદી બનાવી છે. હાલના તબકકે આપણા સમાજ માટે તે ખૂબ ભયંકર છે છતાં પણ આપણે તે જડમૂળથી નાબુદ કરી શકવાના નથી કારણકે પુનર્લગ્ન નિરંકુશ છે. લગ્નવિચ્છેદ પર કંઈક અંશે કાબુ મેળવવો હોય તો પુનર્લગ્ન પર પ્રતિબંધ મૂકવો જરૂરી છે. અને સાથે સાથે બાળલગ્નની પ્રથા પર પ્રતિબંધ મૂકવો ઘણો જ જરૂરી છે. બૂમો પાડવાથી આ બદીના દરવાજા બંધ થઈ શકશે નહિ લગ્નવિચ્છેદ તો ચાલુ જ રહેશે પણ તેમાં સત્ય અસત્યનું અવલોકન કરવાની આગેવાનોની ફરજ છે અને સમાજના અન્ય સભ્યોનાં મંતવ્યો પણ લેવાં જરૂરી છે, સમાજના જે લોકો લગ્નવિચ્છેદના પ્રશ્ન સાથે સંકળાયેલા નથી હોતા તે આવી બાબતોમાં દુર્લક્ષ સેવે છે. એ દુ:ખદ હકીકત છે.

પ્રાચીન કાળમાં પણ લગ્ન સબંધો જોડવાની મુખ્ય બે રીતો હતી. (૧) પરોક્ષ પસંદગી (૨) પ્રત્યક્ષ પસંદગી (સ્વયંવર) પરોક્ષ પસંદગીમાં ગોર કે બ્રાહ્મણ માગાં લઈને નીકળતા અને તેમને યોગ્ય લાગે તે પાત્ર સાથે લગ્ન સબંધ જોડતા જે બંને પક્ષોને માન્ય રહેતુ. બીજી રીત મુખ્યત્વે રાજકુટુંબોમાં વધુ પ્રચલિત હતી. તેમાં સ્વયંવર યોજવામાં આવતા અને તેમાં યોગ્ય પાત્રની પસંદગી થતી.

આપણા સમાજમાં પણ અત્યાર સુધી પરોક્ષ પસંદગીની પ્રબળતા ચાલતી આવી છે પણ હવે તે પ્રાચીન કાળ જેટલી સફળ થઇ શકતી નથી કારણ કે વાતાવરણ અને વારસો બદલાતાં લોકોના માનસમાં ઘણુ પરિવર્તન આવ્યું છે. નૈતિક મૂલ્યોમાં ફેરફાર થયો છે અને તેમની નવી વ્યાખ્યાઓ સુચવવામાં આવી છે માટે આજકાલ આપણી પરોક્ષ પસંદગીને ગૌણ બનાવી પ્રત્યક્ષ

પસંદગીને માન્ય ગણવી જોઈએ તો જ આપણ છુટાછેડાના સંકટમાં થોડીક સફળતા મેળવી શકીશું. યુવક-યુવતીઓ ને પ્રત્યક્ષ પસંદગીની સ્વતંત્રતા આપવી જોઈએ જેથી તેઓ એક બીજાના માનસિક પરિચયમાં આવી શકે અને યોગ્ય અયોગ્ય નિર્ણય કરીને પરસ્પર સબંધ જોડી શકે જ્યારે આ પ્રથા સમાજમાં સર્વ વ્યાપક બનશે ત્યારે છુટાછેડાના બનાવો ઓછા થતા જણાશે પરંતુ હાલમાં ઘણાં કુટુંબોમાં આવી વિચાર શ્રેણીને હલકાઈનું ચિન્હ ગણી નકારી કઢાય છે એમાં ઈજ્જતની હાની થાય છે એવી સંકુચિત વૃત્તિ રાખે છે અત્યાર સુધી સમાજમાં સ્વતંત્ર પસંદગીથી જે સબંધો જોડાયા છે તેમાં છુટાછેડાનો પ્રસંગ ભાગ્યે જ બન્યો હોય.

★

સંગ્રાહક : પટેલ કાન્તિલાલ મનજીભાઈ
કાશીપુરા કંપા

હું એક વૃક્ષ સમાન છું

(૧) મારી પ્રથમ ડાળ આ મુજબ છે જેને સાત અક્ષર છે.

પ્રથમ બે અક્ષર નો અર્થ કરતાં તે સંસ્કૃત ભાષા નું ક્રિયાપદ બને છે. જેનો અર્થ 'જાગવું' થાય છે. ત્રીજો અક્ષર એ સંસ્કૃત ભાષાનો (પરસ્મૈપદ) નો પ્રત્યય છે.

વળી ચોથા અને સાતમા અક્ષર નો અર્થ 'શરીર' થાય છે છેલ્લા બે અક્ષર નો અર્થ 'વિનાશ' એવો થાય છે તો મારું પ્રથમ ડાળું ઓળખાવો

જવાબ : જાગૃતિ કાર્યાલય

(૨) મારું બીજુ ડાળું લઈએ તો તે પાંચ પાન નું બનેલું છે, ચોથું અને ત્રીજું પાન લેતાં એક જાતનું કઠોર બને છે ચોથા અને બીજા અક્ષરનો અર્થ 'રસ્તે' થાય છે. પાંચમો અને પ્રથમ અક્ષરનો ગુજરાતી અર્થ 'ઊંડુ' થાય છે.

તો મારું બીજું ડાળું કહો

જવાબ :— પટેલ વાડી

(૩) મારું ત્રીજું ડાળું આ મુજબ છે જેના પ્રથમ ત્રણે અક્ષર લેતાં એક શહેર નું નામ બને છે. જેના 'ગોટા' વખણાય છે.

વળી છેલ્લા બે અક્ષર વાહન વ્યવહાર માટે જરૂરી છે. આમ મારાં પાંચ પાન છે.

તો મારું નામ કહો

જવાબ :— તલોદ રોડ

(૪) મારું ચોથું અને અંતિમ ડાળું આ મુજબ બનેલું છે. જેને ચાર પાન છે.

પ્રથમ અને અંતિમ શબ્દનો અર્થ પૃથ્વી થાય છે. પ્રથમ બે અક્ષર માટેઆખી માણવજાત મરી ફીટે છે અંતિમ બે અક્ષરનો અર્થ 'દારૂ' થાય છે. તો મારું સ્વરૂપ ઓળખાવો.

જવાબ :— ધનસુરા

સમાચાર દર્શન

શ્રી કોંકણુ રત્નાગિરી જિલ્લા પાટીદાર સમાજ

કોંકણુ રત્નાગિરી જિલ્લામાં વસતા પાટીદાર ભાઇઓની મીટીંગ તા ૪-૩-૭૩ ના રોજ રત્નાગિરી મુકામે શ્રી વિજય સૅા મીલમાં રાખવામાં આવી હતી જિલ્લામાંના સૅા મીલ ધરાવતા બધા ભાઇઓએ હાજરી આપી હતી મીટીંગમાં આજ સુધી કોંકણુ રત્નાગિરી જિલ્લાની જે સૅા મીલ કે ફર્મ " શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર પાટીદાર કોલ્હાપુરની સભ્ય છે. તેઓએ તે સંસ્થાનું સભાસદ પદ ચાલુ રાખવાનું છે પણ આપણા કોંકણુ રત્નાગિરી જિલ્લાના ભાઇઓનાં કામકાજ માટે તેમજ સામાજિક કાર્યમાટે અલગ સંસ્થા હોય તો સારું એ વિચારથી પ્રેરાઇને નવ સમાજની સ્થાપના કરી અને એનું નામ શ્રી કોંકણુ રત્નાગિરી જિલ્લા પાટીદાર સમાજ" રાખવામાં આવેલ છે.

મીટીંગમાં હંગામી પ્રમુખ તરીકે શ્રી અખજીભાઇ શિવજીભાઈ (ચીપલૂણવાળા) હતા એમના પ્રમુખ પણા હેઠળ કાર્યવાહક મંડળની સ્થાપના કરવામાં આવી.

— કાર્યવાહક મંડળ —

પ્રમુખઃ— શ્રી અખજીભાઈ શિવજીભાઈ (ચીપલૂણ)
ઉપપ્રમુખઃ— શ્રી નારાયણભાઈ ધનજીભાઈ (રત્નાગિરી)
મંત્રીઃ— શ્રી દેવશીભાઈ શિવજીભાઈ "
ખજાનચી— શ્રી ભાણજીભાઈ લધાભાઈ "

ઉપરાંત બીજા ભાઇઓ સભાસદ તરીકે ચૂંટાઇ આવ્યા હતા.
સમાજના કાર્યક્ષેત્ર અંગે તેમજ અન્ય જુદા જુદા ઠરાવો કરવામાં આવ્યા પછી ચાપાણીનો કાર્યક્રમ થઇ ઉમંગભર્યા વાતાવરણમાં સભાનુ કામકાજ પુરું કરવામાં આવ્યું.

એજ લિ.
શ્રી કોંકણ રત્નાગિરી જિલ્લા પાટીદાર સમાજ વતી
મંત્રીઃ— દેવશીભાઈ શિવજીભાઈ પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મિત્રોનું વિચાર– ગોષ્ઠિ સંમેલન વડાલી વિભાગ

ગત તા ૧ અને ૨ જી મે–૭૩ ના રોજ અત્રે ખેડબ્રહ્મા નજીક લક્ષ્મીપુરા કંપામાં વડાલી વિભાગના લગભગ સાઠેક જેટલા કંપાઓના યુવક ભાઇઓના પ્રતિનિધિઓનું એક વિચાર ગોષ્ઠિ સંમેલન યોજવામાં આવ્યું હતું.

ઉપરોક્ત સંમેલનની શરૂઆત તા. ૧ લી મેના રોજ બપોરે ૩ વાગે થઈ હતી જેનું અધ્યક્ષપદ શ્રી રતિલાલ કે. પટેલ લક્ષ્મીપુરા કંપા વાળા એ તેમજ અતિથિવિશેષપદ તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ. પટેલે શોભાવ્યું હતું.

શરૂઆતમાં જ પ્રિન્સિપાલની પદવી મેળવ્યા બદલ શ્રી રતિલાલ એલ. પટેલનું ફૂલ હારથી સન્માન કર્યું હતું ત્યારબાદ પ્રિન્સિપાલશ્રીએ મંગલદીપ પ્રગટાવી સંમેલનની શરૂઆત કરી હતી. જેમાં નીચેના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી.

૧ ધર્મ–તેનો સાચો અર્થ: "ધર્મ અને સંપ્રદાયના અર્થમાં તફાવત છે' — તેની સ્પષ્ટતા.
૨ શિક્ષણ તેનો વ્યાપ, ગુણવત્તા, શિક્ષણનો વિસ્તાર અને કન્યા કેળવણીનો પ્રચાર
૩ લગ્ન અને છૂટાછેડા — સમાજની તંદુરસ્તી માટે તેના પર પુન: વિચારણા.
૪ સામાજિક અને રાજકીય જાગૃતિ તેમજ વર્તમાન ઘટનાઓ તરફ સંવેદન શીલતા
૫ ચારિત્ર્યની ખીલવણી માટેના માર્ગોનું દિશાસુચન અને માર્ગદર્શન.
૬ જૂના અને નવા વિચારો તેમજ રીવાજોનું સંકલન કરવાના માર્ગો
૭ સ્વચ્છતા

તા. ૨–૫–૭૩ નારોજ સવારમાં ઉપરોક્ત મુદ્દાઓની ચર્ચા વિચારણા કર્યા. બાદ વડીલો સાથે સ્નેહમિલન કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં કેટલાક વડીલોએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં જેમાં કન્યા કેળવણી પર વિશેષ ધ્યાન આપવા તેમજ લગ્ન વિચ્છેદ જેવા સડાઓ અટકાવવા પર ભાર મુકયો હતો

અંતમાં અધ્યક્ષશ્રીના પ્રેરક પ્રવચન બાદ સંમેલનની કાર્યવાહી પૂરી થઈ હતી.

સામાજિક ઉત્કર્ષ માટે આવાં સંમેલનોની યોજના એ ખરેખર અભિનંદનીય છે

આ સંમેલનનું આયોજન ડૉ. છગનભાઈ એચ. પટેલ એમ. બી. બી. એસ. ડૉ. નારણભાઇ કે. પટેલ બી. ડી. એસ. શ્રી રતિલાલ કે. પટેલ બી. એસ સી. જેઠાભાઇ કે. પટેલ (આચાર્ય શ્રી) બી એસ. સી., કરશનભાઇ કે. પટેલ બી એ. વગેરે એ કર્યું હતું.

આશા છે કે ગામે ગામ આપણાં યુવક મંડળો સક્રિય બની સામાજિક પ્રગતિ સાધવા કટિબધ્ધ બનવા આવાં સંમેલનોમાંથી પ્રેરણા મેળવે.

* શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ *
કલકત્તા.

ઉપરોકત મંડળે ગતાંકમાં એટલે કે એપ્રિલ–૭૩ અંકના પાન નં. ૨૦ મુજબ સુશિક્ષિત બહેનોને સન્માનવાનું પ્રસંશનીય પગલું ભરવા વિચાર્યું છે તેની સાથે નીચે મુજબના સમાચારોનો તેમાં ઉમેરો થાય છે.

આ મંડળ તરફથી ગરીબ અને આર્થિક પરિસ્થિતિની મુઝવણને લઇ ભણી ન શકતાં હોય તેવા વિદ્યાર્થી ભાઇ બહેનોને શિષ્યવૃત્તિ આપવાનું વિચારેલ છે તો તેવા ભાઈ બહેનોને નમ્ર વિનંતી કરવામાં આવે છે કે પોતાની આ બાબતની અરજી મંડળના સરનામે મોકલાવી આપે.

લિ. મંડળ વતી,
સહમંત્રી : વેલજીભાઇ એચ. પટેલ

પત્ર વ્યવહારનું સરનામુ
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ,
C/o કેશવલાલ એન્ડ કંપની
૬૫/૧ મહર્ષિ દેવેન્દ્ર રોડ,
કલકત્તા—૬

ધનસુરા છાત્રાલયોને લગ્ન ભેટ *

રૂ. પૈસા		
૨૫–૨૫	શ્રી બહેચરભાઈ મુળજીભાઈ પટેલ	મોતીસરી
	હા. અખઈભાઈ લધાભાઈ પટેલ	ટીંબાતલાવકંપા

★

વયોવૃદ્ધ સેવાભાવી કાર્યકર શ્રી વાલજીભાઈ કાનજીભાઇ પટેલ રાયણના માળ વાળાએ પ્રવાસ કરી ચાલુ સાલે કન્યા છાત્રાલયની બહેનો માટે મેળવેલા ઘઉંની યાદી

કીલો	**હડમતિયા કંપા**	૫૦	લધાભાઇ પ્રેમજીભાઇ
૧૦૦	વેલજીભાઈ પ્રેમજીભાઈ	૫૦	લધાભાઈ લાલજીભાઇ
૧૦૦	રાજાભાઈ દેવસીભાઈ	૫૦	કાનજીભાઇ વિશ્રામભાઈ
૧૦૦	જીવરાજભાઇ રામજીભાઇ	૫૦	કાન્તિલાલ અરજણભાઇ
૧૦૦	ગોવિંદભાઇ રામજીભાઇ	૪૦	સામજીભાઇ સવગણભાઈ
૫૦	રામજીભાઇ વિશ્રામભાઇ	૪૦	ખીમજીભાઇ હીરજીભાઇ
૫૦	પ્રેમજીભાઈ સીવજીભાઇ	૪૦	મુળજીભાઇ લાલજીભાઈ

	વાલજીભાઇ દેવજીભાઇ
૩૦	દેવજીભાઇ અરજણભાઈ
૨૫	પચાણભાઇ રામજીભાઇ
૨૫	મણીલાલ અભજીભાઈ
૨૦	દેવરામભાઇ રામજીભાઇ
૨૦	વિશ્રામભાઇ કેશરાભાઇ
૨૦	લધાભાઈ ગોવિંદભાઇ
૨૦	વસરામભાઈ અભજીભાઈ
૨૦	વસરામભાઈ લાલજીભાઇ
૨૦	અંબાલાલ અભજીભાઇ
૨૦	સામજીભાઇ ખીમજીભાઇ
૨૦	કરમસીભાઇ લાલજીભાઇ
૨૦	રામજીભાઈ સીવજીભાઇ
૨૦	દેવસીભાઇ વિશ્રામભાઇ
૨૦	વાલજીભાઇ કાનજીભાઇ
૨૦	ધનજીભાઇ દેવજીભાઇ
૧૦	કરમસીભાઇ ભેનાભાઈ
૧૦	અરજણભાઇ અભજીભાઇ
૧૧૯૦	

કીલો	કૃષ્ણપુરાકંપા
૧૦૦	સવજીભાઇ નાનજીભાઇ
૬૦	વનજીભાઇ સવગણભાઈ
૪૦	જેઠાભાઇ મેઘજીભાઇ
૪૦	નાથાલાલ સવજીભાઈ
૨૦	ખીમજીભાઈ પ્રેમજીભાઇ
૨૦	સવગણભાઇ રામજીભાઇ
૨૦	લાલજીભાઈ રામજીભાઈ
૨૦	રાજાભાઇ કરમસીભાઇ
૩૨૦	

કીલો	નિકોડાકંપા
૨૦	સવજીભાઇ લાલજીભાઈ
૨૦	હીરજીભાઇ લાલજીભાઇ

૨૦	કરમસીભાઇ નાનજીભાઇ
૨૦	કરશનભાઇ લાલજીભાઇ
૨૦	પ્રેમજીભાઈ અભજીભાઇ
૧૦૦	

કીલો	ચંદ્રપુરાકંપા
૧૦૦	સવગણભાઇ નાનજીભાઇ
૫૦	હીરજીભાઇ લધાભાઇ
૪૦	પચાણભાઈ વાલજીભાઇ
૨૫	સોમજીભાઇ સવગણભાઇ
૨૫	લધાભાઇ નાનજીભાઈ
૨૦	ચુનીલાલ પચાણભાઇ
૨૬૦	

કીલો	રૂપાલકંપા
૧૦૦	જીવરાજભાઇ લાલજીભાઈ
૧૦૦	નારણભાઈ લાલજીભાઈ
૧૦૦	રામજીભાઈ લાલજીભાઇ
૧૦૦	મેઘજીભાઇ હંસરાજભાઈ
૪૦૦	

કીલો	બાવસાર–નરસિંહપુરા
૧૦૦	રાજાભાઇ જીવરાજભાઇ
૨૫	રામજીભાઇ લાલજીભાઈ
૨૫	અરજણભાઇ કરસનભાઇ
૨૫	ડાહ્યાભાઇ કરમસીભાઇ
૨૫	કાનજીભાઇ દેવજીભાઇ
૨૦૦	

કીલો	બાવસાર હરિપુરાકંપા
૧૦૦	કાનજીભાઇ ડાહ્યાભાઇ ખેતા
૪૦	વાલજીભાઇ રામજીભાઇ
૨૦	ખેતાભાઇ હરિભાઇ
૪૦	કંપાના બીજા ભાઇઓ તરફથી
૨૦૦	

૧૦૦ કીલો બાવસાર ટીંબાકંપાના બધા ભાઇઓ તરફથી

૨૦૦ કીલો ફૂંપાકંપાના બધા ભાઇઓ તરફથી

કીલો	રામપુરાકંપા
૧૦૦	કરસનભાઈ સામજીભાઈ
૫૦	અરજણભાઈ સામજીભાઇ
૪૦	અરજણભાઇ ખીમજીભાઇ
૪૦	મનજીભાઇ દેવજીભાઇ
૪૦	માવજીભાઇ સામજીભાઇ
૩૦	ધનજીભાઈ સવજીભાઇ
૨૫	વેલજીભાઇ ખીમજીભાઇ
૨૫	દેવજીભાઇ મુળજીભાઇ
૨૫	ભાણજીભાઇ કાનજીભાઈ
૨૫	સવજીભાઇ મુળજીભાઇ
૨૦	કરમસીભાઇ કાનજીભાઇ
૨૦	ધનજીભાઇ અબજીભાઇ
૨૦	છગનભાઇ સવજીભાઈ
૨૦	નારણભાઇ અબજીભાઇ
૨૦	હરજીભાઇ ધનજીભાઇ
૫૦૦	

કીલો	કાશીપુરાકંપા
૩૦	માવજીભાઇ જેઠાભાઈ
૩૦	લધાભાઈ લાલજીભાઈ
૨૫	બાબુભાઈ પુંજાભાઈ
૨૦	મેઘજીભાઈ જેઠાભાઈ
૨૦	નારણભાઈ સવદાસભાઈ
૨૦	મનજીભાઈ સવદાસભાઈ
૨૦	વસરામભાઈ દેવજીભાઇ
૨૦	વિઠ્ઠલદાસ દેવજીભાઈ
૨૦	લધાભાઈ વસરામભાઈ
૨૦	માવજીભાઈ વસરામભાઈ
૨૦	કરસનભાઈ જેઠાભાઈ

૨૦	પચાણભાઈ વિશ્રામભાઈ
૨૦	મનજીભાઈ સામજીભાઈ
૨૦	દેવસીભાઇ જેઠાભાઈ
૨૦	રામજીભાઈ કરસનભાઈ
૧૦	વિશ્રામભાઈ ભોજાભાઈ
૫	ધનજીભાઈ દેવસીભાઈ
૫	માવજીભાઈ ખીમજીભાઈ
૩૪૫	

કીલો	આઢવાકંપા
૮૦	દેવજીભાઈ અબજીભાઈ
૮૦	ધનજીભાઈ ગોવિંદભાઇ
૮૦	જેઠાભાઇ તથા સવજી મેઘજી
૨૪૦	

કીલો	રણાસણકંપા
૨૫	પ્રેમજીભાઈ ગોવિંદભાઈ
૨૫	જેઠાભાઈ ખીમજીભાઈ
૨૫	કેસરાભાઈ કરસનભાઈ
૨૫	કાન્તિલાલ હંસરાજભાઈ
૨૫	સામજીભાઈ ગોવિંદભાઈ
૧૨૫	

કીલો	રત્નોસકંપા
૪૦	મુળજીભાઈ વિશ્રામભાઈ
૩૦	કરમસીભાઈ વિશ્રામભાઈ
૨૦	વાલજીભાઈ રામજીભાઈ
૨૦	રતનાભાઈ રાજાભાઈ
૨૦	છગનભાઈ રામજીભાઈ
૨૦	ગોમતીબેન પચાણભાઈ
૧૫૦	

૪૦	કાનજીભાઈ લધાભાઈ રવિપુરા (ઇટાડીકંપા)
૨૫	છાપરીઆકંપાના ભાઈઓ તરફથી
૬૫	

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ધનસુરા

ઉપરોક્ત મંડળની બીજા વર્ષની વાર્ષિક સાધારણ સભા તા. ૩-૫-૭૩ને ગુરૂવારના રોજ સવારના ૧૦ વાગે લક્ષ્મી ટોકીઝમાં મળી હતી. આ પ્રસંગે આપણા સમાજના સુશિક્ષિત યુવાન, તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ. પટેલને સન્માનવાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

સભાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યાર બાદ પ્રિન્સિપાલશ્રીનું તેમજ સમાજના આમંત્રિત આગેવાન વડીલોનું ફુલહારથી સ્વાગત કરી સન્માન કરવામાં આવ્યું હતું.

આજનું સભા સંચાલન મંડળના સહમંત્રીશ્રી ગોવિંદભાઈ વી. પટેલે સ્વાગત પ્રવચન શ્રી જે. એસ. મહેતા હાઇસ્કુલ ધનસુરાના શિક્ષક તેમજ સુપરવાઇઝર શ્રી વાડીભાઈ કે. પટેલે કર્યું હતું. પ્રિન્સિપાલશ્રીની ઓળખવિધિ શ્રી કાન્તિલાલ કે. પટેલે કરાવી હતી.

ત્યારબાદ આપણા સમાજના અત્રે રામેશ્વરકંપાના વતની તેમજ યુવાન ધારાશાસ્ત્રી (વકીલ) શ્રી રતિલાલ કે. પટેલ, અણિયોરકંપા નિવાસી જાગૃતિ માસિકના પ્રકાશક તેમજ સામાજિક કાર્યકર શ્રી વિશ્રામભાઇ એન. પટેલ, મોડાસા યુવક મંડળના પ્રમુખ શ્રી રતિલાલ સોમાલાલ પટેલ, પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ પટેલ તલોદ સાયન્સ કોલેજ, ઉપરોક્ત મંડળના મંત્રી એદલપુરા નિવાસી શ્રી અરજણભાઇ વી. પટેલ, સમાજના મંત્રી તેમજ જાગૃતિ માસિકના આદ્યતંત્રી શ્રી નાનજીભાઇ કે. પટેલ. માજી ધારાસભ્ય શ્રી નારણભાઈ એસ. પટેલ મોતીવેણીકંપા, ધનસુરાના વતની નેશનલ ટાયર્સના માલિક તેમજ યુવાન કાર્યકર શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ, ઉપરોક્ત મંડળના પ્રમુખ, તેમજ વડાગામ ખાતે કવેરીનું બીઝનેસ ધરાવનાર શ્રી સામજીભાઇ એસ. પટેલ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કરી પ્રિન્સિપાલશ્રીના સન્માન તેમજ મંડળની કાર્યવાહી તેમજ પ્રગતિ માટે શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

આ પ્રસંગે સમાજના આગેવાનો પ્રમુખશ્રી હીરજીભાઇ કે. પટેલ, શ્રી વેલજીભાઈ ભાણજીભાઈ પટેલ, શ્રી ડાહ્યાભાઈ હરીભાઈ પટેલ, શ્રી સવજીભાઇ સોમજીભાઇ પટેલ, વિશ્રામભાઇ નારણભાઇ પટેલ વગેરે વડીલોએ હાજરી આપી હતી.

મંડળના મંત્રીશ્રીએ યુવક મિત્રોની વર્ષ દરમિયાનની કામગીરીનો અહેવાલમાંથી ખ્યાલ આપ્યો હતો.

અત્રે સાબરકાંઠા જિલ્લામાં વસતા કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની વસતી ગણતરીની કાર્યવાહી યુવક મંડળે હાથ ધરેલી છે. મહદ્ અંશે તે કામ થઇ ગયું છે. હજુ પણ કાર્યવાહી ચાલુ છે. અત્યાર સુધીમાં યુવક મંડળના કાર્યક્ષેત્રેમાંથી ૧૫૮૯ કુટુંબોની વસતી નોંધાઇ ગઇ છે.

ઉપરાંત સમાજના મુખપત્ર 'જાગૃતિના' વિકાસ માટે આજીવન સભ્ય જાતે બની અન્ય ગ્રાહક સંખ્યામાં વૃદ્ધિ કરવાનું, કન્યા છાત્રાલય માટે અનાજ ઉઘરાવવાનું તેમજ કંપાઓમાં થતાં લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરોની પ્રતિષ્ઠા વખતે સ્વયંસેવક તરીકેની સુંદર કામગીરી બજાવવાનું કામ પણ કરેલું છે.

ઉપરાંત છાત્રાલય માટે વારિગૃહ બાંધવામાં આવ્યું છે તેનો ફાળો એકત્ર કરવાનું તેમજ તાજેતરમાં જ તા. ૩-૫ ૭૩ના રોજ આપણી સ્થાનિક સંસ્થાઓના લાભાર્થે ફીલ્મ શો યોજી સમાજને આર્થિક સહાય મેળવવા મદદ રૂપ બનવા આ મંડળે ભરચક કાર્યક્રમો અપનાવ્યા છે.

એટલું જ નહિ પણ સમગ્ર દેશ વ્યાપી ધોરણે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘનું પ્રતિનિધિત્વ જાળવવા કલકત્તા તેમજ પૂના ખાતે પણ આ મંડળે સક્રિય પણે રસ દાખવ્યો છે.

આમ આપણી યુવા શકિતને સુસંગઠિત કરવા તેમજ સુદૃઢ બનાવવા આ મંડળના તમામ સભ્યોએ સમાજને યથાશકિત તન, મન અને ધનથી શકય એટલો સહકાર આપવા નમ્ર પ્રયાસ કર્યો છે.

卐

— શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરાને ભેટ —

ગાદલાં નં. ૨ હરીભાઇ પ્રેમજીભાઇ પટેલ પ્રાંતિજવાળા તરફથી

卐

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન, ધનસુરામાં રહીને શ્રી જે. એસ. મહેતા હાઈસ્કુલમાં અભ્યાસ કરતા છાત્રોનું ૧૯૭૩ની વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૯૫ ટકા આવ્યું છે. ધોરણ ૫ થી ૧૦ સુધીમાં કુલ ૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા તેમાંથી ૭૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે આ રીતે વિદ્યાર્થી-ભવનનું પરિણામ ઘણું સારું તેમજ અભિનંદનને પાત્ર છે.

નીચેના વિદ્યાર્થીઓ સારા ગુણ મેળવી વર્ગમાં અગ્રસ્થાન પ્રાપ્ત કરે છે.

ક્રમ	નામ	ગામ	ધોરણ	વર્ગમાં મે. નંબર
૧	પટેલ નરેન્દ્રકુમાર વાડીલાલ	ધનસુરા	૧૦	૧
૨	પટેલ ચીમનલાલ હરજીભાઇ	કૃષ્ણપુરા	૧૦	૪
૩	ભગત રૈયાલાલ ખેતાભાઈ	વિથોણ	૯	૧
૪	પટેલ પોપટલાલ માવજીભાઇ	વજેપુરા	૯	૨
૫	પટેલ બાબુલાલ લાલજીભાઈ	અણિયોર	૯	૪
૬	પટેલ નટવરલાલ ભાણજીભાઇ	ચોટાસણ	૯	૧૨
૭	પટેલ જયંતીલાલ હરિભાઇ	વિષ્નુપુરા	૮	૧
૮	પટેલ કાન્તિલાલ બહેચરભાઇ	અમીનપુરા	૮	૨
૯	પટેલ ભાઇલાલભાઇ ડાહ્યાભાઈ	નવાનગર	૮	૩
૧૦	,, નરસિંહભાઇ ગોવિંદભાઇ	ઇટાડી	૮	૪
૧૧	,, રસિકલાલ દેવરામભાઇ	રાયપુર	૮	૫
૧૨	,, દિનેશકુમાર નાનજીભાઇ	ગઢકંપા	૮	૭
૧૩	,, કિશોરકુમાર અંબાલાલ	સરોત્રા	૮	૨
૧૪	,, રમણલાલ કાનજીભાઇ	રવિપુરા	૭	૧
૧૫	,, રમણલાલ શામજીભાઇ	હરિપુરા (આકરૂન્દ)	૭	૮
૧૬	,, વિનોદકુમાર બાબુભાઇ	સરડી	૭	૨
૧૭	,, વિનોદકુમાર ભાઈલાલભાઈ	રંગીનપુરા	૭	૫
૧૮	,, ગોરધનભાઇ મથુરભાઇ	અમીનપુરા	૬	૨
૧૯	,, હસમુખલાલ બહેચરભાઈ	અમીનપુરા	૬	૧
૨૦	,, નરેન્દ્રકુમાર મથુરભાઈ	અમીનપુરા	૫	૫

★ તા. ૧૦ જુન '૭૩થી શરૂ થતા વર્ષમાં છાત્રાલયમાં દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ તા. ૨૫–૫–૭૩ સુધીમાં નીચેના સરનામે સંપર્ક સાધી એડમીશન મેળવી લેવું.

વાડીભાઈ કે. પટેલ
ગૃહપતિ
શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ
વિદ્યાર્થી ભવન, ધનસુરા.

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન
૭૨-૭૩ના વર્ષનું ભોજન ખર્ચ

૨૩૯-૯૦	વિદ્યાર્થી દીઠ પ્રથમ સત્રનું ભોજન ખર્ચ		
૩૬-૪૫	નવેમ્બર	દ્વિતીય સત્રનું	,,
૫૪-૮૦	ડિસેમ્બર	,,	,,
૫૪-૮૦	જાન્યુઆરી	,,	,,
૫૯-૭૧	ફેબ્રુઆરી	,,	,,
૬૫-૨૫	માર્ચ	,,	,,
૪૩-૮૫	એપ્રિલ	,,	,,
૫૫૪-૭૬			

✻ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ✻
યુવક મંડળ, (ગુજરાત) ધનસુરા.

તા. ૩-૫-૭૩
વર્ષ : ૧૯૭૩

તા ૩-૫-૭૩ના રોજ શ્રી ધનસુરા કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ ધનસુરા (ગુજરાત)ની કારોબારી કમીટીની સભા મંડળના કાર્યાલયે રાત્રે નવ વાગ્યે મળી હતી જેમાં નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. આ સભાના સભાપતિ તરીકે પ્રિન્સિપાલ રતિભાઈ એલ. પટેલ બીરાજ્યા હતા.

કારોબારી :

(૧)	પ્રમુખ :	શામજીભાઈ સવગણભાઈ પટેલ
(૨)	ઉપ-પ્રમુખ :	પ્રેમજીભાઈ દેવશીભાઈ પટેલ
(૩)	મંત્રી :	અરજણભાઈ વિશ્રામભાઈ પટેલ
(૪)	સહમંત્રી :	પ્રો. ગોવિંદભાઇ વેલજીભાઈ પટેલ (M. Sc.)
(૫)	કેશીયર :	રતિલાલ વિશ્રામભાઈ પટેલ
(૬)	વ્ય. સભ્ય :	ચંદુલાલ વેલજીભાઈ પટેલ
(૭)	,,	બહેચરભાઈ મુળજીભાઈ પટેલ
(૮)	,,	ગંગારામ રતનશીભાઈ પટેલ
(૯)	,,	ગોપાલભાઈ રતનશીભાઈ પટેલ
(૧૦)	,,	લખુભાઈ નથુભાઇ પટેલ
(૧૧)	,,	તુલસીદાસ હીરજીભાઈ પટેલ
[૧]	સલાહકાર :	નાનજીભાઈ કાનજીભાઈ પટેલ
[૨]	,,	વિશ્રામભાઇ નથુભાઇ પટેલ
(૧)	કોઓપ્ટ :	પ્રિ. રતિલાલ એલ. પટેલ (M. Sc.)
(૨)	,,	પ્રેમજીભાઈ એ. પટેલ
(૩)	,,	વિઠ્ઠલદાસ કરશનભાઈ પટેલ
(૪)	,,	રણછોડભાઈ જેઠાભાઈ પટેલ
(૫)	,,	વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed

વિદ્યાર્થી ભવન—મારી નજરે

આચાર્ય શ્રી ભાનુપ્રસાદ એસ. પંડયા.
M. A; M. Ed.

કેળવણી બાળકને સુસંસ્કારી અને જ્ઞાનવાન બનાવીને જીવન જીવવા માટે એક આદર્શ નાગરિક બનાવે છે.

છાત્રાલય જીવન બાળકના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપી શકે છે, કારણ કે છાત્રાલયમાં રહીને અભ્યાસ કરનાર પ્રત્યેક બાળકમાં એક બીજા સાથે હળીમળીને, સહકારથી કાર્ય કરવાના સંસ્કાર આપો આપ પડે છે, તેનામાં સહિષ્ણુતા તથા બીજાના વિચાર વર્તન પ્રત્યે આદરભાવ રાખવાનો મહાવરો પણ પરોક્ષ અપરોક્ષ રીતે આવતો જાય છે.

ઘેર રહીને અભ્યાસ કરતાં બાળકો માતા પિતાના લાડમાં વાત્સલ્યમાં વધારે પ્રમાણમાં ખેંચાઇને સ્વભાવે શરમાળ તથા થોડાંક ડરપોક રહેવા સંભવ છે અને તેને કારણે તેમનો અભ્યાસ જોઇએ તેટલો વધુ પાકી ભૂમિકામાં તૈયાર થવાની શકયતાઓ ઓછી હોય છે ત્યારે છાત્રાલય વિદ્યાર્થી ભવનમાં સૌને માટે શિસ્ત અભ્યાસ તથા વર્તનના નિયમો સરખા હોઇ બાળકનું સારી રીતે ઘડતર થાય છે. ત્યાં બાળક પોતાનામાં શિથિલતા લાવવા ઇચ્છતો હોય તો પણ સતત દેખરેખ તેમજ બીજા વિદ્યાર્થીઓની દેખાદેખાથી તેણે નિયમિત રહેવું પડે છે. અને એ રીતે રોજબરોજના મહાવરાથી તેના ઉત્તમ ચારિત્ર્યનું ઘડતર થાય છે

આવું બાળકના ચારિત્ર્યનું સુંદર ઘડતર કરનાર કેટલાંક ગણ્યાં ગાંઠયાં વિદ્યાર્થી ભવનોમાં ધનસુરામાં આવેલ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ નું વિદ્યાર્થી ભવન મૂકી શકાય સદર છાત્રાલય સાથે હું છેલ્લાં સાતેક વર્ષથી સીધા સંપર્કમાં છું તેથી તેને વિશે કેટલીક નક્કર હકીકતો રજૂ કરવા હું હક્કદાર છું.

ધનસુરામાં આવેલા વિદ્યાર્થી ભવનનુ મકાન સુંદર, મજબૂત, હવા ઉજાશ–વાળું અને બાળકોની તંદુરસ્તીને પોષક છે. બાળકોને પ્રત્યેક રૂમમાં યોગ્ય સંખ્યામાં રાખવામાં આવે છે. મકાન આગળ બગીચાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ખોરાક ખૂબજ સાત્વિક અને શુદ્ધ આપવામાં આવતો હોવા છતાં, ગૃહપતિજીની લીધી દેખરેખ નીચે વ્યવહારિક કરકસરથી, બાળકને આજની કારમી મોંઘવારીમાં પણ બીજા છાત્રાલયોની સરખામણીમાં ઓછું ભોજન–ખર્ચ આપવાનું થાય છે. આ એક સામાન્ય બાળક માટે મોટા આશીર્વાદ સમાન છે.

છાત્રાલયના વિદ્વાન ગૃહપતિશ્રી વાડીલાલ કે. પટેલ મારા પરિચિત છે. તેઓ સતત પણે છાત્રાલયને કેમ વધુ આદર્શ અને વધુ કાર્યક્ષમ બનાવવું તેના ચિંતનમાં રહે છે. ઘણીવાર તેઓ મને કહે છે કે, " અમારા વિદ્યાર્થી ભવનમાં આવનાર પ્રત્યેક વિદ્યાર્થી અભ્યાસમાં તો પાછો પડવો જ ન જોઇએ. અને તે માટે

હું સતત જાગૃત રહું છું. પ્રત્યેક વર્ષનાં પરિણામો જોશો તો આપને તેની ખાતરી થશે " તેમનું આ વિધાન અક્ષરશ : સાચું છે. તેઓએ છાત્રાલય માટે એક સમય પત્રક ઘડી કાઢયું છે. અને સવારે વહેલા ઉઠવાથી માંડીને રાત્રે સૂઇ જવા સુધીની તમામ ક્રિયાઓ દરેક વિદ્યાર્થીએ સમયપત્રક મુજબ નિયમિત પ્રમાણે કરવાની હોય છે.

સવારે તેમજ રાત્રે વાળુ કર્યાબાદ દરેક બાળક અભ્યાસમાં પરોવાયેલો છે કે કેમ તે જોવાની તેઓ ખાસ તકેદારી રાખે છે અને તેમને છાત્રાલયમાં અવાર નવાર રૂમે રૂમે આંટા મારતામેં ઘણી વખત જોયેલા છે.

છેલ્લાં ચાર પાંચ વર્ષનું છાત્રાલયનું એસ. એસ સી. (મેટ્રીક) પરીક્ષાનું ઉંચું પરિણામ છાત્રાલયની સુંદર વ્યવસ્થાની વ્યકિતગત દેખરેખ અને બાળકોમાં અભ્યાસ પ્રત્યેની અભિરૂચિ કેળવવાના થતા પ્રયાસોની સાક્ષી પૂરે છે.

શહેરના ધમાલિયા વાતાવરણમાં તો કેટલીક વાર હોંશિયાર વિદ્યાર્થી પણ સોબતને રવાડે ચઢીને પોતાનો અભ્યાસ બગાડતો જોવામાં આવે છે. તેથી ઉલટુ ગામડાના શુદ્ધ હવાપાણીવાળા, સાત્વિક ખોરાક અને સારી ટેવો પાડવામાં મદદરૂપ થતા છાત્રાલયના વાતાવરણમાં કેટલીક વાર વિદ્યાર્થીનું પલટાયેલું જીવન પણ સુધરી જાય છે.

આવા ધનસુરાના વિદ્યાર્થીભવનના ઘડતરમાં ગૃહપતિજી ઉપરાંત બીજા કેટલાક સેવાભાવી મહાનુભાવોનો પણ ખૂબજ અનન્ય ફાળો છે. અને છાત્રાલયમાટે સતત ચિંતનશીલ રહેતા વડીલોને જો ભૂલું તો હું તેમને સાચેજ મોટો અન્યાય કરી બેસું એમ મને લાગે છે.

ધનસુરામાં સામાન્ય રીતે પાણીની થોડીક અછત રહે છે. જમીનમાં ત્રણ ચાર ફુટ ઉંડે કાળો કઠણ પત્થરના થર હોવાને કારણે આ ભૂમિમાં પાણીની સારી એવી ખેંચ વરતાય છે. પરંતુ છેલ્લાં બે એક વર્ષથી બે એક માઇલ દૂર ઝાંઝરીથી પાઇપ લાઇન નાંખવાને કારણે ગામમાં પહેલાંના કરતાં હવે પાણીની પરિસ્થિતિ સારા પ્રમાણમાં હળવી બની છે. આમાં કચ્છ કડવા પાટીદાર સમાજના આગેવાન મુરબ્બીઓનો પરિશ્રમ પણ નોંધ પાત્ર છે. હમણાં હમણાં છાત્રાલયનો કુવો ઉંડો કરાવીને તેમાંથી પાણી ઉંચે ટાંકીમાં ચઢાવવાનો કાર્યક્રમ હાથ ધરાયો છે અને ટાંકી તો તૈયાર પણ થઈ ગઇ છે. આ રીતે પાણીના કપરા સંજોગોમાં પણ વિશાળ રકમનું ખર્ચ કરીને બાળકોની સગવડતા કેમ સચવાય તે જોવા માટે સમાજના અગ્રણી કાર્યકર વડીલોને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

આ વિદ્યાયજ્ઞના પવિત્ર કાર્યમાં તલોદની શ્રી શાંતાબેન મોતીલાલ પચાલ સાયન્સ કોલેજના વિદ્વાન પ્રિન્સિપાલ સાહેબ શ્રી રતિભાઈ પટેલનો ફાળો અજોડ છે. જયારે જયારે યુવક મંડળની મીટિંગ હોય કે બીજી કોઇ છાત્રાલય અંગેની મીટિંગ હોય તો પણ તેઓ સમય કાઢીને માર્ગદર્શન આપે છે તેમનામાં કેળવણીની

ઊંડી સૂઝ છે. અને તેનો લાભ એકલા વિદ્યાર્થી ભવનને જ નહીં પરતુ વિદ્યાર્થી ભવનની જોડમાં જ આવેલી શ્રી જમનાદાસ સાંકળચંદ મહેતા હાઇસ્કૂલને પણ મળતો રહે છે તેને માટે અમે અમારી જાતને ધન્ય માનીએ છીએ

વિદ્યાર્થી ભવનના ઉલ્લેખ સાથે શ્રી જમનાદાસ સાંકળચંદ મહેતા હાઇસ્કૂલને; પણ આ સાથે ઉલ્લેખ કરું તો તે અસ્થાને નહીં જ ગણાય સદર હાઇસ્કૂલ છેક સને ૧૯૩૫માં સ્થપાયેલી છે અને હાલ જિલ્લાની અગ્રણી હાઇસ્કૂલોમાં તેની ગણના થાય છે. વર્ષોવર્ષ એસ. એસ. સી પરીક્ષાનું પરિણામ ૭૦% થી ઓછું આવતું નથી આ ઊંચું પરિણામ લાવવા માટે વિદ્યાર્થી ભવનનાં બાળકો કે જેઓ સદર હાઇસ્કૂલમાં અભ્યાસ કરે છે તેમનો ફાળો પણ નોંધપાત્ર છે, હાઇસ્કૂલમાં કાર્યદક્ષ અને ઉચ્ચ પદવી ધારી (ક્વોલિફાઇડ) સ્ટાફ છે ગઈ સાલે માર્ચ ૧૯૭૨માં તો શાળાનો એક વિદ્યાર્થી સમગ્ર એસ. એસ. સી. બોર્ડમાં લગભગ દોઢલાખ વિદ્યાર્થીઓમાં પ્રથમ દસમાં નવમે નંબરે આવીને તેણે શાળાનું ગૌરવ વધાર્યું છે. આ રીતે શ્રી જે. એસ. મહેતા હાઇસ્કૂલ અને શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન કેળવણી ક્ષેત્રે એકબીજાનાં પૂરક બનીને ફક્ત સાબરકાંઠા જિલ્લામાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં પણ અનોખી ભાત પાડી રહ્યાં છે. તેમ કહું તો તે અતિશયોક્તિ નહીં ગણાય,

આવી સંસ્થાઓમાં પોતાનાં બાળકો ભણાવવાનું કયા વાલીને મન ન થાય ?

આવી કેળવણીની સંસ્થાઓ અમર રહે અને તેના સર્વે સેવાભાવી કાર્યકર ભાઇઓ, મિત્રો, વડીલોને પ્રભુ વધુને વધુ કેળવણીની સેવા કરવાની તક આપો તેવી નમ્ર પ્રાર્થના સાથે વિરમું છું.

જયહિંદ

★ આપણી સામાજિક સંસ્થાઓને આર્થિક દૃષ્ટિએ સુદૃઢ બનાવવા માટે તાજેતરમાં જ તારીખ ૩-૫-૭૩ ના રોજ લક્ષ્મી ટોકીઝ ધનસુરામાં બે ફીલ્મ શો યોજવામાં આવ્યા હતા આ બંને શો યોજવા માટે સમાજના બુઝર્ગ આગેવાનો અને શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળના સભ્યોએ શક્ય એટલા કંપાઓમાં તેમજ અન્ય સમાજો પાસે ફરી ફરીને જે ફાળો ઉઘરાવ્યો છે. તે કાર્યમાં જે કોઇ ભાઈ બહેનોએ ઉદારદિલ બની સહકાર આપી હાથ લંબાવ્યો છે તેવા સૌ ભાઈ બહેનોને ખરેખર અભિનંદન આપવા ઘટે છે.

આ પ્રસંગે સનાતન સમાજના અગ્રણી વડીલો તેમજ યુવક મંડળના પ્રમુખશ્રી તેમજ મંત્રી શ્રી મંડળ વતી સૌનો હાર્દિક આભાર માને છે.

★ લક્ષ્મી ટોકીઝના ભાગીદારો કે જેઓએ સામાજિક કાર્ય અંગે તા. ૩-૫-૭૩ ના રોજ મીટીંગના આયોજન માટે તેમજ બે ફીલ્મ શો યોજવા માટે નો સંપૂર્ણ સહકાર આપ્યો છે તે બદલ તેઓ સૌનો સનાતન સમાજ તેમજ યુવક મંડળ વતી હાર્દિક આભાર માનવામાં આવે છે.

★ સ્થળ સંકોચના કારણે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના કારોબારી સિવાયના ચાલીસ પૈકીનાં નામો આગામી અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે તેની સૌ યુવક મિત્રો નોંધલે



કાન્તિભાઈ કે. પટેલ
તંત્રી. 'જાગૃતિ'

શ્રી ગણેશાય નમઃ

જાહેર જનતાને —

ખુશખબર

અમારી દુકાનેથી ઇલેક્ટ્રીકને લગતો

દરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે

....તેમજ....

મકાનોમાં ઇલેક્ટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

દરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ દરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે

વિક્રેતા : સીમેન્સ કલે. મોટર

— રૂબરૂ મળો —



શ્રી ગણેશ ઇલેકટ્રીક એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા. ફોન : પી.પી. ૭૯

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બહામકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બહામકંપાવાળા)

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ કરી આપવામાં આવે છે.

પટેલ ઇલેક્ટ્રીકલ્સ

ઈલેક્ટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.


સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધ ન સુ રા
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટ્યુબ લાઈટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઇલે સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર

વગેરે... વગેરે...

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.



પ્રખ્યાત—


એ વ રે સ્ટ ઈ. મોટર્સ

તેમજ

દરેક કંપનીના સ્ટાર્ટર તથા સ્વીચો અને તેને લગતી તમામ વસ્તુઓ.

Everest

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ખીમજીભાઈ કરશનભાઈ
[બદામકંપા વાળા]


LAXMI
LAXMI

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

આ. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

Book-Post

To,

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારના ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

*

જાગૃતિ

*

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૫   જુન : ૧૯૭૩

૯

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૬|, પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧| પરદેશમાં રૂા. ૧૨૫| નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઇપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત૧૯૯૭, આસો વદ ચૌદશ

અનુક્રમણિકા

તંત્રીસ્થાનેથી

સમયનાં બદલાતાં જતાં વહેણ સાથે કદમ મિલાવવા આપણો સમાજ પણ દિનપ્રતિદિન પોતાના જીવન વ્યવહારનાં વહેણના જુના ઢાંચા સાથે કંઈક નવા ખ્યાલો અને નવા વિચારોનો તાલમિલાવી પ્રગતિ સાધવા મથી રહ્યો હોય તેમ નથી લાગતુ ?

ચાલુ વર્ષે આપણે સૌ જાણીએ છીએ તેમ શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તાએ આપણા સમગ્ર સમાજની ભારત વર્ષનાં ઘણાં ખરાં રાજયોમાં વેરવિખર હાલતમાં પડેલી યુવાશકિતને ઢંઢોળી તેને જાગૃત કરવાનો જે અભિનંદનીય પ્રયાસ કર્યો છે તે ખરેખર આપણી સામાજિક પ્રગતિની વણથભી આગેકૂચને વિશેષ ગતિશીલ બનાવવાનો અમૂલ્ય પ્રયાસ કર્યો છે એ નકકર હકીકત બની જાય છે.

યુવાશકિત એ કોઇપણ સમાજનું મહામૂલું અંગ છે એ અંગનો યોગ્ય માર્ગો દ્વારા ઉપયોગ કરવાથી સમાજનાં કલ્યાણકારી કાર્યો થઇ શકે છે અને તેમ કરવા માટે શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળના પ્રમુખ, મંત્રીશ્રી તેમજ અન્ય સૌ સભ્યોએ પ્રગટાવેલી જ્યોતને વિદ્યુતવેગે પ્રસારિત કરવા માટે છેલ્લા બે ત્રણ માસ દરમિયાન ઠેરઠેર સ્થપાતાં જતાં યુવક મંડળો તેની સાક્ષી પૂરે છે. તો શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના નેજા નીચે તદર્થ સમિતિના સૌ સભ્યો તેમજ નવચેતન મંડળના મહારથી યુવક મિત્રોના વિચારોની સાથે રહી તેઓ સમગ્ર સમાજની યુવાશકિતના સાચા સુકાની બની શકે તે માટે સમગ્રસમાજના યુવક મિત્રોનો સાથ સહકાર અવશ્ય મળી રહેશે એ બાબતનો સજીવ આશાવાદ અવશ્ય સેવીએ તો ખોટું નથી.

સાથે સાથે સામાજિક સડાઓને ડામવાની બાબતમાં લગ્ન વિષયક તેમજ

કન્યાઓનાં થતાં વેચાણની બાબતમાં, કેળવણી ક્ષેત્રે વિશેષ પ્રગતિ હાંસલ કરવામાં, ધાર્મિક કે સાંપ્રદાયિક બાબતોમાં જ્ઞાતિજનોને સન્માર્ગે વાળવામાં કેટલાક જુના ખ્યાલો કે અંધશ્રદ્ધાઓમાંથી બહાર લાવવા માટેનાં ભગીરથ કાર્યો સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ સામે મોં ફાડીને ઉભાં છે ત્યારે આ બધી બાબતોમાં સમાજના સુકાની ગણાતા વડીલજનોના સતત સંપર્કમાં રહીને સામાજિક રીતે ક્રાંતિકારી નહીં પરંતુ ધીમી પણ ચોકકસ પ્રગતિ સાધવા માટે સૌ યુવકો કટિબદ્ધ બને એમાંજ સમગ્ર સમાજનું હિત સમાયેલું છે.

કોઇપણ નાના મોટા ગામ, શહેર કે દેશની અંદર સ્થાનિક સમાજ રચી સુકાની બનેલા સમાજના વડીલો પણ યુવા શકિતના વિચારોને વાચા આપવા અચૂક યોગ્ય સહકાર અને આવશ્યક માર્ગદર્શન પૂરું પાડે તેમ ઇચ્છીએ તો તે અસ્થાને તો નથી જ ને ?

અસ્તુ— —તંત્રી

મહાન વિભૂતિઓના અંતિમ શબ્દો

શ્રી ધનજીભાઈ કરમસીભાઈ પટેલ ઇંદોર (મ પ્ર)

માહત્મા ગાંધી :–	હે રામ
ઉમર ખય્યામ :–	હે ખુદા મેં મારી શકિત પ્રમાણે તેને પિછાણવાનો પ્રયત્ન કર્યો છે, માફ કરજે ?
ઇશુખ્રિસ્ત :	પ્રભુ ! તેઓને માફ કર, કારણ કે તેઓ જાણતા નથી કે પોતે શું કરે છે ?
સોક્રેટીસ :–	ક્રીટો, મારા પર ઇસ્કુલેપિયસનુ એક કુકડાનું દેવું છે તે ચુકવી દેજે ?
સર વોલ્ટર સ્કોટ :–	ઇશ્વર તમારા સૌનું રક્ષણ કરે ! હું ફરીથી મારા પોતાનામાં આવી રહ્યો છું.
રોબર્ટ લુઇ સ્ટીવન્સન :	ગભરાશો નહિ, જો આનું નામજ મૃત્યુ હોય, તો તે બહુજ સરલ છે.
હોલ્સ :	હવે હું મારી અંતિમ યાત્રા શરૂ કરું છું.
જ્યોર્જ બર્નાર્ડ શૉ :–	હું થાકી ગયો છું. હવે હું સુઇ રહેવા માગું છું.

લગ્ન ! ભૂષણ કે દૂષણ ? !

પટેલ રતીલાલ દેવસીભાઇ
"વિલયી" અમદાવાદ

પ્રથમ તો શિર્ષક વાંચતાં જ આપ વળતો સવાલ પણ કરશો અને સાથે સાથે કહેશો કે લગ્ન, માનવ જીવનનું ભૂષણ છે એ વાત સર્વ વિદીત છે. આપ સામાન્યતઃ અભિપ્રાય આપતા હો તો આપનો અભિપ્રાય આવકાર્ય છે પરંતુ જો આપ આપણા સમાજને દ્રષ્ટિ સમક્ષ રાખીને વાત કરતા હો તો મારે જરૂર કહેવું પડશે કે આપણે લગ્નને ભૂષણ નહિં પરંતુ દૂષણ બનાવી દીધું છે આપણા સમાજની લગ્ન વ્યવસ્થાને અન્ય પ્રગતિશીલ સમાજ સાથે સરખાવતાં એમ કહુ તો કાંઇ ખોટું તો નથી કે આપણે હજુ ઘણા પાછળ છીએ.

આપણા સમાજને અનુલક્ષીને લગ્ન વિષયક ચર્ચા કરીએ તો મહત્વના બે પ્રશ્નો નજર આગળ તરી આવે છે. એ બે પ્રશ્નો નાનીવયે થતાં લગ્ન અને ખુબ મોટી ઉમરે થતાં લગ્ન (વૃદ્ધ લગ્નો) લગ્નની યોગ્ય ઉંમર કરતાં જે જે વહેલાં લગ્નો થાય છે તે સમાજના હિતમાં અવરોધરૂપ છે તે વાત નિઃશંક છે. અન્ય પ્રગતિશીલ સમાજમાં પુત્રીને વીસ બાવીસ વર્ષે પરણાવતા હોય છે. મોડા લગ્ન કરવાથી અભ્યાસની સારી તક મળે છે સમજદારી પૂર્વક થતાં લગ્નમાં લગ્ન પછી ઉદ્ભવતા અનેક સવાલોને નિર્વિઘ્નપણે ઉકેલી શકે છે કુટુંબને સ્થિરતા પણ સારી આપી શકે છે. જ્યારે આપણે ત્યાં પુત્રી પંદરેક વર્ષની થાય ને પરણાવવાની તજવીજ કરવામાં આવે છે. ઘણી વખત કુટુંબમાં બે કે ત્રણ લગ્નો સાથે થતાં હોય તેવો મેળ ગોઠવી બાળકોની ઉમરનો પ્રશ્ન ગૌણ બનાવી દેવામાં આવે છે. તે મારી દ્રષ્ટિએ યોગ્ય નથી. ફરી એક વાર કહું તો અસ્થાને નહીં ગણાય કે આવાં લગ્નો સમાજની પ્રગતિને રૂંધે છે.

શરમજનક વાત તો એ છે કે વૃદ્ધલગ્નો પણ થવાની શરૂઆત થઇ છે. જો બતાવે છે કે સમાજનું નૈતિક અધઃપતન કેટલું છે. તેમાંય જ્યારે સમાજની આગેવાન ગણાતી વ્યકિતઓ જ જો આવાં અવિચારી પગલાં ભરવામાં જરાય નાનપ ન અનુભવતી હોય તો સમાજના નૈતિક આરોગ્યની જાળવણી કોણ કરશે એ એક આશ્ચર્ય અને પ્રશ્નાર્થ બની રહે છે ! જે વડીલો પાસે સંતાન હંમેશાં સુસંસ્કારની આશા રાખતા હોય તે જ વડીલો જો આવું સંસ્કારહીન પગલુ ભરતા હોય તો આવનારી પેઢીના સંસ્કારનું શું ? આથમતી પેઢી નવી પેઢીને શું આપી જશે ? !!

આ બંને સવાલોમાં સમાજ સંપૂર્ણપણે નિષ્ક્રિય બની તમાશો જોયા કરે છે તેવું મને લાગે છે. એક વાતની સ્પષ્ટતા કરૂં, હું આક્ષેપ કરવામાં માનતો નથી માત્ર હકીકત બતાવવા માગુ છું આપને એક સવાલ કરૂં ! આપનો આ વિષે શો અભિપ્રાય છે ? સમાજના આઘાત પ્રત્યાઘાતની જવાબદારીનો બોજ આપણા પર ખડકાયો છે તે કદી ભુલવું ન જોઇએ.

અહીં એક મહત્વનું સૂચન કરવાનું ભૂલીશ નહીં. આપણે લગ્નવિષયક નીતિ-રીતિઓમાં થોડો ફેરફાર કરવાની જરૂરછે. સમયાનુસાર થતો ફેરફાર સર્વને માટે ઉપકારક બની રહે છે. સાદાઇથી લગ્નો થાય તેવી વ્યવસ્થા સમાજે ઉભી કરવાની જરૂર છે. સામુહિક લગ્નોની શકયતાના કારણો તપાસવા જોઇએ તે આપણા માટે વધુ યોગ્ય અને સારુ ગણાશે, પ્રશસ્ય પગલું લેખાશે. લગ્નમાં જે આડંબરનું વાતાવરણ જોવા મળે છે તેના કરતાં સાદાઇથી લગ્નો થશે તો ગરીબ વર્ગને આશીર્વાદ સમાન બની રહેશે. શું આપણાથી કોઈ લાભ-દાયક વ્યવસ્થા ઉભી ન થઇ શકે ? આજે તો ધનવાનને પણ વધુ પડતો ખર્ચ કરવો પાલવે તેમ નથી ત્યાં સામાન્ય માનવીનું શું ગજુ ? એક વાત સ્પષ્ટ અને સ્વીકાર્ય છે કે સમાજ ગમે ત્યારે પણ પોતાના બંધારણના નીતિનિયમોમાં ફેરફાર કરે ત્યારે તેને સામાન્ય માનવીનો જ વિચાર કરવાનો રહેશે. મને લાગે છે કે ધનવાનોનો વિચાર કરવાની જરૂર નથી કારણ કે તે વર્ગ આખરે પોતાની રીતે જ વર્તે છે. સમાજનો એક પણ કાયદો એવો ન હોવો જોઇએ કે જેનાથી ગરીબ માનવીનું અહિત થતું હોય અને એ અહિત સમાજની પ્રતિષ્ઠાને જોખમાવશે, ગૌરવને હિણપત આપશે. સમાજની મનાતી શોભા કયાંક લાંછનના ખપ્પરમાં હોમાઈ જશે

અહીં એક ટીકા કરૂં તો અસ્થાને નહીં ગણાય. સ્પષ્ટપણે કહું તો આપણે અવારનવાર સંમેલનો ભરીએ છીએ ઠરાવને મંજુરી મળે છે પરંતુ તેના અમલીકરણમાં શૂન્યતા દેખાય છે એક વાત સ્પષ્ટ છે કે જ્યાં સુધી નકકર પગલાં ન ભરાય ત્યાં સુધી ઠરાવો માત્ર કાગળ ઉપર લખાયેલા શબ્દો જ બની રહે છે, તેમાંય આશ્ચર્યજનક વાત તો એ છે કે સમાજની આગેવાન વ્યકિતઓ જ નિયમોનો છડેચોક ભંગ કરતી હોય છે અને એથીયે વધુ આશ્ચર્યની વાત એ છે કે સમાજ એની સામે પગલાં ભરતી નથી. શા માટે મૌન સેવાય છે તે મને સમજાતુ નથી ! ! સમાજની સર્વોપરિતા સ્વીકારવી કે પછી વ્યકિતની મહત્વતા ! ! વ્યકિત સમાજનું મહત્વનું અંગ જરૂર છે પરંતુ સમાજ સર્વોપરી છે, શ્રેષ્ઠ છે એમાં કોઇ શંકા નથી.

સમાજના ઠરાવોનું પાલન શા માટે થતું નથી, તેમાં શી ખામીછે, ખામી અથવા ગેરસમજ જણાતી હોય તો અવશ્ય દૂર કરવી જોઈએ. દૂર કર્યા બાદ પણ જો પાલન ન થતું હોય તો સમાજે વિના સંકોચે અને કોઇપણ

પ્રકારની શેહશરમ રાખ્યા સિવાય પગલાં ભરવાં જોઈએ, સમાજની એક ફરજ બની રહે છે. સમાજ જો ગંભીરતાની નોંધ નહીં લે તો આજ નહીં તો કાલ સમાજનું નૈતિક અધઃપતન અવશ્ય છે, નિશ્ચિત છે એમાં કોઈ શંકા નથી. મારું માનવું છે કે આ સર્વે બાબતો સમાજની ધ્યાન બહાર નથી પરંતુ સમાજના મૌનનું રહસ્ય શું હોઇ શકે ? "સમાજ"ની પ્રતિભા ક્યાંક વિલયી ન બની જાય તેની સંભાળ રાખવાની પ્રત્યેકની ફરજ અને શોભા છે એવી આશા સાથે અહિં વિરમ સ્થાન ભોગવું છું.

●

છે જ અમારો ઈશ્વરવાદ

સંપાદન : સેંધાણી રમણીકલાલ પી.
કોટડા (ચકાર)

એક જ સાદ, એકજ નાદ; છે જ અમારો ઇશ્વરવાદ !
અસુરોને પલમાં અકળાવે દુષ્ટ જનોને ખૂબ ડરાવે;
પાંચજન્ય કેરો એ નિનાદ, છે જ અમારો ઈશ્વરવાદ !
દેશભકિત જગમાંહી વહાવે જડમાંહી ચેતન પ્રગટાવે,
દૂર કરે જગથી જડવાદ, છે જ અમારો ઇશ્વરવાદ !
દુઃખથી ગભરાતા માનવને, અહીંથી તહીં અટવાતા જનને;
સંભળાવે ગીતા સંવાદ; છે જ અમારો ઈશ્વરવાદ !
પ્રભુ પ્રેમથી આગળ ધપતો, ભોગ જીવનમાં ભાવ એ ભરતો;
કરતો જીવનને જ પ્રસાદ, છે જ અમારો ઈશ્વરવાદ !
તક દલીલો જૂઠ્ઠી તોડે સ્નેહ થકી સૌને એ જોડે;
દૂર કરે જગથી વિખવાદ છે જ અમારો ઇશ્વરવાદ !
કર્તવ્યે માનવ જોડે, મોહ તણો પડદો જે તોડે;
દુર કરે જીવનનો વિષાદ, છે જ અમારો ઇશ્વરવાદ !
પૌરુષને પેરે જીવનમાં, આળસને ખંખેરી પલમાં;
રહેતો ના લવલેશ પ્રસાદ, છે જ અમારો ઇશ્વરવાદ !
યોગેશ્વર સથવારે દોડે, પ્રભુકાર્યથી મુખનવ મોડે;
વિજય તણો હો ઘંટાનાદ, છે જ અમારો ઇશ્વરવાદ !

પ્રગતિના પંથે ભારતીય રેલ્વે

અરૂણ કે. પટેલ
અમદાવાદ–૨૨

દુનિયાની રેલ્વેની કુલ લંબાઇ આશરે સવા આઠ લાખ માઇલ કરતાં પણ વધુ છે એને જો સળંગ જોડી દઇએ તો એ પૃથ્વી ફરતાં ૩૩ આંટા લઇલે જગતની સૌથી લાંબી રેલ્વે અમેરીકાની છે બીજે નંબરે રશિયા અને ત્રીજા નંબરે કેનેડા અને ચોથા નંબરે આપણી ભારતીય રેલ્વે આવે છે. ચીન કરતાં આપણા દેશનો વિસ્તાર ત્રીજા ભાગનો છે વસ્તી પણ પોણા ભાગની છે છતાં રેલ્વે બમણી છે આઇસલેન્ડ, સાઇબીરીયા અને અફઘાનિસ્તાન જેવા દેશોમાં તો રેલ્વે જ નથી મોરેશિયશ ટાપુમાં ફકત ૩૧ માઇલનીજ રેલ્વે છે.

ભારતના રાષ્ટ્રીય અર્થતંત્રમાં રેલ્વે પરિવાહન એક અલગ સંકુલ શાખા છે ભારતમાં માલની જે હેરફેર થાય છે એના ૮૦ ટકા માલની હેરફેર આપણાં રેલ્વે દ્વારા થાય છે ભારતના કુલ યાત્રીઓ ૬૦ ટકા યાત્રીઓને રેલ્વે એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડે છે દર સોમાંથી એક ભારતીય દરરોજ રેલ્વેમાં મુસાફરી કરે છે ભારતીય રેલ્વે રોજનાં ૩૫ હજાર વેગનો ભરાય એટલો માલ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જાય છે.

આપણી રેલ્વેની આવક રોજના ૨॥ કરોડ રૂ. કરતાં પણ વધુ છે. ૯૦ ટકા આવક ત્રીજા વર્ગના ઉતારૂઓ પાસેથી આવે છે રેલ્વે આપણી સૌથી વધુ કિંમતિ સંપત્તિ છે. રેલ્વે પાછળ આપણીત્રણ હજાર કરોડ રૂપિયાની મૂડી રોકાયેલી છે આપણા દેશમાં દરરોજ દશ હજાર ગાડીઓ ચાલે છે જેમાં ૬૨ લાખ યાત્રીઓ રોજ પ્રવાસ કરે છે તદ્ઉપરાંત ભારતીય રેલ્વે રોજ પાંચ લાખ ટન માલની હેરફેર કરે છે.

ઈ.સ ૧૯૬૭ની ગણત્રી પ્રમાણે ભારતીય રેલ્વે પાસે ૧૨ હજાર એન્જીનો ૩૩ હજાર ઉતારૂ ડબ્બાઓ અને ૪ લાખ માલ ગાડીનાં વેગનો છે માલગાડીના એક વેગનની કિંમત લગભગ ૭૦૦૦૦ રૂ. હોય છે જયારે એક મુસાફર ડબ્બાની કિંમત બે લાખ રૂપિયા છે. રેલ્વેના એક સ્ટીમ એન્જીન ની કિંમત ૬ લાખ રૂ. થાય છે જેનું વજન ૧૨૫ ટન જેટલું હોય છે જયારે ડિઝલ એન્જીનની કિંમત ૨૩ લાખ રૂ. જેટલી થાય છે.

આપણા દેશમાં લગભગ ૨૮૯૩૭ કીલોમિટર બ્રોડગેજ રેલ્વે છે ૨૫૧૪૨ કી. મી. મિટરગેજ અને ૪૯૮૨ કી. મી લાંબી નેરોગેજ રેલ્વે છે. ભારતીય રેલ્વેના ત્રણ ગાળા છે

બ્રોડગેજ ૫॥ ફૂટ પહોળાઇ
મીટરગેજ ૩ ફૂટ પહોળાઇ
નેરોગેજ ૨॥ તથા ૨ ફૂટ પહોળાઇ

રેલ્વેની સામગ્રીના ઉત્પાદનમાં ભારત સંપૂર્ણપણે સ્વાવલંબી છે એટલુંજ

નહીં પણ નિકાસ કરે છે આસનસોલમાં એન્જીન બને છે વારાણસીમાં ડિઝલ એન્જીન, પેરામ્બુરમાં રેલ્વેના ડબ્બા, સાબરમતીમાં સિગ્નલ તથા જમશેદપુરમાં રેલ્વેના પાટા બનાવવાનાં કારખાનાં આવેલાં છે.

આપણા દેશમાં " રાજધાની એક્સપ્રેસ " સૌથી ઝડપી ગાડી છે તે ૧૨૦ કિ મીની ઝડપે દિલ્હીથી કલકત્તા ૧૪૪૫ માઈલનું અંતર ૧૭ કલાકમાં કાપે છે. ઉત્તર ભારતની યાત્રાએ ઉપડતો ફ્રન્ટિયર મેઇલ, અમદાવાદ મુંબઇ વચ્ચે દોડતો "ગુજરાત એક્સપ્રેસ" સુરત મુંબઇ વચ્ચે દોડતી "ફ્લાંઇગ કવીન" તથા મુંબઈ–પુના વચ્ચે દોડતી ડેકકન કવીન વગેરે ગાડીઓ ભારતની ઝડપી ગણાય છે.

છેલ્લાં ૨૫ વર્ષમાં ભારતીય રેલ્વેએ ખરેખર ભગીરથ કાર્ય પાર પાડયું છે આટલી પ્રગતિ કરનાર આપણી રેલ્વે જો અણીશુદ્ધ કામગિરિ બજાવે તો જગતની કોઇપણ રેલ્વેની ઉત્તમ કાર્યદક્ષતા ને આંબી જાય તેમ છે.

★

કર ભલા–ભલા હોગા ✻

સંપાદન **મગનલાલ જેઠાલાલ પટેલ**
ભીવંડી

- પરકા માટે પગથિયું ન બની શકો તો કંઇ નહિ પરંતુ ખાડો તો ન જ બનશો.
- કોઈના પેટ પર લાત મારવાથી કદી કલ્યાણ થતુ નથી.
- સર્પને દૂધ પાવ તો ઝેર જ મળે.
- ગાયને ઘાસ ખવડાવો તો દૂધ મળે
- સજ્જન કદી સજ્જનતા છોડતો નથી.
- દુર્જન દુર્જન જ રહે છે દુર્જનથી સો કોષ દૂર રહો.
- કોઇનું ભલું કરો, બુરામાં ઉભા ન રહો.
- ઉચ્ચ સ્થાન શોભે વિનય, વિવેકથી.
- સત્તા મળે, એનો નશો ચડે તો સત્તા સ્થાનેથી તે ચલિત થવાનો.
- સ્થાનની શોભા વધારો.
- સ્વજનોની સાથે સોબત બાંધો.
- સતસંગ કરો, સારુ વાંચો–વિચારો, સુંદર ગ્રંથો માતાની ગરજ સારે છે.
- સુંદર વાણી-વિચાર જીવનને ઉજ્જવળ બનાવે છે.
- પ્રભુએ આપ્યુ હોય તો આપીને રાજી થાવ.
- ઇશ સ્મરણ રાખો પ્રભુમય જીવન જીવો.
- મરણ સુધર્યું એનુ જીવન સુધર્યું.

આ બધી વાણી સંતોની છે અનેક ગ્રંથોના ધર્મનો સાર છે. કર ભલા હોગા ભલા એ સુત્રને જીવનમાં અપનાવો.

—સંતવાણી

મેરે વિચાર— આપકે નામ ❋

મોહનલાલ કે. પટેલ
નાગપુર યુનિવર્સીટી

૧ સુબહ નિત્યકર્મસે નિવૃત હોકર દિનકે કાર્યકી સફલતાકે લિએ ઇશ્વરસે પ્રાર્થના કર બાહર નિકલના ચાહિએ, આયના દેખકર નહીં !

૨ જિસને કામ, ક્રોધ, લોભ એવં મોહ પર વિજય પાઇ વો ધર્મ, અર્થ, મોક્ષ ઔર પ્રેમ પાતા હૈ ! લેકિન જો યહ આઠો વસ્તુઓકા ત્યાગ કરતા હૈ વહ સિદ્ધિ પ્રાપ્ત કરતા હૈ !

૩ જૈસે હી મન પર વિકાર સવાર હોતા હૈ વૈસે હી માનવ માનવતા ભૂલકર અધોગતિકી રાહ પકડતા હૈ ! અતઃ પ્રથમ "વિકાર કા નાશ" હી સુખી જીવનકા માર્ગ હૈ !

૪ કિસી ભી મનુષ્યકો દેખકર હમે યહ નહીં સોચના ચાહિએ કિ "ઇસકો કૌનસે ખાનેમે ડાલના ચાહિએ" !

૫ હમ ભગવાન નહી હૈ ! હમ રાક્ષસ ભી નહી હૈ ! બસ કેવલ ઇન્સાન હૈ ! સચ-જુઠ કે મિશ્રયુકા પિણ્ડ હૈ તો કિસી વ્યક્તિ કો ભલા-બુરા કહના યહ અપને આપકો જન-સાંધારણમે નીચા દિખાને કે બરાબર હૈ !

૬ "આદમીને હી બલિદાન દેના શીંખા હૈ" યહ જૂઠ હૈ ! બલિદાન નિર્જિવ વસ્તુ ભી દેતા હૈ ! જૈસે કોયલા-પાની અપના બલિદાન દેકર રેલકો ઉસકી મંઝીલકી ઓર ઢકેલતે હૈ !

૭ યદિ કિસીં કાર્યમેં હમ યશકી આશા નહીં રખતે તો હમે અપયશ ભી નહીં લેના ચાહિયે !

૮ તન, મન, ધન એવં અચ્છે કર્મસે કિસીકો મદદ દેના હી આદર્શ સમાજ સેવા હૈ !

૯ સમાજ એક ઐસા ગડ્ડા હૈ જિસમે પવિત્ર પીપલ લગાયા જાતા હૈ ઔર કાંટેકા પેડ બબુલ ભી લગાયા જા સકતા હૈ !

૧૦ અપને આપકો બુરા કહકર સ્વમાન ભંગ નહીં કરના ચાહિયે !

કોનું શું :—

ગાયોનું	ધણ	ખજુરનું	વાડીયું
ભેંસનું	પાડુ	ગોળનો	રવો
ઝાડોનું	ઝૂંડ	તેલનો	ડબ્બો
માણસોનું	ટોળું	પેટ્રોલની	ટાંકી
ચાવીનો	ઝૂડો	ડોસીની	દાબડી
લાકડાનો	ભારો	ડોસાની	લાકડી
ઘાસનો	પુળો	ગુરુની	આંકણી

ઉખાણાં :

નરસિંહદાસ કે. પટેલ
નવટાંકી કંપા

૧ બારસો ઉંધા, બારસો ચત્તા, બારસો બાવન વીર
મારૂ ઉખાણું વરતે તેને આપું સોનાના ચીર. (નળીયાં)

૨ પાંચ વેતની પુતળી, મુખ લોઢાના દાંત
નારી સંગે નીત રમે, ચતુર કાઢો અંત (સાંબેલુ)

૩ વગરમાં નાગી ફરે, વનમાં પેરે ચીર. (સોપારી)

૪ ખરીદ કરો તો કાળી, જે વાપરતાં દેખાય લાલ
કામ પત્યે દેખાય ધોળી, બતાવો મારા લાલ. (કોલસો)

૫ છ પગારો ચીતરો, ચૌટે ચાલ્યો જાય.
ગુરૂ પૂછે ચેલાને, એ કયુ જનાવર જાય (વીંછી)

૬ એક જનાવર ચાલે ત્યારે, મધુરા પાડે સાદ.
તેનું માથું મુડદાલ, પણ પુછડું પંદર હાથ (કોસ)

૭ ત્રણ અક્ષરનું નામ છે વર્તુલ ચંદ્રાકાર
પા, અક્ષર આદિ લખી, ૬, કાર અંતે ધાર (પાપડ)

૮ અણીયાળા ને વાંકડા, સુડા પંખી જેહ,
સમજી મારા સાજના અમને આપો તેહ. (પાન)

૯ નાર એક નવખંડમાં, રહેતી સૌની સંગ
સબળાને નિર્બળ કરે, થથરાવી દે અંગ (ભૂખ)

૧૦ એક વસ્તુ એવી થાય કે તેની ગમ્મત થાય
સુરજના તડકે સુકાવો તેમ તેમ તે ભીની થાય. (બરફ)

૧૧ મુખ છે પણ ખાય નહિ. (નદી)

૧૨ ખાઇએ છીએ પણ દેખાય નહિ. (હવા)

૧૩ એવું શું કે જેના પેટમાં દાંત (દાડમ)

૧૪ બાપ લટકે ને બેટા ભટકે (તાળુ, ચાવી)

૧૫ લીલુ કબાટ, લાલ ખાના ને કાળુ ઝવેરાત (તડબુચ)

૧૬ ટક ટક કરતી તેજબાઇ (ઘડીયાળ)

૧૭ વન વગડામાં લીલી જાજમ (ઘાસ)

૧૮ પળમાં વેર ઝેર કરાવે. (જીભ)

ફેશન ન ન

રવજીભાઇ પી. પટેલ
પુના

આધુનિક યુગમાં 'ફેશન' શબ્દ ઘણોજ પ્રચલિત બની ગયો છે. ફેશનનું ચક્ર મનુષ્યની ચારે તરફ ફેલાયેલું છે. માત્ર મનુષ્ય જ શા માટે આધુનિક યુગમાં કલાએ પણ ફેશનનું રૂપ ધારણ કરેલ છે. જયાં જુઓ ત્યાં ફેશન અને ફેશન

ફેશન અનેક નવા નવા સ્વરૂપ ધારણ કરીને આવે છે. 'ફેશન'નું સ્વરૂપ હંમેશા પરિવર્તનશીલ રહ્યું છે. ફેશનમાં ભારતીય સંસ્કૃતિ પાશ્ચાત્ય સંસ્કૃતિનું હંમેશાં અનુકરણ કરતી રહે છે. 'અનુકરણ એજ મરણ' એ ઉકિતને તેઓને જીવનમાં આપનાવી હોય તેમ લાગતું નથી. ગઇકાલની ફેશન આજે જુની બની જાય છે અરે દિવસની વાત તો દૂર રહી પણ મોટા શહેરોમાં તો કલાકે–કલાકે ફેશન પોતાનું સ્વરુપ બદલતી રહી છે.

આધુનિક યુગનો માનવી ફેશનમાં ઓતપ્રોત થઇ ગયો છે, પરંતુ મારા કાને 'ફેશન' શબ્દ અથડાતાં જ એક જાતની ધ્રુજારી પેદા કરી છે. તેના પડઘા મારી માનસિક શાંતિને છિન્ન ભિન્ન કરી નાખે છે. આધુનિક યુગમાં જીવતો હોવા છતાં હું આ 'ફેશન' શબ્દથી ઘણો જ ભડકું છું.

આજનો આધુનિક યુગ 'અવકાશ યુગ' કે યંત્રયુગ તરીકે ઓળખાય છે તેના કરતાં આપણે તેને ' ફેશનયુગ ' તરીકે સંબોધીએ તો તે અસ્થાને નહિ ગણાય. આ 'ફેશનયુગ'ને કારણે આજનો મનુષ્ય તેના પૂર્વજોથી ઘણો જુદો પડી ગયો છે. આ 'ફેશન' ને કારણે જ જુની પેઢી અને નવી પેઢી વચ્ચે અનેક સંઘર્ષો ઉભા થયા છે.

'ફેશન' એક જાતની બિમારી છે. કે જેણે ઘણુજ ભંયકર સ્વરૂપ ધારણ કર્યું, જેની સીમા માત્ર વસ્ત્રો પૂરતી જ મર્યાદિત નથી પરંતુ ઘણી ગહરી છે. દરરોજ નવી નવી ફેશનનું નિર્માણ થયા કરતું હોય છે. જાણે ફેશન એ કોઇ ફેકટરી ન હોય? "જયાં જયાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની" એ ઉકિત કલાપીએ ભલે પરમાત્મા માટે રચી હોય પરંતુ 'ફેશનયુગ'માં જીવી રહેલા આપણે 'ફેશન' માટે આ ઉકિત વાપરીએ તો તે અયોગ્ય નહીં ગણાય. વસ્ત્રોમાં, પીવામાં, ખાવામાં, બોલવા ચાલવામાં, રહેણી કરણીમાં અને હાસ્ય અને રુદનમાં પણ ફેશનની આ બિમારી ફેલાયેલી જણાય છે.

ફેશનનો ભોગ બનેલ આજના યુવાન યુવતીઓ પોતાની રીતે જીવવા માગે

છે અને તેઓ વિરોધપક્ષમાં વડીલોની સામે તિરસ્કાર ભરી નજરે જુએ છે. તેઓ માટે 'ફેશન' આનંદનું સાધન બની ગયું છે. ફેશનનું ભૂત તેઓને એટલું બધુ વળગી ગયું છે કે તેઓ એમ સમજે છે કે મનુષ્યની શાખ ફેશનથી જ જળવાઇ રહે છે. એની ફેશન જ એમને સજ્જન બનાવે છે.

'ફેશન' અપનાવી અને ફેશનેબલ વસ્ત્રો પરિધાન કરવા એ કંઇ ખરાબ નથી પરંતુ આજનો આધુનિક સમાજ ફેશન રૂપી બીબામાં એટલો બધો સંડોવાયેલો છે કે તે પોતાની લાજની પણ પરવા કરતો નથી અને પોતાને જેમ બને તેમ નગ્નાવસ્થામાં રાખવાના પ્રયોગો કરતો રહે છે. સ્ત્રીઓ પણ બને તેમ નગ્નાવસ્થામાં પોતાના સૌંદર્યનું પ્રદર્શન કરતી હોય તેમ જેમ બને

તેમ ઓછાં વસ્ત્રો પરિધાન કરે છે. ફેશનને બહાને શરીરને શકય તેટલું ખુલ્લુ રાખવામાં અને લાજનું લીલામ કરવામાં તેઓ ભૂલી જાય છે કે મનુષ્યોએ વસ્ત્રોની શોધ શરીરને ઢાંકવા માટે કરી હતી કે ખુલ્લું રાખવા ?

મનુષ્ય જાતનું અસ્તિત્વ એ ઇશ્વરની લીલા છે. પ્રાચીન સમયમાં માનવીએ શરીરને શરદી અને ગરમીથી બચાવવા તથા પોતાની આબરૂ સાચવવા વસ્ત્રો અપનાવ્યાં હતાં, પરંતુ આજના યુવાનોને એની કદર કરવાની પણ ફુરસદ નથી કારણ કે તેઓ તો માત્ર ફેશનની ધુન-માંજ મશગુલ છે.

મનુષ્ય કેટલો બધો બેવકૂફ છે કે જે પ્રકૃતિએ આપેલ સૌંદર્યને સાચવતો નથી, પરંતુ કૃત્રિમ પ્રસાધનો દ્વારા સુંદર બનવા પ્રયત્ન કરે છે. અસલિયત સામે લડી નકલિયત નિર્માણ કરે છે. આજની નારી પોતાના બદનને વસ્ત્રો અને ઘરેણાંથી સજાવે છે. Make-up કરે છે અને પોતાની અસલી સુંદરતાનો અંત આણે છે.

હું ફેશન પ્રત્યે કોઇ જાતનો તિરસ્કાર કે અણગમો દર્શાવતો નથી. 'ફેશન' કરવી એ કંઇ ખરાબ નથી પરંતુ તેની ઘેલછા માઠી અસર પહોંચાડે છે. ગમે તેટલા ફેશનેબલ વસ્ત્રોથી અને આભુષણોથી શરીરને શણગારી શકાય કે જયાં સુધી એમાં ઇન્સાનિયત અને લાજનું પ્રતિબિંબ સચવાઈ રહેતુ હોય. આપણે એટલુ જરૂર ધ્યાન રાખવું જોઇએ કે આપણે વસ્ત્રો શરીરને ઢાંકવા માટે પહેરીએ છીએ નહીં ટુંકાં અને પારદર્શક વસ્ત્રો પહેરી સૌંદર્યનું પ્રદર્શન કરવા. ફેશનને કારણે આજનાં યુવાન યુવતીઓ તેમના આરોગ્યની પણ ચિંતા કરતાં નથી અને તસતસતાં વસ્ત્રો પહેરી તેના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે.

કોઇપણ વસ્તુને બે બાજુ હોય તેમ 'ફેશન' ના પણ ફાયદા તથા ગેર-ફાયદા બન્ને છે. આપણાથી કોઇવાર ભૂલ થઇ જાય તો ફેશનના બહાને ભૂલ છતી થતી નથી અહીં મને એક રમુજી પ્રસંગ યાદ આવી જાય છે. એકવાર ભૂલથી મારા એક પગમાં 'બ્લુ' રંગનું

 અને બીજા પગમાં 'લાલ' રંગનું સ્લીપર પહેરીને કોલેજ ગયો. મારા એક મિત્રનું ધ્યાન મારા પગ તરફ ગયું અને એને મારી મજાક કરવા માંડી થોડીવાર માટે મારા મુખપર ગાંભીર્ય છવાઇ ગયું પરંતુ એકાએક 'ફેશન' શબ્દ યાદ આવી ગયો અને મે એકદમ મારા મિત્રને કહ્યું; અરે યાર! તને ખબર નથી આજકાલ તો જુદા-જુદા રંગની સ્લિપરો પહેરવાની ફેશન છે." આ સાંભળી મારો મિત્ર અવાક જ બની ગયો અને જવાબ ન આપતાં મૌન જ સેવ્યું અને આમ મેં મારી ભૂલને ફેશનના મ્હોરમાં ગોઠવી દીધી.

ફેશને આપણી પ્રાચીન સંસ્કૃતિને સજ્જડ ઘા માર્યો છે અને એ એવી દિશામાં પ્રયાણ કરી રહી છે કે જેનો અનંતકાળ સુધી અંત નહીં આવે મનુષ્ય કેટલો બધો નિર્બળ છે કે જે ફેશનની માયાજાળમાં ફસાઇ ગયો છે કે જે તેનાથી થતી નુકશાનીને પારખી શકતો નથી. આ ફેશન કયાં જઇને અટકશે તે તો ભગવાન જાણે !

જાણવા જેવું !

માવજીભાઈ ગંગદાસ પટેલ
નાશિક

(૧) પ્રાચીનકાળના સર્વ શ્રેષ્ઠ જયોતિષી એ હતા ટોલેમી (ગ્રીસ), આર્યભટ્ટ (હિંદ)

(૨) પ્રાચીનકાળના સર્વ શ્રેષ્ઠ કવિઓ એ હતા મહર્ષિ વેદવ્યાસ (હિંદ), હોમર (ગ્રીસ)

(૩) નવયુગનો સર્વ શ્રેષ્ઠ ગણિતશાસ્ત્રી સર આઈઝેક ન્યુટન

(૪) પ્રાચીન કાળનાં મહાન સામ્રાજયો : રોમન સામ્રાજય અને સામ્રાટ અશોકનું રાજય

(૫) પ્રાચીન સમયમાં સંસ્કૃતિના શીખર પર પહોંચેલા રાષ્ટ્રો ચાર હતાં (૧) ઇજીપ્ત (૨) ખાલ્ડીયા (૩) ચીન (૪) હિંદુસ્તાન

(૬) પ્રાચીનકાળની ઉંચી ઈમારતઃ- મીસરનાં પ્રેમ મંદિરો ઉંચાઇ ૪૫૦ ફુટ

(૭) પ્રાચીનકાળની સૌથી મોટી વિદ્યાપીઠઃ- નાલંદા.

(૮) પ્રાચીનકાળની વિશ્વ વિખ્યાત ગુફાઓઃ- વેરૂવા અને અજંટા છે પ્રાચીનકાળના શ્રેષ્ઠ ચિત્રો અજંટાની ગુફાઓની દીવાલો પર છે.

કુંવરજીભાઇ પ્રેમજીભાઈ
મોડાસા

હઇડાં હાલોને અંજાર મુંજા બેલીડા, હઇડાં હાલોને અંજાર
એવી જાત્રા કરવાને જેસલ પીર નીરે બેડલો નાગરીયો રે
બેડલો નાંગરીયો............ હઇડાં
૧ ભોમીયા લેજોને સંગાથ મુંજા બેલીડા, ભોમીયા લેજોને સંગાથ,
ભોમીયા હશે તો ભોમ બતાવશે રે બેડલો નાંગરીયો......હઇડાં.
૨ ભાતાં લેજોને સંગાથ મુંજા બેલીડા, ભાતાં લેજો ને સંગાથ
સ્વર્ગે નથી હાટ વાણીયો રે બેડલો નાંગરીયો..... હઇડાં.
૩ ત્રાટાં નહીં જીલે ભાર મુંજા બેલીડા, ત્રાટાં નહીં જીલે ભાર,.
ભીતું હશે તો ભાર જીલશે રે બેડલો નાગરીયો.......હઇડાં.
૪ સંઘર્યું નહીં આવે કામ મુંજા બેલીડા, સંઘર્યું નહીં આવે કામ,
ખાઓ પીઓને વિગતે વાપરો રે બેડલો નાંગરીયો..... હઇડાં
૫ ગુરૂજી ને લેજો ને સંગાથ મુંજા બેલીડાં, ગુરૂજી ને લેજો ને સંગાથ
ગુરૂજી હશે તો જ્ઞાન બતાવશે રે બેડલો નાંગરીયો,
૬ જાવું મારે કચ્છને અંજાર મુંજા બેલીડાં, જાવું મારે કચ્છને અંજાર
એવો જામૈયો રચ્યો છે અંજાર શહેરનો રે બેડલો નાંગરીયો......હઇડાં
૭ બોલ્યાં તોરલ દે નાર મુંજા બેલીડાં, બોલ્યાં તોરલ દે નાર
એવો સતીએ ગાયો રે હરીનો જુલણો રે બેડલો નાંગરીયો......હઇડાં
રે બેડલો નાંગરીયો.........હઇડાં

* નવી વ્યાખ્યાઓ *

રતનશી રામજી પટેલ
ઘાટકોપર, મુંબઇ

(૧) નેકટાઇ—	મફતનો ફાંસો
(૨) ખિસ્સા કાતરૂ—	ખિસ્સાનો ભાર હલકો કરનાર
(૩) પસ્તાવો—	પાપ ધોવાનો સાબુ
(૪) ટ્રાફિક પોલીસ—	કઠપુતળીનો ખેલ
(૫) પેટ્રોલ—	મોટરને પીવાની ચા
(૬) ટ્યુશન—	પાસ થવાનું લાયસન્સ
(૭) ફુલહાર—	સસ્તો મસ્કો
(૮) નાક—	ચશ્માનું સ્ટેન્ડ

પ્રત્યભિજ્ઞા અને રસેશ્વર

આ માર્ગો કાશ્મીર બાજુ પ્રચલિત છે અને તે ઇ. સ. ના છઠ્ઠા સૈકામાં ઉદ્દભવેલા છે. આ પંથનો મુખ્ય સિદ્ધાંત છે કે જીવ શિવથી જુદા નથી અને જે જગત દેખાય છે તે શિવનો આભાસ છે. પ્રમેય અને પ્રમાતા એક બીજાથી ભિન્ન નથી એમ માને છે. શીવલીંગની પૂજા કરે છે. આ સંપ્રદાયમાં ગોંસાંઇ, સન્યાસી અને સાધુઓ ઘણા છે. તેઓ ત્રિપુંડ, ભસ્મ, રૂદ્રાક્ષ ધારણ કરે છે અને શિવ ભક્તિ પારાયણ કરે છે.

રસેશ્વર :– આ મત પણ શૈવ માર્ગી છે અને એજ અરસામાં ઉદ્દભવેલો છે, પ્રત્યભિજ્ઞા માર્ગમાં મોક્ષની વ્યવસ્થા કરી છે તે માર્ગમાં શરીરને અમર કરવાની વાત પ્રથમ સાધવી જોઇએ એવો મત પ્રકાશ કરી તેમના એક શિષ્યે આ મત સ્થાપન કરેલો છે.

જીવન રૂપ જડ ધાતુને જ્ઞાનરૂપ સુવર્ણ કરવું એમ આ મતનું તત્વ સમજાવે છે તેને પારદ કહે છે પારદને મારવો, તેને મૂર્છીત કરવો તેને બાંધવો વગેરે ક્રિયાઓનું આ શાસ્ત્રમાં સ્વરૂપ સમજાવી તેનો ઉપયોગ બતાવ્યો છે.

જરથોસ્તી ધર્મ

વેદ અને બ્રાહ્મણ કાળમાં અત્રેથી વેપાર અર્થે આર્યો ઇરાનમાં ગયેલા અને તે ત્યાં પારસી નામને પ્રાપ્ત થયા હતા. અશાંતિના સમયમાં અત્રેના

:: સંપાદન ::
સામજીભાઈ એસ. પટેલ
વડોદરા

આર્યો સાથેનો તેમનો વ્યવહાર બંધ થવાથી તેમને મળતું ધર્મજ્ઞાન બંધ થયુ અને ત્યાંના સમય અને સંજોગોને ધ્યાનમાં લઇ વેદ માર્ગને અનુસરતો "જરથોસ્ત" ધર્મ સ્થાપ્યો. તેની ક્રિયાઓ અને સંસ્કૃતિ આર્ય સંસ્કૃતિને લગતીજ છે. અગ્નિને તે મુખ્ય દેવ તરીકે માને છે અને તેમાં સુગંધી પદાર્થો હોમી ઇશ્વર સ્તુતિ કરે છે અને ભગવાનને નિરંજન નિરાકાર તરીકે માને છે. અપવિત્રતા અને આભડછેટ ન રાખતાં સત્ય બોલવું, દયા રાખવી વગેરે નિયમો ચુસ્તપણે પાળે છે. આ ધર્મનું મુળ પુસ્તક "ગાથા પણી" છે. તેઓ ઊનની કસ્તી જનોઇ પહેરે છે.

ઈ. સ. ના સાતમા સૈકામાં મુસલમાનોએ ઇરાન ઉપર આક્રમણ કરી તેમને મુસલમાન ધર્મમાં દાખલ થવા ફરમાવ્યુ, તેથી તેમનામાંના કેટલાક લોકો પોતાના ધર્મના બચાવ માટે ઈ. સ. ૭૨૦માં આ દેશમા આવી વસ્યા, હાલના પારસીઓ તેમના વંશના છે.

એ લોકો કેળવાયેલા. ઉદ્યોગી, વેપારમાં કુશળ, ખેતી પણ કરનારા મળતાવડા, દયાળુ, સમય અને સંજોગોને અનુસરનારા છે તેથી દરેક લોકો તેને માનની નજરે જુએ છે. તેમનામાં પશ્ચિમી સંસ્કારો પડી જવાથી ફેશન વધી પડી છે અને યુવાનો કુંવારા રહેવાનું વધુ પસંદ કરે છે તેથી કુંવારીકાઓ પણ રહી છે.

કળીને

પટેલ કાન્તિલાલ એમ.
કાશીપુરાકંપા

સમાજની ઉત્પત્તિ પુરાતન કાળથીજ થયેલી છે. આજનો વિદ્યાર્થી આવતી કાલનો નાગરિક છે માટે તે શિક્ષિત હોવો આવશ્યક છે.

આજની કળી તે આવતી કાલનું ફૂલ છે. જેમ કળીને નિર્વાહ માટે તેની જરૂરી ચીજો મળી રહે છે તેમ તે વધુ વિકસિત બને છે. અને ચારેકોર મધુર સુવાસ ફેલાવી પોતાનું જીવન અદા કરે છે.

આપણા સમાજમાં ડોકિયું કરીશું તો જણાશે કે સમાજે હમણાં બધી બાબતે પ્રગતિ સાધી છે પરંતુ શૈક્ષણિક ક્ષેત્રે તો પ્રગતિ નજ કહી શકાય.

આજે આપણે કોઈ શહેરની મુલાકાત લઇશું તો જણાશે કે તેની પાછળ અનેક કારણો છે.

આજના વિદ્યાર્થીને મુંઝવણો નડે છે તેથી જ તે પ્રગતિ સાધી શકતો નથી.

આજે કેટલાંક માતાપિતાઓ એમ માને છે. કે બાળકને બહુ ભણાવવાથી તે ખરાબ સંસ્કારે ચડે છે, બગડે છે. પરંતુ તે માન્યતામાં અજ્ઞાનતા છે, એક જાતનો વહેમ છે.

આપણે કુમળા ઝાડને જેમ વાળીએ તેમ તે વળે છે. તેવી રીતે બાળકનું જીવન માતાના હાથમાં છે જેવા માતાપિતાના સંસ્કાર તેવુ તેનું બાળક. જેવું બનાવવું હોય તેવું બને છે. બાળક

વળી બીજું પણ એક અગત્યનું કારણ એ છે કે કેટલાંક માબાપો અજ્ઞાનતાને કારણે વહેમમાં રહે છે કે બાળકને ભણવી શું તો પણ નોકરી નહીં મળે, બહુ ભણાવીશું તો ખેતી નહીં કરે આ એક અગત્યની બાબત છે આજ કારણે સમાજ પ્રગતિશીલ બની શકતો નથી. ખેતી તો એક એવી ચીજ છે કે જેમાં જેટલાં માનવ હોય તેટલાં ઓછાં અહીં જરા વિદ્યાર્થી અધોગતિને માર્ગે પડે છે.

વળી સ્ત્રી કેળવણી જૂજ પ્રમાણમાં જ છે. સ્ત્રી શિક્ષણમાં સ્ત્રી ગમે તેટલું ભણી હશે તો તે પ્રાથમિક શિક્ષણ જ હશે વળી કેટલાંક માબાપો એમ માને છે કે છોકરીને ભણાવવાથી બગડી જાય, આળસુ થાય તે, બધું તો ઈશ્વરના હાથમાં છે.

ભાગ્ય બળવાન છે. ભાગ્ય આગળ ભલભલા પણ ગોથાં ખાઈ જાય છે. ધનવાન એક દિવસમાં જ ગરીબ બની જાય છે.

આપણા સમાજમાં વિદ્યાર્થી તેની આર્થિક અને માનસિક પરિસ્થિતીને અનુલક્ષીનેપ્રગતિ સાધી શકતો નથી.

પરંતુ દરેક વિદ્યાર્થી એ તો મુશ્કેલી ઓનો સામનો કરીને સાચો માર્ગ કાઢી

સમાજનો સિતારો પ્રકાશિત કરવો જોઇએ.

દરેક વિદ્યાર્થીએ અંધ છે. અજ્ઞ છે કે અપંગ છે તે દરેકે સમજવું જોઇએ કે પુનાતિત સ્થાપિત આપણી ઇમારતનું રક્ષણ આપણે જ કરવાનું છે. અને તે માટે કેટલાય ભવસાગરો તરવા પડશે મુશ્કેલીઓમાંથી રાહ કાઢવો પડશે.

વળી એટલું પણ સમજવુ જોઇએ કે પ્રભુએ આપણને હાથ, પગ અને મગજ આપ્યું છે. તો તેનો ઉપયોગ શા માટે ન કરવો જોઇએ.

આપણે સમજવું જોઇએ કે સો દિવસ ઘેટાંની માફક જીવવા કરતાં એક દિવસ સિંહની માફક જીવવું વધુ સારું છે. શિક્ષણ પ્રાપ્ત કરવું તો વ્યવસ્થિત રીતે જે સમાજને કે આપણા બંધુઓને લાભદાયક નીવડે

વળી આપણે જેવું ઇચ્છીએ તેવું કરી શકીએ. પણ તે માટે આત્મવિશ્વાસ હોવો જરૂરી છે. આજના વૈજ્ઞાનિક યુગમાં કશું અશકય નથી.

સમાજની પ્રગતિ આપણા હાથમાં જ છે. આવતી કાલે આપણેજ સમાજના યુવકો બનાવાના છીએ.

પરોપકારી કાર્યો કરી જીવન હોમી દેવું તેજ સાચું જીવન છે તે બાબત દરેક યુવકે લક્ષ્યમાં રાખવી જોઇએ.

"માનવ મુડમાં ફરે"

રતિલાલ સોમજીભાઈ પટેલ
ચંદ્રપુરા કૃષ્ણપુરાકંપા

દાન કરવાની વૃત્તિ ન રાખે એતો માનવ મુડમાં ફરે.
દાતણ સાટે એતો કોકાકોલા કેરી બાટલી મુખમાં ધરે.
શ્રી પ્રભુને વિસરી જઇને એતો ધાર્યું પોતાનું હવે કરે.
મોહનનામ ત્યજી દઈને એતો એકટરોની પાછળ ફરે.
તીસરા કલાસવાલા ફકકડ થઇને આજ ફર્સ્ટ કલાસમાં ફરે
ભાઈ કે બાપનું કહ્યુ ન માને એતો માતને માર જ મારે
ઈન્સાનીયતને ભુજી દઇને એતો આજ દાનવતાને વરે.
અરજીઓ ઉપર વજન મૂકે ત્યાં કામ જરૂર જ ફળે
મરણ જીવન કેરી ચિંતા નહિ વળી એરોપ્લેનમાં ફરે.
રળવાની એને લગની લાગી એતો પૈસા પાછળ ફરે.
રટણ રામનું ભુલી જઇને એતો લકઝરી બસમાં ફરે.
હોરે "સાથી" આજ દાનવ થઇને એ માનવ મુડમાં ફરે.

" મંતવ્ય "

પટેલ મણીલાલ રામજીભાઇ
ઈન્દોર ઉપમંત્રી

જાગૃતિના છેલ્લા માર્ચ તથા એપ્રિલ મહિનાના અંકો વાંચ્યા. વાંચીને મને એમ લાગ્યું કે કચ્છ કડવા પાટીદાર સમાજમાં જાગૃતિ લાવવા " જાગૃતિ" માસિકને જે રૂપ જોઇતું હતું. તેવું હવે મળ્યું છે. જેમ કે માર્ચના અંકમાં અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની કલકત્તા ખાતેની તથા પુના ખાતેની મળેલી મિટીંગનો પુરતો અહેવાલ એપ્રિલ અંકમાં, નવા સ્વરૂપે સમાચાર વિભાગ તેમજ મુખપૃષ્ઠ પરનું લખાણ, જાગૃતિ માટેનું પ્રતિક "સળગતી મશાલ", તેમજ નિયમિત પ્રકાશિત થતા વિભાગોના હેડીંગોનું નવું રૂપ સમાજ સુધારાને લગતા લેખો વગેરે વગેરે, આ બધાની સુઝબુઝ તથા ગોઠવણી માટે આપને ધન્યવાદ.

એપ્રિલ અંકમાં "જ્ઞાતી ઇતિહાસની આવશ્યકતા" લેખ ખૂબ રસપૂર્વક વાંચ્યો અને વાંચીને ઘણોજ હર્ષ થયો કારણકે, આવડી આપણી વિશાળ જ્ઞાતી જે ઇતિહાસથી અણ ખબર ! જ્ઞાતી ઇતિહાસના પ્રકાશન માટે" મધ્યપ્રદેશ વસ્તી ગણત્રી સમિતિએ પોતાના ખર્ચ પત્રકમાં "રૂા. ૧૭૦૪–૨૦ જ્ઞાતી ઇતિહાસની છપાઇ માટે આપેલ છે." એવું દર્શાવવામાં આવ્યું છે તો સૌ પ્રથમ તે સમિતિ પાસેથી જ્ઞાતિ ઇતિહાસ મેળવવાની આશા રાખી શકાય અને આશા છે કે તે સમિતિ જ્ઞાતી ઇતિહાસ જરૂર પ્રકાશિત કરશે આ જ્ઞાતિ ઇતિહાસ, સમાજ સુધારા નામક ઇમારતમાં ખુબજ ઉપયોગી નીવડશે.

"જાગૃતિ"ના છેલ્લા કેટલાય અંકોમાં "કુ. નિર્મળા પટેલ" જબલપુરના કે જેઓ ખાસ કરીને સ્ત્રી વર્ગમાં જાગૃતિ લાવવાને લગતા લેખો પ્રકાશિત કરે છે છે. જે લેખો ખરેખર પ્રસંશનીય હોય છે. સ્ત્રી વર્ગમાં ચેતના લાવવા માટે આવા લેખોની ખાસ જરૂર છે. પરંતુ અફસોસની વાતએ છે કે, બહેન નિર્મળાના લેખની ભાષા હિંદી છે કચ્છ વિસ્તારમાં વસવાટ કરતો તમામ સ્ત્રી વર્ગ જે ગુજરાતી ભાષા પણ સાધારણ જાણતો હોય તેની સામે હિંદીમાં લખાયેલ લેખ પ્રસ્તુત થાય તો તે કેવી રીતે તેનો અર્થ સમજી શકે. આપણે જે વર્ગ નેસેવા આપવા માગતા હોઇએ તેને અનુરૂપ થઇએ તોજ તેસેવાસાર્થક રૂપ ગણાય તો બહેનનિર્મળાને અતિ નમ્ર નિવેદન છે કે:– તમો જ્ઞાતિ સુધારાને લગતા હવે પછીના તમારા લેખો ગુજરાતી ભાષામાં લખશો જેથી થોડું ગુજરાતી ભાષા જાણતી બહેનો પણ લેખ વાંચી અને તેને અનુરૂપ થવા કોશિષ કરે.

"કાન્તિલાલ શીવદાસ પુનાવાળા"એ પોતાના મંતવ્યમાં રજુ કરેલ એક મુદ્દો " શું આપણી સમાજમાં સમુહ લગ્ન ગોઠવી ખર્ચ ઓછું ન કરી શકાય ? " આ મુદ્દા સાથે હું પુરેપુરો સહમત છું. કારણકે હાલની વધતી

નારી ધર્મ

લેખિકા : કુમારી નિર્મલા પટેલ
મદનમહલ, જબલપુર (મધ્ય પ્રદેશ)

ઈસ સૃષ્ટિ મેં નારી કા એક વિશેષ મહત્વપૂર્ણ સ્થાન હૈ ! નારી નર કી પ્રાણદાયિની હૈ, નારી કે બિના નર અનાથ હૈ, સંરક્ષણ રહિત હૈ ! પર નારી તભી એસી હૈ જબ કી વહ આદર્શ ગૃહિણી ઔર જનની–પત્ની કે પવિત્ર રૂપ મેં હો ! આજ ઇસ પરિવર્તનશીલ પરિસ્થિતિ મેં નારી અપને કર્તવ્ય કો ભુલતી જા રહી હૈ, પાશ્ચાત્ય સભ્યતા કા અંધાનુકરણ કરતી હુઈ વહ ક્ષુદ્રહૃદયા દૂર્બલચિત્તા હોકર કેવલ વિલાસ વાસના સે આક્રાન્ત હોને જા રહી હૈ સચ કહા જાય તો વહ સ્વતંત્ર હોને જાકર પ્રમાદવશ પુરુષ કે પંરતત્ર હોને જા રહી હૈ ! અતઃ ઉસે સાવધાન હોકર અપને ધર્મ પર આરુઢ રહના ચાહિએ માતૃત્વ ઔર પત્નીત્વહી ઉસકા અસલી ધર્મ હૈ ! પ્રત્યેક નારી યદિ ચાહે ઔર પ્રયત્ન કરે તો માતા સીતા, સતી અનસુયા એવં યમવિજયિની સાવિત્રી આદિ બન સકતી હૈ ! કેવલ બી. એ. એમ. એ. કી ડિગ્રી ધારણ કરને સે હી કુછ નહીં હોગા ! ઇસકે લિએ સચ્ચી ભારતીય સંસ્કૃતિ આદર્શ "પાતિવ્રત્ય ધર્મ" કે પાવન પથસે આગે બઢના હોગા પતિ કે રુપ મેં ભગવાન કા દર્શન કરને વાલી નારી હી પતિવ્રતા કહી જા સકતી હૈ પત્ની કે નાતે પતિ કે પૂજ્ય માતા પિતા ભાઈ બહન ઔર જિતને ભી સગે સંબંધી હૈ સભી કો યથાયોગ્ય આદર મમતા સ્નેહ તથા પ્રેમ દેના ચાહિએ !

પતિવ્રતા સ્ત્રી અપને પતિ કે પ્રતિ ભક્તિ ભાવ રખ નિત્ય ઉનકી આશા લે ભોજન કરે ! સતી સ્ત્રી અપને પતિ કો નારાયણ કા રૂપ સમજતી હૈ વહ સૌંદર્યશાલી પતિ કે મુખ કી ઓર ન દેખ ચરણોં મે દ્રષ્ટિ ઝુકાયે રખતી હૈ જો આહાર પતિ કો પ્રિય હોતા હૈ વહી ઉસે ભી માન્ય હોતા હૈ સતી નારી અપને પતિ એવં અપને. પુર્વજો કી એક હજાર પીઢીયોં તક કા ઉદ્ધાર કર દેતી હૈ પૃથ્વી પર જિતને ભી તીર્થ હૈ, સભી સતી કે ચરણોં મે નિવાસ કરતે હૈ ! પતિવ્રતા કો નમસ્કાર કરને સે મનુષ્ય અપનેકો પાપ સે મુક્ત હો જાતા હૈ પતિવ્રતા સ્ત્રી જન્મોંતક

જતી ભયંકર મોંઘવારીમાં સાધાયર રિસ્થિતિના માણસના ઘેર લગ્ન હોય તો તેને દેવું કરીને જ લગ્ન કરવું પડે અને તે દેવાંમાંથી તે કયારે મુક્ત થાય ! સમુહ લગ્ન ગોઠવીને ખર્ચમાં ઘણી બચત કરી શકાય .આવોરિવાજ ઈન્દોર વિસ્તારમાં વસતી વોરા જ્ઞાતિમાં છે. પોતાના ધર્મ ગુરુ કરવા હોય ત્યારે તેની સમક્ષ લગ્ન કરવા યોગ્ય યુવાનો અને યુવતીઓ હોય તેમનાં લગ્નો યોજાય છે.

પુણ્ય સંગ્રહ વાલે પુણ્ય વાનોં કે ઘેર જન્મ લેતી હૈ ઔર પ્રવિત્રતા સે ઉસકે કે જન્મ માત–પિતાપાવન તથા મુકત હો જાતે હૈ !

શિવ પુરાણ કી વાયવીય સંહિતામેં યહાં તક વર્ણન આયા હૈ કિ જો સ્ત્રી પતિ કી સેવા છોડકર વ્રત તથા ઉપવાસ મેં તત્પર હોતી હૈ વહ નરક ગામિની હોતી હૈ !

પાશ્ચાત્ય સભ્યતા મેં પલી નારી આજ અપને ઈસ ગૌરવપૂર્ણ પતિ-વ્રત્ય કે આદર્શ કો ભુલતી જા રહી હૈ ! ઈસી સે પતિવ્રત ધર્મ કા સ્થાન આજ અનેક અપવિત્ર સંબંધ તથા તલાક ઔર ભરણ–પોષણ કે મુકદમે લે રહે હય. કિતને મહાન પરિતાપ કા વિષય હય કિ જિસ નારી કો ગૃહલક્ષ્મી કી ઉપાધિ સે વિભૂષિત કિયા જાતા હય વહી આજ હજારો પુરૂષોં કે બીચ ખૂલે ન્યાયાલયો મે ન્યાયાધીશ કે સમક્ષ તલાક કા આવેદન–પત્ર ઉપસ્થિત કરતી હય !

આજ કે સભ્ય સમજે જાનેવાલે ઘરોં કી લડકીયોં કા બનાવ શૃંગાર ઔર પોષાક દેખકર ભારતીય આત્મા રો ઉઠતી હય પરિસ્થિતિ કો દેખકર રાજ્યપાલ કો આદેશ દેના પડતા હય કિ કાલેજ તથા વિશ્વવિદ્યાલય મે પઢને જાનેવાલી છાત્રાએ તંગ કુરતી ઉંચી એડી કી જૂતી તથા અંગ અંગ કા પ્રદર્શન કરાને વાલી પોષાક ન પહને !

પશ્ચિમી સભ્યતાને હમારી આંખો પર કાલી પટી ડાલ દી હય હમને ભારતીય સંસ્કૃતિ ઔર સભ્યતા કો ભુલા દિયા હય પાશ્ચાત્ય સભ્યતા કે ગુણો કો હમ ગ્રહણ નહી કરતે પર પુરુષો કે સંગ ભ્રમણ સ્વચ્છન્દ વિચરણ ખેલકુદ, પ્રતિયોગિતા મેં ભાગ લેના સિનેમા નાચને ગાને તથા સહભોજ આદિ કો હિ વિકાસ સમજને લગે હય !

અંત મે અપની ભારતીય બહનોંસે પ્રાર્થના કરતી હું કિ આપ સમય રહતે ચેત જાયે ઔર ગૃહલક્ષ્મી કે આદર્શ કો કભી ન ભુલે ! આજ કી શિક્ષિત લડકી ફેશન કે ચક્કર મેં પડકર અપના ક્ષેત્ર બાહર ચુનતી હય ઉન્હે ઘર મે રહના કર્તઈ પસંદ નહીં ! પર યહ વાસ્તવ મેં ઉન્નતિ કો નહીં અપિતુ પતન કી ભૂમિકા હય પવિત્ર નારીકા ક્ષેત્ર ઘર હય, બાહર નહીં ! ભ્રમણશીલ નારીયોં કે જીવન મેં અધિક સે અધિક ખતરા હય !

માતૃત્વ નારી કા વિશુધ્ધ રુપ હય આદર્શ માતા કૌશલ્યા જનનો મદાલસા સતી સાવિત્રીસતી સીતા મીરાબાઈ મહારાની લક્ષ્મીબાઇ આદિ વિભૂતિયાં વિશ્વ પ્રેમ ઔર વિશ્વ બંધુત્વ કી શિક્ષા દેને મેં હમારી સચ્ચી પથ પ્રદર્શિકા હમ ?

★

છૂટકારો ”

લેખક :: કાન્તિ સીવદાસ પુનાવાલા
હિંમતનગર

શરૂ શરૂમાં ચર્ચાસ્પદ લાગેલ મોહન ને લખમીનો સંબંધ લગ્નમાં પરિણમતાં ઘણાએ આંચકો અનુભવ્યો. આખરે મોહન શાનદાર રીતે પરણીને લખમીને ઘેર લાવ્યો.

લખમી નામ પ્રમાણે સર્વગુણ સંપન્ન હતી તેને જોવા આવેલી સ્ત્રીઓ તેના રૂપનાં વખાણ કરતાં થાકતી ન હોતી.

ભાઇ મોહન ઘણો નસીબદાર છે!

અહાહા ! વહુનું રૂપ તો અપ્સરા ને પણ ભુલાવે એવું છે. એ ત્રણ દિવસથી હવે મહેમાનોનો ધસારો ઓછો થવા લાગ્યો. ઘરમાં લખમી એકલી પડી. પતિ અને સસરા એ એનો ટુંકો પરિવાર હતો ધીરે ધીરે તે ઘરકામમાં ધ્યાન આપવા લાગી.

દિવસ પછી દિવસ વિતતા ગયા નવું નવું હોવાથી થોડાએક દિવસ જરા એકલવાયું લાગ્યું. ધીરેધીરે સમય પણ પાણીની જેમ સરી જવા લાગ્યો.

પણ ! હજુ મોહન તરફથી પ્રેમનાં એ બોલ કે લાગણીની વાત તો બાજુ પર રહી......સમયસર જમવા આવવું બોલવું કે ચાલવુ નહિ, બોલે તો તિરસ્કારથી અપમાન કરવું. “લગ્ન-જીવનની મધુરતાનાં સેવેલાં સ્વપ્નો ફક્ત સ્વપ્ન જ રહયાં ; ” સર્વે આશા ઠગારી નિવડી

પરિણામે તેના પ્રત્યે તેનું મન શંકા ધરાવવા લાગ્યું, હદયના ખૂણામાં જખ્મ રૂપી કીડો દુ:ખ દેવા લાગ્યો તેનો વર ફક્ત વર જ હતો ! આખો અડીખમ !

પોતાના જીવન સાથે ખેલાયેલી રમતની કલ્પના થકી તેનું મન મોહન પ્રત્યે નફરત ધરાવવા લાગ્યું. લાગણીનો છોડ કરમાવવા લાગ્યો.

આખરે આ વાત કોને કરવી ?

જ્યારે તેનો સુકાનીજ નિષ્ફળ હતો ત્યારે તે કોનો વાંક કાઢે !

છેલ્લાં નવરાત્રીની રાતે ચોકમાં ગામના જુવાનીયા રાસની રમઝટ બોલાવતા હતા. મોહન એક ખૂણે ઉભો ઉભો જોઇ રહયો હતો. વાતાવરણમાં આનંદની લહેરીઓ ઉડી રહી હતી

અલ્યા મોહન ! ચાલ ચાલ રમવા, એક ફેરો લગાવ કેવી મજા આવસે.

ના રે ના મને રમતાં નથી આવડતું

હવે ચાલને છાનોમાનો નખરાં કર્યા વગર, પાછળથી બે ચાર જણાએ હડસેલ્યો

મોહન ગુસ્સામાં આવી ચોક છોડી ગયો તેની પાછળ હાસ્યના પડઘા પડયા અરે ! એ બાયલો શું રમવાનો... બાપાની રજા લેવી પડે ને !

આજુ બાજુ સૌં તેની મજાકમાં ભળી ગયા, પણ લખમી શરમની મારી અંદરને અંદર ધુંધવાઇ ગઇ, તેનુ હદય મોહનને ધિકકારવા લાગ્યું.

 [illegible] હૈયામાં વેદનાનો ભાર લઇ સૌની સાથે તે ઘેર જવા નીકળી

ઘેર આવી અંદરના રૂમમાં આવેલ ખાટલા પર આડી પડી. રાત્રિની નિરવ શાંતિ પથરાઇ ચુકી હતી. સહસા તેની નજર છત પર પડતાં તે ચોંકી પડી.

એક ગરોળી પતંગિયાનો શિકાર કરવા ધીરે ધીરે તેની તરફ આગળ વધી રહી હતી. નિર્દોષ જીવડું તેની ક્રિયામાં મગ્ન હતું ! પાછળના ભયથી અજાણ આખરે શત્રુના પંજામાં ઝડપાઇ ગયું બે ત્રણ વખત ધમપછાડા માર્યા પણ સર્વ વ્યર્થ !

બહાર કોઇકનાં પગલાં સંભળાતાં તે ઝડપથી ઉભી થઇ ગઈ.

ઓહ ! આતો તેન. સસરાના પગલાંનો અવાજ લાગે છે તે તરતજ દરવાજાની પાછળ ઉભી રહી.

હમણાં હમણાં તારો મિજાજ વધતો જાય છે કેમ ? ચાલ અંદર છાનીમાની. અંદર પ્રવેશતા હાથ પકડવાનીકોશીશ કરી

કામાતુર સસરાની આંખમાં દેખાતાં સાપોલીયાં જોઇ તે ગભરાઈ,

બચાવો ! બચાવો ! હાથને ઝાટકો-મારી તે ઓસરી તરફ દોડી ગઇ.

કોણ છે ! કોણ છે ! લાકડી લેતો ક કાનો ગોવાળ દોડી આવ્યો

લખમીની આંખોમાં દડ દડ આંસુ વહેવા લાગ્યા મને.... મને... ડૂસકા ભરતાં તે રડી પડી.

પણ ! બેન થયું શું ? કોણ હતું જલ્દી બોલી નાખ હમણાં જ સીધા દોર કરી નાખું.

કાનાની નજર છનામાંના નાસી જતા રામજીકાકા ઉપર પડી, તે સર્વે બીના સમજી ગયો.

લાકડી ઉગામી તેણે ડગ ભર્યાં....

ના ! તમને મારા સમ જો આગળ વધ્યા તો. તો શું એ દુષ્ટને છોડી દેવો ? એ તો એ જ લાગનો છે !

એના કરતાં તમો મને મારા પિયરમાં મુકવા ચાલો આ ઘરમાં મારાથી નહિ રહેવાય બાપ-બેટા રાક્ષસથી વધે તેવા છે

પણ જવાય કેમ ? તારી પર સખત ચોકીપહેરો છે પણ કાંઇ વાંધો નહિ કાનાએ તેના કાનમાં થોડીક સમજણ આપી.

ધ્યાનમાં રાખજે લખમી...સવારે... બરાબર... લખમીએ આંસુ લુછી માથું ધુણાવ્યું રાત્રિ દરમ્યાન ભાવિ પગલાંનો ડર લાગતો હતો. થોડી વાર સુધી તે વિચારતી જ રહી આખરે કાનાના વિચારને વધાવી લેવા દ્રઢ સંકલ્પ કર્યો મોહનની ગેરહાજરીથી એક ભય ઓછો થયો.

રાત્રિની છેલ્લી ઘડીની શરૂઆત થતાં તે બેઠી થઇ ગઇ. સામાનમાં એક પોટલું બાંધી તે ઘરની બહાર નીકળી.

હિંમતથી ધીરે ધીરે ધારેલા સ્થળે જવા પગલાં ભર્યાં.

હનુમાનજીના મંદિર પાછળ કાનો લખમીની રાહ જોતો ઉભો હતો. થોડી

વારે ડોકિયું કાઢી જોઈ લેતો. ચારેકોર ઘટાટોપ અંધકારનું સામ્રાજ્યછવાયેલું હતું. ચમકતા તારલિયા કાળા સાડલામાં ચોંટાડેલા આભલા જેવા લાગતા હતા. રાત્રિની છેલ્લી ઘડી પૂરી થવાની તૈયારી હતી એ હજુ કેમ ના આવી ? શું ગભરાઇ ગઇ હશે ? કે વળી ! ચાલ જરા એ તરફ આંટો લગાવી આવું, દૃઢ સંકલ્પ કરી પાસે પડેલી લાકડી ઉઠાવે છે

પણ ! સામેથી કોઇક આવતું લાગે છે ! તેણે જવાનો વિચાર માંડી વાળ્યો આવનારનો ખ્યાલ આવતાં તેની આંખોમાં ચમક આવી

ફર ફર લહેરાતા પવનમાં સાડીનો છેડો પકડીને તે આવી રહી હતી. દિવાલ પાછળથી કાનો બહાર આવ્યો.

કોણ લખમી, આવી ગઇ...

હા ભઇ ! નજર ચુકોવીને ભાગી આવી છું, પાછું જોઇ ઉત્તર વાળ્યો.

ચાલ હવે આપણે જલ્દી પગ ઉપાડીએ બન્નેની ચાલમાં ઉતાવળ જણાતી હતી, થોડી થોડી વારે લખમી પાછુ વળીને જોવા પ્રયત્ય કરતી હતી

ગામની હદ પાર કરી, ખેતરો વટાવી, નિર્જન વગડાની વાટ પકડી.

પંથ કપાવા લાગ્યો. લખમીના ચહેરા પર સ્વતંત્રતાની ખુશીની ઝલક હતી. મનોમન કાનાની તે ઉપકાર વશ બની તેના જ થકી તે આજે નરકમાંથી છૂટી શકી હતી.

દૂરથી દેખાતુ વાડીયું, મંદિરની દેખાતી ધજા જોઇને હૈયું નાચવા લાગ્યું

પ્રભાત થવાની તૈયારી હતી. ધીરે ધીરે બંને ગામની શેરીમાં પ્રવેશ્યા મંદિરની ડાબી બાજુ વળી ખુણા પરનાં મકાન આગળ આવી થંભ્યા. સામે દરવાજો બંધ હતો.

કાનાએ સાંકળ ખખડાવી

થોડીવારે સાંકળ ખુલવાનો અવાજ સંભળાયો, કોણ છે ? ખોખર તો સાદ સંભળાયો એ તો હું કાનો ગોવાળ, લખમીને લાવ્યો છું.

આ ટાણે બેટા ! દાદાજીને જોઇ લખમી રડી પડી.

દાદાજી, દાદાજી ગળે વળગી દાદાજીને બાઝી પડી. બેટા શાંતિ રાખ ! ચાલ અંદર ચાલ હાથ ફેરવતાં દાદાજીએ અંદર દોર્યા.

એય ! કાકા... પેલા બે નરાધમોએ સમજ્યો કાના બધુય સમજ્યો, મારી પારેવડા જેવી દિકરીને અડધી કરી નાખી છે. આજેજ તાર કરીને લખમીનાં બાપાને તેડાવું છું પછી હું છું અને એ......

લખમીનાં મા-બાપ ધંધાર્થે મુંબઇ રહેતાં હતાં. વતનમાં દાદાજી અને નોકર વહીવટ ચલાવતા હતા.

બેટા હવે અહિયાં જ રહેજે, મને પણ થોડી રાહત મલશે. જાવ અંદર જાવ કપડાં બદલાવી ચા બનાવ.

આવ કાના ! આવ ભઈ આજ તો તારો... અરે નારે કાકા એતો મારી ફરજ હતી આતો બુને મને મોડા વાત કરી એટલે નહિતર......

એના બાપને આવવા દે એટલે નાત ભેગી કરી સીધો દોર થઈ જાશે, ખીસ્સામાંથી છિંકણીની [illegible] કાઢી કાના સામે ધરી.

ચાલ અંદર જઈને શિરામણ કરીએ પછી નિરાંતે વાતો થાશે.

સારૂ ચાલો કાકા, કાનો ઉભો થઈ દાદાજીનો હાથ પકડી અંદર તરફ લઈ ગયો.

ત્રણેક દિવસ બાદ લખમીના માબાપ આવ્યા. માને ભેટતાં ધ્રુસકે ધ્રુસકે રડતી લખમી છાની ના રહી. લખમીના બાપાને ગુસ્સો આવ્યો પણ શું કરે ?

ગામનું પંચ બોલાવી વાત કરી આજુબાજુના ગામના પંચ બોલાવવામાં આવ્યા સર્વેની હાજરીમાં લખમીએ તેની કરૂણ કથની, વિતેલા સિતમની સર્વે વાત ખુલ્લી કરી. કાનાએ પણ સાદ પુરાવ્યો.

આખરે પંચે બાપ બેટાની સખત નિંદા કરી લખમીને છૂટાછેડા અપાવ્યા બન્નેને નાત બહાર કાઢયા. અઠવાડિયા બાદ બાજુના ગામના સરપંચે દિકરાનું માગું મોકલ્યું. ઘડિયાં લગ્ન લેવાયાં અને લખમી પરણીને સાસરે ગઈ.

આજે તેની નંદનવાડીમાં એ પુષ્પ મ્હેંકી રહ્યા છે અને આનંદિત બની પતિના કાર્યમાં ખભેખભા મિલાવી પ્રેરણામૂર્તિ બની છે. ★

સમાચાર દર્શન

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ
સૈજપુર બોઘા

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ નરોડારોડ અમદાવાદ તરફથી ગત તા. ૬-૫-૭૩ ને રવિવારના રોજ ગલતેશ્વર (પ્રાંતિજ) મુકામે એક પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૭ યુવકોએ ભાગ લીધો હતો.

પ્રત્યેક સભ્યની ઓળખાણ વિધિ પછી સુંદર વિચાર વિનિમય થયો હતો અને પ્રમુખ શ્રી દામુભાઈ ડી. પટેલની નમ્ર વિનંતી સાથેની પ્રેરણાદાયી જાહેરાતથી મંડળના સભ્યો તરફથી વ્યકિતગત સ્વેચ્છાએ યથા શકિત રૂા. ૩૦૧) નું રોકડ ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હતું.

જેમાંથી પ્રૌઢ શિક્ષણ, મહિલા મંડળની સ્થાપના અને વિકાસ તેમજ હોંશિયાર વિદ્યાર્થીઓને પ્રેરણારૂપ થાય તે માટે ઈનામો વહેંચવાનું મંડળ વિચારી રહ્યું છે

મંત્રી
શ્રી વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી કચ્છી કડવા પાટીદાર યુવક મંડળ, સુરત

અત્રે શ્રી લક્ષ્મી વિજય સો મીલમાં તા. ૫–૫ ૭૩ના રોજ મળેલ મીટીંગમાં ઉપરોક્ત યુવક મંડળની રચના કરવામાં આવેલ હતી. શ્રી શીવજીભાઈ પેથાભાઈ પટેલના પ્રમુખપદે ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં નીચે મુજબના હોદ્દેદારો તેમજ કાર્યવાહક સમિતિની વરણી થવા પામી હતી.

૧.	પ્રમુખ	પટેલ શીવજીભાઈ પેથાભાઈ	(ખીરસરા)
૨.	ઉપપ્રમુખ	પટેલ ભાણજીભાઈ ખેતાભાઈ	(નેત્રા)
૩.	મંત્રી	પટેલ મેઘજીભાઈ વાલજીભાઈ	(રસલીયા) Bcom.
૪.	સહમંત્રી	પટેલ ભાણજીભાઈ કરમસીભાઈ	(નેત્રા) S. S. C.
૫.	ખજાનચી	પટેલ લાલજીભાઈ શીવજીભાઇ	(રસલીયા)

— કાર્યવાહક સમિતિના સભ્યો —

૧.	પટેલ અંબાલાલ પ્રેમજીભાઈ	ઘડાણી S. S. C.
૨.	પટેલ લધારામ દેવજીભાઇ	રસલીયા
૩,	પટેલ નાનજીભાઇ જીવરાજભાઇ	,,
૪.	પટેલ કરસનભાઈ સામજીભાઇ	,,
૫.	પટેલ દેવજીભાઈ રામજીભાઈ	,,
૬	પટેલ લાલજીભાઈ નાનજીભાઈ	(નેત્રા)

— ઓડીટર્સ —

પટેલ ડાહ્યાભાઈ અખઇભાઇ	(નેત્રા)
પટેલ ગંગારામ માવજીભાઇ	(કાદીયા મોટા) F. y. Bsc.

તા. ૧૦–૫–૭૩ના રોજ સુરત સમાજના આગેવાન શ્રી સામજીભાઇ વિશ્રામભાઈ પટેલના પ્રમુખપદે યુવક મંડળની સ્થાપના કરવા માટે મીટીંગ રાખવામાં આવી હતી. સુરત સમાજના સભ્યોએ ભારે ઉમંગથી આ મીટીંગમાં હાજરી આપી હતી પ્રમુખશ્રીએ તેમજ અન્ય આગેવાનોએ યુવક મંડળ તેની પ્રગતિ એક ધારી ચાલુ રાખે તે પર ભાર મુકયો હતો.

યુવક મંડળના બંધારણને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. યુવક ચળવળની ઝુંબેશને આગળ વધારવા અને યુવક સંગઠનને મજબુત બનાવવા

તેમજ યુવક મંડળ સમાજના જ એક અંગ તરીકે કાર્ય કરે તેવી આશા પ્રગટ કરવામાં આવી હતી. આખરે ઉત્સાહ ભર્યા વાતાવરણમાં સભા બરખાસ્ત થઇ હતી.

મંત્રી
પટેલ મેઘજીભાઇ વાલજીભાઇ B. Com.
શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, સુરત

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ વડાલી વિભાગ.

તા ૧૧-૪-૭૩ના રોજ મંડળની સામાન્ય વાર્ષિક સભા શ્રી પરબડીકંપા મુકામે સાંજના ૯-૩૦ કલાકે મળેલ અને સંવત ૨૦૨૯ની સાલ માટે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ જે નીચે મુજબ છે.

પ્રમુખ	છગનભાઇ પચાણભાઈ પટેલ	પરબડીકંપા
ઉપપ્રમુખ	છગનભાઈ સીવજીભાઇ પટેલ	નારણપુરા
મંત્રી	વિઠ્ઠલભાઈ રવજીભાઈ પટેલ	કુવાવડકંપા
સ. મંત્રી	સીવજીભાઈ ભાણજીભાઈ પટેલ	વેકરાકંપા

— કારોબારી સભ્યો —

શ્રી દેવજીભાઈ પચાણભાઈ પટેલ	દેરોલકંપા
શ્રી ડાહ્યાભાઇ માવજીભાઇ પટેલ	ભુતિયા
શ્રી મોહનભાઈ ખેતાભાઈ પટેલ	પરસોલા
શ્રી લધ્ધાભાઇ રવજીભાઇ પટેલ	ઘરોલકંપા
શ્રી દેવસીભાઇ કરસનભાઇ પટેલ	ખેડબ્રહ્મા
શ્રી સામજીભાઇ વિરજીભાઈ પટેલ	હાથરવા
શ્રી નારણભાઇ દેવજીભાઈ પટેલ	જુના-ચામુ
શ્રી ગોપાલભાઇ કાનજીભાઇ પટેલ	ચોરાસણ
શ્રી લાલજીભાઇ કાનજીભાઇ પટેલ	જાલોદરા
શ્રી મોહનભાઇ ગંગદાસભાઇ પટેલ	નવા-મેત્ર

લિ.
મંત્રી વિઠ્ઠલભાઇ રવજીભાઈ પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ વડાલી વિભાગ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત), ધનસુરાના છાત્રાલયોને લગ્ન ભેટ

૫૧-રૂા.	પટેલ પરસોત્તમભાઈ પ્રેમજીભાઈ પોકાર જબલપુર (મ પ્ર.) નાં સુપુત્રી ભાગવતીબેન
૧૧ રૂા.	પટેલ કેશરાભાઈ મનજીભાઈ પાંચાણી આલોદ (મ. પ્ર.) ના સુપુત્ર દયારામ
૬૨ રૂા.	

ઉપરોકત નવદંપતિનાં શુભ લગ્ન સં. ૨૦૨૯ના વૈશાખ સુદ ૧૫ ને ગુરૂવાર ના રોજ જબલપુર મુકામે યોજવામાં આવ્યાં હતાં આ શુભ પ્રસંગ નિમિત્તો નવ-દંપતિનાં વડીલ જનોએ ઉપરોકત છાત્રાલયોનાં બાલક બાલિકાઓને શૈક્ષણિક રીતે સહાયક બની જે ઉદાર હાથ લંબાવ્યો છે તે બદલ ઉપરોકત સમાજ તેમજ જાગૃતિ કાર્યાલય નવ-દંપતિને આશીર્વાદ તેમજ તેમના વડીલ જનોને અભિનંદન પાઠવે છે. આશા છે કે સમગ્ર સમાજનાં વડીલજનો આ દાન દાતાઓના ઉદાહરણને દષ્ટિ સમક્ષ રાખે.

અકાળ અવસાન

શ્રી વિશ્રામભાઈ નથુભાઈ ભગત ઉંમર વર્ષ ૪૫, કચ્છ વિથોણ નિવાસી, હાલ જબલપુરવાળાનું ભર યુવાન વયે તંદુરસ્ત હાલતમાં એકાએક તા. ૯-૫-૭૩ના રોજ બપોર પછી ૩-૪૦ મિનિટે અકાળ અવસાન થયુ છે.

સદ્‌ગત તેમની પાછળ વિશાળ પરિવારને વિલાપ કરતું મૂકી ગયા છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પો એજ અભ્યર્થના.

અકાળ અવસાન

કલકત્તા કૃષ્ણ સૉ મીલના માલિક, કચ્છ વિરાણી નિવાસી પટેલ રામજીભાઈ દેવસીભાઈ ઉંમર વર્ષ પર નું ગઇ તા ૧૩-૫ ૭૩ના રોજ બપોર પછી ૩-૩૦ વાગે દુઃખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થ તેમની પાછળ વિશાળ પરિવારને વિલાપ કરતું મૂકી ગયા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પો એજ અભ્યર્થના.

શ્રી કચ્છ પાટીદાર યુવક મંડળ—ઈંદોર

૮, નૌલખા રોડ, ઈંદોર (મ. પ્ર.)

ગઈ તા. ૨૯-૪-૭૩ ને રવીવારે યુવક મંડળની સાધારણ સભાની એક આવશ્યક મીટીંગ શ્રી શંકર વિજય સો મીલ નવલખા ખાતે મળી હતી જેમાં યુવક મંડળના સ્વરૂપમાં આવશ્યક સુધાર કરી નીચે મુજબની કાર્યવાહી સમિતિની નિમણુક કરવામાં આવી તથા ઠરાવો પાસ કરવામાં આવ્યા.

કારોબારી સમિતિ

૧	પ્રમુખ	શ્રી પટેલ હિરાલાલ રતનશીભાઇ
૨	ઉપ-પ્રમુખ	„ „ લધારામ રામજીભાઈ
૩	મંત્રી	„ „ વિસનજી રામજીભાઈ
૪	સહમંત્રી	„ „ મણીલાલ રામજીભાઈ
૫	કેશીયર	„ „ પુંજાભાઇ પ્રેમજીભાઇ
૬	સભ્ય	„ „ મણીલાલ વેલજીભાઇ
૭	„	„ „ હીરાલાલભાઇ ખીમજીભાઇ
૮	„	„ „ નથુભાઇ શીવદાસભાઈ
૯	„	„ „ ભીમજીભાઇ રામજીભાઈ
૧૦	„	„ „ રતનશીભાઇ કરમશીભાઇ
૧૧	„	„ „ ઇશ્વરભાઇ રામજીભાઈ

સલાહકાર સમિતિ

૧ શ્રી પટેલ ખેતાભાઇ નાનજીભાઇ
૨ „ „ ભીમજીભાઇ ખીમજીભાઇ
૩ „ „ ડાયાભાઇ શીવદાસભાઈ
૪ „ „ ખીમજીભાઇ નારણભાઇ
૫ „ „ કરશનભાઈ રામજીભાઇ

લાયબ્રેરી સંચાલક : શ્રી ભીમજીભાઈ આર. પટેલ
„ સહાયક : શ્રી ધનજીભાઈ કરમશીભાઈ પટેલ

ત્યારબાદ નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી

(૧) બંધારણ સમિતિ દ્વારા યુવક મંડળ માટે બનાવેલું વ્યવસ્થિત બંધારણ પાસ કરવામાં આવ્યું.

(૨) આગળની મીટીંગમાં ઈંદોર ભરના પાટીદાર યુવકોએ કચ્છની દુષ્કાળની ભિષણ પરિસ્થિતિ વિષે ચિંતા વ્યકત કરી પ્રસ્તાવ પાસ કર્યો હતો તેના

અનુસંધાનમાં રૂા. ૧૦૦૧, એકહજાર એક દુષ્કાળ રાહત ફંડ માટે ભુજ મોકલી અપાયા.

(૩) લાયબ્રેરીના વ્યવસ્થિત સ્થાપના કરવામાં આવી તથા ૬૦૧ રૂા નાં પુસ્તકો વસાવી સંચાલકોની નિમણુંક કરવામાં આવી,

(૪) અખિલ ભા. ક. ક પા. યુવક સંઘના ફંડમાટે રૂા ૩૦૧, પાસ કરી મોકલી અપાયા.

(૫) દેશભરમાં ચાલતી પાટીદાર યુવક મંડળની પ્રવૃત્તિઓ વિષે ચર્ચા કરવામાં આવી અને તેમાં યુવકો સદ્‌માર્ગે પૂરજોશથી આગળ વધે તેવો સહકાર આપવાનું નક્કી કરવામાં આવ્યું, ત્યારબાદ અલ્પાહાર પછી સભા બરખાસ્ત કરવામાં આવી.

—અસ્તુ

લિ. **વિસનજી આર પટેલ** મંત્રી

❊ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મંડળ ❊

— વડાલી વિભાગ —

ઉપરોકત મંડળની વાર્ષિક સાધારણ સભા (જનરલ મિટિંગ) સંવત ૨૦૨૯ના ચૈત્ર સુદ ૯ ને બુધવાર (રામનવમી) તા, ૧૧–૪–૭૩ ના રોજ પરબડીકંપા મુકામે સાંજના ૯–૦૦ વાગે વેકરાંકંપા નિવાસી પટેલ સીવજીભાઇ ભાણજીભાઈ વેલાણીના પ્રમુખસ્થાને ભરવામાં આવી હતી.

પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી સીવજીભાઇએ કહ્યું કે આજનો સમય શું માગી રહ્યો છે તે આપણે સર્વેને વિચારવા જેવું છે. આજે આપણા સમાજમાં બે ભાગ પડી રહ્યા છે તે ખરેખર દુઃખની વાત છે.

આ બાબતમાં આપણ સર્વ ખુબ અભ્યાસ કરી સમાજના બે ભાગ પડ્યા તે તિરાડ કેવી રીતે પુરવી તે સમય અનુકુળ વિચાર માગી લે છે; અપક્ષ અને તે પક્ષ તેવી રીતે બે પક્ષ રૂપી કુસંપનું વાતાવરણ સર્જાયું છે તે ખરેખર દિલગીર થવા જેવું છે આપણે સર્વે મળી અનાદી આર્ય સંસ્કૃતિ મુજબ વેદ ધર્મનું પાલન કરી શકીએ અને તે યોગ અનુકુળ વર્તન કરી આપ બન્ને પક્ષની એકતા સાધી શકીએ તો સાધવા જોગ છે અને જેથી આપણું સંધબળ મજબુત બની શકે.

વળી ધર્મ શું અને સંપ્રદાય શું, એ બન્ને એક છે કે જુદા તેનો વિચાર કરવો જોઇએ ધર્મ એટલે ફરજ નીતિથી સત્યનું આચરણ કરવું તે અને સંપ્રદાય એટલે વાડાબંધી. અને તો આપણે આ વાડાબધી માંથી મુકત રહી એક ધર્મ અને એક ઇશ્વર તે વિચારણા ઉપર આપનેણે સર્વ આવીશું તો મારૂ માનવું છે કે જરૂર એકતા સાધી શકીશુ ઇશ્વર સર્વ સદ્‌બુદ્ધિ અને સત્ય વિચારો આપે એવી પ્રભુ પાસે યાચના છે. આટલુ કહી હું બેસી જવા માગુ છું.
બોલો આર્ય સનાતન વેદ ધર્મનો જય.

મંત્રી : **શ્રી વિઠ્ઠલભાઇ રવજીભાઇ પટેલ** કુવાવડા
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ સેવા મંડળ–વડાલી વિભાગ

ગત તા. ૨૬-૫-૭૩ની રાત્રે ભુજ ખાતે સનાતન ધર્મના પ્રચાર માટે નક્કી કરવામાં આવેલ ધર્મપ્રચાર સમિતિના સભ્યોની નામાવલી

(૧) પટેલ સામજીભાઈ શીવજીભાઈ	દરસડી	કચ્છ
(૨) ,, કરમસીભાઈ શીવદાસભાઈ	રવાપર	,,
(૩) ,, પ્રેમજીભાઈ પુંજાભાઈ	વિથોણ	,,
(૪) ,, ખીમજીભાઈ નાગજીભાઈ (ધારાસભ્ય)	મથલ	,,
(૫) ,, મણીભાઈ વાલજીભાઈ	નખત્રાણા	,,
(૬) ,, નથુભાઈ નાનજીભાઈ	નખત્રાણા	,,
(૭) ,, લાલજીભાઈ ભાણજીભાઈ	ટોડીયા	,,
(૮) ,, વિશ્રામભાઈ કાનજીભાઈ	દેસલપુર (ગુંતલી)	,,
(૯) ,, કાનજીભાઈ ભીમજીભાઈ	ઐાંભડી	,,
(૧૦) ,, સીવદાસભાઈ ગોવિંદભાઈ	દરસડી	,,
(૧૧) ,, કરશનભાઈ મુળજીભાઈ (વાઘેલા ડેરોલકંપા–ગુજરાત)	જીયાપુર	,,
(૧૨) ,, ગાભુભાઈ ભીમજીભાઈ	કોટડા (જડોદર)	,,
(૧૩) ,, પ્રેમજીભાઈ રામજીભાઈ	કલ્યાણપુર	,,
(૧૪) ,, પ્રેમજીભાઈ સીવગણભાઈ	જીયાપુર	,,
(૧૫) ,, ગોવિંદભાઈ અબજીભાઈ	નવાવાસ	,,
(૧૬) ,, દાનાભાઈ માવજીભાઈ	રાંયણ	,,
(૧૭) ,, સીવગણભાઈ રાજાભાઈ	દેસલપુર (વાંઢાય)	,,
(૧૮) ,, વીરજીભાઈ કરશનભાઈ	જિંજાય	,,
(૧૯) ,, કરશનભાઈ હીરજીભાઈ	ગઢસીસા	,,
(૨૦) ,, લધાભાઈ મેઘજીભાઈ	વિથોણ	,,
(૨૧) ,, મનજીભાઈ વાલજીભાઈ	ઉખેડા	,,
(૨૨) ,, લાલજીભાઈ કાંનજીભાઈ	બીદડા	,,
(૨૩) ,, ખેતાભાઈ હીરજીભાઈ	આણંદસર	,,
(૨૪) ,, જેઠાભાઈ પુંજાભાઈ	અમદાવાદ	,,
(૨૫) ,, કાનજીભાઈ ખીમજીભાઈ	આણંદસર	,,
(૨૬) ,, લાલજીભાઈ માવજીભાઈ	મદનપુરા	,,
(૨૭) ,, નારણભાઈ કરશનભાઈ	આણંદસર	,,
(૨૮) ,, કરમસીભાઈ હીરજીભાઈ	મમાય મોરા	,,
(૨૯) ,, સામજીભાઈ કરશનભાઈ	વિરાણી	,,

(૩૦)	,, જેઠાભાઇ હંસરાજભાઈ	રાજપુર	,,
(૩૧)	,, વીરજીભાઇ કરશનભાઇ	પાનેલી	,,
(૩૨)	,, સોમજીભાઇ ગોપાલભાઇ	મઉ	,,
(૩૩)	,, રતનશીભાઈ નારણભાઇ	વડોદરા	,,
(૩૪)	,, ડાહ્યાભાઇ હરીભાઈ	મોતીસરી	ગુજરાત
(૩૫)	,, સવગણભાઇ લાલજીભાઇ	બદામકંપા	,,
(૩૬)	,, માવજીભાઇ ધનજીભાઇ	મુંબઈ	મહારાષ્ટ્ર
(૩૭)	,, ખીમજીભાઈ કાનજીભાઇ	વિરાણી	કચ્છ

શ્રી અખિલ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
ધર્મપ્રચાર સમિતિ, ઇશ્વરનગર : વાંઢાય

ફંડ સમિતિ

		કચ્છ	મહારાષ્ટ્ર
(૧)	પટેલ મણીભાઇ વાલજીભાઇ	નખત્રાણા	મુંબઇ
(૨)	,, પ્રેમજીભાઇ સીવગણભાઇ	જીયાપુર	
(૩)	,, સવગણભાઇ રાજાભાઇ	દેસલપર	
(૪)	,, વિશ્રામભાઈ કાનજીભાઇ	દેસલપુર (ગુંતલી)	
(૫)	,, જેઠાભાઇ પુંજાભાઈ	અમદાવાદ	
(૬)	, વીરજીભાઈ કરશનભાઇ	જિંજાય	

ગત તારીખ ૧૬-૫-૭૩ના રોજ રાત્રે ૮ કલાકે પટેલવાડી ભૂજ ખાતે કચ્છ તેમજ બૃહદ કચ્છના સનાતન ધર્મના આગેવાનોની એક મીટીંગ સનાતન સમાજની વ્યવસ્થિત રચના કરવાના હેતુથી યોજવામાં આવી હતી.

ઉપરોક્ત મીટીંગમાં સનાતન ધર્મના વિશેષ પ્રચારાર્થે તેમજ ધર્મગુરૂ નક્કી કરવા માટેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી

ઉપરાંત ઇશ્વરનગર (વાંઢાય) ને જ્ઞાતિના સનાતન ધર્મના ક્ષેત્ર તરીકે વિકસાવવા તેમજ તેને કેન્દ્રસ્થાન તરીકે સ્થાપિત કરવાની વિચારણા પણ કરવામાં આવી હતી.

વિકસતા જતા વિજ્ઞાન યુગના જમાનામાં સમાજની ભાવિ પેઢી ધર્મ વિમુખ ન બને તે માટે ધાર્મિક પ્રચારની ખાસ જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ઉપરોકત પ્રસંગે નીચે દર્શાવેલ વકતાઓએ સનાતન ધર્મના પ્રચાર માટે પોત પોતાનાં મંતવ્યો વ્યકત કર્યાં હતાં.

પટેલ પ્રેમજીભાઇ પુંજાભાઇ	વિથોણ	કચ્છ
,, નાનાલાલ વી. ઉકાણી : તંત્રી 'આઝાદ કલમ'	ભૂજ	,,
,, નથુભાઈ નાનજીભાઇ	નખત્રાણા	,,
,, નાનજીભાઇ કાનજીભાઇ	રાયણનોમાળ	ગુજરાત
,, ખીમજીભાઇ નાગજીભાઇ : ધારાસભ્ય	મથલ	કચ્છ
,, જેઠાભાઇ પુંજાભાઇ	અમદાવાદ	ગુજરાત
,, શીવદાસભાઇ ગોવિંદભાઇ	દરસડી	કચ્છ
,, પ્રેમજીભાઇ સીવગણભાઇ	જીયાપુર	,,
,, સામજીભાઈ શીવજીભાઇ	વડોદરા	ગુજરાત
,, જેઠાભાઇ હંસરાજભાઇ	રાજપુર	કચ્છ
,, મેઘજીભાઇ નાનજીભાઈ	વિથોણ	,,
,, પ્રિન્સિપાલ રતિલાલ લધાભાઇ	ઓરડીટીંબા	ગુજરાત
,, ગોવિંદભાઇ અખજીભાઇ	નવાવાસ	કચ્છ
,, વાડીભાઇ કેશરાભાઈ સહતંત્રી	વાત્રકગઢકંપા	ગુજરાત
,, કાન્તિલાલ ખીમજીભાઈ તંત્રી : 'જાગૃતિ'	ટીંબાતલાવકંપા	,,
,, મનજીભાઇ વાલજીભાઇ	ફુલ્ખેડા	કચ્છ
,, સામજીભાઇ સવગણભાઇ	હરિપુરાકંપા વડાગામ	ગુજરાત
,, અરજણભાઇ વીરજીભાઈ	લીંબાણી-નખત્રાણા	કચ્છ
,, કરમસીભાઇ શીવદાસભાઇ	રવાપર	,,
,, પ્રેમજીભાઇ રામજીભાઇ	કલ્યાણપુર	,,
,, ડાહ્યાભાઈ હરીભાઇ	મોતીસરી	,,

ઉપરોક્ત પ્રત્યેક વક્તાઓએ સનાતન ધર્મના વ્યવસ્થિત પ્રચાર માટે પ્રચારતંત્ર ગોઠવવા આપણા સમાજની ખાસ કરીને ગરીબ કન્યાઓનાં ગુજરાતમાં ઉંઝા સાઇડમાં કહેવાતું વેચાણ અટકાવવા, તેમજ અન્ય સામાજિક સડાઓને અટકાવવા માટે પોત પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યાં હતાં.

સામાન્ય રીતે ઉપરોક્ત મીટીંગમાં નીચે મુજબના નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા હતા.

આ સભાનો કચ્છ તેમજ ગુજરાતનાં લક્ષ્મીનારાયણનાં મંદીરો તેમજ સનાતન ધર્મની પ્રવૃત્તિનું સંકલન કરવાનો મુખ્ય હેતુ હતો.

(૧) આ પ્રવૃત્તિનું મુખ્ય સ્થાન (કેન્દ્રસ્થ કચેરી) વાંઢાય ઇશ્વરનગર ખાતે રાખવી તેમજ પેટા કેન્દ્રો ગુજરાત તેમજ જ્યાં જરૂરી હોય ત્યાં ખોલી શકશે.

(૨) આ પ્રવૃત્તિના વ્યવસ્થિત વિકાસ તથા બંધારણની રચના માટે એક સમિતિ નીમવાનુ નક્કી થયું.

(૩) આપણી સંસ્થાનું નામ શ્રી અખિલ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ પ્રચાર સમિતિ' ઈશ્વરનગર વાંઢાય રાખવાનુ નક્કી કરવામાં આવ્યું હતું

(૪) લક્ષ્મીનારાયણનાં મંદિરોની સંસ્થાઓનું સંકલન કરી એક મધ્યસ્થ સંસ્થા ઉભી કરવાનું વિચારવામાં આવ્યું હતું.

કન્યા છાત્રાલય ધનસુરાને લગ્ન ભેટ

રૂા. ન. પૈ.
૨૫–૨૫ શ્રી રતનશીભાઇ ગોવિંદભાઇ પટેલ C/o. વિષ્ણુ સો મીલ–નડિયાદ
ચિ. જ્યોત્સનાબેનના લગ્ન પ્રસંગે
૨૫–૨૫ શ્રી ખીમજીભાઇ તેજાલાલ પટેલ–યુદિહી
C/o. તેજાલાલ પટેલ એન્ડ સન્સ
ચિ. લાલજીભાઇના લગ્ન પ્રસંગે
૨૫–૦૦ શ્રી કરસનભાઈ માવજીભાઈ પટેલ લીંબાણી–વડોદરા
ચિ. શકુંતલાબેનના લગ્ન પ્રસંગે
૧૦ ૦૦ શ્રી કરશનભાઇ માવજીભાઇ લીંબાણી વડોદરા
ઉપરોક્ત પ્રસંગે જાગૃતિ કાર્યાલયને ભેટ

૮૫ ૫૦

ઉપરોક્ત દાન દાતાઓએ પોતાનાં બાળકોના લગ્ન પ્રસંગે પુષ્પ નહીં તો પુષ્પની પાંખડી સમ જે ભેટ આપણી સંસ્થાઓને મોકલાવી છે તે બદલ ઉપરોક્ત સંસ્થાઓ વતી તેઓને અભિનંદન તેમજ પ્રભુતામાં પગલાં પાડનાર નવદંપતિઓને આશીર્વાદ પાઠવવામાં આવે છે.

આશા છે કે સમાજનાં સૌ વડીલજનો પોતાને ત્યાં યોજાતા શુભ પ્રસંગો વખતે ઉપરોક્ત દાતાઓના ઉદાહરણને નજર સમક્ષ રાખે એજ અભિલાષા.

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન, ધનસુરા.

એસ. એસ. ના વિદ્યાર્થીઓનું ઉત્તમ પરિણામ.

માર્ચ ૧૯૭૩માં લેવાયેલ એસ. એસ. સી. પરીક્ષામાં કુલ ૨૧ વિદ્યાર્થીઓ બેઠા હતા તેમાંથી ૧૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

સૌથી વધુ ગુણ મેળવી હાઇસ્કૂલમાં પણ પ્રથમ અને દ્વિતીય નંબર મેળવનાર વિદ્યાર્થીઓ આ વિદ્યાર્થી ભવનના જ છે.

પ્રથમ ડાહ્યાભાઇ સામજીભાઈ પટેલ (હરિપુરા આકરૂન્દ) ૭૪%
દ્વિતીય નરસિંહ ગોવિંદભાઈ ડોસાણી (અમદાવાદ) ૭૧%

પાસ થનાર બધા વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગ અને દ્વિતીય વર્ગ મેળવી ઉત્તીર્ણ થયા છે. તૃતીય (થર્ડ કલાસ) વર્ગમાં આવનાર એકપણ વિદ્યાર્થી નથી.

જ્વલંત પરિણામ લાવવામાં પોતાનો હિસ્સો આપનારને અભિનંદન.

શ્રી પાટીદાર નવયુવક મંડળ, રાયપુર મ. પ્ર.

યુવક ચળવળ :

યુવકો મક્કમ વિચારધારાથી સમાજના પુનરોધ્ધારના પંથે આગળ વધશે જ.
રાયપુરની યુવક મંડળની સભામાં સંઘના મહામંત્રીએ રજુ કરેલા વિચારો

રાયપુર તા. ૪-૪-૭૩. સમાજના પુનરોધ્ધાર માટે આપણે યુવકોએ મક્કમ-વિચારોથી આગળ વધવું છે. આ કાર્યોમાં તકલીફ તેમજ વિરોધનો સામનો કરવો પડશે પણ આપણે નક્કી કરેલા પંથે આગળ વધવું જ. જેનાં સ્થળે સ્થળે પથરાયેલા આપણા—સમાજના વડીલો તેમજ યુવક ભાઇઓનો જરૂર સાથ મળશે જ આ ઉદબોધન રાયપુર મધ્યે ગુજરાત ટીમ્બર કંપનીના પ્રાંગણમાં શ્રીમાન વસ્તારામ ભાઇના પ્રમુખ સ્થાને મળેલી સભામાં સંઘના મહામંત્રી શ્રી અખઇભાઇ પ્રેમજીભાઈ એ કર્યું હતું.

આ સભામાં સંઘના મહામંત્રી તેમજ સંઘના ખજાનચી શ્રી દેવજીભાઈએ વિશેષ અતિથી તરીકે હાજરી આપેલ હતી તેમજ યુવક મંડળ જગદલપુર તથા દલ્લીરાજહરાના પ્રતિનિધિ ભાઇઓએ હાજરી આપેલ હતી તેમજ રાયપુર પાટીદાર સમાજ પ્રમુખ શ્રીમાન ધનજીભાઇ, ઉપ પ્રમુખ વસ્તારામભાઇ તથા મંત્રી કરસનભાઈ તેમજ ખજાનચી જીવરાજભાઈ, આમ સર્વે વડીલોની હાજરી નોંધપાત્ર હતી

રાયપુર યુવક મંડળના મંત્રી પન્નાલાલભાઈ દ્વારા મહેમાનોનું સ્વાગત તથા પરિચય વિધી બાદ મંડળના કાર્યની પ્રવૃતિની રજુઆત કરવામાં આવેલ. બાદમાં સંઘના મહામંત્રીએ જણાવેલ કે આ કાર્યમાં વડીલોના સાથ સહકારની સંપૂર્ણ અપેક્ષા રાખીએ છીએ. કલકત્તા તેમજ પુના સંમેલનમાં સંઘે લીધેલા નિર્ણયો તેમજ કાર્યવાહીથી વાકેફ કરવામાં આવેલ. કન્યા કેળવણી બાબત રાયપુર સમાજ જરૂર કંઇક પગલું ભરશે જ એવી આશા વ્યકત કરેલ.

સંઘના ખજાનચી શ્રી દેવજીભાઈ એ જણાવેલ કે રાયપુર આપણી સમાજના વસવાટમાં મહત્વનું મથક બનેલ છે તો અહિના વડીલો તેમજ યુવકો સંઘ તરફથી મુકાયેલા પાંચ ઠરાવોના પંચ તત્વો રૂપ પ્રશ્નોને સફળ બનાવવા કાર્યો કરે તેવી અમે અપેક્ષા રાખીએ છીએ.

સભાના પ્રમુખ શ્રી વસ્તારામભાઇએ જણાવેલ કે યુવકોની ઝુંબેશને રાયપુરનો સમાજ આવકારે છે. સમાજોત્થાનના આ કાર્યમાં અમારો હંમેશનો સહકાર રહેશેજ.

સમાજના પ્રમુખ શ્રીમાન ધનજીભાઈ એ જણાવેલ કે સંઘનાં કાર્યોને અમે સમર્થન આપીએ છીએ અને સહકારની ખાત્રી આપીએ છીએ.

સમાજના મંત્રી શ્રી કરસનભાઈ દ્વારા અહીંના સ્થાપિત યુવકોને સંપ અને એકતાથી કાર્યો હાથ ધરવા તેમજ જાગૃત રહેવા અપીલ કરવામાં આવેલ

બાદમાં મંડળના પ્રમુખ શિવજીભાઈ દ્વારા મહેમાનોની આભારવિધી બાદ સભા વિસર્જન કરવામાં આવેલ.

જગદલપુરના પ્રતિનીધી ભાઈઓના આગ્રહને માન આપી સંઘના હોદ્દેદાર ભાઈઓએ જગદલપુર મધ્યે તા. ૬-૪-૭૩ના સભામાં હાજરી આપેલ છે જે સભામાં જગદલપુરના વડીલ મુરબ્બી વેલજીભાઈએ મહેમાનોને આવકાર્યા હતા અને જણાવ્યું હતુ. કે આપ યુવકોએ હાથમાં લીધેલા કાર્યોને અહીંની સમાજ વતીથી આવકારૂં છું અને પરિપૂર્ણ સહકારની ખાત્રી આપું છું. આ સભામાં જગદલપુર યુવક મંડળના ભાઈઓ સ્થાનિક સમાજના વડીલો તેમજ રાયપુર યુવક મંડળના હોદ્દેદાર ભાઈઓ આ પ્રવાસમાં સાથેજ હતા.

અહીંના વડીલ શ્રી દાનાભાઈએ એક મહત્વનું ઉદ્બોધન કરતાં કહ્યું કે આપણી સમાજમાં બહેનોનાં સગપણ બાબત જે કોઇ મુશ્કેલીઓ ઉભી થાય છે તેનો દોષ મારી દ્રષ્ટિએ હાલની યુવક પેઢીનો છે. હમણાંનો યુવક કેટલીક રીતની ગેર સમજણથી મુકત નથી યુવક પોતાને સુધરેલો માને છે પણ તેનો આત્મા સુધાર્યો નથી આ પ્રશ્ન આપણા સમાજમાં પહેલાં આટલો કયારેય ગંભીર બનેલ ન હતો તો યુવકો પોતાના આત્માને જગાડે તે ઇચ્છનીય છે.

સંઘના મહામંત્રીએ વડીલોના વિચારોને આવકાર્યા હતા અને સમય સમય ઉપર જરૂર લક્ષ આપીશું તેવી વડીલોને ખાત્રી આપી હતી. વડીલો આ રીતે હંમેશા સૂચનો આપતા રહે તેથી અપેક્ષા વ્યકત કરી હતી.

સંઘના હોદ્દેદારોએ આ ક્ષેત્રમાં ખેડેલા પ્રવાસથી યુવક પ્રવૃતિઓ વિશે જરૂર આપણે આગળ વધી શકીશું.

આ પ્રવાસમાં અહીંના શ્રી રમેશભાઈ જોષી એ દરેક રીતે આપેલો સાથ અને સહકાર પ્રસંશનીય છે.

જશરાજભાઈ પટેલ
સલાહકાર
શ્રી પાટીદાર યુવક મંડળ રાયપુર

પનાલાલ પટેલ
મંત્રી
શ્રી પાટીદાર યુવક મંડળ રાયપુર

★ આપણે સૌ જાણીએ છીએ તેમ અન્ય કેટલાક સમાજની અમુકથી અમુક ઉંમરની બહેનોના સગપણ બાબતમાં જેમ મુશ્કેલીઓ પડે છે તેમ આપણા સમાજમાં પણ કન્યાઓના વડીલજનોને કડવો અનુભવ થતો જોવા મળે છે.

સામાન્ય રીતે ઉપર છલ્લી દ્રષ્ટિએ આપણે એવી તારવણી કરી શકીએ કે આ બાબતમાં કન્યાઓની વધુ પડતી છત અને છોકરાઓની અછતનું એ પરિણામ હોઈ શકે પણ ચોક્કસ માહિતીની જાણકારીથી આપણે અચૂક કહી શકીશું કે કન્યાઓ અને છોકરાઓનાં સગપણ બાબતમાં આપણા સમાજનો દ્રષ્ટિકોણ બદલાયેલો છે.

છોકરાઓના અભ્યાસમાં અંતરાય રૂપ ન નીવડે તે માટે છોકરાઓનું સગપણ કરવામાં વિલંબ થતો હોય છે સાથેસાથે માત્ર છોકરાઓ ભણે છે. માટે સગપણ ન કરવું એવું પણ નથી કારણકે છોકરાના માતા-પિતા તેના સગપણની બાબતમાં વધુ પડતી લાપરવાહી પણ બતાવે છે પરંતુ સગપણની બાબતમાં આવી લાપરવાહીનું વિષચક્ર આગળ વધતાં વધતાં ભૂતકાળની માફક એકસમય એવો પણ કદાચ લાવી દેશે કે અત્યારે કન્યાના વાલીઓની જે દશા છે તેવી જ દશા પાંચ સાત વર્ષમાં જ છોકરાનાં વાલીઓની સર્જાય તો પણ તે અસંભવિત નથી.

આ અંગે વિદર્ભ અને મધ્ય પ્રદેશના આપણા સમાજની વસતી ગણત્રીના આંકડાઓ તપાસીએ.

	પુરૂષો	સ્ત્રીઓ	કુમાર	કુમારિકાઓ
વિદર્ભ	૮૦૧	૬૧૧	૮૪૮	૭૬૩
મધ્ય પ્રદેશ	૧૧૨૯	૮૫૩	૧૧૮૮	૯૨૪

ઉપરોક્ત આંકડાઓ સ્પષ્ટપણે સૂચવી જાય છે તેમ સમગ્ર દેશમાં વસ્તીનો આંક આ રીતે રહે તો એટલે કે પુરૂષો કરતાં સ્ત્રીઓની જેમજ કુમાર કરતાં કુમારિકાઓની સખ્યાનું પ્રમાણ ખરેખર ઓછું હોય તો એનો અર્થ એજ કે હાલના સંજોગોમાં દીકરીનાં મા-બાપો હાથમાં જૂતા લઇ દોડે છે તેજ રીતે દીકરાના મા-બાપો માટે પણ દિલ્હી દૂર નથી.

—તંત્રી

નવા નોંધાયેલા આજીવન સભ્યો

પટેલ કરશનભાઇ રામજીભાઇ		ગાડુડીકંપા
,, ગોપાલભાઇ રતનશીભાઇ		મહાપુરકંપા
,, ચંદુલાલ નારાયણભાઇ		શરડીકંપા

★ **શ્રી હરિભાઇ ટી. પટેલ** એમ. એ; એલ. એલ. બી. એડવોકેટ **વજેપુરા** નિવાસી તરફથી તેમના લગ્ન નિમિત્તે રૂા. ૨૫] 'જાગૃતિ' કાર્યાલયને ભેટ મળેલ છે.



કાન્તિભાઈ કે. પટેલ
તંત્રી. 'જાગૃતિ'

શ્રી ગણેશાય નમઃ

જાહેર જનતાને —

ખુ શ ખ બ ર

અમારી દુકાનેથી ઇલેકટ્રીકને લગતો
હરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેકટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

●

હરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ હરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે
વિક્રેતા : સીમેન્સ ઇલે. મોટર

— રૂબરૂ મળો —



શ્રી ગણેશ ઇલેકટ્રીક એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા. ફોન : પી.પી. ૭૯

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બહામકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બહામકંપાવાળા)

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ
કરી આપવામાં આવે છે.

શ્રી જયઅંબે



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

પટેલ ઇલેક્ટ્રીકલ્સ

ઈલેક્ટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.


સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, **ધન સુ રા**
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટયુબ લાઈટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઇલે. સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર

વગેરે... વગેરે...

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટ્સ મળશે.



પ્રખ્યાત—


એ વ રે સ્ટ ઈ. મોટર્સ

તેમજ

દરેક કંપનીના સ્ટાર્ટર તથા સ્વીચો અને તેને લગતી તમામ વસ્તુઓ.

'Everest'

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ખીમજીભાઈ કરશનભાઈ
[બહામકંપા વાળા]



Shree

LAXMI ENGINEERING WORKS

AMBAWADI, SAIJPUR BOGHA,

NARODA ROAD-AHMEDABAD-2.

બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઇપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.

JAGRUTI June '73 Reg. No. G. 32..

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા (જિ. સાબરકાંઠા)

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

Book-Post

To,
60 National Saw Mill
393/3, Prince Anvar Shah
Road (Taliganj)
Calcutta-31

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સંસ્કારનો ઉચ્ચ આદર્શ રજૂ કરતું
પ્રાણવાન માસિક

*

જાગૃતિ

*

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

૭

વર્ષ : ૧૫

જુલાઈ : ૧૯૭૩

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૬/, પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧/ પરદેશમાં રૂા. ૧૨૫/ નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ
એમ. એ., બી. એડ્.
સહતંત્રી : જાગૃતિ
ગૃહપતિ : ક. ક. પા. સ. સ. વિદ્યાર્થી ભવન ધનસુરા.

શ્રી. રતિભાઈ એલ. પટેલ
એમ. એસસી.
પ્રિન્સિપાલ : શ્રીમતિ શા. મો. પંચાલ સાયન્સ કોલેજ, તલોદ.

શ્રી શામજીભાઇ એસ. પટેલ
પ્રમુખ
શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ–ધનસુરા.

ડૅા. ધનજીભાઈ કે. પટેલ
જી. એફ. એ. એમ., એલ. એમ. પી.

ડા. હંસરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસસી.

શ્રી અરજણભાઇ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

ॐ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ:
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

અનુક્રમણિકા

॥ ॐ નમઃ શીવાય ॥

તંત્રીસ્થાનેથી

ગ્રાહક ભાઈ–બહેનોને :

આપ સૌ જાણતાં જ હશો કે આપણા સમાજનું એકનું એક મુખપત્ર 'જાગૃતિ' છેલ્લાં પંદર વર્ષથી નિયમિત રીતે કાર્યાલયના આંગણેથી પ્રસિદ્ધ થતું આવ્યું છે.

આ મુખપત્રનો ઉદ્દેશ સમાજમાં સેવા સંગઠન અને સહકારની ઉચ્ચ ભાવના કેળવવાનો છે. અને એ રીતે તેના ઉદ્દેશ અનુસાર સામાજિક સદાચારોને લગતી બાબતોનો નિર્દેશ કરતી લેખન સામગ્રી તેમજ કાર્યાલય પર પ્રસિદ્ધિ માટે મોકલવામાં આવતા સમાચારો અવાર નવાર પીરસવામાં આવે છે. જેનો સૌ કોઈ ગ્રાહક ભાઈ બહેનોમાંથી જેમણે વાંચન કરવા માટે રૂચિ કેળવી હશે તેઓને ખ્યાલ હશે જ

નવાઈની વાત એ છે કે બહારની કેટલીક સંસ્થાઓમાંથી આપણા કાર્યાલય પર આવતા પત્રો પરથી આપણું મુખપત્ર પણ જનતાને ઉપયોગી સામગ્રી પુરી પાડે છે એવો સ્પષ્ટ અભિપ્રાય વ્યકત કરવામાં આવે છે. જ્યારે આપણા સમાજની વાત કરીએ તો કેટલીક વ્યકિતઓ જેમણે ભાગ્યેજ કોઈકવાર જાગૃતિ માસિક વાંચ્યું પણ હોય તેવાં તત્વો માસિક પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ સેવે છે. અને ઉંધો પ્રચાર કરવામાં આવે છે કે આપણા માસિકમાં સારી સામગ્રી પ્રસિધ્ધ કરવામાં આવતી નથી પરંતુ એવાં તત્વોને રૂચિકર એવી સામગ્રી તેઓના તરફથી તો કદી આવતી નથી એ પણ એટલી જ સ્પષ્ટ હકીકત છે.

તો અમારી સૌ કોઈને નમ્ર સુચના છે કે શિષ્ટ પ્રકારની કે જેને ઉત્તમ કહી **શકાય** તેવી **લેખન સામગ્રી** સૌ કોઈ ગ્રાહક, વાચક અગર લેખક ભાઈ બહેનો અવશ્ય મોકલાવે એવી અભિલાષા

બીજી એક વાત કે અત્યાર સુધી **આપણા** મુખપત્રને તેના ગ્રાહકો તરફથી આજીવન **સભ્ય** બનીને કે વાર્ષિક લવાજમ ભરીને જે સહકાર મળ્યો છે તેથી પણ વિશેષ સહકાર અવારનવાર મળ્યા કરે તો આપણું મુખપત્ર દિનપ્રતિદિન પ્રગતિ સાધી શકે.

 ચાલુ માસમાં કેટલાક વાર્ષિક ગ્રાહકોને અહીં કાર્યાલય પરથીજ તેઓનાં બાકી નીકળતાં લવાજમોનાં મનીઓર્ડર ફોર્મ ભરીને કવરમાં રવાના કરવામાં આવ્યાં છે, અને એ રીતે કેટલાક ગ્રાહકોનાં લવાજમો વસુલ પણ આવી ગયાં છે તો જેઓનાં લવાજમો બાકી હોય તેઓ અવશ્ય મોકલાવી આપે તેવી અભિલાષા. સાથે સાથે અત્યાર સુધીનાં લવાજમો મોકલાવી આપીને હવે પછીથી ગ્રાહક તરીકે ચાલુ ન રહેવું હોય તો પણ પત્રદ્વારા કાર્યાલયને જણાવે અને ચડી ગયેલું લવાજમ મોકલી આપે.

ભૂતકાળમાં કેટલાક ગ્રાહકોનાં લવાજમો ઘણા લાંબા સમય સુધી ન ભરાવાથી અંક બંધ કરવામાં આવ્યા છે તેવા ગ્રાહક ભાઇઓ પણ પોતાનાં બાકી નીકળતાં લવાજમો મોકલાવી આપે તે માટે પત્ર દ્વારા જાણ કરવામાં આવશે તો આશા છે કે તેઓ સૌ તરફથી સહકાર મળી રહેશે

માંડવાળ કરવાં પડેલાં લવાજમોથી તેમજ વધતી જતી મોંઘવારીના પરિણામે, પ્રતિમાસે થતા ખર્ચની સામે ઓછી આવક રહેતાં અત્યારે સારી એવી ખોટમાં પણ આપણું માસિક નિયમિત પ્રસિધ્ધ થતું રહ્યું છે.

તો આ તબકકે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના પડકારને ઝીલી લઇને હિંદુસ્તાન ભરમાં વસતા આપણા ભાઇઓમાં હાલમાં ઠેર ઠેર યુંવક મંડળોની સ્થાપના થઇ રહી છે તે ખેરેખર ખૂબજ આવકારદાયક છે. સાથે સાથે પ્રત્યેક ગામડાંઓ કે શહેરોમાં કે શહેરોમાં સ્થપાઇ ગયેલાં અને સ્થપાતાં જતાં યુવક મંડળોના સભ્યો પોતાની પવિત્ર ફરજ સમજીને આપણા સમાજનું પ્રતિબિંબ પાડતી અને ઘેર ઘેર સંદેશાઓ પહોંચાડવાની શકિત ધરાવી શકે એવી બે સંસ્થાઓ એક 'જાગૃતિ' કાર્યાલય અને બીજું ભુજથી પ્રસિધ્ધ થતું પખવાડિક 'આઝાદ કલમ' કાર્યાલયને પગભર બનાવવા, પોત પોતાના વિભાગનાં બાકી રહેતાં લવાજમો ઉઘરાવી મોકલાવી આપે તેમજ નવા ગ્રાહકો નોંધવાનુ કાર્ય અચૂક ઉપાડી લેશે તો તે ખૂબજ આવકાર દાયક પગલું ગણાશે.

આશા છે કે દરેક યુવક મંડળો આ બાબતને ધ્યાનમાં લઇ પોતાના મંડળમાંથી વિસ્તારના ધોરણે કોઇપણ એક બે કે તેથી વધુ વ્યકિતઓને જવાબદારી ઉપાડી લેવાની ફરજ સમજાવે તો સમાજનાં બે સંદેશવાહકોની અનેકઘણી મુશ્કેલીઓનો અંત આવી જાય.

જો કદાચ તેમ ન થાય તો એક સધ્ધર ગણાતા સમાજની પણ આવી સંસ્થાઓ ધીરેધીરે ક્ષયરોગના પંજામાં સપડાઇ જાય તો પણ નવાઇ નથી.

તો સહુ કોઇ જાગૃત બની આપણી આ બંને સંસ્થાઓને ટકાવવા પોતાનું સેવા કાર્ય આજથીજ આદરે એવી મહેચ્છા સેવવામાં આવે છે.

—અસ્તુ

સાચું સુખ કઈ રીતે પ્રાપ્ત થાય

સંપાદક : નવીન એમ. પટેલ
નાશિક-૧

માણસના સુખને, માણસની પ્રસન્નતાનો ઘણો બધો આધાર એના મનોવલણો પર હોય છે. જીવનમાં બધીજ ભૌતિક સગવડો માણસને મળી હોય અને એ સિવાય સુખી થવા માટેનાં બીજા અનેકવિધ સાધનો માણસ પાસે મોજુદ હોય તો પણ એ સુખી ન બની શકે એવું થાય છે.

સુખ વિશે એવું બને છે કે આપણે એ મેળવવા માટે મથીએ છીએ તો પણ ઘણીવાર એ આપણા હાથમાંથી છટકી જાય છે. અને જ્યારે આપણને એમ થાય છે કે આપણને સુખ મળશે નહિ ત્યારે જ આપણને સુખ મળતું લાગે છે. પણ સુખ મળતું નથી. એની ચિંતા જ આપણે કર્યા કરીએ એને લીધે અશાન્ત અને અસ્વસ્થ રહીએ એ તો સુખ જ્યારે આપણી પાસે આવી જાય ત્યારે પણ આપણે એને પારખી શકતા નથી, વસ્તુત : આપણા સુખનો આપણી આંતરિક પ્રસન્નતાનો આધાર આપણા સંજોગોપર નથી, આપણા જીવન વિશેના અભિગમ પર એનો ઘણો આધાર છે.

આપણી કેટલીક મુશ્કેલીઓ તો જીવનના અજંપામાંથી અને જીવનની વધુ પડતી અપેક્ષાઓમાંથી સર્જાતી હોય છે. જીવનમાં આપણી સમક્ષ એવા સંજોગો આવે છે કે આપણે દુ:ખી દુ:ખી થઈ જઇએ છીએ અને પછી આપણે એમ માનવા લાગીએ છીએ કે આપણા જીવનમાં સુખનો સુર્ય કદી ઉગવાનો જ નથી.

પણ આપણે જો આપણા જીવનમાં આવતા આવા મુશ્કેલીના અને તકલીફના પ્રસંગોએ સ્વસ્થતા જાળવી શકીએ. છેવટે એ બધી મુશ્કેલીઓનાં વાદળ વિખેરાઈ જશે એવી શ્રદ્ધા અને વિશ્વાસ જો આપણે રાખી શકીએ તો એટલા પ્રમાણમાં આપણે આપણી પ્રસન્નતા જાળવી શકીશું અને આપણે ઓછા દુ:ખી થઇશું, એટલે આપણી મુશ્કેલીઓને તકના રૂપમાં જોઇએ, હસતાં હસતાં મુશ્કેલીઓનો સામનો કરીએ અને એનું નિરાકરણ શોધીએ તો આપણે આપણી પ્રસન્નતાને જાળવી રાખીશું અને પ્રસન્ન હોઇએ તો જ આપણને સુખનો અનુભવ થઇ શકે છે.

આપણે જો આપણુ જીવન વિશે વિચાર કરીશુ. આપણે થોડુ પણ આત્મનિરીક્ષણ કરીશું તો આપણને લાગશે કે આપણી ઘણી બધી અશાંતિ અને આપણામાં ઘર કરી રહેલો ઘણો બધો અસંતોષ, જીવન પરત્વેનાં અને આપણા સંપર્કમાં આવતા આપણા સંબંધીઓ, મિત્રો વગેરે પરત્વેની વધુ પડતી અપેક્ષાઓને લીધે છે. એ જો આપણે મર્યાદામાં રાખી શકીએ તે જીવનમાં ઘણી બધી પીડાને આપણે દુર રાખી શકીએ, આપણે વધારે સુખી અને સ્વસ્થ બની શકીએ.

જીવન પરત્વેનો આવો ખમીરવંતો શ્રદ્ધાળુ અભિગમ જ આપણને જીવનમાં સાચું સુખ અને સાચી પ્રસન્નતા આપી શકશે.

★

✻ નારી ધર્મ ઔર ઉસકે આદર્શ ✻

લેખિકા :— કુમારી નિર્મલા પટેલ
મદનમહલ, જબલપુર. (મ. પ્ર.)

સૃષ્ટિ કા આદિ સ્રોત હૈ નારી ! સૃષ્ટિ-સૃજનં મેં નારી હી પુરુષ કી પૂરક હૈ ! આદિ પુરુષ એવં મહાશકિત વિશ્વ ઉત્પાદન કે સ્રોત હૈ ! ઇન્હીંસે સંસાર કા આરમ્ભ હુઆ ! સૃષ્ટિ સૃજન મેં યદિ પુરુષ કા અંશ બીજ રૂપ મેં રહા તો નારી ઉર્વરા શ્યામલા ભૂ કે રૂપ મેં રહી હૈ ! સુંજન એવં વૃધ્ધિ નારી કે સ્વાભાવિક ગુણ હૈ ! સંભવતઃ નારી અપને ઇસી ગુણ કે કારણ જનની કહલાયી ! ભારતીય ઇતિહાસ કે પૃષ્ઠ નારી મહિમા કી સ્વર્ણિમ પ્રશસ્તિ સે અંકિત હૈ હમારા શાસ્ત્ર કહતા હૈ —

"યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા" અર્થાત 'જહાં નારી કી પૂજા સમ્માન હોતા હૈ વહાં દેવતા રમણ કરતે હૈ !'

દેવ સમ્માનિત યહ નારી રત્નવિધી કી અનુપમ કૃતિ હૈ નારી કી તુલના સાક્ષાત લક્ષ્મી સે કી ગઇ હૈ ઔર ઉસે 'ગૃહલક્ષ્મી' કી સંજ્ઞા સે વિભૂષિત કિયા ગયા હૈ! લક્ષ્મીજી ધન કી દેવી હૈ ! સદાચરણ કરને વાલી યહ વિદુષી અપને આદર્શ આચારોં સે વિદ્યા દેવી સરસ્વતી કો ભી પ્રસન્ન કર લેતી હૈ ! અતઃ ગૃહ શાંતિસદન બન જાતા હૈ જહાં સુમતિ હય વહીં સંપતિ હય ! જહાં કુમતિ હૈ વહીં વિપત્તિ ! વીણા-વાદિની કી અનુકૂલતા સે લક્ષ્મી ભી સુમતિ ઢૂંઢતે ઢૂઢતે ઉસ પરિવાર મેં આ વિરાજતી હય જહાં ઉસે કલહ કી જગહ શાંતિ મિલતી હૈ અતઃ ઐસે ઘર મેં સદ્‌ગૃહણી કે પ્રભાવ સે સરસ્વતી ઔર લક્ષ્મી દોનોં નિવાસ કરતી હૈ યહી. નારી ગૃહલક્ષ્મી કે નામસે પુકારી જાતી હય !

નારી કા દૂસરા રૂપ ગૃહણી હય ગૃહકાર્ય કો પતિ સુખાર્થ ચતુરતા પૂર્વક સંચાલન કરના કી ગૃહણીત્વ હય ગૃહ કાર્ય કો ઉચિત રૂપ મેં ચલા લે જાને વાલી સફલ નારી સદ્‌ગૃહણી હૈ !

નારી કા મહત્વપૂર્ણ સ્વરૂપ જનની હય નારી કી યહ રૂપ અત્યંત આદર-ણીય વ્યાપક એવં મહાન હય ! જનન કી મહાન ક્રિયા કે કારણ હી વહ જનની કહલાયી ! મમતા ઇસકા પ્રાણ હય સૃજન કો યહ શકિત 'માતૃ', 'માતા' યા 'મા' નામોં સે સંબોધિત હય, મમત્વ નારી કા કોમલ ભૂષણ હય !

નારી કા એક ઔર દ્વિતીય મહત્વ-પૂર્ણ રૂપ પત્ની હય અપને સ્વામી કી અનુગામિની ગૃહસ્થી કે ઉત્તરદાયિત્વ કો બંટાને વાલી યહ નારી અર્ધાંગિની

કહલાતી હય પત્ની રૂપ મે નારી વિલાસ ક્રિડા સહચરી ન હોકર વિશુદ્ધ પ્રેમ કી પ્રતિક હય પતિ હી ઉસકા સર્વસ્વ હય ઐસી પતિ પરાયણા નારી હી પતિવ્રતા કહલાતી હય ! મધુર ભાવ મેં યહી કાન્તા હય નારી કા યહ વિશુધ્ધ રૂપ હી નારીત્વ હય !

ભગિની નારી રૂપકી તૃતીય ધારા હૈ ભાઇ કે સાથ સહોદરા હોને કે કારણ સ્નેહ નારીકા મહાન ગુણ હૈ ભાઇ કે પ્રતિ સ્નેહકી સરિતા બહાને વાલી નારી હી હય કન્યા ઇસકી શૈશવાવસ્થા હય તરુણી ઇસકી પરિપકવ પ્રોઢા મધ્ય એવ વૃધ્ધા અંત અવસ્થા હય કોટુમ્બિક દ્રષ્ટિસે ઔર ભી ઉપભેદ કિયે જા સકતે હય કિન્તુ વે અધિક મહત્વપૂર્ણ નહીં હય

નારીકા સર્વ પ્રચલિત રુપ પત્ની હય અતઃ સર્વપ્રથમ ઇસી પર વિચાર કરેં ભારતીય ઇતિહાસ પતિવ્રત્યકી પુનીત ધર્મ ધ્વજા ધારણ કરને વાલી નારિયોં કી પ્રશસ્તિસે પરિપૂર્ણ હય સીતા, અનસૂયા એવં સાવિત્રી ઐસી હી દેવિયાં હય, જિન્હોંને અપને નારી ધર્મ કે કારણ અમર ખ્યાતિ પ્રાપ્તકી

પાતિવ્રત્ય ધર્મ પત્નિ રુપ મેં સ્થિત નારીકા પ્રાણ–આત્મા હય. અત: નારીકા સબસે બડા ધર્મ પાતિવ્રત્ય હી હય. ઇસકે પાલન એવં નિર્વહન કે પશ્ચાત વહ અપના આદર્શ વિશ્વમેં ઉપસ્થિત કર સકતી હય પાતિવ્રત્ય ધર્મ કયા હય ઔર જગતમેં પતિવ્રતાએ કિતની પ્રકાર કી હય ઈસકા વર્ણન સ્વયં અનસૂયાજીસે સંસારકી નારિયોંકો ઉપદેશ દેનકે હેતુ સુનાયા.

જગ પતિવ્રતા ચારિ બિધિ અહહીં ।
વેદ પુરાન સંત સબ કહહી ॥
કૌનસે હય યે ચાર પ્રકાર

(૧) ઉત્તમકે અસ બસ મન માહીં ।
સપનેહું આન પુરુપ જગ નાહી ॥
(૨) મધ્યમ પર પતિ દેખઇ કૈસે ।
માતા પિતા પુત્ર નિજ જૈસે ॥
(૩) ધર્મ બિચાર સમુજિ કુલ રહઇ ।
સો નિકૃષ્ટ ત્રિય શ્રુતિ અસ કહઇ
(૪) બિનુ અવસર ભય તેં રહ જોઇએ ।
જાને હુ અધમ નારિ જગ સોઈ ॥

ઉત્તમ, મધ્યમ, નિકૃષ્ટ એવં અધમ યે ચાર પ્રકારકી નારિયાં બતાયી ગયી હય । ઉત્તમ સ્વપ્ન મેં ભી પરપુરુષકી કલ્પના નહીં કરતી । મધ્યમ અપને પતિકે અતિરિકત અન્ય સભી પુરૂષોંકો બડોંકો પિતાતુલ્ય સમવયસ્કો કો ભાઇ તુલ્ય એવં છોટોંકો પુત્ર તુલ્ય દેખતી હય ! નિકૃષ્ટ પ્રકારકી પતિવ્રતા ધર્મકા વિચાર કરકે હી કુલ મર્યાદા નહીં તોડતી । અધમ પ્રકારકી સ્રી તો ભયવશાત હી અપને ધર્મ પર ચલતી હય સીતા, અનસુયા એવં સાવિત્રી પ્રથમ કોટિકી પ્રતિવ્રતાએ હય જિન્હોંને અપને પ્રબલ સતીત્વ કે કારણ જગતમેં ખ્યાતિ પ્રાપ્તકી સાવિત્રીને અપને મૃત પતિ સત્યવાનકો અપને પાતિવ્રત્ય ધર્મ કે પ્રતાપ સે હી પુનર્જીવિત કર વાપસ પાયા । યહ હય નારી ધર્મકી મહત્તા

• જિસકે સામને યમરાજ ભી જુક ગયે। મહાસતી અનસુયાકે પ્રતાપકે કારણ હી શિવ બ્રહ્મા એવં વિષ્ણુ શિશુરુપમેં પરિણુત હો ગયે ઔર વે અપને ધર્મકી રક્ષા કરતે હુએ ઉન્હેં દુગ્ધપાન કરા સકી તથા પાર્વતી લક્ષ્મી એવં બ્રહ્માણી કે સમક્ષ અપની પરીક્ષા દે સકી અતઃ નારી ધર્મ કી પરીક્ષા કમ કઠોર નહીં ધર્મ સે કભી ન ડિગને વાલી નારી હી પતિવ્રતા હય !

નારી કા ઉત્તમ આદર્શ રખનેવાલી 'સીતા' હય ! જિન્હોને અપને પતિ કે સાથ ચૌદહ વર્ષ તક ઘોર સંકટ સહને કે બાદ ભી કભી આહ તક ન કી ! ઉનકા પરમ સુખ ઉસી મેં થા, જિસમે પતિ કા સુખ હો ! અતઃ નારી કા ધર્મ પતિ કા અનુગમન કરના હય !

નારી કા પરમ ધર્મ કયા હૈ ?

નારી જન્મ જાત અપવિત્ર માની ગયી હૈ એક દ્દહ પર સંન્યાસી કે લીયે ઉચિત હો સકતા હૈ સાધારણ સાંસારિક કે લીયે યહ અત્યુકિત હોગી ? ધાર્મિક ગ્રંથો મેં ભી નારી કો અપાવન અવશ્ય માના ગયા હૈ

" નારિ સુભાઉ સત્ય કબી કકહી "
અવગુન આઠ સદા ઉર રહ હી.
સાહસ અનૃત ચપલતા માયા,
ભય અબિવેક અસૌચ અદાયા ? "

યે આઠ અવગુણ નારી મેં જન્મ જાત હય

સાસ ઔર સસુર કે પ્રતિ વધૂ કા ધર્મ

સાસ સસર કી ચરણુ સેવા કરના વધૂરુપ મેં નારી કા યહી શ્રેષ્ઠ ધર્મ હય. સાસ સસુર કે પ્રતિ વધુ કા આદર ભાવ હોના ચાહિએ. ગુરૂજનોં કે સામને પતિ સે સીધે બાત ન કરને કી મર્યાદા સીતા કે ચરિત્ર મેં દેખિયે. શ્રીરામ પત્ની કો જહાં સાસ સસુર કી સેવા કરને કી સીખ દેતે હય વહાં સીતા ઇસે સ્વીકાર તો કરતી હય કિન્તુ પતિ સેવા કરના ઇસસે ભી બડા ધર્મ માનતી હયં માતૃ તૃલ્ય કૌશલ્યાજી સામને વિરાજિત હય અતઃ મર્યાદા નિબાહના આવશ્યક હય ઇસલિયે પતિ કી સીખ કા ઉત્તર પતિ કો ન દેકર જિન મીઠે શબ્દો મેં અપની સાસ કૌશલ્યાજી કો દેતી હય

લાગિ સાસ પગ કહ કર જોરી ।
ક્ષમનિ દેવિ બડી અવિનય મોરી ॥

બોલને કે પહેલે ભી સાસ સે ક્ષમા માંગના ઔર ઉનકે પેર પડના પતિ સે પ્રત્યક્ષ મેં બાત ન કરતા જિતની મર્યાદા હય સીતા કે ચરિત્ર મેં । યહી તો ભારતીય નારી ધર્મ કા આદર્શ હય । સંકટકાલીન સ્થિતિ મેં ગુરૂજનોં સે ક્ષમા માંગકર (કિંતુ પર્દા કરતે હુએ) વધુ વાત કર સકતી હય । સંકટ-કાલીન સ્થિતિ મે પરપુરૂષ સે બાત કરને કા મર્યાદિત ઢગ સીતા રાવણ પ્રસંગ મેં દેખિયે ।

 રાવણ બાર બાર આગ્રહ કરતા હય સીતા સે અપની ઓર દેખને કા કિન્તુ નારી ધર્મકી મર્યાદાકી પ્રતિમૂર્તિ સીતા કિસ ઢગ સે વાત કરતી હય

તૃન ધરિ ઓટ કહતિ વૈદેહી । સુમિરિ અવધપતિ પરમ સનેહી ॥

પતિ કે પ્રતિ નારી કા ધર્મ

સ્ત્રી કે લિયે તો પતિ હી સબ કુછ હય કુટુમ્બી લોગ પ્રિય હય કિન્તુ પત્ની કા નાતા ઇનસે પતિ કે નાતે સે લેકર હી હય પતિ કા સુખ હી નારી કા સુખ હય વિના પતિ કે નારી એસી હય જેસે વિના પાની કે નદી ઔર બિના પ્રાણ કે દેહ ! કઠિન વિપત્તિ કે સમય હી નારી કે ધર્મ કી પરીક્ષા હોતી હય કિતની નારિયાં હય એંસી જગત મેં જો પતિ કે સુખમેં સુખ ઔર દુખ મેં દુખકી અનુભૂતિ કરતી હય

સાસ રૂપ મેં વધૂ કે પ્રતિ નારી કા ધર્મ

જહાં પુત્રવધુ કા ધર્મ સાસ સસુર કી સેવા કરના હય વહાં સાસ કા ધર્મ ભી યહ હો જાતા હય કિ વહ વધુ કો અપની બેટી સે બઢકર સમઝે આજ હમ દેખતે હય કિ સાસ વહુ કા મનમુટાવ ગૃહ યુદ્ધ કા કારણ હોતા હય વહુ મા સે પુત્ર છીન લેતી હય ઔર સંપુર્ણ કુટુમ્બ કો પ્રથક કર દેતી હય તો દુસરી ઓર સાસ બહુ કો ભાંતિ ભાંતિ કી યાતનાએં દે ઉસે સંત્રસ્ત કરતી રહતી હય કયા હી અચ્છા હો કિ સાસઔર બહુએ કોશલ્યા ઔર સીતા સે પરસ્પર કે બર્તાવ કી શિક્ષા લે ।

નારી કા વ્યકિતત્વ જિતના મહાન હય ઉતના હી ઉસકા ધર્મ ભી મહાન હય નારી ધર્મ પાલન કરને વાલી નારી હી અપને જીવન મે નિખાર લા સકતી હય પતિ કે પ્રતિ શ્રધ્ધા, સ્વજનો કે પ્રતિ પ્રેમ, પુત્ર કે પ્રતિ સ્નેહ, અતિથિ કે પ્રતિ વિનમ્રતા ઔર સત્કાર, મિત્રો ઔર પડોશિયો કે પ્રતિ સદ્વ્યવહાર યે સભી નારી ધર્મ કે અંતર્ગત આતે હય ઇનસે વિમુખ સ્ત્રી નારી નહી હો સકતી. આજ પશ્ચિમ કી હવા ને ભારતીય નારી ધર્મ પર જો આઘાત કિયા હય ઉસસે ભારતીય નારી સંસ્કૃતિ કો કમ આઘાત નહી લગા હય કિન્તુ ભારતીય નારી કી યે ધર્મ પરમ્પરાએ ઇતની ગહન ઔર મહાન હય કિ ઇનકી નીવ અભી નહી હિલ પાયી હય નારી પુરૂષ સે પ્રતિસ્પર્ધા કરને વાલી નહી વરતુ ઉસકી સહચરી હય, યહ કમ સે કમ ભારતીય નારીયોં કો નહી ભુલના ચાહિએ ધર્મ નારી કા પ્રાણ હય ઇસકે બિના નારી કા નારીત્વ શૂન્ય હય

★

શુભ વિવાહ—એક દ્રષ્ટિપાત

અમૃત આર. પટેલ
સિવિલ હોસ્પિટલ, અમદાવાદ

સુજ્ઞ મહાશય,

સવિનય જણાવવાનું કે શ્રી.... ની કૃપાથી અમારા.......ના ચિ....... નાં સુભ લગ્ન......ના રોજ નિરધાર્યા છે.........."

અત્યારે જ્યાં જુઓ ત્યાં લગ્નની સિઝન પુર જોસમાં ચાલુ છે. એક લગ્ન પૂરા થયાં નથી કે બીજા લગ્નમાં જવાનું હાજર જ હોય છે.

હોડધામ, ધાંધલ, ઉતાવળ, વિઘ્ન, સગપણ, લગ્નની તૈયારી, શુભ વિવાહ પત્રિકાઓ, લગ્ન.........

મા–બાપ વિચારે છે, આવતી સાલે દિકરાના લગ્ન તો લેવાજ પડશે. ઘરમાં નવી વહુ તો આવશે. દિકરીની ઉમર અત્યારે ચૌદ વર્ષની છે, આવતી સાલે તો એ પંદર વર્ષની થઇ જશે એનું પણ સાથે સાથે પતાવી નાખીએ (!) પણ હાં, હવે એનાં સગપણ કરવાં પડશે. છોકરાનાં સગપણ તો જલ્દી થઇ જશે, પણ છોકરીનું શું ? એમ કરીએ, પહેલાં છોકરીનાં સગપણ થઇ જાય પછી છોકરાની વાત. બધાંજ મા–બાપ આવું વિચારે એટલે પછી છોકરીઓની સંખ્યા ઓછી હોય તો પણ એમજ લાગે કે જાણે છોકરીઓના ઢગલા છે વળી જો છોકરો ભણતો હોય (કોલેજમાં) એટલે મા–બાપ થોડું ગૌરવ લેતા જાય, અમારે એનાં સગપણની ક્યાંયે વાત પણ અત્યારે કરવી નથી, છોકરાને ભલે એવું મનમાં હોય કે ન પણ હોય !

અને પછી મા–બાપ કમર કસીને છોકરીનાં સગપણ શોધવા નીકળી પડે. અમારો છોકરો નાનો છે, હજુ ભણે છે. લગ્ન આ સાલેજ કરે તો સગપણ કરીએ, અમે બીજા જોડે વાત ચલાવી છે માટે તે નકકી ન થાય તો તમારી સાથે કરીએ, અમારાં સગાસબંધીને પૂછીને પછી કહીએ, પરણાવ્યા પછી તરતજ સાસરે મૂકો તો વેવિશાળ કરીએ વગેરે વગેરે શરતો, બહાનાં થાય છેવટે છોકરીનાં મા–બાપ કંટાળે અને ગમે તેવી શરતોનું પાલન કરવા તૈયાર થાય અને આમ ગમે ત્યાં ગમે તેવી જગ્યાએ કન્યાનાં વેવિશાળ થાય પંદર વીસ દિવસ કે મહિના અગાઉ જે કન્યાને ખબર નથી હોતી કે મારાં વેવિશાળ થયાં છે એ કન્યાને પંદર વીસ દિવસ બાદ શ્વસુરધામ જવું પડે એવી પરિસ્થિતિ આજે આપણા સમાજમાં વર્તાઈ રહી છે એ દુઃખની વાત છે.

બિચારી કન્યા હજુ માંડ સારી રીતે કપડાં પહેરતાં શીખી હોય, સગપણ

જાહેર વિજ્ઞપ્તિ

આજરોજ તા. ૧૨–૭–૭૩ની ટપાલમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ તરફથી નીચે મુજબ કાર્યાલય બદલવા અંગેનો સંદેશો મળ્યો. પરંતુ 'જાગૃતિ' અંક છપાઇને લગભગ તૈયાર થઇ ગયેલ હોવા છતાં આ સમાચારની ખૂબજ અગત્યતા હોઈ જુદા પાના ઉપર છાપીને 'જાગૃતિ'માં સામેલ કરેલ છે. તો યુવક સંઘ સાથે સંબંધિત દેશવિદેશમાં સ્થપાઈ ચૂકેલાં તેમજ સ્થપાતાં જતાં આપણાં દરેક યુવક મંડળો તેમજ તેના સર્વ સભ્યોને વિદિત થાય.

—તંત્રી

—— સંદેશો ——

સગવડતા ખાતર શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘનું કાર્યાલય તા. ૧૫–૭–૧૯૭૩થી નીચે જણાવેલ સ્થળે ફેરવવામાં આવશે. તો હવે પછી તે દિવસથી યુવક સંઘ સાથે પત્રવ્યવહાર નીચે જણાવ્યા અનુસાર નવા સરનામા મુજબ કરવા સૌ ભાઈ–બહેનોને વિનંતી છે.

પત્ર વ્યવહારનું નવું સરનામું :

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ
C/o. પ્રેમજી એન્ડ ભીમજી કાં.
૫૫/A, એચ. પી. મુખરજી રોડ
કલકત્તા–૨૬

ફોન નં. ૪૭–૩૨૯૪

[ઉલટાવી જુઓ]

શ્રીમાન,

કુશળ હશો !

આપ જાણો છો અને સમજો છો કે આપણું માસિક 'જાગૃતિ' સમાજની પ્રગતિ માટે હવે આગેકૂચ કરી રહ્યું છે. આપને સમાજની ઉન્નતિ થાય તે ગમે છે અને તેથી જ આપ આ માસિકના ગ્રાહક તરીકે ચાલુ રહ્યા છો તે બાબત પ્રશંસનીય છે.

હજુ પણ સમાજના ઉત્કર્ષને વધુ વેગવાન બનાવવા જાગૃતિ માસિક વધુ શકિતશાળી બને તે માટે આપના સહકારની અપેક્ષા રાખવામાં આવે તો તે યોગ્ય જ છે.

આપ આ માસિકના આજીવન સભ્ય ન બન્યા હો તો આજે જ બની જાઓ. ઉપરાંત આપના મિત્ર તેમજ સંબંધીને સમાજ પ્રેમનું મહત્ત્વ સમજાવી તેમને પણ જાગૃતિ માસિકના ગ્રાહક બનાવો જ.

આપને ત્યાં રૂબરૂમાં આવી લવાજમ ઉઘરાવવામાં આવે તો નકામું ખર્ચ થાય તેના કરતાં તો મનીઓર્ડરથીજ ભરવાની રકમ મોકલી આપો તો સહકાર આપ્યો ગણાશે.

સ્વ માટે તો સૌ કોઈ ખર્ચે છે. સ્વનો જ વિચાર સ્વાર્થી બનાવે છે. આપણે પરમાર્થી બનવાનો વિચાર કરીએ તો કંઇક વિશેષ કહેવાય. છતાંય પરમાર્થમાં સ્વનો સમાવેશ થઈ જાય છે. આવો વિચાર કરાએ તો માનવ-જીવનને લાયક બનાવવા જેવું છે.

દરેક વ્યકિત આ વિનંતીને સમજી જાગૃતિ માટે જરા ઉદાર બને તો ખરેખર એક દિવસ એ એટલું ઉત્કૃષ્ટ કોટીનું માસિક બન્યું હશે કે જે આપણા સર્વનું ગૌરવ હશે.

ફરીથી આપને વિનંતી કરવામાં આવે છે કે આપણી ભાવિ પેઢીને નવો રાહ તેમજ દિવ્ય જીવન માટે જાગૃતિના આજીવન સભ્ય બનો અને બનાવો. સભ્ય ફી મનીઓર્ડરથી જ મોકલી આપશો તો પણ ચાલશે.

વાડીભાઈ કે. પટેલ
સહતંત્રી 'જાગૃતિ'

લગ્ન વર્ગના ટૂંકા ગાળામાં ભણતર છોડીને માંડ ઘરકામ શીખવાની શરૂઆત કરી હોય અને પછી લગ્ન બાદ શ્વસુર ગૃહે જઈ સારી વહુનો વેષ ન ભજવી શકે એમાં વિચારી કન્યાનો શો દોષ !

ખેર, ગમે તેમ સગપણ તો થાય આ તબક્કે સગપણ બાબતમાં વાલીઓએ એ ધ્યાન રાખવું ઘટે કે સગપણ પહેલાં છોકરાઓને એકબીજા સાથે મળવા અને વાતચીત કરવાની છૂટ આપવામાં આવે તો કેટલાક કિસ્સાઓમાં વાલીઓને જે દોષ દેવામાં આવે છે તેમાંથી વાલીઓ ઉગરી જાય સગપણ માટે છોકરીઓને જ એટલી હાડમારી શા માટે કે સગાંવહાલાંમાં કોઈકની છોકરી રહી જતી હોય તો તેઓ વચ્ચે ફાચર મારવાનો પ્રયત્ન કરે, આપણી ધારેલી જગ્યાએ સબંધ થવા ન દે અને જરૂર પડે છુટાછેડાની પણ વાતો કરે ! આપણા સમાજનાં આવી પરિસ્થિતિ એ આપણું દુદેવ નહિ તો બીજું શું !

આપણો સમાજ દિન પ્રતિદિન પ્રગતિ કરી રહ્યો છે. ત્યારે હજુ અત્યારે પણ કજોડાં, છુટાછેડા, બાળલગ્ન જેવાં દુષણોનું પ્રમાણ વધતું જતું જણાય એ શું યોગ્ય છે! આ માટે ખરેખર વાલીઓએ સાવધ થવાની જરૂર છે. છોકરીઓનાં મા-બાપોને જ આવી હાડમારી શા માટે છે ? ' ધીરી બાપુડિયાંના ન્યાયે છોકરાઓ માટે પણ આવી જ પરિસ્થિતિ આવે તો નવાઈ નહિ. અમુક પુખ્ત ઉંમરે પહોંચ્યા બાદ છોકરા-છોકરીઓનાં સગપણ થાય એમાં શું ખોટું ? આમ કરવાથી તેઓનાં ધ્યાન જ્યાં ત્યાં ન ભટકતાં એક જગ્યાએ કેન્દ્રિત થાય બંને એકબીજાને ઓળખવા, સમજવાનો પ્રયત્ન કરતાં થાય. સ્ત્રી યા પત્નિ જો આદર્શ પ્રેરણામુર્તિ બની રહે તો ઉલ્ટાની પુરૂષને વિઘ્નરૂપ ન બનતાં દરેક કાર્યમાં સફળતા અપાવી શકે

અત્યારે કન્યા કેળવણીને આપણે જોરશોરથી વધાવીએ છીએ. એસ. એસ. સી. પહોંચતાં સુધીમાં છોકરીનાં સગપણ થાય તો કામનું કે જેથી તેનો પતિ તેને યોગ્ય રીતે છોકરીને ભણાવી શકે યા જેમ ઇચ્છે તેમ કરી શકે અને આમ કન્યા પોતાના પતિને અનુરૂપ બની શકે. પછી કન્યાને કોલેજમાં ભણાવીએ અને જો યોગ્ય સુરતિયો ન મળે તો એમ લાગે કે આના કરતાં તો ન ભણાવી હોત તો સારું આપણે એવી પરિસ્થિતિ સર્જવા જ ન દઈએ તો ?

ઉતાવળે ઉતાવળે થયેલ સગપણ બાદ થોડાક ગણતરીના દિવસોમાં વાલીઓએ કન્યાને પરણાવવાની હોય પુરતો સમય પણ નથી રહેતો કે જેથી લગ્નની તૈયારી શાંતિથી થાય સગપણ માટે ય દોડધામ અને ઉતાવળ લગ્નમાં પણ એવુ જ એના કરતાં શાંતિથી સગપણ ત્યારબાદ સગપણ અને લગ્ન

 ...આરો એવો ગાળો રહે, બને યુવાન હૈયા વચ્ચે પત્રોની અને તે દ્વારા એકબીજાના વિચારોની આપલે થાય બંને એકબીજાને ઓળખવાના પ્રયત્નો કરે અને આપણે એની વગોવણી કરીએ, આપણે જાતે જ આપણા છોકરાઓનાં અવરોધક બનીએ !

આમ કરતાં લગ્ન દિવસ નજીક આવે લગ્નમાં સારૂં દેખાડવાના પ્રયત્નો સ્વરૂપ આપણે આપણી જાતને દેવાના બોજ તળે કચડાવીએ. આપણી શકિત હોય યા ન હોય છતાં લોકોને સારું દેખાડવાના પ્રયત્નો કરીએ લોકો તો સારૂ હોય યા ખરાબ, દુધમાંથી પોરા શોધીને પણ આપણી વાતો તો કરવાનાજ એ જાણતા હોવા છતાં આપણે આપણુ પાણી દેખાડયે જઇએ ઘેર. જાન આવે, જેટલાં બને તેટલા વધુ માણસો લાવવાની છુટ હોય તેમ જ ગી આંકડા સાથેની જાન હોય, એ ધ્યાન રાખ્યા વિના કે કન્યાપક્ષ આપણી આટલી સંખ્યા સહન કરી શકશે ? પછી એમ સાંભળવા મળે કે વેવાઈએ અમારી સારી સરભરા ન કરી અને આવામાં વચ્ચે વચ્ચે કયાંક "વરરાજા" જાણે મોટા 'રાજા' ન હોય તેમ Power' બતાવીને પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરે. આમ કરીને શું તેઓ સાસરા પક્ષ તરફથી સારી લાગણીઓ ટકાવી શકે ? એક જગ્યાએ એવું બન્યું કે વરરાજાએ હઠ લીધી કે કન્યાને ખુલ્લે મોઢે પરણાવો તો જ લગ્ન કરૂં, વરવાજા સુધારાવાદી કહેવાય એમાં ના નહિ જો એટલું વિચારે કે આવી જ પરિસ્થિતિ મારી બહેનની આવે તો શું એવું કરી શકીએ ? પાછળથી આવું ધાંધલ શોભાસ્પદ ન કહેવાય આવુ કરવા માટે કોઇકના ચડાવ્યા ચડી જઇને વગર વિચાર્યું પગલું ભરીએ એ પહેલાં થોડોક વિચાર કરીએ તો સારું.

છેવટે પરણાવા આવેલ વરરાજા કન્યાને લઈ જાય પિતૃગૃહની શોભા ગણાતી કન્યા હવે સસુરધામે નવવધુ બનીને નારીના બંજા રૂપનો વેષ ભજવે કન્યાનાં સગાંસબંધીને વ્યથિત હૃદયે કન્યાને વિદાય આપે અને આમ વરરાજા એક સ્ત્રીની જીવન દોર સંભાળવાના હકદાર બને

કન્યા સસુરધામની નવોઢા બને અને હવે માતૃશ્રીનું સ્થાન સાસુ લે શું બધીજ સાસુઓ પોતાના એ પાત્રને સારી રીતે ભજવે છે ? વહુને કશું આવડતું નથી એમ કહી વહુને વગોવવાને બદલે, એને શાંતિથી હેતથી શીખવાડવામાં આવે તો શું એ કામ શીખી ન શકે ? જરૂર શીખી શકે. પણ જો સાસુ પહેલેથીજ વહુ પર રોફ જમાવાવના પ્રયત્ન કરે તો બિચારી નવી આવેલી વહુ જે આવડતું હોય એ પણ સારી રીતે ન કરી શકે. દરેક સાસુ જો એમ વિચારે કે હું એક દિવસ વહુ હતી અને તે વખતે પોતાની પરિસ્થિતિ કેવી હતી, તે વિચારે પોતાની સાસુ તરફથી તેના પ્રત્યે સારું વર્તન ન હોત તો તે વખતે તેની કેવી પરિસ્થિતિ હતી એવી પરિસ્થિતિ મારી વહુની શા માટે થાય

એવું વિચારે અને જો પોતાને સાસુ તરફથી સારું વર્તન હતું તો તેને પોતાની વહુ પ્રત્યે ખરાબ વર્તન કરવાને અધિકાર નથી એમ માને તો કેટલું સારૂ કે જેથી સાસુ–વહુ એ સાચા અર્થમાં મા–દિકરી બની રહે ! નવી આવેલી વહુ માટે નણંદ, જેઠાણી વગેરેએ પણ સારો ફાળો આપવો જરૂરી છે. અને આ બધું છતાં જો પતિદેવ સ્ત્રીની સાથે ન હોય, સ્ત્રીનું ખરું–ખોટું સાંભળવા તૈયાર ન હોય અને માત્ર વાતો સાચી છેકે ખોટી તે જાણ્યા વિના માત્ર કાન ફુંકતી વ્યકિતઓને સાંભળીને ઉધુચતું કરવા તૈયાર થાય અને આગળ વધી છૂટાછેડાની વાતો કરવા માંડે તો તેના પર વિશ્વાસપૂર્વક મૂકવામાં આવેલ જવાબદારીનો કેવો મોટો વિશ્વાસઘાત કર્યો કહેવાય.

લગ્ન એ માત્ર જાતિય સુખ માટેનું સાધન છે એમ નથી. લગ્ન એટલે બે આત્માઓનું મિલન, બે આત્માઓનું એક થવું. એ આત્માઓના મિલનને છૂટાછેડાની વાતથી આપણે અધુરાં રાખીએ. શી ખાત્રી બીજુ પાત્ર પણ તમને તમારી ઇચ્છા મુજબનું મળશે. એના કરતાં આપણે વરમાળા આપણી પસંદગીની વ્યકિતને પહેરાવીએ અને તે છતાં આપણે અસતુષ્ટ રહીએ, આપણું નસીબ કહેવાય. અરે હું તો એમ કહું છું કે એક વખત આપણા નસીબમાં મળેલ પાત્રને આપણે નિભાવવું જ જોઇએ એ આપણને યોગ્ય ન હોય તો આપણે તેને બનાવવા પ્રયત્નો કરીએ અને એજ પાત્રને નિભાવીએ એમાં જ આનંદ સમાયેલો છે.

ખેર, નવી વહુ સાસરે આવે ત્યારે જો લાજપ્રથાનું બરાબર પાલન ન કરતી હોય તો ચારેબાજુ જોરશોરથી તેની ટીકાઓ થાય. લાજપ્રથા છે એ ખોટું નહિ પણ એમાં મર્યાદા જરૂરી છે. નહિતર મોટા એટલા બધાને માટે સ્ત્રીને ઘૂમટો તાણીને ફરવા દેવાની ફરજ એ સ્ત્રી માટે અવરોધક છે. અમુક મોટેરાં વડીલોની લાજ કાઢે અને બાકી સંયમ મર્યાદા જાળવે તો એમાં શું ખોટું. સ્ત્રીની સ્વભાવ સહજ ઇર્ષ્યાવૃત્તિ નવી વહુને નવા વાતાવરણમાં અનુકૂળ થવાને બદલે તે વાતાવરણ પ્રત્યે કડવાશની લાગણી પેદા કરવામાં મદદરૂપ બને. ફલાણી વહુ આવી છે, તેવી છે, લાજ વિનાની છે એવી વગોવણી વૃધ્ધાઓની અને સ્ત્રીઓની મીટીંગોમાં થતી હોય છે. એના કરતાં વહુઓનાં સારાં તત્વોની વાતો યા બીજી કોઈ ધાર્મિક પ્રવૃત્તિઓમાં સમય વ્યતિત થાય તો કેવુ સારૂં, વહુંઓની વગોવણીનુ રીલે સ્ટેશન ધાર્મિક પ્રવૃત્તિએનુ ચર્ચાસ્થાન બની રહે એવું થાય તો !

અને આમ લગ્ન બાદ નવું જીવન શરૂ થાય. પતિ–પત્નિ એકબીજાની નજીક આવે એકબીજામાં સમાઇ જાય અને છેવટે એનું ફળ નવા જીવનો ઉદય થાય. ઘર કિલ્લોલતું બને, એ 'જીવ' મોટો થાય, ભણતો થાય ફરી સગપણ, ફરી લગ્ન અને આમ 'શુભ વિવાહ'નુ ચક્કર ચાલ્યા કરે. ધાંધલ, ઉતાવળ, ખોટી દોડાદોડી, ભેગા લગ્નો પતાવવામાં બાળલગ્નોની વિકસતી બદી. આ બધાનો એક જ ઉપાય—

ઓછાં સતાન, ઓછો સંતાપ,
ઓછાં બાળ, જય ગોપાલ ! જયગોપાલ !

✻ નમ્રતા ✻

ગીરીશકુમાર એસ. પટેલ
પાલઘર

કુમાર એક જીદ્દી છોકરો હતો. કોઇની સામે ઝુકવાનું તેને ગમતું નહી પોતાના વડીલ સામે પણ તેણે પોતાનુ માથુ નમાવ્યું ન હતું. તેના આ જિદ્દી અને અભિમાની સ્વભાવ માટે તેની સપત્તિ અને માતા-પિતાનો લાડ, પ્રેમ જવાબદાર હતો. જેણે આ પુત્રમાં મવાલીપણાના સંસ્કારનું સિંચન કર્યું હતું. ' સર કટા સકતે હૈ લેકીન સર ઝૂકા સકતે નહી " એ કુમારનો જીવન સિધ્ધાંત હતો.

હાલમાં તે S. S. C નો વિદ્યાર્થી હતો. પરંતુ તેનામાં નહતી ગંભીરતા કે ન હતી શરમ. પોતાના શિક્ષકને મારતાં પણ તે અચકાતો નહીં. તેથી શિક્ષકો પણ તેનાથી ગભરાતા અને તેની ભાંગફોડીયા પ્રવૃત્તિનો વિરોધ કરતા નહીં.

પરીક્ષા નજીક આવી રહી હતી પરીક્ષાનાં ફોર્મ પણ ભરાઇ ચુકયાં હતાં.

કુમારે પોતાના સાથી સહીત શાળામાં ભાંગફોડ કરવાનું નકકી કર્યું, અને કરી પણ ખરી, પરંતુ તેને કયાં ખબર હતી કે આ બધું તેનાથી અદ્રશ્ય એવી બે આંખો જોઇ રહી હતી.

તે હતા શાળામાં નવા આવેલા અમૃતલાલ ગુરૂજી. પોતાના વિદ્યાર્થીનું આ કૃત્ય જોઇ તેમને ઘણું દુઃખ થયું, ઉપરાંત તેઓ કુમારના અભિમાની સ્વભાવને જાણતા હતા. તેમનુ મન કહી રહ્યું હતું " તેને તેના ગુન્હાની સજા થવીજ જોઇએ" તેમણે પરીક્ષાના ફોર્મ કે જે હજી સુધી કેન્દ્રને મોકલ્યાં ન હતા તે રદ કરવાનું નકકી કર્યું.

આ સમાચાર મળતાં કુમારનું દીલ જીવનમાં કદાચ પ્રથમ વારજ ધડકી ઉઠયું અમૃતલાલે કરેલાં આ સજા તેના આખા વર્ષની નિષ્ફળતા અને પિતાની ઇજજતના કાંકરા થવા બરાબર હતું તેણે અમૃતલાલને સમજાવવાની કોશિષ કરી, પૈસાની લાલચ આપી, મારવાની ધમકી આપી અને તેનો અમલ પણ કર્યો પરંતુ અફસોસ, અમૃતલાલ એકના બે ન થયા. પરંતુ અંતે અમૃતલાલ દયાળુ માનવી હતા તેમણે જણાવ્યુ કે "જો કુમાર માફી માગેતો કદાચ......" કુમારે પ્રથમવાર કોણ જાણે કેમ પશ્ચાતાપનો અનુભવ કર્યો. તેને કરેલા કૃત્ય પર ખુબજ પસ્તાવો થયો. રાત્રે નિંદ્રામાં તેને ભયંકર સ્વપ્ન દેખાવા લાગ્યું તેનું મન રડી ઉઠયું અને.........

" મને માફ કરો સર " બીજે દીવસે કુમારે અમૃતલાલ સમક્ષ પોતાનું માથું નમાવી કહ્યું. અમૃતલાલે તેની પીઠ થાબડતાં કહ્યું " શાબાશ, નમ્રતા એજ સજ્જનતાનું લક્ષણ છે, નહીં કે અભિમાન" તેમના મુખ પર સંતોષનું સ્મિત હતું.

'માની'ની મમતા ✻

પટેલ રાધાબેન હંસરાજભાઈ
મગનપુરાકંપા

રવિવારની સવાર હતી. વસંત નાહી ધોઇને સવારમાં તૈયાર થઇને કોઇ એક આરામ ખુરશીમાં બેસીને પેપરો વાંચી રહ્યો હતો. કારણકે રવિવારની રજા હોવાના કારણે તેની પત્ની વિજયા પણ તેની સામેની ખુરશીમાં બેસીને કોઈ એક પુસ્તક વાંચી રહી હતી તેના ચહેરાના હાવભાવ વારંવાર બદલાતા હતા. તે વસંત ત્રાંસી નજરે જોઇ લેતો હતો. અને વિચાર કરતો હતો, આ ઓરડામાં ફક્ત ચોપડીઓનાં બદલતાં પાનાનાં અવાજ સિવાય બધું શાંત હતું.

એકાએક વસંત ઘણા વિચારો કરીને તેની પત્ની વિજયાને કહે છે કેમ આજે આપણે સિનેમા જોવાનું શું કરશું ? ત્યારે વિજયાએ ઉદાસ હોવાના કારણે મન વગર જવાબ આપ્યો, મારી તો સિનેમા જોવાની જરાય ઇચ્છા નથી, આપને જવુ હોય તો જઇ શકશો. આવા જવાબથી વસંત પણ વિચારમાં પડી ગયો અને મનોમન વિચારવા લાગ્યો કે વિજયાને આજે શું યાદ આવી ગયું છે ? થોડી મિનિટ બાદ ફરી વસંત વિજયાને કહે છે કે આપણે સિનેમા જોઇ તેને આજે પાંચેક મહિના થઇ ગયા છે. છતાં તારા ચહેરા પર આનંદનાં કિરણો જણાતાં નથી. આજે તુ આટલી બધી નિરાશ કેમ દેખાય છે ? વિજયા તુ કોઇપણ વિચારમાં છે. તું મને જલ્દી કહે આટલી ઉદાસ કેમ છે ? ત્યારે વિજયા ધીમા સ્વરે જણાવે છે કે મને કંઈ પણ વિચાર નથી આવતા, આપની ઈચ્છા સિનેમા જોવાની હોય તો હું આવવા તૈયાર છું. એટલું કહેતા વિજયાની આંખમાં શ્રાવણ–ભાદરવો વહેવા લાગ્યો. તેની આગળ પાંચ મહિના પહેલા બનેલ લાડીલી પુત્રી જયાના મૃત્યુનું દ્રશ્ય ઉપસ્થિત થઇ આવ્યુ હતું તે પોતાની હસતી રમતી પુત્રી અચાનક અજાણી દિશામાં ગાયબ થઇ ગયેલી તેની યાદ આવી ગઇ અને ઉંડા વિચારમાં મગ્ન થઈ ગઇ.

પરંતુ કુમારની હાલત........રોજ અક્કડ રહેતી છાતી આજે કેમ નરમ બની ગઈ ? રોજ નીલ ગગન જોતી આંખો આજે ધરતી તરફ કેમ મંડાઇ ગઇ ? અને પડોશમાં વાગતો એ ટ્રાન્ઝીસ્ટર " સર કટા સકતે હૈ લેકીન સર ઝૂકા શકતે નહીં " ગીતના પ્રત્યેક અક્ષર તેની ઠેકડી ઉડાવી રહ્યા હતા.

પરંતુ કાનમાં અમૃતલાલના શબ્દો ગૂંજી રહ્યા હતા, " નમ્રતા એજ સજ્જનનું લક્ષણ છે. "

★

જીવન અને મૃત્યુ પર કોઇનો કાબુ નથી, પ્રકૃતિ અટલ છે. અને જીવન અને મૃત્યુ સામે કોઈપણ માણસ ફરિયાદ કરી શકતો નથી. તેમની પુત્રી જયાએ હુજુતો ફક્ત પાંચ વસંત જોઇ હતી તેની ભોળપણની રેખાઓ હજી એણે ઓળંગી પણ નહોતી. તેના જીવનમાં કોઇપણ જાતનો આનંદ અને ઉર્મિઓ માણી ન હતી તેવી ભોળી જયા ભગવાનના ઘરે ચાલી ગઇ. એક દિવસ માતાના ખોળે રમી રહી હતી, તે આજે ભગવાનના ખોળામાં રમી રહી છે. એનું સ્મરણ થઇ રહ્યું છે તે મારાથી કેમ ભૂલી શકાય ? ત્યારે વિજયા પણ ભગવાનને પ્રાર્થના કરે છે કે હે! ભગવાન તું પણ મને તારા ખોળે લઇલે મારી પુત્રીનું મોં જોવાનું મન થાય છે. આજે પુત્રીનું મોં જોયાને પાચ મહિના થઇ ગયા છે. છતાં મારા મનમાં જાણે વરસો વીતી ગયાં હોય તેમ લાગે છે. મારું જીવન આજે શૂન્ય લાગે છે. જાણે મારું સર્વસ્વ છીનવાઈ ગયું હોય તેમ મને આજે લાગે છે. તેવા વિચારો કરે છે અને આંખમાંથી આંસુની ધારાઓ ચાલુ છે. આવું દુ:ખ જેણે અનુભવ્યું હોય તેનેજ ખ્યાલ આવે તેનો ખ્યાલ બીજા માણસોને નથી આવતો. જયાના ગયા પછી વિજયાના જીવનમાં કયાંય પણ ઉલ્લાસનાં કિરણો જણાતાં નથી

વસંત અને વિજયા બહાર ફરવા જાય છે ત્યારે રસ્તામાં નાનાં નાનાં છોકરાં મસ્તીથી ખેલ કૂદ કરી રહ્યાં છે ત્યારે વિજયાને પોતાની પુત્રી યાદ આવે છે કે જો જયા હોત તો તે આજે આ છોકરાં સાથે રમતી હોત, આજે જયા હાજર હોત તો તે બજારમાંથી રમકડાં લાવવા માટેની માગણી પણ કરતી હોત, તે દિવસો બધા ગયા આવી ચર્ચા વિચારણા બન્ને પતિપત્ની કરતાં ઘેર આવે છે અને જયાનાં એક ખૂણામાં સુના પડેલ રમકડાં જુએ છે અને પુત્રીને યાદ કરે છે. તેમાં માતાની મમતા આપણને દેખાઇ આવે છે.

ઘણા દિવસો વીતી ગયા છે એક દિવસ વસંત જયાની યાદમાં રમકડાં જોવા માટે ખૂણામાં જાય છે પણ રમકડાં મળતાં નથી ત્યારે એકદમ વિચારમાં પડી જાય છે. અને વિજયાને બોલાવે છે અને કહે છે કે રમકડાં કોણે ફેંકી દીધા તું જલ્દી બોલ કોણે ફેંકયા ? તું મા થઇને પુત્રીનાં રમકડાં ફેંકી દીધાં ? તે રમકડાં નહિ પણ મમતાને બહાર ફેંકી દીધી છે. બસ હવે પુત્રીની યાદ નહીં આવે તને. તને, હવે પુત્રી ઉપર મમતા નથી રહી, સ્નેહ નથી, એવા ઉંડા વિચારમાં વસંત પડી જાય છે. જયા, જયાના જ વિચારો અને 'સ્નેહનીમમતા" "માતા વિના સુનો સંસાર, તેમ પુત્રી વિના સુનું જીવન"

★

આપણો સમાજ

પટેલ હીરાલાલ માવજીભાઇ
(સવાણી) વઇકંપા

આજના આપણા સમાજને કયા પંથે લઈ જવા આપણે મથી રહ્યા છીએ. અને કયા પંથે જઈ રહ્યો છે. એ પ્રશ્નનો જવાબ આપવાની હિંમત આપણે સહુ કરી શકીએ તેમ છીએ. આપણે તેના જવાબમાં સહેજ પણ થોભ્યા વગર કહી દઇશું કે આજનો આપણો સમાજ પ્રગતિના પંથે લઇ જવા આપણે મંથન કરી રહયા છીએ અને તે અધોગતિના પંથે જઈ રહયો છે આમ કેમ બને છે તેનો આપણે વિચાર કર્યો છે ખરો ? દુનિયા રૂપી સમાજ આમથી તેમ દોડાદોડ કરી રહ્યો છે. અને અધોગતિમાં શા માટે ફસાય છે ? તેનાં યોગ્ય કારણો પણ જાણવાને આપણે શકિતમાન નથી બનતા.

આપણા આ સમાજને અધોગતિમાં લઇ જનાર પ્રથમ પગથિયું આપણા જુના રૂઢિચુસ્ત નિયમો જેવા કે બાળલગ્નો જેણે આપણા સમાજની બિલકુલ પડતી કરી છે. બાળક નાનું હોય અને તેના વેવિશાળ (હાફ મેરેજ) કરી દેવામાં આવે છે. બાળક કે બાળકી જે લગ્ન શબ્દથી જ બિલકુલ અપરિચિત છે, જેને પોતાના ભાવિ જીવનનો હજુ કંઇજ ખ્યાલ નથી તેને એકબીજા સાથે વેવિશાળ રૂપી બંધનથી જોડી દેવામાં આવે છે ને તે પણ તેમનાં મા-બાપ અને ફકત કુટુંબજ જોઇને. આ વિપરિત પરિસ્થિતિ કંઇક એવાજ વિપરિત પ્રશ્નોનું સર્જન કરતી હોય છે.

અત્યારે સમાજ કંઇક જાગૃત થયો છે. વડીલો કંઇક સમજે છે અને બાળલગ્ન ન કરવાની સલાહ આપતા થયા છે. એમ આપણે માની બેઠા છીએ. પણ ના, એમ નથી, આજના સમાજ માટે કંઇક તેનાથી વિરૂધ્ધ જ છે. આજના આવી સલાહ આપનાર સુધારકો જ મોટા પાયા પર બાળલગ્નો કરાવવા સંમત થતા હોય છે. કોઇકને ત્યાં કંઈક લગ્ન પ્રસંગ હોય તો તેની સાથે દસેક વર્ષ કે તેથી પણ નાની પુત્રીનું લગ્ન લઇ લેવા તેના માત-પિતા પ્રેરાય છે. ત્યારે સામાપક્ષવાળા આનાકાની કરે ત્યારે સમાજ-સુધારક કે જે આગેવાન વ્યકિત છે તેની પાસે જાય છે. અને તેનુ કામ પૂરૂં કરવા સમાજ-સુધારક કંઇક ધમકી દ્વારા સામાપક્ષને ઠેકાણે લાવે છે અથવા તો ઓછા ખર્ચે પતી જશે. તેમ સમજાવે છે પણ ખર્ચ ઓછો કરવો કે પછી વધુ કરવો એ તો કુટુંબીજનોના હાથની વાત છે ને ! વીસ કે પચ્ચીસ વર્ષ પછી પણ લગ્ન કરતી વખતે ખર્ચ ન કરવો હોય તો પણ આપણા હાથની જ વાત છે. એમ ન સમજાવતાં માર્ગ ભૂલી દૂર ચાલ્યા જાય છે.

વળી, આવી વાત માટે માત–પિતાને એક અજ્ઞાન ચિંતા ભયભીત બનાવે છે. એને મારા દિકરાના લગ્ન કરવાની ના કહીશું તો સમાજમાં આપણી આબરૂ જશે. અને લોકો એવી વાતો કરશે કે 'એણે આમનું આટલું ય ના કર્યું.' એ વાત ચોક્કસ, પણ આવું કામ કરવું ન કરવું એ આપણી મરજીની વાત થઇ, બીજું કામ જરૂર કરવું તેમાં ના નહિં પણ આ કામથી તો લોકોએ હંમેશને માટે દૂરજ ભાગવું જોઇએ. અને લોકો જે આનાથી દુર રહે તો સમાજ કદાચ સ્વર્ગમાં પલટાઈ જાય તેમાં કોઇ શંકા નથી.

આનાં પરિણામો આગળ કહ્યું તેમ ખૂબજ વિપરિત આવતાં હોય છે. એવા કેટલાય દાખલા આ સમાજમાં જીવતા જાગતા જ સુખી સંસાર બનવાની મોટે ભાગે બિલકુલ શકયતા રહેતાજ નથી. ઘરનું સુગંધમય જીવન કંકાશભર્યા જીવનમાં ફેરવાઇ જાય છે. આનું કારણ બાળલગ્નજ. પરિણિત બાળક કે બાળકીને પણ ખબર હોતી નથી કે હું પરણ્યો છું કે પછી હું પરણી છું. મોટેભાગે બાળકને ખબર પણ નથી હોતી કે મારી જીવનસાથીનીના સંસ્કાર કેવા છે, વતણુંક કેવી છે. તેની સાથે આખી જિંદગી ગુજારવાની છે જેની સાથે જીવન રૂપી સાગર તરવાનો છે એ હોડી કેવી છે. તેના વડે સાગરના પેલે પાર પહોંચાશે કે કેમ તે જો નાવિક જ ન જાણતો હોય તો શું પરિણામ આવે તે આપણે જ વિચારવાનું રહે છે.

બાળલગ્નની દશા મારી દ્રષ્ટિએ તો તુટેલું બેટ પકડીને દાવ રમતા ક્રિકેટના ખેલાડી જેવી કે પછી બ્રેક વગરની મોટર ચલાવતા ડ્રાઇવર જેવી છે. જેમ તૂટેલું બેટ લઇને બેટસમેનને તરતજ આઉટ થવું પડે છે કે પછી બ્રેક વગર ચલાવતા ડ્રાઇવરને ક્યારે અકસ્માત સર્જાશે તેની ખબર નથી તેમ બાળલગ્ન વડે જોડાયેલા જીવનસાથીમાં પણ કયારે ઓચિંતો અકસ્માત સર્જાય તેની કોઇજ ખાતરી રહેતી નથી. વળી બાળલગ્નનો પ્રશ્ન આજે ભારત સમાજને પણ એટલીજ મુશ્કેલીથી મૂંઝવી રહયો છે. વસ્તી વધારો કે જેનાથી આજે અન્ન સમસ્યા, બેરોજગારી ને ગરીબીની પરિસ્થિતિ ખડી થઇ છે. તે માટે પણ આપણા જેવા રૂઢિચૂસ્ત સમાજ જ જવાબદાર છે.

realpatidar.com

શીત યુદ્ધ અને વિશ્વ શાંતિ

બીજા વિશ્વયુદ્ધ બાદ સંસારની મહાન શકિતઓ બે ભાગમાં વહેંચાઈ ગઇ. આની પાછળ કેટલાંક મહત્વનાં કારણો સંકળાયેલા છે. આમ છતાં પણ સ્પસ્ટ રૂપથી આ મહાન શકિતઓ અમેરિકા તથા રશિયાની વચ્ચે શકિતનો સંઘર્ષજ છે. બીજા રૂપમાં જોતાં પૂંજીવાદ તથા સામ્યવાદનો સંઘર્ષ છે. પરંતુ આપણને અંદરના કારણોની તપાસ કરતાં જાણવા મળશે કે સામ્યવાદમાં પણ આવુંજ ભંગાણ છે. ઉદાહરણ સ્વરૂપી રશિયા અને તેનો પાડોશી દેશ ચીન. આ બે દેશો વચ્ચે પણ સંઘર્ષ ચલ્યા કરે છે આ દેશો વચ્ચે સુમેળ થવો એ ઘણું કપરૂં કાર્ય છે. તેમ છતાં અસંભવ જેવું દેખાય છે. શિખર સમ્મેલનો થશે, વિચારણાઓ થશે, આશા પણ બંધાશે પરન્તુ તેનુ પરિણામ નિરાશાજનક જ રહેશે. તેની પાછળનું કારણ માત્ર અવિશ્વાસ છે.

બીજા વિશ્વયુદ્ધ વખતે રશિયા, અમેરિકા. ગ્રેટબ્રિટન વગેરે દેશો સાથે ખભેખભા મિલાવીને યુદ્ધ લડયા હતા. પરંતુ વિશ્વયુદ્ધ સમાપ્ત થતાંજ તેનાં પાણી અવળાં વહેવા લાગ્યાં. બન્ને મહાન શકિતઓ વચ્ચે તીવ્ર મતભેદ ઉત્પન્ન થયો. અને વૈમનસ્યની સ્થિતિ સર્જાઇ આના પરિણામેદારૂગોળાની જગ્યાએ સમાચાર પત્રો, રેડિયોથી વાકયુદ્ધ ચાલુ થઇ ગયું. લગભગ વિશ્વ આ બંને ગ્રુપોમાં વહેંચાઈ ગયુ અને આખું વિશ્વ આ અણુયુગમાં આંતરરાષ્ટ્રીય રંગમંચ પર મહાન શકિતઓ માટેનો અખાડો બની ગયું. આનેજ આપણે ઠંડા યુદ્ધ તરીકે ઓળખીએ છીએ. ઘણી વખત ઠંડા યુદ્ધે (Cold war) ગરમ યુદ્ધની સ્થિતિઓ સર્જી અને ત્રીજું વિશ્વ યુદ્ધ થતાં થતાં અટકયું.

ટુંકમાં આપણે શીતયુદ્ધ પેદા થવાનાં કારણો તરફ એક દ્રષ્ટિ ફેંકીએ.

આઇઝનહોવરે લખ્યું છે "૧૯૪૫માં જયારે અમે વાયુયાનથી રશિયા ગયા તો અમે તેની પશ્ચિમી સીમાથી મોસ્કો સુધીના વિશાળ પ્રદેશમાં એક પણ મકાન કાયમ ન જોયું. વિધ્વંસ અને વિનાશના કારણે માનવ ધનની હાનિનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. છતાં પણ રણચંડીના ખપ્પરે દે ઢ કરોડ રશિયનોનો ભોગ લીધો હતો. આનો પ્રભાવ અવશ્ય રશિયા ઉપર પડયો પ્રથમ જર્મની દ્વારા પરાભવ, બોલ્શેવિક ક્રાંતિ કે પછી મિત્ર રાષ્ટ્રોનાં આક્રમણ. ૧૯૧૯ ના પેરિસ કરાર દ્વારા રશિયાની ચારે બાજુ વિરોધી રાજ્યોનું નિર્માણ, હિટલર દ્વારા આક્રમણને રશિયાને લશ્કરી શકિતમાં વૃદ્ધી કરવામાં બાંધી દીધું.

શીત યુદ્ધ સર્જવામાં અમેરિકાની મહાન ભૂલોથી બીજા વિશ્વયુદ્ધના

ખાસ મિત્ર રશિયા સાથે અણુબોમ્બની બાબતનું રહસ્ય છુપું રાખ્યું અને રશિયાની પરવાહ કર્યા વિના જાહેર કર્યું કે અમોને કોઈપણ શકિત હરાવી શકે તેમ નથી. ત્યાર પછી બીડાવવા જેવી સ્થિતિ U 2 નું જાસુસી ઉડ્ડયન હતું. આથી રશિયા ક્રોધે ભરાણું અને પોતાની રક્ષા તથા બદલાની ભાવના ઉત્પન્ન કરી

કેટલાંક કારણોમાં જેવાં કે જર્મનીના ભાગલા સમ્બધનાં છે. અત્યારે આપણે જોઈ શકીએ છીએ કે પૂર્વ જર્મની પર રશિયાનો પ્રભાવ છે જ્યારે પશ્ચિમ જર્મની પર અમેરિકાનો પ્રભાવ છે. પોતાનાં સમર્થક અને સ્વાતંત્ર્ય સમર્થક દેશો ઉપર પ્રભાવ જમાવવાની હોડ ચાલી બન્ને મહાન શકિતઓએ પોતાનામાં જોડયા તથા સમર્થક બનાવવામાં ધનની સહાયતા (Econcmic) સામાયિક સહાયતા તથા અન્ય સુરક્ષા સંબંધી કરારો કરી અને દુનિયાને બે ભાગોમાં વહેંચી નાખી.

આ બધી બધી મુઝવણો જોતાં રશિયાએ પોતાના પહેલાંના મિત્ર દેશો સાથે કડકાઈથી કામ લેવાનો નિશ્ચય કર્યો અમેરિકાની માર્શલ યોજનાના જવાબમાં રશિયાએ પોતાના સમર્થક તથા સામ્યવાદી દેશોનુ એક સંગઠન બનાવ્યું જેને કોમ્યુન ફોર્મ (Comunform) Communist Information Bureau) કહે છે અને તેની સ્થાપના ૨૫મી ઓકટોમ્બર–૧૯૪૭માં થઇ વાતાવરણ તંગ બનતું જતું હતું. તેની વચમાં ૧૯૪૬માં ચર્ચિલની કુલટન ૨ પીચે વિરોધી વાતાવરણની પુષ્ટિ કરી દીધી. આથી સંયુકત રાષ્ટ્રસંઘ તથા અન્ય

આંતરરાષ્ટ્રીય સંગઠનો અખાડારૂપ બની ગયાં. સંયુકત રાષ્ટ્ર સંઘની પ્રથમજ બેઠકમાં રશિયન પ્રતિનિધિઓએ બ્રિટન, અમેરિકાનો જોરદાર વિરોધ કર્યો પ્રારંભમાં દક્ષિણ અમેરિકાના ૨૦ વોટના કારણે એંગ્લો અમેરિકન ગ્રુપ પાસે ૩૧ થી વધારે વોટ હતા. ત્યારે રશિયા પાસે કેવલ પાંચ પરન્તુ સુરક્ષા પરિષદમાં રશિયાએ વીટો પાવરનો પ્રયોગ કરી પશ્ચિમ ગ્રુપની વાત ન રહેવા દેતાં લાભ ઉઠાવ્યો.

કોરિયા યુદ્ધ તથા હિન્દી ચીનના યુદ્ધે ત્રીજા વિશ્વ યુદ્ધની સ્થિતિ ઉત્પન્ન કરતાં કરતાં અટકાવી, આ બન્ને સમસ્યાઓમાં ભારતે ત્રીજા વિશ્વ યુદ્ધને થતું રોકવામાં સારો એવો ભાગ ભજવ્યો.

સંયુકત રાજય અમેરિકાએ પોતાના સમર્થન માટે દારૂગોળો, શસ્ત્રો તથા આર્થિક સહાયતા ટ્રુમેન ટ્રુયોજના તથા માર્શલ યોજનાઓ ભુગર્ભમાં ચાલુ કરી આથી રશિયાને પણ આર્થિક સહાયતા સામયિક સહાયતા કરવાનું ચાલુ કર્યું. બન્ને ગ્રુપે પોતાના ટેકદાર દેશોમાં લશ્કરી સંધીઓ કરવાનું ચાલુ રાખ્યું જેવી કે સીન્ટો, એન્ટો, નાટો વગેરે આ સંધિઓના પરિણામે વિશ્વ શાંતિ વધારે ભયમાં મુંકાઈ.

 …મના પ્રભાવથી પોતાના દેશની જનતાને દૂર રાખવા માટે તથા પશ્ચિમને રશિયાની અંદરની વાતોથી દૂર રાખવા માટે 'બંધ દરવાજા ? (Cloed Door) ની નીતિ અપનાવી રશિયાએ અંદરો અંદર વૈજ્ઞાનિક પ્રગતિ કરી અને હાઇડ્રોજન બોંમ્બની ખોજ કરી અને ઘોષણા કરી. આથી અમેરિકા ચિંતીત થયું અને વળી પાછો ગભરાટ શરૂ થયો પછી બન્ને મહાન શકિતઓમાં અણુ આયુધો બનાવવા તથા અન્તરિક્ષમાં રોકેટો છોડવા તથા ઉપગ્રહો છોડવ માં ખૂબ પ્રગતિ કરી અને પ્રક્ષેપાસ્ત્રોની ખોજ કરી જેથી ન્યુયોર્કથી મોસ્કો અને મોસ્કોથી ન્યુયોર્ક વચ્ચે યાંત્રિક સહાયતાથી શહેરો અને આબાદીઓને બર્બર રીતે વિનાશ કરી શકાય. આવાં ખોજોના પરિણામ સ્વરૂપે વિશ્વ શાંતિ વધારે ખતરામાં મુકાઇ.

આમ બન્ને મહાન શકિતઓના સંઘર્ષનો ભોગ તેના સાથી અને સમર્થક દેશો બનતા જાય છે. સમર્થક દેશોનીસ્થિતિ કયારેક સૂંડી વચ્ચે સોપાડી જેવી થાય છે તેનું કારણ કે અગર સમર્થન કરવાનું છોડી દે તો મહાશકિતની દયા પર જીવતા દેશનું શુ થાય. ભારતના બારામાં પણ કહેવાય છે કે, જૂન ૧૯૫૦માં ઉત્તર ' કોરિયા ' દ્વારા દક્ષિણ કોરિયા પર આક્રમણની વિરુદ્ધ સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીના વિષયમાં સં. રા. અમેરિકાનું સમર્થન ભારતની ખાદ્ય અન્ન સંકટની સમસ્યાથી પ્રેરાઇને કર્યું હતું.

સન ૧૯૭૧-૭૨ તથા ૧૯૭૨-૭૩માં એવા બનાવ બનવા પામ્યા છે કે સાધારણ રીતે અસંભવ જેવા હતા જેવા કે ચીન અને અમેરિકાની દોસ્તી. જે દેશ શત્રુ માની અને સં. રા. સંઘમાં સદસ્યતા દેવાને તૈયાર નહતો તેણે ૨૦ વર્ષ બાદ પોતાની ચાલમાં તથા પોતાની સ્થિતિને વધારે સુદ્રઢ બનાવવા ચીનની સામે હાથ લંબાવ્યે. આ બધું રાષ્ટ્રપતિ નિકસનના ખાસ સચિવ કિસીંજર દ્વારા પાકિસ્તાનની સહાયતાથી ગુપ્ત રીતે કરવામાં આવ્યું હતું. આ બધી હકીકતો વિશ્વને અચંબો પમાડે તેની તથા શંકાને વધારે ઉત્તેજના આપે તેવી હતી. આથી રશિયામાં મળવાવાળુ શિખર સંમેલનની સફળતા અસફળતા પર આશંકા વ્યકત કરવામાં આવી હતી. પરન્તુ આખરીકાર તેનાં પરિણામ કંઇક અંશે ઠીક રહ્યા છે.

એક નાનકડા લેખની અંતરગત પૂરા વિશ્વની સામગ્રીનો સમાવેશ કરવો કઠીન નહીં પણ બહુ મુશ્કેલ કાર્ય છે. છતાં પણ સંસારની પ્રમુખ વિષ્ફોટક સ્થિતિ છે તેનો જ અહીં વિચાર કરવામાં આવ્યો છે.

ભારત અને રશિયા વચ્ચે ૨૦ વર્ષની સંધીએ પાકિસ્તાન તથા અમેરિકાને ચોકાવ્યું તેની પ્રતિ ક્રિયા પણ આપણા ને જોવા મળી અમેરિકાનો ભારત સાથે અસહયોગ તથા પાકિસ્તાનને છૂપી મદદથી ભારતને આવું પગલું ભરવાની

સ્થિતિ આવી. આને કારણે અમેરિકા સાથે ભારતના સમ્બન્ધ બગડયા તથા ભારતની જનતા પણ રોષે ભરાણી.

અત્યારે ભારત માટે એક નવી સમસ્યા ઉભી થઈ છે, તેમાં રશિયા તથા અમેરિકાએ એવું નકકી કર્યુ છે. કે નવા દેશ જે અણું બોમ્બ બનાવવાનું સામર્થ્ય રાખે છે અને જેણે અણુ બોમ્બના પ્રયોગો પર રોક લગાવવા ઉપર હસ્તાક્ષર નથી કર્યા તેવા દેશો ઉપર નિયંત્રણ મુકવાનું સુચવ્યું છે આથી ભારતની સ્થિતિ બગડશે એવુ લાગે છે. આવા દેશોમાં ભારત તથા ઇઝરાઇલ આવે છે. આ પ્રસંગ નિઃશસ્ત્રી કરણની અંતરગત છે. આથી શકિતશાળી રાષ્ટ્રની સ્થિતિ પહેલાં જેવી જ સબળ બની રહેશે. હસ્તાક્ષરો હોવા છતાં તથા નિઃશસ્ત્રીકરણ સમ્મેલનાં મળવા છતાં કોઇ આખરી નિર્ણય નથી આવી શકતો તેના કારણો પણ ઘણાં છે.

શકિતશાળી રાષ્ટ્ર હો ચાહે નિર્બળ. પ્રત્યેક દેશને આંતરિક સુરક્ષા માટે કોઈ આંધન તથા સૈનિક શકિત રાખવા જરૂરી છે. એટલે પહેલી સમસ્યા છે કે સૈનિક શકિત એક દેશ માટે કેટલીક હોવી જોઇએ, 'કેટલીક' શબ્દનું માન કાઢવુ મુશ્કેલ છે. પ્રત્યેક દેશ પોતાની મુશ્કેલીઓ સમસ્યાઓ બતાવી વધારેથી વધારે શકિત બનાવી રાખવા ચાહે છે.

બીજી સમસ્યા આક્રમણ કયારે આન્તરાષ્ટ્રીય સમજીને તથા કયારે આંન્તરિક મામલો સમજવું એ બહુ કપરૂ કાર્ય છે બધા આંન્તરિક મામલો સમજીને શાસ્ત્રોનો પ્રયોગ કરે તો વિશ્વશાંતિ કયાં સુધી સંભવ છે એ કહેવું કઠીન છે. કોણુ કેટલા સૈનિક શકે, કોણુ કેટલા કુઝરો, પન ડૂબી રાખી શકે કોણુ કેટલી વાયુ સૈના રાખી શકે. આવી બધી બાબતોના નિર્ધારણમાં બહુ કઢીનાઇ ઉત્પન્ન થાય છે, કોઇ પણ દેશ બીજાને વધારેમાંમાં શકિત આપવા તૈયાર નથી ત્યારે સબલ રાષ્ટ્ર પોતાના માનમાં કમી કરવાને તૈયાર નથી.

અંતમાં નિષ્કર્ષ રૂપે વિશ્વશાંતિને વર્તમાનમાં કોઇ ઇલાજ નથી. સં. રા. સંઘ પણ એક શકિતનું ગૃહ છે તેમાં પણ 'વીટો' પાવર એક સમસ્યા છે. ' વીટો ' કોઇ કાર્યને સત્ય નિર્ણય સુધી પહોંચવામાં બાધક છે જયારે 'વીટો' શકિત શકિતશાળી રાષ્ટ્રને નથી આપવામાં આવતીતો શકિતશાળો રાષ્ટ્ર વધારે ખતરનાક સ્થિતિ સર્જી શકે તેની વધારે દ્રઢ સંભાવનાઓ છે. એટલે જ આપણે કહી શકીએ કે ભવિષ્ય જ આખરી નિર્ણાયક છે.

✻ ઋતુઓનું ગીત ✻

પટેલ રતિલાલ પી.
ગાજણકંપા (મોડાસા)

ઋતુ આવી શિયાળા તણી,
એ મને તો ભાવી જ ઘણી.
ઉત્પન્ન થયેલો ગુસ્સો મારો,
શિયાળાની ઠંડીમાં ગયો ઠરી.
ઋતુ આવી ઉનાળા તણી,
તે તો મને ફાવી જ ઘણી.
ઉત્પન્ન થયેલા મારા દીલમાં વિકારો,
ઉનાળાના તાપથી વરાળ બની ગયા ઉડી.
છેલ્લી આવી ઋતુઓની રાણી,
એ રાણી તો મને પ્યારી ઘણી.
ઉત્પન્ન થયેલો ગર્વ મારો,
ચોમાસાના પાણીમાં ગયો ઓગળી.

— નિવૃત થતાં સન્માન —

માધવકંપા તા ૯-૬-૭૩

અત્રેની પ્રા. શાળાના સંનિષ્ઠ શિક્ષક શ્રી ગંગારામ હેવજીભાઈ પટેલ (જુનિ. પી ટી. સી. ટ્રેઇન્ડ) નિવૃત્ત થતાં તેમનો સન્માન સભારંભ અત્રેના કાર્યકર શ્રી રામજીભાઈ લધાભાઈના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો.

શ્રી પટેલની લાંબી ઉજ્જવળ કારકિર્દીને સૌ ગ્રામ્યજનોએ બિરદાવી હતી. ગ્રામજનો અને શાળાના સ્ટાફના સહકારથી શિક્ષકશ્રીને સ્ટીલના વાસણોની ભેટ સાથે સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

અન્ય વકતાઓ તરફથી પટેલની સેવાઓને બિરદાવવામાં આવી હતી શ્રી પટેલ ગુજરાત રાજ્ય કેળવણી ખાતામાંથી નિવૃત્ત થનાર શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજમાં સૌથી પહેલા છે.

એજ. લી. સેવક
માધવકંપા ગામ સમસ્ત
મુ. પો. માધવગઢ તા. બાયડ

સમાચાર દર્શન

કચ્છ કડવા પાટીદાર છાત્રાલય, વડાલી

છાત્રાલયના છાત્રોના પરિણામની વિગત : ૧૯૭૨-૭૩

છાત્રાલયમાંથી માર્ચ '૭૩ની એસ. એસ. સી. પરીક્ષામાં ૮ વિદ્યાર્થીઓ બેઠા હતા. જેમાંથી ૫ વિદ્યાર્થી પાસ થતાં પરિણામ ૬૨.૫% આવ્યું છે. છાત્રાલયના પાસ થનાર વિદ્યાર્થીઓ પૈકી પટેલ મોહનભાઈ નાનજીભાઈ (મારવાડાકંપા) ૭૨.૬% માર્ક મેળવી ઉત્તીર્ણ થયા છે. જે છાત્રાલયનું ગૌરવ વધારવામાં અનેરો ફાળો આપે છે.

ધોરણ ૫ થી ૧૦ના ૩૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી. જેમાંથી ૩૫ વિદ્યાર્થીઓ પાસ થતાં પરિણામ ૯૭.૨% આવ્યું છે. નીચેના ત્રણ છાત્રો શાળામાં તેમના વર્ગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

૧.	પટેલ જશવંતકુમાર ગંગારામભાઈ (લક્ષ્મણપુરાકંપા)	ધો. ૧૦ બ
૨.	પટેલ કરમસીભાઈ વિસરામભાઈ (મારવાડાકંપા)	ધો. ૭ બ
૩.	પટેલ ઇશ્વરભાઈ નારાયણભાઇ (મારવાડાકંપા)	ધો. ૫ બ

તદઉપરાંત ૩ વિદ્યાર્થીઓએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કરેલ છે. આમ પરિણામ ઘણું સારું આવતાં ચાલુ સાલે છાત્રોની સંખ્યા ઠીક ઠીક પ્રમાણમાં વધી છે. અત્યારે સંખ્યા ૬૦ જેટલી છે.

છાત્રો ઇતર પ્રવૃત્તિઓમાં ઘણી સારી સંખ્યામાં ભાગ લેતા આવે છે જ. સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરતી જ રહે છે તે હેવાલ પરથી જાણી શકાશે,

સમાજ તરફથી સંસ્થાના ઉત્કર્ષ માટે સક્રિય કાર્ય કરવામાં આવે છે.

તા. ૧૩-૬-'૭૩

રસિકભાઈ
ગૃહપતિ
કચ્છ કડવા પાટીદાર સમાજ છાત્રાલય
વડાલી

શ્રી બાલાસોર પાટીદાર યુવક મંડળ'ની સ્થાપના

C/o. ભારત ટીમ્બર કું. કચેરીરોડ, **બાલાસોર** (ઓરિસ્સા)

તાજેતરમાં એક નવયુવક મંડળની સ્થાપનાને અનુલક્ષીને તા. ૧૦–૬–૭૩ના રોજે શ્રી **શીવજીભાઈ** ભીમજીના પ્રમુખસ્થાને બાલાસોરમાં વસવાટ કરતા પાટીદારોની **સામાન્ય** સભાનું આયોજન કરવામાં આવેલ. છેલ્લા કેટલાક દિવસોથી યુવકોના પરસ્પર અથાગ પરિશ્રમ, ધગસ અને સાથ–સહકારના લીધે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના એકમ તરીકે પૂર્વ વિભાગના બાલાસોર બારીપદા ભદ્રક, ચાંદબાલી અને બેલદાનો સમાવેશ કરતાં 'શ્રી બાલાસોર પાટીદાર યુવક મંડળ'ની ઉત્સાહભર્યા વાતાવરણમાં રચના કરવામાં આવેલ. જેમાં નીચે મુજબના હોદ્દેદારો તેમજ કાર્યવાહક સમિતિની વરણી થવા પામી હતી. અને સર્વાનુમતે હર્ષોનાદ એને તાળીઓના ગડગડાટથી વધાવવામાં આવેલ.

૧.	પ્રમુખ	શ્રી રવજીભાઈ જસરાજભાઈ પટેલ	વિથોણ
૨.	ઉપપ્રમુખ	,, રતનશીભાઈ પ્રેમજીભાઈ પટેલ	,,
૩.	માનદમંત્રી	,, કેશવલાલ રતનશીભાઈ પટેલ	વિરાણી
૪.	સહમંત્રી	,, જયંતિલાલ દાનાભાઈ પટેલ B.Com.(Hons)	દેવપર
૫.	કોષાધ્યક્ષ	,, શીવજીભાઈ મેઘજીભાઈ પટેલ	સાંયરા
૬.	સહ–કોષાધ્યક્ષ	,, વેલજીભાઈ ખીમજીભાઈ પટેલ	વિથોણ
૭.	સલાહકાર	,, શીવજીભાઈ ભીમજીભાઈ પટેલ	નખત્રાણા
૮.	,,	,, રામજીભાઈ નારાયણ પટેલ	વિથોણ
૯.	કલાવિભાગ	,, રતિલાલ દાનાભાઈ પટેલ	વિથોણ
૧૦.	સભ્યો	,, ખીમજીભાઈ નથુભાઈ પટેલ	વિથોણ
૧૧.	,,	,, નાનજીભાઈ વાલજીભાઈ પટેલ	વિરાણી
૧૨.	,,	,, માધવજીભાઇ કેસરાભાઈ પટેલ	નખત્રાણા
૧૩.	,,	,, અમૃતલાલ હરજીભાઈ પટેલ	વિથોણ
૧૪.	,,	,, પ્રેમજીભાઈ દેવસીભાઈ પટેલ	કોટડા
૧૫.	,,	,, મગનલાલ હરજીભાઈ પટેલ	,,

અંતે દરેક ભાઈઓ તરફથી ખંભેખભા મીલાવી એકી અવાજે આ મંડળનું સુકાન સુચારૂ રીતે પાર પાડવા વચનથી બંધાએલ અને અનેકાનેક આશાઓ સાથે સભાનું વિસર્જન કરવામાં આવેલ.

કેશવલાલ રતનશીભાઈ પટેલ
માનદ મંત્રી

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, સુરત

સુરત યુવક મંડળમાં યુવક સંઘઠન મજબુત બનાવવાનો યુવક સંઘના ઉપ-પ્રમુખ શ્રી કરસનભાઈનો આદેશ

તા ૧૫-૬-૭૩ના રોજ " શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ " ના ઉપપ્રમુખ શ્રી કરસનભાઈ માવજીભાઈ પટેલની હાજરીમાં " આજનો વિદ્યાર્થી " એ વિષય ઉપર એક ચર્ચાસભાનું આયોજન વકતૃત્વ શકિત ખીલે એ આશયથી ચર્ચાસભા યોજવામાં આવી હતી. જેમાં ઘણા સભ્ય ભાઈ ઓએ ભાગ લીધો હતો.

શ્રી કરસનભાઈએ કલકત્તા તેમજ પુના મુકામે મળી ગયેલ યુવક સંઘના અધિવેશનની વિસ્તૃત માહિતી આપી હતી. પોતાના વ્યકિતગત અનુભવો દ્દષ્ટાંત સહિત વર્ણવ્યા હતા. જયાં જયાં આપણા ભાઈઓ વસતા હોય ત્યાં ત્યાં યુવક મંડળો હોવા જોઈએ. તેમજ યુવક મંડળો એક સુત્રે બંધાઈ રહે તેમજ યુવક સંગઠન મજબુત બનાવે તેવી જોરદાર હિમાયત કરી હતી. સાથોસાથ યુવકોમાં શિસ્ત હોવી જોઇએ તેવો આગ્રહ કર્યો હતો.

એક વિદ્યાર્થીએ સવાલ પૂછયો કે, વિદ્યાર્થીકાળમાં જ લગ્ન થઈ જાય છે જેથી બરાબર ભણી શકાતું નથી. તેના જવાબમાં તેઓશ્રીએ જણાવ્યું કે— ભણવાની ધગશ હોય તો લગ્ન થયા છતાં ભણી શકાય છે. ગાંધીજી તેમજ જવાહરલાલના દાખલા આપતાં વધુમાં જણાવ્યું કે આપણા બધાને માટે આ રોગ લાગુ પડેલો છે, જે ધીમે ધીમે જશે. સમાજમાં જેમ જેમ જાગૃતિ આવશે તેમ તેમ પરિવર્તન થતું જશે સમાજની બહેનોને કેળવણીના પંથે આગળ લાવવા યુવક મંડળોએ ગામેગામ કન્યા કેળવણીનો પ્રચાર કરવો જોઇએ

આભાર વિધિ બાદ સભા પૂરી થઈ હતી.

મેઘજીભાઇ વાલજીભાઈ પટેલ
મંત્રી
શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, સુરત

શ્રી કડવા પાટીદાર યુવક મંડળ, ખેડોઈ (કચ્છ)

અત્રે તા. ૧૭–૬–૭૩ રવિવારના રાત્રે ૯ વાગે એક સભારંભ યોજ્યો હતો, તેમાં S. S. C અને કોલેજમાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ માટે આયોજન કરવામાં આવ્યું હતું.

સમારંભના પ્રમુખશ્રી ખેડોઇ પાટીદાર સમાજના બુઝર્ગ આગેવાન શ્રી કરસનભાઈ શીવજીભાઈ ખીમાણીના શુભ હસ્તે ઇનામ આપવામાં આવેલ, ફર્સ્ટ કલાસ આવનારને વિલ્સ કું. ની ફાઉન્ટનપેન અને બોલપેનનો સેટ, અને સેકન્ડ કલાસનાને એક એક ફાઉન્ટનપેન આપવામાં આવેલ.

સમારંભમાં નારાયણ વિશ્રામ પટેલે (પટેલ કલોથ સ્ટોર્સ, ભુજવાળા) શિક્ષણનુ મહત્વ સમજાવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તેવા શુભ હેતુલક્ષી કામગીરી બદલ પાટીદાર યુવક મંડળ, ખેડોઇને ધન્યવાદ આપ્યા હતા, અને કહેલ કે છેલ્લા દશેક વર્ષમાં આપણા સમાજે શિક્ષણ ક્ષેત્રે ખુબ પ્રગતિ કરી છે. પરંતુ કેટલાક ગરીબ, મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને આર્થિક મુશ્કેલીના કારણે અભ્યાસ અધવચ્ચે છોડવાની ન છુટકે ફરજ પડે છે. તેવા વિદ્યાર્થીઓને પુસ્તકોની સહાય તેમજ સ્કોલરશીપ જેવી કોઇ નિશ્ચિત વ્યવસ્થા સમાજે કરવી જોઈએ જેની અત્યારે ખૂબજ આવશ્યકતા છે.

ખેડોઇ હાઇસ્કુલનું ૮૦% પરિણામ આવ્યું છે. તેમાં અભ્યાસ કરતી કુમારી મૈયાબહેન વાલજી ધોળુ S. S C. માં ૬૧% ગુણ મેળવી ફર્સ્ટ કલાસમાં આવેલી છે. જે આપણી પાટીદાર જ્ઞાતિ માટે ગૌરવરૂપ છે.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે અને રાહત રહે તેવા શુભ હેતુથી પાટીદાર યુવક મંડળ ખેડોઇ તરફથી બુક બેન્કની પણ શરૂઆત કરવામાં આવી છે જેથી કોલેજના વિદ્યાથીઓને થોડી રાહત મળશે.

ચા–પાણી બાદ કરસનભાઈ વી. ધોળુએ આભારવિધિ કર્યા બાદ સમારંભ સમાપ્ત કરવામાં આવેલ.

લી. કડવા પાટીદાર યુવક મંડળ વતી
નારાયણ વિશ્રામ પટેલ

કચ્છ કડવા પાટીદાર સમાજ છાત્રાલય, વડાલી.

-: સને ૧૯૭૨-૭૩ના વર્ષમાં છાત્રાલય ભોજન ખર્ચની વિગત :-

છાત્રાલયમાં પ્રત્યેક છાત્ર પાસેથી વર્ષ દરમિયાન ૯૦ કીલો ઘઉં લેવામાં આવે છે. બાકીનું ખર્ચ વહેંચી ભોજન ખર્ચ વસુલ કરાય છે. સાથે સમાજ રૂા. ૨/- પ્રમાણે ઈતર ફી વસુલ કરે છે. ભોજન ખર્ચ નીચે પ્રમાણે આવેલ છે.

૧.	જુન ૧૯૭૨	રૂા. ૨૦/–
૨.	જુલાઈ	રૂા ૩૧/–
૩.	ઓગષ્ટ	રૂા. ૩૧/–
૪	સપ્ટેમ્બર	રૂા. ૩૩/–
૫	ઓકટોમ્બર	રૂા. ૨૪/–
૬	નવેમ્બર	રૂા. ૨૨/–
૭.	ડિસેમ્બર	રૂા. ૩૩/–
૮.	જાન્યુઆરી ૧૯૭૩	રૂા. ૩૩/-
૯.	ફેબ્રુઆરી	રૂા. ૩૩/–
૧૦.	માર્ચ	રૂા. ૩૫ –
૧૧.	એપ્રિલ	રૂા. ૨૧/-

વર્ષ દરમિયાન ચાર્જ લીધા વગર ઘઉં દળી આપવા બદલ શ્રી શારદા સૉ એન્ડ ફલોર મીલના માલિક મેઘજીભાઈ શીવજીભાઈ પટેલના આભારી છીએ. અને તેમના તરફથી મળતો સહકાર છાત્રોને પ્રોત્સાહન અર્પે છે,

સમાજની સફળતાનાં પગલાં

આર. કે પટેલ M. Sc. (મુલુન્ડ–મુંબઈ)

આજે આપણને બધાને બેકારી સામી આંખે દેખાય છે. આપણી સમાજમાં ઘણા બધા વિદ્યાર્થીઓ નોકરી વિનાના હશે. તો તે માટે સમાજ તેમજ ચાલુ નોકરીનો વ્યવસાય કરતા આપણા જ્ઞાતિ બંધુઓ માટે થોડું કહેવાનું છે. પ્રથમ તો આપણા સમાજના ખાસ પ્રતિનિધીઓ અને ધંધાના જાણકાર ખાસ ભણેલા બંધુઓ અમુક જગ્યાએ ભેગા થાય અને તે પ્રસંગે આપણા સમાજમાંથી અમુક પૈસા ભેગા કરવાનું નકકી કરે અને ધંધાના જાણકાર ભાઈઓ કયા ધંધા માટે કેટલું નાણું જોઈએ તેનો ખાસ વિચાર રજુ કરે. જે પછી સામાજિક રીતે પૈસા ભેગા થાય તે સમાજમાંથી જ નાણાંનું ભંડોળ એકત્ર કરી નાની યા મોટી કોઈ ફેકટરી ઉભી કરે જે તે ફેકટરીમાં આપણી સમાજનાજ ભાઈઓને યોગ્ય પ્રમાણમાં નોકરી તેમજ કામની વ્યવસ્થા કરવાથી શિક્ષિત બેકારોની વ્યવસ્થા થઈ શકે છે. આ ફેકટરીનું સંચાલન તેમજ નફાના હકદાર સમાજ સિવાય કોઈ ન થઈ શકે તો આ રીતે આપણી સામાજમાં એક નવું પ્રસ્થાન થઈ શકે.

* ઉદ્‌ઘાટન સમારંભ *

★ ગત તા. ૧૭-૫-૭૩ના રોજ સવારના દસથી બારના સમય દરમિયાન સંત રામદાસજીના પ્રમુખપદે અને યોગીરાજ યાજ્ઞિકજીના હસ્તે આમ્યજનોની હાજરીમાં સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના બોરડીટીંબા નિવાસી ડૉ. ડી. કે પટેલના દવાખાનાનો કરમસદ જિ. ખેડા મુકામે ઉદ્‌ઘાટન સમારંભ રાખવામાં આવ્યો હતો.

ડૉકટર પટેલ સાહેબ છેલ્લાં પાંચક વર્ષથી અત્રે પ્રાયમરી હેલ્થ સેન્ટરમાં મેડિકલ ઓફિસર તરીકે કામગીરી બજાવતા હતા.

હવેથી તેઓશ્રીના સ્વતંત્ર દવાખાનાનું ઉદ્‌ઘાટન થતાં તેમનું ભવિજીવન વધુ ઉજ્જવળ બને તેમજ દીનદુઃખી અને દર્દીઓને તેમની સેવાઓનો લાભ મળે એવી અભિલાષા.

★ ગત તા. ૨૦-૬-૭૩ના રોજ સવારના નવથી બારના સમય દરમિયાન આમ્યજનો તથા આમંત્રિત મહેમાનોની હાજરીમાં સાબરકાંઠા જિલ્લાના કાનપુર કંપા નિવસી ડૉ. હંસરાજભાઈ એમ. પટેલના દવાખાનાનો ખેડા જિલ્લાના મહુધા મુકામે ઉદ્‌ઘાટન સમારંભ રાખવામાં આવ્યો હતો.

ડૉ. પટેલ સાહેબ છેલ્લા ત્રણેક વર્ષથી અત્રે પ્રાયમરી હેલ્પ સેન્ટરમાં એકસ મેડિકલ ઓફિસર તરીકે ફરજો બજાવતા હતા.

હવેથી તેઓશ્રીના સ્વતંત્ર દવાખાનાનું ઉદ્‌ઘાટન થતાં તેમનું ભાવિજીવન વધુ ઉજ્જવળ બને તેમજ દીનદુઃખી અને દર્દીઓનો તેમની સેવાઓનો લાભ મળે એવી અભિલાષા.

અમોને જણાવતાં આનંદ થાય છે કે, ડૉ. શ્રી ડી. કે. પટેલ તથા ડૉ. શ્રી એચ. એમ. પટેલ 'જાગૃતિ' માસિકના સંપાદક મંડળના સભ્યો છે. જેથી 'જાગૃતિ' સંપાદક મંડળ વતી તેઓ બંનેને ખૂબ ખૂબ અભિનંદન

શ્રી રણુજીતપુરા હાઈસ્કૂલ, રણુજીતપુરા.

"શ્રી રણજીતપુરા કેળવણી મંડળ" સંચાલિત રણજીતપુરામાં હાઇસ્કૂલ તા. ૧૫-૬-૭૦ થી શરૂ થયેલ છે શાળામાં ધો. ૮ થી ૧૧ ના વર્ગો ચાલે છે. ચાલુ વર્ષે એસ. એસ. સી વર્ગ ની પ્રથમ બેંચ એસ. એચ. સી. ની પરીક્ષામાં બેઠેલ હતી. તેમાં કુલ ૨૩ વિદ્યાર્થી પરીક્ષામાં બેઠા હતા. તે પૈકી ૧૪ વિદ્યાર્થીઓ એસ. એસ. સી. પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં શાળાનું પરિણામ ૬૨% આવે છે.

હરિલાલ ગોપાલભાઈ પટેલ ૬૫.૨% માર્કસ મેળવી પ્રથથ નંબરે તથા પરશોત્તમ હંસરાજભાઇ પટેલ ૬૦.૮% માર્કસ મેળવી દ્વિતિય નંબરે ઉત્તિર્ણ થાય છે. કુ. મંથળાબહેન કાન્તિલાલ પટેલ ૫૪% માર્કસ મેળવી (અંગ્રેજી હાયરમેથ્સ સાથે) પાસ થાય છે. સમગ્ર વિભાગમાં એસ. એસ. સી.ના પ્રથમ વર્ષે કોઇપણ શાળા કરતાં આ સંસ્થા શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરે છે.

શાળાએ છેલ્લા બે વર્ષમાં ચિત્રકલમાં એલીમેન્ટરી પરીક્ષામાં ૯૩.૩% તથા ૬૯.૯% પરિણામ તથા ઇન્ટરમિડિયેમ પરિક્ષામાં ૧૦૦% તથા ૬૬.૬ ટકા પરિણામ મેળવ્યુ હતું તથા રમતક્ષેત્રે તાલુકા ચેમ્પીયનશીપ જીલ્લા ઝોનલ હરિફાઇ કપડવંજમાં ૬ રમતોમાં પ્રથમસ્થાન તથા ખેડાજીલ્લા રમતોત્સવ (ભાદરણ) માં બે રમતોમાં પ્રથમસ્થાન (કુ. ગૌરીબહેન મોહનલાલ પટેલ ૧૦૦ મીટર દોડ પ્રથમ તથા કુ. સાવિત્રીબહેન ગોપાલભાઈ પટેલ ચક્રફેંક પ્રથમ) તથા બે રમતોમાં દ્વિતિય સ્થાન મેળવી જીલ્લા કક્ષાએ ઉત્તમ સિધ્ધિ હાંસલ કરી છે.

આચાર્ય શ્રી શંકરલાલ શર્માની ઉત્સાહી શૈક્ષણિક કાર્ય પ્રવૃત્તિ તથા શ્રેષ્ઠ સંચાલનના પરિણામે તથા કેળવણી મંડળના સહકારથી શાળા ઉત્તરોત્તર પ્રગતિ કરતી જાય છે.

લાલજીભાઇ જેઠાભાઈ પટેલ—સેક્રેટરી
શ્રી રણજીતપુરા કેળવણી મંડળ તા. બાલાસિનોર જિ. ખેડા

કંઠી વિભાગ યુવક સંઘ

તા. માંડવી

માંડવી તાલુકા કંઠી વિભાગના યુવક મિત્રોની એક સામાન્ય સભા તા. ૩૦-૬-૭૩ને શનિવારના રોજ ૪ વાગે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના પટાંગણમાં પટેલ દામજીભાઇ અબજીભાઇના પ્રમુખપદે મળી હતી જેમાં કંઠી વિભાગના દુર્ગાપુર, રાયણ, કોડાય, તલવાણા વગેરે ગામોના યુવક મંડળોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. જેમાં નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે પ્રસાર થયા હતા.

ઠરાવ–૧ માંડવી તાલુકા કંઠી વિભાગમાં યુવકસંઘ સ્થાપવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

ઠરાવ–૨ શ્રી અખિલ ભારતીય ધોરણે કચ્છ કડવા પાટીદાર યુવકસંઘની પ્રવૃત્તિને કંઠી વિભાગનાં યુવકસંઘોએ એકત્રિત થઇને સાથ સહકાર આપવો.

ઠરાવ–૩ જયારે જરૂર પડે ત્યારે કંઠી વિભાગનાં પાટીદાર યુવકસંઘોની મીટીંગ બોલાવવાનું નકકી કરવામાં આવેલ છે

ઠરાવ–૪ જે ગામોમાં યુવકમિત્ર મંડળ ન હોય તો તેવા ગામોમાં તાત્કાલિક મંડળો ઉભાં કરવાં એવું સર્વાનુમતે મંજુર નકકી કરવામાં આવ્યું છે.

માંડવી તાલુકા કંઠી વિભાગના પાટીદાર યુવક સંઘની ચાલુ કાર્યવાહી કરવા નીચેના સભ્યોની નિમણુક કરવામાં આવી છે.

દુર્ગાપુર	પટેલ દામજી અબજી	પટેલ ખીમજી હીરજી—સ્ટેમ્પ વેન્ડર માંડવી
રાયણ	પટેલ કરશનભાઇ કાનજી	પટેલ નાનજી શામજી
કોડાય	પટેલ કરશનભાઈ કાનજી	પટેલ ધનજી નાનજી
તલવાણા	પટેલ નાનજી દેવજી	પટેલ શામજી કરમશી

જાહેર જનતાને —

ખુ શ ખ બ ર

અમારી દુકાનેથી ઇલેક્ટ્રીકને લગતો
દરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેક્ટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

દરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ–બ્રશ, ન્હાવા–ધોવાના સાબુ, તેમજ દરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે
વિક્રેતા : સીમેન્સ ઇલે. મોટર

— રૂબરૂ મળો —



શ્રી
ગણેશ ઇલેક્ટ્રીક
એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા. ફોન : પી.પી. ૭૯

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બહામકંપોવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બહામકંપાવાળા)

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ
કરી આપવામાં આવે છે.

સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.

ખેડૂત ભાઈઓને ખુશ ખબર



સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઈપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઈપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

પટેલ ઇલેકટ્રીકલ્સ


ઈલેકટ્રીકને લગતા હરેક જાતના માલ સામાનના વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધનસુરા
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટબ લાઇટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઇલે. સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર

વગેરે... વગેરે...



પ્રખ્યાત—

એવરેસ્ટ ઈ. મોટર્સ

તેમજ

હરેક કંપનીના
સ્ટાર્ટર તથા સ્વીચો
અને તેને લગતી તમામ
વસ્તુઓ.

Everest

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ હરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા હરેક સ્પાર્ટસ મળશે.

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ભીમજીભાઈ કરશનભાઈ
[બહામકંપા વાળા]

શ્રી ૧



આપની જરૂરીયાત મુજબ :

- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર ટયુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા

● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

દરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—


ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઇયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઇનિ ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

ફોન. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા.


LAXMI
LAXMI

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા જિ. સાબરકાંઠા

ગ્રા. નં.

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

૮

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

*

જાગૃતિ

*

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૫

ઓગસ[illegible]

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૬]', પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧] પરદેશમાં રૂા. ૧૨૫] નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર
પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી
[વીરાણી કચ્છ]

જન્મ:
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત૧૯૯૭, આસો વદ ચૌદશ

અનુક્રમણિકા

॥ ॐ નમઃ શિવાય ॥

તંત્રીસ્થાનેથી

આપણે સૌ જાણીએ છીએ તેમ આ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની ગત ડીસેમ્બરમાં રચના થયા બાદ યુવા પ્રવૃત્તિને વેગવાન બનાવવા માટે સમગ્ર ભારતવર્ષમાં જ્યાં આપણા સમાજનો સમુદાય વસતો હોય ત્યાં ઠેર ઠેર અનેક જગ્યાએ નવાં યુવક મંડળોની રચના થવાના સમાચાર આપણાં મુખપત્રો "જાગૃતિ" અને "આઝાદ કલમ" માં આપ સૌએ વાંચ્યાં હશે અગર સાંભળ્યું પણ હશે.

આ રીતે સમગ્ર દેશમાં યુવાશકિતનો સમાજ કલ્યાણના માર્ગે ઉપયોગ કરવા અને સમગ્ર યુવાશકિતને સુસંગતિ સ્વરૂપે જોવાનું શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તાનું સ્વપ્ન સાકાર થવાનાં શુભચિન્હો વર્તાઇ રહ્યાં છે. એ નિર્વિવાદ છે.

એકબાજુ આપણા સમાજમાં લગ્નવિચ્છેદ, વૃદ્ધ ઉંમરે લગ્ન તેમજ આપણા ગરીબ પરિવારની માસુમ બાળાઓની દલાલો મારફતે ઊંચા તરફ થતાં વેચાણ સામે સમાજે લાલબત્તી કરવાનો સમય ખૂબ, નજીક આવી ગયો છે. આ જાતની સામજિક કાર્યવાહીમાં સમગ્ર દેશમાંથી આપણા સમાજની યુવાશકિતનો નૈતિક ટેકો રહેશે અને છેજ એમ માનીને પણ સમાજના બુઝર્ગ આગેવાનોએ ચાંપતી નજર રાખી યોગ્ય કાર્યવાહી કરવી જોઇએ એમ સૌ કોઇએ મનવુ જ રહ્યું.

સીધે સીધુ પોતાનુ પેટ ન ભરી શકનારએ દલાલો કન્યાઓનાં વેચાણમાંથી કંઇક દલાલી મેળવતા હશે ! કે પછી તેઓની આવી હલકટ પ્રવૃત્તિથી પોતાને એક જાત નો માનસિક આનંદ થતો હશે એ તો રામ જાણે ! પણ આ પ્રવૃત્તિ દિનપ્રતિદિન વિશેષ ફાલતી ફુલતી જાય છે. તો કચ્છના આપણા આગેવાનો

 [illegible] ના ભાગ રૂપે શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળે તેમની પ્રવૃત્તિઓની વહેલી તકે આ અંગે નકકર માહિતીઓ મેળવવાનુ આયોજન કરી બાળાઓના ઉજ્જળ ભાવીનો પ્રબંધ કરવા વિચારે જો તેમ નહિ થાયતો આપણામાં રહેલી સામાજીકતા ઘટી જશે અને એ વેચાઇ રહેલી માસુમ બાળાઓનાં ઉષ્ણ આંસુઓથી સમાજની સત્વિકતા ને ધોકો પહોંચશે એમ કહેવુ કદાચ અસ્થાને નથી.

બીજી એક વાત આપણે આગામી મે ૭૪ માં કચ્છ નખત્રાણા ખાતે જે અધિવેશન ભરવાનું નક્કી કર્યું છે. તેની પૂર્ણ વિચારણા કરવા માટે તદર્થ સમિતિના સભ્યોની ગુજરાતમાં હડમતિયાકંપા ખાતે આગામી તા. ૧૦–૧૧અને ૧૨ મી ઓકટોબર ૧૯૭૩ના દિવસોમાં મીટીંગ યોજવાનુ નકકી થઇ ગયું છે તેની સમગ્ર યુવક મિત્રો નોંધ લે.

સમગ્ર સમાજની કાયાપલટ કરવા માટે સમાજના સડાઓને આગળ વધતા શુભ શરૂઆત કરી દીધી હોવાના અને તેમાં સફળતા મળી હોવાન સમાચારો જાણવા મળ્યા છે. એ બદલ નવચેતન યુવક મંડળને ખૂબ ખૂબ અભિનંદન

આપણા સમાજના દરેક યુવાનો આ મંડળ પાસેથી પ્રેરણા મેળવે અને સમાજ કલ્યાણ માર્ગે આટલું ધ્યાનમાં રાખે—

"મારી શક્તિને રચનાત્મક માર્ગે જ વાળી વિધ્વંસલક્ષી બનવાને બદલે નિર્માણલક્ષી બનીશ. નિર્બળનેસતાવવામાં નહિ પણ એની સુરક્ષા કરવા પાછળ જીવન હોમી દેવામાં જ આનંદ માનીશ. મારી યૌવાન દોલત સંયમના સેઇફ ડીપોઝીટ વોલ્ટમાં સદા સુરક્ષિત રહેશે. હૃદયમાં નિર્મળતા અને નિર્ભયતા રાખીને સદા સમાજ કલ્યાણની જ ઉપાસના કર્યા કરીશ. સામાજિક ગરીબીની પીડા નિવારવા માટે સદા આત્મભોગ આપીને મથ્યા કરવું એજ મારો જીવન મંત્ર હશે ને સમાજની શાન ભયમાં આવી પડે ત્યારે સમાજના સાચા સેવક તરીકે આત્મભોગ આપવાનો મારે હૈયે ઉમંગ હશે" —અસ્તુ

—તંત્રી

★ કાળને બદલવાની. આકાશને બાંધવાની ને હિમાલયને ચૂર્ણ કરવાની અદમ્ય ઉત્સાહ શક્તિનું જીવન પ્રતિક એટલે યુવાન

★ નચિકેતા જેવા મક્કમ મનના મૃત્યુ સાથે ઝઘડનારા જ્ઞાનપિપાસુ અને તેજોમય યુવાનો જ જગત બદલી શકશે.

ના! રી !

રતીલાલ દેવસીભાઈ પટેલ
" વિલયી "
અમદાવાદ

નારી જીવનની સાર્થકતા ભોગમાં નહીં પણ ત્યાગમાં રહેલી છે. પુરૂપ અને સ્ત્રી બંને એક મહાન સર્જન છે. સર્જનનાં પાત્રો છે. બંને વચ્ચે તફાવત માત્ર એટલો જ કે પુરૂપ ભોગવટામાં માને છે. સ્ત્રી હૃદય ત્યાગમાં માને છે.

પ્રેમ એ મનુષ્ય જીવનનો અંશ છે. પણ સ્ત્રી એ એક જીવનનો પાયો છે.

નારી એટલે પુરુપની જ્યોતિર્ધામ દિવડી. નિરાશાના અંધકારમાં આશાની ચિરાગ જીવન આંગણાની અનુપમ રંગોળી, સમાજના ઉદ્યાનમાં ખીલતું મહેકતું ગુલાબ.

પ્રેમનાં અડપલાં કરવા જતાં એકજ પુરૂપને ચાહવો અને તેને ચરણે સર્વસ્વ અર્પણ કરી દેવું એજ સ્ત્રીની શોભા છે. જીવનનો શણગાર છે.

નારીમાં રહેલી માતૃવિયોગની મૂંગી વેદના પણ ઘણીવાર ધરતીકંપ સર્જતી હોય છે.

પહેલી પૂજાનો અધિકાર પ્રકૃતિનો છે પુરુપ પ્રકૃતિની પૂજા ન કરે તો ચિરંજીવ સુખ કદી પ્રાપ્ત કરી શકતો નથી.

માના નયનોમાંથી નિર્ઝરતા અમૃતને ઝીલવા માટે ભગવાન પણ એક માનવ માતાનો ખોળો ખૂંદવા અવતાર લેતા હોય છે.

જેનું જીવનમાં કોઇ નહીં એની છેવટ માતા. માતાના પ્રેમ આગળ વિધાતા ય મૂંગી બની જાય છે.

સંસ્કારનો દીપ જન્મદાત્રી જ બાળકને અર્પી જાણે છે કે જેમાંથી સંસ્કારિતાનું બીજ રોપાય છે

નારીમાં રહેલા ત્યાગનું કદી પારખું ન કરશો નહીં તો ક્યાંક લાંછનના ખપ્પરમાં હોમાઇ જશો.

નારીનો નર પ્રત્યેનો અટલ વિશ્વાસ નર કદી આપી શકે ખરો ?

નારીનું જીવન નદીનીરપ્રવાહ જેવું છે એનું જીવન કાલ ક્યાં હશે એ કોઇ કહી શકતું નથી. એના જીવનની મહાનતાનું મૂલ્ય કદી ન થઇ શકે.

નારીની મહાનતાનું મૂલ્ય સ્વામી વિવેકાનંદે મસ્તકે ચડાવી કહ્યું છે કે જે દેશે નારીસન્માનની ભાવનાને તિલાંજલી આપી છે, તે દેશનું નૈતિક અધઃપતન આજ નહીં તો કાલ અવશ્ય છે, નિશ્ચિત છે. એમાં કોઇ શંકા નથી.

કરૂણામૂર્તિ નારીના જીવનની કરૂણતા યે કેટલી બધી મોટી ! એના ભાગે હમેશાં સહન કરવાનું જ હોય છે.

★

પાત્રની પસંદગી

સંગ્રાહક : ચંદુલાલ કે. પટેલ
બોરડીટીબા

દૈનિક પત્રમાં જાહેરાત વાંચતાંજ અનેક ભણેલા બેકારોએ અરજી નાખી આંધ્રના પ્રખ્યાત રસાયણશાસ્ત્રી નાગાર્જુન ના ટેબલ પર અરજીઓનો ખડકલો થઇ ગયો અરજીઓને વ્યવસ્થિત ગોઠવીને એક પછી એક વાંચવા માંડી. વાચતાં વાંચતાં પ્રોફેસર હસી પડયા : 'અરે! આજના ગ્રેજયુએટો ! એમને અરજી કરતાં પણ આવડતું નથી પાંચ પંદર લીટીની અરજીમાં પાંચ પંદર ભૂલો છે. કોકે અરજી કરી છે, પણ પોતાનું સરનામુ જ લખ્યું નથી ડિગ્રી લખવાનું ભૂલાઇ ગયું છે, આજના ગ્રેજયુએટોને અરજી કેમ કરવી, એ શીખવવા માટે કલાસીઝ ખોલવા જરૂરી છે, આ વિચાર આવતાં જ એમને મહાદુઃખ થયું !

અરજીઓનો આખો ખડકલો ફેંદતાં ફેંદતાં પ્રો. નાગાર્જુને માત્ર બેજ પ્રતિભા શાળી યુવકોને પસંદ કર્યા આ બેમાંથી એકને પસંદ કરવાનો હતો. બંને એક બીજાથી ગાંજયા જાય એમ ન હતા. બન્ને ફર્સ્ટ કલાસ ફર્સ્ટ પાસ હતા. અક્ષરો પણ મોતીના દાણા જેવા આંખે ઉડીને બાજે એવા હતા. બન્નેનો ઇન્ટરવ્યુ લીધો તો બંને સમકક્ષ ઉતર્યા બેમાંથી કોને પસંદ કરવોએ નિર્ણાયકને મન એક કોયડો થઇ પડયો જયારે બંને બધી રીતે સમકક્ષ ઉતર્યો. ત્યારે પ્રોફેસરે એમની વ્યાયહારિક બુદ્ધિ માપવાનો વિચાર કર્યો અને કહ્યું : લ્યો, તમને બંનેને આ બે ચાર પદાર્થો આપું છું બે દિવસમાં આ માંથી એક રસાયણ તૈયાર કરીને મારી પાસે લાવજો :

બન્ને યુવકો તો હરખાતે હૈયે રવાના થયા.

જોત જોતામાં તો બે દિવસ પસાર થઇ ગયા. સમય જતાં બન્ને યુવકે પ્રો. નાગાર્જુન સમક્ષ ઉપસ્થિત થયા. એક યુવકે પોતે બનાવેલું રસાયણ તથા તેની થીયરી સુંદર રીતે વર્ણવી પ્રો. તો એના અનુભવ અને આવડત પર વારી ગયા.

પછી બીજા યુવકને બોલાવ્યો આવતાં વેંત એણે પ્રોફેસરને વંદન કર્યા તેના વંદન ઝીલતાં ઝીલતાં પ્રોફેસરે પૂછ્યું. 'આપ ખાલી હાથે કેમ આવ્યા છો ? મેં આપેલા પદાર્થમાંથી રસાયણ નથી બનાવી લાવ્યા ?

'માફ કરજો સર ! હું એ રસાયણ નથી બનાવી શકયો' યુવકે નમ્ર સ્વરે કહ્યું.

'કેમ ! શું થયું ? રસાયણ બનાવતાં ના ફાવ્યું ?

'ના...ના....એવું કાંઈ નથી. પણ વાત એમ બની કે અમે બન્ને આપે આપેલા પદાર્થો લઇને ઘેર જઇ રહ્યા

હતા. અર્ધે રસ્તે પહોંચ્યા હોઈશું ત્યાં રસ્તામાં એક વૃદ્ધને ઘડીએ ઘડીએ વેદનાથી ચીસો પાડતો જોયો હું એ બાજુ પગલાં માંડું ત્યાંતો મારી સાથેના યુવકે કહ્યું 'અરે ! આપ ક્યાં જાવ છો ? ઘેર જઈ રસાયણ બનાવવાનું છે. એક કલાકમાં બનાવવાની શરૂઆત ન કરીએ તો પરમ દિવસ સુધી એ બને નહિ અ... સમય બગાડવો કોઈ રીતે યોગ્ય નથી.' મેં કહ્યું મિત્ર ! એ બધુ મારા ખ્યાલમાં છે.' ત્યારે તો હું રજા લઉં છું.' એમ કહી ને મારો મિત્ર ચાલ્યો ગયો.

'હું એ વૃદ્ધની નજીક ગયો. એનાં કપડાંનુ ઠેકાણુ ન હતું આંખમાંથી દડી દડીને આંસુ પણ સુકાઈ ગયાં હતાં. નાકમાંથી લીંટ વહ્યું જતું હતું. અંગ પર પાર વિનાની માખીઓ બણબણતી હતી એ વૃદ્ધની અસહાય અવસ્થા જોતાંજ મને સ્વાભાવિક રીતે દયા આવી ગઈ એમને આવી અસહાય અવસ્થામાં છોડીને જવાનુ મને મન ન થયું પાસે જઈને જ્યાં એમનો હાથ પકડયો તો શરીર તાવથી ધગ ધગે માટું, ઘર મોટું હોત તો એમને મારે ઘેર લઈ આવત પણ એકજ ઓરડીમાં સાંકડે માંકડે સાત જણા રહેતા હોઈએ ત્યાં આ માંદા વૃદ્ધને ક્યાં રાખવા ? ભાડાનું વાહન કરીને હું એમને હોસ્પિટલમાં લઈ ગયો. એમની સેવામાં મારા બે દિવસ વ્યતિત થઈ ગયા. એટલે હું રસાયણ બનાવી શકયો નથી. હજી બે દિવસનો સમય આપે: તો હું બનાવી લાવું.

'માનો કે મેં તમને બે દિવસની મહેતલ આપી તો આપ એ પદાર્થોમાંથી ક્યાં ક્યાં રસાયણો બનાવી શકશો ?' પ્રો. નાગાર્જુને પરીક્ષા કરવા ખાતર પૂછયું.

એ યુવકે જરાય અચકાયા વિના એ પદાર્થોમાંથી જેટલાં જેટલાં રસાયણો અને એની વિગત અને ફોર્મ્યુલા વર્ણવી બતાવી.

એ યુવકની આવડત, હોંશિયારી, સંસ્કારિતા અને સેવાભાવના જોઈને એમ થઈ ગયુ કે આ યુવક પોતાની પદવીને શોભાવે એવો છે. એટલે તરત જ પોતાના આસિસ્ટંટ તરીકે નિમણુંક કરવાનો હેડકલાર્કને આદેશ આપ્યો. આ આદેશથી હેડ કલાર્કને આશ્ચર્ય થયું અને એણે પ્રોફેસર સામે આશ્ચર્ય પૂર્વક જોયું પ્રોફેસરે પૂછ્યું : 'કેમ ! આપને આશ્ચર્ય થાય છે !'

'હા, સર ! આશ્ચર્ય તો થાય જ ને !'

'કેમ ?' પ્રોફેસરે હસતાં હસતાં પૂછયુ

'મને આશ્ચર્ય એટલા માટે થાય છે કે રસાયણ બનાવી લાવનાર યુવકનો એકડો જ આપે રદબાતલ કરી નાખ્યો અને જે ખાલી હાથે આવ્યો એને આપે પસંદ કર્યો. આપે આ બન્ને યુવકને કયા ગજથી માપ્યા એ મને ન સમજાયું'

પ્રોફેસરે ગંભીર થઈને કહ્યું : 'મેં આ બન્ને યુવકોને ચકાસવામાં કોઈ કમી રાખી નથી. બન્ને બધી રીતે સમકક્ષ

ઉતર્યા છે. પણ આ યુવકને પસંદ કરવા પાછળ મારો આશય કોઇ નિરાળોજ છે. [illegible] જ્ઞાન અને આવડત સમકક્ષ હતે ત્યારે માનવીની પરીક્ષા સદાચરણમાંથીજ કરવાની રહે છે. જ્ઞાન તો બન્ને પાસે પૂરતું હતું. માણસ પાસે કેટલું જ્ઞાન છે એ મહત્વનું નથી. એ જ્ઞાનનો લોકહિતાર્થે કેટલો અને કેવી રીતે ઉપયોગ કરે છે એજ મહત્વનું છે. આપે કહ્યું કે પેલો યુવક રસાયણ બનાવી લાવ્યો અને આ ન બનાવી લાવ્યો. આપની આ વાત સાચી છે. પણ માનવ જીવન કરતાં કોઈ રસાયણ કાંઈ વધુમ હત્વનું નથી. રસાયણશાસ્ત્રનો ઉપયોગ આખરે તો જનસેવા માટેજ છેને ! મેં જે યુવકને પસંદ કર્યો એ યુવકે રસાયણ કરતાં માનવ સેવાને પ્રાધાન્ય આપીને પોતાની યોગ્યતા સાબિત કરી દીધી છે. અને હા રસાયણ બનાવવામાં પાવરધો છેકે નહિ એની પરીક્ષા પણ મેં લઇ લીધી છે. એટલે એ યુવક મને દરેક રીતે યોગ્ય લાગે છે.

હેડકલાર્કને પણ લાગ્યું કે ના સાહેબે નિમણુંક સમજી વિચારીને યોગ્ય રીતે કરી છે.

પ્રો. નાગાર્જુને હસતાં હસતાં એની સત્તાવાર નિમણુક પર શેરો માર્યો ત્યારે યુવકની આંખમાંથી આભારનાં બે આંસુ ટપકી પડયાં. ★

અદ્વૈત માર્ગ

આ મતના સ્થાપક શંકરાચાર્યનો જન્મ ઇ. સ. ૭૮૯માં થયો હતો. તેમનું જન્મ નામ શકર હતું. ત્રણ વર્ષની ઉંમરે તેમના પિતાનું અવસાન થતાં ભણાવવા ઉછેરવાની જવાબદારી તેની માતા ઉપર આવી પડી ભણવામાં તેની બુદ્ધિ તેજ હતી તેથી સાત વરસની ઉંમરે કેટલુંક વેદોનું અધ્યયન કરી લીધું ત્યાંના રાજાએ તેના ઉપર ખુશ થઇ કેટલીક ભેટો મોકલી પણ તેણે તે સ્વીકારી નહીં અને નિઃસ્પૃહ રહ્યા. દેશમાં ચાલતા અનેક મતપંથોની જાળ કાપી નાંખી વેદના જ્ઞાન કાંડનો ઉદ્ધાર કરવાની શંકરને તીવ્ર ઇચ્છા થઈ અને સન્યાસ ધારણ કર્યો, અને જીવ અને શીવનું એક પણું જણાવી "અદ્વૈત માર્ગ" ની સ્થાપના કરી તેને "કેવલાદ્વૈત" પણ કહે છે. તેમને દેશના દરેક સ્થળોમાં ફરી ઉપદેશથી હજારો શિષ્યો કર્યા, તેથી તે શંકરા ચાર્ય કહેવાયા.

અદ્વૈત માર્ગ સંપૂર્ણ પ્રકારે સાધારણ લોકની સમજમાં આવવો મુશ્કેલ જાણી લોક રૂચીને માન આપી સમય અને સંજોગોને ધ્યાનમાં લઈ મૂર્તિપૂજા વિધિ શરૂ કર્યા પોતે જ્ઞાન માર્ગના હિમાયતી હતા છતાં પણ કર્મ અને

ભક્તિએ જ્ઞાનનાં અવાંતર સાધન છે. માટે વર્ણાશ્રમ પ્રમાણે કર્માદિ કરવાની આજ્ઞા કરતા હતા. જનતાને સતત ઉપદેશ મળતો રહે એ હેતુથી તેણે ચાર જગાએ મઠની સ્થાપના કરી દ્વારકામાં શારદા મઠ, જગન્નાથજીમાં ગોવર્ધન મઠ, હરિદ્વારમાં જ્યોતિ મઠ, મ્હૈસુરમાં શૃંગેરી મઠ, અને કાશીમાં સુમેરૂ મઠ.

તેમણે બ્રહ્મ સુત્ર, ભગવદ્ગીતા, અને ઉપનિષદ્ વગેરે ઉપર બ્રહ્મ વિદ્યા પ્રતિપાદક ભાષ્ય રચ્યાં. આવી રીતે જ્ઞાન, કર્મ અને ભક્તિ માર્ગનો યથા યોગ્ય ઉપદેશ આપી વેદ ધર્મની ફરી પ્રાણપ્રતિષ્ઠા કરી પોતાની ૩૨ વર્ષની ઉંમરમા બદ્રિનારાયણમાં સમાધિન થયા.

હાલ આર્યાવર્તમાં શુધ્ધ અદ્વૈત મત કોઇ ઠેકાણે ચાલતો નથી, અને પુરાણોના સંસર્ગના લીધે તેમાં પણ ફેર ફારો થઇ ગયા છે. આજે પણ દરેક મઠાધિસ્થ શંકરાચાર્યના પદથી ઓળખાય છે. આદ્ય શંકરાચાર્યને "જગદ્ગુરુ" ના માનપ્રદ પદથી આજે પણ હિંદુઓ ઓળખે છે, આ મતમાં પણ પાછળથી કેટલાક પેટા પંથ થયા છે. દસનામી સન્યાસી ખાખીસાધુ, નાગાસાધુ, અતિત, અલખનામી, અવધુત, નખી વગેરે સાધુઓના ઘણા પંથ છે. તે બધા શિવલીંગને પૂજે છે. અને રૂદ્રાક્ષ તથા ભસ્મ ધારણ કરી ફરતા રહી ભીખમાગી ગુજરાન કરે છે. એ લોકોનું એવું માનવું છે કે વ્યાસ મુનિએ વિષ્ણુ પુરાણમાં શંકરની નિંદા કરી છે. માટે તે લોકો વ્યાસ ઋષિની મૂર્તિના હાથ કાપેલા રાખેલા છે. આથી બ્રાહ્મણોની લાગણી દુઃભાતાં વારંવાર તેઓમાં તકરારો ઉભી થાય છે.

દસનામી સન્યાસી :– જેઓ બ્રાહ્મણ જાતિનાજ હોય છે. તેઓ મઠાધિસ્થ આચાર્યને નમે છે. ખાખી સાધુઓ પણ સન્યાસીઓની પેઠેજ વર્તે છે. નાગડા સાધુઓની જમાત સ્વતંત્ર છે. તે કોઇ મઠના શંકરાચાર્યને નમતા નથી અતિત શિવ અને દેવી બંનેના ઉપાસક છે. અલખનામી– આ સાધુઓ ભીખ માગતી વખતે "અલખ" શબ્દનો ઉચ્ચાર કરે છે. અવધુત- મંત્ર તંત્ર માટે પ્રસિધ્ધ છે. નખી નખ વધારે છે.

★



"જીવનમાં તેજસ્વી વૃત્તિની જરૂર".

(પરમપૂજ્ય શાસ્ત્રીજી પાંડુરંગ વૈજનાથ આઠવલેના પ્રવચનમાંથી અમૃતબિંદુ)

સંપાદક : એતાણી મુળજીભાઈ કે.
સૈજપુરબોઘા (અમદાવાદ)

સંસ્કાર ધન એજ શ્રેષ્ઠ માનો. મુંદના સુસંસ્કારો માનવીને તેજસ્વી બનાવે છે. આજના આ યુગમાં જ્યાં શાસકોજ અન્ન અને અર્થ માટે ભીખ માગે છે તેની પ્રજામાં તેજસ્વીતા કેવી રીતે આવે. અન્ન, પાણી અને વાણી આ પર જ જીવનનું ઘડતર થાય છે. આજના આપણા બાળકોમાં વિદ્યાર્થીઓમાં તેજસ્વીતાનાં દર્શન થતા નથી. માતા પિતાનાં સંસ્કારોની અસર બાળક પર થાય છે. સંયમ, શ્રદ્ધા, અને શ્રમની મહત્તા ન સમજતી પ્રજામાં તાકાત ક્યાંથી આવે ? બીજા પરજ આધાર રાખી જીવતી પ્રજાને આઝાદ કેમ કહેવાય ? આજે રોહિતોની અને હરિશ્ચન્દ્ર તારામતી જેવા તેજસ્વી મા બાપની જરૂર છે. "રોહિતએ પાણી ફેંકી દે" અને ખોબામાં લીધેલું બરફ જેવું શિતળ પાણી રોહિતે નીચે રેડયું, મોંમાં લીધેલો ઘૂંટડો તેણે ભૂમિપર ઠાલવ્યો સ્વપ્નમાં આપેલા વચન ખાતર ભારતનો સમ્રાટ હરિશ્ચન્દ્ર પોતાનું સામ્રાજ્ય વિશ્વામિત્રને સોંપી દક્ષિણા માટે આપવાની રકમનું દેવું સ્વીકારી, પત્ની તારા અને કુમળા રોહિતને સાથે લઇ રાજ્ય બહાર નીકળ્યો. રાજ્યની હદ બહાર નીકળ્યા પછી ભૂખ અને તરસથી હરિશ્ચન્દ્ર અને તારા પીડાતા હતા, ત્યારે નાના રોહિતનું તો પૂછવું જ શું ? એટલામાં થોડે દૂર એણે પરબ જોઇ એ ઉતાવળે દોડયો, પરબ પરનાં બ્રાહ્મણે શીતળ પાણી રેડયું. રોહિતે એક ઘૂંટડો મોંમાં ભર્યો ઘૂંટડો ગળામાં ઉતરે ત્યાં હરિશ્ચન્દ્રનો તેજસ્વી અવાજ સાંભળ્યો... "ફેંકીદે" પ્રાણની પરવા ન કરતાં રોહિતે પાણી રેડી દીધું ભરેલો ઘૂંટડો ગળા નીચે ઉતારી દેવાની બનાવટ પણ તેના દિલમાં ન લાગી પરબ પાસે ઉભેલા બ્રાહ્મણ વિશ્વામિત્ર જ હતા. તેમણે પરીક્ષા લેવામાટે જ પરબ ઉભી કરી હતી પરંતુ સફળ ન થયા.

હરિશ્ચન્દ્રે અને તારાએ રોહિતને પંપાળ્યો. તેમનું હૃદય ભરાઈ આવતું હતું પ્રેમાળ વાણીએ હરિશ્ચન્દ્રે કહ્યું બેટા મારો પુત્ર ક્ષત્રિય બન્યો કહી, પરબનું પાણી નહિ પીએ રોહિત ત્યારે હસી ઉઠયો " પિતાજી તરસના લીધે વિચાર કર્યા વિના, તમને પૂછ્યા વિના દોડયો. અવિનય થયો ક્ષમા કરો " તારાએ ભારતના તેજસ્વી લાલને ગળે લગાડી છાતીએ ચાંપ્યો.

કેવી તેજસ્વી વૃત્તિ " મારે મફતનું કંઈ ન જોઇએ, પાણી પણ નહિ પ્રાણ

જાય તો પરવા નહિ' તેજસ્વી વૃત્તિ એજ જીવનનું મહત્વ છે.

બીજા વિદ્યાર્થીના પુસ્તકો નોટબુકસ સાધનો ચોરી લેવાની વૃત્તિવાળો આજનો વિદ્યાર્થી, મહેનત કર્યા વિના પાસ થવા માટે અયોગ્ય ઉપાયો આચરતો પરિક્ષાર્થી, ટિકિટ વિના ગાડીઓમાં મુસાફરી કરતો કિશોર અને તેની આ શુરવીરતા માટે તેને અભિનંદતાં મા બાપ, અલ્પ આવકવાળા ગ્રાહકોને શોષતો વેપારી, કર છુપાવતો કાળા બજાર કરતો મુડીપતિ લાંચરૂશ્વતમાં પાવરધો કર્મચારી અધિકારી અને જીવન વિકાસ કર્યા વિના, પ્રભુ કાર્ય માટે ઘસાયા વિના મોક્ષ અને લક્ષ્મી માટે, સુખ અને શાંતિ માટે, સંત મહંતને ઉપાસતો (અ)ભકત વગેરે રાષ્ટ્રના જીવનમાંય લાગેલા સડા છે. જે શાસન અન્ન અને અર્થ માટે ભીખ માગે છે તેની પ્રજામાં તેજસ્વીતા કેવીરીતે આવે ? જે પ્રજા તાકાત કેળવતી નથી સંયમ અને શ્રમ સમજતી નથી અને રક્ષણ મેળવવા આતુર છે તેને સ્વતંત્ર કહેવાય ખરી ?

આજના બાળકોમાં રોહિતનું આજ્ઞા-પાલન અને વિનય, સમજ અને સહન કરવાની પ્રસન્નતા પૂર્વકની તૈયારી જોવા મળે છે ? તે રીતનું શિક્ષણ તેને મળે છે ? હરિશ્ચન્દ્ર માનતા હતા કે મફતનું (ભીખનું) પોતાને કે પોતાના બાળક માટે કંઈ ન ખપે. કોઈને આમાં ક્રુરતા લાગશે. પરંતુ જે પિતા પોતાના પુત્રને તેજ પાવામાં પ્રભુ માટેની કૃતજ્ઞતા વારસામાં આપવામાં ઈશ્વરી વાડ્ગમયનું અધ્યયન કરાવવામાં ઢીલો રહે છે. તેના કુટુંબમાં તિમિર અને અધોગતીનોજ વિકાસ થતો જાય છે. આવો શ્રીમંત ભોગમાં સડી જાય છે, અને કંગાળ ભાંગી પડે છે. આવો મનુષ્ય સુખમાં ઉન્મત બને છે. અને દુ:ખમાં લાચાર બને છે. આવો જીવ સાફલ્ય મેળતાં આત્મસમ પ્રસંશામાં ફુલાઈ મરે છે અને નિષ્ફળતા, મળતાં મનુષ્ય મૃત્યુ પહેલાં અનેક વખત મરીને જીવન પુરૂ કરે છે.

હરિશ્ચન્દ્ર અને રોહિતનો આ પ્રસંગ તેજસ્વી જીવનવૃત્તિ શિખવે છે. જયાં તેજસ્વીતા હોય છે. ત્યાં વિયતિ ભાવ નિર્માણ કરે છે. વેદના જીવન વિકાસ પ્રેરે છે. અને મૃત્યુ અનેક યુગોનું અમરત્વ આપે છે.

ભગવાન યોગેશ્વરને પ્રાર્થના કે આપણા બાળકોમાં રોહિતની તેજસ્વીતા આવે અને પિતાઓમાં સત્ય વચની હરિશ્ચન્દ્રની જાગરૂકતા આવે એજ અભ્યર્થના.

—"અસ્તુ"

"કન્યા વિક્રય સમાજ માટે કલંક"

કરસન પટેલ જાલવાળા
(ન્યુ દીલ્હી)

આપણે બધા જાણીએ છીએ છતાં કન્યા વિક્રય નથી રોકી શકતા. તેની પાછળ શું કારણો છે તેનો આપણે આજસુધી વિચાર નથી કર્યો. અત્યારે ઊંઝા તથા મહેસાણા બાજુ આપણી માસુમ બાળાઓનો જે વેપાર ચાલી રહ્યો છે તેની પાછળ શું કારણો છે! તે જાણવા કોઇએ પ્રયાસ નથી કર્યો કોઇપણ કારણ વગર મા–બાપ પોતાની દીકરીની અવદશા થવા દેશે નહિ. આજે આપણે છડે ચોક કહીયે છીએ કન્યા વેપાર અટકાવવો જોઇએ, આ પ્રવૃત્તિ આપણા સમાજ માટે કલંક રૂપ છે, કારણ કે ત્યાં આપણી બહેન દીકરીની હાલત સારી નથી, તો પણ આ કાર્ય બંધ કેમ નથી થતું. ?

કન્યા વેપાર થવાનાં મુખ્ય કારણો એ હોઈ શકે કે આર્થિક રીતે જે ભાઇની હાલત સારી નથી તે ભાઈ પોતાની બહેન દીકરીને વેચવા તૈયાર થાય છે, કારણકે આવી કારમી મોંઘવારીમાં લગ્ન ખર્ચ ઉપાડવા તે ભાઈ અસમર્થ હોવાથી, આવું પગલું ભરે છે, અથવા તેમના ભાઇઓ તરફથી આર્થિક સહાય ન મળવાથી આવા સંજોગોમાં દલાલ લોકો આનો ફાયદો ઉઠાવે છે અને ટોટલ ખર્ચની જવાબદારી લઇ લે છે. અને ઉપરાંત રોકડ રકમ પણ આપે છે. ત્યારે બદલામાં પોતાની બહેન દીકરીને આધેડ વયની વ્યક્તિ સાથે પણ વેચવા તૈયાર થાય છે.

બીજું કારણ આ છે, આપણી સમાજની અંદર એક અંધશ્રધ્ધ ચાલી રહી છે જેને આપણે "છાપ" કહીયે છીએ, જે કુટુંબ પર આવી "છાપ" બેસાડી છે તેવાં મા–બાપની કન્યાઓ, અથવા માનસિક રીતે બિમારીથી કંટાળાયેલી કન્યાઓને, અથવા જે કન્યાઓનું આચરણ સારૂ નથી, અથવા વિધવા થયેલ કન્યાઓ યા ખોડ ખાપંણ વાળી કન્યાઓને આપણા સમાજની અંદર અપનાવવા કોઇ તૈયાર નથી. તો આવી પરિસ્થિતીમાં મુકાયેલાં મા–બાપો પણ કન્યા વિક્રયનો રસ્તો અપનાવતાં માલુમ પડશે.

અને ત્રીજું કારણ એ છે કે આજના બદલાતા યુગમાં જે યુવક પોતાને સુધરેલ અને હોંશિયાર ગણે છે તે ભાઇઓ ભણેલ અને સંસ્કારી કન્યાઓને પણ અપનાવવા તૈયાર નથી થતા અને આ કન્યા મને પસંદ નથી તેવા કોરા જવાબોથી કન્યાનું તથા સમાજનું અપમાન કરે છે, અને પોતે સ્વચ્છંદી વાતાવરણમાં જીવવા માગે છે. અથવા મુરતિયાને

 [illegible] વાર છે તેવા જવાબો મળે છે. આપણે પંદરથી સત્તર વરસની કન્યાને પરણાવવા યોગ્ય સમજીયે છીએ, જ્યારે વીસથી બાવીસ વરસના દીકરાને નાનો બનાવીયે છીએ. અને કન્યાઓના સગપણ કરવાં મુશ્કેલ થાય છે તો આવી પરિસ્થિતીમાં મા બાપ કન્યા વેચવાનું પગલું ભરે છે.

તો મારો સર્વેને આગ્રહ છે કે જ્યાં સુધી આપણે આપણાં કુટુંબી ભાઇ તથા જ્ઞાતિ ભાઇની પરિસ્થિતી જાણી કરીને, આપણાથી બનતી મદદ કરવા તૈયાર નહિ થઇએ ત્યાં સુધી આ કાર્યમાં આપણને પુરતી સફળતા નહિ મળે.

મારા વિચારમાં આ કાર્ય યુવક મંડળના ભાઇઓએ ઉપાડી લેવું જોઇએ અને જ્યાં ખબર પડે કે ફલાણો ભાઇ પોતાની દીકરી અથવા બહેનને ખોટી લાલચમાં વેચવા તૈયાર થયા છે. ત્યાં યુવક મંડળના ભાઇઓએ ભળી કરીને ભાઇને સમજાવીને આર્થિક મદદ કરવી જોઇએ. અને કન્યાનું યોગ્ય ઠેકાણે સગપણ કરવા મદદ કરવી જોઇએ અને આવી કન્યાઓનો વિવાહ મંદીરમાં કરવો જોઇએ. જેથી કરીને ખર્ચને પહોંચી વળાય.

યુવક ભાઇઓને મારી નમ્ર વિનંતી છે કે આપણા સમાજ અંદર આપણી બહેન દીકરીઓની વધારે ચકાસણી ન કરતાં "જૈસે કો તૈસા" વાળી કહેવત લાગુ કરીને આપણી બહેન દીકરીઓને વેચતાં અટકાવશો એજ અભ્યર્થના.

★

"સમયની સૂઝ"

લેખક : **શંકરલાલ રાજારામ પટેલ**
એસ. વાય. બી. કોમ
જલગામ

થોડા વર્ષો પહેલાની વાત છે તે સાલ ભયંકર દુષ્કાળ હતો. વરસાદ ન. વરસવાથી લોકોને અન્ન માટે ફાંફાં મારવા પડતા હતા. જ્યારે ઉષ્ણકાળ આવ્યો ત્યારે ગામડાઓમાં ચોરી અને લૂંટફાર વધવા લાગ્યાં ચોરી અને લૂંટફાટ એટલી હદે પહોંચ્યા કે ભુખ્યા લોકો જે હાથમાં આવે તે ઉઠાવી લઇ જતા કોઇ ક્રાંતિ કરતા તો મારપીટ થઇ જતી હતી. આવા ભયંકર દુષ્કાળથી ગામડાઓના લોકોમાં ચિંતાની ડરની લગાણી વધતી ગઇ.

એક નાનકડા ગામમાં એક વૃદ્ધ વેપારી રહેતો હતો. વ્યાપારથી તેણે બહુજ કમાઇ કરી હતી. જો કોઇ કયારે દુષ્કાળ પડે તો તેનો સામનો કરવા માટે અનાજનો તેને સંગ્રહ કરી રાખ્યો

 ગામના લોકોમાં તેનું માન હતું. વેપારી બહુજ હોંશિયાર, તેમજ બુદ્ધિમાન હતો આસપાસની પરિસ્થિતિ જોઇ તે સમજી ગયો કે આ ભુખમારીથી ઈજ્જત બચાવવી સહેલું નથી. એટલે તેણે પોતાના પરિવારના સદસ્યોને સમજાવતાં કહ્યું કે આવા દુષ્કાળમાં આપણે આપણી મિલકત સંભાળી બેઠા રહીશું તો બધુ ગુમાવવાનો સમય આવી પહોંચશે કદાચિત જીવનને પણ ખતરો હોઇ શકે.

આ સાંભળી પરિવારના સદસ્યોએ સવાલ કાર્યો તો વ્યાપારીએ જવાબમાં કહ્યું એકજ રસ્તો છે. ગામના સૌ લોકોને એકી સાથે જીવવુ છે અગર આપણે અન્ય લોકોને જીવતા રાખીશું તો આપણે પણ જીવતા રહી શકીશું. પરિવારના બધા સદસ્યોને આ નિશ્ચય યોગ્ય લાગ્યો.

એજ દિવસે વ્યાપારીએ બધા ગ્રામ વાસીયોને સંગઠીત કરી કહ્યું દરેક ગામમાં ભુખમરો અને ચોરી થાય છે. આપણુ ગામ પણ આવા અનર્થોથી બચી શકસે નહીં : હજુ આપણને ચાર મહીના કાઢિવા છે. આ ચાર મહિના માટે અગર તમે સર્વ સહમત થાવ તો એક ઉપાય બતાવું ત્યારે સર્વ ગ્રામવાસીયોએ એકી સ્વરે કહ્યું,

" શેઠ સાહેબ, તમે જે કહેશો તે અમોને કબુલ છે. અમે લોકો દુષ્કાળ થી તંગ આવી ગયા છીએ. તમે તો અમારા માતા પિતા છો "

ત્યારે વેપારીએ કહ્યું " મારી પાસે એક હજાર મણ અનાજ ભરેલ છે પરિવારના નિર્વાહ માટે મને ફકત સાઠ મણ અનાજનીજ જરૂર છે ભગવાનની કૃપાથી આવતા વર્ષે વરસાદ થાસે તો સંપૂર્ણા ગામના ખેડુતોને વાવવા માટે બસો મણ બીજરૂપે અલગ રાખી બાકી બચેલ બધું અનાજ ગામ વાસીઓ આપસમાં વહેંચી લેશો તો ચાર મહીના આનંદથી પસાર થઇ જશે.

વેપારીનું આ નિવેદન ગામના લોકોએ પ્રસન્નતાથી સ્વીકારી લીધું ગામમાં શાંતિની સ્થાપના થઈ ગઇ. બધાને ખાવા માટે અનાજ મળી ગયું હવે બહારના ભયનો સામનો પણ સામૂહિક રીતે થવા લાગ્યો દુ:ખના ચાર મહિના આનંદથી વ્યતિત થયા.

"આત્મશુદ્ધિનું બીજ" ※ પશ્ચાતાપ

કાન્તિલાલ શીવજીભાઈ કાપડીયા
વેસ્મા

મુશ્કેલીઓનું વિશ્વવિદ્યાલય એ જગતનું સહુથી શ્રેષ્ઠ વિદ્યાલય છે એનો અર્થ એવો છે કે માનવી જે ભૂલ કરે છે એની સજા તેને થાય છે જ. સજા મળવાથી તેને ખ્યાલ આવે છે, કે હું જેવું કાર્ય કરીશ તેવું, ફળ મળશે. પ્રત્યેક ભૂલ માટે સજા કરવાનોજ કુદરતી નિયમ છે, તે માનવીની જ્ઞાનવૃદ્ધિનો સહુથી વધારે સ્વાભાવિક અને કુદરતી માર્ગ છે.

પશુઓ પોતાની ભૂલને કારણે અથડાતાં કૂટાતાં મુશ્કેલીઓના વિશ્વવિદ્યાલયમાંથી શિક્ષણ મેળવે છે સંગ્રહસ્થાન અને સરકસમાં વાઘ અને હાથી જેવા ભયંકર પશુઓ પણ મુશ્કેલીઓ સહન કરીને હેરતભર્યા કાર્યો કરી બતાવે છે.

જ્યારે માનવ જગતમાં આ નિયમ કૈંક સુધરેલા રૂપમાં જોવા મળે છે.

જેના દ્વારા નીરક્ષીર વિવેક કરી શકાય એવું જ્ઞાન માનવીને પરમેશ્વરે આપ્યું છે. માનવ જગતમાં એક દિવ્ય શકિતનું અસ્તિત્વ છે. એ છે "અંતરાત્મા" એના દ્વારા માનવીને સત્–અસત્ ઉત્તમ અધમ્ અને સારા-ખોટાનું જ્ઞાન થાય છે. તેનો અંતરઆત્મા સારા કાર્યોથી સંતુષ્ટ થાય છે. માનવી જ્યારે અનીતિભર્યું કાર્ય કરે છે ત્યારે અંતરાત્મા તેને ખૂબજ ધિક્કારે છે. માનવી પોતાનાં દુષ્કૃત્યો ઉપર મનમાં પશ્ચાતાપ કરે છે.

પશ્ચાત્તાપથી મનુષ્યની આત્મશુદ્ધિ થાય છે. સાંસારિક કલ્મષ એમાં ઓગળી જઇને આત્માભાવ પ્રગટ થાય છે. સાચો પશ્ચાતાપ કરનાર મનુષ્ય મહાજ્ઞાની અને મહાવિદ્વાન થઈ જાય છે. પશ્ચાતાપ એક શુભ સ્થિતિ છે.

※ અવનવું ※

લેખક : મુળજી અરજણ પટેલ
વિથોણ કચ્છ

★ 'કોડ' નામની સાત રતલી માછલી એક સાથે ૭૦ લાખ જેટલાં ઇંડાં મૂકે છે-
★ 'વેલ્સ' માં છપ્પન અક્ષરના નામ વાળું એક સ્ટેશન છે.
★ અમેરિકામાં થતું 'સ્પેનેમિયા' નામનું અર્ધા ઇંચનું જીવડું કલાકના ૮૦૦ માઇલની ઝડપે ઉડે છે.

ઈશ્વરની આંખે અશ્રુ જોયાં *

રચયિતા : શામજીભાઈ લધાભાઈ પટેલ B. [com.]
વિગોડી હાલે મેંગ્લોર

જન્મ લઈ માતૃભૂમિ પર, ભારરૂપ થઈ રહેતા જોયા;
માનવ માનવનાં લોહિ ચૂસીને અભિમાનમાં ફરતા જોયા;
ધંધા બીજા સર્વ છોડી દઈને, ગજવાં હળવાં કરતા જોયા;
વિપત્તિમાં સળવળતા જોઇ કોઇને, ઉન્મત બનીને હસતા જોયા,
માતા પિતાને છોડી દઇને, પત્નીસાથે ભમતા જોયા;
ત્યારે શ્યામ સત્ય કહે છે, ઇશ્વરનાં આંખે અશ્રુ જોયાં;...૧
ઇંદ્રિય તણો કાબુ ખોઇને; યૌવન્ સ્ત્રીઓનાં લુંટતા જોયા;
નિજ પત્નીને છોડી દઇને, બીજાની પાછળ દોડતા જોયા;
ભાઈ બહેનના રિસ્તા તોડીને જૂઠા પ્રેમ પાઠ ભણતા જોયા;
કોલેજના દ્વારે ભેળા થઇને, પ્રેમના રિશ્તા જોડતા જોયા;
મંદિર છોડી થિયેટર જાતાં, મુખ તેમનાં મલકાતાં જોયાં,
ત્યારે શ્યામ સત્ય કહે છે, ઇશ્વરના આંખે અશ્રુ જોયા;
સૂર્ય નારાયણના દર્શન પછી, પથારી માંથી ઉઠતા જોયા;
જનેતાને તરછોડી દઇને અડસઠ તીરથ કરતા જોયા;
રામ રહીમનું નામ લઇને કોકનાં ગળાં રહેંસતા જોયા;
વડીલ પ્રત્યેની ફર્જ ભૂલીને, ફાવે તેમ વર્તતા જોયા;
શૌર્ય વિનાનું જીવન જોઈને, નૃત્ય રૂપે ચાલતા જોયા;
ત્યારે શ્યામ સત્ય કહે છે, ઈશ્વિરના આંખે અશ્રુ જોયાં,

* તકીયા, ગલેફ, ઓશિકાં વગેરે ભરતી વખતે રૂ માં થોડું કપુર ભેળવી દેવાથી માંકડ થવાની સંભાવના રહેતી નથી.
* દુનિયામાં સૌથી મોટી ટાંકી ભારતના કલકત્તા શહેરમાં આવેલી છે, જેનું નામ 'ટાલા' 'ટાંકી' છે.
* સોવિયેત રશિયામાં એક અજાયબી ભરેલું સરોવર આવેલું છે, જેનું અર્ધું પાણી ખારું અને અર્ધું પાણી મીઠું છે.
* માખી પોતાના વજન જેટલું વજન ઉપાડીને ઉડી શકતી નથી, પણ કીડી પોતાના કરતાં દસગુણું વજન ઉપાડી શકે છે !

બી નહિ વાવો તો વગર વાવ્યે ખડ તો ઉગશે જ.

જીવરામ નારાયણ પટેલ
ભુજ (કચ્છ)

જેઠ માસ આવી ગયો હોય ત્યારે ખેડુત વાળી ઝુડીને ખેડીને ખેતર તૈયાર કરી દે. ઉચી જાતનું બિયારણ પણ ઘરે લાવીને તૈયાર રાખે વાવણીને લાયક વરસાદ થઇ જાય કે તરત બિયારણની વાવણી કરી દે.

પણ ધારો કે ખેતર સાફ કરીને તૈયાર તો કર્યું પણ પછી તરત ખેડુત માંદો પડી ગયો કે આળસુ બની ગયો એથી વાવણી લાયક વરસાદ થવા છતાં બીજનું વાવેતર ન કર્યું તો હવે શું થાય સાફ કરી રાખેલા ખેતરમાં અનાજની હરિયાળી ફસલનું તો દર્શન નજ મળે. પણ ખેતર એમને એમ સાફ પડી રહે ખરૂં ? ના નહિજ એમાં ચોમેર ખડ ઉગી જાય ? પણ ખડ ઉગાડવાનો કોઇ યત્ન નથી તોય ખડ ઉગી જાય ? હા જરૂર એ જાત જ એવી છે કે એને કોઇ બિયારણની જરૂરજ પડતી નથી.

આજ વાતને આપણે આધ્યાત્મિક ચિંતનનો ઓપ આપીએ. માનવજીવનના ખેતરમાં જો આપણે સારા સંસ્કારોનાં બિયારણનું વાવેતર નહિ કરીએ તો સંસ્કારો અને પાપી કર્મોના છોડ આપોઆપ ઉગી નીકળશે.

પૂર્વના અગણિત જન્મોમાં આપણે એટલાં બધાં પાપો કર્યાં છે એના સંસ્કારો આત્મામાં એટલા બધા જામ થઇ ગયા છે કે એને નવપલ્લવિત કરવા માટે કશુય કરવાની જરૂર રહેતી નથી આવા વિચિત્ર કુસંસ્કારોને દુર હડસેલી રાખવા હોય તો સત્સંસ્કારનાં બિયારણનું જોરદાર વાવેતર કરી દેવું જોઇએ સત્સસ્કારની ફસલ પામવા માટે બિયારણનું વાવેતર અવશ્ય કરવું પડશે. એટલાથી જ નહિ ચાલે જ્યાં સુધી ફલ ન બેસે ત્યાં સુધી એનું સંવર્ધન અને સંરક્ષણ પણ પુષ્કળ જહેમત સાથે કરવું પડશે: એની આસપાસમાંય પાપ સંસ્કારોનાં ખડ ઉગી નીકળે કે તરતજ તેનું નિવારણ કરવા તત્પર રહેવું પડશે.

(શ્રી ચંદ્રશેખરના પ્રવચનમાંથી)

★ ૧૦૦૦, કીડીઓ એક ભયાનક સાપને આઠ મીનીટમાં મારી શકે છે.

★ જીવ જગતમાં કેરોળિયો સૌથી વધુ ઝડપી છે. તેની લંબાઇ કરતાં સો ગણું અંતર એક સેકંડમાં દોડી શકે છે.

★ માણસની જીભ કરતાં સોળ ગણી વધુ શકિતથી પતંગિયાં પગ વડે સ્વાદ ચાખે છે.

ધરતી ઉપર કાંટા જ નથી, ગુલાબના બાગ પણ છે.

જીવરામ નારાયણ પટેલ
ભુજ (કચ્છ)

આ ધરતી ઉપર કાંટાજ કયાં બિછાવેલા છે? ગુલાબના બગીચાઓ કયાં નથી

અંધકાર જ નથી, પ્રકાશ પણ છે. ગરીબોજ નથી તવંગરો પણ છે. આગ છે તો પાણી પણ છે જ.

કાળોતરા સાપ છે તો ગારૂડીયો પણ છે હા જે જેનું ધ્યાન ધરે તે તેવો થાય દુર્જનોને રવાડે ચડેલો દુર્જન જ થાય

તમે કદી એવી કલ્પના કરી લેવાનું જોખમ કરતા નહિ કે દુનિયા દુષ્ટોથી, દુરાચારીઓથી, અનીતીખોરોથી ભરેલી છે

ના જરાય નહિ એમના વિરોધી સજ્જનો સદાચારીઓ અને નીતીમાનો પણ આજ ધરતી ઉપર જીવે છે એમનાથીજ આ ધરતીમાં ધરતીકંપો થતા નથી. સમુદ્રો માઝા મુકતા નથી. તમારે સારા બનવું હોય તો સારા સારા લોકોનો સંગ કરો એમના જીવનને તમારા આદર્શ બનાવો એમની સુજનતાનું ધ્યાન ધરો પછી તમને સારા બનતાં કોઇ અટકાવી શકનાર નથી ના વિરાટ સલ્તનત પણ નહિ સરમુખત્યારની સત્તા પણ નહિ દૈવી તાકાત પણ નહિ કોઇજ નહિ.

માણસમાં ખામીઓ ભરી છે તેમ ખૂબીઓ પણ ભરી છે તો શા માટે બાદબાકીનુંજ ગણિત જડની જેમ પકડી રાખ્યુ છે? આમાં આ નથી ને આમાં તે નથી, એવા કંગાળ વિચારો કરીને આ ધરતીને શાને સારૂં વધુ ખરાબ કરો છો? એના કરતાં સરવાળાજ કરવા મંડી પડો ને? આમાં આ છે આમાં તે છે એમ બોલતા રહેવાનો એક દિવસ પ્રયોગ તો કરી જુઓ આખુ હવામાન ખુશનુમા થઇ જશે.

(શ્રી ચંદ્રશેખરના પ્રવચનમાંથી)

★ દર વરસે આપણા શરીરનું લોહી કુલ્લ ૬૧,૩૨૦ માઇલ જેટલું દોડે છે.

★ ૧૮૬૯ના ૧૮મી મેના રોજ આયર્લેન્ડમાં કાળા રંગનો વરસાદ પડયો હતો.

★ ગોકળ ગાય ૧૪ રાત દિવસ ચાલે છે. ત્યારે માંડ ૧ માઇલનું અંતર કપાય છે.

★ સંસારની દરેક ભાષામાં અપશબ્દો છે. જ્યારે એસ્કિમો ભાષામાં એક પણ અપશબ્દ નથી.

★ જાપાનમાં સફેદ કપડાં પહેરવાંએ અપશુકન મનાય છે.

★ અમેરિકાના રેડ ઇન્ડીયન લોકો એવા તો મજબુત ટોપલા વણે છે કે તેમાં પાણી ભરી રાખવા છતાં વહેતું નથી.

કુદરતના સોળ નિયમો

અર્જુન રાજા પટેલ
ભીવંડી

પહેલો નિયમ નક્કી કરો : દવા ન લેવી કો પળે
ભુખ વિણ ખાવું નહી : બીજો નિયમ સ્થાપો ગળે—(૧)
મિતાહારી નિયમ ત્રીજો : ચાવવું ચોથો ખરો
કોરડ ખાવું પાંચમો : સાદું જમણ છઠ્ઠો ધરો—(૨)
સાત ફળફુલ પાન : આઠે રાંધવું રદ માનજો
અનેક વિધિનું જમણુ : નવ નિયમથી હટાવજો –(૩)
અતિ પકાવેલ અન્ન ખાવું : દસ નિયમથી બંધ છે.
અગિયારથી સર્વે મસાલા : લૂણ પણ પ્રતિબંધ છે.––(૪)
બારમો નિયમ કહે છે. : શુદ્ધ પાણી વાપરો
અપવાસ વારંવાર કરવા : તેર નિયમ આગળ ધરો––(૫)
શ્વાસ ઉંડે નાકથી : લેવા ભલામણ ચૌદની છે
પંદર કહે છે, જરૂર જાણો : શ્રેષ્ઠ સેવા સુર્યની છે.—(૬)
સોળમો નિયમ કહે છે. : હું પણું છોડી કહો.
છે ભરોસો તમ તણો : પ્રભુ અંતરે અમર રહો—(૭)
અર્જુન સુત ભગવાનનો : વિનંતિ કરે કર જોડીને
કોઇ ત્રણ નિયમ સાધજો : કુટેવ દુર્ગુણ છોડીને– (૮)

નિયમોની સમજ

ગમે તે થાય પણ કોઇ કાળે દવા લેવી નહિ.

સાચી ભુખ લાગે તોજ ખાવુ ભુખ ન લાગે અને નં ખાય તેથી માણસ મરી જતો નથી. પણ ભવિષ્યમાં વધારે તન્દુરસ્ત બને છે.

ખાવું ખરું પણ ઓછું ખાવું પાચન અવયવ પર જરા પણ બોજો થવા દેવો નહિ.

જેટલું ખાવું તેટલું બરાબર ચાવીને ખાવું એછું ખવાય તે હિતકારક છે. પણ ઓછું ચવાય તે ભયંકર નુકશાન કારક છે. મોઢામાંહેના અમી (થુંક) સાથે બરાબર મળીને એકરસ થયેલો ખોરાક પાચનતંત્ર પચાવી શકે છે. અને થોડા ખોરાકમાંથી વિશેપ લાભ મેળવી શકે છે. તેમજ કચરો પણ બહુ ઓછો નીકળવાથી

તેને ચાવવાની મહેનત પણ ઘણી ઓછી થાય છે. બરાબર ચાવ્યા સિવાય ખોરાક મોઢા માંહે ઉત્પન્ન થયેલા અમી સાથે બરાબર મળી એક રસ થઇ શકતો નથી. માટે જ પ્રભુએ મોઢામાં દાંત આપ્યા છે. ખોરાક મોઢામાં હોય ત્યાં સુધી દાંતનો ઉપયોગ થઈ શકે પણ પેટમાં દાંત નથીએ ખૂબ ધ્યાનમાં રાખવું.

બને તેટલી કોરી અને કાચો ચીજો ખાવી પાણી જેવી નરમ કે પોચી ચીજ ઉપર દાંત અસર કરી શકતા નથી જે ખોરાક દાંતથી બરાબર ચાવવામાં ન આવ્યો હોય તે ખોરાક અમી સાથે મળી શકતો નથી. અને અમી સાથે મળી એક રસ થયા સિવાયનો ખોરાક બરાબર પચી શકતો નથી માટે પાણી જેવી નરમ કે પોચી ચીજો ખાવાની આદત છોડી દેવી જમવામાં એકાદ ચીજ તો કઠણ વાપરવી જ જોઈએ કે જેથી દાંતને કસરત મળે અને કાયમ માટે દાંત મુજબત ચોખ્ખા સફેદ અને લાંબા આયુષ્ય વાળા બની શકે.

કાયમને માટે બને તેટલું સાદું જમણ જમવું ખાંડ અને મસાલાનો બને તેટલો ઓછો ઉપયોગ કરવો સ્વાદિષ્ટ અને મિષ્ટાન્ન ખોરાકથી ચરબી વધવા સાથે શરીર અનેક વ્યાધિથી ઘેરાઇ જશે પ્રમાણ કરતાં વધારે ચરબીએ રોગ છે.

ફળ ફુલ, પાન, શાકભાજી વગેરે વનસ્પતિના ખોરાકને કાયમ વધારે પસંદ કરવો કારણ કે તે મનુષ્ય જાતનો મુળ ખોરાક છે. તેમાંથી આપણા લોહીને કુદરતી સારો અને વિટામીન્સ જેવાં અમૂલ્ય તત્વો સીધાં અને સહેલાઇથી મળી શકે છે.

ગમે તે ખોરાક હોયતો પણ તેને બની શકે ત્યાં સુધી રાંધવાની ક્રિયાથી બચાવજો એટલે કે જેને રાંધવાની જરૂર ન પડે તેજ ખોરાક બનતાં સુધી ખાવો શાક, પાન, વનસ્પતિ તો કાચી ખાવાની જ ટેવ વધારવી દૂધને ગરમ કરી પીવાની ટેવ રાખવી નહીં રાંધવાથી વિટામીન્સ આદી ઉંચા તત્વોનો નાશ થઈ જાય છે.

જ્યારે પણ ખાવું ત્યારે એક જ સ્વાદે ખાવું એટલે કે દાળ શાક રોટલી ખાધા પછી દાળ ભાત કે કઢી ભાતનો બીજો સ્વાદ બદલાવવો અને ત્યાર પછી દૂધ ભાત કે દૂધ રોટલા અને છેવટ છાસ કે દહીં વિગેરે ખાવાએ રીતને અનેક વિધિનું જમણ કેહેવામાં આવે છે. માટે એવી રીતને શકયતા મુજબ તજી દેવી.

રાંધવાની ક્રિયા જ કુદરત વિરુદ્ધ છે છતાં રાંધેલું ખાવાની જરૂર પડેતો અતી પકાવેલો પદાર્થ કદીપણ ખાવો નહી જે અન્નકે પદાર્થને અગ્નિ પકવવામાં આવે છે. તેમાં કુદરતી, ઉંચા તત્વો બીલકુલ રહેતાં નથી. તેમજ તેના ઉપર દાંતની ક્રિયા લાગું પડી શકતી નથી અમી સાથે ખોરાક એક રસ થઇ શકતો નથી.

અને પેટમાં ગયા પછી પાચન તંત્રોને નકામો બોજા રૂપ થઈ પડે છે. બહુ રંધાયલો ખોરાક પેટમાં જરા વધારે વખત રહેતો તે પેટમાં જ બગડીને ગંધાઇ જાય છે. ઉકાળેલ દુધ કે દુધ પાક જેવા પદાર્થ ખાવાની આ નિયમ છુટ આપી શકતો નથી. તેલમાં તળેલી કોઈ પણ ચીજ તદ્દન છોડી દેવી રાંધવાની રીતોમાં તળવાની રીત હલકી ક્રિયા છે.

કોઈપણ જાતનો મસાલો ખાવો નહીં તેમજ નિમક પણ બની શકેતો તદ્દન બંધ કરી મસાલો નિમક વગેરે ખાવાનો હેતુ એટલો જ છે કે :– (૧) ખોરાક ઝટ ગળે ઉતરે (૨) થોડા વખતમાં વધારે ખવાય (૩) ભૂખ ન લાગી હોય તો પણ ખોટી ભુખ ઉત્પન્ન કરી વગર ભૂખે આનંદથી માણસ ખાઇ શકે છે. (૪) ખાસ ભૂખ લાગવાને ખાતર પણ અનેક મસાલાઓ એકઠા કરી ફાકી કે ચૂર્ણના રૂપમાં ખાવાની પધ્ધિતિ પ્રચલિત છે, જે દુષણ રૂપ છે. (૫) શરીરની અંદરના અવયવો પાસેથી કુદરતની વિરૂધ્ધ પરાણે કામ કરવા માટે પણ આ મસાલાઓ વપરાય છે. પણ તેથી અવયવો છેવટે નબળા પડી જાય છે.

પીવાનું પાણી તદ્દન શુદ્ધ (ગળેલું ને ચોખ્ખું) વાપરવું પાણીમાં ખાર કે એસીડ આદી કચરો મળેલો ન હોવો જોઇએ વરસાદના પાણીને મળતા સ્વાદનું પાણી ચોખ્ખું કહેવાય છે.

વારંવાર ઉપવાસ કરવાની ટેવ કેળવવી શરીરના બહારના અવયવોને જેમ આરામની જરૂર છે તેવી જ રીતે અંદરના અવયવોને પણ આરામની એટલી જ જરૂર છે ઉપવાસથી જ અંદરના અવયવોને આરામ મળે છે

શ્વાસ હમેશાં નાકથી જ લેવો અને બને તેટલો ઉંડો શ્વાસ લેવાની આદત પાડવી ઠંડા કે શરદીવાળી હવાનો શ્વાસ ફેફસાં અને અદરના બધા અવયવોને માટે અતી કિંમતી છે ફકત આ નિયમનું પાલન બરાબર કરવાથી અનેક રોગોનો નાશ થાય છે. અને ભવિષ્યમાં અનેક રોગથી મનુષ્યનું રક્ષણ થાય છે. આ નિયમના ભંગથી કે ઢીલા પાલનથી મનુષ્ય લાંબે વખતે જીવતો છતાં મુવા જેવો (રોગી) થઇ જાય છે.

સૂર્ય આ દુનિયાની સેવા બજાવે છે તે અવર્ણનીય, ઉત્તમ અને કિંમતી છે તડકાનું અને પ્રકાશનું સેવન માણસે હમેશાં કરવું જ જોઈએ સૂર્યના પ્રકાશથી વંચીત રહેનાર પ્રાણી કે વનસ્પતિ ભાગ્યેજ જીવી શકે છે. માટે માણસે સૂર્ય પ્રકાશ અને ગરમીનો લાભ લેવાની આદત ખુબ કેળવવી આ નિયમના પાલનથી શરીરમાં અજબ ક્રાંતિ અને જુસ્સો આવી જાય છે.

કુદરત પાસે મનુષ્યની શકિત સમુદ્રજળના એક બિન્દુ જેટલી પણ નથી. કુદરત એટલે કે પ્રભુ કે ગોડ જે કહો તે જન્મ આપે છે. અને છેવટ મારે પણ છે માટે પોતાની શકિતનું ગુમાન માણસે છોડી દઇ કુદરતને શરણે જઇ તેના નિયમોનું બરાબર પાલન કરવું અને તે મહાન પ્રભુ ઉપર પુરો ભરોસો રાખો તેને જ વિનંતી (પ્રાર્થના) કરવી કેઃ- હે પ્રભુ તું મારા અંતરમાં સદા હાજર રહો આ નિયમના પાલનથી બીજા બધા નિયમો પાળવાનું જ્ઞાન અને શકિત આપ મેળે આવી જશે. ઉપરના સોળ નિયમોમાંથી ફકત ગમે તે ત્રણ જ નિયમોનું બરાબર સાધ્ય કરવામાં આવે અને તે સાથે દરેક કુટેવો અને દુર્ગુણો છોડી દેવામાં આવે તો માણસને સાચી તન્દુરતી કુદરતી રીતે જ મળી જશે અને તે માણસ કુદરતી રીતે કુદરતના અનેક લાભોનો ભોકતા પોતાની મેળે જ થઇ પડશે.

(જય ઉમીયા ભવાની)

★

✻ સૂર્ય—શશિ ✻

ભવન એમ. પટેલ
અમરાવતી

સૂર્ય આથમ્યોને રજની જામી,
શશિ ઉગ્યોને શોભા આવી,
જગતવનમાં કેવી શાંતિ છવાઈ.
શશિ શોભાના મિલને શીતલતા આણી,
આથી પક્ષીઓના ઉરમાં શાંતિ આવી.
રગે રગે રક્ષાની ખાત્રી આવી,
પોઢયા શાંતિથી સૌ પક્ષી પ્રાણી,
રાત્રિએ મંદગતિએ લહેરો હી,
વાદળીયું શોભા વધારી ચાલી ગઇ,
ત્યાંજ શશિને અસ્તની માળા વરી,
સૂર્ય પાસે ઉદયની માળા આવી,
અને આ જગતવનમાં શાંતિ ભાંગી ગઇ,

સમાચાર દર્શન

Satyanarayan Mandir
Vithon Inauguration

શ્રી સત્યનારાયણ ભગવાનનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ–વિથોણ

સંપાદક : જી. વી. પાટીદાર
'આઝાદ કલમ'

અહીં તા. ૬–૮–૭૩ના રોજ તાજેતરમાં જ બનાવેલા શ્રી સત્યનારાયણ ભગવાનના મંદિરમાં ભગવાનની મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિથોણમાં માનવ મહેરામણ ઉમટયો હતો. મહોત્સવમાં ભાગ લેવા માટે આજુબાજુના ગામડાંઓ ઉપરાંત કચ્છ બહાર વસતા ગ્રામ્યવાસીઓ પણ વિથોણમાં આવી પહોંચ્યા હતા.

પ્રતિષ્ઠા મહોત્સવની આગલી રાત્રે શ્રી નાગજી પરબત સામાણીના પ્રમુખપદે યોજાયેલી જાહેર સભામાં શ્રી મેઘજીભાઈ નાનજીભાઇ, પ્રેમજીભાઈ રામજીભાઈ (કલ્યાણપર) જેઠાભાઇ વેલજીભાઈ, અખિલ કચ્છ કડવા પાટીદાર સમાજના ઉપપ્રમુખો કરમસીભાઈ સીવદાસ (હવાપર) તથા વાલજીભાઇ લધાભાઇ, સમાજના ખજાનચી મનજીભાઇ વાલજીભાઈ, સમાજના પ્રમુખ અને અબડાસા મત વિસ્તારના ધારાસભ્યશ્રી ખીમજીભાઇ નાગજીભાઈ પટેલ, અખિલ ભારત યુવક સંઘના સહમંત્રી પ્રેમજીભાઈ નાગજીભાઇ પટેલ, વસતા પ્રેમજી સામાણી, સમાજના મહામંત્રી પ્રેમજીભાઇ પુંજાભાઇ તેમજ શ્રી અંજારીયાએ પ્રવચનો કર્યા હતાં અને મહોત્સવ માટે જહેમત ઉઠાવનાર શ્રી પ્રેમજીભાઇ પુંજાભાઇને અને અન્ય આગેવાનોને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે વહીવંચા શ્રી ખંડેરાવે વિદ્વતા ભર્યું પ્રવચન કર્યું હતું.

અમદાવાદમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રહેઠાણ એક સમસ્યા

" આપણા સમાજમાં દિન પ્રતિદિન શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ થઇ રહી છે, દૂર દૂરના નાના મોટા કંપાઓમાંથી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે શહેર તરફ વળ્યા છે. તેથી અમદાવાદની જુદી જુદી કોલેજોમાં આપણા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. પ્રતિ વર્ષે આ વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જ રહે છે. તેમાંના કેટલાક જુદી જુદી હોસ્ટેલોમાં રહે છે. તો, કેટલાક આર્થિક મુશ્કેલી યા અન્ય કારણોસર હોસ્ટેલમાં રહેવાનું પસંદ કરતા નથી જેથી તેઓને જુદી જુદી જગ્યાએ મોંઘાદાટ ભાડા ખર્ચીને રૂમો રાખવી પડે છે જેથી ખર્ચમાં ઘણો વધારો થાય છે.

આના ઉકેલરૂપે અમદાવાદમાં અનુકુળ સ્થળે આપણા સમાજની એક વિદ્યાર્થી હોસ્ટેલ હોવી જરૂરી છે. જેથી કરીને વિદ્યાર્થીઓ સમયનો સદ્‌ઉપયોગ કરે. તેઓમાં સમુહની ભાવના કેળવાય અને વધુ પડતા ખર્ચનો પણ બચાવ થાય આમ વિદ્યાર્થીઓને અનેક લાભ મળી શકે વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે, વાલીઓ માટે અને સમાજને માટે આવી સગવડ મળેતો ફળદાયી છે.

આથી મારી નમ્ર વિનંતી છે કે અમદાવાદમાં અનુકૂળ સ્થળે વિદ્યાર્થી હોસ્ટેલ બનાવવા માટે આપણો સમાજ પુરતી વિચારણા કરી તાકીદે કામ હાથમાં લે જેથી પોતાનાં બાળકો જલ્દીથી આનો લાભ મેળવી શકે એવી આશા રાખું છું.'

ભગવાનદાસ એમ. પટેલ
(S Y. B. A.)
ઈસનપુરકંપા જિ. ગાંધીનગર

★

જાગૃતિ માસિકના જુન માસના અંકમાં જાહેર કર્યા મુજબનો
તા. ૪-૮-૭૩થી શરૂ થયેલ પ્રવાસ નીચે મુજબના સમયે પ્રવાસ કરશે જેની યાત્રાળુને મળવા ઈચ્છનારે નોંધ લેવી.

અહીંઆથી મોટર રસ્તે બદ્રીનારાયણ જવા આવવાનું છે.

ઋષિકેશ	ઉપડશે	૧૩–૪૫	૨૮–૮–૭૩
હરદ્વાર	આવશે	૧૫–૦૫	,,
હરદ્વાર	ઉપડશે	૧૮–૧૦	,,
દહેરાદુન	આવશે	૨૧–૧૦	,,

અહીંઆંથી મોટર રસ્તે મસુરી જવા આવવાનું છે.

દહેરાદુન	ઉપડશે	૧૮–૦૦	૨૯–૮–૭૩
લખનૌ	આવશે	૮–૪૦	૩૦–૮–૭૩

લખનૌ	ઉપડશે	૧૭-૨૦	,,
ફૈઝાબાદ	આવશે	૨૨-૨૫	,,
અયોધ્યા	ઉપડશે	૧૦-૫૦	૩૧-૮-૭૩
અલ્હાબાદ	આવશે	૨૩-૨૫	,,

અહીંયાંથી મોટર રસ્તે ચિત્રકૂટ જવા આવવાનું છે.

અલ્હાબાદ	ઉપડશે	૨૩-૪૦	૨-૯-૬૩
વારાણસી	આવશે	૩-૨૦	૩-૯-૭૩
વારાણસી કાશી	ઉપડશે	૧૭-૧૫	૪-૯-૭૩
ગયાજી	આવશે	૦૦-૦૨	૫-૯-૭૩
ગયાજી	ઉપડશે	૨૧-૨૧	,,
કલકત્તા હાવરા	આવશે	૬-૫૫	૬-૯-૭૩
,,	ઉપડશે	૨૦-૦૫	૭-૯-૭૩
જગન્નાથપુરી	આવશે	૭-૨૫	૮-૯-૭૩
,,	ઉપડશે	૧૬-૩૦	૯-૯-૭૩
વૉલ્ટેર	આવશે	૪-૫૫	૧૦-૯-૭૩
વૉલ્ટેર	ઉપડશે	૧૮-૧૦	,,
વીજયવાડા	આવશે	૯-૩૦	૧૧-૯-૭૩
,,	ઉપડશે	૧૯-૧૦	,,
મદ્રાસ સેન્ટ્રલ	આવશે	૬-૪૦	૧૨-૯-૭૩
,,	ઉપડશે	૨૧-૧૫	૧૩-૯-૭૩
બેંગલોર સીટી	આવશે	૬-૨૫	૧૪-૯-૭૩

અહીંયાંથી મીટરગેજ નાની ગાડીમાં માયસોર જવા આવવાનું છે.

બેંગલોર	ઉપડશે	૨૨-૪૦	૧૪-૯-૭૩
માયસોર	આવશે	૫-૦૦	૧૫-૯-૭૩
,,	ઉપડશે	૨૨-૪૫	૧૬-૯-૭૩
બેંગલોર	આવશે	૫-૧૫	૧૭-૯-૭૩
,,	ઉપડશે	૧૮-૨૦	,,
ત્રીચીનાપલ્લી	આવશે	૬-૧૫	૧૮-૯-૭૩
,,	ઉપડશે	૦૦-૨૦	૧૯-૯-૭૩

અહીંયાંથી મીટરગેજ નાની ગાડીમાં જવા આવવાનું છે.

રામેશ્વર	આવશે	૯-૨૦	૧૯-૯-૭૩
સેતુબંધ	ઉપડશે	૨૨-૫૦	૨૦-૯-૭૩
મદુરાઇ	આવશે	૫-૦૦	૨૧-૯-૭૩

”	ઉપડશે	૨૩–૦૫	”
તીનેવેલી	આવશે	૪–૫૦	૨૨–૯–૭૩

અહીંયાંથી મોટર રસ્તે કન્યાકુમારી જવા આવવાનું છે.

તીનેવેલી	ઉપડશે	૨૨–૨૦	૨૩–૯–૭૩
ત્રીચીનાપલ્લી	આવશે	૧૦–૦૫	૨૪–૯ ૭૩
”	ઉપડશે	૧૪ ૨૫	”
આરકોનમ	આવશે	૪–૨૫	૨૫–૯–૭૩

અહીંયાંથી મોટર રસ્તે શીવકાંચી, વિષ્ણુકાંચી, પક્ષી તીર્થ જવા આવવાનું છે.

આરકોનમ	ઉપડશે	૧૯–૪૦	૨૬–૯–૭૩
રેનીગુન્ટા	આવશે	૨૧–૪૫	”
”	ઉપડશે	૧૬–૫૦	૨૮–૯–૭૩
કુર્દવાડી	આવશે	૧૧–૫૦	૨૯–૯–૭૩
”	ઉપડશે	૩–૧૫	૩૦–૯–૭૩

અહીંયાંથી નેરોગેજ ગાડીમાં પંઢરપુર જવા આવવાનું છે.

પંઢરપુર	આવશે	૭–૩૫	૩૦–૯–૭૩
”	ઉપડશે	૧૮–૧૬	”
કુર્દવાડી	આવશે	૨૦–૩૦	”
”	ઉપડશે	૨૪–૦૦	”
મનમાળ	આવશે	૧૧–૦૦	૧–૧૦–૭૩
”	ઉપડશે	૧૧–૩૬	”

અહીંયાંથી મોટર રસ્તે અજન્ટા, ઇલોરા જોવા જવા આવવાનું છે.

નાસિકત્ર્યંબક	આવસે	૧૩–૨૩	૧–૧૦-૭૩
”	ઉપડશે	૧૨–૩૫	૨–૧૦–૭૩
બોમ્બે સીટી	આવશે	૫–૩૫	૩–૧૦–૭૩
”	ઉપડશે	૧૬–૫૦	૫–૧૦–૭૩
અમદાવાદ	આવશે	૪–૫૦	૫–૧૦–૭૩

પ્રવાસ પુરો

તા. ક. :— આ સમય પત્રકમાં રેલ્વે કોઇપણ સ્થળ અને સમયમાં ફેરફાર કરશે તો તે દરેક યાત્રિકને બંધનકર્તા રહેશે.

નટુભાઇ ચૌહાણ
સાબરકાંઠા યાત્રા પ્રવાસ કુંપની

ગામનું નામ ____________________

નામ ____________________

C/o. સ્ટેશન માસ્તર,
સાબરકાંઠા યાત્રા પ્રવાસ કંપની
ડીસ્ટ્રીક્ટ

પત્ર વહેવાર માટે ઉપર દર્શાવેલ નમૂના પ્રમાણે સરનામું કરી પાંચ દિવસ અગાઉ પત્ર લખવો. સરનામું અંગ્રેજી અથવા હિન્દીમાં કરવું.

અવસાન નોંધ

" માતાજી પુરબાઇ નારાયણજી લીંબાણી ગામ વિરાણી (મોટી)ના સંવત ૨૦૨૯ના આષાડ વદ અમાસ રવિવાર તારીખ ૨૯-૭-૭૩ના રોજ સવારના સાડા ૭ વાગે વર્ધા મુકામે ભગવાનની પૂજા કરતાં અચાનક હૃદય બંધથી દુઃખદ અવસાન થયું છે. તેમની ઉંમર ૭૫ વર્ષની હતી. સદ્‌ગત પોતાની પાછળ બાવન માણસોના વિશાળ પરિવારને રડતો મૂકી ગયાં છે. "

પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.

લિ.

હરજીભાઈ નારાયણજી લીંબાણી
શ્રી લક્ષ્મી વિજય સૉ મિલ વર્ધા વાળા.

અવસાન નોંધ

નવાનગર નિવાસી પટેલ અખઇભાઇ ગંગદાસભાઇ છાભૈયા કચ્છ-સાયરાવાળાનું સંવત ૨૦૨૯ના શ્રાવણ સુદ ૬ને શનિવાર તા. ૪/૮/૭૩ના રોજ ૭૫ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયું છે.

સદ્‌ગત તેમની પાછળ પુત્ર, પૌત્રો અને પ્રપૌત્રોના વિશાળ સમુદાયને વિલાપ કરતો મૂકી ગયા છે.

પ્રભુસદ્‌ગતના આત્માને શાંતિ અર્પો એજ અભ્યર્થના

લી.

નારાયણભાઈ અખઈભાઇ પટેલ

શ્રી પ્રગતિ પાટીદાર યુવક મંડળ, ખોંભડી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની પ્રવૃત્તિ ને વેગવાન બનાવવા આપણે જાણીએ છીએ તે મુજબ ભારતભરમાં આપણા સમાજમાં હમણાં હમણાં યુવક મંડળોની નવરચનાઓ થતી જાણવા મળે છે.

આ યુવક સંઘના હાથ મજબુત બનાવવા ખોંભડી ગામે તાજેતરમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરના વિશાળ ભવનમાં ઉપરોક્ત યુવક મંડળની રચના કરવા શ્રી કાનજીભાઇ ભીખાભાઇ ભગતના પ્રમુખ સ્થાને સભા યોજવામાં આવી હતી. નીચે દર્શાવ્યા મુજબના સભ્યોને કારોબારી સમિતિમાં નિયુક્ત કરવામાં આવ્યા છે.

(૧) પ્રમુખ શ્રી લધારાંમ નાનજી ચવાણ
(૨) ઉપપ્રમુખ ,, હીરાલાલ જેઠા રવાણી
(૩) ,, ,, રવજીભાઇ વાલજી ભગત
(૪) મંત્રી ,, સીવગણભાઇ પરબત ભગત
(૫) સહમંત્રી ,, રવજીભાઈ હરજી વાસાંણી
(૬) ,, ,, પરબતભાઇ કાનજી ચવાણ
(૭) ખજાનચી ,, નથુભાઇ નાનજી ચવાણ

સલાહકાર સમિતિ:-

(૧) શ્રી કાનજીભાઇ ભીમજી ભગત
(૨) ,, માધવજી જેઠા વાગડીયા
(૩) ,, રામજીભાઈ લધારામ રવાણી
(૪) ,, નાનજીભાઇ ગંગદાસ ચવાણ
(૫) , વાલજીભાઈ દેવસી ભગત
(૬) ,, પ્રેમજીભાઈ નાગજી ચવાણ
(૭) ,, જેઠાભાઇ અરજણ રવાણી
(૮) ,, રામજી મુળજી વાગડીયા
(૯) ,, દેવસીભાઇ નાનજીભાઇ ભગત

મંડળની રચના કર્યા બાદ પ્રમુખસ્થાનેથી શ્રી કાનજીભાઇ ભીમજીભાઇ ભગત, શ્રી માધવજી જેઠાભાઇ વાગડીયા, શ્રી રામજીભાઇ લધાભાઇ રવાણી, શ્રી નાનજીભાઇ ગંગદાસ ચવાણે પ્રસંગિક પ્રવચનો કરી મંડળના ભાવિ કાર્યક્રમો વિશે ખ્યાલ આપી, સમાજમાં તેમજ ગામડાઓમાં ચાલતા સડાને અટકાવવા યુવકમંડળની પ્રવૃત્તિ વેગવાન બને તે માટે મંતવ્યો વ્યક્ત કરી મંડળની ભાવી પ્રગતિ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

લી. મંડળવતી
સહમંત્રી : **શ્રી રવજીભાઇ હરજી વાસાંણી**

શ્રી પાટીદાર મહિલા મંડળ, જબલપુર

સ્થાપના : તા. ૨૨–૭–૭૩

શ્રી પાટીદાર મહિલા મંડળ બહેનોની જનરલ મીટીંગ તા. ૨૨–૭ ૭૩ ના રોજ ૨ વાગે પાટીદાર સમાજ ભવનમાં શ્રીમતિ સવિતાબેન જેસિંગભાઈના પ્રમુખપદે યોજવામાં આવી હતી તેમાં સારી એવી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી. સર્વ પ્રથમ કુમારી નિર્મલાબેને મહિલા મંડળ રચવાનો પ્રસ્તાવ મૂકયો હતો. જે સર્વાનુંમતે પાસ થયો હતો. આગળ બોલતાં તેમણે કહ્યું હતું કે અગાઉ તા. ૯–૭ '૭૩ના રોજ એક નિવેદન પત્ર જબલપુર યુવક મંડળને આપેલ હતું અને તા. ૧૫–૬–૬૩ના રોજ જબલપુર પાટીદાર સમાજને પણ એક નિવેદન પત્ર અને મહિલા મંડળનું બંધારણ આપવામાં આવ્યું હતું. તા. ૧૫–૭–૭૩ના રોજ યુવક મંડળે અને તા. ૧૮–૭–૭૩ ના રાજ પાટીદાર સમાજે એમ બંને સંસ્થાઓએ મહિલા મંડળ રચવાની મંજુરી તેમજ બંધારણને પણ માન્યતા આપી છે. આ બંને સંસ્થાઓ તરફથી મહિલા મંડળને પ્રોત્સાહન અને પ્રત્યેક કાર્યમાં સાથ સહકાર મળશે એવું વચન મલ્યું છે તેથી મહિલા મંડળે આ બંને સંસ્થાઓનો આભાર માનવો જોઇએ. ત્યાર બાદ સામાન્ય સભાના રૂપમાં મીટીંગ કરી કાર્યકારિણીના સભ્યો ચુંટવામાં આવ્યા અને ચાલુ સાલના પદાધિકારીની નિમણૂકો થયેલ હતી. જેમાં નીચે મુજબના સભ્યો ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે.

કારોબારી સમિતિ

પ્રમુખ શ્રીમતિ ભાનુબેન મોહનભાઈ પટેલ એસ. એસ. સી.
ઉપપ્રમુખ ,, ગોદાવરીબેન દીપકભાઈ પટેલ ધોરણ ૬
,, ,, તુલસીબેન મગનભાઈ પટેલ એસ. એસ. સી.
મંત્રી કુમારી નિર્મળાબેન રામજીભાઈ પટેલ બી. એ.
સહમંત્રી ,, લીલાવતીબેન દાનાભાઈ પટેલ એસ. વાય. બી. એ.
,, શ્રીમતિ લક્ષ્મીબેન દયારામભાઈ પટેલ ધોરણ ૯
ખજાનચી ,, શાંતાબેન નાનજીભાઈ પટેલ ધોરણ ૫
સભ્ય ,, માયાબેન કરમસીભાઈ પટેલ એસ એસ. સી.
,, ,, રૂક્ષ્મણીબેન ચંદુભાઈ પટેલ ધોરણ ૫
,, કુમારી મણીબેન પુન્જાભાઈ એસ. એસ. સી.
,, ,, કપિલાબેન કેશવલાલ પટેલ એફ. વાય. બી. એ.
સલાહકાર શ્રીમતિ હીરાબેન શીવજીભાઈ પટેલ ધોરણ–૩
,, , નર્મદાબેન ખીમજીભાઈ પટેલ એસ. એસ. સી

ઉપરના હોદ્દેદારો ચુંટાયા બાદ વિધિસર સોગંદ-વિધિ કરવામાં આવી હતી. સભાપતિ શ્રીમતિ સવિતાબેને ભલામણ કરેલ કે મંડળના પ્રત્યેક કાર્યમાં અનુશાસનનું પાલન કરવું એ દરેકનું કર્તવ્ય છે.

શ્રીમતિ ભાનુબેન મોહનભાઈ : પ્રમુખ–મંડળ રચવામાં આપણે ઘણા મોડા પડેલ છીએ એટલે હવે મનમાંથી બીક છોડી આગળ વધવું છે. સારાં કામ કરવાવાળાને તો ભય શાનો; અને સ્ત્રીઓ એ પોતાની જાતને કમજોર સમજવી એ કાયરતાની નિશાની છે. એકતાથી કાર્ય કરીશું તો સફળતા જરૂર મળશે.

શ્રીમતિ તુલસીબેન મગનલાલ ; ઉપપ્રમુખ—સર્વે બહેનોને સંબોધતાં કહ્યું કે તમો પોતાને ઓળખો તમારામાં કેટલી શક્તિ છે. તમો શું નથી કરી શકતા. જ્યારે સ્ત્રી પોતાને ઓળખશે ત્યારે જ એ ઉન્નતિ કરી શકશે. એટલે આપણે જાગૃત બની અને ભાવિ સંતાનોનું જીવન ઉજ્જવલ થાય એ માટે આજથી જ પ્રયત્નશીલ બનીએ.

શ્રીમતિ લક્ષ્મીબેન દયારામભાઈ : સહમંત્રી:– જુસ્સાદાર શબ્દોમાં જણાવતાં કહ્યું હતુ કે આપણે પોતાના કર્તવ્યને ભુલી ગયાં છીએ. એટલે જ આ દુર્દશા થઇ છે. આપણે જ્યારે એકમતથી સમાજ સુધારાના સુઝાવ રાખીશું તો જરૂર અમલ કરવામાં આવશે. કારણ કે સમાજ સુધારણામાં મહિલાઓની પણ સલાહ લેવી જોઇએ. એકલા પુરૂષો દ્વારા બનાવેલાં કાયદા નિરથક છે.

કુમારી લીલાવતીબેન દાનાભાઈ : સહમંત્રી:— આપણે જો એકમતથી કાર્ય કરશું તો સફળતા જરૂર મળશે અને આપણું ભવિષ્ય ઉજ્જવળ થશે. આપણે સૌ પૂરી વફાદારીથી કાર્ય કરીએ.

શ્રીમતિ શાંતાબેન નાનજીભાઈ : ખજાનચી—નારીનું જીવન કલામય હોવું જોઇએ જો તે કોઈ પણ કલા જાણતી હોય તો ભવિષ્યમાં પરિસ્થિતિ વશ એમના ઉપર કોઇ સંકટ આવે તો એ પોતાનો જીવન નિર્વાહ પોતેજ કરી શકે તો બહેનોને પોતાના જીવન માટે કોઈ ને કોઇ કલા શીખી લેવી જોઇએ.

કુમારી મણીબેન પુંજાભાઇ : સભ્ય:—આજે આપણે મહિલા મંડળની સ્થાપના કરી એક પ્રગતિશીલ કદમ ઉઠાવ્યું છે આશા છે કે ભવિષ્યમાં આ સંસ્થા બહેનોની પ્રગતિ માટે ઉપયોગી થશે.

કુમારી દમયંતીબેન હરીભાઇ:—આજ દુનિયા કયાં જઇ રહી છે તેનો ખ્યાલ કરવાનો છે. આપણે માની બેઠા છીએ કે સ્ત્રી કંઇ કરી શકતી નથી પણ તમોને તો ખબરજ છે કે ભારત સરકારનું તંત્ર આજ એક મહિલા ચલાવે છે. કોણ છે એ

મહિલા? ત્યારે બધી જ બહેનો બોલી ઉઠી ઇન્દિરા ગાંધી. તો તમો એમનું નામ તો જાણો છો હવે તેમના જેવા કામ કરવાનો સમય આવી ગયો છે માટે મારી બહેનો જાગૃત થાઓ.

શ્રીમતિ મંગળાબેન વીરેન્દ્રભાઇ, શ્રીમતિ હીરાબેન શીવજીભાઈ, શ્રીમતિ માયાબેન કરમસીભાઇ કુમારી કપિલાબેન કેશવભાઈ એ મંડળ વિષે ઉત્સાહ પ્રેરતાં ભાષણો આપ્યાં હતાં અને મંડળ વિશે વફાદારીથી કાર્ય કરશું એવો મત દર્શાવ્યો હતો.

અંતમાં મહિલા મંડળના સંસ્થાપક અને મુખ્ય મંત્રી કુમારી નિર્મળાબેને મંડળને સંબોધતાં કહ્યું કે આપણે બહેનોને ઘરકામથી અવકાશ મળે ત્યારે બાહ્ય જ્ઞાન લેવા પ્રયત્નો કરવા જોઇએ. જ્ઞાન વિના માનવ જીવન તુચ્છ છે આજ તમો બધાના સહયોગથી જે મંડળની સ્થાપના થઈ છે તેની સમાજ ઉપર સારી છાપ પડશે તેવો મને વિશ્વાસ છે. આ તો શરૂઆત છે, આપણને ઘણી બાબતો જે મહિલાઓના જીવન ઘડતર માટે ઉપયોગી છે તેનો વિચાર કરવાનો છે. અને પોતાના સર્વાંગી વિકાસ માટે પ્રયત્ન કરવાના છે.

અંતમાં આભાર વિધિ બાદ સભાનું વિસર્જન થયું હતું.

લિ.
મંત્રીઃ—કુ. નિર્મળા પટેલ

* અંક બંધ *


'જાગૃતિ'નો આગામી અંક દિપોત્સવી અંક તરીકે ઓકટોબરની પંદમી તારીખે પ્રસિદ્ધ થશે. જેથી સપ્ટેમ્બર માસનો અંક પ્રસિદ્ધ થશે નહિ. જેની સૌ ગ્રાહક મિત્રોએ નોંધ લેવા વિનંતિ છે. તથા દિપોત્સવી અંકને અનુરૂપ સમાજને ઉત્સાહ અને ઉન્નતિ માટેની પ્રેરણા મળે તેવું ઉમદા, સંસ્કારી સાહિત્ય પ્રસિદ્ધિ અર્થે મોકલી આપવા સર્વ સાહિત્ય પ્રેમી ભાઈ-બહેનોને વિનંતી છે.

—તંત્રી

આપના ઘરમાં આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જવા માટે
હમેશાં ફિલિપ્સ રેડીયો ખરીદવાનોજ આગ્રહ રાખો.

ઓથેરાઈઝડ ડિલર્સ ઈન:—

ફિલિપ્સ
રેડીયો



PHILIPS

પ્રો. વાડીલાલ જીવરામ (મીઠુ)ભાઈ સોની

ઠે. ચારરસ્તા, ધનસુરા,
જિ. સાબરકાંઠા.

મળો યા લખો :—

શ્રી ગજાનંદ રેડીયો સર્વિસ

રેડીયો, ટ્રાન્ઝીસ્ટર, એમ્પ્લીફાયર વેચનાર
તેમજ સંતોષકારક રીતે રીપેર કરનાર
તથા ઈલેક્ટ્રીક સામાનના વહેપારી.

પટેલ ઇલેકટ્રીકલ્સ

ઈલેકટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.


સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, **ધ ન સુ રા**
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટ્યુબ લાઈટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઇલે સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર
  વગેરે... વગેરે...

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટ્સ મળશે.

લિ.
હેવજીભાઈ કરશનભાઇ
ખીમજીભાઈ કરશનભાઈ
[બદામકંપા વાળા]




પ્રખ્યાત—

એવરેસ્ટ ઈ. મોટર્સ

તેમજ

દરેક કંપનીના
સ્ટાર્ટર તથા સ્વીચો
અને તેને લગતી તમામ
વસ્તુઓ.

'Everest'


LAXMI
LAXMI

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા જિ. સાબરકાંઠા

ગ્રા. નં.

To.

Book - Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.


જાગૃતિ
તંત્રી: કાંતિલાલભાઈ કે. પટેલ
દીપોત્સવ અંક
realpatidar.com
Missing: Page 9 & 10
Missing in source book

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૬/, પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૧૦૧/ પરદેશમાં રૂ. ૧૨૫/ નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક.

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ
એમ. એ., બી. એડ્.
સહતંત્રી : જાગૃતિ
પ્રિન્સિપાલ :

શ્રી. રતિભાઈ એલ. પટેલ
એમ. એસસી.
સાયન્સ કોલેજ, તલોદ.

શ્રી શામજીભાઇ એસ. પટેલ
પ્રમુખ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી. એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસસી.

શ્રી અરજણભાઇ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી. ચંદુલાલ વી. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગ્રત કરનાર
પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી
[વીરાણી કચ્છ]

જન્મ:
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત૧૯૯૭, આસો વદ ચૌદશ

અનુક્રમણિકા

ૐ નમઃ શીવાય

—: તંત્રી સ્થાનેથી :—

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના ભૂત, વર્તમાન અને ભાવિ પ્રત્યે ડોકીયું કરીશું તો જણાશે કે અથાગ પરિશ્રમ, ખંત અને સાહસિકતાથી આગળ વધી, રોજી અને રોટી માટે માતૃભૂમિ છોડી, દૂર સુદૂર હજારો માઇલનો પ્રવાસ ખેડી હિન્દુસ્તાનભરની અનેક પ્રજાઓ સાથે જીવન વ્યવહારમાં અને ત્યાં સુધી સંઘર્ષમાં ઉતર્યા વગર, ભાષાવાદના ઝેરને અવગણી પ્રદેશાનુસાર ભાષાઓનું વ્યવહારૂ જ્ઞાન મેળવીને વેર-વિખેર હાલતમાં દેશ ભરમાં ગામડાંઓ કે શહેરોની અંદર વસવાટ કર્યો છે તે બાબત આપણા સમાજથી અજ્ઞાત ન હોય.

પરંતુ પોતાનું વતન છોડયા બાદ વર્ષો સુધી પેઢી દર પેઢી વતન સાથે નાતો ન રહે તો કાળ બળે વતન સાથેના સબંધો કથળે એ સ્વાભાવિક છે. કારણકે પ્રત્યેક પ્રદેશોમાં અમુક જનસંખ્યામાં રોટી બેટીના વ્યવહારો સુધ્ધાંની અડચણો ન પડે એ રીતે આપણે કેટલાક પ્રદેશો, શહેરો કે ગામડાંઓમાં આપણા રોજિંદા તેમજ સામાજિક, આર્થિક વગેરે વ્યવહારો પ્રસ્થાપિત કરી દીધા છે

પાછલી એકાદ બે પેઢીઓના કેટલાક વારસદારોને પરદેશના લાંબા ગાળાના વસવાટના પરીણામે પિતૃભૂમિનાં દર્શન પણ સંપૂર્ણ યુવાવસ્થાએ પહોંચતાં સુધીયે કદાચ નહિ થતાં હોય એવાં અનેક ઉદાહરણો શોધવાથી મળી શકશે.

એકજ સમાજનાં સંતાનો હોવા છતાં માઇલો દૂરના વસવાટના કારણે જૂજ સંખ્યામાં જ માત્ર વિચારોની આપલેની દ્રષ્ટિએ સમાજનું મુખપત્ર "જાગૃતિ" છેલ્લાં પંદરેક વર્ષથી પ્રયાસ કરે છે પરંતુ આ માસિક તો માત્ર માનવીના વિચારોને વાચા આપીને એક અગત્યના માધ્યમ તરીકે અત્યાર સુધી પોતે અનેક સંકટો વેઠીને પણ સમાજ સેવા કરતું આવ્યું છે. પરંતુ એક-સદ્ધર ગણાતા સમાજે જેને પૈસાની કોઈ જ કિંમત નથી, પૈસાને પાણીના રેલાની માફક વહાવી શકે એવી આર્થિક શકિત હોવા છતાં મુખપત્ર પ્રત્યે બિલકુલ પાંગળો ન્યાય બતાવ્યો છે. એમ સ્પષ્ટતા કરવી કદાચ અસ્થાને નથી. લાખોની જનસંખ્યા ધરાવનાર સમાજમાં માત્ર અકાદ બે હજાર ગ્રાહકો નોંધાય અને તે પણ એક વર્ષ લવાજમ પૂરું થયા બાદ બીજા વર્ષે એમાં મોટા ભાગના માત્ર આળસમાં જ લવાજમ ન મોકલી શકતા હોયતો ખરેખર આ સમાજ માટે લાંછન રૂપ ગણાવી શકાય. આશા છે કે કાળબળે સમાજ આ પરિસ્થિતિ બદલી શકશે. અને એમાં નવીન દ્રષ્ટિએ વિચારવા માટેનો સમય પણ ખૂબ નજીક આવી ચૂકયો છે એમ પણ કહી શકાય.

કારણ કે ચાલુ માસની તા. ૧૦, ૧૧ અને ૧૨ મી ઓકટોબરના દિવસોમાં આ દીપોત્સવી અંક પ્રકટ થાય તેથી ચાર પાંચ દિવસ અગાઉ ગુજરાતમાં

 [illegible]ાકંપા ખાતે શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તાએ પ્રગટાવેલી, જ્યોત-માંથી સમાજના ઉત્થાન માટે કેટલાક સડાઓ પ્રત્યે પિષ્ટ પેષણ કરી, કેટલાક નવીન વિચારોનો બુદ્ધિજન્ય રીતે સ્પર્શ કરવા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘનું મીના અધિવેશન યોજાય છે એ આપણા સમાજના ભાવિ વિકાસ માટે દિશાસુચક બની રહેશે. એવી શ્રદ્ધા આપણે સૌ સેવીએ જ.

ત્રણ દિવસના નક્કર કાર્યક્રમને સાંગોપાંગ સફળતાથી પાર ઉતારવાની તૈયારીઓમાં ગુજરાતની યુવાશક્તિ કામે લાગી ગઇ છે. પરંતુ આપણે તો સમગ્ર સમાજની વિરાટ યુવાશક્તિનાં દરેક ગામોમાં કે શહેરોમાં જ નહિ પણ સમાજ, ગામ, રાજ્ય કે છેલ્લે સમગ્ર દેશમાં શ્રી નવચેતને પ્રગટાવેલી જ્યોતનો ચમત્કાર પ્રસરે એ રીતે યુવાનોની સેવાનો લાભ મળતાં હાલના તબક્કે બાળલગ્ન, વૃદ્ધલગ્ન, છૂટાછેડા, કેળવણી, સમાજમાં રહેલ ગરીબ પણ તેજસ્વી વિદ્યાર્થીઓના ભાવિજીવન માટે તેમજ દુષ્કાળ કે રેલ સંકટથી પીડિત જનોની વ્હારે ધાવાની સર્વશક્તિમાન પ્રભુ આપણ સૌને શક્તિ અર્પે એવી યત્‌કિંચિત અભિલાષા સેવીએ છીએ અને આપણાં બંને માધ્યમો 'જાગૃતિ' તેમજ 'આઝાદ કલમ'ના ભાવિ અંગે પણ નક્કર યોજનાઓના વિચારનો સ્પર્શ પણ થાય તો ભવિષ્યનાં કેટલાંક સામાજિક કાર્યો અંગે ત્વરિતગતિએ આપણા વિચારોથી સમગ્ર વિશ્વમાં વસતાં વ્હાલાં જ્ઞાતિ બંધુઓની પણ નિકટ આવી વસુધૈવ કુટુંબકમની ભાવના સ્થાપવા પ્રતિ પ્રયાણ કરી શકાય.

અસ્તુ.

વિદાય સમારંભ

★ ગઇ તા ૧૮-૯-૭૩ના રોજ અત્રે કપડવણજના દાનવીર શેઠશ્રી હરિશ્ચંદ્ર જાલી વાળાના પ્રમુખ સ્થાને તેમજ શ્રી પુનમચંદ અ. પટેલ (નગરપતિ), શ્રી કાન્તાબહેન ત્રિવેદી (પ્રમુખ, તાલુકા પંચાયત) શ્રી મફતલાલ અંબાલાલ શાહના અતિથિ વિશેષ પદે સેન્ટ્રલ ગુજરાત કોટન ડીલર્સ એસોસીએશન ભરૂચના ઉપક્રમે કપાસ ઉત્પાદનના વધુ અભ્યાસ અર્થે યુરોપના દેશોનો પ્રવાસ ગોઠવવામાં આવતાં સદર પ્રવાસે જનાર નીચેના કાર્યકર ભાઈઓ શ્રી પ્રેમજીભાઈ લ. પટેલ શ્રી છગનભાઇ વી. પટેલ, શ્રી મગનભાઇ સી. પટેલ, શ્રી બાબુભાઇ જે. પટેલને વિદાય આપવા નીચેના કાર્યકરો શ્રી જેઠાભાઇ વી. પટેલ, શ્રી અરજણભાઇ હ. પટેલ અને શ્રી માવજીભાઇ સ. પટેલે વિદાય સમારંભ યોજ્યો હતો.

મહેમાનોએ કાર્યક્રમની સફળતા ઇચ્છતાં ઉદ્‌બોધનો કર્યાં હતાં.

દિપોત્સવીઅંક

સમય અને માનવપ્રગતિ

—ડૉ. મણિબેન પટેલ
જબલપુર

સમયાનુસાર માનવ ચાલે કે મનીષાનુસાર સમય, એ પ્રશ્ન આદિકાળના ઋગ્વેદિક ઋષિઓને પણ સતાવતો હતો; આજના માનવને પણ એટલીજ પ્રબળતાથી સતાવે છે. સત્ય છે કે માનવેચ્છાનુસાર સમય અનુગમન કરતો હોય તો કદાચિત અન્ય જીવનનું અસ્તિત્વ પણ ન હોય; એટલે એ નક્કી સમજવું કે માનવ સમયની સાથે ચાલે છે ? કે પછી વિવાદોપરાંત સત્યની નિશ્ચિતતા ભાખવી ? જેમજેમ દિવસેદિવસે અસ્તાચલગામી સૂર્ય ઉદયોપરાંત અસ્ત થાય છે. તેમ તેમ માસ, વર્ષ, શતાબ્દીઓના ભૂતકાળની સાથે પરિણત થાય છે માનવજીવન સમયની સાથે કાળમાં હોમાય છે. પણ યજ્ઞ નિરર્થક નથી. વર્ષોસુધીના કાળને માનવબલિદાનથી પ્રાપ્ત થતા અનુભવ વડે નાશોન્મુખ થતી સમગ્ર માનવજાત કાળથી બચતી રહે છે. પાષાણયુગીય પથ્થરના ઓજાર વડે જીવનનિર્વાહ કરતો માણસ દર્દનાક અનુભવોના રસ્તે પસાર થઇ આજની મશીની સંસ્કૃતિ ના ઉંબરે આવી ઊભો છે. અવકાશનો—જે પ્રગતિ માટે આવશ્યક છે લાભ ઉઠાવીને માનવી પ્રગતિની એક પછી એક સીડી ચડતો જાય છે.

પાષાણયુગીય માણસને અવકાશ ઓછો હતો, અનુભવ ઓછો હતો એટલે પ્રગતિની ગતિ ધીમી હતી. આદિ સંસ્કૃતિ જે સમયે માનવી જંગલની કાચી પેદાશ ઉપર નિર્વસ્ત્ર, બર્બર નિર્વાહન કરતો ત્યારથી અગ્નિ અને ચક્રના અનુશોધન વચ્ચે કેટલો સમય વહી ગયો એ ઇતિહાસકારોજ નક્કી કરશે પણ એટલું ચોકક્સ પણે કહી શકાય કે અગ્નિ અને ચક્રના અનુશોધન સુધીના સમયમાં પ્રાપ્ત અનુભવે તે પછીની પ્રગતિમાં ભારે મદદ આપી અને જેમજેમ સમય વહેતો ગયો તેમતેમ પુરૂષાર્થ પ્રગતિ તરફ વધુને વધુ ઉત્કંઠ બનતો ગયો. અંતિમ બે શતાબ્દી આ બાબતનું ખુલ્લું જીવતું જાગતું પ્રમાણ છે. સને ૧૮૦૦ પછી ઔદ્યોગિક ક્રાંતિ થઇ, મશીનયુગ નું આહવાન થયું. વધુ સૂક્ષ્મ દ્રષ્ટિ વડે જ્ઞાન થશે કે આજની કોઇપણ સભ્ય કહેવાતી વસ્તુ છેલ્લા પાંચસો વર્ષનીજ પેદાશ છે અને એજ પાંચસો વર્ષમાં દૂરબીન, બંદૂક, વીજળી, પ્રકાશ અને તાપનો વ્યાવહારિક ઉપયોગ, પ્રિન્ટરી, કાગળ, કલમ, રેલ, ટ્રામ, રેડિયો, હવાઇજહાજ મોટર, તેલનો ઉદ્યોગ, કેમેરા, ટેલીવીઝન, સબમેરીન, અન્ય જહાજો, યંત્રો, સંહારક શસ્ત્રો, ઘનપાઉડર, બંદૂકથી લઈ ને હાઇડ્રોજનબોમ્બ સુધી દરેક મુખ્ય શોધ છેલ્લા પાંચસો વર્ષની અંદર જ થઈ છે.

પરંતુ, શું એમ કહી શકાય કે પાંચસો વર્ષ પહેલાંનો માનવી કેવળ વિચાર જ કરી જાણતો હતો અને પાંચસો વર્ષનો માનવી જ

 [illegible] બુદ્ધિમાન હતો ? ના, દરેક વસ્તુના નિર્માણ નો આધાર હોય છે. છેલ્લા પાંચસોવર્ષની શોધખોળો પાછળ પાંચસોવર્ષ પહેલાંના માનવનો પુરૂપાર્થ વિદ્યમાન હતો, પ્રેરણા દેતો હતો, વિદ્રોહ કરતો હતો, પોતાની પ્રચંડ શકિતને આહવાન આપી ભવિષ્યની પેઢી સુધારા પ્રતિ ધારતો હતો. ક્રાંતિ અર્પણ કરતો હતો. પુરૂપાર્થ ને ગતિમાન વેગવાન કરતો હતો. જયારથી માનવ આ ધરતી ઉપર ચાલતાં શીખ્યો ત્યારથી પ્રગતિના માર્ગે આગળને આગળ ધપ્યો જાય છે (આજ સુધી પણ ધપતો જાય છે ?) એ સમયની ધરતી પણ આજથી કંઇક જુદીજ હશે. તે, સંભવિત છે, ભયંકર, ગીચ વનઝાડીઓ તથા કાદવથી આચ્છાદિત હશે. નદીની ધારીઓ ઉંચી તથા વધુ ચૌડી હશે. (આટલા સમયના જળપ્રવાહે વધુ નિચી અને ઉંડી કોતરી દીધી છે.) આવા ગીચ જંગલોમાં, દુર્ગમ્ય ઝાડીઓ અને કાદવો વચ્ચે છીછરા જળાશયો ને પરિતપાદપો વચ્ચે, વાતાવરણના અભ્યાસશાસ્ત્રીઓ અનુસાર, અનુકૂળ જીવો (જાનવરો)નો વાસ હશે, એવું સંભવિત છે. જાનવરો ક્રુર અને હિંસક હોય, સ્વતંત્ર અને ભોજનની અછત હોય, માર્ગ, અનિશ્ચિત હોય, જીવન દુર્દમનીય હોય, વાસ, અસ્થાયી વૃક્ષાન્તે હોય (તેમાં બેમત નથી !) એવી પરિસ્થિતિમાં મનુષ્યજીવન કેટલું નિરાશાપૂર્ણ, અવાંછનીય, અને પશુતાની નિકટ હોય તેની કલ્પના માત્રથી આજનો 'સભ્ય' માનવ જે વાતાનુકૂલિત આવરણ નીચે ઢંકઇ રહેવાને ટેવાયેલ હોય, થથરી ઉઠે, પણ તે સભ્ય કેમ બન્યો તેનુ જડ, મૂળ, આધાર બધું આ પાશવિક જીવન હતુ. (આજની વંશાવલીઓ કેવળ સમવંશી પરાક્રમી સુધી પહોંચી અટકી જાય છે. કોઇપણ પાશવિક જન્મદાતા (શ્રધ્ધેય !) વાનરરાય સુધી નથી પહોંચતી !)

કદાચિત આકસ્મિક ખોજ દ્વારા જરૂર એ આપણા પૂર્વજે હિંસક પ્રાણી ઉપર પથ્થરાનો ઘા કરી, પથ્થરના ઉપયોગનું જ્ઞાન મેળવ્યું હશે, તે પછી આકસ્મિક હથિયારધારી પાષાણખંડની પ્રાપ્તિ ઉપર નિર્ભય રહેવા કરતાં પથ્થર ને પથ્થર ઉપર ઠોકી અનુકુળ આકાર નું સર્જન કરી પ્રગતિનું પ્રથમ મંગળાચરણ માંડયું હશે. (હતું ?) તે પછી અનુકૂળતા અનુસાર સર્જિત ઓજાર વધુ સુયોગ્ય અને સ્વચ્છ બનાવી 'માલિકી' ની છાપ લગાવી, "પ્રાઇવેટ પ્રોપર્ટી" (કમ્યુનિસ્ટ ઇતિહાસ) નો ઉદય થયો. માનવ આગળ વધ્યો પણ આજ લગી સંપથી રહેતા માનવે કુસંપ અને કંકાસ નું બીજ પણ સાથેજ વાવ્યું તે પછી અગ્નિની શોધ થઇ અને માણસ રાંધતાં શીખ્યો વધુ સભ્ય બન્યો વૃક્ષની છાલને, પત્રોને, તથા આહત વ મૃત પ્રાણીઓના ચર્મ વડે અપનત્વને ઢાંકતાં શીખ્યો, ધરતીની માટીમાંથી કુંભારકળા શીખ્યો, માટલાં બન્યાં અને ખોરાક (જે બચતુ તેનો) તે સુઅવસર આવશ્યક સમય સુધી સાચવતાં શીખ્યો. સંક્ષેપમાં [illegible] સભ્ય બન્યો

બીજ વાવવા ની કૃષિકળા અને

પાલતુ ઢોરને આગણે બાંધતાં જયારે શીખ્યો ત્યારે એનું જીવન ક્રાંતિમય બન્યું, આ શોધો ક્રાંતિપૂર્ણ હતી કેટલાંયે વર્ષોની પૂર્વેની અગ્નિશોધની જેમ અમજે કળાઓએ માનવને સ્થાયી જીવન અર્પણ કર્યું, અને ધાતુની ખોજે ક્રાંતિને પૂર્ણતા આપી. સ્થાયીજીવને અવકાશ આપ્યો (તે સમયે જીવન-જરૂરિયાતો ઓછી હતી), અવકાશ ને અન્ય કળાઓએ તથા અનુશોધનોએ અનુગમન કર્યું. માનવ સભ્ય મટી સભ્યતર બન્યો. એક પછી એક ઉંબરા વટાવતો સભ્યતર માનવ આજ મધ્યે ઊભો છે અંતે નહી ઘણાઓનું કહેવાનું છે કે માનવજાત હજુ તરૂણ છે, વૃદ્ધ નહી, પ્રગતિ માટે હજુ ઘણુ બાકી છે, જેટલું છે તેટલું અર્ધુ પણ નથી. તેઓ આશાવાદી જીવ છે.

હવે ભારતના દ્રષ્ટિકોણથી વિષય ઉપાડીએ

ભારતીય માનવી પણ એટલાં જ અને પ્રાય બોધિત સમાકાર સીઢી ઉપર તેવાંજ પગથિયાં ચડયો છે, જેવાં વિશ્વની અન્ય સંસ્કૃતિનો માનવી ભલે કોઇ વહેલા, કોઈ પાછળ. આજનો ભારતીય પણ સંસારની સમાન પરિસ્થિતિએ ઘેરાયેલો છે, ગુંગળાય છે? લગભગ દરેક મુખ્ય આધુનિક, વૈજ્ઞાનિક કહેવાતાં અન્વેષણોએ ભારતમાં છેલ્લાં બસો વર્ષની અંદર જ પગ મૂકયો છે; પણ એ તથ્યનું તારતમ્ય એ ન કાઢયું કે તે પૂર્વનો ભારતીય અસભ્ય, બર્બર પાશવિક હતો–નહીં! વધુ ગૌરવમય હતો કહેવું એ અતિશયોક્તિ નથી જ; પરંતુ અલ્પોકિત છે. બસો વર્ષ ઉપરાંતનું ભારત, આજનું સ્વપ્ન છે, એક વાંછનીય સ્વપ્ન છે. જે તે યુગથી પરિચિતોને વર્તમાન ઉપર એ આંસુ પાડવાની ફરજ પાડે છે!

વેદો, ઉપનિષદો, સ્મૃતિઓ, પિટકો, નિકાયો, અંગો વગેરે માનસિક પ્રવૃત્તિઓએ બસો વર્ષ પહેલાંની પેદાશ છે મહાન ચિંતકો, ઋષિઓ, ભગવાન બુદ્ધ, અને અન્ય કંઇક સેવા તાપસો એ આ ધરતી ઉપર જન્મ લીધો છે જેનો પ્રભાવ આજ કેટલાય ભારતીય માનસપટ પર પરિલક્ષિત છે. હિંદુઓ છે, બૌધ્ધ છે, જૈન છે, નિર્ગ્રંથી અને સુફીવાદી છે. શૈવ છે, વૈષ્ણવ છે, મહાયાની, હીનયાની છે, દિગમ્બરી છે, શ્વેતાંમ્બરી છે, એકેશ્વરવાદીઓ છે, વેદાન્તિઓ છે, કબીરપંથી છે, નાનકપંથી છે અને આ સૌ વચ્ચે ચૈતન્ય, વિવેકાનન્દ, મીરાં, થિરૂવલ્લુવર, અશોક, નરસિંહ, મીનન્દર નામદેવ, તુકારામ તુલસી. ત્યાગરાજ પુરંદરદાસ, એકનાથ, જ્ઞાનેશ્વર જેવાં કેટલાય સર્વધર્મી મહાત્માઓ અંધકારની વચ્ચે દીપકની માફક ઝગહળે છે.

માનસિક, મનોવૈજ્ઞાનિક સિવાય અન્ય ક્ષેત્રે પણ એજ આશાવાદ છે. પુલકીત હૃદયે ઇતિહાસકારો વૈશાલીની એકતા અને સમૃદ્ધિ, મગધનુ ગૌરવ અને જાહોજલાલી–બિંબિસાર, અજાતશત્રુ, આમ્રપાલી, ચંદ્રગુપ્ત મૌર્ય, અશોક મૌર્ય, ચંદ્રગુપ્ત, સમુદ્રગુપ્ત,

વિક્રમાદિત્ય, હર્ષ, ભોજ, પુષ્કેશિન, વિજયરાય, કૃષ્ણદેવરાય, અશોકનો મહેલ, નાલંદા વિશ્વવિદ્યાલય, અજંતા, ઇલોરા, એલીફંટા, તક્ષશીલા, કનોજ, શ્રાવસ્તી, કૌસમ્બી, કાશી. ઉજ્જયની, વિદિશા, નાશિક, કાંચી, આબુ, ભુવનેશ્વર, સોમનાથ–સર્વેની ભવ્યતાનું નિષ્પક્ષ આલેખન કરે છે, પુકાર કરે છે વિદ્રોહ કરે છે, કરી થાકે છે. સૂર્યકાંન્ત ત્રિપાઠી, 'નિરાલા' દિલ્હી દેખી રૂદન કરે છે.

કેટલાંય સામ્રાજ્યો ઉગી આથમી ગયાં, કેટલાય નૃપ (નૃપગણો) રાજ્ય કરી ચાલ્યા ગયા, સભ્યતાઓ નીમા રહી અને ઉથલી ગઇ; વિદેશીઓ આવી સ્થાયી થઈ ગયા,–ભારતનું અંગ બની ગયા, સમુદ્રમાં સરિતાની માફક જે ન ફાવ્યા તે તાપથી વરાળ થઈ જતી જળરાશીની જેમ ભાગ ભજવી ચાલ્યા ગયા, ઘણા સ્મૃતિઓ છોડતા ગયા પ્રાચીન ગૌરવનાં અવશેષો છોડી ગયા જે આજની પરિસ્થિતિ જોઇ અટ્ટહાસ્ય કરતા લાગે છે, વિક્ષિપ્ત રૂદન કરતા દેખાય છે અને ભવ્યતાની સ્મૃતિ આપી નિરાશાવાદીઓને વધુ નિરાશાવાદી બનાવે છે, આશાવાદી ચિંતકોના હૃદયોને ઉછાળો આપે છે વિદ્રોહના પ્રતિક સમા બની યુવક યુવતીઓને (કાર્યશીલ આયુધારીઓને) આહ્વાન આપે છે, પ્રેરે છે અનુમોદન આપે છે, હુંફ આપે છે પણ વિક્ષિપ્ત અટ્ટહાસ્ય અને રૂદન સાથે શિક્ષાક્ષેત્રે અતિ પ્રાચીન યાજ્ઞવલ્કય, આપસ્તંન મન, અરૂણી, શ્વેતકેતુ, ગાર્ગેય અનેક વેદવેત્તાઓ, બ્રહ્મન અને એકત્વને પ્રાપ્ત થયા, બુધ્ધ, આનંદ, નાગભટ્ટ, નાગાર્જુન નિર્વાણ ગતિને પ્રાપ્ત થયા, તે પછી તક્ષિલાની કંઇ અનેરી જ રોનક હતી 'અર્થશાસ્ત્ર'નો રચયિતા વિષ્ણુપ્રસાદ કૌટીલ્ય (ચાણક્ય) મહાન, પ્રકાણ્ડ રાજશાસ્ત્રી દરવર્ષે તક્ષિલાથી નિકળતા હજારોમાંથી એકજ હતો ! શિક્ષિત થતા એવા એનક હતા, જે જંગલી પુષ્પની માફક અજ્ઞાતજ કરમાઇ ગયા. તે પછી નાલંદા, શ્રાવસ્તી, કાશી, કાંચી બાદામી, પોતપોતાના ક્ષેત્રે અદ્વિતીય, અદ્ભૂત વિજ્ઞાનક્ષેત્રે અશ્વિનીકુમાર, ધનવંતરિ, જીવક, શુશ્રુત, અને ચરક આજ પણ ચિકિત્સકોને પ્રેરણા દે છે, વરાહમીહિર, આર્યભટ્ટ વગેરે એજ સ્થાન ખગોળ શાસ્ત્ર, ગણિત અને જયોતિષ-(એસ્ટ્રોલોજી)માં શાસ્ત્ર ધરાવે છે. અનેક ધુરંધરો રણક્ષેત્રે, જ્ઞાનક્ષેત્રે રમી ગયા.

વાસ્તુકળા અને શિલ્પકળા જેવી વિશિષ્ટ કળા વધુ રૂચિ ઉપજાવે તેમ છે પાટલી પુત્રમાં મૌર્યસમાટ અશોકનો મહેલ જોઇ ચીનીયાત્રી હ્યુ-એન–સાંગ વિચારના વમળે ચડયો હતો. દાંત નીચે આંગળી દબાવીને જયારે પુરાતત્વવેતાઓ એકરાર કરે છે કે પાટલીપુત્રથી "ન મેમનીયન સુસા પોતાના સંપૂર્ણ ગૌરવ સાથે સમતાની આશા કરી શકે ન એકબટાનાની ભવ્યતા, કેવળ ફારસ-ની પ્રસિદ્ધ કલ્પનાશકિત જ આની તુલનાની કલ્પના કરી શકે, એકથી એક વધે તેવા વિહારો હતા, સ્તૂપો અને છે, કલાકૃતિઓથી અંકિત પ્રાસાદો પ્રાંગણો, ઇમારતો, સ્તંભો, સ્તૂપો,

મંદીરો, મૂર્તિઓ, ગુફાઓ, આજ પણ કેટલી હયાત છે. સાક્ષી પૂરતી. ગાંધર્વ સારનાથ, અને મથુરાની બૌદ્ધમૂર્તિ કળા આજના "અનુભવથી પરિપક્વ'" સભ્યતમ યંત્રો પર આશ્રિત માણસને આશ્ચર્ય ચકિત કરી દે છે. સંસારના કોઇપણ મુખ્ય સંગ્રહાલયમાં ભારતીય સભ્યતાનાં આલેખન જોવા મળશે મશીનો બધું બનાવી શકે છે બનાવે છે, પણ કળાક્ષેત્રે હસ્તની તોલે નથી, આવી શક્યાં, નહીં આવી શકે કોઇ મહિમાથી મદ પ્રાચીન મૂર્તિ કોઇએક અથવા અન્ય સ્થાને જોવા મળે છે. પ્રેમીહૈયાં હર્ષના હિલોળા લેતાં ઉત્કંઠ બને છે સંસ્કૃતિ પ્રત્યે તેમનો પ્રેમ તેમને દોડાવે છે. મૂર્તિના હકદાર બનવા સંગ્રહ સ્થાનોથી મૂર્તિઓ ચોરાય છે (દરવર્ષ અગણિત સંખ્યામાં તરહ તરહના પ્રાચીન અવશેષો ચોરાય છે જે કળામય છે, મૂલ્યવાન છે અમૂલ્ય છે! ત્યારે સમૃદ્ધ દેશોમાં તેમનાં લીલામ થાય છે–કરોડો રૂપિયાનાં મૂલ્યાંકન થાય છે આમ કેટલીય વાર તેમના મૂલ્યનું અંકન થયા કરે છે. પણ આજનો હસ્ત 'સ્વિચ'ને દબાવતાં ટેવાયેલ નિશાસા નાખે છે જો પોતે એમને બનાવી જાણતો હોય? તે પરંપરા, જે આ મૂર્તિના નિર્માણનું કારણ છે, જીવતી હોય? કાશ? ઢાકાનું મસલીન, રેશમ એક વીંટીમાંથી પુરો તાકો સર્પની માફક નીકળી જાય તે આજ ક્યાં છૂપાઇ ગયું, એના વણકર ક્યાં ગયા. તાજમહેલના અમર પ્રતિકના ઘડવૈયા ક્યાં ગયા, અશોક, સમુદ્રગુપ્ત, હર્ષ પલ્લવ અને ચાલુક્યોનો કળાપ્રેમ; ક્યાં ગયા છેલછબીલા વૈશાલીના લિચ્છવી, ક્યાં ગયા વસ્તુપાળ અને તેજપાળ? જો તે આજ હયાત હોય!

પ્રાચીન સંસ્કૃતિની માફક તેનો અંશ અને તેની છબી, કળા પણ ગુંગળાઇ ગઈ અથવા ગુંગળાય છે. પશ્ચિમી લહેરોના પ્રભાવે જયારે આજ ભારતીય નારી સ્વતંત્રતા, નારી યોગદાન મજદૂર સંઘ, સંગઠન, શોષણ વિકાસ રસહીન, ઉપયોગહીન, વ્યર્થ સમય ગુમાવી રહ્યો છે, જયારે જીવન જીવવાનો રસ આમજ વહી જાય છે. સ્વતંત્ર થઇ ને નારી શું કરવાની હતી. અને શું આજ નારી ગુલામ છે.? ગુલામ! કોની? પતિની કે પિતાની? કોના પતિની કે પિતાની? આતે શું કહેવાય? એ મારામતથી વિપરિત છે, હું નથી જોતી કે નારી ગુલામ છે. દબાયેલ છે! જે પ્રાચીનતા ઉપર દરેક દેશવાસી ઘડાયેલો હોય છે. તેને શા માટે તરછોડો છો, ? આજ સુધીના ભારતીય પુરૂષાર્થનો આ અંજામ? જે સંસ્કૃતિ ને પાળીપોષી તે સંસ્કૃતિ ને જ પોતાનો જ વારસો ઉથલાવી નાખે? નિંદનીય છે! ઉપરથી કોઇ કોઇ બીજી સંસ્કૃતિ ને અપનાવવી? આતો પોતાની માતાને માંદી છોડી ને બીજીની સેવાસુશ્રુષા કરવા જેવું થયું જેનું પાપા લેખન કરવુ મુશ્કેલ છે! જે મહાવીર પ્રસાદ દ્વિવેદીએ સાહિત્ય વિષય ઉપર કહ્યું છે તે સમય સાંસ્કૃતિક

વિષય ઉપર કહી શકાય, કારણ, સાહિત્ય પણ સંસ્કૃતિ નો અંશ છે,

નિશ્ચિત છે. પ્રગતિ માટે સમયાનુસાર ચાલવું પડે, પણ તે સમય પશ્ચિમાં હવાથી આર્દ્ર ન હોવા કરતાં પોતાની સભ્યતાની સુગંધથી ભરપુર હોય તો તે કેટલું સારૂ ! જેમ પશ્ચિમી સંસ્કૃતિ નું અનુકરણ કરી શકાય તેમ પોતાની સંસ્કૃતિનું અનુસરણ ન કરી શકાય ? જેમ પશ્ચિમનું અનુસરણ પૂર્વ કરે છે, તેથા વિપરિત પૂર્વનું અનુસરણ પશ્ચિમ કરે તો કેટલું ગૌરવ ! અંતે મહિમાવાન તો પૂર્વજ છે, જ્યાં સંસાર ના સમગ્ર ધાર્મિક વિચારો નો ઉદય થયો અને ત્યાંથી પશ્ચિમ તરફ વિસ્તાર થયો તો અન્ય ક્ષેત્રે પૂર્વ પશ્ચિમ ને આંબી ન શકે ? વિદિત છે કે જેટલો પ્રબળ પ્રેમ પોતાની સસ્કૃતિ, સભ્યતા અથવા ધર્મ માટે હશે રાષ્ટ્ર, જાતિ, સંસ્કૃતિ તેટલી પ્રબળ બનશે, સમસ્ત સંસાર સામે છ વર્ષ સુધી ઝઝૂમનાર (લડાઇ નું કારણ કોણ અથવા કેટલું વિષાદમય હતું તે પ્રશ્ન અહીં નથી ઉઠતો) અને ને લડાઈ ને તે સમય સુધી ટકાવી રાખનાર જર્મની અને જાપાન પાછળ કેવળ રાષ્ટ્રીય પ્રેમથી ઉત્પન્ન ભાવના હતી, શકિતસ્ત્રોત હતી. ૧૯૦૫ ઇ. માં પ્રબળ ઝારિસ્ટરૂસની ૫૦ વર્ષ પહેલાં તીરકમાન થી લડતા જાપાનીઓએ કમરતોડી નાખી હતી તેનું કારણ પણ રાષ્ટ્રીય પ્રેમ હતો અને તેથાજ તે સમયે પશ્ચિમી રાજયોને જાપાનની મૈત્રી માટેહાથ લંબાવવો પડયો હતો.

ચીન અને ભારતમાં એ રાષ્ટ્રીય પ્રેમ ન હતો તેથી વિદેશીઓ ઇસ્લામી અને ઇસાઈઓ–ઘૂસી આવ્યા જયારે જાપાન માં–કેટલો નાનો દેશ–વિદેશીઓ આવ્યા તેમની યુધ્ધકળા વગેરે શસ્ત્ર અપનાવી છતાં હૃદય જાપાની રહેવાથી આજ પણ જાપાની છે.–સંપૂર્ણ પણે જાપાની અને તેનો યેન પંકાય છે. (હિરોશિમા અને નાગાશાકીની દુર્દશા છતાં) જયારે બીજા વિશ્વયુધ્ધે વિજિત ઘોષિત અમેરિકા નો ડોલર લડખડે છે–ત્યારથી અત્યાર સુધી ત્રણવાર ડોલર નું ડીવેલ્યુએશન થયું છે.–અને અમેરીકાની મહાદ્વીપીય ભૂમિ ઉપર યુધ્ધનો છાંટો પણ નહોતો ઉડયો, જયારે જાપાન ટૂટી ગયું હતું ! ઈતિહાસ અમર છે. ભૂતકાળને તો ઇશ્વર પણ ન બદલી શકે !– માટે ઉપયોગી પણ છે. પરંતુ આપણે ચૂકીએ છીએ ઇતિહાસ ની અમૂલ્ય ભેટ અનુભવનો ઉપયોગ આપણે નથી કરી જાણતા હાલમાં સિમલા સમજુતિ પણ એ અશકિત નું કારણ છે.

આ લેખના સ્વયંઘોષિત ટીકાકારો એટલું ન કહેતો સારૂં આજનો મશીની યુગ પણ સભ્યતાની રદ્દો બદલીની પરંપરાનો અંશ છે; વિચારોની આપલે વિના સંસ્કૃતિ જીવી ન શકે; કારણ જો એમ હોતતો પ્રાચીન અસ્થ્યવશેપોથી આજના મ્યુઝિયમો ઠસ્સાઠસ ન ભરેલા હોય, વિવાદાસ્પદ છે કે તેઓ માનવજાતિના અસ્તિત્વના પ્રતિક છે માટે સાચવવા જ જોઇએ,

* કોમ્પ્યુટર (COMPUTER)

અરૂણ કરશનદાસ પટેલ
અમદાવાદ—૨૨

૨૦મી સદીના માનવીએ કોમ્પ્યુટરની શોધ કરી સૌને આશ્ચર્યના સાગરમાં નાખી દીધા છે. કોમ્પ્યુટરનો સર્જનહાર માનવી છે છતાં પણ કોમ્પ્યુટરે માનવી પર વિજય મેળવ્યો છે. તેની કાર્યશકિત કેટલી ઝડપી હોય છે તે આપણે નીચેના દૃષ્ટાંત પરથી જાણી શકીશું.

—પંદરથી સોળ શબ્દનું એક સાદું વાક્ય વાંચતાં આપણને જેટલો સમય લાગે છે? તેટલા સમયમાં ઇલેકટ્રોનિક કોમ્પ્યુટર ગણિતની ૩૦ લાખથી પણ વધારે ક્રિયા કરી નાખે છે અને પુસ્તકનુ એક પાનું વાંચતાં જેટલો સમય લાગે તેટલા સમયમાં કોમ્પ્યુટર કેટલાંય પાનાઓનો બીજી ભાષામાં અનુવાદ કરી શકે છે.

—વિકસિત દેશોમાં બેંકોમાં કોમ્પ્યુટર રાખવામાં આવે છે. આ કોમ્પ્યુટર ચેક તૈયાર કરે છે અને ખાતાં ઠીક રાખવાનું કામ કરે છે. આ કામ કરતાં માનવીને એક કલાક લાગે છે ત્યારે કોમ્પ્યુટર માત્ર ૩૦ સેકન્ડ (તેનાથી પણ ઓછા સમય)માં પુરી નાખે છે. કોમ્પ્યુટર નીચેનાં કાર્યો કરી શકે છે.

- વસ્તી ગણત્રી
- પોસ્ટ ઓફીસમાં ટપાલ ટિકિટ વગેરેનું વિતરણ.
- વૈજ્ઞાનિક તથા ગાણિતિક કોયડાનો ઉકેલ.
- વિમાન યાત્રા માટે સીટ રીઝર્વેશન.
- વિમાન પરિવહનનું નિયંત્રણ.
- શત્રુના આક્રમણની પૂર્વ સુચના.
- વાતાવરણ અંગેની પૂર્વ સુચના.
- સ્કૂલ, કોલેજોમાં શિક્ષણ કાર્ય.
- **બીજા કોમ્પ્યુટરની ડીઝાઇન બનાવવાનું**—અમેરિકામાં એક કોમ્પ્યુટરે બીજા કોમ્પ્યુટરની ડીઝાઇન માત્ર ૩૦ મિનિટમાં જ તૈયાર કરી દીધી આ ડીઝાઇન બનાવતા મનુષ્યને ઓછામાં ઓછો એક મહિનો લાગી જાય છે.
- **મત ગણત્રી અને કોમ્પ્યુટર**—આપણા ભારત દેશમાં આજે પણ એક એક કાપલી ગણીને મત ગણત્રી થાય છે. અમેરિકા આ ક્ષેત્રમાં અગ્રણીય દેશ છે. ત્યાં આ કામની જવાબદારી કોમ્પ્યુટરની છે. લોકો તેમનો મત આપી જાયછે. અને તેની સાથે સાથે ગણત્રી પણ થતી જાય છે એટલુ જ નહિ પણ કોમ્પ્યુટર ચૂંટણીના પરિણામની પૂર્વ જાહેરાત પણ કરી શકે છે. ૧૯૫૨માં મતદાન પતી ગયાના બે કલાક પહેલા એક કોમ્પ્યુટરે 'આઇઝન હોવર'ની વિજય જાહેરાત કરી દીધી હતી. ૧૯૬૦માં કેનેડીની વિજય જાહેરાત પણ કોમ્પ્યુટરે કરી દીધી હતી.

દિલનાં અજવાળાં, મનનાં અંધારાં

રતિલાલ દેવસીભાઇ પટેલ
"વિલયી" અમદાવાદ

સંધ્યાનું મૃત્યુસંધાનપદ મેળવી ચૂકેલી રાત્રિ પોતાના દેહને જેમ જેમ ગાઢપ્રગાઢ બનાવતી હતી તેમ તેમ એના મનની અશાંતિ પણ એટલી જ તેજ તીવ્ર બનતી હતી. હજુ હમણાં જ જન્મધારિણી નવજાત રાત્રિના આછેરા અંધકારમાં એની એ બે આંખોમાં ભૂતકાળ ભૂતાવળની પેઠે નાચતો હતો વહી ગયેલા વરસોના મધુર સંસ્મરણોને ઉખેળતી હતી, એકઠાં કરતી હતી. આટલાં વરસોમાં આકારે શું આપ્યું ને શું ન આપ્યું તેનો હિસાબ કરતી હતી, અનેક દિવસોનો સરવાળો કરતી હતી.

અકળાયેલી રચના માત્ર થોડાક કલાકોમાં ગૃહત્યાગ કરવાની હતી. આકારની સામે આંખમાં આંખ પરોવી વાત કરી શકે તેમ ન હતી. આખરે પત્ર દ્વારા આકારને પોતાના નિશ્ચિત ગૃહત્યાગની જાણ કરવી એ જ વધુ યોગ્ય અને સારૂં લાગ્યું.

પ્રિયે આકાર,

આમ તો કેટલાય દિવસથી મન દ્વિધાથી ઘેરાયેલુ હતુ પણ આજ આખા દિવસની માનસિક મથામણ બાદ માત્ર એક જ નિર્ણય ઉપર આવી છું અને તે છે મારો ગૃહત્યાગ. આપણા બન્નેની માનસિક અશાંતિનું પૂર્ણવિરામ.

આજ તારી રુચી ગૃહત્યાગ કરશે, તારા અજાણ અબુધ દિલને થડકો જરૂર લાગશે પણ આમ કર્યા સિવાય છૂટકો ન હતો. અફસોસની વાત તો એ છે કે આટલાં બધાં વરસોમાં આપણે એક બીજાને સારી રીતે જાણી ન શક્યા. એ કેટલી બધી મોટી કરૂણતા કહેવાય! થોડો ઘણો સમજવા પ્રયાસ કર્યો હોત તો આજ આવું અળખામણું પગલું ભરવુ પડયું ન હોત! એમાં તારોય વાંક ન હતો.

આકાર તું હંમેશાં તારા અલગ વ્યકિતત્વની ઇચ્છા રાખતો હતો પરંતુ તારૂં એ અલગ વ્યકિતત્વપણું મને અવાર નવાર માનભંગ કરતું હતું. તારૂં અલગ વ્યકિતત્વ ઉભુ થાય તેમાં મને કોઇ અસંતોષ ન હતો. અસંતોષ રાખવાનું કોઇ કારણ ન હોઇ શકે પરંતું મારામાં રહેલી 'સ્ત્રી' ને તું હડસેલતો હતો; તે સ્પષ્ટ અને એટલું જ નિઃશંક હતું.

એ દિવસે રચના—આકાર કલબમાં ગયાં હતાં. ત્યાં પહોચ્યા બાદ રચના મિત્રવૃંદથી એટલી બધી ઘેરાઈ ગઇ અને વાર્તાલાપમાંથી કેટલોય સમય વિત્યો છતાંય છૂટી ન શકી અને જ્યારે ફુરસદ મળી ત્યારે ફ્રેન્ડસર્કલને

આકારની "ઇન્ટ્રોડકશન" કરાવવા માટે રચનાએ જોયું તો આકારે પોતાને એકલી મુકી કયારનીય કલબ છોડી દીધી હતી. ખુબ ભારે મને અપમાનિત ચહેરે રચના ઘેર પાછી ફરી અને બોલી, આકાર મારે મન તારૂં મહત્વ વિશેષ હતું પરંતુ વાર્તાલાપમાંથી છૂટી ન શકી અને તારૂ મન અવળુ સમજી બેઠું પણ આકાર મને એ સમજાયું નહીં કે આવી વર્તણૂક કરવાનું કારણ શું ? મારામાં કયો અભાવ દેખાયો ? હું બધાંની વચ્ચે ભોંઠી પડી. તારે આમ જ કરવું હતું તો પછી ત્યાં જવાની શી જરૂર હતી ?

આકારે રચનાનું કહેવું સાંભળી લીધું અને ચૂપ રહયો. પરંતુ એનું મૌન મન ભેદની રેખાને વધુ તેજ કરતું ગયું સંઘર્ષની માત્રાની શરૂઆત થઇ ચૂકી. ખરેખર તો આકારનું કલબમાં મન ન માન્યું અને રચના મિત્રવૃંદથી ઘેરાયેલી હતી એટલે રચનાને વિક્ષેપ ન પડે તે કારણે કહ્યા વિના જ પાછો ફર્યો હતો.

એ પણ એટલુંજ સાચું હતું. આકારે રચનાને અકારણ કેટલીયે વાર માનભંગ કરી હતી પરંતુ આકારનો આ પાછળ આશય ખરાબ નહતો પણ તે વાત રચનાના ધ્યાનમાં આજ સુધી આવી ન હતી. ત્યારે રચનાના મનમાં એકજ સવાલ ઉઠતો આકારની નજરમાં મારૂં સ્થાન કયાં અને કેટલે ? બાહ્યજીવનની મળેલી પ્રતિષ્ઠાનું મૂલ્ય આકારે કેટલું આંકયું ? એટલું તો ચોકકસ જાણી ચૂકી હતી કે એનામાં રહેતી પ્રતિભા લોપાતી હતી.

ખરૂં પુછો તો બંને પ્રબળ મહત્વાકાંક્ષી હતાં પરંતુ વિચારસરણી ભિન્ન હતી અને ભિન્નતાના કારણે તેઓના બાહ્યજીવનની પ્રતિભા જેટલી ઉજ્જવળ હતી તેટલુંજ તેમનું લગ્નજીવન મરવાના વાંકે જીવતું હતું તેમ કહીએ તોય કાંઈ ખોટું ન હતું. બંને પૂર્વીય સંસ્કૃતિમાં માનતાં હતાં પરંતુ રચના કંઇક વધુ 'પશ્ચિમ'થી ઘેરાયેલી હતી.

આકાર પ્રગતિશીલ વિચારસરણી જરૂર ધરાવતો હતો. પરંતુ એનામાં રહેલો 'પુરૂષ' સ્ત્રી સ્વચ્છંદી બને તેના કરતાં મર્યાદામાં રહે તો સારૂ એમ માનતો હતો. અને એ 'પુરૂષ'ના અહં મેજ રચનાના જીવનને છિન્નભિન્ન કર્યું હતુ

' આકાર, હું તારી પત્ની અવશ્ય છું. નિઃશંક વાત છે. પરંતુ મારું માનવું છે કે પતિ–પત્ની કરતાં આપણે મિત્રો તરીકે રહ્યાં હોતતો આવું પરિણામ નિવારી શકયાં હોત મેં તારૂં પતિપણું અવશ્ય સ્વીકાર્યું છે અને આજ પણ ઇન્કારતી નથી પરંતુ કરૂણતાએ છે કે 'પતિપણા' માં રહેલા આકારે હમેંશા અવળો અર્થ ઘટાવ્યો છે જતું કરવાની આદતથી આપણે હંમેશાં અધુરા રહયા અને એ અધુરાપણાએ આપણાં બન્નેનો માનસિક બોજ વધાર્યો.

રચનાની વાત પણ ખોટી ન હતી. જ્યારે જ્યારે રચના પુરૂષ મિત્ર સાથે

હસીને વાત કરતો, આવકારતી ત્યારે આકારનું મન હંમેશાં શંકીત બનતું. એની આંખો રચનાના વર્તનને તપાસતી પરંતુ ચકોર રચના વાત પામી જઇ આકારને ટકોરતી 'આકાર, એવા ટૂંકા મનના ન થવાય. વિશાળ દ્દષ્ટિ રાખવી જોઇએ પરંતુ આકાર કંઇક જુદુ જ વિચારતો, આકારને રચનામાં ગળાડૂબ વિશ્વાસ હતો પરંતુ રચનાનું વર્તન 'સ્ત્રી' ની મર્યાદા, સીમા ઓળંગી ન ચૂકે એજ એની આંખો જોતી હતી, અન્યથા કાંઇ નહિં.

આકાર માનતો કે રચના 'પશ્ચિમ' થી પણ કયાંય વધુ આગળ નીકળી ચૂકી છે જ્યારે રચના કંઇ જુદું જ વિચારતી. રચનાને પોતાનો દેહ કંઇક ગુમાવી રહયો હોય તેવું સતત થયા કરતુ.

એ દિવસે મિત્રોની હાજરીમાં, માત્ર કોફીમાં ખાંડ વધુ પડી જવાથી આકારે રચનાને ઉતારી પાડી હતી, તે સમયે રચના કાંઇ ન બોલી. અપમાનનો વિષમય ઘૂંટડો પી ગઇ હતી, પરંતુ તેનું મન પાછું પડી ગયું.

'આકાર, તારી પાસે ધન દોલત, માન–મોભો બધું ય છે પણ માનવમાં રહેલી સભ્યતાને જ્યારે અકારણ અવઠોરાય છે ત્યારે એની આગળ સર્વ તુચ્છ છે જેની કાંઇ કિમત નથી, તું દોષિત છો એમ કહેતી નથી પરંતુ એટલું ચોકકસ પણે કહી શકીશ કે આપણે એકબીજાને સમજવા પ્રયત્ન સુધ્ધાં કર્યો નથી.

"સ્ટેટસ" નો મોહ તો બધાયને હોય પણ મેળવેલ સ્ટેટસ આવકારદાયક હોય તો જ તેનું ગૌરવ જળવાઇ રહે છે.

રચનાનું કહેવું પણ કાંઇ ખોટુ ન હતું. હજુ હમણાં થોડા દિવસ પહેલાં આકાર બાથરૂમમાં સ્નાન કરતો હતો ત્યારે તેને ખબર પડી કે રચના રૂમાલ મુકવાનું ભૂલી ગઇ હતી. રચનાના નામની બે ત્રણ બૂમ મારી પણ રચના એ ન સાભળતાં ખૂબ ગુસ્સે થઇ રચનાને એટલી હદ સુધી તોછડાઈથી માનભંગ કરી કે જે આકાર માટે ખરેખર લાંછનરૂપ હતુ, ત્યારે રચનાએ માત્ર એટલું જ કહ્યું 'હુ સમજુ છું કે મારે તારી સગવડ સાચવવી. મારી ફરજ છે, ધર્મ છે પરંતુ આકાર આવી નાની નજીવી બાબતને ધ્યાનમાં રાખીએ તો આપણાથી શેષ જિંદગી કઇ રીતે જીવાશે ?

આકારને જો કે રચનાય અપરાધી તો હતી જ ઘણીયેવાર રચનાઆકારને પૂછ્યા સિવાય નિર્ણય લેતી રચના વિચારતી કે પોતાનું જીવન આરસસમ સ્ફટીકમય છે. તો તેમાં આકારને પુછવાની શી જરૂર ? જ્યારે આકાર કંઇક જુદુ જ સમજતો રચના પોતાને પૂછવાપણું ન રાખતી હોવાથી આકારને અણગમો હતો પોતે પૂછવાપણામાંથી

ઉતરી ગયો એમ આકાર માનતો હતો.

'અને આકાર તારા એ છેલ્લા શબ્દો આજ પણ મારા દિલ પર જાણે હજારો વિંછીઓએ ડંખ ન માર્યા હોય તેવી બળતરા થાય છે. મારે તારી કોઇ દલીલ સાંભળવી નથી. મારી ઇચ્છા વિરૂદ્ધનો તારે હમેશાં અસ્વીકાર કરવો રહ્યો લક્ષ્મણરેખા ઓળંગી ચુકેલા તારા એ શબ્દોએ આપણું હસ્યકાં ખાતું જીવન સદાને માટે મૃત: પ્રાય બનાવી દીધું.

'હું જાણુ છું સતી સીતાનેય વિના વાંકે અગ્નિ પરીક્ષા આપવી પડી હતી. રામના કહેવાથી બલિદાનની વેદી પર ચડવું પડયું હતું પરંતુ મારામાં 'સીતા' બનવાની શક્તિ નથી.

'તારામાં રહેલો ' પુરૂષ ' હજુ વધુ નીચો ન ઉતરે તે જોવાની મારી ફરજ સમજી ગૃહત્યાગ કરૂં તો વધુ ઉચિત ગણાશે

'આ શબ્દ લખું છું ત્યાં સુધી હું કોઇ નિર્ણય પર આવી નથી. મારૂં વ્યક્તિત્વ કયાં રહેશે એ પણ હું જાણતી નથી. ગૃહત્યાગ પછી રચના કયાં ? એ સવાલનો જવાબ મારાથી આપી શકાય તેમ નથી! પરંતુ એટલું જરૂર યાદ અપાવીશ કે તારા પ્રેમને અવશ્ય આવકારૂં છું દિલની જુદાઇ આજ પણ અશક્ય છે, અસંભવ છે; મિથ્યા છે.

એક સવાલ કરૂં તો અસ્થાને નહીં ગણાય શું ગૌતમે યશોધરાને ઊંઘતી મૂકી ગૃહત્યાગ કર્યો ન હતો ? તો આજ એક યશોધરા ગૌતમનો ત્યાગ કરે એમાં નવાઇ પણ શી છે,? એનો જવાબ તારા દિલને પૂછજે અને જવાબમાં રહેલું સત્ય તેને હચમચાવી મુકશે.

'મેં અનુરૂપ થવાના ઘણાય વ્યર્થ પ્રયત્નો કર્યા પરંતુ તારૂં પૂર્વગ્રહથી જકડાયેલું મન મારા અસ્તિત્વના સ્વીકારનો ઇન્કાર કરતું હતું જો કે હું દોષિત હોઇશ એ વાતને સંમતિ આપું છું પરંતુ મારામાં રહેલી 'સ્ત્રી' નો લોપ થતો હોય તેમ લાગ્યું એટલે આવું કમનશીબ પગલું ભરવું પડ્યું અન્યથા કોઇ કારણ નથી.

'મારા આમ ચાલ્યા જવાથી તારી પ્રતિષ્ઠા જોખમાશે મારૂં પગલું ગેર વ્યાજબી ગણાવીશ. પરંતુ મને લાગે છે કે બાહ્ય જીવનની તારી પ્રતિભા જ મને બદનામ કરશે. સમાજ ક્ષેત્રે અનેક તર્કવિતર્કો મારા વિરૂધ્ધના રહેશે. પરંતુ આકાર મને આજ દિવસ સુધી સમજાયું નહિ કે આટલી ઉજળી પ્રતિભા વાળું વ્યક્તિત્વ ધરાવતા માનવીનું આંતરિક જીવન આટલું ક્ષુલ્લક કેમ બની ગયું? એ સવાલ હજુય વણ ઉકલ્યો રહ્યો !!

'મારૂં પગલું દૂષિત લાગતું હોય તો મિત્ર માની માફ કરજે.

આ સિવાય તારી પાસે કશું માંગતી નથી.

તારી શુભચિંતક રુચી

[illegible] કર્યો અસંતોષથી ઘેરાયેલી

રચનાએ છેલ્લીવાર ઘરને જોઇ લીધુ આકારનું ધ્યાન જાય તે રીતે આકારની ફોટો ફ્રેમનીચે પત્ર દબાવ્યો અને એટેચી હાથમાં લઇ એ ડગલાં ભર્યાં કે આકાર સાથે ભટકાઇ પડી આકારને જોતાં જ હેબતાઇ ગઇ હાથમાંની એટેચી ધબ દઇને પડી ગઈ સૂનમૂન ઉભેલી રચનાની સામે ગરમ શાલ ધરતાં આકાર બોલ્યો. ' હેલો રુચી લે આ શાલ, વર્ષાના દિવસો છે કયાંય શરદી ન થઇ જાય! રચનાના ચહેરાને ગમગીન નજરે જોતાં બોલ્યો' ગગન વિહારી પક્ષીઓની જેમ આજ તને મુકત કરૂં છું. રુચી, મને કોઇ રંજ નથી, કોઇ રંજ નથી, પણ એક વાતનું ધ્યાન રાખજે તારામાં રહેલી 'સ્ત્રી' સ્ત્રીના નામનું કલંક ન બને તેનાથી સંભાળતી રહે જે નહીં તો કયાંક જીવનમાં નીચા જોણું જોવું ન પડે આથી વધુ મારે કશું કહેવાનું ન હોય !

વ્યથિત આકારે જમીન પર પડેલી એટેચીને હાથમાં ઉપાડી રચનાના હાથમાં આપતાં બોલ્યો ' રુચી, વિના સંકોચે તું જઇ શકે છે. તારા માટે ઘરનાદ્વાર હમેશાં ખુલ્લાં છે. અને રહેશે એ વાત કદી ન ભૂલીશ '

રચના પહેલીવાર પ્રેમ નિતરતા આકારના ચહેરાને જોઇ રહી અને ફસડાઇ પડી. આજ ખબર પડી કે આકારને સમજવામાં અક્ષમ્ય ભૂલ કરી હતી. નાના બાળકની માફક ધ્રુસકે ધ્રુસકે રડી પડી. આકારે રચનાને ગળે વળગાડી લીધી એના રડતા દેહને થામી લીધો હતો. ત્યારે રાત્રિએ પૂર્ણ આધિપત્ય અવની પર ઉતાર્યું હતુ.

આપણા સામાજિક સડાઓ અંગે શું વિચારીશું ?

શામજીભાઇ આર. પટેલ
(એસ. વાય. બી કોમ)
સાણંદ

વિશાળ ભારત વર્ષના ખૂણે ખૂણે પથરાયેલા આપણા અસંખ્ય ભાઇબહેનોને 'જાગૃતિ' દ્વારા પ્રથમવાર મળતાં હું હર્ષની લાગણી અનુભવી રહ્યો છું. જો કે 'જાગૃતિ' અને આઝાદકલમ' નો ટૂંક સમય પહેલાજ નિયમિત વાચક બન્યો હોવા છતાં અનુભવે જણાવ્યું છે કે દેશના લગભગ તમામ રાજ્યોમાં છૂટા છવાયા નાનાં નાનાં જૂથોમાં પડેલા તેમજ ગત સદીનાં જૂનાં બંધનો, અંધશ્રધ્ધાઓ, વહેમો જેવા સડાઓમાંથી મુકિત મેળવવા માટે માથું ઉચકતા આપણા સમાજને સંગઠિત કરવાનું જે ભગીરથ કાર્ય આ બંને મુખપત્રોએ કરી બતાવ્યું છે તે બદલ આ સમાજે તેના સદાએ ઋણી રહેવું પડશે.

કન્યાઓના લગ્નનો પ્રશ્ન છેલ્લા કેટલાય સમયથી, 'જાગૃતિ' ના દરેક અંકમાં એક યા બીજી રીતે મુખ્યત્વે ચર્ચાતો આવ્યો છે. આ અંગે મારો અંગત અભિપ્રાય નીચે મુજબ છે.

નાની ઉંમરમાં સગપણ થયા પછી તેને તોડી નાખવું વૃદ્ધાવસ્થામાં લગ્નો કરવાં તેમજ ગરીબ કુટુંબોની મજબુરીનો લાભ લઈને તેમની કન્યાઓનાં ઊંઝા વિસ્તારમાં 'વેચાણ' કરવાં તે આપણી સમદ્દાના હાલના સળગતા પ્રશ્નો છે યુવક મંડળ, કલકત્તાએ આ દિશામાં સમાજની યુવક શકિતને સુસંગઠિત કરવાનો જે પ્રયાસ હાથ ધર્યો છે તે અભિનંદનીય છે.

મારા મતે ચાલી રહેલી આવી નીચ પ્રવૃત્તિને અટકાવવા માટે દરેક યુવાને આગળ આવવું પડશે, તે માટે પહેલ કરવી પડશે અને હું માનુંછુ ત્યાં સુધી આ કાર્ય માટે દરેકે પ્રથમ પોતાના ઘેરથી કુટુંબથીજ તેની શરૂઆત કરવી પડશે. પોતાના કુટુંબમાં જો આ પ્રકારનો કોઇ સડો યા ભ્રષ્ટાચાર ચાલતો હોય કે થતો જોવા મળે તો તેનો હિંમતભેર વિરોધ કરીને તેને અટકાવવો જોઇએ. માત્ર પોતાનું અંગત સ્વાર્થી હિત ધરાવતી કેટલીક વ્યકિતઓના લાભ માટે જો કોઇ વ્યકિતના જીવન સાથે ચેડાં થતાં હોય તો તેવા સમયે હાથ જોડીને બેસી ન રહેતાં આવા બનાવોને પ્રકાશમાં લાવવા જોઈએ, અને જો આમ થાય તોજ આપણા યુવક મંડળોની રચના સાર્થક થઇ ગણાશે.

 માટે ઓગષ્ટના અંકમા તંત્રીશ્રીએ ઊંઝા ખાતે થતાં બાળાઓનાં વેચાણોને જે રીતે વખોડી કાઢયાં છે, તેની સાથે હું સહમત છું. અન્યના જીવનની બરબાદી દ્વારા પણ આવક મેળવીને, તેની હલકટ પ્રવૃત્તિનો આનંદ માણતા આવા માણસોને પ્રકાશમાં લાવી, તેવાઓનો બહિષ્કાર કરવો જોઇએ, સમાજમાંથી તેમને બહાર ખસેડવા જોઈએ, પરંતુ સાથોસાથ આ પ્રકારની પરિસ્થિતિ જે સંજોગોમાં ઉપસ્થિત થાય છે તેના પાયાનાં કારણોને જડમૂળથી દૂર કરવાં જોઇએ, હાલમાં આપણા સમાજમાં પ્રવર્તમાન એક પ્રકારના 'પવન' મુજબ કોઇ પેતાના પુત્રના સગપણ માટે એક શબ્દ પણ ઉચ્ચારવા તૈયાર નથી, જયારે પુત્રીના સગપણ માટે દોડાદોડ કરી મૂકે છે. પરીણામે એકંદરે છોકરીઓની સંખ્યા છોકરાઓ કરતાં ઓછી હોવા છતાંય, કન્યાઓનાં સગપણ એ તેમના વાલીઓ માટે શિરદર્દ સમાન બની ચૂકયાં છે, આ સ્થિતિ આપણે જડમૂળથી જ નિવારવી રહી.

તેમ છતાં એક હકીકત ધ્યાનમાં રાખવા જેવી છે કે આપણે સૌ માત્ર ભાષણો આપી ને કે લેખો લખીને કોઈ પણ કાર્યનો અંત નહીં પણ શુભ આરંભ કરીશું સમાજના સર્વાંગી વિકાસ માટે નક્કર પગલાં ભરીને પ્રયત્ન શીલ રહીશું તોજ આપણા યુવક માંડળને નવું જોમ અને ઉત્સાહ મળશે. ખાસ કરીને જયાં સુધી કન્યાઓનાં લગ્નોને સંબંધ છે. ત્યાં સુધી હાલમાં જ સ્થપાયેલ પાટીદાર મહિલા મંડળ, જબલપુરે પણ ઘણું ઘણું કરવાનું છેતેવી અપેક્ષા રાખું તો તે વધુ પડતી તો નહીં જ ગણાય.

અંતમાં, 'જાગૃતિ' હાલમાં જે રીતે સમાજની સેવા કરતું રહ્યું છે, તેના કરતાં પણ ખૂબ સારી રીતે ભવિષ્યમાં તેની ફરજ અદા કરતું રહે તેમ ઇચ્છું છું મારા સમવયસ્ક યુવક મિત્રોને 'પત્ર મિત્ર' તરીકે આવકારું છું.

અસ્તુ



* જાણવા જેવું *

ચંદુલાલ કે. પટેલ
બોરડીટીંબા

★ દુનિયામાં જેટલી જમીન છે. તેના ૨.૪ ટકા જ ભારતમાં છે. તેમ છતાં દુનિયામાં જેટલી વસ્તી છે તેના ૧૪ ટકા વસ્તી ભારતમાં છે. ભારતમાં દર દોઢ સેકન્ડે એક બાળક એટલે કે દર એક મિનિટે ૪૦ બાળકો જન્મે છે. સ્વતંત્રતા પછી આપણા દેશે પ્રગતિ નથી કરી એવું નથી, પ્રગતિ તો ઘણી કરી છે, પરંતુ તેનુ ફળ વસ્તી વધવાથી ચવાઈ જાય છે અને વસ્તી ભૂખીને ભૂખી રહે છે.

★ એક મોટી થાળીમાં પાણી ભરીને તેના પર થોડું સરસિયાનું તેલ રેડવાથી મચ્છર તે પર જ એકઠાં થઇ જવાનુ કહેવાય છે.

★ ઝાડના થડને આડુ કાપીને જુઓ તો તેમા વર્તુળો દેખાશે. એ વર્તુળોની સંખ્યા પરથી એ ઝાડ કેટલા વર્ષનું હતું તે કહી શકાય દેહરાદુનના ફોરેસ્ટ રિસર્ચ ઇન્સ્ટીટયુટમાં આવાં વર્તુળો બનાવતું એક બહુ પહોળું થડ પ્રદર્શનમાં મૂકયું છે.

★ આપણા દેશમાં ૩૮ કરોડ ૬૦ લાખ એવા લોકો છે કે જેમણે વાંચતાં કે લખતાં કશું આવડતું નથી. એમ તાજેતરની મોજણી પરથી જાણવા મળેલ છે. અલબત, દેશમાં અક્ષર જ્ઞાનનું મહત્વ વધવા પામ્યું છે. ૧૯૫૧માં ૧૬.૬ ટકા લોકો અક્ષર જ્ઞાન ધરાવતા હતા. તે પ્રમાણ ૧૯૬૧માં વધીને ૨૪ ટકાએ પહોંચ્યું હતું. હવે ૧૯૭૧માં આ પ્રમાણ ૨૯.૩ ટકા નોંધાયું છે.

★ ભારતમાં ૨૨ કરોડ કરતાં વધુ લોકો અથવા ૪૦ ટકા લોકો જીવનની વ્યાજબી લઘુત્તમ સપાટી કરતાં પણ નીચું જીવન જીવી રહયા હોવાનું સત્તાવાર રીતે જણાવાયું છે.

★ આંતરરાજ્ય ઝઘડા ન થયો હોત તો બિયાસ પર બંધાનારો પોંગડેમ ૧૯૭૦માં ૯૨ કરોડને ખર્ચે બંધાઇને પંજાબ રાજસ્થાનની ૫૦ લાખ એકર જમીનને સિંચી હોત અને ૭૨ મેગાવોટ વિજળી આપતો થઇ જાત. ઝઘડાને લીધે થયેલા વિલંબને કારણે એ ૧૯૭૫માં ૧૯૦ કરોડને ખર્ચે બંધાશે.

★ તોલ માપ સમિતિએ તેના અહેવાલમાં જણાવ્યું છે કે અપ્રમાણિક વેપારીઓ તોલમાપમાં છેતરપિંડી કરી હલકી કોટીની ભેળસેળવાળી વસ્તુઓ વેચી નિર્દોષ ગ્રાહકોની ૩૦૦ કરોડ જેટલી રકમ લૂંટે છે.

★ પશ્ચિમના દેશોએ ગોવંશ એટલી હદે સુધાર્યો છે કે હોલસ્ટીન ફ્રિઝિયન નામની એક સર્વોત્તમ ગાયે થોડા વરસ પહેલાં ચોવીસ કલાકમા ૧૯૨ રતલ દૂધ આપ્યું હતુ ત્યાર પછી હમણાં એક ગાયે ૧૯૮ રતલ દૂધ એટલાજ સમયમાં આપ્યાની હકીકત પ્રાપ્ત થઇ છે.

★ નિરોગી માણસની જખમ વગરની ચામડી પર મૂકવામાં આવેલાં કોઇપણ જંતુઓ ૩૦ થી ૪૦ મિનીટમાં મૃત્યુ પામે છે.

* વીંછીના ડંખ *

હરીલાલ દેવશીભાઇ પટેલ
પરસોતમપુરા,

જેઠ માસની અસહ્ય ગરમી વરસી રહેતી ત્યારે સૂર્યાસ્ત પછી દરેક લોકો એક વસ્ત્ર વરાણે જ ફળીયામાં જોવા મળતા. તેમાંય વૃદ્ધોના ખાટલા તો આંગણાના ઝાંપા આગળ અને ગલીની ખાલી જગાઓમાં જ ઢળાતા. અથવા પાછળથી ખેંચીને લવાતા ત્યારે ખાટલાના પાયાનાં ઘર્ષણના અવાજથી ફળીયાની શાંતિમાં ઘોંઘાટનું મોજું ફરી વળતું. વળી ક્યારેક તો ખાટલાની હલચલ શાંત થયા પછી પણ તીણો છતાં કર્કશ કીચુડ... કીચુડ... અવાજ આવ્યા કરતો અને આવા અવાજથી ગરમીને દૂર ભાગવું પડતું. પણ કેટલી વાર ?.... હાથ ન થાકે ત્યાં સુધી...

ફળીયામાં જ્યારે પંખાના આવા અવાજ થતા કે તરત જ દાદા કે દાદી ઓના ખાટલા પર જગા પુરાઇ જતી અને બાળકોને તરત જ ચેન વળી જતુ. પ્રભાવતી અને બાબો જમ્યા પછી તરત જ બા–અને બાપુજીની પથારીમાં પંખાની હવા ખાવા પહોંચી જતાં હતાં વળી ક્યારેક ચાંદની રાતે તેઓ શેરીમાં રમવા જવાની હઠ કરતાં તો પણ બા તેમને જતાં વારતી અને ઉપરથી ધમકાવતાં કહેતી "બેટા ! અત્યારે ગરમી કેટલી પડે છે. તેથી ઝેરી જંતુઓ બહાર હવા ખાવા નીકળે ને તે ક્યારેક આપણને પણ કરડી જાય. પ્રભા તરત વચ્ચે જ બોલી પડતી, "હેં દાદીમા ! જનાવર કેવાં હોવ ! " બા પછી વીંછી, સાપ વગેરેનાં નામ ગણાવતી, અને બાળકો તેના ભયથી જ ગભરાઇને ઊંઘી જતાં

સમર વેકેશન હોવાથી પરેશ દરરોજ મારી પાસે ગોઠડી કરવા આવતો અને ઘણીવાર મારાં બાળકો સાથે ખેલ કરતો અમે હાઇસ્કૂલમાં સહાધ્યાયી હતા. મેટ્રિક બંનેએ સાથે પાસ કરી, એ મારા કરતાં બીજે નંબરે હતો. પિતાજીની તબીયત અવારનવાર નાદુરસ્ત રહેતી હોવાથી મારે ઘરની જવાબદારી લેવાની ફરજ પડી. વળી પિતાજીની મરજી મને નોકરી ન કરવા દેવાની હતી કારણ કે હું એકલો જ વારસદાર હતો. જ્યારે પરેશે પણ કોઈ દુકાનમાં સામાન્ય નોકરી કરવાની ઇચ્છા દર્શાવી ત્યારે મે જ તેને કોલેજનો અભ્યાસ કરવાની સલાહ આપી દેતી. અને મોટી નોકરી લેવાની લઠ પકડાવી હતી. સાથે સાથે યથાશક્તિ મદદ કરવાનું પણ કહ્યું. આમ પરેશે મારા આગ્રહને વશ થઈને કોલેજ અભ્યાસ ચાલુ રાખ્યો હતો.

એક દિવસ પરેશ મારે ત્યાં રાત્રે આવ્યો ત્યારે હું ખેતઉત્પાદન તથા વેચાણના

દિવસો આ મેળવતો હતો. કામકાજ પુરું થતાં બંને ચોપાડ બહાર આવ્યા ત્યારે પરેશે આગ્રહ કરતાં કહ્યુ, " ચાલ આજ તો મજાની ચાંદની ખીલી છે. અને તળાવની પાળે હવા ખાવા જઈએ બે ઘડી વાતો કરીને પાછા આવીશું."

દિવસના કામને લીધે થાકેલો હતો તેથી મારી ઈચ્છા તળાવે જવાની નહોતી છતાં મિત્રના આગ્રહને માન આપ્યું. અમે બંને ઘરેથી નીકળ્યા. મગજ પર થાકનું ભારણ હતું તેથી પગમાં ચંપલ પહેરવાનું પણ વિસરાઇ ગયું.

ફળીયાનો ઝાંપો મૂકીને થોડાક બહાર ગયા કે તરત મને પગમાં તીક્ષ્ણ કાંટો વાગ્યો અને એકદમ વેદના થતી અનુભવી. મારાથી આગળ ચાલી શકાયુ નહિ. હું ત્યાંજ બેસી ગયો. પરેશે ચાંદનીમાં નીચા વળીને કારણ શોધવા પ્રયત્ન કર્યો પણ કંઇ જોયું નહિ. એ વખતે મને બાનું વાકય યાદ આવ્યું અને મેં મનથી ધાર્યું કે જરૂર મને વીંછી જેવું એરૂ કરડી ગયું છે.

ધીમેધીમે મારી વેદના વધતી જ ગઇ. વિષનું પ્રસરણ પગમાં વધતું ગયું મેં પરેશને કહ્યું. "મને ઘરે પહોંચાડતો કંઇક ઉપચાર થાય" તેણે મને તેના ખભા પર બેસાડીને ઘરે પહોંચાડયો. ત્યારે મારાથી 'ઓહ!' 'ઓહ!' એવા વેદનાત્મક શબ્દો નીકળી પડયા તે બધાં એકદમ ભેગાં થયાં ને પૂછપરછની ઝડીએ વરસી રહી. દરેક પોત પોતાના અનુમાનો કહેતાં ગયાં સાથેસાથે અભિપ્રાયો પણ.

બધામા પરેશનું મન ઘણું વ્યથિત હતુ. તેને એમ જ થતું હતું કે મારા આગ્રહથી જવા નીકળ્યાને રસ્તામાં વીંછી કરડયો તેથી પોતે દોષિત થશે એવી તેને બીક હતી. પોતે રખડિયાત તરીકે ન ગણાઇ જાય એવો ભય તેને સતાવી રહ્યો હતો. મેરૂભાએ આવીને વીંછી ઉતાર્યો, બીજી અનેક દવાઓ કરી પણ વેદના કાબુમાં ન આવી આખર થાકીને હું બૂમો પાડતો રહ્યો ત્યારે ફળીયાના બીજા નાકેથી પરેશના બાપુજી આવ્યા અને તેમણે મારા પગને ગરમ પાણીમાં રાખવાનું અને ગરમ પાણી ટોવાનું કહ્યું. આ ઉપચારથી મને રાતના પાછલા પહોરે ચેન વળ્યું અને થોડીક શાંતિ અનુભવી મને ભોંય પર સુવાડયો હતો. પરેશ પણ આખી રાત મારી પાસે જ રહ્યો તેણે સવારે ઉઠયો ત્યારે પોતાની ભૂલ કબૂલ કરતાં કહ્યું. ખરેખર મારા કહેવાથી જ આમ બન્યું છે." મેં કહ્યું; એમાં તારો શું વાંક ? તેં કયાં વીંછીને નોંતર્યો હતો."

આ વાતને લગભગ દશ વર્ષ વીતી ગયાં છે. અમે બંને મિત્રો પુરા સાંસારી બની ચૂકયા હતા. પરેશે કોલેજનો અભ્યાસ પુરો કરીને અમદાવાદની એક મિલમાં કારકુનની નોકરી મેળવી હતી. જે તેને ના છૂટકે સ્વીકારવી પડી હતી.

...તે બેકારીના પંજામાં સપડાયો હતો. વળી તેના ભણતર પાછળ સારો એવો ખર્ચ થયો હતો જે તેને કમાઈને ભરવાનો હતો. તેની મોટી નોકરી માટેની ધીરજનો અંત આવ્યો. મિલની નોકરીમાં પણ તેને બે બાજુથી ખોટ પડતી હતી. એક બાજુ પુરો સમય હાજરી આપવી પડતી. બીજી બાજુ પગાર મર્યાદિત હતો. પરીણામે તે પાર્ટટાઇમની બીજી નોકરી પણ કરી શકતો નહિ. અત્યારે તેના કુટુંબમાં ચાર બાળકો અને બે પોતે એમ કુલ છ ઇસમો હતાં. તેનાં બા-બાપુજી તો ગામડે ર એકરની વાડીમાંથી તેમનું ગુજરાત ચલાવતાં.

પરેશ માટે વિકટ પ્રશ્ન હતો એક દિવસ હું તેને મળવા ગયો ત્યારે એનું જીવન જોઇને ખરેખર મને ખૂબજ પસ્તાવો થયો, તે સીવીલ ડ્રેસમાં હતો તેનાં કપડાં મેલાં અને જીર્ણ જોયાં. તેનાં બાળકો પણ રોગિષ્ઠ જેવાં દેખાતાં હતો. તેની પત્નીના માથાના વાળ સૂકા બરછટ લાગતા હતા. થોડીવાર બેસીને મેં તેના હેવાલ પૂછ્યા અને તેને ફાવે છે કે કેમ તે પણ પૂછ્યું. ત્યારે તેણે નિરાશ થઇને ફક્ત એટલું જ કહ્યું કે " મારી દશા ધોબીના કૂતરા જેવી થઈ છે, દોસ્ત ?

જેવી રીતે તને તે દિવસે વીંછીના ડંખની વેદના થઇ હતી એથી પણ વિશેષ મને આ મોંઘવારીના વીંછીના ડંખ પીડી રહ્યા છે. હું લાચાર છું." મેં કહ્યું, ' એમાં બધો વાંક મારો જ છે. હું તારો નખોદિયો છું. મારા કહેવાથી જ તું આ રસ્તા પર આવ્યો અને તને આ વીંછી કરડયો મને માફ કર. પરેશ ! " એ વચમાં જ બોલી ઉઠયો, " પહેલાં તું મને માફ કર કે જે દિવસે તને વીંછી કરડયોને તું આખી રાત ઉંઘી શકયો ન હોતો "

મારૂં હૃદય પરેશની જૂની સ્મૃતિ જીવંત થતી જોઇને એકદમ ઉછળી રહ્યું હતું. મારાથી એકદમ બોલી જવાયું. " પરેશ ! એવા વીંછી અનેક કરડે તો પણ તેની પીડા સહન થઇ શકે ખરી પણ તારા વીંછીના ડંખની વેદના તો અનિવાર્ય છે, એક રાતના બદલે આખી જિંદગીની ઉંઘ હરામ કરી નાખે એવા ઝાટકા તને લાગતા હોય એવું હું અનુભવું છું. દોસ્ત ? તારા ડંખની દવા માત્ર એક જ છે. જો તારે રાહત અનુભવવી હોયતો ચાલ ગામડે વતન જ તારૂં જતન કરશે. ધરતી જ તારૂં પેટ ભરશે. જયાં તને કોઇ જનાવરનો ભય નથી તને શાંતિથી ઉંઘ આવશે " નખ કરડતા પરેશની આંખો ભીની થઇ ગઇ અને તેના હોઠ ધ્રુજી ઊઠયા, " ખરેખર તેં મને અંતિમ પળે માર્ગ બતાવ્યો છે. મને મારી બાનું વાકય. " દિકરા ? નોકરી શોખની છે. જયારે ખેતીવાડી તો અક્ષય પાત્ર છે એજ આપણો આધાર છે. એજ અન્નપૂર્ણા છે. માટે તું નોકરીએ ન જઇશ. " યાદ આવે છે.

બીજે દિવસે પરેશે એકદમ રાજીનામુ આપી દીધું અને હું-તથા તેનો પરિવાર વતનની ટ્રેનમાં બેસી ગયાં ને વહેલું આવે ઘર.

શ્રી ગણેશાય નમઃ

'આપણા તહેવારો'

બહેચરભાઈ એ. પટેલ
બોરિયાટીંબા કંપા

આશા, શ્રધ્ધા અને પ્રેમના દીપકે માનવ જગતમાં અંધારાંઉલેચી પ્રકાશ પુંજ પાથરીને નવસર્જનની પ્રેરણાનાં પીયુષ પાઈ હંમેશાં માનવને વિકાસમાર્ગ ચીંધ્યો છે. આ આશા, શ્રધ્ધા અને પ્રેમની પ્રેરણા આપણને આપણા તહેવારો માંથી પ્રાપ્ત થયેલી છે અને થાય છે. એટલા માટે કાકા કાલેલકરે આપણા તહેવારો માટે પોતાનો અભિપ્રાય આપ્યો છે કે " આપણા તહેવારો. પાછળ એટલું બધુ સાંસ્કૃતિક માહાત્મય છૂપાયેલું છે કે તેમને જીવતા તહેવારો કહેવાનું હું પસંદ કરુ. છું,

જેનો સૂર્ય કદી આથમતો ન હતો એવી અંગ્રેજ સરકારના દોઢસો થી બસો વર્ષના અમલ સુધી કચડાયેલા આપણા બાપદાદાઓએ પોતાનું સર્વસ્વ લૂંટાવી દીધું. પરંતુ આપણા તહેવારોની અમૂલ્ય મૂડી તો સાચવી રાખી અને આપણને અમૂલ્ય વારસો ભેટ ધર્યો છે: તે બદલ આપણે સૌ એમના સદાને માટે ઋણી છીએ નિર્મળ આનંદથી ઉભરાતા આ તહેવારોના આયોજન પાછળ આપણા વડીલોની દીર્ઘ દ્રષ્ટિ આપણને નમન કરવા ભેટ ફરજ પાડે છે. આ તહેવારોની પાછળ અથાગ જીવન બળ ઉછાળા મારે છે. દરેક તહેવારો જાણે ઇતિહાસનો બોલતો પુરાવો છે. આ ઇતિહાસની આરસીમાં તમે ડોકિયુ કરશો તો તમને તેમાં સંસ્કૃતિની વણઝાર અને ધર્મનાં પોટલાં છૂપાયેલાં જડશે.

આપણા પૂર્વજોએ આ તહેવારોનું આયોજન કર્યું હોત તો આ રોકેટ યુગમાં રોજ બરોજની ધમાલથી અને એકધારા પરિશ્રમથી થાકેલા આપણા કસબી અને કારીગરોનાં જીવન કેવાં ગંધાઇ જાત ! પરંતુ ઉલ્લાસ અને માંગલ્યની સરવાણીઓ વહેવડાવતા આપણા તહેવારોની મહેફિલ માણી તેઓ રાહતનો દમ ખેંચે છે. અને ફરીથી તાજગી ભર્યું જીવન પ્રાપ્ત કરે છે.

તહેવારોમાં પણ કેટલુંય વૈવિધ્ય દ્રષ્ટિપાત થાય છે. ધાર્મિક, સામાજિક રાષ્ટ્રીય એમ ત્રણ પ્રકારમાં તેમનું સુંદર વર્ગીકરણ કરવામાં આવ્યું છે. દિવાળી, વિજયાદશમી બેસતું વર્ષ, હોળી. શિવરાત્રી, જન્માષ્ટમી, અને નવરાત્રી જેવા તહેવારો ધર્મની ઢાલ બની તેમનું જ માહાત્મય આગળ ધરે છે. રક્ષાબંધન વિરપસલી, મકરસંક્રાંતિ, શરદોત્સવ અને વસંતોત્સવ તથા આનંદ બજાર જેવા તહેવારો સમાજ ધૂરાને ધારણ કરી આપણને સમાજ પ્રત્યેની આપણી ફરજોની યાદ દાસ્ત પાડવે છે ૧૫ મી ઓગસ્ટ, ૨૬ મી જાન્યુઆરી અને

નેતાઓની જન્મ જયંતિઓ જેવા તહેવારો રાષ્ટ્ર પ્રત્યે વફાદારી બતાવી તેનું રક્ષણ કરવા આપણને કટિબધ્ધ કરે છે.

આપણા તહેવારોમાં દિવ્ય શકિત રહેલી છે. તહેવારોમાં **માનવના પ્રેમનો** પાતાળ કૂવો ફાટી નીકળે છે. અને સર્વત્ર પ્રેમની સરવાણીઓ જ વહેતી નજરે પડે છે. ધાર્મિક તહેવારો આપણા જીવનને સદાચારી સંયમ શીલ અને નીતિમત્તાવાળુ બનાવે છે. અને જીવનમાં પવિત્રતાનું સિંચન કરે છે. વર્ષોથી ચાલી આવતી વૈરભાવ અને ઇર્ષાની આગને આપણા સામાજિક તહેવારો સમાવે છે. અને કુટુંબીજનો વચ્ચે પુનઃ શાંતિ અને સદાચાર સ્થાપી પ્રેમ અને સંવાદિતા વધારે છે. આપણા રાષ્ટ્રીય તહેવારો શહીદોની શહાદતને આઝાદી માટે લીલુડાં માથાં વધેરનારને અને બિસ્મિલ બેટાઓનું બલિદાન આપતી વીરાંગના ઓને યાદ કરવાનું કહી આપણી રાષ્ટ્રીય ભાવનાને ઢંઢોળી તેના માટે ત્યાગની ભાવના પ્રદિપ્ત કરે છે.

વિભિન્ન ધર્મ અને ભાષા આમ જનતામાં ભાવાત્મક એકતા લાવવા માટે તહેવારો જેવું કોઇ અમોઘ સાધન નથી. તહેવારો દરમિયાન માનવો જે આનંદ પ્રાપ્ત કરે છે તેવો આનંદ તો કદાચ સ્વર્ગના દેવો પણ પ્રાપ્ત કરી શકતા નહિ હોય. **જન્માષ્ટમીના** તહેવારોમાં નાના ભૂલકાઓને આપણે રંગબેરંગી કપડાંમાં સજ્જ થયેલાં અને અને ગાલ ફૂલાવી ફુગ્ગા ફૂલાવતા જોઇએ છીએ ત્યારે તો ખરેખર આનંદની સીમા રહેતી નથી, વળી રામધૂનમાં મસ્ત બનેલી મંડળીને જોતાં તો આપણા હાથ પગ એ ધૂનમાં મચી પડે છે તે પણ આપણે જાણી શકતા નથી અને તેમાંય વળી પેલા પ્રસાદીયા બાલ ભકતો જ્યારે બીજી વખતે મોં અને હાથ સાફ કરી પ્રસાદ લેવા આપણા પછવાડે સંતાઇને વચ્ચે જ્યારે હાથ લાંબા કરતાં જોઇએ છીએ ત્યારેતો એ આનંદની તમને શી વાત કરુ? દિવાળીના તહેવારોની દિપમાલાઓની કલાત્મકતા અને વાનગીઓના મઘમઘાટ તો ખરેખર આપણને હેરાન પરેશાન કરી નાખે છે. –કવિએ પણ કહ્યું છે કે "દિવાળીની દીપકહારમાળા, બીજી પંક્તિ-માં રહી'તી પુરમાં બધેને, ઘેલા બનેલા જન મસ્ત થઇને, ઉડાવતા ઉત્સવ મોજ રંગે" આ દિવસોમાં ગરીબાઈ અને મોંઘવારી તો જાણે દેશ નિકાલની સજા કરવામાં આવેલી નજરે પડે છે. હોળી એટલેતો જાણે નવદંપતિઓ અને બાળકો માટે જ સર્જાયો હોય તેમ તેઓ એક બીજામાં ખોવાઇ જાય છે.

સુત્રોનો પુરેપૂરો અર્થ સમનજનારા છતાં પણ ઘણાં બધાં સુત્રો પોકારનારા પેલાં પ્રાથમિક શાળાનાં બાળકો જ્યારે 'વંદે–માતરમ' 'જય હિન્દ' અને 'આઝાદી અમર રહો'ના નારાઓ થી વાતાવરણને ગજાવી મુકતા જ્યારે

જોઈએ છીએ. તે વખતના આનંદને આપણે કેમ ભૂલી શકીએ.

આપણા તહેવારો જીવંત છે અને આપણા જીવનને તાજગીભર્યું બનાવે છે છતાં પણ આપણું જીવન કૃત્રિમ અને દંભી બની ગયું હોવાથી આપણે તેમાંથી પૂરતો આનંદ મેળવી શકતા નથી. જ્યારે આપણે આઝાદ થયા હતા તે દિવસો દરમિયાન આઝાદી પર્વ આપણે કેટલા ઉમંગથી ઉજવ્યું હતુ અને આજે કેવી રીતે ઉજવીએ છીએ તેજ બતાવે છે કે આપણે આપણી કૃત્રિમતા છોડી દઈ આપણો આત્મા જીવતો રહે તે રીતે તહેવારો ઉજવીએ તો તહેવારોનો સાચો આનંદ માણી શકાશું, આપણે એ વાત ન ભૂલવી જોઈએ કે તહેવારો આપણા વડીલોનો અખૂટ ખજાનો છે.

★

" રાષ્ટ્રપતિ સ્કાઉટ "

ભીમજીભાઈ આર. પટેલ
ઇન્દોર

ફરપળે બદલાતા આ જમાનામાં " સ્કાઉટ "ની એક સરળ પરિભાષા આપવી એ અત્યંત મુશ્કેલ છે જો કે અંગ્રેજી શબ્દ " સ્કાઉટ (Scout)" નો શાબ્દિક અર્થ તો " ગુપ્તચર " અથવા "જાસુસ" થાય છે. પરંતુ ભાવાર્થ વ્યવહાર માં એ " એક પ્રાથમિક સામાજિક, સેવક અને આરક્ષિત રાષ્ટ્રીય સૈનિક (Primarily a Social Servant and Reserved National soldier) ની ભૂમિકા અદા કરે છે, જો કે વિશ્વવ્યાપી આ સ્કાઉટ સંસ્થાની સ્થાપના તો પ્રથમ વિશ્વયુદ્ધ વખતે નાનાં બાળકોને સંગઠીત કરી આંતરિક શાંતિ જાળવવા અને વિદેશી દળમાં જાસુસી કરવા માટે થઈ હતી, પરંતુ આજે એ એક સામાજિક સેવકતરીકે જરૂરત મંદો (Needfal Persons) ની સેવા બજાવી રહી છે.

સાત વર્ષની ઉંમરથી માંડીને પચ્ચીસ વર્ષ સુધીનાં બાળકો કિશોરો અને યુવક યુવતિઓ દ્વારા સંગઠીત આ સંસ્થા ત્રણ શ્રેણીઓમાં વિભાજીત છે અને તેની સર્વોચ્ચ શ્રેણી એજ " રાષ્ટ્રપતિ સ્કાઉટ " (President's scouts)

રાષ્ટ્રપતિ સ્કાઉટ માટેના ત્રણ વર્ષના અભ્યાસક્રમ (Syllabus) માં " સ્કાઉટ શિક્ષણની પ્રથમ શ્રેણી " પાસ સ્કાઉટો ને દેશ અને સમાજના વિવિધ વિષયોનું વ્યાવહારિક જ્ઞાન આપવામાં આવે છે. આ અભ્યાસક્રમ દરમિયાન પ્રત્યેક સ્કાઉટનોને વિવિધ વિષયોથી સંબંધિત ઓછામાં ઓછા આઠ બિલ્લાઓ (Badges) પ્રાપ્ત કરવાના હોય છે. જેના માટે, જ્યાં એને એક તરફ સ્વતંત્ર દેશના નાગરિક તરીકેના

અધિકારો અને ફરજો બજાવવામાં આવે છે. ત્યાં, સ્વાસ્થ્ય જાળવણી અને ઉપચાર માટેની 'પ્રાથમિક–ચિકિત્સા' (First aid) ના ઉપાયો પણ શિખવાડવામાં આવે છે. આજ રીતે પહાડો અને કરાલોમાં નીડર બની ફરતાં શીખવવાની સાથે સાથે શૌર મંડળનું વિસ્તૃત જ્ઞાન પણ આપવામાં આવે છે. આ ઉપરાંત અલગ અલગ જગ્યાએ સેવા કાર્ય અને શ્રમ–કાર્ય પણ કરાવવામાં આવે છે

પરંતુ આ સર્વે પ્રશિક્ષણોમાં સૌથી મહત્વની વસ્તુ તો સમયાંતરે લાગતી શિબિરો (Camps) છે. જયાં આ સર્વે પુસ્તકિયા Theoraticel જ્ઞાનનો આચરણ અને વ્યવહારમાં ઉપયોગ કરાવવામાં આવે છે આવી શિબિરો ખાસ કરીને ગામડાંઓમાં અને પહાડી વિસ્તારોમાં વસ્તીથી દૂર લગાવવામાં આવે છે ત્યાં શારીરિક અને પ્રાકૃતિક શિક્ષા (Training) ઉપરાંત પોતાની સર્વ જરૂરીયાતો સ્વના હાથે પૂરી કરતાં શીખવાડવામાં આવે છે. આવી શિબિરોમાં આ સર્વે પ્રશિક્ષણો ઉપરાંત રોજના ક્રમિક જીવન (Routine life) માંથી મુકિત અને પ્રકૃતિની ગોદમાં આએ હવા મળે છે.

આ સર્વે પ્રશિક્ષણોમાં સફળતા હાંસલ કરનાર સ્કાઉટને રાષ્ટપતિ તેની યોગ્યતાનું પ્રમાણપત્ર અર્પણ કરે છે.

આ માટે દેશના ખૂણે ખૂણેથી સર્વે રાજયો માંથી આવેલ આવા સ્કાઉટો અને ગાઇડોની એક શ્રેષ્ઠ શિબિર (Grand Camp) દિલ્હીમાં યોજાય છે આ શિબિર દરમિયાન રાષ્ટ્રપતિ આ સર્વે સ્કાઉટો અને ગાઇડો (સ્ત્રી સ્કાઉટો) ને "રાષ્ટ્રપતિ ભવન"માં આમંત્રિત કરે છે, જયાં સ્કાઉટ લીડરોને તેમની યોગ્યતાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.

આમ આજે જયારે શિક્ષાના ક્ષેત્રમાં વ્યવહારિક જ્ઞાન આપવાની માંગ જોર પકડી રહી છે ત્યારે આવી સંસ્થાઓ દેશસેવા અને સમાજ સેવાનું પુસ્તકિયું જ્ઞાન આપવાની સાથે તેને વ્યવહારમાં ઉતરાવતાં શીખવી જીવનની નીંવ મજબૂત કરવામાં મદદરૂપ બને છે.

અસ્તુ !

પૂર—પ્રલય *

કેશવલાલ પટેલ 'પ્રલય'
ડાસરા

સાબરમતી...

અમદાવાદની લોકમાતા સાબરમતી તા. ૩૧નારોજ તોફાને ચડી આશરે પંચોતેર વર્ષોના લાંબા ગાળા બાદ ફરી એકવાર તેનાં પ્રલયીપૂરે અમદાવાદની ધરતીપર તાંડવ સર્જ્યું. અમદાવાદની ધરાપર કેટલાયે વિસ્તારોમાં ફરી વળેલાં તેનાં પાણીએ અનેકાનેક માટીનાં ઝૂપડાંઓથી માંડીને પાકી ઇમારતોને બોંય ભેગી કરી દીધી. કૈંક અગણિત લોકોને બેઘર, બેસહાય–નિર્ધન કરી દીધા. એવાજ નિરાધાર લોકોમાંના એક...

પ્રોફેસર આનંદ પોતાના સ્કુટરને સ્ટેન્ડમાં મુકી, ત્વરાથી પોતાના રામદાસ લો કોલેજમાંના નીજી ટીચર-રૂમમાં પ્રવેશ્યા. રેઇનકોટ ઉતારી, પાણી ખંખેરી બાજુની દિવાલપર ખીંટીએ લટકાવ્યો. ખુરશીપર બેઠક લીધી અને સાથે લાવેલું આજનું 'સંદેશ' દૈનિક કાઢી વાંચવા માંડયું.

શુક્રવાર સાંજથી જ સાબરનાં વધતાં પાણી. સવારના આવેલા સંદેશ મુજબ બપોર સુધીમાં ભયજનક સપાટી વટાવી જાય તેમ જણાતુ હતું જિલ્લા કલેકટર શ્રી તરફથી જણાવવામાં આવ્યું હતું કે શહેરના નીચાણવાળા તેમજ નદીતટ પર સ્થિત અન્ય સોસાયટીઓમાં વસતાં લોકો સલામત સ્થળોએ ખસી જાય.

પ્રોફેસરના ચહેરાપર વ્યગ્રતા છવાઇ. બારીબહાર દ્રષ્ટિ નાખતાં, વરસાદ વધતો જણાયો. વરસાદ જો આજ પ્રમાણે વરસ્યા કરે...તો નદીના પૂરનાં પાણી નદીકાંઠાથી થોડેકજ દૂર કલ્પવૃક્ષ સોસાયટીમાંના 'નીલા-વિલા' માં પ્રવેશવાની શકયતા પ્રોફેસરને જણાઇ સલામત જગ્યાએ ખસી જવાની ચેતવણીને અવગણી, પત્ની નીલા અને પુત્ર ચેતનને ઘેર એકલાં મુકી, કોલેજમાં લેકચર આપવા દોડી આવવામાં પોતે કરેલી ભૂલનો તેમને અફસોસ થયો. 'નીલા–વીલા' માં પાણી ઘસી જાય, તો નીલુ ચેતનની થયેલી હાલતનો વિચાર કરતાં તેમને કંપારી છૂટી.

નીલુ અને ચેતન સિવાય આ જગત પર, પોતાનું કહી શકાય એવું બીજુ હતું પણ કોણ? ઘડીભર તેમને પોતાનો અને નીલુનો મધુર ભુતકાળ યાદ આવ્યો.

સેંટ ઝેવિયર્સ લો કોલેજના અભ્યાસ દરમિયાન, પોતાનો અને નીલુનો પરિચય ધનવાન પિતાની લાડકી નીલુ અને ગરીબ મામાને ત્યાં રહી અભ્યાસ કરતા આનંદ બન્નેનો અસંગત ગણાય તેવો પ્રેમ–પિતાના છડેચોક વિરોધને અવગણી, ગરીબ આનંદ સાથે પ્રેમલગ્ન પિતાએ આબરૂ વહાલી ગણી પુત્રીને કરેલી ગૃહપ્રવેશની મનાઇ...પોતાનો પૂર્ણ અભ્યાસ બાદ, રામદાસ લો કોલેજમાં લેકચરર તરીકની વરણી

ચેતનનો જન્મ– પ્રોફેસર તરીકે બઢતી અને છેલ્લે નદીકાંઠા પર સોહતા, બેઠા ઘાટના દિનરાતની મહેનતના પ્રતિકસમ ...'નીલા–વિલા' નુ આયોજન ટૂંકા ગાળામાંજ, પ્રોફેસરે દુનિયાનું ભૌતિક સુખ સઘળું માણી લીધું હતું.

પરંતુ આજે 'નીલા-વિલા' માં વહાલસોઈ નીલુ અને જીવન–આધાર ચેતનની અસહાય હાલત કલ્પતા પ્રોફેસરને અસ્વસ્થતા સ્પર્શી ગઇ.

દિવાલ પરની ઘડિયાળમાં આઠના ટકોરા થયા ક્યારેય કર્તવ્ય–વિમુખ ન થનાર પ્રો. આનંદ ભારે હૈયે ઊઠયા અને વિદ્યાર્થીઓના કલાસરૂમ તરફ પ્રયાણ કર્યું.

કલાસરૂમમાં પ્રવેશેલા પ્રોફેસરના ચહેરાપર પ્રસરેલી ચિંતા અને ઉદ્વિગ્નતા રોજના તેમના સહેવાસના અનુભવી વિદ્યાર્થીઓથી છાની રહી શકે તેમ ન હતી. પ્રોફેસરના ચક્ષુઓ સમક્ષ હરપલ નીલુ અને ચેતનના ચહેરાઓ તરવરતા હતા. યંત્રવત્ જેમતેમ પિરીયડ પૂરો કરી તેઓ ફરી પોતાના રૂમમાં આવ્યા.

એટલામાં જ કોલેજના ડીનની શહેરના પૂરગ્રસ્ત લોકોને રહેઠાણ આપવા માટે આજની રજા જાહેર કરતી સ્પીકર પર જાહેરાત સંભળાઇ.

પ્રો. આનંદે જાહેરાત સાંભળી સંતોષાનંદ અનુભવ્યો ઝડપથી તેમણે પોતાની બ્રીફકેસ ઉપાડી અને બહાર આવી; સ્કુટર સ્ટાર્ટ કર્યું થોડીક જ મિનિટોમાં નીલુ–ચેતનની પાસે...

સ્કુટરે અર્ધી મંઝિલ કાપી... ત્યાંજ સાંભળવા મળ્યું કે સાબરનાં પાણી નીચાણવાળા વિસ્તારોમાં ભરાઇ રહ્યાં છે... અને તેથી સાબરમતી પરના બધાજ પૂલો વાહન–વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યા છે. પ્રોફેસર મુંઝાયા... પરંતુ તરતજ એક નિકટના મિત્રના ઘેર સ્કુટર મૂકી. તેઓ નદી કિનારા તરફ ચાલ્યા.

લોકોનાં ટોળેટોળાં પૂર જોવા ધસતાં હતાં લાંબા ગાળા પછીના આ અભુતપૂર્વ પૂર નિહાળવા લોકો તો ઉમટે જ ને! પ્રોફેસર પણ હૈયે નીલુ–ચેતનની ચિંતા અને હોઠે ભગવાન નું સ્મરણ કરતા આગળ વધ્યા

લોકોને આગળ વધતાં અટકાવતા એક પોલીસ ઇન્સ્પેકટરને પ્રોફેસરે દયાર્દ સ્વરે પૂછ્યું, "ઇન્સ્પેકટર સાહેબ, નદીની સામેપાર જઇ શકાય તેમ નથી? મારે સામેપાર કલ્પવૃક્ષ સોસાયટી માંના મારા 'નીલા–વિલા' માં જવું છે... ઘેર પત્ની અને પુત્ર એકલાં જ છે..."

પ્રોફેસરની ચિંતા કળી ગયેલા ઇન્સ્પેકટરે આશ્વાસન આપતા સાદે જણાવ્યું, "માફ કરજો, સામેપાર જવું મુશ્કેલ છે. વેગથી વહી રહેલાં સાબરના પૂરનાં પાણી બીજા વિસ્તારોની જેમજ સામેપારની કલ્પવૃક્ષ સોસાયટીમાં પણ ભરાયાં છે. ત્યાં વસતાં રહેવાસીઓને બચાવી લેવા સત્તાવાળાઓ તરફથી શકય તમામ કોશિષો થઇ રહી

છે હોડીઓ અને હેલીકોપ્ટરની મદદ લેવાઇ છે.

કલ્પવૃક્ષમાં ભરાયેલાં પાણીની વાત સાંભળી પ્રોફેસરનો જીવ તાળવે ચોંટયો. નીલુ અને ચેતનની ચિંતા બમણી થઇ ગઇ આંખો સામે. મોત સાથે ઝઝૂમતાં નીલુ અને ચાર વર્ષના ચેતનની ભય ભરેલી મુખાકૃતિઓ ઉપસી આવી પ્રભુ પાસે બંનેનું ક્ષેમકુશળ વાંચ્છતા પ્રોફેસરની આંખોમાંથી આંસુ સરી પડયાં.

અચાનક સામેથી આવતી હોડી દેખાઇ પૂરને જોવા આવેલા લોકો, હોડી જોઈને કિનારા તરફ ધસ્યાં, પ્રોફેસરને પણ આશ બંધાઇ...ભારે પગલે તેઓ પણ કિનારા તરફ ચાલ્યા

હોડી કિનારે લંગારાઇ પ્રોફેસર હોડીની નજીક આવ્યા પરંતુ તેમને હોડીમાં નીલુ કે ચેતન કોઇ દેખાયું નહીં.

એવામાં, પોતાના 'નીલા–વિલા'ની જોડના જ બંગલામાં રહેતા મધુકરભાઇને તેમણે હોડીમાંથી ઉતરતા જોયા. મધુકરભાઈ એ પણ પ્રોફેસરને જોયા અને તેઓ પ્રો. આનંદ પાસે આવ્યા.

પ્રોફેસર તેમને કંઇ પણ પૂછે, તે પહેલાં તો મધુકરભાઈ જ ત્રુટક સ્વરે બોલ્યા, " પ્રોફેસર, કહેતાં ખૂબજ દુઃખ થાય છે. કે...કે.... તમારી પત્ની અને પુત્ર... 'નીલા વિલા' ના, પ્રચંડ પૂરમાં, ધરાશાયી થવાથી..."

તેઓ આગળ બોલે, તે પહેલાં તો, તેમના શબ્દોનો મર્મ સમજી ગયેલા અને ઉજડી ચૂકેલા સંસારને જોઇને સુબ્ધ થઈ ગયેલા પ્રોફેસરના કંઠમાંથી એક હૃદયવિદારક ચીસ નીકળી ગઇ... અને તેઓ બેભાન બનીને ઢળી પડયા.

હોસ્પિટલમાં ખસેડાયા બાદ, પ્રોફેસર જ્યારે ભાનમાં આવ્યા. ત્યારે તેમનુ જીવન, નીલુ અને ચેતનના સંગાથ વગર વ્યર્થ લાગ્યું...? સેવેલાં તમામ સ્વપ્નાને તેમણે એકજ ક્ષણમાં ઉડી જતાં જોયાં... સુખી સંસારમાં અચાનક જ પૂરપ્રલયે વેરેલો વિનાશ નિહાળ્યો... અને તેઓ પોતાના મગજ પરનો કાબુ ખોઇ બેઠા.

બીજા દિવસે, એક દરદી...બીજા દરદીને દુઃખી સ્વરે કહેતો હતો, "સાંભળ્યું ? જોડના રૂમમાં રાખવામાં આવેલા પ્રોફેસર, પોતાની પત્ની અને પુત્રના પુરમાં થયેલા અવસાનના આઘાતથી પાગલ થઇ ગયા ! ! "

યુવાન, આશાસ્પદ પ્રોફેસર આનંદ ના, અચાનક આવી પડેલા આઘાતથી પાગલ થઇ જવાના સમાચાર જાણીને વરસાદના પાણીથી ભિંજાતી હોસ્પિટલ પણ જાણે મૂક આંસુ સારતી હતી.

* યુવાનોને *

લેખક : પટેલ મણીલાલ વિશ્રામભાઇ
બી. એ પોર્ટ–1
પંચવટી નાસિક–૩

સ્વાર્થથી કરેલા કોઇપણ કાર્યનું પરિણામ સારું આવતું નથી. સામાજિક ક્ષેત્રે આપણે જે કંઇ કરીએ તેમાં ત્યાગની ભાવના નહિ હોય તો તેનું શુભ ફળ કંઇજ નહિ આવે. ત્યાગમાં તો દુખ વેઠવાનું હોય છે. તમે ભર્યે ભાણે બેઠેલા હો અને કોઇને તમારે ખાવાનુ આપવાનું હોય તો ચોક્કસ તમારા ભાણામાંથી ઓછું થવાનું. તમો કોઇકને કપડાં આપશો તો તમારા ભરેલા કબાટમાં જરૂર કપડાં ઓછાં થશે.

જૂના સમયમાં લોકો આવું દુઃખ સહન કરવામાં માનતા હતા, અને તેથ જ તેઓ ધર્મ, દાન, પૂણ્ય વગેરે વિશેષ કરતા હતા. તેઓ કમાતા પણ ખૂબજ અને બીજાની ભલાઇમાં પણ વિશેષ ખર્ચ કરતા, આજે ઓછું કમાય છે અને વધુ ખર્ચ કરે છે. ખર્ચ પણ બીન જરૂરી ચીજો ઉપર જ વધારે છે માટે મારૂ કહેવું છે કે આપણે યુવાનો ફિઝૂલ ખર્ચ ઘટાડી થોડે ખર્ચે સુખી થઇએ.

આજે આપણું મોટામાં મોટું એજ દુઃખ છે કે, આપણી ખર્ચાળ વૃત્તિ વધી અને ખર્ચાળ વૃત્તિને પોષવા કમાણીના ખોટા રસ્તા ઉઘાડયા ચોરી. ગુંડાગીરી એવાં અનેક પાપ વધ્યાં છે. ખર્ચાળ વૃત્તિને લીધે તે સુખ હંમેશાં આપણાથી દૂર રહ્યું છે.

મનુષ્યના માથા ઉપરના વાળ તો તેના તેજ રહ્યાં, પણ તેમાં નાખવામાં તાં સુગંધીદાર તેલ અનહદ વધ્યાં છે. મનુષ્યનું શરીર તેનું તેજ રહ્યું છે, પરંતુ એના કપડાંની અનેક ફેશનો વધી ગઇ છે. આ વૃત્તિ થી આપણે નૈતિકતા પણ ગુમાવી છે. નૈતિકતા જાળવવા માટે પણ આપણે આપણી જરૂરીયાત ઓછી કરવી પડશે.

ખર્ચાળ વૃત્તિથી ચારિત્ર્યની શિથિલતા અવશ્ય વધવાની માટે આપણે બચાવવાની વૃત્તિ રાખવી જરૂરી છે. આજના યુવાનો વધુ ખર્ચ કરી કંઇ બચત ન કરતાં આખરે મગજ નું સમતોલપણું ગુમાવી દે છે. તેઓ જાણુતા નથી કે જિંદગી શુ છે ? પરિણામે કાં તો પોતાના ઘર ને ગાંડાની હસ્પિતાલ બનાવી દે છે

આ દેશનું ભાવિ ઘરડાની ચીજ નથી યુવાનોની ચીજ છે. જયારે ભગવાન શ્રી કૃષ્ણે કુરૂક્ષેત્રમાં પાંચજન્ય શંખ ફૂંકયો ત્યારે એ વૃદ્ધ નહોતા પણ યુવાન હતા ત્યારે ભારતની ઉત્કૃષ્ટ તરુણાઇના રથના સારથી હતા. પોતાની પ્રિયતમાની ગોદમાં નવજાત રાહુલને સૂતેલો છોડીને સિદ્ધાર્થ અદ્વિતીય સાંસ્કૃતિક ક્રાંતિના પથપર ચાલી નીકળ્યા હતા ત્યારે તે વૃદ્ધ નહિ યુવાન હતા. વિવેકાનંદે શિકાગોના મંચ પર જયારે વેદાંતના સાર્વભૌમ

ધર્મની ઉદ્દઘોષણા કરી ત્યારે એ વૃદ્ધ નહોતા યુવાન હતા. દક્ષિણ આફ્રિકામાં રંગ–ભેદના દાવાનળમાં કૂદીને અધ્યાત્મનો આગ્નેયશાસ્ત્રનો ગાંધીજીએ પ્રયોગ કર્યો ત્યારે એ વૃદ્ધ નહિ યુવાન હતા. મિત્રો આપણા દેશનુ ભાવિ ઘડપણની પ્રવૃતિ નથી એતો તરૂણાઈનો ઉંચામાં ઉંચો ફૂદકો છે.

યુવાનોએ ઇશ્વર પર રાખી શ્રદ્ધા સાદા જીવનથી પવિત્ર બનવું જોઇએ સાદાઇમાં ડર કે શરમ ન હોય શરમાવું તો જોઇએ દેખાવ કરવા માટે સૌએ શ્રમ કરવો જોઇએ આપણે શ્રમની પ્રતિષ્ઠા સમજીએ આપણે બધા Simple living and high thinking ને આપણા જીવનમાં ઉતારીએ એજ અભ્યર્થના..........

શબ્દોનો ભેદ *

પટેલ સવજીભાઇ મુળજીભાઇ
લહેરીપુરક પા

૧ આરસ–એક જાતનો પથ્થર.
આળસ–એદીપણુ.
૨ કમર–કેડ
કમળ–એક ફૂલ.
૩ કુલ–એકંદરે.
કૂલ–કિનારો.
૪ કેશ–વાળ
કેસ મુકદમો
૫ કેરાં–કેરડાનાં ફળ
કેળાં–કેળનાં ફળ
૬ ગાણું–થી ગુણતાં આવે તે.
ઘાણું–વધારે, ખૂબ
૭ ગોર–પુરોહિત
ગોળ–દડા આકારનું
૮ નર પુરુષ
નળ–પાણીની ચકલી
૯ દિન દિવસ
દીન–ગરીબ
૧૦ પાણિ–હાથ
પાણી–જળ
૧૧ મતિ–બુદ્ધિ
મતી–વણાટનું એક સાધન
૧૨ રવિ–સૂર્ય
રવી–પાક
૧૩ શાલ ઊનનું વસ્ત્ર
શાળ–ડાંગર
સાલ–વર્ષ
શૂર–પરાક્રમી
સૂર–અવાજ
૧૫ સુરત શહેરનું નામ
સૂરત–ચહેરો
૧૬ હર–મહાદેવ
હળ–એક જાતનું ઓજાર
૧૭ શાખ–આબરૂ
સાખ–બારણાનું ઊભું લાકડું
૧૮ શાપ–શ્રાપ
સાપ સર્પ
૧૯ પુર–શહેર
પૂર રેલ
૨૦ દોશી કાપડનો વેપારી (ગૂનેગાર)
ડોશી–ઘરડી સ્ત્રી

— અસ્તુ —

" મોરલી વેરાન થઈ "

કરસન પટેલ
જાળચાળા (ન્યુદિલ્હી)

મોરલી વેરાન થઇ રેં, કાનુડા તારી મોરલી વેરાન થઇ.
જશોદાના લાલ તારી, મોરલી વેરાન થઇ......મોરલી......
યમુના કિનારે વા'લો ગાયો ચરાવે,
નહાવે નિર્મળ નીર, કાનુડા તારી મોરલી વેરાણ થઇ......મોરલી......
વૃંદાવનની વાલા કુંજ ગલીમાં,
સાંભળ્યો મોરલીનો સાદ, કાનુડા તારી મોરલી વેરાન થઇ......મોરલી......
વનરાતે વનને વા'લા, મારગ જાતાં,
ગાતાં મધુરા ગાન, કાનુડા તારી મોરલી વેરાન થઇ......મોરલી......
આંબાની ડાળે વાલા કોયલ બોલે,
ટહુકે છે ઝીણા મોર, કાનુડા તારી મોરલી વેરાન થઈ......મોરલી......
ઝરમર ઝરમર વા'લા મેહુલીયો વરસે,
ન આવ્યા નંદ કિશોર, કાનુડા તારી મોરલી વેરાન થઇ......મોરલી......
સાંભળી તારી વા'લા મોરલી નિરાળી,
ઘેલું થતું ગોકુળ ગામ, કાનુડા તારી મોરલી વેરાન થઇ......મોરલી......
જળ યમુનાના વાલા ભરવાને ગ્યાંતાં,
કાનુડે ઉડાડયાં આછાં નીર, કાનુડા તારી મોરલી વેરાન થઇ......મોરલી......
રાધા તારી વા'લા રાસ રમે છે,
નાચે છે નંદનો કિશોર, કાનુડા તારી મોરલી વેરાન થઇ......મોરલી......
માતા જશોદા વા'લા, સાદ પડાવે
કયાં ગયો માખણ ચોર, કાનુડા તારી મોરલી વેરાન થઇ......મોરલી......
કરશન કહે વાલા ઘડી નવ ચાલે,
ન હાલે પીંપળ પાન, કાનુડા તારી મોરલી વેરાન થઇ......મોરલી......



પહેલો અક્ષર જુદો પાડીને વાંચો.....

— બિલાડુ બ્રાહ્મણને ભાવે છે
— વિ–જ્ઞાન બ્રાહ્મણને હોય છે.
— કા–દવથી બળી જવાય છે.
— ક–બાણ શિકારી વાપરે છે.
— વૈ–જ્ઞાનિક બહુ વખણાય છે.
— કુ–મારી પાસે જાગૃતિ છે.
— ગી–રીસ બહુ ભયંકરતા સર્જે છે.
— પ–ડોસી બહુ બિમાર છે.
— વિ–શ્વ શાંતિ જાળવવી જોઇએ
— બ–દામ માટે લોકો પડાપડી કરે છે.
— સ્વ–જાતને સમાજ માટે ઘસવી જોઇએ.

★

સૂતાંને ઉઠતાં હરિસ્મરણ.

સંપાદનઃ **પરસોત્તમભાઈ પટેલ**
જગદલપુર

★ નિવૃત્તિના સમયે પથારીમાં પડયા પછી તમને જે સતત યાદ આવે તેમાં જ તમે ફસાયેલા છો એમ માનજો.

★ કેટલાક જીવ પથારીમાં પડયા પછી વ્યાપારના વિચારે ચડે છે.

★ કેટલાક જીવ પથારીમાં પડયા પછી કામાંધ બને છે.

★ પછી જપ કરતાં કરતાં જ ઉંઘી જાવ ને બ્રહ્મમુહૂર્તમાં પણ નામ જપ કરતાં કરતાં જ ઉઠો.

★ કેટલાક બહુભાગી જીવ પથારીમાં પડયા પછી ઇશ્વરસ્મરણ કરે છે,

★ પરોપકારમાં શરીરનો કસ કાઢજો નિંદ્રા ન આવે ત્યાં સુધી સતત જપ કરજો, બે ત્રણ મિનિટમાં જ ઉંઘ આવવાની ખાત્રી થાય ત્યારે જ પથારીમાં પડજો

★ શરીર થાકી ન જાય ત્યાં સુધી પથારીમાં ન પડશો,

પ્રભુજી તારો..... ✻

અખેરામ નાનજીભાઈ પટેલ
ધનસુરા.

પ્રભુ તારો વહીવટ હતો ચ્હુ સારો,
સકળ સૃષ્ટિનું સંચાલન કરનારો;
તોય પોતે રહ્યો ન્યારો...પ્રભુજી તારો...
બ્રહ્મા સૃષ્ટિ સરજનહારો, વિષ્ણુ પાલન કરનારો,
શકિત દેવી તેજ અર્પે ને, શંકર કરે સંહારો....પ્રભુજી તારો...
બ્રહ્મા, વિષ્ણુ, શંકર ત્રીપુરારો, ત્રણે ઋતુ પાતાળે કીધો વારો,
બલિ રાજાનું વચન પાળવાનો આવ્યો વારો...પ્રભુજી તારો...
ચંદ્રને સૂર્ય નિત્ય પ્રકાશે; નવખંડ ધરતીમાં કર્યો ઉજિયારો,
સૂર્ય તપે ને વૃષ્ટિ વરસાવે, ચંદ્ર કરે અમૃતની ધારો...પ્રભુજી તારો...
સુર ઇંદ્ર રાજાને વહીવટ સોંપનારો,
અગ્નિ, વરૂણ, પવન, અન્ન દેવનો વારો...પ્રભુજી તારો...
સૌએ સૌની ફરજ બજાવી,
વફાદારીથી વરતવાનો વારો...પ્રભુજી તારો...
ચંદ્ર તપે નહિને તેજ દેનારો અમૃતની વૃષ્ટિ કરનારો,
શીતળ તેજ છતાં મરેલાં ઢોરનાં ચર્મને બાળનારો....પ્રભુજી તારો...
પ્રભુજીનું પારખું લેવા ઇન્દ્રે મેઘ વરસાવ્યો મુશળધાર,
ઊંચેડી ગોવર્ધન આવટો કીધો, ઇન્દ્રનો ગર્વ ઉતાર્યો...પ્રભુજી તારો...
વિસમી સદીના વર્તમાન કાળમાં, પ્રભુ તારો વહીવટ બન્યો રાજકીય ધારો
વિસમી સદીના વર્તમાન કાળમાં, પ્રભુ તારો વહીવટ બન્યો રાજકીય ધારો
રાજનીતિ તેવી દેત્ર નીતિ બની, અનાવૃષ્ટિ કાં અતિવૃષ્ટિ ભારી
પ્રભુજી તારો વહીવટ બન્યો છે નઠારો
અખેરામ કહે સૌથી વિકટ યમરાયને આપ્યો ઇજારો,
ધન ધન જમડા તારું ડહાપણ, ઘેર ઘેરથી બાંધી લઇ આવનારો,
પ્રભુજી તારો વહીવટ હતો બહુ સારો

✻ હાઈકુ ✻

મધ્યાહ્ને
નીચે કુડાળે વળ્યુ,
છાયાનું ધણ

આંખ હજીતો
એકડીયામાં ઘૂંટે
આંક ચહેરાનો

—હસમુખ મહેતા

"ધર્મ શું છે" ? *

સંકલનઃ સામજીભાઈ એસ પટેલ
દરસડી (કચ્છ)

આપણા વિદ્યાર્થીઓ જ્યારે વહીવટની ઉંચી પરીક્ષામાં બેસતા હોય છે અને તેમને સામાન્ય જ્ઞાનના મૌખિક પરિક્ષામાં સવાલો પૂછાય છે ત્યારે અજ્ઞાન મુલક જવાબો આપે છે તે છાપામાં અવાર નવાર પ્રગટ થતા હોય છે એ વિદ્યાર્થીઓને જો ધર્મ સંબંધી સવાલો પૂછવામાં આવે તો એમની દશા કેવી થાય ?

આ કરૂણ સ્થિતિમાં વિદ્યાર્થીઓ કે યુવકો દોષિત નથી પણ આપણા સમાજનું વાતાવરણ જવાબદાર છે. ધર્મ અંગે સામાન્ય સ્થિતિએ જોવા મળે છે કે એક મારો વર્ગ દેવ મંદિર પૂજા અર્ચના ભજનકિર્તનના આચાર માંજ ધર્મ પરિપૂર્ણ થયો માને છે. વ્યવહાર જીવનમાં ધર્મનાં મૂલ્યો પળાતાં નથી કેવળ મંદિર મહાદેવોને પૂજવાથી અને એરણ ચોરી સોયનું દાન કરવાથી એ દેવો એના પાપનું નિવારણ કરશે તેમ એ માનતો હોય છે. આમ જે લોકો ધર્મને શ્રદ્ધા થી પાળે છે. એમની દાનત લોભવૃત્તિ વાળી જોવા મળે છે. ગરીબોને એવી અંધ શ્રદ્ધા હોય છે કે દેવની પૂજા ભક્તિ કરવાથી દેવ એને લક્ષ્મી આપશે. અને જેને લક્ષ્મી પ્રાપ્ત થઇ છે તેને પણ પોતાની સાહ્યબી અને સંપત્તિ ચાલી ન જાય તેના માટે દાન ધર્મ અને પૂજા ભક્તિ કરવી પડે છે ફરજ સમજીને કોઇ ભાગ્યેજ કરતું હોય છે.

વ્યવહાર જીવનમાં ધર્મનાં મૂલ્યો પળાતાં મોટા ભાગે જોવા મળતાં નથી કહેવાતો ધાર્મિક વર્ગ ધર્મના તત્વજ્ઞાનથી જેટલો આકર્પાતો નથી તેટલો ધર્મના ચમત્કારોથી આકર્પાય છે. ચમત્કારોનો મહીમા સાચા ધર્મના બદલે નકલી ધર્મની બોલબાલા કરનારો છે. હકીકતમાં ધર્મ અને ચમત્કારોને કોઇ નાતોજ નથી નરસિંહ મહેતાના "વૈષ્ણવજન" ભજનમાં સાત્વિક જીવનનાં લક્ષણો બતાવેલાં છે પરંતુ બ્રાહ્મણો અને આખ્યાન કારોએ નરસૈયાના જીવનના ચમત્કારોને લોકો સમક્ષ મુકીને પ્રભાવિત કરવાનો જેટલો પ્રયત્ન કર્યો છે તેટલો તે ભજનનો તાત્વિક પણે મહિમા કર્યો નથી નરસૈયાએ પોતેજ ધર્મનાં સાચાં લક્ષણો એના એ ભજનમાં ઠોકી વગાડીને બતાવ્યાં છે. છતાં લોકો ધર્મના તત્વદર્શનના બદલે અર્થ દર્શનનો ભાગ ગણી અંધશ્રદ્ધા પૂર્વક તેને પાળતા જોવા મળે છે.

શિક્ષિત વર્ગની બુદ્ધિને આવી અંધ શ્રદ્ધા ગળે ઉતરતી નથી તેઓ ભૌતિક સુખ મેળવવા માટે પોતાની બુદ્ધિ અને શક્તિમાં વધુ વિશ્વાસ રાખે છે. ઇશ્વર અને ધર્મ વિના પણ સુખથી જીવી શકાય છે. એમ તેઓ માનતા હોય છે.

આમ માત્ર ભૌતિક સુખમાં રાચતા શિક્ષિત કે અશિક્ષિત નાસ્તિક કે આસ્તિક કોઇ પણ લોકો ધર્મના સાચા સ્વરૂપને સમજવા તૈયાર નથી જેનામાં ધર્મની સાચી જાણકારી વિકસી હોય છે તેને પાયાનું મૂલ્ય સમજાઈ જાય છે કે ધર્મ એ માનવીને માત્ર ભૌતિક નહિ પણ આધ્યાત્મિક જીવનનો માર્ગ બતાવતું તત્વ જ્ઞાન છે.
મા બાંપની સાથે જેમ લોહીનો સંબંધ છે તેમ ધર્મની સાથે સંસ્કારોનો પણ સંબંધ છે.

ભિન્ન ભિન્ન પ્રદેશોમાં ભિન્ન ભિન્ન સમયે પ્રગટેલા ભિન્ન ભિન્ન ધર્મોમાં આ એકજ ઉચ્ચ આદર્શ જોવા મળે છે, પોતાનાજ ધર્મમાં રાચતા માનવીને બીજા ધર્મની પ્રાથમિક જાણકારી પણ હોતી નથી જેથી પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે. એમ માની બીજાના ધર્મ પ્રત્યે ઉપેક્ષા સેવે છે, અને ઝનૂની પણ બને છે. પરિણામે તેમાંથી યુદ્ધ સર્જાય છે

★

---

* આનંદ અંદર છે.

સંપાનકઃ **પરસોત્તમભાઈ પટેલ**
જગદલપુર

- માટે જ કહું છું. આનંદ અંદર જ બેઠો છે એને શોધવા ભીતરમાંજ ડોકિયું કરો.
- આનંદ કોઈ બહારના પદાર્થમાં નથી, એ તો તમારી ભીતરમાં જ બેઠો છે.
- બહારની વસ્તુમાં આનંદ શોધવા જશો તો વેદનાની સાથે અથડાઇ પડશો। કારણ તમે જે વસ્તુમાં આનંદ માનતા હશો. તે કોઈક દિવસ નાશ પામશે જ, ને તે દિવસે તમારી વેદનાનો પાર નહિ હોય.
- કસ્તુરી મૃગની ડૂંટીમાં વસે છે છતાં તે બહાર શોધવા ભટકે છે ને દુઃખી થાય છે, તેમ આનંદ અંદર જ બેઠો છે છતાં જીવ બહાર ભટકે છે.
- આજે સુખ આપનાર પદાર્થો કાલે દુઃખદાયી નીવડશે.
- ભાવતા ભોજનમાં પણ આનંદ નથી, નહિ તો અજીર્ણના રોગીને માટે દુઃખરૂપ શાને થાત.
- જે ઇશ્વરના ઉપકારને ભૂલી જાય તે કદી સુખી ન થાય.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

નવયુવકનું સમાજ પ્રતિ કર્તવ્ય

કરશનભાઈ નારણભાઈ પટેલ
સાગર (મ. પ્ર.)

વર્તમાન સભ્યતાને જોતાં એમ જણાય છે કે આજનો વિદ્યાર્થી આવતી કાલના સમાજનો નાગરિક છે, આ વર્તમાન યુગ નિર્માણ યુગ છે, આપણને વર્તમાન સમાજમાં ગણત્રી કરવાની છે. તો આપણે આ નિર્માણ રૂપી દોડમાં પાછળ ન રહેવું જોઇએ ! આજે આપણા સમાજમાં અંતરગત ગણાય એવી ખામીઓ છે કે જેણે આપણે મિટાવવી નિતાંત આવશ્યક છે. દાખલા તરીકે અંધવિશ્વાસ, બાલવિવાહ, શિક્ષણની ખામી અન્ય એવી કઇ ખામીઓ છે કે જેનો લોપ કરવો વાંચ્છનીય નહીં પરન્તુ આવશ્યક છે આ તમામ ખામીઓનો આપણે એક થઇ સાહસથી મુકાબલો કરવાનો છે !

વર્તમાન સમાજમાં સુખ સમૃદ્ધિ યુવકોના હાથે સમ્ભવ છે અને યુવાન હોવાના કારણે આગળ આવી સમાજ પ્રત્યે કામ કરી બતાવો, નવ નિર્માણનું દાયિત્વ તેમના ઉપર પડે છે કારણ કે એના ઉપર શક્તિ અને સાહસની કંઇ કમી હોતી નથી, તે તો મનનું વિચારેલું કામ પૂર્ણ કરી શ્વાસ લે છે. આ આધુનિક દુનિયાના અંતરગત આપણા યુવક ભાઇઓમાં સાહસની બહુજ કમી છે તેથી એ પાછળ રહી જાય છે !

આપણા સમાજના યુવકોમાં શક્તિનો અખૂટ ભંડાર છે, પણ સાહસની કમી હોવાથી કંઇ કરી શકતો નથી.

એક સમયની વાત છે. રાજસ્થાનના મહારાજા એક દિવસ સૈનિકોની પરેડમાં નિરીક્ષણ કરવા આવેલ ત્યારે રાજાએ તેમના મંત્રીને આદેશ આપ્યો કે જેટલા સૈનિક શરીરથી દૂબળા પાતળા છે તેને સૈનિક પદથી નિષ્કાશિત કરી નાખવામાં આવે. મંત્રીએ મહારાજાની આજ્ઞાનુસાર સૈનિક ટૂકડીની અંદર જેટલા દૂબળા પાતળા સૈનિકો હતા તેમને બહાર કાઢયા.

સૈનિકો હિસ્સાના રાશન ખાયી જે મોટા પાછળના હૃષ્ટપૃષ્ટ નવ જવાનો હતા તે ઉત્તરોતર હૃષ્ટપૃષ્ટ થતા ગયા. થોડાક દિવસ પછી આક્રમણ થયુ ત્યારે પહેલવાનો પોતાના હૃષ્ટપૃષ્ટ શરીરોને જોઇ રડવા લાગ્યા કારણ કે એ હૃષ્ટપૃષ્ટ શરીર યુધ્ધ માટે બનેલ ન હતા, કારણ કે તે શરીરોના અંદર સાહસનો અભાવ હતો, બસ એટલે જ રાજાને સાહસની પરખ થઇ ગઇ અને છેવટે દુબળા

પાતળા સૈનિકોને બોલાવ્યા અને તે બધાય દિલજાનથી લડયા અને વિજયી થયા સાહસના માટે જાતિપાંતિ અને હૃષ્ટપૃષ્ટ શરીરોની કંઈ જરૂરત હોતી નથી એને તો સાહસની આવશ્યકતા હોય છે જેને વીરતા કહેવાય.

આજે આપણા સમાજમાં વિભિન્ન પ્રકારનાં કાર્યો કરવાની શકિત, શારીરિક બળ, ચરિત્રબળ, અને આત્મબળનો સંચય કરી સાહસનો પરિચય દેવો જોઇએ ચારિત્ર્ય નિર્માણ એજ જીવનની સર્વશકિતમાન શકિતથી અસંભવ કાર્યોને સંભવ કરી શકાય છે.

આપણા સમાજના અંતર્ગત યુવકો પ્રત્યે આપણા વડીલોને આશાઓ બંધાયેલી છે અને તે યુવાનોને માર્ગદર્શન આપતા રહે છે યુવાનોની ભુજાશકિત ઉપર સમાજનો વિશ્વાસ છે કારણ કે એજ સમાજનો નાગરિક છે એટલે જ યુવકનું પરમ કર્તવ્ય બની જાય છે કે પોતાના મનને સ્થિર રાખી દ્રઢ સંકલ્પ કરે કે આપણે સમાજ માટે સારાં કાર્ય કરી પોતાના નામની છાપ રાખવી જોઇએ આપણે જોઈએ તો ગાંધીજી જેવા મહાત્મા આ સંસારથી ચાલ્યા ગયા પણ પોતાના નામની છાપ અહીં મૂકી ગયા !

આ પૃથ્વી ઉપર કોઇ રહેતુ નથી પણ મનુષ્ય આ જન્મમાં ઇતિહાસ માટે પોતાની ધવલકીર્તિનો એક નવો અધ્યાય જોડવા માટે તરસે છે.

નવ યુવક પોતાની ભૂજાને પાછળ ન લેતા આગળ વધારી સમાજના પ્રત્યે કાર્ય કરવાનો દ્રઢ સંકલ્પ રાખશે અને યુવક હૃદયમાં સ્વાભિમાન, ન્યાયપ્રિયતા રાખશે તો કોઇપણ અત્યાચારની આગળ માથુ જુકાવે તેમ નથી કારણ કે અન્યાય વિરૂદ્ધ લડવાનું સાહસ રાખે છે.

સમાજની આશાઓનું કેન્દ્ર સ્થાન યુવકોના ઉપર છે એટલે યુવકોને ફરીથી એક વાર નવા માર્ગનું નિર્માણ કરવાનું છે બીજા શબ્દોમાં આપણા સમાજની બુરાઇને હટાવી આધુનિક પરંપરાઓની દિશામાં પ્રગતિ કરવી છે.

* સમાજ સાગરનાં મોતી *

લેખક : **વિશ્રામભાઈ નથુભાઈ પટેલ** અણીઆરકંપા

આજે વિકસતા વિજ્ઞાન અણુયુગમાં જ્યારે માનવી કુદરતની કરામતને એક યા બીજા પ્રકારે આંબવાનો પ્રયત્ન કરી રહ્યો છે ત્યારે આપણે સૌ વિચારમાં પડી ગયા છીએ કે આટલી બધી હરણફાળ શાના આધારે ભરતો હશે ? વિચાર કરતાં જણાશે કે આની પાછળનું રહસ્ય સાચા અર્થમાં કેળવણી જ છે. જેને લઈને માણસને કોઠા સુઝ મળે છે. અને અંધકારમાંથી પ્રકાશમાં જવા માટેની કેડી સ્પષ્ટ દેખાય છે આપણે પણ કેળવણીનો પ્રકાશ પુંજ મેળવવા છેલ્લાં વિસેક વર્ષથી સતત પ્રયત્ન શીલ છીએ. ગુજરાતમાં વનસુરા ગામે વિદ્યાર્થી ભવન તેમજ કન્યા છાત્રાલય, કચ્છમાં નખત્રાણા ગામે વિશાળ વિદ્યાર્થી ભુવન તેમજ અન્ય ગામો એ પણ આ પ્રકારની નાની મોટી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. હાલમાં થોડા સમય પહેલાં ગુજરાતમાં મોડાસા ગામે કોલેજની બધાજ પ્રકારની અભ્યાસક્રમની સુવિધાઓ પ્રાપ્ત થતાં એક વિશાળ છાત્રાલય બાંધવાનું વિચારવામાં આવેલ છે. જેના માટે મુખ્ય દાતા શ્રી ખીમજીભાઈ પ્રેમજીભાઈએ રૂા. ૩૧૦૦૦/- જેવી રકમ દાનમાં આપી કેળવણીની કેડીને વધુ પ્રકાશમાન બનાવવાનો પ્રયત્ન કર્યો છે જે ખરેખર અભિનંદનને પાત્ર છે. કચ્છની અંદર ભુજમાં પણ સમાજના આગેવાનોએ સર્વાનુમતે ઠરાવ કરી કોલેજોની સુવિધાનો લાભ મળે તે હેતુથી ભુજમાંજ એક છાત્રાલયનું મકાન બાંધવાનું વિચારેલ છે. ઘણાજ હર્ષની વાત છે કે આજે કચ્છ કડવા પાટીદાર સમાજમાં જે જાગૃતિ આવી છે અને વિકાસના કુચ કદમ આવી છે. એ સમગ્ર સમાજ માટે એક શુભ ચિન્હ છે.

આપ સૌને ખ્યાલ હશે કે ગયા વર્ષે શિયાળામાં અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના પ્રતિનિધિઓની એક સભા શ્રી નવચેતન યુવક મંડળ કલકત્તાએ બોલાવેલ અને સમગ્ર કચ્છ કડવા પાટીદારની યુવા શકિતને એક સુત્રે પરોવી સંગઠનનું નવું બળ ઉભું કરવા ઉપરોકત મંડળે જે સૌ પ્રથમ જ પ્રયત્ન કર્યો તે અભિનંદનને પાત્ર જ છે. ત્યાર પછી એ કાર્યને વેગ આપવા પૂના યુવક મંડળના પ્રતિનિધિશ્રી રતનશીભાઇ હીરજીભાઇ પટેલે મંડળ વતી આમંત્રણ આપી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના સભ્યોનું એક સંમેલન ત્રણ દિવસ માટે પૂના મુકામે યોજ્યું હતું જેના કાર્યક્રમો "જાગૃતિ" માસિકમાં તેમજ "આઝાદ કલમ" માં પ્રસિધ્ધ થયેલા હોઇ આપ સૌ માહિતગાર હશોજ. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘનું બંધારણ ઘડવા માટે પાંચ જણની સમિતિની રચના કરવામાં આવી અને એ બંધારણને આખરીસ્વરૂપ આપવા ગુજરાતમાં સદર સંઘના સભ્યોની એક મિટીંગ રાખવી એવું ચર્ચાના અંતે નકકી થતાં ગુજરાતના યુવક મંડળના પ્રમુખ શ્રી સામજીભાઇ સાંવગણભાઇ પટેલના આમંત્રણને માન આપી આ કાર્યને વેગવંતુ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

સદર બંધારણને ઔપચારીક, મંજુરી આપ્યા બાદ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘનું એક ખુલ્લું અધિવેશન કચ્છ નખત્રાણા ગામે યોજીને બંધારણને બહાલ રાખી એકજ માળાના મણકા બની આદેશ અનુસાર વર્તવા જે પ્રયત્ન થઇ રહ્યા છે એ સમગ્ર સમાજના ભાવિ માટે શુભ નિશાની છે.

ઉપરોકત બાબત જાણ્યા પછી આપ સૌને એમ લાગશે કે આપણે તો હવે વિકાસની ચરમ સીમા પર પહોંચ્યા છીએ. વાત પણ સાચી છે. કારણ આપણી જ્ઞાતિના દરેક સભ્યો કોઇપણ વ્યવસાયમાં હોય તેમજ શહેર કે ગામડામાં હોય છતાં પ્રમાણિક પણે કાર્ય કરવાનો જુસ્સો અને જેમ જેવાંને તેવાં જ ટકી રહ્યાં છે. આળસતો એનાથી સો યોજન દૂર જ ઉભું રહ્યું છે. જેને લીધે તેને અન્ય કોઇપણ પ્રાંતમાં પોતાની આગવી પ્રતિભા ઉભી કરતાં તેને વાર લાગતી નથી. અને દૂધમાં જેમ સાકર ભળે તેમ દરેક સ્થાનિક પ્રજાઓ સાથે ભળી જવાનો વારસો ગળથૂથીમાં જ જાણે પચાવ્યો હોય એમ સૌ કોઇને લાગ્યા વિના ન રહે. જ્યારે વિચાર કરવા જ બેઠો છું ત્યારે બન્ને પાસાનો વિચાર કરવાનું મન થાય છે. ઉપરોકત ઉજજવળ પાસાંને જોઇને સમાજની એકા એક વ્યકિતને ગૌરવ લેવાનું મન થાય તે સ્વાભાવિકજ છે. પણ આટલી વાતથી જ આપણે હર્ષઘેલા થઇ આગળ ઉપર હવે આપણે કંઇજ કરવાનું બાકી નથી એવી રખે ભૂલ કરતા, સિકકાની જેમ બે બાજુ હોય છે તેમ આપણી બીજી બાજુ તરફ આપ સૌનું ધ્યાન દોરું છું તો વિચારશીલ ભાઈ–બહેનો તેના પર વિચારે એ ખૂબજ જરૂરી છે.

આપણો સમાજ ઘણા સમયથી વિધર્મીઓની નાગચૂડમાં ફસાયલો હતો સ્વ. શ્રી નારાયણભાઈના શુભ પ્રયત્નોથી આપણને સાચી દિશાનું ભાન થતાં સાચા રાહ પર આવવાનાં પગરણ મંડાયાં આજ દિન સુધી તે પ્રયત્નો એક યા બીજા સ્વરૂપે ચાલુ જ છે. હજુ પણ કેટલાક ભાઈ બહેનો ખોટી મમતને લઈને પીરાણા પંથની પ્રપંચ જાળમાંથી છૂટવાના પ્રયત્નો કરતા નથી તેમને ભાવિ પેઢી હરગીઝ માફ નહીં જ કરે. હિંદુ સંસ્કૃતિ અનુસાર આપણો પોતાનો જ પવિત્ર લક્ષ્મીનારાયણ સંપ્રદાય જે ચાલી રહ્યો છે. તેને અનુરૂપ થવા અને સંસ્કૃતિ વિમુખ અન્ય સંપ્રદાય પરહરવા જ્ઞાતિના દરેક આબાલવૃદ્ધ કમર કસી સાચી દિશામાં પ્રયત્ન કરે તે માટે પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

આ દિશામાં એકતા સાધી ઉન્નત મસ્તકે આપણી પવિત્ર જ્ઞાતિ ફરી શકે. તે માટેના શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના દરેક પ્રયત્નને ખરા અંતઃકરણ પૂર્વક સાથ આપી તેમના કાર્યને વેગવાન બનાવવા સમગ્ર સમાજના ભાઈ બહેનોને નૂતન વર્ષે મારી આગ્રહ ભરી અપીલ અને વિનંતિ છે. તો સમાજ સાગરમાં રહેલાં મોતીને સાચા પુરૂષાર્થથી બહાર લાવવા સૌ કમર કસે એજ અભ્યર્થના.

સમાચાર દર્શન

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ

અમદાવાદ

ગત તારીખ ૫-૮-૭૩ના રોજ ૨૫ કેપીટલ પાર્કમાં ઉપરોક્ત વિદ્યાર્થી મંડળની વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી અને તેમાં ૧૯૭૩-૭૪ ના વર્ષની નવા કારોબારી મંડળની રચના કરવામાં આવી હતી.

વિદ્યાર્થી ભાઈ બહેનોની ઓળખવિધિ બાદ મતદાન થયું જેમાં નીચે મુજબની વ્યકિતઓ ચૂંટાયેલ જાહેર થઇ.

પ્રમુખ શ્રી મણીલાલ કાનજીભાઇ પટેલ (દ્વિતીય સી. એ.)
ઉપપ્રમુખ શ્રી કુ. નંદાબેન અબેરામ પટેલ (દ્વિતીય એમ. એ.)
મંત્રી શ્રી અમૃતલાલ રામજીભાઇ પટેલ (પ્રથમ એમ. બી. બી. એસ.)

અને ત્યાર બાદ નીચે મુજબ વ્યકિતઓની સર્વાનુમતે વરણી થઇ

ખજાનચી શ્રી વેલજીભાઇ કરસનભાઈ (બી. કોમ., ફર્સ્ટ એલ. એલ. બી.)
સહમંત્રી ,, ભાઇલાલ જેઠાભાઈ (બી. કોમ.)
પ્રવાસમંત્રી ૧ શ્રી ભગવાનદાસ મેઘજીભાઇ એસ, વાય, બી. એ,
૨ ,, મણિલાલ રતનશીભાઇ (ડી. વાય. બી. એસ. સી.)
ડીબેટીંગ મંત્રી ૧ શ્રી છગનલાલ વિશ્રામભાઇ (ડી. વાય. બી. એસ. સી.)
૨ ,, કાન્તિલાલ રવજીભાઈ (ડી. વાય. બી. એસ. સી.)

ત્યાર બાદ નવા ચૂંટાયેલા પ્રમુખ રતિલાલ કે. પટેલ (એડવોકેટ) દલપતભાઈ ડી. પટેલ થર્ડ એમ. બી. બી. એસ, વગેરેનાં પ્રવચનો બાદ આભારવિધિ અને ત્યારબાદ અલ્પાહાર સાથે સભાનું વિસર્જન કરવામાં આવ્યું.

તા. ૧૨-૮-૭૩ના રોજ આ વિદ્યાર્થી મંડળની પ્રાંતિજ-ગલતેશ્વર પીકનીક યોજવામાં આવી. રમત-ગમત ફીશ-પોન્ડ, મીમીક્રી જેવા કાર્યક્રમો દ્વારા સહુએ પીકનીકની મજા માણી.

મંત્રી
શ્રી અમૃતલાલ આર. પટેલ
કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ,-અમદાવાદ.

શ્રી કચ્છ પાટીદાર સમાજ, મુંબઇ.

શ્રી કચ્છ પાટીદાર સમાજ (મુંબઇ)ની એક જનરલ સભા ૧૯૭૨-૭૩ની પરીક્ષામાં S. S. C. અને કોલેજમાં પાસ થયેલ વિદ્યાર્થી ભાઇબહેનોને સત્કારવા તથા ઇનામોની વહેંચણી કરવા પાટીદાર વાડીમાં ઘાટકોપર મધ્યે મળી હતી. આ સભામાં હજારેક ભાઈબહેનોએ હાજરી આપી હતી.

શરૂઆતમાં મંત્રી શ્રી માવજીભાઇ ધનજીભાઇએ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી ભાઈ બહેનોનાં નામોની યાદી વાંચી સંભળાવી હતી. જેમાં S. S. C. માં પાસ થયેલની સંખ્યા ૩૦ અને કોલેજમાં ઉત્તીર્ણ થયેલ સંખ્યા ૪૦ મળી કુલ્લે ૭૦ ની સંખ્યામાં ઉત્તીર્ણ થયા હતા.

પ્રથમ S. S. C. માં પાસ થયેલ વિદ્યાર્થીઓને રોકડ ઇનામ અને બે પુસ્તકો ભેટ આપવાનું તથા બાકીનાને પુસ્તકો ભેટ આપવાનું કાર્ય સમાજના પ્રમુખ વિશ્રામભાઇ હંસરાજભાઇના વરદ હસ્તે થયું હતું.

પ્રથમ S. S. C. માં પાંચ જણને રોકડ ઇનામ તથા પુસ્તકો ભેટ આપ્યાં હતાં. જેનાં નામો નીચે મુજબ છે.

૧	શ્રી રતિલાલ વિશ્રામ	મેળવેલા માર્ક	૭૬%	પહેલું ઇનામ	રૂ.૫૦
૨	,, ભરત કુમાર કાનજી	,,	૬૭%	બીજુ ,,	રૂ.૪૦
૩	,, લક્ષ્મીદાસ જીવરાજ	,,	૬૬.૮%	ત્રીજુ ,,	રૂ.૩૦
૪	બહેનશ્રી વસંતબાળા હંસરાજ	,,	૬૪.૭%	ચોથુ ,,	રૂ.૨૦
૫	,, ભારતી નારાયણજી	,,	૬૪.૪%	પાંચમું ઇનામ	રૂ.૧૦

આ સિવાય ગુજરાત બોર્ડ તરફથી પાસ થયેલ ૭૫.૨% માર્ક મેળવનાર ભાઇશ્રી ચંદુલાલ પ્રેમજી ને પણ રૂા. ૧૦ રોકડ ઇનામ અને પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં હતાં બાકીનાં જેને પુસ્તકો ભેટ અપાયાં હતાં તેનાં નામો નીચે મુજબ છે.

S. S. C. માં પાસ થનાર

૧	શ્રી શાન્તીલાલ લાલજી	૮	,, હરસુખલાલ રામજી
૨	બહેનશ્રી લીલાબહેન સાંમજી	૯	,, મગનલાલ ભાણજી
૩	શ્રી વિનોદકુમાર કરસનદાસ	૧૦	બહેનશ્રી અરુણા ઉમરસી
૪	,, હરેશ હંસરાજ	૧૧	શ્રી છગનલાલ કરશન
૫	,, પ્રેમજી અબજી	૧૨	,, મણીલાલ કરશન
૬	,, રતનશી કરશન	૧૩	શ્રી રવજી સાંમજી
૭	,, રાજેશ હંસરાજ	૧૪	,, મંણીલાલ લક્ષ્મણ

૧૫ બહેનશ્રી ગોદાવરીબેન વિરજી
૧૬ ,, ધનલક્ષ્મી વીરજી
૧૭ શ્રી મોહનલાલ હીરજી
૧૮ બહેનશ્રી રતનમાળા સાંમજી
૧૯ ,, નંદીની રતિલાલ

૧લુ વર્ષ કોમર્સ
૧ ભાઇશ્રી મનસુખલાલ વાલજી

૨જુ વર્ષ કોમર્સ
૧ ભાઇશ્રી અરુણકુમાર હંસરાજ
૨ ,, મણીલાલ અરજણ

બી. કોમ. પાર્ટ ૧
૧ ભાઇશ્રી પ્રવિણકુમાર વીરજી

બી કોમ પાર્ટ—૨
૧ ભાઇશ્રી ચંદુલાલ સીવદાસ
૨ ,, ગીરધર ગોપાલ
૩ ,, જયંતીલાલ સોમજી

એલ. એલ બી. ૧લું વર્ષ
૧ ભાઇશ્રી કૌશીક વિરેન્દ્રભાઇ

એલ. એલ. બી ૩જુ વર્ષ
બહેનશ્રી ઈંદુબાળા વિરેન્દ્રભાઇ

બી. એ જુનિયર
૧ બહેનશ્રી જયશ્રી વિરેન્દ્રભાઇ

૧લુવર્ષ એન્જી. ડીપ્લોમા
૧ ભાઇશ્રી કાન્તિલાલ હીરાલાલ

૨જુ વર્ષ એન્જી. ડીપ્લોમા
૧ ભાઇશ્રી વિશનજી કેશવજી
૨ જયંત કુમાર મગનલાલ

૩જુ વર્ષ એન્જી ડીપ્લોમા.
૧ ભાઇશ્રી ઉમાકાન્ત માવજીભાઇ
૨ રમેશ શીવજીભાઇ

૨૦ શ્રી અમૃતલાલ સોમજી
૨૧ ,, વેલજી સીવગણ
૨૨ બહેનશ્રી લીલાબેન મનજી
૨૩ શ્રી અમૃતલાલ વેલજી
૨૪ ,, રમેશ સાંમજી

ફાઇનલ એન્જી. ડીપ્લોમા
૧ ભાઇશ્રી શાન્તિલાલ સાંમજી

૧લું વર્ષ એન્જી. (ડીગ્રીકોર્સ)
૧ ભાઇશ્રી લખમસી રવજી
૨ નવીનકુમાર હંસરાજ

૧લુ વર્ષ સાયન્સ
૧ ભાઇશ્રી દેવસી અરજણ
૨ ,, દામજી રતનસી
૩ ,, મોહનલાલ કરશન
૪ ,, વિનોદકુમાર વાલજી
૫ ભાઇશ્રી હંસરાજ જીવરાજ
૬ ,, રજનીકાન્ત નારાયણ
૭ ,, નરેશ હંસરાજ

ઇન્ટર સાયન્સ
૧ બહેનશ્રી શકુંતલા મેઘજીભાઇ
૨ ,, શશીકલા કાનજી
૩ ભાઇશ્રી ધીરજ હરિભાઇ
૪ ,, નવીન પ્રેમજી
૫ ,, નારાયણ સાંમજી
૬ ,, મણીલાલ સીવગણ
૭ ,, નારાયણ રતનશી

M.B.B.S, ૨જુ વર્ષ
૧ ભાઇશ્રી કાન્તિલાલ લાલજી ચોપરા

B.S C. જુનિયર
૧ ભાઇશ્રી કાન્તિલાલ મનજી

S.N.D.T

૧ બહેનશ્રી જય શ્રી લાલજી
૨ ,, શુશીલા દેવજી
૩ ,, જશોદા પ્રેમજી

ડીપ્લોમા એજ્યુકેશન
૧ જયશ્રી સાંમજી

જી.સી.ડી.
૧ જયંતિલાલ લધાલાલ

C.A. ૧લું વર્ષ
ભાઇશ્રી શાન્તિલાલ કાકુભાઇ

ઉપર મુજબ વિદ્યાર્થી ભાઇબહેનોને ઇનામોની વહેંચણી કર્યા બાદ પ્રાસંગિક પ્રવચનોમાં શ્રી માવજી પેથાભાઇ, શ્રી ખીમજી કચરા, શ્રી મણીલાલ પુંજાભાઇ, વાડીના મેનેજીંગટ્રસ્ટી શ્રી રણમલ માવજી, મંત્રી શ્રી સાંમજી કેસરા રાંમજીભાઇ પટેલ, નાગપુરના કાર્યકર શ્રી વાલજી જશરાજ, યુવક મંડળના મંત્રી ભરતકુમાર ગોપાલજી, શ્રી દામજીભાઇ દેવસી અને પુષ્પા બહેને ભાગ લીધો હતો.

રોકડ ઇનામ અને પુસ્તકોની જે કમિંત થઇ તે સમાજના કાર્યકર શ્રી મણીલાલ પુંજાભાઇએ સમાજને ભેટ આપી હતી તેનો સાભાર સ્વીકાર કરવામાં આવ્યા હતો,

પ્રમુખ શ્રી વિશ્રામભાઇ હંસરાજના ઉપસંહાર પ્રવચન પછી અલ્પાહાર બાદ સભા વિસર્જન થઇ હતી.

✻ શ્રી ખેડોઇ પાટીદાર યુવક મંડળની ✻
નવી કારોબારી

બંધારણને સર્વાનુમતે અપાયેલી મંજૂરી

શ્રી ખેડોઇ પાટીદાર યુવક મંડળની સામાન્ય સભા તા. ૨૧-૮-૭૩, જન્માષ્ટમીના રોજ શ્રી નારાયણ માવજી ગોરાણીના નિવાસ સ્થાને અને તેમના પ્રમુખ સ્થાને મળી હતી. આ સભામાં પ્રથમ યુવક મંડળના બંધારણ અંગે ચર્ચા હાથ ધરવામાં આવી હતી. શ્રી નારાયણ વિશ્રામ પટેલ ભુજવાળાએ યુવક મંડળના બંધારણનો મુસદ્દો સભ્યો સમક્ષ વાંચી સંભળાવ્યો હતો ત્યારબાદ જુદા જુદા વકતાઓએ બંધારણની જુદી જુદી કલમો અંગે સુધારા સુચવ્યા હતા અને ચર્ચાના અંતે સભાએ સર્વાનુમતે બંધારણ પસાર કર્યું હતું.

ત્યારબાદ ત્રણ વર્ષ માટે કારોબારી સમિતિના સભ્યો અને સલાહકાર સમિતિ તથા ઓડીટરની આ પ્રમાણે વરણી થઈ હતી.

પ્રમુખ :	શ્રી નારાયણ માવજી ગોરાણી
ઉપ-પ્રમુખ :	શ્રી ધનજી પ્રેમજી ખીમાણી
,,	,, વાલજી રામજી ભોજાણી
મહામંત્રી :	શ્રી નરસિંહ વિશ્રામ ભગત
સહમંત્રી :	શ્રી રામજી દેવજી છાભૈયા
ખજાનચી :	શ્રી ડાહ્યાલાલ વિશ્રામ ભગત
સભ્યો :	૧ શ્રી રામજી ખેતા લીંબાણી
	૨ ,, દેવસી લાલજી છાભૈયા
	૩ ,, મોહનલાલ શીવજી લીંબાણી
	૪ ,, નારાયણ વિશ્રામ રૈયાણી
	૫ ,, કરસન પ્રેમજી દીવાણી
સલાહકાર સમિતિ :	૧ શ્રી રામજી મનજી ખીમાણી
	૨ ,, નારાયણ વિશ્રામ ભગત (ભુજ)
	૩ ,, કરસન વાલજી ધોળુ (અંજાર)

મહામંત્રી શ્રી નરસિંહભાઇએ આભાર વિધી કર્યા બાદ સભા બરખાસ્ત થઈ હતી.

જી. વી. પાટીદાર
સંપાદક, આઝાદ કલમ.

શ્રી કચ્છી કડવા પાટીદાર યુવક મંડળ
હૈદ્રાબાદ—સિકન્દ્રાબાદ

— આજીવન સભ્યો —

ક્રમાંક	નામ	ગામનુ નામ
૧	શ્રી દેવજીભાઈ નાનજીભાઈ લીંબાણી	મથલ
૨	,, પ્રેમજીભાઈ મેઘજીભાઈ લીંબાણી	કોટડા (જડોદર)
૩	,, ધનજીભાઈ મેઘજીભાઈ લીંબાણી	કોટડા (જડોદર)
૪	,, રવજીભાઈ મુળજીભાઈ ચોધરી	(દેશલપુર (ગુંતલી)
૫	,, પેથાભાઈ ખીમજીભાઈ લીંબાણી	ધારેશી
૬	,, તેજાલાલ હિરજીભાઈ રંવાણી	ખોંભડી
૭	,, રતિલાલ શીવજીભાઈ દડગા	ટોડિયા
૮	,, શીવાનંદ મેઘજીભાઈ દિવાણી	દેશલપુર (ગુંતલી)

૯	,,	ધનજીભાઈ મેઘજીભાઈ દિવાણી	,, ,,
૧૦		શ્રીમતી મણિબહેન મહેન્દ્રકુમાર દિવાણી	,, ,,
૧૧	શ્રી	સામજીભાઈ રામજીભાઈ ભગત	આણંદસર (ગુંતલી)
૧૨	,,	પુંજારામ રામજીભાઈ ભગત	,, ,,
૧૩	,,	નાનજીભાઇ જેઠાભાઈ નાથાણી	રતડીયા
૧૪	,,	ભીમજીભાઈ ખેતાભાઈ નાકરાણી	(નેત્રા) માતાજીના
૧૫	,,	રામજીભાઇ હરજીભાઈ સેંઘાણી	ટોડિયા
૧૬	,,	ખેતાલાલ વિશ્રામભાઈ પોકાર	કાદિયા (મોટા)
૧૭	,,	રામજીભાઈ વાલજીભાઈ પોકાર	ટોડિયા
૧૮	,,	મનજીભાઈ જેઠાભાઈ પોકાર	કાદિયા (મોટા)
૧૯	,,	સામજીભાઈ વેલજીભાઈ સેંઘાણી	ટોડિયા
૨૦	,,	ગંગારામ કાનજીભાઈ ચૌહાણ	કાદિયા (મોટા)
૨૧	,,	કરમશીભાઈ દેવશીભાઈ સેંઘાણી	ટોડિયા
૨૨	,,	અરજણભાઈ હંસરાજભાઈ રતનાણી	ગડાણી
૨૩	,,	શીવજીભાઈ વિરજીભાઈ દિવાણી	દેશલપુર (ગુંતલી)
૨૪	,,	માવજીભાઇ લધાભાઈ સાંખલા	રસલીયા
૨૫	,,	મુળજીભાઇ ખીમજીભાઈ દડગા	ટોડિયા
૨૬	,,	ગોપાલભાઈ ડાહ્યાભાઈ ભગત	ખોભડી
૨૭	,,	નથુભાઈ ખેતાભાઈ નાકરાણી (પાંચાણી)	વિરાણી (મોટી)
૨૮	,,	લાલજીભાઈ માનણભાઈ સાંખલા	ઉખેડા
૨૯	,,	કાનજીભાઇ ધનજીભાઈ ભાદાણી	દેશલપુર (ગુતલી)
૩૦	,,	રતનશીભાઈ શીવજી નાકરાણી	કાદિયા (નાના)
૩૧	,,	વાલજીભાઈ નથુભાઈ નાકરાણી	કાદિયા (નાના)
૩૨	,,	ડાહયાભાઇ અખઇ નાકરાણી	રતડીયા
૩૩	,,	રવજીભાઇ અરજણભાઈ નાથાણી	નખત્રાણા (નવાવાસ)
૩૪	,,	જીવરાજ લાલજીભાઇ પુંજાણી	સાંગલી દેશલપુર (ગુંતલી)
૩૫	,,	નારણભાઇ હિરજીભાઇ લીંબાણી	કોટડા (જડોદર)
૩૬	,,	કરમશીભાઇ કાનજીભાઇ દિવાણી	દેશલપુર (ગુતલી)
૩૭	,,	અરજણભાઈ ખેતાભાઈ દિવાણી	ટોડિયા
૩૮		શ્રીમતી રતનબાઇ વેલજીભાઇ સેંઘાણી	,,
૩૯		શ્રી દેવશીભાઈ લધાભાઈ છાભૈયા	નખત્રાણા
૪૦	,,	મનજીભાઈ વાલજીભાઈ રામાણી	દેશલપુર (ગુતલી)
૪૧	,,	હંસરાજભાઈ વાલજીભાઈ ,,	,, ,,

૪૨	,, હરિલાલ વાલજીભાઈ ,,	,, ,,
૪૩	,, રામજીભાઇ ખીમજીભાઇ પજવાણી	ગડાણી
૪૪	,, લધાભાઇ લાલજીભાઇ દિવાણી	દેશલપુર (ગુતલી)
૪૫	,, મનજીભાઈ લાલજીભાઇ દિવાણી	દેશલપુર (ગુતલી
૪૬	શ્રી શીવગણભાઇ લધારામ સાંખલા	રસલ'યા
૪૭	,, મુળજીભાઈ લાલજીભાઇ ભાવાણી	દેશલપુર (ગુતલી)
૪૮	,, ખેતાભાઇ ભાણજીભાઇ પોકાર	કાદિયા (મોટા)
૪૯	,, શીવગણભાઈ શીવજીભાઇ છભૈયા	ભડલી
૫૦	,, દેવજીભાઇ વિરજીભાઇ દિવાણી	દેશલપુર (ગુતલી
૫૧	,, મનજીભાઇ લાલજીભાઇ પુંજાણી (સાંખલા)	,, ,,

✻ શ્રી પાટીદાર યુવક મંડળ, (મુંબઈ) ✻

✻ સાતમી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ ✻

ઉપરોકત મંડળની સાતમી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬/૮/૭૩ રવિવારે બપોરે ૩-૦૦ વાગે શ્રી પાટીદાર વાડી, ઘાટકોપર ખાતે પ્રમુખ શ્રી ડૉ. શામજી લાલજી ચોપડાના અધ્યક્ષપદે મળી હતી. મંડળના સભ્યોએ આ સભામાં ઘણી સારી સંખ્યામાં હાજર રહીને પોતાનો ઉત્સાહ વ્યકત કર્યો હતો. શરૂઆતમાં મંડળના મંત્રીશ્રી ભરતભાઇ ગોપાલજી પોકારે ગત વર્ષનાં કાર્યોનો અહેવાલ વાંચી સંભળાવ્યો હતો ત્યારબાદ મંડળના પ્રમુખશ્રી ડૉ. શામજી લાલજી ચોપડાએ પોતાના પ્રવચનમાં મંડળની બુક-બેન્ક, પર્યટન, ફીલ્મ શો વગેરે પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરીને તે પ્રવૃત્તિઓમાં અમૂલ્ય સહકાર આપવા બદલ મંડળના સભ્યોનો હાર્દિક આભાર માન્યો હતો. ત્યારબાદ મંડળના કેટલાક સભ્યોએ નજીકના ભવિષ્યમાં 'સાંસ્કૃતિક કાર્યક્રમ' યોજવા બાબત પોતપોતાનાં મંતવ્યો વ્યકત કર્યાં હતા.

ત્યારબાદ મંડળની નવા વર્ષની કાર્યવાહક સમિતીની ચૂંટણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તેના માટે મંડળના અગ્રગણ્ય સહકાર્યકર શ્રી શંકરભાઈ ગોપાલજી પોકારના અધ્યક્ષપદે એક ચૂંટણી પંચની નિમણુંક કરવામાં આવી હતી. આ ચૂંટણીમાં કુલ ૨૧ સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી. ઉપરોકત ચૂંટણીપંચની દેખરેખ હેઠળ ગુપ્ત મતદાન પધ્ધતિથી યોજાયેલ ચૂંટણીમાં નીચે જણાવેલા સભ્યો બહુમતીથી ચૂંટાઈ આવ્યા હતા.

 શ્રી શંકરભાઈ પોકારે ચૂંટણી દરમ્યાન શાંતિ, જાળવી સહકાર આપવા બદલ સભ્યોનો આભાર માન્યો હતો. અંતમાં અલ્પાહાર બાદ સભા બરખારત કરવામાં આવી હતી.

શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઇ) ની ૧૯૭૩–૭૪ના વર્ષની કાર્યવાહક સમિતિ.

પ્રમુખ :	શ્રી ડૉ. સામજી લાલજી ચોપડા	M. B. B. S.
ઉપ–પ્રમુખ :	શ્રી ભરતકુમાર ગોપાલજી પોકાર	B. Sc.
મંત્રી :	શ્રી કાન્તિલાલ લાલજી ચોપડા	Final M. B. B. S.
સહમંત્રી :	૧ શ્રી અરૂણકુમાર હંસરાજ નાકરાણી	Jr. B. Com.
	૨ શ્રી મોહનલાલ દેવજી ચૌધરી	
ખજાનચી :	શ્રી રમેશકુમાર ગોપાલજી રાજાણી	B. Com.
મનોરંજન અને પર્યટન ખાતુ :	૧ શ્રી ભરતકુમાર કેશરા ધોળુ	Dip. Civil. Eng.
	૨ શ્રી ભગવાનજી નાનજી વેલાણી	B. Sc.
સભ્યો :–	૧ શ્રી છગનલાલ જીવરાજ પટેલ	
	૨ ,, દામજી દેવસી વેલાણી	B. Sc.
	૩ ,, પરેશકુમાર ભીમજી હળપાણી	
	૪ ,, પ્રેમચંદ કરશન પટેલ	Sr. B. Com.
	૫ ,, મનસુખભાઇ વેલજીભાઇ સેંઘાણી	
	૬ ,, લાલજીભાઈ કરશનભાઇ ચોપડા	B Architects.
	૭ ,, લખમશી રવજી પટેલ	IInd year Engineering
સહકાર્યકરો :	૧ શ્રી નારણ શામજી પટેલ	Jr. B. Sc.
	૨ ,, પ્રેમચંદ સામજી પટેલ	B. Com.
	૩ ,, રતિલાલ કાનજી ધોળુ	Dip. E. (Mech)

લી.
શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઇ) વતી,
સહમંત્રી અરૂણ નાકરાણી

અહેવાલ *

મહેન્દ્રકુમાર વિશ્રામભાઈ પટેલ
(માનદ મંત્રી)
હૈદરાબાદ—સિકંદરાબાદ

શ્રી પાટીદાર યુવક મંડળ (હૈદરાબાદ સિકન્દ્રાબાદ)ની અસાધારણ સામાન્ય સભા રવિવાર તા. ૨૦–૫–૭૩ના રોજ મંડળના પ્રમુખશ્રી તેજલાલ દેવજીના પ્રમુખ સ્થાને શ્રી પાટીદાર ભુવન મધ્યે મળી હતી જેમાં અત્રેની સ્થાનિક સમાજના નેતૃત્વહેઠળ મંડળ તરફથી " શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલીત શ્રી પાટીદાર વિદ્યાર્થીભુવન (નખત્રાણા)ના આજીવન સભ્યો બનાવવાનો સહર્ષ નિર્ણય લેવામાં આવ્યો જેના માટે એક આઠ સદસ્યની સમિતિ બનાવવામાં આવી હતી. જેમાં સર્વશ્રી દાનાભાઈ ડાહ્યાભાઈ, શ્રી તેજલાલ દેવજી, શ્રી શીવગણભાઈ શીવજી, શ્રી મગનલાલ પુંજાભાઈ, શ્રી જીવરાજભાઈ પ્રેમજીભાઈ, શ્રી કરસનભાઈ લધાભાઇ, શ્રી મગનલાલ નારણભાઈ તથા શ્રી મહેન્દ્રકુમાર વિશ્રામભાઇનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

" આજનું જીવન પાછલાં કર્મો વડે બન્યું છે, તેમ આવતીકાલનું જીવન આજના કર્મો વડે જ બનશે " ઉપરોકત સુવિચારને લક્ષમાં રાખી સમિતિના સદસ્યો આ પ્રવૃત્તિમાં તન, મન અને ધનથી પ્રવૃત્તિશીલ બની ગયા હતા. પ્રૌપર હૈદ્રાબાદ–સિકન્દ્રાબાદમાં વ્યકિતગત તથા આંધ્ર વિસ્તારના મુખ્ય જિલ્લાઓ તથા શહેરોમાં પત્ર વ્યવહાર દ્વારા સંપર્ક સ્થાપી. પોતાનાં અંગત કાર્યો છોડી પ્રવૃત્તિને સફળ બનાવવા એક ધારો પ્રયાસ કરતા રહ્યા. અત્રેની સ્થાનિક સમાજના સહકારથી તેમજ તેઓના અથાગ પરિશ્રમ તથા પ્રયાસોના ફળ સ્વરૂપ તેઓ આપણી વિશાળ સમાજના '૫૧' આજીવન સભ્યો બનાવવા સમર્થ થઇ શકયા. અને હજી પણ પ્રવૃત્તિ ચાલુ છે. (જેનો રૂા. ૧૨૮૦૧–૦૦નો ડ્રાફ્ટ આપણા સમાજના નામે નખત્રાણા કાર્યાલય ઉપર મોકલાવેલ છે)

પ્રભુ કૃપાથી આપણા સમાજને તેમજ મંડળોને એવા કાર્યકર્તાઓનો સમૂહ સાંપડયો છે કે, જેઓ માનદ્ ભાવે સમયનો ભોગ આપી તેમના અણમોલ સેવા આપતા રહ્યા છે. આપણા વિશાળ સમાજની ૧૦૦૦ ઉપરાંત આજીવન સભ્યો બનાવવાની નેમ હતી. પરંતુ સંયોગોવસાત આપણે આ પ્રવૃત્તિ ઉપર આપણુ ધ્યાન કેન્દ્રીત કરી શકયા નથી શ્રી પાટીદાર યુવક મંડળે (હૈદ્રાબાદ–સિકન્દ્રાબાદ) આપણી વિશાળ સમાજમાં '૫૧' આજીવન સભ્યોનો વધારો કરી, સામાજિક સહયોગનું ઉદાહરણ પુરૂ પાડી, પ્રોત્સાહન જનક તથા નોંધ પાત્ર સિદ્ધિ હાસલ કરી છે. જે ખરેખર પ્રશંસાને પાત્ર છે.

શ્રી રણજીતપુરા કેળવણી મંડળ

શ્રી રણજીતપુરા કેળવણી મંડળની સામાન્ય સભા તા. ૨૮-૭-૭૩ ના રોજ શાળાના મકાનમાં મળી તેમાં રણજીતપુરા કેળવણી મંડળના કારોબારી સભ્યોમાં નીચેના સભ્યો નિયુક્ત કરવામાં આવ્યા.

(૧) ભવાનભાઈ વિશ્રામભાઇ પટેલ. પ્રમુખ.
(૨) ધનજીભાઇ દાનજીભાઇ પટેલ. ઉપ પ્રમુખ.
(૩) લાલજીભાઈ જેઠાભાઈ પટેલ. સેક્રેટરી.
(૪) ગોપાળભાઈ કેસરાભાઈ પટેલ. ખજાનચી.
(૫) મોહનભાઇ લાલજીભાઇ પટેલ. કા. સભ્ય.
(૬) પ્રેમજીભાઇ દેવજીભાઇ પટેલ ,,
(૭) કાનજીભાઇ વિશ્રામભાઇ પટેલ ,,
(૮) ગોપાળભાઇ ખીમજીભાઇ પટેલ ,,
(૯) રામજીભાઇ નાનજીભાઇ પટેલ ,,
(૧૦) રવજીભાઇ લાલજીભાઇ પટેલ ,,
(૧૧) ચંદુભાઇ મેઘજીભાઇ પટેલ ,,
(૧૨) ખીમજીભાઈ દેવજીભાઇ પટેલ ,,
(૧૩) નારણભાઇ કરમશીભાઇ પટેલ ,,

ઉપર પ્રમાણેના સભ્યો સર્વાનુમતે નિયુક્ત કરવામાં આવ્યા છે.

શ્રી સરસ્વતી યુવક મંડળની સામાન્ય સભા ૩૧-૭-૭૩ ના રોજ રાખવામાં આવી સરસ્વતી યુવક મંડળના પ્રમુખપદે શ્રી ભવાનભાઇ વિશ્રામભાઇ પટેલ તથા મંત્રી તરીકે શ્રી લાલજીભાઇ જેઠાભાઇ પટેલ છેલ્લા ૧૪ વર્ષથી હતા યુવકમંડળના વિકાસ માટે તથા ગ્રામ્યપ્રગતિ, સંગઠન અને સાંસ્કૃતિક તથા શૈક્ષણિક વિકાસ માટે મંડળ તથા ગામ ના વિકાસ માટે તેમના સાથ અને સહકારની પ્રસંશા કરવામાં આવી ગામની અનેકવિધ પ્રવૃતિઓમાં રોકાયેલ હોવાથી તેઓ પોતાના હોદ્દા પરથી નિવૃત્તિ માગતાં તેમના કાર્યની પ્રસંશા કરી તેમને યુવક મંડળના હોદ્દાપરથી નિવૃત્ત કરવામાં આવ્યા.

આ સામાન્ય સભામાં શ્રી સરસ્વતી યુવક મંડળના પ્રમુખસ્થાન માટે શ્રી ચંદુભાઇ નાનજીભાઇ પટેલ તથા સેક્રેટરી તરીકે અંબાલાલ વીરજીભાઇ પટેલની સર્વાનુમતે નિમણુક કરવામાં આવી. યુવાન કાર્યકરો મંડળની પ્રગતિ અને ગામના વિકાસ માટે ઉમદા કામગીરી બજાવે તેવી સર્વ સભ્યો તથા ગ્રામ્યજનો અપેક્ષા રાખે છે.

શંકરલાલ એમ. શર્મા
આચાર્ય
રણજીતપુરા હાઇસ્કૂલ.

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થીમંડળ, તલોદ

— કારોબારી વરણી —

અમારા વિદ્યાર્થી મંડળની પ્રથમ મીટીંગ તા. ૫–૮–૭૩ના રોજ પ્રિન્સિપાલ શ્રી આર. એલ પટેલના અધ્યક્ષપદે તલોદ સમાજવાડીમાં મળી હતી. તેમાં આ વર્ષના કુલ ૩૧ સભ્યો હાજર રહ્યા હતા. આ મીટીંગમાં નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરેલ છે

હોદો	નામ	વર્ગ	ગામ
પ્રમુખ :	હિંમતલાલ મણીલાલ પટેલ	T. y. B. sc.	વિષ્ણુપુરાકંપા
ઉપપ્રમુખ :	નટુભાઇ એન. પટેલ	T. y. B. A.	બોરડીટીંબા
મંત્રી :	તુલસીદાસ જી. પટેલ	S, y. B. com.	રમોશકંપો
ઉપમંત્રી :	મણીલાલ ડી. છાભૈયા	T. y. B. sc.	એડોઇ (કચ્છ)
ખજાનચી :	ભાટલાલ એમ. પટેલ	F. y. B com.	બીલેશ્વરકંપો
સહખજાનચી :	ભોગીલાલ એન. પટેલ	Pre. com.	નવાનગરકંપા
ઑડીટર :	જયંતિલાલ આર. પટેલ	F. y. B. com.	જંત્રાલકંપા
સહ ઓડીટર :	જવાહરલાલ ડી. પટેલ	Pre. com.	મોતેશ્રીકંપો
પ્રવાસમંત્રી :	મણીલાલ બી. પટેલ	S. y. B. coin	દેવીપર [કચ્છ]
સંસ્કારમંત્રી :	નટુભાઇ જે. પટેલ	F. y. B. A	થવાદલાટ
સહસંસ્કારમંત્રી :	પ્રમોદ ટી. પટેલ	Pre. sci	વિષ્ણુપુરાકંપો
સ્વાગતમંત્રી :	કુ. કસ્તુરબેન આર. પટેલ	F. y. B. A.	તલોદ
સહસ્વાગતમંત્રી :	કુ. વિમળાબેન કે. પટેલ	Pre. arts.	બદામકંપો

સલાહકાર સમિતિ :—

૧	પ્રિ. શ્રી રતિલાલ એલ. પટેલ	તલોદ સાયન્સ કોલેજ, તલોદ
૨	પ્રો. શ્રી ગોવિંદભાઈ વી. પટેલ	બદામકંપા
૩	શ્રી પ્રહલાદભાઇ ડાહ્યાભાઇ પટેલ	ચેરમેન, સહકારી જીન તલોદ
૪	,, મોહનભાઈ ગંગદાસભાઇ પટેલ	પ્રમુખ, નેતાજી બોઝ યુવક મંડળ, તલોદ
૫	,, મુળજીભાઇ કરસનભાઇ પટેલ	અંબિકા વિજય સૉ મીલ, તલોદ
૬	,, લાલજીભાઇ સોમજીભાઇ પટેલ	પ્રમુખ, કચ્છીભાઇ, મંડળ, તલોદ
૭	,, રતિલાલ સવગણભાઈ પટેલ	મહિયલ [તલોદ]
૮	,, ચંદુભાઇ વેલજીભાઇ પટેલ	હડમતિયાકંપા

અંતમાં મંત્રીશ્રીએ પ્રિ. શ્રી આર. એલ પટેલનો તથા સર્વે સભ્યોનો આભાર માન્યો સંપૂર્ણ કાર્યવાહી પત્યા બાદ અલ્પાહાર લઇ સૌ છૂટા પડયા.

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ તલોદ
પ્રગતિનો અહેવાલ

અમારા વિદ્યાર્થી મંડળમાં ૧૯૭૨–૭૩માં આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા કુલ ૨૫ (પચીસ)ની હતી પરિણામ ૧૦૦% આવેલ છે. બે ગ્રેજ્યુએટ થઇ ચૂકયા છે. ભાઇશ્રી ધનસુખભાઇ સાયન્સ ગ્રેજ્યુએટ (ફર્સ્ટ કલાસ) અને ભાઇશ્રી હરિલાલ કોમર્સ ગ્રેજ્યુએટ [સેકન્ડ કલાસ] બાકીનામાંથી ત્રણ વિદ્યાર્થીઓ હોમિયોપથિક મેડિકલમાં દાખલ થયા છે. બે વિદ્યાર્થીઓએ એન્જિનીયરીંગમાં પ્રવેશ મેળવ્યો છે. બાકીના એએ તે જ કોલેજમાં અભ્યાસ ચાલુ રાખ્યો છે.

ચાલુ સાલે આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા ગત સાલ કરતાં વધીને ૩૧ જેટલી થઈ છે. બહેનોની સંખ્યા બે ની થઇ છે.

મંત્રી
તુલસીદાસ ગોપાલદાસ પટેલ
રમેશકંપાવાળા

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન, ધનસુરા

ધનસુરા મુકામે આપણી કેળવણીની સંસ્થાઓ શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન તથા શ્રીમતી મૂળબાઇ સવદાસ લાલજી માવાણી કન્યા છાત્રાલય ચાલે છે.

કડવા પાટીદાસ જ્ઞાતીનાં બાળકોનું ઉત્તમ જીવન ઘડતર થાય અને ભાવિ પેઢી ઉન્નત બને તેમજ સમાજ સુવ્યવસ્થિત બને તે માટે કડવા પાટીદાર સનાતન સમાજના પ્રમુખશ્રી તેમજ અન્ય અગ્રણી કાર્યકરો ખૂબ જ રસ લઈ તન, મન, ધન અને સમયનો ભોગ આપી પ્રયત્નશીલ છે તે ઘણીજ આનંદની બાબત છે.

 દિપોત્સવીઅંક

પરંતુ હવે તો કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ પણ ઉત્તમ નેતાગીરીના રાહે નવજાગૃત અને સક્રિય બન્યું છે યુવક મંડળે વડીલ સમાજને મદદરૂપ બની અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી જે કામ ઉપાડયું છે તે સોનામાં સુગંધ ભળે તેવું બન્યું છે. આ બાબત માટે યુવક મંડળના પ્રમુખ શ્રી શામજીભાઇ સવગણભાઇ પટેલ તેમજ મંત્રીશ્રી અરજણભાઇ વસરામભાઇ પટેલની કામગીરી અતિ નોંધપાત્ર છે.

તા. ૧૨-૮-૭૩ના દિને ધનસુરા વિદ્યાર્થી ભવનમાં ઇનામ વિતરણનો કાર્યક્રમ યુવક મંડળના નેજા તળે રાખવામાં આવ્યો હતો. જેનું પ્રમુખ સ્થાન સમાજના કાર્યદક્ષ અને પીઢ પ્રમુખશ્રી હીરજીભાઇ કરશનભાઇ પટેલ (વિષ્ણુપુરા) એ સંભાળ્યુ હતું અને અતિથિવિશેષ સ્થાને આપણા સમાજના લોકપ્રિય અને સેવાભાવી વયોવૃધ્ધ કાર્યકર શ્રી વાલજીભાઈ કાનજીભાઇ પટેલ (રાયણનો માળ) બિરાજમાન હતા.

ઇનામ વિતરણના ખર્ચની પ્રાપ્તિ ધનસુરાના શ્રી નેશનનલ ટાયર્સના પ્રોપ્રાયટર શેઠ શ્રી પ્રેમજીભાઇ અખેરામભાઇ પટેલ તરફથી થઇ હતી. તેઓશ્રીએ અતિ ઉદારપણે હાર્દિકતાથી રૂા. ૩૫૧ [ત્રણસો એકાવન]ની રકમ ખર્ચી સ્ટીલના લોટા, ગ્લાસ તેમજ પુસ્તકો અગ્રનંબરે ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને પ્રદાન કરી કેળવણીપ્રેમી હોવાની ખાત્રી કરી બતાવી હતી. તેઓશ્રી આ રીતે તેમજ અન્ય રીતે હરહંમેશ સમાજને મદદરૂપ બનતા રહેછે તે પ્રશંસાને પાત્ર છે. તેઓશ્રીની ઉદારતાનું અનુકરણ બીજી વ્યકિતઓ પણ કરે તેવી આશા રાખવામાં આવે છે

શરૂઆતમાં સમાજના મંત્રીશ્રી નાનજીભાઇ કાનજીભાઇ પટેલે સમાજની પ્રગતિ અને સાધેલા વિકાસની મહત્વની બાબતોનો ખ્યાલ સુંદર રીતે આપ્યો હતો. અને યુવકમંડળના પ્રમુખશ્રી સામજીભાઇએ છાત્રાલયની પ્રગતિથી સંતોષ વ્યકત કર્યો હતો. તેઓશ્રીએ તેમની આગવી અસરકારક શૈલીમાં વિદ્યાર્થીઓને કેટલાંક ઉપયોગી સુચનો કર્યા હતાં ત્યાર બાદ પ્રમુખશ્રી હીરજીભાઈ કરશનભાઈ પટેલ અને અતિથિવિશેષશ્રી વાલજીભાઈ કાનજીભાઇ પટેલે તેમના વકતવ્યમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું અને છાત્રાલયોની પ્રગતિથી હર્ષ વ્યકત કર્યો હતો ઇનામદાતા શ્રી પ્રેમજીભાઈ એ પટેલે તેમના પ્રેરક વકતવ્યમા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપી મળેલી તકનો લાભ લેવાનો અનુરોધ કર્યો હતો. છાત્રાલયની પ્રવૃત્તિઓ તેમજ યુવક મંડળના કાર્યને તેઓશ્રીએ બિરદાવ્યુ હતુ. શ્રી પ્રેમજીભાઇ દેવસીભાઇ પટેલે આભાર વિધિ કરી હતી. આ કાર્યક્રમમાં સમાજના અન્ય અગ્રણી કાર્યકરો તેમજ યુવક મંડળના કાર્યકરોએ હાજરી આપી હતી અને છાત્રાલયોના

વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રશંસનીય સિધ્ધિ બદલ તેમજ છાત્રાલયના સંચાલન ગૃહપતિની કાર્યવાહી માટે સંતોષ વ્યકત કર્યો હતો.

વિદ્યાર્થી ભવનમાં ઇનામ મેળવનાર છાત્રોનાં નામ નીચે પ્રમાણે છે.

૧ ડાહ્યાલાલ શામજીભાઇ પટેલ	હરિપુરા	એસ. એસ. સી.	પ્રથમ
૨ નરેન્દ્રકુમાર વાડીલાલ પટેલ	ગઢકંપા	ધો.–૧૦	,,
૩ રૈયાલાલ એત...ઇ પટેલ	વિથોણ	ધો.– ૯	,,
૪ જયંતીલાલ હરિભાઇ પટેલ	વિષ્ણુપુરા	ધો – ૮	,,
૫ રમણલાલ કાનજીભાઈ પટેલ	રવિપુરા	ધો – ૭	,,
૬ ગોવર્ધનદાસ મથુરદાસ પટેલ	અમીનપુરા	ધો.– ૬	,,
૭ નરેન્દ્રકુમાર મથુરભાઇ પટેલ	અમીનપુરા	ધો.– ૫	,,
૮ ઇશ્વરલાલ ગંગારામ પટેલ	રાજપુર	નિબંધ સ્પર્ધામાં પ્રથમ	
૯ નરેન્દ્રકુમાર વાડીલાલ પટેલ	ગઢકંપા	વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ	

કન્યા છાત્રાલયમાં ઈનામ મેળવનાર બહેનોના નામ

૧ ચંપાબહેન મનજીભાઇ પટેલ	ધો.–૧૧	હરિપુરા
૨ અમૃતાબહેન સામજીભાઈ પટેલ	ધો. ૧૦	દોલપુર
૩ જયાબહેન દેવજીભાઇ પટેલ	ધો. ૯	સોનીકંપો
૪ હંસાબહેન પ્રેમજીભાઇ પટેલ	ધો –૮	નવાનગર
૫ ડાહીબહેન કાનજીભાઇ પટેલ	ધો. ૭	રવિપુરા
૬ કૈલાસબહેન તુલસીદાસ પટેલ	ધો.– ૬	વિષ્ણુપુરા
૭ હીરાબહેન ગંગારામ પટેલ	ધો.– ૫	ઘરોલકંપો

નવરાત્રિ મહોત્સવ ખોંભડા

★ જીવનભર ઢસરડો કરનાર ગ્રામ્યજનોને હળવું મનોરંજન પૂરું પાડવા ગામના ઉત્સાહી યુવાનો તરફથી નીચેનાં ત્રણ નાટકો ભજવવામાં આવ્યાં છે.

તા. ૨૬–૯–૭૩ રાસ અને ગરબા
તા. ૨૭, ૩૦, ૩, ૬ પાંજો કચ્છ યાને ઝારાનું યુદ્ધ
તા. ૨૮, ૧, ૪, સતી દ્રૌપદી
તા. ૨૯, ૨, ૫, સો ટચનું સોનું

ઉપરોકત મનોરંજન કાર્યમાં ભાગ લેવા ગામના પરદેશ વસતા ભાઇઓ ઉત્સાહ પૂર્વક પહોંચી આવ્યા છે.

શ્રી પાટીદાર મિત્ર મંડળ, નાગપુર

શ્રી પાટીદાર મિત્ર મંડળ નાગપુરના ઉપક્રમે તા. ૧૩-૮-૭૩ના રોજ એક જાહેર પુરસ્કાર વિતરણ સમારંભ પાટીદાર સમાજના પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ કરસનના હસ્તે યોજવામાં આવેલ હતો. જેમાં પાટીદાર જ્ઞાતિના સરદાર પટેલ ટિમ્બર માર્કેટમાં વસતા જે વિદ્યાર્થી ભાઇ-બહેનો શાળામાં પ્રથમ તથા દ્વિતીય તેમજ એસ. એસ. સી. અથવા કોલેજમાં પ્રથમ વર્ગમાં પાસ થયેલ હતાં તેમનું યોગ્ય સન્માન કરી ઇનામ આપવામાં આવેલ હતા.

સૌ પ્રથમ મંડળના મંત્રીશ્રી લધ્ધારામભાઇ હંસરાજભાઇએ કાર્યક્રમનો હેતુ જણાવી મંડળ દ્વારા કાર્યોપર પ્રકાશ પાડેલ હતો. મંડળના પ્રથમ વર્ષના પુરસ્કાર વિતરણ સમારંભમાં ફક્ત ૧૩ વિદ્યાર્થી હતા અને આ છઠ્ઠા વર્ષમાં ૨૩ વિદ્યાર્થી ભાઇ બહેનોએ ઇનામ પ્રાપ્ત કરેલ છે. મંત્રીશ્રીએ ઇનામ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી ભાઇ બહેનોને મંડળ વતી હાર્દિક અભિનંદન આપતા જણાવ્યું હતું કે આજના યુગમાં શિક્ષણનું મહત્વ વ્યાપારી દ્રષ્ટિએ તેમજ સામાજિક રીતે અત્યંત આવશ્યક છે.

ત્યારબાદ સમાજના પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ કરસને તેમજ સમાજનાઉપ-પ્રમુખ શ્રી રામજી કાનજીએ પણ ઇનામ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન આપતાં શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું.

અંતમાં મંડળના પ્રમુખ શ્રી જીવરાજભાઇ દેવસીએ જણાવ્યું હતું કે જે વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ઇનામ મેળવેલ છે તેમની જવાબદારી વધી જાય છે કે તેઓ આવતા વર્ષે પણ પ્રથમ નંબરે આવી ઇનામ મેળવે. પ્રમુખશ્રીએ સ્ત્રી શિક્ષણનું મહત્વ સમજાવેલ હતું.

અંતમાં મંડળના મંત્રીશ્રીએ સભામાં હાજર રહેલ સૌ વડીલોનો હાર્દિક આભાર માની સભા વિસર્જન થઇ હતી.

લી.
શ્રી પાટીદાર મિત્ર મંડળ વતી
મંત્રી
લધ્ધારામ હંસરાજ પટેલ

=દુર્ગાપુર પાટીદાર સનાતન યુવક મિત્ર મંડળ=

દુર્ગાપુર (કચ્છ)

દુર્ગાપુર પાટીદાર સનાતન યુવક મિત્રમંડળના ઉપક્રમે તા. ૨૦–૮–૭૩ના રોજ મળેલ યુવક મંડળની મીટીંગમાં યુવક મંડળના હોદ્દેદારો અને કારોબારી બોર્ડની વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ	:	દામજીભાઈ અબજી
ઉપ–પ્રમુખ	:	મેઘજી શીવજી
મંત્રી	:	ખીમજીભાઇ હરજી વાસાણી
ઉપ–મંત્રી	:	કાન્તિલાલ શીવજી
ખજાનચી	:	શીવજીભાઇ ધનજી
કારોબારી	:	રવિલાલ અબજી
		નારાયણ વીરજી
		પોપટલાલ મનજી
		પ્રેમજી કરમશી
		ભગવાન જેઠાભાઇ

ઉપરોક્ત મીટીંગમાં નિર્દેશિત નામો વાળા સભ્યો ચૂંટાઇ આવેલ છે અને મંડળને ત્રણ વર્ષ પૂરાં થતાં ચોથા વરસમાં પ્રવેશ કરે છે. જન્માષ્ટમીના તહેવાર માટે ખાસ રમત–ગમત તથા ભક્તિ ભાવના સારા પ્રોગ્રામો રાખવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગામના જ્ઞાતિના સર્વે ભાઇ–બહેનોએ હાજરી આપી મંડળને આભારી કર્યું હતું. છેલ્લે દુર્ગાપુર સમાજના મંત્રી મણીલાલ જેઠાભાઇ તથા ગોવિંદભાઇ અબજીભાઇએ મંડળ વતી આભાર વિધિ કરી હતી.

મંત્રી,
ખીમજીભાઇ હીરજીભાઇ વાસાણી
દુર્ગાપુર પાટીદાર સનાતન યુવક મિત્ર મંડળ.

દુઃખદ અવસાન

ગત તા. ૨૪–૯–૭૩ની રાત્રે તલોદ કચ્છ કડવા પાટીદાર વાડીના વ્યવસ્થાપક શ્રી દેવરામભાઈ પ્રેમજીભાઈ પટેલનું ટૂંકી માંદગી બાદ દુઃખદ અવસાન નીપજ્યું છે.

પ્રભુ તેમનાં કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની શક્તિ તેમજ સદ્દગતના આત્માને શાંતિ અર્પો એજ અભ્યર્થના.

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, તલોદ

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ તલોદની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩-૯-૭૩ના રોજ રાત્રે ૮-૦૦ વાગે મળી હતી. તેમાં નવા વર્ષના હોદ્દેદારોની વરણી નીચે મુજબ કરવામાં આવી છે.

પ્રમુખ : મુળજીભાઈ કરશનભાઈ પટેલ
ઉપ-પ્રમુખ :- વિસરામભાઈ સોમજીભાઈ ,,
મંત્રી :- મોહનલાલ ગંગારામ ,,
સહમંત્રી :- કાન્તિલાલ ધનજીભાઈ ,,
ખજાનચી :- લાલજીભાઇ સોમજીભાઈ ,,

કારોબારી સભ્ય:-

પ્રિન્સિપાલ રતિલાલ લધાભાઈ પટેલ
મગનભાઈ મુળજીભાઈ ,,
લખમશીભાઈ લધાભાઈ ,,
મણીલાલ છગનભાઈ ,,
ડાહ્યાભાઈ વાલજીભાઈ ,,
ડાહ્યાભાઈ દેવશીભાઈ ,,

સામાન્ય વાર્ષિક સભામાં નીચેના મુદ્દાઓ વિચારી ઠરાવો પસાર કરવામાં આવ્યા

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની તદર્થ સમિતિની મીટીંગ હડમતીયા મુકામે બોલાવવામાં આવી છે. તેમાં પ્રથમ ભાગ રૂપે તા. ૯-૧૦-૭૩ના રોજ યુવક મિત્રો તલોદ ઉતરશે તેમની વ્યવસ્થાની કાર્યવાહી યુવક મંડળ તલોદ સ્વીકારે છે.

કચ્છ તેમજ સાબરકાંઠા અને ગુજરાતમાં રેલ સંકટથી જે કચ્છ કડવા પાટીદાર સમાજના ભાઈઓને નુકશાન થયુ હોય તેમને મદદ કરવાનું છે. અને તેમના પ્રત્યે સમાજનું ધ્યાન દોરવાનું વિચારવામાં આવ્યું.

તલોદમાં બાલસંસ્કાર કેન્દ્ર ચાલુ કરવાની વિચાર્યું અને તે અંગે યોગ્ય સભ્યોને જવાબદારી સોંપવામાં આવી છે.

લિ **મોહનલાલ જી. પટેલ**
મંત્રી-શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ

✻ શ્રી કડવા પાટીદાર યુવક મંડળ ✻
શ્રી દુજાપર ગ્રામ પંચાયત વિભાગ

ઘણાં વર્ષોથી જેની રાહ જોવાતી હતી તે શ્રી દુજાપર તા. માંડવી કચ્છ મુકામે તા. ૨૬–૯–૭૩ બુધવારની સાંજે ૭–૩૦ કલાકે વિજળી જોડાણના ઉદ્દઘાટન સમારંભનું દુજાપર ગ્રામ પંચાયત તરફથી આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારંભના પ્રમુખ સ્થાને જાણીતા કાર્યકર શ્રી કરસનભાઈ રાજાભાઈ તથા સભારંભના ઉદ્દઘાટક અબડાસા-નખત્રાણા વિભાગના ધારાસભ્ય શ્રી ખીમજીભાઈ નાગજીભાઈ માસ્તર હતા અને અતિથિ વિશેષ તરીકે કચ્છ જિલ્લા ખેડૂત હિત વર્ધક સંઘના મંત્રી શ્રી નાનાલાલ વી. ઉકાણીના હાથે આ વિજળી જોડાણનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતુ.

આખું ગામ વીજળી ની રોશનીથી ઝગમગી ઉઠયું હતું અને વાતાવરણ આનંદથી ગૂંજી રહ્યું હતું.

આજુ બાજુની ઘણી જનતાએ ઉદ્દઘાટનમાં હાજરી આપી હતી અને ચા, પાણી, નાસ્તા બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

ગામ દુજાપર પંચાયત તરફથી શ્રી ગોપાલ સામજી શ્રી રાંમજી નાનજી તેમજ શ્રી ખીમજી સામજી એ વીજળી જોડાણ માટે બહુજ મહેનત કરી તે બદલ અમો ગામ દુજાપર પંચાયત આભાર માનીએ છીએ. સદાયને માટે આવા ગામનાં કાર્ય કરે એવી પ્રભુ પાસે અમારી નમ્ર વિનંતી છે.

એજ લી.

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, દુજાપર
કચ્છ તા. માંડવી.

પ્રથમ પૂણ્યતિથિએ



સ્વ. પ્રવિણભાઈ પટેલ

ભૂલવા પ્રયત્ન કરીએ છતાં પણ ન ભૂલાય તેવા જેમના સદ્દગુણો નજર સમક્ષથી દૂર થતા નથી, તે ભાઈશ્રી પ્રવિણને અમો હૃદય પૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પતાં ઈશ્વરને પ્રાર્થીએ છીએ કે પ્રભુ સ્વર્ગસ્થના આત્માને ચીર શાંતિ બક્ષે.

લિ. અમો છીએ
આપનાં કુટુંબીજનો,
C/o ઉમિયા વિજય સૉ મીલ, અમદાવાદ.
દ: જીતેન્દ્ર એન. પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, સાગર (મ.પ્ર.)

અત્રે શ્રી પાટીદાર સમાજ સાગરની અન્તર્ગત અભ્યાસ કરતા ભાઇ-બહેનોના ઉત્સાહ વર્ધન હેતુ વર્ષ ૧૯૭૩-૭૪ની વાર્ષિક પરિક્ષામાં સફળતા પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી ભાઇ-બહેનોને પારિતોષિક વિતરણ તા. ૨૩-૯-૭૩ના દિવસે બપોરના ૩-૦૦ વાગે સમાજ તરફથી પટેલ સ્ટ્રા બોર્ડ પ્રોડકશન કું ના પ્રાંગણમાં એક સમારોહ યોજવામાં આવ્યો. સમારોહની અધ્યક્ષતા શ્રી જેઠાભાઈ અરજણભાઈ રવાણીએ કરી. આ વર્ષે વિદ્યાર્થી ભાઈ-બહેનોનું પરિણામ ૯૯% રહ્યું. પ્રથમ શ્રેણી (૬૦%)માં પાસ થયેલ વિદ્યાર્થી ભાઇ-બહેનોને વિશેષ પારિતોષિક વિતરણ કરવામાં આવ્યું. જેમાં સવ પ્રથમ ઇનામ પ્રાપ્ત કરતા શ્રી કેશવલાલ વિરજી પટેલ (એલ એલ. બી. દ્વિતીય વર્ષ) રહ્યા અને વીરજીભાઇ મેઘજીભાઈ મેટ્રીકની પરીક્ષામાં ૬૧% પ્રાપ્ત કરી દ્વિતીય ઇનામ મેળવ્યું અન્ય સફળ થયેલ વિદ્યાર્થી ભાઈ બહેનોને પણ જનરલ પારિતોષિક વિતરણ કરી ઉત્સાહ વર્ધન કર્યું હતું.

આ સમારોહમાં યુવક મંડળ તરફથી "અનુશાસન હીનતા કે લીએ જુમ્મેદાર કૌન? વિદ્યાર્થી ખુદ યા અન્ય કોઇ" આ વિષય ઉપર વાદ વિવાદ પ્રતિયોગિતા રાખવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો

આ પ્રતિયોગિતામાં પ્રથમ ત્રણ રહેલ વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યાં હતાં. ઇનામ પ્રાપ્ત કર્તા નીચે મુજબ છે.

૧ મણીલાલ ભાણજી બી. કોમ. પ્રથમ વર્ષ
૨ સામજીભાઈ જેઠા બી. કોમ. દ્વિતીય વર્ષ
૩ વીરજીભાઈ મેઘજી બી. કોમ. પ્રથમ વર્ષ

ત્યારબાદ સમાજના મંત્રી શ્રી દેવજીભાઈ રામજીએ પોતાના ભાષણમાં વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા તથા ભવિષ્યમાં સફળતા મેળવવાની કામના કરી અંતે અધ્યક્ષ શ્રીએ વિદ્યાર્થીઓને સફળતા ખાતર ખૂબ પ્રશંસા કરી.

વતી
શ્રી પાટીદાર યુવક મંડળ, સાગર

શ્રી પાટીદાર મહિલા મંડળ, સાગર (મ. પ્ર.)

અહીં યુવક મંડળ સાગરના તત્વાધાનમાં તા. ૧૬-૯-૭૩ના રોજે સર્વ સમ્મતિથી મહિલા મંડળની રચના કરવામાં આવી. તેમાં પાટીદાર સમાજ સાગરની સર્વે મહિલાઓ હાજર રહી હતી. મંડળની સ્થાપના હેતુ સર્વે મહિલાઓએ એકમતથી આ પ્રસ્તાવ રજુ કર્યો, જેમાં ઉત્સાહ તથા પોતાને કાંઇ કરી બતાવવાની ખૂબ ધગશ હતી. જબલપુર મહિલા મંડળની સ્થાપનાથી પ્રેરણા લઇ સાગરમાં પણ મહિલા મંડળની સ્થાપના કરવામાં આવી. મહિલા મંડળ સાગરના પ્રમુખ

 મંત્રીએ ઉદ્‌ઘાટન ભાષણ કરતાં જણાવ્યું કે સામાજિક ક્ષેત્રે પ્રગતિ કરવા માટે પુરૂષ વર્ગ કરતાં પણ સ્ત્રીઓનો સહયોગ વધુ જરૂરી છે, આ બાબતમાં ત્યારે સફળતા મળશે કે જ્યારે મહિલામાં સંગઠન તેમજ ઉત્સાહ હશે.

પાટીદાર મહિલા મંડળ, સાગરની પ્રથમ કારોબારી સમિતિની વરણી નીચે પ્રમાણે કરવામાં આવી.

૧ પ્રમુખ	:	શ્રીમતી ગોમતીબેન મેઘજી
૨ ઉપ-પ્રમુખ	:	,, લીલાબેન પુરષોત્તમ
૩ મંત્રી	:	,, જયાબેન હરીલાલ
૪ સહમંત્રી	:	,, કુ. વનિતાબેન દેવજી
૫ ખજાનચી	:	,, મણીબેન અબજી
૬ સાંસ્કૃતિકમંત્રી	:	,, મણીબેન શીવદાસ
૭ ,, સહાયક ,,	:	,, કુ. ગૌરીબેન ધનજી
૮ ,,	:	,, મંજુબેન દાના
૯ ,,	:	,, હસુબેન એમ. ઠક્કર

સલાહકાર સમિતિ

૧ શ્રીમતિ પરમાંબેન રામજી
૨ શ્રીમતિ પાર્વતીબેન દેવજી
૩ શ્રીમતિ કેશરબેન દેવજી
૪ શ્રીમતિ હંસાબેન વિશ્રામ
૫ શ્રીમતિ નર્મદાબેન અગ્રવાલ

વતી,
કુમારી વનીતાબેન
પાટીદાર મહિલા મંડળ

આનંદ !
फुरसद !!
वैभव !!!

राजेश
प्रेशर कुकर



પ્રથમ તો ગ્રાહકો તરફથી, પછી એના હરીફો તરફથી અને હવે ખુદ
આઈ.એસ.આઈ. તરફથી પ્રમાણપત્ર. આમ રાજેશે
આઈ.એસ.આઈ. ચિહ્ન ધરાવનારાં ગણ્યાં ગાંઠ્યા ઉત્પાદનોની
ઉચ્ચ હરોળમાં સ્થાન મેળવ્યું છે.
લક્ષમાં રાખશો કે આઈ.એસ.આઈ. ચિહ્ન એટલે સવિશેષ.
ખાતરીનું ચિહ્ન! ઉત્પાદનની અત્યુત્તમ ગુણવત્તા,
ઉત્કૃષ્ટ કારીગરી અને ચીવટપૂર્વકની પરિપૂર્ણતાનું પ્રમાણપત્ર.
તેથી, જ્યારે તમે પ્રેશર કૂકરની શોધમાં હો
ત્યારે રાજેશની માગણી કરજો. કારણ કે
એ સવિશેષ ખાતરીનું ચિહ્ન —
ISI ધરાવે છે.

નિર્માતા:

સ્ટોકીસ્ટ ✻

શક્તિ વિજય વાસણ ભંડાર

તાંબા, પિત્તળ, સ્ટેનલેસ સ્ટીલ, એલ્યુમીનીયમના વાસણો તેમજ
પ્રાયમસ વગેરે હાજર સ્ટોકમાં મળશે.


પ્રોપ્રાયટર: **પટેલ સાવજીભાઈ ભીમજીભાઈ** (કચ્છ) વીરાણીવાળા

સ્થળ:
ખુશાલપાડા, મોડાસા, જિ. સાબરકાંઠા.

આપના ઘરમાં આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જવા માટે
હમેશાં ફિલિપ્સ રેડીયો ખરીદવાનોજ આગ્રહ રાખો.

ઓથેરાઈઝ્ડ ડિલર્સ ઈન :—

ફિલિપ્સ રેડીયો



કમાન્ડર

PHILIPS

પ્રો. વાડીલાલ જીવરામ (મીઠુ)ભાઈ સોની

ઠે. ચારરસ્તા, **ધનસુરા.**
જિ. સાબરકાંઠા.

મળો યા લખો :—

શ્રી ગજાનંદ રેડીયો સર્વિસ

રેડીયો, ટ્રાન્ઝીસ્ટર, એમ્પ્લીફાયર વેચનાર
તેમજ સંતોષકારક રીતે રીપેર કરનાર
તથા ઇલેકટ્રીક સામાનના વહેપારી.

શ્રી ગણેશાય નમઃ

જાહેર જનતાને —

ખુશખબર

અમારી દુકાનેથી ઇલેક્ટ્રીકને લગતો
દરેક માલસામાન ઘણા જ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેક્ટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે

●

દરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, સ્નો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ-બ્રશ, ન્હાવા-ધોવાના સાબુ, તેમજ દરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે
વિક્રેતા : સીમેન્સ ઇલે. મોટર

— રૂબરૂ મળો —



શ્રી
ગણેશ ઇલેકટ્રીક
એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા. ફોન : પી.પી. ૭૯

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (બહામકંપાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (બહામકંપાવાળા)

તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ
કરી આપવામાં આવે છે.

શ્રી જયઅંબે



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતા અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઈપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઈપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું

વડાગામ જિ. સાબરકાંઠા.

પટેલ ઇલેક્ટ્રીકલ્સ


ઈલેક્ટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, ધનસુરા
જિ. સાબરકાંઠા.

આપની જરૂરીયાત મુજબ

- ટ્યુબ લાઇટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઇટ લેમ્પ
- ઇલે. સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર
  વગેરે... વગેરે...

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.



પ્રખ્યાત—

એવરેસ્ટ ઈ. મોટર્સ

તેમજ

દરેક કંપનીના
સ્ટાર્ટર તથા સ્વીચો
અને તેને લગતી તમામ
વસ્તુઓ.

Everest

લિ.
દેવજીભાઈ કરશનભાઈ
ખીમજીભાઈ કરશનભાઈ
[બદામકંપા વાળા]

શ્રી ૧।

આપની જરૂરીયાત મુજબ :

- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ



ટાયર ટયુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

દરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—


ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફ યર સ્ટોન ટ યર એ ન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેક્ચ ર્સ લિ. કલકત્તા.

મળો :—

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. [illegible]
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

ન. ૨૭ તલોદ રો', **ધનસુરા** જિ. સાબરકાંઠા


realpatidar.com
LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
realpatidar.com
AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઇપણ જાતના

1973 -Jagruti (190)
1973-09 -Jagruti

September

JAGRUTI August '73 Reg. No. G. 322

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ [illegible]
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજૂ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

૧૧

વર્ષ : ૧૫

નવેમ્બર : ૧૯૭૩

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૬]], પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૧૦૧] પરદેશમાં રૂ. ૧૨૫] નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઇપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર
પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી
[વીરાણી કચ્છ]

જન્મ:	સ્વર્ગવાસ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા	સંવત૧૯૯૭, આસો વદ ચૌદશ

અનુક્રમણિકા

ॐ નમઃ શીવાય

ગાયત્રી માતકી જય

તંત્રીસ્થાનેથી

સમાજની યુવા શક્તિને ઢંઢોળવા માટે અને તેમાં નવચેતન આણવા માટે ગત વર્ષથી શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળે આદરેલા પ્રયાસોના પરિપાક રૂપે, અમુક અંશે યુવાશક્તિ જાગૃત થવાનો આછો ખ્યાલ ગત તા. ૧૦, ૧૧ અને ૧૨ મી ઓક્ટોબર-૭૩ના દિવસોમાં ગુજરાતમાં હડમતિયાકંપા ખાતે યોજાયેલ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની તૃતીય સભામાં સૌ કોઈ ઉપસ્થિત આબાલ વૃધ્ધ ભાઈ-બહેનોએ મેળવ્યો હશે જ

યુવા શક્તિ એ કોઈપણ ગામ, સમાજ પ્રાંત કે દેશની સમગ્ર તાકાત છે. આ યુવાશક્તિને સન્માર્ગે વાળવામાં આવે તો રચનાત્મક કાર્યોથી સમાજ અને દેશની કાયાપલટ કરી શકે. જો એ અયોગ્ય રાહ પર દોરાય તો ખંડનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા વિનાશના પંથે પણ પડી શકે.

આપણા સમાજની યુવાશક્તિને રચનાત્મક માર્ગે દોરવાની પ્રવૃત્તિનાં શુભ ચિહ્નો આપણે જોઈ શકીએ છીએ તો સમગ્ર દેશભરમાં વસતા યુવક મિત્રોને એક નમ્ર વિનંતી છે કે જો તમે પોતે તમારા જ સમાજનું ભાવિ ઉજ્જવળ બનાવવા ઇચ્છતા હો તો અત્યાર સુધીમાં જ્યાં જ્યાં યુવક મંડળો ન સ્થાપ્યાં હોય ત્યા ત્યા યુવક મિત્રો એકત્ર થઈ મંડળો સ્થાપી દે. એટલું જ નહિ પણ એ નવોદિત થતાં મંડળો શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘનાં સભ્ય બની 'સંઘે શક્તિ: કલૌ યુગે' નો મંત્ર સિધ્ધ કરે એવી અભિલાષા આ તબક્કે સેવવી અસ્થાને નથી જ.

કેટલેક સ્થળે નવી અને જૂની પેઢીના વિચારોમાં સંઘર્ષ હોય [illegible] સાથ સહકાર મળે એ રીતે વડીલો જ યુવાશક્તિમાં વિશ્વાસ મૂકતા થાય એવી નક્કર પ્રવૃત્તિઓ દ્વારા જ છાપ ઉપસાવી

શકાય, એ યુવાશકિતએ સતત ધ્યાનમાં રાખવાની જરૂર છે.

આ રીતે દેશ વિદેશમાં વસતી યુવા શકિતને એકસૂત્રે બાંધીને સમાજમાં પ્રવર્તતાં દૂષણો જેવાં કે બાળલગ્નો, વૃધ્ધ ઉંમરે થતાં લગ્નો, છૂટાછેડા, ઊંઝા બા કુ થતો કન્યા વિક્રય, છાપનો ખ્યાલ, ધાર્મિક અંધશ્રધ્ધા વગેરે સામે લાલબત્તી ધરવામાં યુવાશકિત જ વડીલ સમાજને મદદ રૂપ બની શકશે. આ તેમજ આવાં અનેક દૂષણોના નિવારણ ઉપરાંત સામાજિક માળખાંની કાયાપલટ કરવા માટે, ભાવિ સમાજ જીવનને સુઘડ બનાવવા માટે આપણાં જ ગરીબ તેમજ તેજસ્વી બાળકોને શિક્ષણ માટે આર્થિક સહાય પુરી પાડવા, સ્કોલરશીપ માટે તેમજ બાલક બાલિકાઓના રહેઠાણ માટે છાત્રાલયોની જરૂર જણાય તેવાં સ્થળોએ તે ઊભાં કરવાની યોજનાઓ વિચારી શકાય. તો આ બધી યોજનાઓ ભવિષ્યમાં પાર પાડવા માટે યુવા શકિત એક બની સંઘના હાથ મજબુત બનાવવા કટિબદ્ધ બને અને 'ઉત્તિષ્ઠત', જાગ્રત, પ્રાપ્ય વરાન્નિબોધત' વાકયને હરહંમેશ નજર સમક્ષ રાખે એજ અભિલાષા.

"અસ્તુ"

—તંત્રી

વિદ્યાર્થી અને ગુરૂ

પુરુષોત્તમભાઈ પટેલ
જગદલપુર

★ બચપણથી સમયનો આગ્રહ રાખે એના જીવનમાં વિદ્યા ટકે.

★ વિદ્યાર્થી જો વિલાસી થાય તો વિદ્યા બળી જાય આજનાં વિદ્યાલયો વિદ્યાનાં નહિ પણ જાણે વિલાસનાં ધામ બની ગયાં છે.

★ વેદાંત ભણાવનાર પ્રોફેસર જો સીગારેટ ફુકનાર હોય તો વિદ્યાર્થીઓના જીવનમાં કેવા સંસ્કાર ઉતરે.

★ પ્રોફેસરો કે શિક્ષકોનું વિલાસી જીવન અનુકરણની મનોદશા વાળા વિદ્યાર્થીઓના ભાવિ જીવનપર ખૂબજ વિપરીત અસર કરે છે.

★ એટલે જ કહેવાનું મન થાય છે કે વર્તનથી ઉપદેશ આપે તેજ સાચો ગુરૂ છે. કેવળ વાણીથી જ ઉપદેશ આપે તે નહિ.

★ સુદામ એટલે સુયોગ્ય સંયમ.

'કન્યાવિક્રય' અને સમાજ

પટેલ રતિલાલ દેવસીભાઈ
"વિજયી"
અમદાવાદ

આપણા 'જાગૃતિ'ના ઓગસ્ટ અંકમાં તંત્રી સ્થાનેથી અને શ્રી કરશનભાઈએ 'કન્યા વિક્રય'ને સામાજિક કલંક ગણાવી રૂપરેખા બતાવી છે તે અંગે મારા મુક્ત વિચારો રજુ કરું તો અસ્થાને નહીં ગણાય.

કન્યાવિક્રયની પ્રથા અંગે પહેલાં તો આપણે એ જાણવું જરૂરી બને છે કે કન્યાવિક્રયની શા માટે ?, કયાં કારણોસર, કયારે અને કયાંથી શરૂઆત થઈ ? આ અનિષ્ટ પ્રવૃતિનાં બીજ કેટલા સમયથી રોપાયાં છે અને એના મદદકર્તા કોણ ? આ બધા સવાલોના આઘાત પ્રત્યાઘાત, અને વિપરીત અસરોનું મૂલ્યાંકન કરી સમાજ આમાં શું કરી શકે તે જાણવાની જરૂર છે.

આ અંગે સમાજની જવાબદારી કેટલી ? કેટલે અંશે જવાબદારી અદા કરી શકે ? સમાજ આમાંથી મુક્તિ મેળવી શકે કે કેમ ? આ સવાલ ગંભીર તેમજ વિચારણીય છે.

આપણે સમાજ ઉપયોગી રચનાત્મક કાર્યો જરૂર કરવાં જોઈએ, પરંતુ મને લાગે છે કે જ્યાં લોહીનાં વેચાણ થતાં હોય ત્યાં મોટી મોટી ઇમારતો ઊભા કરવી, મંદિરો બાંધી કાર્યદક્ષતાનો દાવો કરવાનો કોઈ અર્થ નથી. એક વાત સ્પષ્ટ છે કે જ્યાં લોહીનાં વેચાણ થતાં હોય તે સમયે સમાજનું મૌન સમાજ માટે લાંછન રૂપ તેમજ કરૂણ કમનસીબી ગણી શકાય. લોહીનું વેચાણ એ માત્ર લોહીનું વેચાણ નથી પણ સંસ્કૃતિનું લીલામ છે, સમાજની ખંડિત પ્રતિભાનું ચિત્ર છે, સમાજની પ્રતિષ્ઠાનું લીલામ છે, સામાજિક ઐકયની કસોટી છે. એકવાર સામે પગલે ચાલીને એ ભોગ બનેલી બહેનોને પૂછી તો જુઓ કે એમની આંખમાં સમાજનું માન કયાં અને કેટલે ? તો મને લાગે છે કે એ બહેનો સમાજના નામ પર થૂંકશે, એ પણ એટલી જ નિઃશંક અને સત્ય હકીકત છે. એ બહેનોના શ્વસુર સમાજ આપણા સમાજની નિતિમત્તાની ઠેકડી નહીં ઉડાવતા હોય તેની ખાતરી શી ?

સમાજ આખરે સમાજ છે. વ્યકિત મહત્વનું અંગ જરૂર છે પરંતુ સમાજ સર્વોપરી છે તો એ સર્વોપરિતા ખંડિત ન થાય તે જોવાની પ્રત્યેક વ્યકિતની ફરજ અને ધર્મ બની રહે છે.

દરેક સમાજમાં આવા અનેક સામાજિક પ્રશ્નો કાળક્રમે ઉદ્ભવતા હોય છે. એકનું નિરાકરણ કરતાં બીજા પેદા થતા હોય છે. સભ્ય સમાજના એક માનવીની હેસીયતથી આપણે જો નિવારણ ન લાવી શકીએ તો સમાજની સર્વોપરિતાનું આજ ન[illegible] નૈતિક અધઃપતન અવશ્ય છે, નિશ્ચિત છે. એમાં શંકા રાખવી અસ્થાને છે.

પ્રત્યેક સમાજમાં કોઇને કોઈ દૂષણ હોય છે. જેના નામથી સમાજ નાનપ અનુભવે છે. આજ માનવ માનવ વચ્ચેના સંબંધો એટલા બધા સૂક્ષ્મ અને પાતળા છે કે ગમે ત્યારેય સંબંધો વણસી પડે તે કહેવાય નહીં. આ સમયે આપણે એક માનવીની રીતે જીવવાની જરૂર છે. માનવમાં રહેલા ધર્મને ફરજ દ્વારા દીપાવવાની જરૂર છે.

હજુ હમણાં આપણે અખિલ ભારતીય ધોરણે યુવામંડળની સ્થાપના કરી છે, મારું માનવું છે કે યુવકસંઘનું ધ્યેય ખરેખર જો સામાજિક, આર્થિક-સાંસ્કૃતિક ઉન્નતિ સ્થાપવાનું જ હોય તો તે અંગે યાદ અપાવું તો અસ્થાને નહીં ગણાય કે કન્યાવિક્રયના પ્રશ્નને યુદ્ધના ધોરણે અગ્રતાક્રમ આપી પોતાની સક્રિયતાની આનાથી વધુ સાબિતી ક્યારે ય આપી નહીં શકે. એ કાર્ય એટલું જ ચોક્કસ અને સત્ય છે. આપને સત્ય કદાચ આકરૂં લાગશે ! કારણકે સત્ય છે ને એટલે!! જ્યાં સુધી કાર્યમાં સક્રિયતા નહીં આવે ત્યાં સુધી માત્ર સંમેલનો યોજવાં વિચારોની આપલે કરવાથી કોઇ પણ નક્કર પરિણામની આશા રાખીએ તો તે ખોટી છે સર્વસ્વીકાર્ય છે કે લોકોને તમે સંમેલનો યોજો કે પછી શું કરો છો તેમાં કોઈ રસ નથી તેઓને શુભચિંતક પરીણામની જરૂર છે.

સમાજનો આધાર વ્યકિત પર રહેલો હોય તો પછી એ વ્યકિત લાચારીના સમયે સમાજ પાસે શામાટે અપેક્ષા ન રાખે ? અને અપેક્ષા રાખે તેમાં ખોટું ય શું છે ?

કન્યાવિક્રયના પ્રશ્ન અંગે જો આપણે ઉદાસીનતા દાખવીશું તો આવનારી પ્રજા આપણને માફ નહીં કરે, ઇતિહાસનાં પાનાં કાળા લોહીથી ખરડાઇ જશે.

શ્રી કરશનભાઇએ આજની યુવા પેઢીના વર્તન વિષે લખ્યું છે તે કેટલેક અંશે સત્ય છે. હું માનું છું કે પસંદગીથી થતાં લગ્ન ભાવિ જીવનની સુરક્ષા છે. સંમતિથી થયેલ લગ્ન જરૂર ફળદાયી નીવડે છે, પરંતુ પસંદગીના અર્થમાં જો વિવિધતા આવી જતી હોય તો તે નૈતિક આરોગ્ય માટે જોખમકારક ગણી શકાય. યુવાનારી એ કોઇ તમાશો નથી કે તમારી અનેક વખતની 'ના' પર તમાશો બની તમારી સામે અનેક નારીઓ આવે. યૌવનધનનો સદ્ઉપયોગ કરવાની જરૂર છે.

કન્યાવિક્રયના અનિષ્ટને મદદરૂપ થવામાં આપણા સમાજમાં પ્રવર્તતી અંધશ્રધ્ધા અજ્ઞાનતાએ પણ કાંઈ નાનો સૂનો ફાળો આપ્યો નથી. મોટા ભાગના સભ્યો "છાપ" શબ્દથી ભડકી ઊઠે છે. છાપ વાળાં કુટુંબો સાથે સામાજિક વ્યવહાર નહીંવત્ રાખે છે. આપણે તેઓ પ્રત્યે ધૃણાભાવથી જોઇએ છીએ.

એ બતાવે છે કે આપણે બધું માનસિક પછાતપણું ભોગવીએ

છીએ. અજ્ઞાનના અને અંધશ્રદ્ધાને સાચું માની ખોટું અપનાવી છીએ. માનવીએ ચંદ્ર પર ચરણ મુકી માનવીની મહાનસિધ્ધિને વાચા આપી છે. જ્યારે એજ માનવ અંધશ્રધ્ધામાંથી પોતે તો બહાર આવી શકે તેમ નથી પરંતુ બીજાનેય હડસેલો મારી ડૂબાડે છે. આનાથી મોટી કમનસીબી કઈ હોઇ શકે?

માનવાને કોઇ કારણ નથી છતાં પણ અંધશ્રધ્ધા મુજબ આપણે એકવાર માની લઇએ તો નિર્દોષ બાળકોનો શો વાંક! આવનારી પેઢીને ગુનેગાર બનાવવા જતાં શું આપણે જ ગુનેગાર બનતા નથી.

"છાપ" વાળાં કુટુંબ પ્રત્યે નફરતની નજરે જોવામાં એક ખૂબજ આગળ પડતું પ્રતિષ્ઠિત કુટુંબ પણ એનાથી વંચિત રહ્યું નથી. માત્ર ઘરનાવડોલની આમન્યા રાખવા જતાં સગાઇનું પ્રકરણ ખૂબ જ આગળ વધી ગયું હોવા છતાં પણ સગાઇની 'હા' નકારમાં પલટી ગઇ હતી. છાપવાળું કુટુંબ દીકરીપક્ષ હતું. આશ્ચર્ય ની વાત તો એ છે કે એ કુટુંબના પ્રત્યેક સભ્યોએ ઉચ્ચકક્ષાનું જ્ઞાન પ્રાપ્ત કરેલ છે છતાં પણ આમ બન્યું એ કેટલી બધી મોટી કમનસીબી કહેવાય. આનો અર્થ એ થયો કે 'છાપ' વાળાં કુટુંબોને માટે સમાજમાં કોઇ સ્થાન નથી.

એક વાત સ્પષ્ટ છે કે અન્યનું અહિત થતુ હોય તો ત્યાં આમન્યાનો પણ લોપ કરવો એટલોજ જરૂરી બને છે. સમાજના જાહેરજીવનનું અહિત થતું હોય તો કોઇ પણ ભોગે સિધ્ધાંતની બાંધછોડ કરવીજ જોઇએ. લેશમાત્ર ઢીલ ખતરનાક બની રહેછે.

સત્યનો સ્વીકાર કરવામાં અનુભવવી પડતી નાનમતાનું મૂલ્ય સત્યના મૂલ્ય કરતાં કેટલું ય વિશેષ અને અનેક ગણુ ચડિયાતુ' છે. એ કદી ન ભૂલવું જોઇએ. કન્યાવિક્રયના અનિષ્ટને ડામવાના ઉપાય તરીકે "કન્યાવિક્રય" થતાં પહેલાં ભોગ બનનાર કુટુંબની મુલાકાત લઇ સાચી માહિતી એકઠી કરવી જરૂરી છે. માત્ર આર્થિક સંકડામણનું પરિબળ જ કામ કરતું હોય તો મારું માનવુ છે કે તેવા કુટુંબ પ્રત્યે આર્થિક તેમજ સામાજિક સહાનુભૂતિ બતાવવાની જરૂર છે. વ્યકિતગત મદદનું પ્રમાણ અલ્પ હોય છે. જયારે સમાજનું રૂપ વિશાળ હોય છે.

યોગ્ય માહિતી મેળવવા માટે એક સેવાભાવી કાર્યકરોની સમિતિ રચવાની જરૂર છે. યોગ્ય માહિતી મેળવી શકાય તેવી ખાસ વ્યવસ્થા કરવાની જરૂર છે. એ કુટુંબનો નિકટતાથી પરિચય કેળવી શુભ પરિણામ લાવવું જોઇએ સમાજ જયાં સુધી પ્રત્યેક વ્યકિતને પછી ભલે ગરીબ હોય કે અમીર હોય, સર્વને સમાનકક્ષાએ નહીં ગણે ત્યાં સુધી સમાજની પ્રગતિમાં [illegible] રૂકાવટ આવવાની છે.

મારું મંતવ્યછે કે એવાં કુટુંબો જ જો સમાજને જાણ કરે તો આ સવાલ ઝડપથી ઉકેલી શકાય. સમાજ પણ સારી રીતે સમજણ મેળવી શકે અને તેના કારણે નિર્ણયમાં થતો વિલંબ નિવારી શકાય.

અને છેલ્લે ખૂબજ અગત્યની વાત એ છે કે આ અનિષ્ટ પ્રવૃત્તિ ચલાવતી વ્યક્તિઓને પ્રકાશમાં લાવવાની જરૂર છે. તેઓની નૈતિકતાની ફજેતી કરવાની જરૂર છે. પછી ભલે તે આગેવાન વ્યક્તિ હોયતો પણ જરાય શેહશરમ રાખ્યા સિવાય સમાજ સામે લાવવી જોઇએ.

"કન્યાવિક્રય" અંગે મેં મારા વિચારો દર્શાવ્યા તેમાં ક્ષતિ પણ હોઇ શકે તો આપ 'આપની' રીતે વાંચી એમાં રહેલું નાનું, સરખુ સત્ય પણ આપના દિલને અસર કરતું હોય તો આપ પણ સહભાગી બનો એવી આશા રાખી અહીં વિરામ સ્થાન ભોગવું તો કાંઇ ખોટું તો નથી જ !

યુવકો પ્રત્યે વડીલો નો દ્રષ્ટિકોણ

સંપાદક : કેશવલાલ વી. પટેલ એમ. એ. એલ. એલ. બી. (ફાઇનલ)

આપણે વીસમી શતાબ્દીના આઠમા દશકમાં જીવી રહ્યા છીએ. અર્થાત અણુવીક તેમજ તેજ પ્રગતિના યુગના પ્રમાણે સદસ્ય છીએ. આપણે પણ સમયની દ્રષ્ટિએ ઓછાવત્તા અંશે તો પ્રગતિ કરીજ રહ્યા છીએ પણ કયારેક તે પ્રગતિને બાધક તત્ત્વો અવરોધક બની જાય છે. અને અવરોધક તત્ત્વો સાધક પણ થાય છે.

આવોજ દાખલો આપણી શૈક્ષણિક તેમજ સામાજિક દશામાં જોવામાં આવે છે. આ પ્રગતિના વિકાસ પાછળ જે તત્ત્વો કાર્યરત છે. જેને આપણે યુવક તેમજ વડીલ વર્ગમાં નવી પેઢી યા જૂની પેઢીના રૂપમાં ઓળખીએ છીએ 'નવી' અને 'જૂની' પેઢીના વિચારો અને મંતવ્યોમાં અંતર હશે. કદાચ મારું માનવું ભૂલભરેલુ પણ હોય !

અહીં હું એજ પ્રગતિમાં છું અને બંને પેઢીઓ વચ્ચેના મતમતાંતર તેમજ વડીલોનો યુવક વર્ગ પ્રત્યે દ્રષ્ટિકોણ છે તેનો આછો ખ્યાલ આપી રહ્યો છું પાટીદાર યુવક મંડળના તત્વાધાનમાં તા. ૬-૯-૭૩ની રાત્રિ એ ૮-૩૦ વાગ્યાથી ૧૧-૪૫ વાગ્યા સુધી હૈદ્રાબાદ થી પધારેલ સામાજિક કાર્યકર્તા શીવજીભાઈ મુળજી (ટોડીઆ) સાથે સામાજિક બાબતો તેમજ શૈક્ષણિક બાબતો ઉપર વિચાર વિમર્શ

કરવામાં આવ્યો. આ વિષય- ચર્ચામાં નાગપુરથી ભૂતપૂર્વ મંત્રી યુવક મંડળ- નાગપુરના શ્રી મનસુખલાલ ભાઈ પણ ઉપસ્થિત હતા. આ બેઠક મા સાગર પાટીદાર સમાજના સદસ્યો તેમજ પાટીદાર યુવક મંડળની કારોબારી ઉપસ્થિત હતી અને પ્રશ્નોત્તરના રૂપમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ઉત્તર દાતા- મુ. શ્રી શીવજીભાઇ મુળજીભાઇ હતા. તેમને આ પ્રમાણે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

પ્રશ્ન—યુવક મંડળની પ્રવૃતિઓ બાબત આપનો શું ખ્યાલ છે?

ઉત્તર–આમ જોતાં તો બધી જગ્યાએ મંડળો પહેલેથી અવશ્ય જાગરૂક થયાં છે, સાગર મંડળ પ્રસંશાને પાત્ર છે. પ્રવૃત્તિઓ સરળ અને સારી છે. આવી પ્રવૃત્તિઓ બીજી જગ્યાએ પણ થાય છે. અને ખરેખર યુવકોમાં ધગશ છે. મંડળોની પ્રવૃતિ એકાંગી ન હોઇ બહુ વિધ હોવી જોઈએ. સમય અનુસાર યુવક મંડળોની પ્રવૃત્તિઓનું ક્ષેત્ર વિકસાવવું જોઈએ.

પ્રશ્ન-- કલકત્તા, પૂના તથા હાલમાં ગુજરાત ખાતેના યુવકોના પ્રવાસ બાબત તમારું શું માનવું છે?

ઉત્તર—કલકત્તા તથા પૂનામાં જે આયોજનો કરવામાં આવ્યાં તેથી મને સંતોષ છે. યુવકોમાં જાગૃતિની લહેર આવી છે. તે લહેર કાયમ રહેશે અને હવે જરૂર સામાજિક ઢાંચામાં પરિવર્તન થશે એમ મને દેખાય છે, હાલમાં ગુજરાતના કમ્પામાં જે સભા મળશે. તેથી કચ્છ ગુજરાત અને ભારતના અન્ય ભાગોમાંવસતા ભાઈઓ વચ્ચેનું અંતર દૂર થશે. અલગ અલગ સ્થળની સમસ્યાઓ જાણવા મળશે અને તેનાં નિદાન પણ લેવામાં આવશે.

પ્રશ્ન—ગુજરાતમાં મળનાર સમિતિના સભામાં ધર્મ બાબત વિષય ચર્ચવામાં આવે અને તેનો નિર્ણય લેવામાં આવે તો તમારું શું માનવું છે?

ઉત્તર—ધર્મ બાબતમાં એકદમ પગલાં લેવાં ખતરનાક નિવડશે અને વધુ જૂથને પ્રોત્સાહન મળશે તેમજ મુશ્કેલીઓ વધારે ઊભી થશે. હું પણ સમજું છું કે પ્રશ્ન ઘણો જટિલ છે, પરન્તુ આ વિષયને સમજાવટ અને સંપ, સલાહથી પતાવવો જરૂરી છે.

પ્રશ્ન—આપણા સમાજમાં છૂટાછેડાનું પૂર જેવું જણાય છે એની પાછળ દોષિત કોણ છે? યુવકો કે તેમના વડીલો?

ઉત્તર—સમાજનુ અવલોકન કરતાં છૂટાછેડા પાછળ દોષિત કોણ? એકદમ કહેવું સહેલુ નથી છતાં પણ મારી દ્રષ્ટિમાં વડીલો, યુવક કરતાં વિશેષ દોષિત છે કારણ કે અગાઉ જે છૂટાછેડા ના બનાવો બન્યા તેની પાછળ બાળ વિવાહ અથવા બાળ સગપણ છે. વધારે પડતાં સગપણ છોકરો તથા છોકરી લક્ષમાં લઈને નથી જોડવામાં આવેલાં પરન્તુ કોઈપણ દૂરના સંબંધ જોઈને

1973 -Jagruti (190)
1973-10 & 11 -Jagruti

 [illegible] આવેલા હોય છે. સમય પરિવર્તન થયાબાદ યુવક વર્ગને બંધ બેસતું ન લાગતાં ઠોકી બેસાડયા જેવું લાગ્યું એટલે છૂટાછેડા જેવાં કારણો દેખાયાં બીજા કારણોમાં છોકરાનો વધુ અભ્યાસ અને છોકરીને જૂના વાતાવરણમાં રાખવાના કારણે પણ આ વસ્તુને ઉત્તેજન મળ્યું. આમ છતાં ત્રીજી વસ્તુ ધનવાન વ્યક્તિ પોતાના ધનના જોરે તેમનો પણ છૂટાછેડા કરવાની ધમકી આપે તેમજ કરી પણ બતાવે છે આમ જોતાં તેમના વડીલો વધારે જવાબદાર છે. પરન્તુ અમુક અંશે યુવકો પણ દોષિત છે. ઘણી વખત યુવકની ધમકીથી તેનાં મા-બાપ કર્જ કરીને પણ છૂટાછેડા ના બનાવો બન્યા હોય છે તેમ આપણે તારવી શકીશું.

પ્રશ્ન— જ્ઞાતિ રિવાજોનું ઉલ્લંઘન કરવાંમાં આવે તો તમારા ખ્યાલમાં શો ઉપચાર છે?

ઉત્તર— આ બાબતમાં ઘણી વખત ચર્ચાઓ થયેલી પરન્તુ કોઇ અંતિમ હલ મુશ્કેલ છે તેના માટે "અસહકાર" એક મહત્વનું સાધન છે. પરન્તુ જ્યાં સુધી પૂરતું સંગઠન નથી ત્યાં સુધી અસહકાર ચોકકસ અસફળ રહેશે. જેવી રીતે જબરદસ્તીથી વગર કારણે કોઈ યુવાન છૂટાછેડા લઇ નાખે અને આપણે "અસહકાર" માં બીજી છોકરી જ્ઞાતિ માંથી ન આપવાનો નિર્ણય કરીએ પરન્તુ તેમને બીજી જગ્યાએથી (ગામથી) છોકરી આપવા વાળા પણ મળી રહે છે. ઘણી વખત ધનવાન વ્યક્તિને પૈસાનો ગર્વ હોય છે તે ગર્વ પાછળ એટલા બધા આંધળા થઇ જાય છે કે પોતાની ઇજ્જતનો પણ ખ્યાલ ખોઇ બેસે છે. અમુક રીવાજોમાં તમે વડીલની ઊણપ જોતા હશો તે ઊણપ નવી પેઢીએ દૂર કરવી જોઇએ. વડીલોનો માત્ર દોષ બતાવવો એ પણ ભુલ છે.

પ્રશ્ન— પર્દા પ્રથા વિશે તમારો વ્યક્તિગત વિચાર જણાવશો?

ઉત્તર— પર્દાપ્રથા એટલે 'ઘૂંઘટ' અને ઘૂંઘટ એટલે 'મર્યાદા' આ બાબતમાં મારો વિચાર છે કે જરૂર આમાં પરિવર્તન હોવું જોઇએ પરંતુ સીમા ન વટાવવી જોઇએ. 'મર્યાદા' માં 'ઘૂંઘટ' નો અર્થ 'લાજ' કાઢી અને મોટે અવાજે બોલવું તેને ઘૂંઘટ ન કહેવાય તેમજ મર્યાદા પણ નહીં. "મુળ વસ્તુ એજ કે આત્મા શુદ્ધ હોયતો ઘૂંઘટ કોઇ વસ્તુ નથી" મુસ્લિમ સમયમાં આત્મ વિકાર પેદા થવાથી આ વસ્તુ ચાલુ કરવામાં આવી તેમજ આત્મ શુદ્ધિ જેવું વાતાવરણ થાય તો ઘૂંઘટ દૂર થવો જોઇએ વસ્તુતઃ ઘૂંઘટ એટલે 'સંસ્કાર' છે, આનો અર્થ ઘૂંઘટકાઢવો એટલે સંસ્કારી એવું માનવું ઠીક નથી પરંતુ સંસ્કારી વ્યક્તિત્વ ઘૂંઘટ નું કાર્ય કરે છે. આવી વસ્તુઓની સમાજમાં માંગ કરવા પહેલાં પોતાના અધિકાર અને કર્તવ્યો સમજવાં જોઇએ.

પ્રશ્ન— સાસુ અને વહુ વચ્ચે અણબનાવથી જ વધુ પડતી ઘટનાઓ જન્મે છે? આમાં તમારું શું માનવું છે.

ઉત્તર— સામાન્ય રીતે પ્રત્યેક ઘરમાં સાસુ વહુ વચ્ચે અણબનાવ રહ્યા જ કરે છે પરંતુ સાસુ વહુના ઝઘડા અન્ય પારિવારિક ઘટનાઓ ઉપર પ્રત્યાઘાત કરે છે અર્થાત સાસુ વાતાવરણને ઉગ્ર બનાવે છે આથી ન થવાની ઘટનાઓ પણ બન્યા કરે છે. આત્મહત્યા અને છૂટાછેડા જેવી અનેક બાબતો પણ થયા કરે છે. પરંતુ એકલી સાસુ પણ આની પાછળ દોષિત નથી જેમકે છોકરી એક વાતાવરણ તથા સંસ્કારમાંથી તે પતિના પરિવાર માં એટલે કે બીજા વાતાવરણ અને સંસ્કારમાં પ્રવેશ કરીને પોતાને શ્વસુર પરિવારની સ્થિતિમાં ન બદલી શકવાને કારણે પણ ઝઘડાનું રૂપ ધારણ કરે છે. આના કારણે અવિશ્વાસ પેદા થાય છે અગર ઘરના સંસ્કાર સુધરે, તો જ સંતાનો ના સંસ્કાર સુધરે, સંસ્કાર થી જ વાતાવરણ રમ્ય તેમજ શાંત બને.

પ્રશ્ન— ઊંઝા સંબંધ માં જે વાતાવરણ જન્મી રહ્યું છે તે ન્યાયોચિત છે કે નહિ

ઉત્તર— આ સવાલનો જવાબ આપવા પહેલાં ત્યાંની (ઊંઝા) તથા આપણે ત્યાંથી જે કન્યાઓ વહેતી કરવામાં આવે છે ત્યાંની સ્થિતિનું અધ્યયન કરવું જરૂરી છે. આમ જોતાં તો ભૂલ જ છે કે દલાલોની સહાયથી કન્યા વિક્રય કરવામાં આવે છે. આતો ગુલામોના વેપારને પણ વટાવી જાય તેમ છે પરતું સગપણ કર્યા પહેલાં સામાવાળાની પૂરી ચકાસણી કરી અને પછી સંબધ જોડવો જોઇએ ઊંઝામાં એવા પણ બનાવ સાંભળવા મળ્યા છે કે આપણી જ્ઞાતિ ઉપર એક બીજું કલંક તેમજ નિર્લજ વસ્તુ છે. યુવક તેમજ વડીલ ભાઈઓનું કર્તવ્ય છે કે આસંબધમાં તપાસ કરવી જોઇએ અને જેમ બને તેમ આપણી કન્યાઓને આટલું દૂર અજાણી જગ્યાએ સોદું ન કરવા દેવુ જોઇએ આ કાર્ય ને રોકવા સંમ્મેલનોમાં આયોજન કરવાં જોઇએ. આ કાર્યમાં વડીલ વર્ગ અવશ્ય સાથ અને સહકાર આપશે.

પ્રશ્ન— અનૈતિક કાર્યો પાછળ કોણ દોષિત છે ? તમારી દ્રષ્ટિએ છોકરાઓ કે છોકરીઓ !

ઉત્તર— એક હાથથી તો તાળી વાગતી નથી એટલે કે બંન્ને દોષિત ગણાય પરંતુ ઇશ્વરની રચનાથી છોકરીની ગલતી યા ભૂલ પકડાય છે અને દેખાય પણછે છોકરો કે પુરૂપ સો ટકા દોષિત હોવા છતાં તેના દોપ અદ્રશ્ય હોય છે. છોકરી ક્યારે દોષિત બનશે જ્યારે સામે પુરૂપ પણ દોષિત હશે ત્યારે ને ? પરન્તુ દોષિત છોકરીને ઠરાવવામાં આવે છે અને તેજ તેની ભોગ બને છે. સાધારણ રીતે જોતાં શું છોકરાઓ પોતાને શુદ્ધ અને પવિત્ર સમજે છે. ? બજાર યા અન્ય સ્થાનો ઉપર ગમે તેવી વર્તાણુક દાખવી પોતાની હોંશિયારી [illegible] દોષિત હોવા છતાં દોષિત દેખાતો નથી.

ઉપરોક્ત રીતે પ્રશ્નોતરી સાંભળ્યા બાદ આપણે કહી શકીશું કે વડીલો સ્થિતિને બરાબર સમજે છે. પરંતુ પોતે જ સામાજિક રૂઢિબંધ ઢાંચામાં પરિવર્તન લાવવા તૈયાર નથી તેની પાછળનું એકજ કારણ છે કે જે વ્યકિત જેવી રીતિઓ અને રીવાજોથી પોષાયેલા છે તે એકદમ છોડી નથી શકતા. બીજી તરફ અગર યુવક વર્ગ કોઈ સુધારા લાવવા પ્રયત્ન કરશે તો તેમાં બાધક પણ નહિ નીવડે. અમુક સમય હતો કે જેમાં નવા સુધારાની વાત ઉપર વડીલ વર્ગ ઉગ્રતા બતાવતા હતા. પરંતુ સમયની સમજ શકિતથી વડીલો અવશ્ય પ્રભાવિત થયા છે. એટલું તો જરૂર છે કે વડીલ વર્ગે એક પક્ષીય સુધારા ઉપર દબાણ રાખ્યું છે તે આપણે પણ જોઇ શકીએ છીએ જેવી રીતે શિક્ષણ બાબતમાં છોકરાઓને વધુ અભ્યાસ કરાવવા બાબત ધ્યાન આપ્યું પણ બીજી જ બાજુ છોકરીઓ પ્રત્યે દબાણ ન રાખ્યું આનું પરીણામ સગપણ, વિવાહ અને અણબનાવમાં આપણને જોવા છે છતાંપણ આપણે પ્રગતિને પંથે તો છીએજ......

સંકલ્પ ગીત

અખેરામ વાલજી પારસીયા
કલકત્તા

અખિલ કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના નેજા તળે
મળ્યા, સૌ યુવાન પ્રતિનિધિઓ, સામાજિક કાર્ય કરવાને
ગુજરાત સાબરકાંઠાની મધ્યે હડમતિયા ગામને આંગણ
પરસ્પર ભાવનાને સ્નેહની સરિતા વહાવીશું
કન્યા કેળવણી ક્ષેત્રે ગરીબ વિદ્યાર્થીઓ માટે
તન, મન, ધન તણી સેવા અમે સૌ આપતા રહીશું.
પ્રથા 'ઘૂંઘટ' તણીને માન્યતા છે ' છાપની ખોટી
અવરોધો જ્ઞાતિના આવા અમો સૌ કાપતા રહીશું.
હરગીજ સહન નહીં કરીએ અમે બાંધવ થઇ લડશું.
સનાતન ધર્મ છે આદિ અનાદિ કાળથી ચાલે,
સનાતન ધર્મનો જયનાદ ઘરોઘર ગુંજતો કરશું.
કરો સંકલ્પ સૌ આજે મનોબળ દઢ રાખીને,
સામાજિક દૂષણો સામે અમે સૈનિક થઈ લડશું,
માસિક' જાગૃતિ ન્યારૂ પાક્ષિક 'આઝાદકલમ' ન્યારૂં,
નવચેતન આણવા માટે અહેવાલો વાંચતા રહીશું.

શિષ્ટાચાર

સંકલન : સામજીભાઈ એસ. પટેલ
હરસડી (કચ્છ)

'એટીકેટ અથવા શિષ્ટાચાર' શીખવા માણસને કોઇ સ્કૂલમાં તાલીમ લેવી પડતી નથી. કે ખાસ વધારે મહેનત પણ ઊઠાવવી પડતી નથી. મોઢાના બે મીઠા શબ્દો અને હાસ્ય માટે આપણે કંઇ કીંમત ચૂકવવી પડતી નથી, પણ એ બે શબ્દો વડે ગમે તે માણસને ખુશ કરી શકાય છે. શિષ્ટાચાર દ્વારા માણસનો સ્વભાવ પ્રગટ થાય છે.

શિષ્ટાચાર વિશેની એક મજાની વાત સાંભળવા જેવી છે. એક જમાનો એવો હતો કે યુરોપમાં તમો એક સ્થળેથી બીજા સ્થળે પ્રવાસ કરી રહ્યા હો, ત્યારે તમારી પાસેથી બેગની અંદર કઇ કઇ વસ્તુઓ છે. એની યાદી બનાવીને કાગળ બેગ પર ચીટકાવી રાખવો પડતો, બેગ પર આવી ટિકિટ લગાડેલી હોય તો કોઇ બેગ ખોલીને જોવાની તસ્દી લેતું નહીં, સમય જતાં ટિકિટ શબ્દ રૂઢ બનતો ગયો અને એની ઉપરથી 'અટિકિટ' અથવા 'એટિકેટ' શબ્દ પ્રચલિત બન્યો.

કહેવાય છે કે એકવાર ઇંગ્લેન્ડનાં રાણી વિક્ટોરીયા તથા રાજા વચ્ચે કંઇક કારણસર અણબનાવ થયો રાજા સાહેબ પોતાના ખંડનાં બારણાં બંધ કરીને બેસી રહ્યા. થોડી મિનિટો પછી બારણા ઉપર ટકોરા પડયા. પ્રિન્સ આલ્બર્ટે પૂછ્યું કોણ છે? હું બ્રિટનની રાણી છું બારણાં ખોલો.

બારણાં ખોલ્યાં નહીં, એટલે રાણીએ બહુવાર ટકોરા મારવાનુ ચાલુ રાખ્યું છેવટે એક મૃદુસ્વર સંભળાયો કે બારણુ ખોલો, હું તમારી પત્ની વિક્ટોરીયા છું. અને ઝટ કરતાં બારણાં ખૂલી ગયાં.

એકવાર ન્યુયોર્કની એક સન્નારી 'ફિલાડેલ્ફીયા' જતી ટ્રેનમાં પહેલા વર્ગના ડબ્બામાં ચઢી બેઠી, તે ડબ્બામાં માત્ર એક જાડા તગડા ગૃહસ્થ બેઠા હતા. તેમણે ચીરૂટ સળગાવી તેના ધુમાડાથી પેલાં બહેનને ખાંસી આવી અને તે અકળાવા લાગી પરંતુ તેમ છતાં કંઈ વળ્યું નહીં પેલા ગૃહસ્થે ચીરૂટ બુઝાવી નાખવા કે ફેંકી દેવાનો બિલકુલ પ્રયત્ન કર્યો નહીં ત્યારે પેલી સ્ત્રી, જરા રોષ ભર્યા સ્વરે બોલી 'આપ કોઈ પરદેશી લાગો છો' એટલે આપને કદાચ ખબર નહીં હોય કે આ ટ્રેનમાં ધુમ્રપાન માટે એક ખાસ ડબ્બો છે. પેલા ભાઈએ બોલ્યા વિના ચીરૂટ બારીમાંથી ફેંકી દીધી

થોડીવાર પછી ગાર્ડ આવતાં પેલી સન્નારીએ ફરિયાદ કરી. [illegible] સાચી વાત જાણવા મળી ત્યારે એ સ્ત્રી

ની શરમની કોઇ સીમા ન રહી. એ ભૂલમાં અમેરિકાના સર્વોચ્ચ અધિકારી જનરલ ગ્રાંટના ડબ્બામાં ચઢી ગઈ હતી પછી ઝડપથી એ ડબ્બામાંથી ચાલી ગઇ પરંતુ જે અદ્દભુત શિષ્ટાચાર દેખાડી 'જનરલ ગ્રાંટે' પોતાને પ્રિય ચીરૂટ એક પણ શબ્દ બોલ્યા વિના બારીમાંથી ફેંકી દીધી હતી એથી કદાચ પેલી સન્નારી ક્ષોભપામી શરમાઇ ન જાય તે માટે તેણે એક વાર પણ તેના તરફ આંખ ફેરવીને જોયું નહીં.

★

નારાયણ વિશ્રામ પટેલ
ભૂજ–કચ્છ

કચ્છ મહીં એક ગામડું વાંઢાય જેનું નામ છે.
માતા ઉમિયાજી તણું જ્યાં પવિત્ર એક ધામ છે.
રામનવમીના દિને ઉત્સવ અનેરો થાય છે.
હજારો પાટીદારો તણી જ્યાં સંખ્યા એકત્ર થાય છે.
માત ચરણે હોંશથી અતિ ભેટ પુષ્પ અપાય છે.
પ્રસાદ લીધા પછી જન મેદની વિખરાય છે.

"જીવન પ્રજ્ઞા" વિદ્યાલય છે જીવન જ્યોતિ અપાય છે.
પૂજ્ય પાંડુરંગ તણી જ્યાં પ્રેરણા અદ્દભુત અપાય છે.
એ જ ભૂમિમાં સંત જન્મ્યા ઈશ્વર ઓધવરામ રે
પાટીદારોને નવજીવન આપ્યું એ જગજાહેર વાત છે.
પૂના તણા શ્રી લાલજીભાઈએ કામ કર્યું અતિ સુંદર છે.
માતાજીની પ્રેરણા થકી જ્યાં કરાવ્યું જીર્ણોધ્ધાર છે.
સ્વપ્ન છે પાટીદારોનું જ્યાં બનાવવું ભવ્ય ઉપવન છે.
આદર્શ યોજના યાત્રાળુની સુંદર વિચારાઈ છે.
સંવત બેહજાર ઓગણત્રીસ માં જ્ઞાતિગંગા સાથે મળી
કુળદેવી સૌ સફળ કરશે મનોકામના આપણી.

गीत

कु. निर्मला पटेल (बी. ए.)

जागो मेरी जाति बहनों, खेलो फिर अंगारों से ।
अब तुमको टकराना होगा, एटम की तलवारों से ॥
जागो जागो हुआ सवेरा, सुनो पुकार शहीदों की ।
महादेश की शक्तिओ जागो, माता बनो शूरवीरों की ॥
छोडो ये प्रमाद मति, छोडो जुल्मो की लंका ।
अब तुम फूंको शंख बजादो, नए जागरण का डंका ॥
काम नहीं चल पायेगा, अब पायल की झंकारों से ।
तुम्हें गुजरना है दुनिया के, भीषण हाहाकारों से ॥
जागो......(१)

लानत है उनपर जो बातें, करते है गद्दारी की ।
होशियार बनके करो संहार, तुम उन गद्दारों का ॥
करो यहांसे खाली डेरा, मानवता के चोरों का ।
कदम मिलाकर चलो हिलादो, भुमण्डल नकारों का ॥
बनो सिपाही बाहर निकलो, लडो मरो दिलदारों से ।
अब तुमको टकराना होगा, एटम की तलवारों से ॥
जागो......(२)

उठो दिलमें शकित जगाओ, शिक्षा दो संतानों को ।
वीर बने शूरवीर बने, मार भगावे शैतानों को ॥
भीख नहीं मांगा करतीं, सिंहन कभी शियारों से ।
जीना सीखो मरना सीखो, खेलो लहु की धारों से ॥
जागो......(३)

बहादुर बहनों इतना करना, जब दुश्मन तुम्हें सतावे ।
रणचण्डी के खप्पर में, शीश उनका चढ जावे ॥
बन्धन तोडो वीर बनो, ऋण चुकाओ समाज को ।
कुल मर्यादा पालन करके, सबल बनाओ समाज को ॥
जागो......(४)

सरदार, शिवाजी रतन देकर, मान बढाओ नारी का ।
लाड, (१) जीजा (२) से शिक्षा लेकर, शान बढाओ भारतका ॥
देश बचाओ धर्म बचाओ, सेवा करो समाजकी ।
अमर नाम अपना करके, गोद दिपाओ माताकी ॥
जागो......(५)

(१) लाड बाई उच्चस्तरीय समाज सुधारक एवं भारत रत्न श्री सरदार बल्लभभाई पटेल की माता थीं ।
(२) जीजा बाई, महान स्वाभिमानी एवं देश रक्षक श्री छत्रपति शिवाजी महाराज की माता थीं ।

શ્રી અખિલ ભારતી કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ તદર્થ સમિતિ

તૃતીય સભા

હડમતિયા કંપ
તા. ૧૦-૧૧-૧૨ ઓકટોબર'૭૩

હડમતિયા કંપા (ગુજરાત) ખાતે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની તદર્થ સમિતિની દ્વિતીય સભા તા. ૧૦, ૧૧, ૧૨ ઓકટોબર ૧૯૭૩ના ત્રણ દિવસ દરમિયાન મળી હતી. જેમાં તદર્થ સમિતિના હોદ્દેદારોમાંથી મોટા ભાગના સભ્યોએ હાજરી આપી પોતાની ફરજ બજાવી હતી. ભારતભરનાં વિવિધ સ્થળોએથી આમંત્રિત મહેમાનોએ પણ સભામાં હાજરી આપી હતી. પરિણામે સમાજની પ્રગતિવાંછુ કાર્યકર વ્યક્તિઓથી સભાની કાર્યવાહી સક્રીય અને ચેતનવંતી બની હતી.

આ ત્રણ દિવસ મળેલી સભાનું પ્રમુખસ્થાન અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના કાર્યદક્ષ પ્રમુખ શ્રી ખીમજીભાઈ લખમસીભાઈ એ સંભાળ્યું હતું અને સભાની કાર્યવાહી સફળ રીતે સંભાળી સંઘને ગૌરવ અપાવ્યું હતું.

સ્થાનિક વ્યવસ્થાની જવાબદારી શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળે, મંડળના પ્રમુખ શ્રી સામજીભાઈ તેમજ મંત્રી શ્રી અરજણભાઈ (લક્ષ્મી ટોકીઝવાળા) ની આગેવાની નીચે ઉપાડી લીધી હતી. જેમાં હડમતિયા કંપાના ઉત્સાહી યુવકો અને કેળવણીપ્રેમી વડીલોનો સાથ અત્યંત ઉપયોગી નીવડયો હતો. સભાસ્થળ માટે શ્રી આર. એન. પટેલ હાઈસ્કૂલનો સેન્ટ્રલ હોલ અતિ ઉપકારક સાબિત થયો હતો. હાઈસ્કૂલના ઉદારદાતા શ્રી આર. એન. પટેલના દાનનાં સાર્થકતાનાં આ તબકકે દર્શન થતાં હતાં.

સભાની કાર્યવાહી માટે તા. ૧૦, ૧૧ ૧૨ ઓકટોબર નક્કી કરવામાં આવેલ તેથી અગાઉના દિવસે એટલે કે તા. ૯-૧૦-૭૩ના શુભ દિને દરેક પ્રતિનિધિઓએ હડમતિયા મુકામે સાંજે પહોંચી આવવાનું હતું. તે માટે પ્રથમ દરેક મહેમાનોને તલોદ ઉતરાવવાનું તલોદ યુવક મંડળે સ્વીકાર્યું હતું. તલોદ કચ્છ કડવા પાટીદાર યુવક મંડળના પ્રમુખ શ્રી મુળજીભાઈ તેમજ પ્રિન્સિપાલશ્રી રતિલાલભાઈની આગેવાની તળે આગંતુક મહેમાનોનું અત્યંત પ્રેમપૂર્વક અને હાર્દિકતાથી સ્વાગત કરવામાં આવ્યું હતું સ્વાગત દરમિયાન અલ્પ સમયની સભામાં મિલન સમારંભ જેવું રાખવામાં આવ્યું હતું જેમાં મહેમાનોની ઓળખવિધિ પણ કરવામાં આવી હતી. તલોદ યુવક મંડળના કાર્યકરો અને તેમના સહકારમાં હર હંમેશ તૈયાર રહેતા તલોદના વડીલશ્રીઓની ઓળખાણની કાર્યવાહી ધનસુરા નેશનલ ટાયર્સવાળા શ્રી પ્રેમજીભાઈ એ. પટેલે ખૂબ જ સ્વાભાવિક પણે કરાવી હતી. ત્યારબાદ ચાપાણીના કાર્યક્રમ પછી તુરતજ તલોદ યુવક મંડળે બધા જ મહેમાનોને હડમતિયા કંપા ખાતે લઈ જવા માટે ગાડીઓની વ્યવસ્થા કરી હતી. તલોદ યુવક મંડળની કાર્યશીલતા અને સક્રીયતાનો તેમજ ત્યાગભાવનાનો ભાસ આ ટૂંકા સમયમાં જ થઈ ગયો. ખૂબ જ આનંદપૂર્વક વિચારોની આપલે કરતાં કરતાં દરેકે હડમતિયા કંપા જેવા પવિત્ર ધામનાં દર્શન કર્યા. પહોંચતાંની સાથે જ ભવ્ય સામૈયાની તૈયારીથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. માથાપર તાંબાનાં જળ બેડલાંથી શોભતી શ્રી કચ્છ કડવા પાટીદારની સન્નારીઓની કતારથી થયેલ ભપકાબંધ સામૈયું અને ફૂલહાર અર્પણવિધિથી પ્રસંગની ભવ્યતાનો ભાસ થતો હતો.

સાંજે ભોજનવિધિ બાદ રાત્રે ૯ થી ૧૧ દરમિયાન શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ ગુજરાત (ધનસુરા) ના પ્રમુખશ્રી સામજીભાઈ એસ. પટેલના પ્રમુખ સ્થાને તદર્થ સમિતિના સભ્યોની તેમજ ગુજરાત યુવક મંડળના સભ્યોનો ઓળખવિધિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ગુજરાતમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનાં બાળકોના શિક્ષણ ભૂખને સંતોષવા જેમણે ભવ્ય ઇમારતો ખડી કરી છાત્રાલયોની સ્થાપના કરી તેને વિકસાવવા વર્ષોથી સતત પ્રયત્નો ચાલુ રાખ્યા છે તે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના પ્રમુખશ્રી તેમજ તેમની કારોબારીના સર્વ સભ્યોની ઓળખવિધિ ગુજરાત યુવક મંડળના સહમંત્રીશ્રી ગોવિંદભાઈ વી. પટેલે કરી હતી. આ ઉપરાંત ભારતભરમાં દૂર સુદૂર સ્થળોએ સ્થિર થઈ જેમણે સદ્ધરતા

પ્રાપ્ત કરી જ્ઞાતિની ખ્યાતિને વધારી છે તેવા વિવિધ શહેરોમાંથી આવેલા સમાજપ્રેમી વડીલશ્રીઓની પણ ઓળખાણ કરાવવામાં આવી હતી. કેટલો અનેરો હતો એ પ્રસંગ કે

મતિયા કંપા મુકામે સમસ્ત ભારતના કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના કાર્યકર ભાઈઓના સ્નેહમિલનનો! હડમતિયાકંપા માટે પણ આ એક અતિ વિરલ પ્રસંગની ઉપલબ્ધિ ગણી શકાય. જ્ઞાતિના સંગઠન અને સહકાર માટેનો એ પ્રેરક આશાસ્પદ સુવર્ણ અવસર હતો.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાતની છત્રછાયા નીચે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળે જે મોંઘેરા મહેમાનોને ગુજરાતમાં તદર્થ સમિતિની સભા માટે આમંત્રણ આપેલું અને તે દરેકને ગુજરાતમાં જોવાનું સ્વપ્ન આ તબક્કે સાકાર થતાં અત્યંત આનંદ અનુભવ્યો અને ખરા દિલથી મહેમાનોની સગવડ અને વ્યવસ્થા સાચવવા માટે પોતાથી બનતું બધું જ કરી છૂટવાના પ્રયાસો જોવા મળ્યા.

તા. ૧૦-૧૦-૭૩ ના દિને સભાની કાર્યવાહી શ્રી ખીમજીભાઈ લખમસીના પ્રમુખ સ્થાને શરૂ થઈ. શ્રી આર. એન પટેલ હાઈસ્કૂલના સભાહોલમાં ગોઠવાયેલ યુવક વર્ગની યુવાશક્તિનું તેજ અને તેમની બાજુમાં સ્થાન શોભાવી રહેલા વડીલોની શીળી છાંયના ચિત્રમાં શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની ખાનદાની તેમજ શિસ્તબધ્ધતા અને સંગઠનની સ્પષ્ટ ઝાંખી થતી હતી.

સભાની કાર્યવાહીમાં પ્રથમ તો પુના મુકામે મળેલ ગત તદર્થ સમિતિની સભાની મિનિટબુકનું વાચન સંઘના મહામંત્રી શ્રી અખેરાજભાઈએ કર્યું હતું આ વાચનથી પુના મીટીંગમાં થયેલ કાર્યવાહીનો સંપૂર્ણ ખ્યાલ સ્પષ્ટ થતો હતો.

મિનિટબુકનું વાચન જ્યારે થયું ત્યારે ખરેખર લાગ્યું કે ગત સભાની કાર્યવાહીની અક્ષરશઃ માહિતી નું સુરેખ ચિત્ર ઉપસતું હતું, મંત્રીશ્રીની આ કુશળ કામગીરીથી એવો ભાસ થતો હતો કે યુવાશક્તિ હવે પ્રગતિને પંથે આગળ વધવાના યોગ્ય રાહ પર છે.

મિનિટબુકના વાચન બાદ જુદા જુદા વિભાગોના યુવક મંડળના પ્રતિનિધિઓએ પોતાના મંડળની કાર્યવાહીના અહેવાલો ટૂંકમાં મુદ્દાસર રીતે રજૂ કર્યા હતા. યુવક મંડળો અસરકારક પ્રવૃત્તિઓ કેવી રીતે કરી શકે તેનું માર્ગદર્શન અને પ્રેરણા આ અહેવાલની રજૂઆતથી મળ્યાં હતાં.

ત્યારબાદ બંધારણ સમિતિના પાંચ સભ્યોએ શ્રી પચાણભાઈ શીવજી (નાગપુર) પ્રિન્સીપાલશ્રી રતિલાલ એલ. પટેલ (તલોદ) શ્રી માવજીભાઈ પેથાભાઈ (મુંબઈ), એડવોકેટ શ્રી નાનાલાલ વી. ઉકાણી (ભુજ) મંત્રીશ્રી અખેરાજ

પ્રેમજીભાઇ (કલકત્તા) પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપીને તૈયાર કરેલ બંધારણનો મુસદ્દો સંઘના મંત્રીશ્રીએ વાંચી સંભળાવ્યો હતો. પછી તે બંધારણના તમામ મુદ્દા પર વિશદ ચર્ચા હાથ ધરવામાં આવી હતી અને અંતે બંધારણ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. વળી યુવક સંઘનું કાર્યાલય ત્રણ વર્ષ પૂરતું હાલ કલકત્તા જ રાખવાનું વિસ્તૃત ચર્ચા બાદ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

દિવસના સતત ચાલુ રહેલ બાંધો-બાંધ કાર્યક્રમ બાદ રાત્રે પણ તેટલો જ ભરચક સાંસ્કૃતિક કાર્યક્રમ હડમતિયા કંપા લક્ષ્મીનારાયણ મંદિરના ચોકમાં રાખવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં રાસ ગરબા, નાટક વગેરેનું આયોજન શ્રી આર. એન. પટેલ હાઇસ્કૂલના આચાર્યશ્રી રામભાઈ પટેલ અને તેમના સાથીદાર શિક્ષકશ્રીઓએ કર્યું હતું જે માટે તેમણે ઉત્સાહપૂર્વક ખૂબ પરિશ્રમ લીધો હતો. જેના પરિણામે હાઇસ્કૂલનાં બાળકોએ અતિસુંદર કાર્યક્રમો રજુ કરી ઉંચા પ્રકારનું મનોરંજન પૂરું પાડયું હતું ગામની શોભા ગણાય તેવું પવિત્ર અને ધાર્મિક ધામની ગરજ સારે તેવો સ્વામીશ્રી કૃષ્ણાનંદજીનો આશ્રમ, હાઇસ્કૂલ અને લક્ષ્મીનારાયણનું મંદિર, વગેરે પરિબળોને કારણે ગામમાં સંસ્કારિતાનું સિંચન ઊંચા પ્રકારનું માલુમ પડયું હતું.

આ સાંસ્કૃતિક મનોરંજન કાર્યક્રમના પ્રમુખ સ્થાને પુનાના સમાજપ્રેમી વકીલશ્રી લાલજીભાઈ ભાણજીભાઈ પટેલ પુનમ ટાઇરસવાળા હતા. અતિથિવિશેષ સ્થાને કચ્છ અબડાસા વિભાગના ધારાસભ્ય અને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું ગૌરવ ગણાય તેવા શ્રી ખીમજીભાઇ માસ્તર વિરાજમાન હતા. સમયની અત્યંત કટોકટી છતાં જ્ઞાતિપ્રેમના કારણે તેઓશ્રી આ પ્રસંગે હાજર રહ્યા હતા તે આપણું સદ્નસીબ ગણાય.

બીજા અતિથિવિશેષશ્રીઓમાં મહાનુભાવ શ્રી કૃષ્ણાનંદજી મહારાજ, ગામનું નાક ગણાતા શ્રી વેલજીભાઇ પ્રેમજીભાઇ ગુજરાત યુવક મંડળના પ્રખર ગણાતા પ્રમુખશ્રી શામજીભાઇ એસ. પટેલ, માજી ધારાસભ્યશ્રી એન. એસ. પટેલ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના પ્રમુખશ્રી ખીમજીભાઈ કલકત્તાવાળા, યુવક સંઘના સલાહકારશ્રી માવજીભાઇ ધનજીભાઈ પટેલ, હાઇસ્કૂલના આચાર્યશ્રી રામભાઇ પટેલ વગેરે ઉપસ્થિત હતા.

મનોરંજન કાર્યક્રમના પ્રમુખશ્રી તેમજ અતિથિવિશેષશ્રીઓનાં પ્રવચન અત્યંત પ્રભાવશાળી અને દિવ્ય વાણી પ્રચુર હતાં, જેમાં પ્રધાન સુર એ હતો કે હવે જ્ઞાતિએ ઉન્નતિશીલ બનવા માટે ધાર્મિક અંધશ્રદ્ધાઓ, સામાજિક

કુરિવાજો, જ્ઞાતિને કલંકિતબનાવે તેવાં આચરણો વગેરેનો ત્યાગ સાપ કાંચળી ઉતારે તેમ કરવો જ પડશે. તે માટે યુવાનોએ નૈતિક હિંમત કેળવીને આગળ આવવું જ પડશે.

દ્વિતીય દિવસે તા. ૧૧-૧૦-૭૩ની સભાની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી જેમાં આગામી નખત્રાણા અધિવેશન અંગે ચર્ચા હાથ ધરવામાં આવી હતી. આ તક્કે કચ્છની પરિસ્થિતિની નોંધ લેતાં એમ જણાયું હતું કે હાલ પૂરતું અધિવેશન મુલતવી રાખવાનું યોગ્ય છે. જેથી આ નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો પરંતુ અધિવેશનને બદલે જબલપુરના આમંત્રણથી યુવક સંઘનું સંમેલન એક વર્ષ પહેલાં યોજવું હાલના સમયે આ યુવકસંઘની પ્રવૃત્તિઓમાં ઓટ ન આવે તે જરૂરી છે તેમ દરેકના વિચારો હતા.

અધિવેશન અંગેની ચર્ચા પૂરી થતાં પ્રમુખ શ્રી ખીમજીભાઈએ સામાજિક પ્રશ્નોની ચર્ચા હાથ ધરી હતી તેમાં જુદા જુદા વિદ્વાન વક્તાઓએ અને તદર્થ સમિતિના સભ્યોએ પોતાની આગવી શૈલીમાં અત્યંત અસરકાક રીતે સમાજના અનિષ્ટો અને તેને દૂર કરવાના ઇલાજો સૂચવ્યા હતા પ્રથમ દિવસની જેમ આ બીજા દિવસે પણ સભા હોલ ખીચોખીચ હતો અને અતિ ઉત્સાહ-પૂર્વક ત્વરાથી કાર્યવાહીને આગળ ધપાવવામાં આવી હતી. સભાની કાર્યવાહી ખૂબ જ શિસ્તબધ્ધ અને પદ્ધતિસરની હોઈ હાજરી આપનાર વ્યક્તિઓએ સભાનો લાભ લેવા બદલ પોતાની જાતને ધન્ય માની હતી.

બીજા દિવસે પણ રાત્રે એજ ચોગાનમાં સાંસ્કૃતિક મનોરંજન કાયક્રમ પ્રિન્સિપાલશ્રી રતિલાલભાઈના માર્ગદર્શન તળે અને મંત્રી શ્રી નરસિંહ એસ. પટેલના સફળ સંચાલન મુજબ બોરડીટીંબાકંપા યુવકમંડળેરજૂ કર્યો હતો. આ મનોરંજન કાર્યક્રમમાં નાટક, રાસ ગરબા વગેરેની રજૂઆતે લોકોમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું. ગરબાના કાર્યક્રમોએ તો પ્રેક્ષકોને મુગ્ધ કરી દઈ ખૂબ સારી અસર ઊપજાવી હતી. આ કલા પીરસનાર બાળકો તેમજ બાલિકાઓ બોરડીટીંબાકંપાનાં હતાં. કેળવણીમાં મોખરે એવો આ ગુજરાતનો કંપો છે એવો ખ્યાલ દરેકને થયો હતો

તૃતીય દિવસ એટલે કે તા. ૧૨-૧૦-૭૩ ના છેલ્લા દિવસે પણ સામાજિક પ્રશ્નો પર ચર્ચા હાથ ધરવામાં આવી હતી. શિક્ષિત બહેનોએ પણ આ ચર્ચામાં સક્રીયપણે ભાગ લીધો હતો. હવે બહેનોએ સમાજિક ક્રાન્તિ દ્વારા ઉન્નતિ લાવવા કમર કસવી પડશે એમ જે માન્યતા હતી તે સાકાર થવાનાં એંધાણ વર્તાઇ રહ્યાં છે. આ બાબત સુખદ છે. ગુજરાતમાં અને અન્ય વિભાગોમાં ગ્રેજ્યુએટ બહેનોની સંખ્યામાં હવે

ઉમેરો થતો જાય છે. જેથી સમાજને સ્વસ્થ અને તંદુરસ્ત પ્રણાલીઓ દ્વારા પ્રગતિને પંથે લઇ જશે જ.

સામાજિક પ્રશ્નોની ચર્ચાનો એ સૂર હતો કે શિક્ષણનો વ્યાપ વધશે અને રિવાજોમાં સુધારો થશે તેમજ વડીલોના સહકાર અને યુવકોની નૈતિક હિંમતથી છૂટાછેડા તેમજ અન્ય દૂષણો આપો આપ દૂર થશે જ. લગ્ન છોકરા છોકરીની સંમતિથી અને જોઈ વિચારીને કરવાથી છૂટાછેડાનો ભય નાબૂદ થશે. વડીલોએ છોકરા છોકરીઓને સરખું જ શિક્ષણ આપવું પડશે અને લગ્ન માટે પસંદગીનો અવકાશ આપવો જ પડશે, પરિણામે છૂટાછેડાનો પ્રશ્ન નામશેષ થઇ જશે.

ત્યારબાદ શૈક્ષણિક ચર્ચા હાથ ધરવામાં આવી હતી જેમાં ઘણી જ રસપ્રદ અને મૌલિક રજૂઆત જ્ઞાતિનાં યુવાન કેળવણીકાર ભાઇબહેનો તરફથી કરવામાં આવી હતી.

આ ચર્ચા અંગેનાં મંતવ્યોનો પ્રધાન સૂર એ હતો કે શિક્ષણ એ સમાજનો પાયો છે.

સમાજના ઘડતર માટે શિક્ષણનો વ્યાપ વધારવો એ રામબાણ ઇલાજ છે. ફક્ત દીકરાઓને જ પૂરતી શિક્ષણ વ્યવસ્થા આપવી અને દીકરીઓના શિક્ષણ માટે ભોગ ન આપવો એ હવે જરાપણ નહિ ચાલે.

ત્યારબાદ ધાર્મિક ચર્ચા હાથ ધરવામાં આવી હતી. ધર્મ વિના કોઈપણ સમાજ ટકી શકે નહિ. આપણે હિંદુ સંસ્કૃતિને સંપૂર્ણ માનપૂર્વક વળગી રહી આપણાં કાર્યો આગળ ધપાવીશું તો જરૂર સફળતા મળશે જુદા જુદા પીઢ અને વિદ્વાન તેમજ અનુભવી વકતાઓએ ખરેખર કેટલીક અત્યંત ઉપયોગી બાબતો તેમના વકતવ્યોમાં રજૂ કરી હતી. તેઓએ આપણી જ્ઞાતિના ઉધ્ધારક શ્રી નારાયણભાઇ રામજીભાઇ લીંબાણીનાં કાર્યોને યાદ કર્યાં હતાં. જ્ઞાતિને સાચા માર્ગે વાળનાર અને જાગૃતિ આણનાર આ વીર નરને તો આપણે કોઇ કાળે નહિ ભૂલીએ. તેઓશ્રીએ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને બચાવી લીધી છે, પણ તેમ કરવા માટે તેમણે વેઠેલાં સંકટો અને વિઘ્નો આપણે જાણીશું તો આપણું મસ્તક ખરેખર તેમના ચરણે ઝૂકી જશે જ્ઞાતિના સાચા સુકાની એવા એ સ્વ. લીંબાણી બાપાનાં કાર્યોને શ્રદ્ધાંજલી આપવી હશે. તો તેઓશ્રીએ સૂચવેલા માર્ગે આગળ ધપવું જ પડશે અને જ્ઞાતિએ કલંકિત આચરણોથી મુક્ત બનવું જ પડશે. આ બાબતનો અમલ કરવા દરેક વિભાગના પ્રતિનિતિઓએ ખાત્રી આપી હિંમતપૂર્વક જણાવ્યું હતું કે તે સદ્દગતશ્રીના ચીંધ્યા માર્ગે આપણે જઇશું જ. તેના માટે જે કિંમત ચુકવવી પડે તે ચુકવીશું

છેલ્લે પ્રમુખશ્રી ખીમજીભાઈ લખમશી

એ સભાની સમગ્ર કાર્યવાહીનું સમાપન પ્રવચન કરી જણાવ્યું હતું કે યુવકોએ કટિબદ્ધ થઈને સમાજની નવરચના માટે જાગૃત બની સક્રીય રહેવું પડશે એમ થશે તો કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ભારતભરમાં એક નમૂનેદર સમાજ બનશે.

પહેલા દિવસે એટલે કે તા.૧૨–૧૦–૭૩ ના દિને હડમતિયા કંપાનાં સમગ્ર ગ્રામ જનો સાથે એક ખુલ્લી સભા રાખવામાં આવી હતી, જેનું પ્રમુખસ્થાન હડમતિયા કંપાના અગ્રગણ્ય નાગરિક શ્રી વેલજીભાઈ પ્રેમજીભાઈએ સંભાળ્યુ હતું અતિથિ વિશેષ સ્થાને શ્રી ગાભુભાઈ કલકત્તાવાળા, અને વહીવંચા શ્રી ખંડેરાવ હતા. આ સભામાં પ્રમુખશ્રી તેમજ અતિથિવિશેષશ્રીઓ અને અન્ય વકતાઓએ તેમની જોશીલી જબાનમાં જણાવ્યું હતું કે હવે દુનિયાની સાથે તાલ મિલાવવા માટે યુવકોએ કટિબધ્ધપણે સમાજની પ્રગતિ અને સંગઠ્ઠન માટે કામે લાગી જવું પડશે જ. સમાજનાં નબળાં પાસાં દૂર કરવા માટે ભોગ આપવો પડશે. વળી હાલમાં જે આ યુવક પ્રવૃતિઓ થઇ રહી છે. તે યોગ્ય જ છે. અખિલ ભારતીય ધોરણે આ સંગઠ્ઠન માટેની કાર્યવાહીની શરૂઆત કરવા માટે કલકત્તા નવચેતન પાટીદાર યુવક મંડળનો ફાળો વિશેષ છે. તે માટે આપણે બધા તેમના ઋણી છીએ.

અત્રે એ બાબતમી નોંધ લેવી ઘટે કે આ ત્રણ દિવસની સભાની કાર્યવાહી દરમિયાન એજન્ડાના વિષયો પર ચર્ચા વિચારણા અને મૌલિક વિચારોની અસરકારક રજુઆત માટે તદર્થ સમિતિના હોદ્દેદારોનો ફાળો ગણના પાત્ર જણાયો હતો.

સભાના સંચાલનની કાર્યવાહી માટે તેમજ દરેક વિષયોની ચર્ચાને અંતે મક્કમ નિર્ણય લેવાની બુદ્ધિ પ્રતિભા ધરાવનાર પ્રમુખશ્રી ખીમજીભાઇ ની સેવાઓની નોંધ લેવી જ રહી. સાથે સાથે ગુજરાત યુવક મંડળના પ્રમુખશ્રી રામજીભાઈ એસ, પટેલે સભાપતિનું સ્થાન સ્વીકારી ત્રણ દિવસ સુધી સતત કાર્યશીલ રહી શિસ્તબધ્ધતા પૂર્વક સભાનું કાર્ય સફળ રીતે પાર પડે તે માટેના સહકાર બદલ તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની તદર્થ સમિતિએ મીની અધિવેશનનું રૂપ ધારણ કર્યું હતું. તેમાં તદર્થ સમિતિના હોદ્દેદારો, બંધારણ સમિતિના સભ્યો સલાહકાર વડીલો, અન્ય અનુભવી પીઢ વિદ્વાન વ્યકિતઓએ પોતાની બુધ્ધિ શકિતનો લાભ જ્ઞાતિ હિતને આપ્યો હતો તે બદલ તે સર્વ અભિનંદનને પાત્ર છે.

આ તબકકે એ નોંધ લેવી જરૂરી છે કે ગુજરાત યુવક મંડળે જે આ આમંત્રણ આપ્યું હતું અને તેને

પરિપૂર્ણ કરવામાટે યોગ્ય આયોજન વ્યવસ્થા માટે જે ભગીરથ પરિશ્રમ ઉઠાવ્યો તેની સફળતા માટે યુવક મંડળના હોદ્દેદારો સર્વશ્રી શામજીભાઈ એસ. પટેલ (પ્રમુખ)શ્રી પ્રેમજીભાઈ દેવસીભાઈ પટેલ (ઉપપ્રમુખ) પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ. પટેલ, શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ મંત્રીશ્રી અરજણભાઇ વી, પટેલ, સહમંત્રીશ્રી ગોવિંદભાઈ વી. પટેલ ખજાનચી શ્રી રતિલાલ વી. પટેલ જાગૃતિના તંત્રીશ્રી કાન્તીલાલ કે. પટેલ, સહતંત્રી શ્રી વાડીલાલ કે. પટેલ સલાહકારો શ્રી નાનજીભાઇ કાનજીભાઈ શ્રી વિશ્રામભાઇ નથુભાઈ તેમજ વડીલ સમાજના અગ્રણી પ્રમુખશ્રી હીરજીભાઈ કરશનભાઇ, શ્રી વાલજીભાઈ કાનજીભાઇ, શ્રી વેલજીભાઇ ભાણજીભાઇ શ્રી મણિભાઈ જેઠાભાઇ શ્રી ડાહ્યાભાઈ હરિભાઇ, શ્રી નાનજીભાઈ દેવજીભાઈ વગેરેએ આપેલો સહકાર નોંધપાત્ર છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત), ધનસુરા.

મિત્રો,

સૌ પ્રથમ નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન.

આપણું યુવક મંડળ હવે બહુવિધ પ્રવૃતિઓનું સંચાલક બન્યું છે એનાં આ કઠીન રાહમાં આપ સૌ નવીન વર્ષે પણ સહકાર આપતા રહેશો એમાં શંકા નથી જ.

વિતેલ વર્ષમાં છાત્રાલયોની સુવિધા અંગે ફાળો, કેટલાક સમાજિક પ્રશ્નોની પતાવટ, છાત્રછાત્રા ઓને ઇનામ વહેંચણી, છેલ્લે તદર્થ સમિતિની હડમતીયા ખાતે મળેલી તૃતીય સભા વગેરે ભગીરથ કાર્યો સાથે અનેક નાનાં મોટાં કાર્યો આપણે હાથ ધર્યા હતા.

અતિવૃષ્ટિને લઇને રસ્તાઓનાં મુસીબત અને બીજી અસુવિધાઓ છતાં પણ આપણે આપણું હડમતીયા કંપા ખાતે રાખેલ સભાનું કામ સારી રીતે પાર પાડી શકયા છીએ એ ગૌરવની વાત છે.

હડમતીયા કંપા સભાની કાર્યવાહીમાં કાર્યકર્તાઓના સહકારની જેટલી કદર કરીએ તેટલી ઓછી છે, ખરીદી કાર્યમાં તલોદ યુવકમંડળ, બદામકંપા યુવક મંડળ, મોતીસરી યુવક મંડળના સભ્યોએ, મંત્રીશ્રીઓની સાથે રહી પૂર્ણ સહયોગ આપવા બદલ તેઓ સર્વે ધન્યવાદને પાત્ર છે યુવક મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ શ્રી, સલાહકારો,

વડીલો સમાજના પ્રમુખશ્રી તેમજ અન્ય સૌ વડીલ આગેવાનોની અમૂલ્ય સલાહ તથા માર્ગદર્શન મંડળને કિંમતી પુરવાર થયેલછે. મહેમાનોનું તલોદ ખાતે સ્વાગત તથા મિલન સમારંભ અને હડમતીયાકંપા ખાતે આદરભેર લઇ જવા માટે તલોદ યુવકમંડળના પ્રમુખ શ્રી મુળજીભાઇ કે. પટેલ અને સર્વે સભ્યોએ પોતાની કાર્યદક્ષતાને લઇને આગવી રીતભાતથી અભિનંદન ને પાત્ર ઠરેછે. રસોડા સમિતિમાં રહેનાર વિઠ્ઠલદાસ – બ્રહ્મકંપા, મુળજીભાઇ –મોતીસરી, બહેચરભાઇ – મોતીસરી ખામજીભાઇ – હડમતીયાકંપા પચાણભાઇ – હડમતીયા, રતિભાઇ –હડમતીયા, નાથાલાલ – હડમતીયા તથા અન્ય મિત્રોને રસોડાના સફળ સંચાલન માટે ધન્યવાદ આપવા ઘટે.

હડમતીયાકંપા ગ્રામ્યજનો સ્વામીશ્રી શ્રીવેલજીભાઇ, શ્રીજીવરાજભાઇ, શ્રી ખામજીભાઈ મુખી તેમજ સર્વેગ્રામનો. યુવકમંડળ, મહિલામંડળ

તદર્થ સમિતિના પ્રમુખશ્રી ખામજીભાઇ તથા અન્ય સભ્યોએ અમારા આમંત્રણને માન આપી જે લાભ આપ્યો તે બદલ તે સર્વેના આભારી છીએ. આ ભગીરથ કાર્યમાં અમને ઊંડી સૂઝ અને માર્ગદર્શન આપવા બદલ પ્રમુખશ્રી શામજીભાઇ એસ. પટેલ, ઉપપ્રમુખશ્રી પ્રેમજીભાઈ ડી. પટેલ, પ્રિન્સિપાલશ્રી રતિલાલ એલ, પટેલ, પ્રેમજીભાઇ એ પટેલ શ્રી નાનજીભાઇ કે. પટેલ, શ્રી વિશ્રામભાઇ એન પટેલ, શ્રી હીરજીભાઇ કે. પટેલ તેમજ અન્ય સર્વેના આભારી છીએ. ગુજરાત અને ગુજરાત બહારથી આમંત્રણને માન આપી પધારેલ સૌ આમંત્રિતો, માનનીય ધારાસભ્યશ્રી ખામજીભાઈ તથા અન્ય સૌનો આભાર માનવો જ રહ્યો. હડમતીયાકંપા શાળા દ્વારા પ્રસ્તુત મનોરંજન કાર્યક્રમ અર્પવા બદલ વિદ્યાર્થી ભાઈ બહેનો, તેમજ આચાર્યશ્રી શિક્ષક ગણ વગેરેના આભારી છીએ. સ્વસ્તિક કલામંડળ તથા યુવક મંડળ બોરડીટીંબાનો પ્રસંશનીય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવા બદલ યુવક મિત્રો તથા બહેનોનો તેમજ તલોદ મહીલા મંડળની બહેનોનો પણ તેઓએ સુંદર કાર્યક્રમ આપ્યા બદલ આભાર.

આમ અમને આપણા આ સમગ્ર કાર્યક્રમમાં પ્રત્યક્ષ કે પરોક્ષ બધીજ રીતે સહયોગી બનનાર સર્વેનો આ તબક્કે આભાર માનીએ છીએ. આ કાર્યક્રમના આયોજનથી ગ્રામ્ય જનોને પડેલ મુશ્કેલી બદ્દલ ક્ષમા માગીએ છીએ તથા સર્વે મહેમાન મિત્રોને જે કોઇ અવગડ પડી હોયતો તે બદ્દલ સર્વેની ક્ષમા ચાહીએ છીએછેલ્લે મહેમાનોનું ભવ્ય સ્વાગત કરવા બદ્દલ ગ્રામ્યજનો અને બહેનોને પણ આ તબક્કે ભૂલાય તેમ નથી તથા હડમતિયા મહિલા મંડળે અનાજ સાફ સફી તેમજ બીજા કાર્યવાહીમાટે જે સહકાર આપ્યો તે બદ્દલ આભારી છીએ. હડમતિયાકંપાના યુવકો અને વડીલોએ દરેક પ્રકારના કાર્યમાં

જે સહયોગ આપ્યો છે તે સર્વેને હાર્દિક ધન્યવાદ.

અંતમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત), ઘનસુરા ના સર્વ સભ્યોનો ઉપરોક્ત ભગીરથ કાર્યવાહી માટે, તેમજ વર્ષ દરમિાન અનેક વખત સાથ સહકાર આપી આપણા કાર્યને દિપાવ્યું છે તે બદલ તેમની સેવાઓની કદર ન કરવા જેવા ન ગુણા તો નજ બનીએ ને !

લિ.

પ્રમુખ શ્રી સામજીભાઈ એસ. પટેલ
ઉપ પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ ડી. પટેલ
મંત્રી શ્રી અરજણભાઇ વી. પટેલ
સહમંત્રી શ્રી ગોવિંદભાઇ વી. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ ગુજરાત (ઘનસુરા)

નોંધ: પ્રત્યેક યુવકમિત્રો શકય હોય તો સમય મળ્યે યુવક સંઘના તદર્થ સમિતિની તૃતીય સભામાં હડમતિયા કંપામાં થયેલ કાર્યવાહીની ઝાંખી આજુબાજુનાં ગામોમાં સભાઓ બોલાવી દરેકે દરેક વ્યકિતને કરાવે તથાં આવતી ત્રિમાસિક સભામાં સૌ લઇને આવે એવી અભિલાષા.

- કેટલાક સમાચારો મોડા મળવાથી સ્થળ સંકોચના કારણે આ અંકમાં સમાવી શકયા નથી. તો સમાચાર મોકલનાર સેવાભાવી મિત્રો દરગુજર કરે. આગામી અંકમાં રહી ગયેલા સમાચારો સમાવી લઇશું.
- સમાચારો અગર લેખ મોડામાં મોડા દરેક માસની ૧લી તારીખ સુધીમાં જ આવી જાય તે રીતે મોકલવા લેખક મિત્રોને વિનંતી.
- કેટલાક લેખક મિત્રો, લેખન સામગ્રી પોસ્ટકાર્ડ, અંતરદેશીય વગેરેમાં મોકલે છે તેના બદલે હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એકજ બાજુ લખીને મોકલાવે તે ઇચ્છનીય છે.
- ગ્રાહક ભાઇબહેનો આપ સૌ જાણો છો કે દેશમાં કાગળની તીવ્ર તંગી ઊભી થઇ છે તેવા સમયે આગામી જાન્યુઆરી-૭૪ થી લવાજમનો દર વધારવાની ફરજ કાર્યાલયને પડી છે. તેની નોંધ લે.
- કેટલાક ગ્રાહકોનાં લવાજમો બાકી નીકળતાં હોઇ તાત્કાલિક કાર્યલયના સરનામે મ. ઓ. દ્વારા મોકલાવી આપવા વિનંતી
- ગ્રાહક તરીકે ન રહેવા ઇચ્છનારે પોતાનાં બાકી નીકળતાં લવાજમો મોકલાવી આપીને પત્ર દ્વારા કાર્યાલને જાણ કરવા વિનતી.

સમાચાર દર્શન

શ્રી કડવા પાટીદાર યુવક મંડળ

મોડાસા.

અમારા મંડળની વાર્ષિક સાધારણસભા તા. ૮-૧૦-૭૩ના રોજ શ્રી કૃષ્ણ વિજય સો મીલ મોડાસામાં મળેલ જેમાં નવા વર્ષના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી છે.

પ્રમુખ : શ્રી ભાણજીભાઈ નાગજીભાઈ પટેલ
ઉપપ્રમુખ : જીવરાજભાઈ કાનજીભાઈ પટેલ
મંત્રી : શ્રી ડાહ્યાભાઇ સવગણભાઇ પટેલ
સહમંત્રી : શ્રી રતિલાલ લાલજીભાઈ પટેલ
ખજાનચી : શ્રી વિઠ્ઠલભાઈ હરજીભાઈ પટેલ

કારોબારી કમિટિ : (૧) શ્રી કુંવરજીભાઈ પ્રેમજીભાઈ પટેલ
(૨) શ્રી રતિલાલ સોમાલાલ પટેલ
(૩) શ્રી ગોવિંદભાઈ લધાભાઈ પટેલ
(૪) શ્રી અંબાલાલ મેઘજીભાઈ પટેલ
(૫) શ્રી વેલજીભાઇ અબજીભાઇ પટેલ
(૬) શ્રી હરિભાઇ સામજીભાઈ પટેલ

લિ.
મંત્રી શ્રી કડવા પાટીદાર યુવક મંડળ
મોડાસા.

શ્રી ભડલી પાટીદાર યુવક મંડળ ની સ્થાપના

વર્તમાન ટાઇમમાં નવયુગ મંડળની સ્થાપના ને અનુસરીને તા. ૧-૮-૭૩ ના રોજ પટેલ નારણભાઈ વિશ્રામભાઈ ના પ્રમુખ સ્થાને ભડલી પાટીદાર યુવકો ની સામાન્ય સભા યોજી હતી. વડીલો અને યુવકોના પરસ્પર સંબંધો ઉત્કર્ષ-રૂપ બની યુવકોના સાથ સહકારથી કચ્છ કડવા પાટીદાર યુવક સંઘમાં સમાવેશ કરતાં "શ્રી ભડલી પાટીદાર યુવક મંડળની" ઉત્સાહ અને ખમીર દર્શાવતા વાતાવરણ માં રચના કરવામાં આવેલ છે. યુવાન સભ્યો અત્યારે ખેતીકામમાં રોકાયેલ હોવાથી ચૂંટણીનું કામ મોકુફ રાખવામાં આવેલ છે સમયની અનુકુળતાએ ચૂંટણીનું કામ હાથ ધરવામાં આવશે.

શ્રી ભડલી પાટીદાર યુવક મંડળ
વતી. **પટેલ નારણભાઈ વિશ્રામભાઇ**

શ્રી પાટીદાર યુવક મંડળ જબલપુર.

ઇનામ વિતરણ:—

પાટીદાર યુવક મંડળે સમાજમાં ૧ લા ધોરણ થી ૧૬ મા ધોરણ સુધી સારા માર્કસથી પાસ થયેલ છાત્ર તથા છાત્રાઓ ને પ્રથમ દ્વિતીય અને તૃતીય, ઇનામ આપેલ.

ઇનામ વિતરણ સમૂહ મિલન ના જ દિવસે સવારમાં ૧૦-૦૦ વાગે સભાપતિ ના હસ્તે કરવામાં આવ્યું.

ઇનામ મેળવનાર છાત્ર તથા છાત્રાઓનાં નામ આ પ્રમાણે છે.

ધોરણ	પ્રથમ ઇનામ	દ્વિતીય ઇનામ	તૃતીય ઇનામ
૧	લક્ષ્મીબેન નારણભાઈ	નીતાબેન પ્રેમજીભાઈ	ચીમનલાલ ડાહ્યાભાઈ
૨	લીલાવતી હીરજીભાઈ	પ્રવીણકુમાર પરબતભાઇ	કલ્પનાબહેન દાનાભાઈ
૩	અરવિંદકુમાર દાનાભાઈ	વસંતકુમાર સિવદાસભાઈ	હંસાબેન ભાણજીભાઈ
૪	ચંદ્રકાંત ડાહ્યાભાઇ	પ્રભાબેન વીરજી પટેલ	હેમલતાબેન જેઠાભાઈ
૫	શાંતાબેન દાનાભાઈ	મનોહરલાલ કાન્તિભાઈ	પુષ્પાદેવી દાનાભાઈ
૬	હિંમતલાલ શીવજીભાઈ	સુરેન્દ્રકુમાર નાનજીભાઈ	પ્રેમચંદભાઈ માવજીભાઈ

 શીવજીભાઇ કાનજી પટેલ શાંતિલાલ હીરજી પટેલ રસીકલાલ દાનાભાઈ
વસંત ,,
૮ ગૌરીબેન નાનજી તીલકકુમાર હંસરાજ મણીલાલ શીવજીભાઈ
૯ પ્રેમજીભાઈ વસ્તારામ જયંતિલાલ કેસરા પટેલ દયારામ મણીલાલ
૧૦ નર્મદાબેન હંસરાજભાઈ
૧૧ દિનેશકુમાર હંસરાજભાઇ લીલાબેન નાનજીભાઈ કાન્તિલાલ મગનભાઈ

શ્રી પાટીદાર યુવક મંડળ જબલપુરની જનરલ સભા તા. ૨૮–૧૦–૭૩ના બપોરે ૨–૦૦વાગે મોહનભાઈના પ્રમુખપદે યોજવામાં આવી હતી. તેમાં ચાલુ વર્ષના આવક તેમજ ખર્ચ નો અહેવાલ વાંચી સંભળાવવામાં આવ્યો હતો અને ત્યાર બાદ નવા વર્ષની કાર્યવાહક કમિટીની ચૂંટણી કરવામાં આવી તેમાં નીચે ના ૧૩ સભ્યો બહુમતીથી ચૂંટવામાં આવ્યા હતા.

૧ પ્રમુખ શ્રી મોહનભાઈ હરીભાઇ
૨ ઉપપ્રમુખ ,, ભાણજીભાઇ હરજીભાઈ
૩ મહામંત્રી ,, વીરેન્દ્રકુમાર માવજી નાકરાણી
૪ સહમંત્રી ,, લાલજીભાઈ પ્રેમજી પટેલ
૫ ખજાનચી ,, વાલજીભાઇ અરજણ ,,
૬ શૈક્ષણિકમંત્રી ,, દીપકકુમાર કાનજી પટેલ
૭ ખેલકૂદ મંત્રી ,, મનસુખભાઈ હરીભાઈ
૮ પર્યટનમંત્રી ,, જેસીંગભાઈ રતનશીભાઈ પટેલ
૯ લાયબ્રેરીમંત્રી ,, અમૃતભાઇ નાનજી પટેલ
૧૦ સહાયક ,, રમણભાઈ વીરજી પટેલ
૧૧ ,, ,, દેવજીભાઇ ડાહ્યા પટેલ
૧૨ ,, ,, ખીમજીભાઈ નાનજી પટેલ
૧૩ ,, ,, રામજીભાઈ દાના પટેલ

ઉપરોક્ત ૧૩ જણા ની ચૂંટણી બહુમતિથી કરવામાં આવી અને સ્વલ્પાહાર પછી સભા વિર્સજન થઇ હતી.

નુતન વર્ષના શુભ દિવસે સમાજવાડીના પ્રાંગણમાં યુવક મંડળના સંયોજન હેઠળ એક સમુહ મિલન યોજવામાં આવ્યું હતુ.

એ દિવસના સભાપતિ નું પદ શ્રીમાન વીરજીભાઇ લાલજી પટેલે શોભાવ્યું હતુ સર્વ પ્રથમ કાર્યક્રમમાં મોહનભાઈ હરીભાઇ એ હડમતિયામાં થયેલ યુવક ની મીટીંગ નો અહેવાલ સહુને સંભળાવ્યો હતો.

ત્યારબાદ સમાજ ના પ્રમુખ શ્રી માવજીભાઇ હીરજી પટેલે સંઘની પ્રવૃત્તિઓ થી પ્રભાવિત થઇ વડીલો ને પૂર્ણ સાથ સહકાર આપવા સુચવ્યું હતું.

અને પાટીદાર મહિલા મંડળનાં મંત્રી કુ. નિર્મળાબેને પણ મહિલાઓને આવા કાર્યક્રમોમાં આગળ આવી યુવકોના કાર્યમાં સાથ આપવા માટે અપીલ કરી હતી.

ત્યારબાદ સભાપતિ એ પણ પોતાના વિચારોથી સર્વે ને પ્રભાવિત કર્યા હતા. અંતમાં યુવક મંડળના પ્રમુખ શ્રીમાન શીવજીભાઇ પ્રેમજી પટેલે સર્વે ને નવા વર્ષના અભિનંદન આપ્યા બાદ સ્વલ્પહાર પછી સભા વિખરાઇ હતી.

શ્રી પાટીદાર યુવક મંડળના આયોજન હેઠળ નવરાત્રી ઉત્સવ બહુજ ઉત્સાહથી ઉજવવામાં આવ્યો અને આ નવ દિવસોમાં રાસ ગરબા ના વિવિધ પ્રોગ્રામ તથા "રામ રાજ્ય" નામનું નાટક ભજવવામાં આવ્યું હતું.

શરદપૂર્ણિમાનો ઉત્સવ પણ બહુજ ખુશી આનંદ થી રાસ ગરબા તથા વિવિધ કાર્યક્રમો થી ઉજવવામાં આવ્યો અને રાત્રે ૧૨-૩૦ વાગે દૂધ પૌંઆ ના કાર્યક્રમમાં ભાઇ બહેનોએ સાથ સહકાર આપી આ ઉત્સવનો આનંદ માણ્યો હતો.

●

અસહ્ય મોંઘવારી, હાલાકી અને દુષ્કાળ જેવી પરિસ્થિતનો વિચાર કરી જ્ઞાતિમાં સમુહલગ્ન અંગે ચર્ચા વિચારણા કરવા સમાજના આગેવાનોની એક ખાસ સભા નખત્રાણા મધ્યે તા. ૧૪-૧૦-૭૩ના રોજ ધારાસભ્ય શ્રી ખીમજીભાઇ નાગજીના પ્રમુખપણા નીચે મળી હતી. જેમાં કલકત્તાથી પધારેલા અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના પ્રતિનિધિઓએ ખાસ હાજરી આપી સભાનું મહત્વ વધાર્યું હતું. સમુહ લગ્ન અંગે ચર્ચા વિચારણા કરતાં, બહુમતી સમૂહ લગ્ન કરવાની તરફેણમાં જણાતી હતી. એટલુંજ નહીં પણ તે બધા લગ્નો એક જ દિવસે (અખાત્રીજના રોજ) થાય તેવો સુર હતો. પરંતુ તેમાં કેટલીક ટેકનીકલ મુશ્કેલીઓ જણાતાં એ બાબત અંગે ચોકકસ નિર્ણય લઇ શકાયો ન હતો.

ચર્ચામાં જાહેરમાં ભાગ ન લઇ શકનાર એવા (લોબો વર્તુળો) કેટલાક ભાઇઓનો એવો મત હતો કે એકજ દિવસે અથવા તો વિભાગવાર સમુહમાં લગ્નો થવાથી કેટલીક ગેરરીતીઓ થવાનો પુરો સંભવ છે-જેમાં લગ્નની વય મર્યાદાનું ઉલ્લંઘન થશે અને મહા મુશ્કેલીથી સમાજમાં દાખલ થયેલી ઉચ્ચ સંસ્કૃતિનો લોપ પણ થશે.

યુવક સંઘના પ્રમુખશ્રીએ પોતાના લાક્ષણિક પ્રવચનમાં યુવકસંઘની

પ્રવૃતિ અંગે સૌને વાકેફ કર્યા હતા, અને એ વિભાગમાં વહેંચાઇ જતા સમાજને અટકાવી એક થવા ઉપર જોરદાર ભાર મૂકયો હતો અને વિશેષમાં જણાવ્યું હતું કે અમારા પ્રવાસ દરમિયાન અમને જે કંઇ જાણવા મળ્યુ છે. તે મુજબ એકતા સાધવામાં જો કંઇ અડચણ રૂપ હોય તો તે એક માત્ર અગ્નિ સંસ્કારની બાબત છે. ચોરીની જેમ ચેહ પણ સર્વત્ર થવી જોઇએ એમ સૌ કોઈ ઇચ્છે છે. માટે તે અંગે અમારા પ્રયાસો ચાલુ છે. અને આશા છે કે તેમાં જરૂર સફળ થઇશું

પ્રમુખ સ્થાનેથી શ્રી ખીમજીભાઇ નાગજીએ ઉપસંહારમાં ગુજરાતના હડમતિયા કંપામાં તાજેતરમાં મળેલ યુવક સંઘના સંમેલનમાં હાજરી આપી જે માહિતિ મેળવી હતી તેનો આછો ખ્યાલ આપ્યો હતો અને સંતોષ વ્યકત કર્યો હતો અને વિશેષમાં અગ્નિ સંસ્કાર જેવી સમાજની એકતામાં અડચણ રૂપ થતી બાબતો અંગે પણ ઉચ્ચ કક્ષાએ વિચારણા ચાલી રહી છે એટલે તેના પણ હવે વહેલી તકે ઉકેલ આવી જશે એવી આશા વ્યકત કરી હતી અને સૌને ધીરજ રાખવા અપીલ કરી હતી. પ્રમુખશ્રી તેમજ અન્ય વકતાઓએ યુવક સંઘને આશીર્વચનો કહ્યાં હતાં.

* શ્રી પાટીદાર યુવક મંડળ, સાગર મ. પ્ર. *

શ્રી પાટીદાર યુવક મંડળ, સાગરની વાર્ષિક સામાન્ય સભા તા. ૭-૧૦-૭૩ ના રોજ બપોરના ૩-૦૦ વાગે મળી હતી તેમાં નવા વર્ષના હોદ્દેદારોની વરણી નીચે મુજબ કરવામાં આવી છે.—

પ્રમુખ :	કેશવલાલ વીરજી પટેલ	M. A. (Pol sc.) LL. B. Final.
ઉપપ્રમુખ:	વીરજીભાઇ મુળજી પટેલ	H. S. C.
મહામંત્રી:–	કરસનભાઇ નારણ	S. y. B. Com.
સહમંત્રી –	મણીલાલ ભાણજી પટેલ	F. y. B. Com.
”	સામજીભાઈ જેઠા પટેલ	S. y. B. Com.
ખજાનચી:–	નાનજીભાઇ લાલજી પટેલ	
સાંસ્કૃતિક મંત્રી:–	દેવજીભાઇ કેસરા પટેલ	
પર્યટન મંત્રી :–	શીવદાસભાઇ શીવજી પટેલ	F. y. M. Com.
ગ્રંથપાલ:	મગનલાલ કાનજીભાઇ પટેલ	

સામાન્ય વાર્ષિક સભામાં નીચેના મુદ્દાઓ વિચારી ઠરાવો પસાર કરવામાં આવ્યા

શ્રી પાટીદાર મહિલા મંડળની સંયુકત સામાન્ય સભામાં નિર્ણય કરવામાં આવ્યો કે બંને મંડળો સાથે મળી સાથ સહકારથી કાર્ય કરે અને જોડાયેલા રહે

તે માટે એક " સંયુકત સમિતિ " ની રચના કરવામાં આવી તેના હોદ્દેદારો નીચે મુજબ છે -

અધ્યક્ષ :- કેશવલાલ વીરજી પટેલ
M. A. (રાજનીતિશાસ્ત્ર) L. L. B. Final.

સદસ્ય- રેવસીભાઈ હરજીભાઇ પટેલ — **સદસ્ય**- ગોમતીબેન એમ. પટેલ

" એતાભાઈ જેઠાભાઇ પટેલ — " જયાબેન એચ. પટેલ

પાટીદાર યુવક મંડળ વતી
કાર્યવાહકમંત્રી મણીલાલ બી. પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, નવી દિલ્હી

ગત તા. ૨૬–૧૦–૧૯૭૩ શુક્રવારના શ્રી જય ભારત સૉ મીલમાં કચ્છ કડવા પાટીદાર સમાજનું સ્નેહ મિલન યોજવામાં આવ્યું હતું જેમાં કચ્છ કડવા પાટીદાર સમાજ દિલ્હીની ૨૪ ફર્મો માંથી ૧૪ ફર્મોએ અને ફરીદાબાદના આપણા પાટીદાર ભાઇઓની બે ફર્મો એમ મળી ૧૬ ફર્મો વાળા એ ભાગ લીધો હતો.

અરસ પરસ મિલન બાદ વ્યવસ્થિત રીતે સમાજની કાર્યવાહી શરૂ થઇ હતી સૌ પ્રથમ સમાજના કાર્યકર નાનજીભાઇ પ્રેમજીભાઈ ના થયેલા સ્વર્ગવાસ બદલ બે મિનિટ મૌન રાખી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી ત્યારબાદ મિલન ઉત્સવ નું મહત્વ સમજાવવાની સાથે સાથે સર્વભાઇઓએ નૂતનવર્ષના અભિનંદન અને શુભેચ્છાઓ વ્યકત કરી હતી, બપોરના સમુહ ભોજન બાદ ફરીથી ત્રણ વાગે મીટીંગ રાખવામાં આવી હતી જેમાં સમાજના સંચાલન માટે નવી સાલ માટે સમાજના હોદ્દેદારોની સર્વ સંમતિથી ચૂંટણી કરવામાં આવી તેતી.

[illegible]	: શ્રી હિરાલાલભાઈ માવજી
	: શ્રી કરશનભાઇ મુલજી
	: શ્રી ધનજીભાઈ નાયા
પ્રમુખ	: શ્રી કરસનભાઇ કાનજી
ઉપ–પ્રમુખ	: શ્રી કરસનભાઈ મેઘજી
મંત્રી	: શ્રી વિશ્રામભાઇ હંસરાજ
સહમંત્રી	: શ્રી લખુભાઇ નાનજી
ખજાનચી	: શ્રી સોમજીભાઈ મુલજી

" સલાહકાર સમિતિ "
શ્રી મનજીભાઈ અરજણભાઈ
" ભીમજીભાઈ નાનજી

,, માવજીભાઇ પરબત
,, કરમસીભાઇ દેવસી
,, નાનજીભાઇ હિરાલાલ
,, હરદાસભાઇ રામજી

સાથે સર્વ સંમતિથી નવી સાલની " દીવાળી બોણીના " રૂપમાં રૂા. ૧૦૧/- પાટીદાર સમાજની " નખત્રાણા " બોર્ડીંગ " માં મૂકવામાં આવ્યા.

કચ્છ કડવા પાટીદાર સમાજ વતી
સહમંત્રી-: લખુભાઈ નાનજીભાઈ

✻ શ્રી નવજ્યોતિ યુવક મંડળ, હિરાપુરકંપા ✻

ગત તા. ૧૭-૯-૭૩ના રોજ હિરાપુરકંપા ગામે યુવાન ભાઇઓની એક સભા બોલાવવામાં આવી. આ સભામાં પ્રમુખશ્રી હરીભાઇ સવજીભાઇ પટેલે ગામમાં યુવક મંડળ રચી ગામની અને સમાજની પ્રવૃતિઓમાં કઇ રીતે વિકાસ સાધી શકાય તેનો ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ શ્રી જગદીશ આર. પટેલે પ્રાસંગિક પ્રવચન કરીને યુવાનોમાં પડેલી યુવાશક્તિને ગામની અને સમાજની વિવિધ પ્રવૃતિઓમાં ખર્ચવાનો અનુરોધ કર્યો હતો ત્યારબાદ નીચે મુજબ કારોબારી સમિતિની નિમણુંક કરવામાં આવી છે.

અધ્યક્ષ	: પટેલ મણીલાલ કે.
સલાહકાર	: પટેલ નવનીત કે.
	: પટેલ ડાહ્યાભાઈ આર.
	: પટેલ ખેતાભાઈ એલ.
પ્રમુખશ્રી	: પટેલ હરીભાઈ એસ.
ઉપ-પ્રમુખ	: પટેલ ગોવિંદભાઇ એમ.
મંત્રીશ્રી	: પટેલ પરસોત્તમદાસ એલ,
સહમંત્રી	: પટેલ કાનજીભાઈ ડી.
ખજાનચી	: પટેલ અરવિંદ કે.
ઓડીટર્સ	: પટેલ મનજીભાઇ બી.
	: પટેલ બાબુભાઇ એમ.
સાંસ્કૃતિક કાર્યક્રમ મંત્રી	: પટેલ જગદીશ વી.
	: પટેલ બાબુભાઇ આર.

: પટેલ રમણભાઇ બી.
: પટેલ સવજીભાઇ એસ.

અંતે મંત્રીશ્રી પરસોત્તમ એલ. પટેલે મંડળના બંધારણ અને નિયમોનો ઉલ્લેખ કર્યો. અલ્પાહાર બાદ સભા વિસર્જન કરી.

★ તાજેતરમાં હિરાપુર કંપામાં તા. ૩-૧૦ અને તા. ૫-૧૦-૭૩ના રાત્રે નવરાત્રી મહોત્સવ વખતે શ્રી નવજ્યોતિ યુવક મંડળ હિરાપુરકંપા દ્વારા 'સંપત્તિ માટે યાને ભાભી' નામનો નાટ્ય પ્રયોગ તથા ગરબા અને રાસ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ પ્રયોગ નિમિત્તે ગ્રામજનો અને આજુબાજુના ગામોએ સારો એવો રસ દાખવ્યો હતો.

આ બન્ને પ્રસંગોએ અધ્યક્ષશ્રી મણીલાલ કે. પટેલ, પ્રમુખશ્રી હરીભાઇ એમ. પટેલ અને અન્ય સભ્યોએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. અંતે મંત્રીશ્રી પરસોત્તમદાસ એલ. પટેલે આભાર વિધિ કરી હતી.

મંત્રી,
પટેલ પુરસોત્તમદાસ લાલજીભાઈ
હીરાપુરકંપા

ઇન્દોરમાં વસતા ઉત્સાહી પાટીદાર કિશોરો દ્વારા સન ૧૯૭૧માં "અજય કિશોર મંડળની સ્થાપના કરવામાં આવી હતી.

આ મંડળનો મુખ્ય ઉદ્દેશ અભ્યાસ તેમજ રમત ગમતના ક્ષેત્રમાં ઉન્નતિ કરી ને બન્ને ક્ષેત્રમાં યોગ્ય સ્થાન જાળવી મંડળ તેમજ પાટીદાર સમાજની કીર્તિ વધારવી.

ચાલુ વર્ષે શ્રી "અજય કિશોર મંડળ" ના સભ્યશ્રી રમણીકલાલ રામજીભાઇ પટેલે સ્થાનીય ગુજરાતી પ્રાયમરી સ્કૂલમાં ગેઇમ્સ સેક્રેટરી પદ પર ચૂંટાઇ ને મંડળની કિર્તી વધારી છે. તેમજ સ્નેહ કલબ તરફથી યોજાયેલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઓલરાઉન્ડરનો એવૉર્ડ પ્રાપ્ત કરેલ છે

આ મંડળે અત્યાર સુધીમાં ક્રિકેટ, વોલીબૉલ, બેડ મીન્ટન, ટેબલટેનીસ તથા ફૂટબૉલ વગેરે સાધનો વસાવી લીધાં છે અને ભવિષ્યમાં સાધનો વિસ્તારી મંડળ તથા સમાજનું નામ રોશન કરવામાં કામીયાબ થાય એવા પ્રયત્નો કરે છે. અત્યાર

સુધીમાં રમત ગમતના ક્ષેત્રમાં નિમ્ન યોગ્યતાઓ મેળવી છે. (૧) સ્થાનીય જેલરોડની શ્રેષ્ઠ ક્રિકેટ ટીમને ૬ વિકેટથી હરાવીને સીગ્નેચર પ્રાપ્ત કરી (૨) પંચવટી ક્રિકેટ ટીમ (જાનકીનગર)ને હરાવી ૭ વિકેટ અને શીલ્ડ પ્રાપ્ત કરેલ છે. (૩) સ્નેહ ક્લબને હરાવીને ૩ વિકેટ અને એક કપ જીતેલ છે. અને વૉલીબૉલમાં પણ સારી યોગ્યતા પાપ્ત કરી છે.

આ વર્ષમાં મંડળના હોદ્દેદારો :

કેપ્તાન :– શ્રી ગંગદાસ ડાહ્યાભાઇ પટેલ
વાઇસ કેપ્તાન : શ્રી ધનજી કરમસી પટેલ
પ્રમુખ :– શ્રી મોહનલાલ મગનભાઇ પટેલ B. Com. St.
ઉપપ્રમુખ: શ્રી ગંગદાસ ડાહ્યાભાઇ પટેલ B Com. St.
મંત્રી :– શ્રી ધનજીભાઇ કરમસીભાઇ પટેલ H. sc.
સહમંત્રી :– શ્રી ઇશ્વરલાલ રામજીભાઇ પટેલ B. Sc. St.

નોંધ:– ઇશ્વરલાલ રામજીભાઈ પટેલે આ વર્ષે મ.પ્ર. હાયર સેકન્ડરી બોર્ડ દ્વારા યોજીત ધો. ૧૧ની વાર્ષિક પરીક્ષામાં ૭૨% માર્કસ મેળવી શ્રી ગુજરાતી હા. સે. સ્કૂલમાં સર્વશ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

મંત્રી:- **ધનજીભાઈ કરમસીભાઈ પટેલ**
અજય કિશોર મંડળ ઇંદોર

આનન્દ !
ફુરસદ !!
વૈભવ !!!

રસોઈ ઘરના રાજા
રાજેશ
પ્રેશર કુકર

પ્રથમ તો ગ્રાહકો તરફથી, પછી એના હરીફો તરફથી અને હવે ખુદ આઈ.એસ.આઈ. તરફથી પ્રમાણપત્ર. આમ રાજેશે આઈ.એસ.આઈ. ચિહ્ન ધરાવનારાં ગણ્યાં ગાંઠ્ય ઉત્પાદનોની ઉચ્ચ હરોળમાં સ્થાન મેળવ્યું છે.

લક્ષમાં રાખશો કે આઈ.એસ.આઈ. ચિહ્ન એટલે સવિશેષ ખાતરીનું ચિહ્ન! ઉત્પાદનની અત્યુત્તમ ગુણવત્તા ઉત્કૃષ્ટ કારીગરી અને ચીવટપૂર્વકની પરિપૂર્ણતાનું પ્રમાણપત્ર. તેથી, જ્યારે તમે પ્રેશર કુકરની શોધમાં હો ત્યારે રાજેશની માગણી કરજો. કારણ કે એ સવિશેષ ખાતરીનું ચિહ્ન — ISI ધરાવે છે.

નિર્માતા:
રાજેશ ઈન્ડસ્ટ્રીઝ
મહારાષ્ટ્ર.



સ્ટોકીસ્ટ *

શક્તિ વિજય વાસણ ભંડાર

તાંબા, પિત્તળ, સ્ટેનલેસ સ્ટીલ, એલ્યુમીનીયમના વાસણો તેમજ પ્રાયમસ વગેરે હાજર સ્ટોકમાં મળશે.

પ્રોપ્રાયટર: **પટેલ માવજીભાઈ ભીમજીભાઈ** (કુંભ) વીરાણીવાળા

સ્થળ : ભુટાલવાડા, **મોડાસા**, જિ. સાબરકાંઠા.

શ્રી ગણેશાય નમઃ

જાહેર જનતાને —

ખુશખબર

અમારી દુકાનેથી ઇલેક્ટ્રીકને લગતા
હરેક માલસામાન ઘણાજ કિફાયત ભાવે મળશે
....તેમજ....
મકાનોમાં ઇલેક્ટ્રીક ફીટીંગ, રીપેરીંગ તેમજ કૂવા પર
મોટર ફીટીંગ કરી આપવાનું કામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

હરેક જાતના હેરઓઇલ, બ્યુટીપાવડર, રંગો, પ્લાસ્ટીકની વસ્તુઓ
પેસ્ટ–બ્રશ, ન્હાવા–ધોવાના સાબુ, તેમજ હરેક જાતની
કટલરી અને હોઝીયરીની જરૂરિયાત માટે
વિક્રેતા : સીમેન્સ ઇલે. મોટર

— રૂબરૂ મળો —



શ્રી ગણેશ ઇલેક્ટ્રીક એન્ડ કટલરી સ્ટોર્સ

મોડાસા રોડ, ધનસુરા. ફોન : પી.પી. ૭

પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (અહમદપુરાવાળા)
પટેલ નરસિંહભાઈ જેઠાભાઈ (અહમદપુરાવાળા)


તા. ક. શુભ પ્રસંગોએ મંડપ, લાઈટ ડેકોરેશન તથા લાઉડસ્પીકરનું કામકાજ કરી આપવામાં આવે છે.

શ્રી જયઅંબે



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં

—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ જિ. સાબરકાંઠા.

પ ટે લ ઇલેક્ટ્રીકલ્સ

ઈલેક્ટ્રીકને લગતા દરેક જાતના માલ સામાનના વહેપારી.

સ્થળ :
નેશનલ ટાયર્સની બાજુમાં, તલોદરોડ, **ધ ન સુ રા**
જિ. સાબરકાંઠા.


આપની જરૂરીયાત મુજબ

- ટ્યુબ લાઈટ
- લેમ્પ
- સીલીંગ ફેન, ટેબલ ફેન
- ટેબલ લેમ્પ, નાઈટ લેમ્પ
- ઈલે. સગડી
- રૂમ હીટર, વોટર હીટર
- વાયર
- સ્વીચો, પ્લગ, હોલ્ડર

વગેરે... વગેરે...

ઇલે. મોટર રીવાઇન્ડીંગ તેમજ દરેક જાતના સ્ટાર્ટરના રીપેરીંગ કામકાજ તથા તેને લગતા દરેક સ્પાર્ટસ મળશે.

લિ.
દેવજીભાઈ કરશનભાઇ
ખીમજીભાઈ કરશનભાઈ
[બહામકંપા વાળા]




પ્રખ્યાત—
એ વ રે સ્ટ ઈ. મોટર્સ

તેમજ

દરેક કંપનીના સ્ટાર્ટર તથા સ્વીચો અને તેને લગતી તમામ વસ્તુઓ.

'Everest'



Shree

LAXMI ENGINEERING WORKS

AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.

એન્ડ સૉ એન્ડ ટોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના

સ્થળ :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

To,

Book - Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૫ અંક–૧૨ ડીસેમ્બર ૧૯૭૩

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૬], પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૧૦૧] પરદેશમાં રૂ. ૧૨૫] નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :

સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :

સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

અનુક્રમણિકા

ૐ નમઃ શિવાય

તંત્રીસ્થાનેથી

સમયનાં બદલાતાં જતાં વહેણ સાથે તાલ મિલાવવા આપણા સમાજમાં હમણાં હમણાં સમગ્ર ભારત ભરમાં ઠેરઠેર યુવક મંડળોની સ્થાપના થઇ રહી છે. તે યુવાશકિતમાં આવેલી જાગૃતિના જુવાળની સુચક હકીકત છે. સાથે સાથે યુવાશકિતના સંગઠનબળની વૃદ્ધિના પરિણામે સમાજના ભાવિ જીવનની ઉજ્જવળતાનો નિર્દેશ પણ તેમાં સમાયેલો છે. તે પણ નિર્વિવાદ હકીકત છે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવકસંઘની પ્રેરણાથી જાગૃત થયેલી યુવાશકિત એ સંઘ માટે જ પ્રોત્સાહક બળ બની રહે એમ આપણે સૌ કોઇ ઇચ્છીએ જ.

છેલ્લે છેલ્લે મધ્યપ્રદેશ વિસ્તારમાં જબલપુર, સાગર વગેરે સ્થળોએ જે મહિલા મંડળોની સ્થાપના થઇ છે. તે પણ અભિનંદનીય છે. માત્ર યુવાનો જ પોતાના માર્ગમા આગળ વધી પ્રગતિ સાધે અને મહિલાઓ પાછળ રહી જાય તે પણ બરાબર નથી આ વિચાર સાથે સમગ્ર દેશની આપણા સમાજની યુવાન મહિલા બહેનોએ પણ વિચારવું રહ્યું અને એ વિચારને સાકાર સ્વરૂપ આપવું તેમાં ખોટું પણ નથી જ.

કોઇપણ સમાજની તાકાત તેની યુવાશકિત પર નિર્ભર છે. એ યુવાશકિતની સાથે સ્ત્રી શકિતનો સાથ સહકાર મળે તો તેની શકિત વધુ જવલંત બને. શરૂઆતમાં રૂઢિચુસ્ત વડીલ જનસમાજ સાથે સહકાર સાધવાનું ઘણી જગ્યાએ કઠિન પણ બને છતાં સમાજની કાયા પલટ કરવા માટે, તેમાં પડેલાં દુષણો તેમજ અન્ય આવતાં દુષણોને અટકાવવા માટે રચનાત્મક માર્ગે જો સમગ્ર યુવાશકિત પ્રવૃત્તિશીલ બને તોજ વડીલ વર્ગનો સાથ, સહકાર અને સહાનુભૂતિનો લાભ મળી શકે. તો વડીલવર્ગના આશીર્વાદથી ખંતપૂર્વક આગળ વધવા નેમ રાખીએ.

સમગ્ર દેશભરમાં જાગૃત થયેલી યુવા શકિતએ એક વાત હંમેશાં ધ્યાન પર રાખવાની જરૂર છે કે કયારેય અને કયાંય પણ યુવાન વર્ગ વિચારોની દ્રષ્ટિએ બુધ્ધિ પ્રતિભાની દ્રષ્ટિએ વડીલવર્ગ સમક્ષ હીણો ન દેખાય, જૂનવાણી વિચારો સાથે નવા વિચારોનો સંઘર્ષ નહિ પણ સુમેળ કેમ સધાય તે સાધવા માટે સ્વાભાવિક પણે સ્વભાવની ગંભીરતા કેળવવી પડશે. વિચારોની પરિપકવતાનો પરિચય કરાવવો પડશે. આમ થાય તો જ વડીલોનો વિશ્વાસ કેળવી શકાશે અને એજ રીતે સમાજના સડાઓને ડામવા અને સુધારાઓને સત્કારવાની આગળ પ્રવૃતિઓના સન્માર્ગે યુવાશકિત આગળ વધી શકશે.

અસ્તુ—

* તમે જાણો છો ?

કરસનભાઇ વી. પટેલ
નવસારી

હલકામાં હલકું શું ?	યાચના
ઉત્તમ સ્નાન કયું ?	મનનો મેલ જેનાથી દૂર થાયતે
ધનવાન કોણ ?	સંતોષી
મોટો રોગ કયો ?	ચિંતા
પૈસા મેળવવાનો સૌથી સહેલો ઉપાય કરો ?	ઉદ્યોગ અને કરકસર
સર્વ ધર્મોનું મૂળ શું ?	સત્ય
પવિત્ર ધન કયું ?	સત્ય અને ધર્મ વડે મેળવાય તે
મોટામાં મોટો અરીસો કયો ?	જગત
સ્ત્રીનો મુખ્ય ધર્મ કયો ?	પતિની સેવા
અગ્નિ વિના સદા બાળનાર કોણ ?	નઠારી સ્ત્રી, નઠારાં છોકરાં અને પડોશી
મોટામાં મોટું પાપ કયું ?	વિશ્વાસઘાત
તનથી વહાલું શું ?	લાજ
મનુષ્યનો શણગાર કયો ?	ડહાપણ
મનુષ્યનો અમલ કોના પર ચાલતો નથી ?	મૃત્યુ ઉપર
મોટામાં મોટો સમુદ્ર કયો ?	સંસાર
દરરોજ જુઠું બોલનાર કોણ ?	વેપારી

ગ્રાહક મિત્રોને વિનંતી

★ અન્ય અખબારો અને સામયિકોને કાગળની અછતની તીવ્ર તંગીનો અનુભવ જેમ થયો છે તે રીતે જ તેમાંથી આપણા સમાજનું મુખપત્ર "જાગૃતિ" પણ બાકાત રહી શકયું નથી આગામી જાન્યુઆરી ૧૯૭૪ થી તેના લવાજમનો વાર્ષિક દર મને ક મને પણ **નવ** રૂપિયા થી **દસ** રૂપિયા જેટલો કરવાનું વિચારણા હેઠળ છે. આગામી જાન્યુઆરીની ૧૫ મી તારીખે પ્રસિદ્ધ થતા અંકમાં લવાજમ કેટલું નક્કી થયુ તેની જાણ સૌ ગ્રાહક મિત્રોને કરવામાં આવશે.

અત્યાર સુધી કેટલાક ગ્રાહક મિત્રોનાં લવાજમો બાકી નીકળેછે. તો સત્વરે આ અંક હાથમાં આવે કે તરતજ મોકલાવી આપે એવી અભિલાષા છે.

* સાચો 'કર્મયોગ' *

દુનિયામાં જેટલા ધર્મો છે, તેના બે વિભાગ કરવામાં આવ્યા છે. એક છે "સેમેટિક" વિભાગ અને બીજો છે "આર્ય" વિભાગ. સેમેટિક વિભાગમાં જેમાં યહુદીઓ, ખ્રીસ્તીઓ અને મુસ્લિમોનો સમાવેશ થાય છે. જ્યારે બીજા આર્ય વિભાગમાં વૈદિક, જૈન, બુદ્ધ, પારસી, શીખ વગેરે છે.

સેમેટિક ધર્મ વાળાની માન્યતા મુજબ તેનો ઉધ્ધાર તેના પેગંબરથી થશે. યહુદીઓ મુસા ઉપર, ખ્રીસ્તીઓ ઈસુ ઉપર અને મુસલમાનો મહંમદ ઉપર વિશ્વાસ કરવાથી તરીજવાશે એમ તેઓ માને છે. પરંતુ આર્ય ધર્મવાળાઓનું તારણ જુદું જ છે તેનો ઉધ્ધાર કોઈ પેગંબર કે મહાપુરુષોથી નથી થતો તેનું તારણ તો તેના કર્મોથીજ થાય છે.

પણ આજે ગીતાને માનનારો હિન્દુ ગીતાના "કર્મયોગ" ને ભૂલી ગયો છે. પોતાના ધર્મની આ વિશષ્ટતાના બદલે ચમત્કારિક બાવાઓ, ગુરૂઓ, સંતપુરૂષો, અને પીર ફકીરોને પોતાના તારણહાર માની તેની જ ભેટ પૂજામાં અને તેને આપેલ મંત્ર જાપ તથા સુત્રોનું રટણ કરી જવામાં માનતો થયો છે.

આમ સમસ્ત હિંદુ સમાજ પોતાના ધર્મના મૂળ સિધ્ધાંતોને ભૂલી ખોટી લાલચ અને અંધ વિશ્વાસના વલણમાં ગોથાં ખાઈ રહ્યો છે.

જે દેશમાં શ્રીકૃષ્ણ જેવી મહાન વ્યક્તિઓ જન્મ પામેલી હોવા છતાં તેને સમજવાના બદલે બીજા દેશપર ઉપદેશની દ્રષ્ટિએ મીટ માંડે તેવાઓની સ્થિતિ ખરેખર દયાજનક કહેવાય.

આ પરિસ્થિતિને સુધારવાનો રામબાણ ઉપાય એ જ છે અને તે એ છે કે પ્રત્યેક આર્ય ધર્મી ગીતાના કર્મયોગને ફરીને અપનાવતો થાય.

(સંકલન)

શામજીભાઈ એસ. પટેલ
દરશડી-કચ્છ

અવળચંડાઈ નો ઉપાય

પુરૂષોત્તમભાઈ પટે
જગદલપુર

૧ અહંકાર અને મમતા તો માનવીને અવળે માર્ગે દોરી જવા માટેની મન
અવળચંડાઇ છે.

૨ મનની આ અવળચંડાઇ દૂર કરવાના માર્ગ બે છે, એક જ્ઞાનમાર્ગ ને બીજો
ભકિતમાર્ગ.

૩ જ્ઞાનમાર્ગ કહેછે સર્વસ્વનો ત્યાગ કરો પરાયાં કે પોતીકાં કોઈમાં પ્રેમ ન રાખો
ને સર્વ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિથી જુઓ.

૪ જ્યારે ભકિત માર્ગ કહે છે સર્વમાં સર્વેશ્વરને જુઓ ને સર્વ સાથે નિષ્કામ
ભાવથી સ્નેહ રાખો.

૫ ભકિતમાર્ગ કહે છે, અડધી રાતે કોઇ અજાણ્યો ગરીબ આંગણે આવે તો
તેમાં પણ પ્રભુને નિહાળી પ્રેમથી સત્કારજો ને તમારો ભાઇ જ આવ્યો હોય
એવા ભાવથી જમાડજો.

૬ આમ કરશો તો, તમારામાં સુખ-દુઃખ પેદા કરી પરેશાન કરનારી, અહંકાર
મમતાની અવળચંડાઇ અવશ્ય નાબૂદ થશે.

છાપાંના છબરડા

પ્રભુદાસ કે. પટેલ
માધવકંપા

(૧) અવનવાં મોડેલો આપના ઓળખીતા મરઘી (મરફી) ના વ્યાપારીને ત્યાં
આજેજ જુઓ.

(૨) દુઃખાવા વાળા ભાગ ઉપર અમૃતાંજન બગાડો (લગાડો)

(૩) સાલીયાણાના પ્રશ્ન અંગે નવી દિલ્હી ખાતે મળેલી રામાઓની (રાજાઓની)
પરિષદ.

(૪) વીસ ઉપરાંત વધુ વર્ષોથી સૌથી વધુ વેચાણ ધરાવતો ફાંસીનો (ખાંસીનો)
ધરગથ્થુ ઇલાજ.

(૫) ટૂંક સમયમાં થનારો કોલેરા (ધોલેરા) નો વિકાસ.

(૬) પોતાને લૂંટયા (ચૂંટયા) બદલ આભાર માનતા શ્રી પ્રમુખ

(૭) પાકિસ્તાની ફાનસ (માનસ) ધરાવતા એક વકીલની તપાસ.

(૮ માર્શલ ટીટોના ખાસ ભૂત (દૂત) દિલ્હીમાં.

(૯) નફાખોરોને બે વર્ષની મજા (સજા)

(૧૦) ચીન ને તેના ૨૫ કરોડના સૈન્ય નો ગર્ભ (ગર્વ)
(૧૧) રાજકોટમાં વધેલા મુંડાઓનો (ગુંડાઓનો) ત્રાસ
(૧૨) વેકેશન દરમિયાન મુંબાઈ વીરમગામ વચ્ચે વધારાની લાડીઓ (ગાડીઓ) દોડશે
(૧૩) ઈંગ્લેન્ડમાં પટૌડીની શાનદાર બદી (સાદી)
(૧૪) નસો (બસો) બંધ થવાથી જનતાને ત્રાસ
(૧૫) ભાંડ (ખાંડ) વગર ટળવળતી અમદાવાદની પ્રજા.
(૧૬) નહેરના પાણી અંગે વિરોધ પક્ષના સભ્યોએ ખેંચેલું મ્યાન (ધ્યાન).

—: વાહ રે ! આજની દુનિયા :—

હંસરાજ કે. પટેલ
શ્રી અંબિકા ટિમ્બર ટ્રેડીંગ કાં
ઉડીપી

૧ સ્થિર આજે માનવીનું, મન નથી જીવન નથી,
ગમગીન છે વાતાવરણ, એમાં મનોરંજન નથી,
૨ સરકાર હસ્તે ધાન્યની, લાઈનોમાં અનાજ મળે.
તેલ માટે કતારોમાં, ઉભવામાં સાર નથી.
૩ દેશને ઉથલાવી રહ્યા છે, કર્તવ્યનું કોઈને ભાન નથી.
સ્વાર્થ માટે મારા મારી તૂફાનોનો પાર નથી.
૪ કોઈકને રહેવા ઘર નથી કોઈકને ખાવા અન્ન નથી.
કેમ જીવાયે જીવન ! જીવવા સાધન નથી.
૫ હાડ મારી આ રહીતો, જીંદગી કપરી થશે.
રસહીન એવી જીન્દગીમાં જીવવાંમાં સાર નથી
૬ હેવાનિયતનાં નિતનવાં, નાટકો ભજવાય છે.
કોણ જાણે કયાં ગયાં ? ઇન્સાનનાં દર્શન નથી.
૭ એ શરમ મજનુનાં, કાન પકડીને કહો.
આ ભૂમિ છે. આર્યોની, યુરોપ કે લંડન નથી.
૮ માનવીની આજે કિંમત: ધન થકી અંકાય છે.
ધનનીં પૂજા થાય છે, ઇન્સાનની કિંમત નથી,
૯ હું સુવાસિત "હંસ" છું, પુષ્પ કે ચંદન નથી.
હું નથી ગંગા કે યમુના, હું પતિતપાવન નથી,
૧૦ પણ છું અદનો માનવી, પ્રેમ મારો ધર્મ છે.
એટલે જ વિશ્વ મહીં મારુ, કોઈપણ દુશ્મન નથી,

નવું વર્ષ તો કહેવાશે ?

પરસોત્તમભાઇ ડી. પટેલ
ઇંદોર

નવા વરસમાં નથી નવું કઇ, બધુ પુરાણું ભાસે છે.
એજ સ્વાર્થને એજ ભોગમાં, નવું નવું શું લાગે છે.
એજ દિવસને એજ રાત છે. સૂર્ય ઊગે છે. એનો એ,
એજ જનોએ જગ જંજાળો, નવું વરસ હું માનું શે.
કાળ ગણિતમાં નવું જૂનું ના, બધું એક અદ્વૈત દીસે,
ગતિહીન જીવન પ્રવાહમાં નવું વળી શું કહેવાશે.
નવા વરસના નવા નિશ્ચયો, નવા નિર્ણયો લેવાશે
નવું ધ્યેય લઇ આગળ ધપશે, નવું વર્ષ તો કહેવાશે.
નવા પ્રાણ પુરાય જીવનમાં નવો વેગ જીવન પામે,
નવા ઉમંગો ઊઠે હૃદયમાં, નવું વર્ષ તો કહેવાશે.
નવું વરસ કંઇ નથી સમયમાં, નવું જૂનું મુજ મનમાં છે,
નવ યુવાન થઇ રહું સદા હું, નવું વર્ષ તો કહેવાશે
બાલિશતા ગઇ બાલ્યકાળની, વૃદ્ધ નિરાશાના સ્પર્શે,
ચિંતાહીન બને જીવન જો, નવું વર્ષ તો કહેવાશે.
નવો દીસે આવેશ જીવનમાં, નવું જગત આ લાગે છે,
ખરો ભકત તો નવા વર્ષમાં, નવું જીવન એ માગે છે,

સાકર ની લુંટ

હેમલતાબેન એમ. પટેલ
અમદાવાદ

સંતરામનું મંદિર છે. ઓચ્છવને દહાડે ત્યાં સાકર ઉછાળે છે અને ઘણાં લોકો એ પ્રસાદ લુંટવા આવે છે. અહીં જોવા જેવું થાય છે, ભીડ અને ધક્કા મુકકી તો પાર વિનાની થાય છે. જયારે સાકર ઊછળે છે. ત્યારે જુવનિયા કૂદા કૂદ કરે છે, અને ઘરડાં નબળાં નું તો કામ જ નહીં જુવાનિયા ખૂબ મથે ને ખૂબજ ફાંફાં મારે ત્યારે ચપટી બે ચપટી સાકર ભેગી કરે પછી બાજુએ જઇને કેટલી મળી તે જોતાં જોતાં કહે " આટલી જ આવી મારે તો વધારે આવવાની હતી. પણ પેલાનો ધકકો વાગ્યો ને.......એટલે રહી ગયો"

આમાં જેને આવે તેને મેલી [ખરાબ] સાકર આવે અને તે લોકો ને ગમે તેટલી મળે પણ ઓછી ને ઓછી જ પડે જો બધાંજ ભેગાં મળી શાંતિ થી ભાગે પડતી વહેંચાતી હોય તો થોડી આવે કે વધારે આવે તો પણ સ્વચ્છ ચોકખી આવે અને જે આવી હોય તે ભાગે પડતી આવવા નો સંતોષ રહે.

આજે આપણા સમાજમાં પણ સાકર [પૈસા] ઉછળે છે. અને લૂંટાય તેટલા સાચું જૂઠું કરી ને લૂંટવા બધાંજ મંડયા છે અને જેને જેટલું મળે છે તેટલું ઓછું પડે છે. આ બધાંયની કમાણી મેલી થાય છે. આપણે આ લુંટ અટકાવવી જોઈએ અને સાકરની માફક બધાંએ સરખે ભાગે વહેંચી સંતોષ માનવોજ જોઇએ.

સમાચાર દર્શન

❋ શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) ❋

શ્રી પાટીદાર યુવક મંડળ મુંબઇ એ ગઇ તા. ૨૧–૧૦–૭૩ ને રવિવારના રોજે શ્રી પાટીદાર વાડી (ઘાટકોપર) માં વિવિધ રમત–ગમતની હરિફાઇઓ યોજી હતી આ હરિફાઇઓને નીચે પ્રમાણે ચાર વિભાગમાં વહેંચી નાખવામાં આવી હતી.

(અ) ૧૨ વર્ષ સુધીના છોકરા તથા છોકરીઓ માટે

★ લીંબુ ચમચી ★ માટલા ફોડ ★ બટેટા રેસ ★ કૂદકામારી ફળ ખાવું

(બ) ૧૨ વર્ષથી ઉપરની ઉંમરની છોકરીઓ માટે

★ મ્યુઝીકલ ચેર ★ કોથળા રેસ ★ લીંબુ ચમચી ★ બટેટા રેસ

(ક) ૧૨ વર્ષથી ઉપરની ઉંમરના છોકરાઓ માટે

★ મ્યુઝીકલ ચેર ★ કોથળા રેસ ★ ત્રીપગી

(ડ) ૧૨ વર્ષથી ઉપરની ઉંમરના છોકરા તથા છોકરીઓ માટે

★ કેરમ ★ ચેસ

આ હરિફાઇમાં ૧૨૦ નાનાં મોટાં ભાઇ-બહેનોએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. હરિફાઇઓ સવારના ૯–૦૦ કલાકે શરૂ કરવામાં આવી હતી અને તે રાત્રે ૮–૦૦ કલાક સુધી ચાલી હતી. આ હરિફાઇનું કામકાજ નીચેની સમિતિએ સારી રીતે સંભાળ્યું હતું.

૧. ભરતકુમાર કેસરા ધોળુ ૨. ભગવાનજી નાનજી નેલાણી
૩. કાન્તિલાલ લાલજી ચોપડા ૪. લાલજી કરશન ચોપડા
૫. અરૂણ હંસરાજ નાકરાણી

વિજેતા ભાઇ–બહેનોને ઇનામ વિતરણ –:– મુંબઇ સમાજના પ્રમુખ અને ટ્રસ્ટી શ્રી વિશ્રામ હંસરાજના હાથે નવા વર્ષના પ્રથમ દિવસે શ્રી પાટીદાર વાડીમાં યોજાયેલ સ્નેહસંમેલનમાં કરવામાં આવ્યું હતું.

—: હરિફાઈમાં વિજેતા બનેલાનાં નામો :—

(અ) ૧૨ વર્ષ સુધીની ઉંમરના છોકરા તથા છોકરીઓ

(૧) લીંબુ ચમચા	૧. કલ્પના ધનજી પટેલ ૨. સુનીલ વેલજી પટેલ
(૨) માટલા ફોડ	૧. વિજયાબેન અરજણ ચોપડા ૨ પરેશ અરજણ પટેલ ૩. ચંદ્રિકાબેન ચોપડા
(૩) બટેટા રેસ	૧. હિરાલાલ વિસનજી પટેલ ૨. પ્રદિપ ડાહ્યાલાલ ડાયાણી ૩. જયશ્રી નારાયણ પટેલ
(૪) કૂદકા મારી ફળ ખાવું	૧. વિજ્યા અરજણ ચોપડા ૨. પરેશ અરજણ પટેલ ૩. અશોષ ધનજી પટેલ

(બ) ૧૨ વર્ષથી ઉપરની ઉંમરની છોકરીઓ માટે

(૧) મ્યુઝીકલ ચેર	૧. રસીલા ભીમજી પટેલ ૨. રૂક્ષમણી લાલજી પટેલ ૩. લીલાબેન ભીમજી સેંઘાણી
(૨) કોથળા રેસ	૧. રૂક્ષમણી લાલજી પટેલ ૨. રસીલા ભીમજી પટેલ
(૩) લીંબુ ચમચી	૧. કંચન દેવજી પટેલ ૨. ભગવતી દેવસી વેલાણી ૩. રસીલા ભીમજી પટેલ
(૪) બટેટા રેસ	૧. રૂક્ષમણી લાલજી પટેલ ૨. લીલા ભીમજી પટેલ ૩. રસીલા ભીમજી પટેલ

(ક) ૧૨ વર્ષથી ઉપરની ઉંમરના છોકરાઓ માટે

(૧) મ્યુઝીકલ ચેર	૧. પરેશકુમાર ભીમજી પટેલ ૨. ભરતકુમાર ગોપાલજી પોકાર ૩. પ્રેમચંદ કરશન પટેલ
(૨) કોથળા રેસ	૧. મણીલાલ મેઘજી પટેલ ૨. સતીશ ભગવાનજી પટેલ

(૩) ત્રીપગી — ૧. અરૂણ હંસરાજ નાકરાણી તથા પરેશકુમાર ભીમજી
૨. પ્રેમચંદ કરશન પટેલ તથા છગનલાલ જીવરાજ પટેલ
લખમશી રવજી પટેલ તથા પરસોત્તમ દેવજી પટેલ

(ડ) ૧૨ વર્ષથી મોટી ઉંમરના છોકરા તથા છોકરીઓ માટે

(૧) કેરમ — ૧. જીતેન્દ્ર નારણજી પોકાર
૨. પ્રેમચંદ કરશન પટેલ
૩. મહેશ વેલજી પટેલ

(૨) ચેસ — ૧. હરેશકુમાર નારણજી પટેલ
૨. કાન્તિલાલ લાલજી ચોપડા
૩. રમેશચંદ્ર ગોપાલજી રાજાણી

લિ.
કાન્તિલાલ લાલજી ચોપડા
મંત્રી,
શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ)

શ્રી પાટીદાર વિદ્યાર્થી મંડળ રાયપુર

સ્થાપના : તા. ૮-૧-૭૧

ગત તા. ૧૧-૧૧-૭૩ના રોજ ઉપરોકત મંડળની એક સામાન્ય સભા યોજવામાં આવી હતી. જેમાં ચાલુ વર્ષ સંવત ૨૦૩૦ની કાર્યવાહક કમીટીમાં નીચે મજબના ભાઈઓને ચૂંટવામાં આવ્યા છે.

પ્રમુખ :	શ્રી દેવજી શીવજી પટેલ	વિથોણ
મંત્રી :	શ્રી ખીમજી રવજી	"
સહમંત્રી :	શ્રી દલપતરામ ભીમજી	કોટડા
ખજાનચી :	શ્રી રતનશી દાના	આનંદપર
સહ ખજાનચી:	શ્રી નાગજી લાલજી	સાયરા
ગ્રંથપાલ :	શ્રી જયંતિલાલ રવજીભાઈ	વિથોણ
ખેલકૂદ :	શ્રી શાન્તિલાલ જશરાજભાઈ પટેલ	"
	શ્રી શાન્તિલાલ રામજીભાઈ પટેલ	નાનાઅંગીયા

ઉપરોકત સમિતીની રચના કર્યા બાદ સભા સમાપ્ત કરવામાં આવી હતી.

લિ મંત્રી
શ્રી પાટીદાર વિદ્યાર્થી મંડળ રાયપુર

શ્રી કચ્છ કડવા પાટીદાર સાઠંબા ગ્રુપ યુવક મંડળ

સાઠંબા, સરદારપુરા અને આનંદપુરાના યુવક ભાઇઓની મીટીંગ તા. ૩૧–૧૦–૭૩ બુધવારને કારતક સુદી ૫ (લાભ પાંચમના) રોજ બપોરે ૧૨–૦૦ વાગે જનતા ફ્લોર ફેક્ટરીમાં રાખવામા આવેલ હતી. તેમાં "શ્રી કચ્છ કડવા પાટીદાર સાઠંબા ગ્રુપ યુવક મંડળની સ્થાપના સર્વાનુમતે કરવામાં આવી હતી. જેનું પ્રમુખસ્થાન સરદારપુરા કમ્પાના બુઝર્ગ શ્રી જીવરાજભાઇ ધનજીભાઇએ સ્વીકાર્યું હતું. છેલ્લા કેટલાક દિવસોથી અહીંના યુવકોના પરસ્પર અથાગ પરિશ્રમ, ધગશ અને સાથ સહકારના પરિણામ સ્વરૂપે યુવક મંડળની ઉત્સાહભર્યા વાતાવરણમાં રચના કરવામાં આવી જેમાં નીચે મુજબના હોદ્દેદારો તેમજ કાર્યવાહક સમિતિની વરણી કરવામાં આવી જે હર્ષનાદ અને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવી હતી.

પ્રમુખ	ડૉ. છગનભાઇ એમ. પટેલ B. D. S.
ઉપ–પ્રમુખ	કેશવલાલ કરમસીભાઈ પટેલ
મંત્રી	પરસોત્તમભાઇ લાલજીભાઇ પટેલ
સહમંત્રી	પુરૂષોત્તમદાસ કેશવલાલ પટેલ B. Com.
ખજાનચી	કેશવલાલ પરબતભાઇ પટેલ
સહ–ખજાનચી	બાબુભાઇ મૂળજીભાઈ પટેલ
કા. સભ્ય	દેવજીભાઇ જીવરાજભાઇ પટેલ
	વિઠ્ઠલભાઈ વેલજીભાઇ પટેલ
	અમૃતભાઇ મુળજીભાઇ પટેલ
	શાન્તિલાલ નરસિંહદાસ પટેલ
	ગોરધનભાઇ દેવસીભાઈ પટેલ
	રમણભાઇ લધ્ધાભાઇ પટેલ

યુવક મંડળની સ્થાપના વિધિમાં વડિલ મહેમાનોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. જેમાં મુળજીભાઇ ધનજીભાઇ, કેશવલાલ મેઘજીભાઇ, નાનજીભાઈ હંસરાજભાઇ વગેરે વડીલોએ મંડળની સ્થાપના બદલ આનંદની લાગણી વ્યક્ત કરી હતી અને આશીર્વાદ પાઠવ્યા હતા તેમજ મંડળને રૂા. ૪૦૦ રોકડા બક્ષિસ તરીકે આપ્યા હતા.

અન્તે દરેક ભાઈઓ તરફથી ખભેખભા મિલાવી એકી અવાજે મંડળનાં

સુકાન યોગ્ય રીતે પાર પાડવાની શુભનિષ્ઠા રાખી અને અનેકાનેક આશાઓ સાથે સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

લી.
શ્રી કચ્છ કડવા પાટીદાર સાકંબા ગૃપ યુવક મંડળ
વતીથી.

પ્રમુખ
ડૉ. છગનભાઈ એમ. પટેલ

સહમંત્રી
પુરૂષોત્તમદાસ કેશવલાલ પટેલ

✻ અગત્યની જાહેરાત ✻

:– ખોંભડી પાટીદાર સમાજના ભાઈઓને સુચના :–

આથી ખોંભડી ગામમાં તેમજ બહાર વસતા ખોંભડી પાટીદાર સનાતન સમાજના ભાઈઓને જણાવવાનું કે રૂબરૂ યા પરિપત્ર દ્વારા કોઇ પણ સંજોગો વસાત ખબર ન આપી શકયા હોઇએ તો આ સૂચના થી નોંધ લેશો.

ખોંભડી સનાતન પાટીદાર સમાજના નિર્ણય અનુસાર તા–૧૯–૧–૧૯૭૪ થી તા–૨૧–૧–૧૯૭૪ સુધી સાગર (મ. પ્ર.) માં જનરલ મીટીંગ નું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે તેમાં ગામ સબંધિત સામાજિક બાબતો તેમજ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના નિયમોનું ચુસ્ત પણે પાલન થાય વગેરે અગત્યના મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે.

વિશેષમાં જણાવવાનું કે આપ સૌ ભાઇઓને તા. ૧૮–૧–૧૯૭૪ સુધીમાં સાગર (મ. પ્ર.) માં પહોંચી આવવાનું છે. તેની ખાસ નોંધ લેશો આવનાર સૌ ભાઈઓ તેમની ટ્રેન, દિવસ વગેરેનો અહેવાલ અમોને તા. ૧૩–૧–૧૯૭૪ સુધી મોકલવા મહેરબાની કરશો. જેથી અમો તે મુજબ વ્યવસ્થા કરી શકીએ.

પત્ર વ્યવહારનું સ્થળ :–
દેવજી રામજી પટેલ
C/O કચ્છ વિજય સો મીલ
ભગવાન ગંજ
સાગર–૨ (મ પ્ર.)

લિ.
ખોંભડી પાટીદાર સનાતન સમાજ
વતી " સાગર વસતા ખોંભડી
સમાજના ભાઈઓ "

સરનામું હિન્દી અગર અંગ્રેજી માં લખવું

❋ કચ્છ કડવા પાટીદાર સમાજ, સાગર ❋

દર વર્ષની જેમ દિપાવલીના શુભ અવસરે શ્રી ભગવાન સો મીલના પ્રાંગણમાં નવા વર્ષનો મિલન મહોત્સવ યોજવામાં આવ્યો હતો.

આ મહોત્સવની અંદર કચ્છ કડવા પાટીદાર સમાજ સાગરના દરેક ભાઇ બહેનોએ હાજરી આપી દરેકે પોત પોતાની અંતઃ કરણની ભાવના પ્રગટ કરી પ્રેમ રૂપી ગંગાને આગળ વધારીને સ્નેહનાં દોરડાને મજબુત બનાવ્યું હતું.

સર્વ પ્રથમ સમાજના મંત્રીશ્રી દેવજીભાઇએ સમાજને જાગૃત કરવા માટે પોતાના અંગત વિચારો જણાવતાં કહ્યું કે સમાજની અંદર રહેલી કુરૂઢિયો, અંધવિશ્વાસ તથા સમાજમાં રહેલી અન્ય ગંદી પ્રથાઓ દૂર કરવા સમાજની સામે પડકાર કર્યો હતો. કચ્છની આર્થિક પરિસ્થિતિ જોતાં તેઓએ ખેદ વ્યકત કર્યો હતો ! ત્યારબાદ સમાજના વડીલ શ્રી નાનજીભાઇએ પોતાના પ્રવચનમાં જણાવતાં કહ્યું કે સમુહ લગ્ન સમાજ માટે કચ્છની વર્તમાન, આર્થિક તેમજ સામાજિક દ્રષ્ટિએ વધારે ઉચિત રહેશે !

સમાજના અન્ય ભાઇઓએ પોતાના વિચારો જણાવતાં કહ્યું કે સમાજની પ્રગતિ માટે શિક્ષણ ક્ષેત્રે વિકાસ સાધવો જરૂરી છે કારણ કે આજનો વિદ્યાર્થી આવતી કાલના સમાજનો શિક્ષિત નાગરિક છે.

ત્યારબાદ પાટીદાર નવ યુવક મંડળના મંત્રી શ્રી કરશનભાઇએ સંદેશો આપતાં કહ્યું કે યુવકોએ ભવિષ્યમાં સમાજને વધારે સંગઠિત બનાવવાના પ્રયત્નો કરવા જોઇએ અને અખિલ ભારતીય ક્ષેત્રે યુવકોને સહયોગ આપવાની પ્રાર્થના કરી હતી.

પ્રમુખ શ્રી કેશવભાઇએ સમાજમાં રહેલ રૂઢિચુસ્તતા, અંધવિશ્વાસ વગેરે કુરિવાજોને દૂર કરવા માટે નવી પેઢીને વધારેમાં વધારે સાથ સહકાર આપવા પ્રોત્સાહિત કર્યા હતા

પાટીદાર મહિલા મંડળના સહમંત્રી કુ. વનિતા બહેને મહિલાઓને સંબોધન કરતાં જણાવ્યું કે સમાજની પ્રગતિના ક્ષેત્રે મહિલાઓનો સહયોગ વધુ જરૂરી છે. પ્રમુખ શ્રીમતિ ગોમતીબેને જણાવ્યુ કે સમાજની પ્રગતિ માટે પુરૂષ વર્ગ કરતાં પણ સ્ત્રીઓનો સહયોગ વધુ જરૂરી છે, સમાજ ત્યારે પ્રગતિશીલ કહેવાશે કે જ્યારે બન્ને વર્ગ (પુરૂષ, સ્ત્રી) શિક્ષિત હશે

અંતમાં સમાજના મંત્રી શ્રી દેવજીભાઈએ યુવકો તથા મહિલાઓનો આભાર

પ્રત્યે આનંદ વ્યક્ત કરી ખૂબ ખૂબ પ્રશંશા કરી પોતપોતાનાં કાર્યોને સફળ બનાવી આગળ જતાં સમાજ તથા દેશનું ભવિષ્ય ઉજ્વળ બનાવવા અંગે યુવકો તથા મહિલાઓને પ્રેરિત કરી ધન્યવાદ આપ્યા હતાં.

ત્યારબાદ સમાજ તરફથી પ્રસાદ વિતરણ કરી નવા વર્ષના મિલન સમારોહનું વિસર્જન કરવામાં આવ્યું.

સાગર (સ. પ્રં.)

✻ શ્રી નિકોડા કંપા યુવક મંડળ ✻

સ્થાપના દિન તા. ૨૭-૧૦-૭૩

ઉપરોક્ત યુવક મંડળની પ્રથમ જનરલ મીટીંગ સંવત ૨૦૩૦ના કારતક સુદ ૧ ને શનિવાર તા. ૨૭-૧૦-૭૩ના રોજ સવારે ૯ વાગે મળી હતી. જેમાં નીચે દર્શાવ્યા મુજબના કારોબારીના સભ્યોની વરણી કરવામાં આવી હતી.

(૧) પ્રમુખ નારણભાઈ કરશનભાઈ પટેલ
(૨) ઉપપ્રમુખ કરમશીભાઇ ધનજીભાઇ પટેલ
(૩) મંત્રી નારણભાઈ પ્રેમજીભાઈ પટેલ
(૪) સહમંત્રી ધનજીભાઈ સવજીભાઈ પટેલ

કાર્યવાહક કમિટી

(૧) રમણભાઈ કરશનભાઈ પટેલ
(૨) રતિલાલ પ્રેમજીભાઈ પટેલ
(૩) જયંતિલાલ કરમસીભાઈ પટેલ
(૪) શ્યામજીભાઈ સવજીભાઈ પટેલ
(૫) ડાહ્યાભાઇ પ્રેમજીભાઈ પટેલ
(૬) ચંદુલાલ કરશનભાઇ પટેલ

ઓડીટર-

વિઠ્ઠલદાસ પ્રેમજીભાઇ પટેલ

સલાહકાર સમિતિ

(૧) શ્યામજીભાઇ ધનજીભાઇ પટેલ
(૨) હિરાલાલ લાલજીભાઇ પટેલ
(૩) મગનભાઇ સવજીભાઇ પટેલ
(૪) વાલજીભાઇ કરશનભાઈ પટેલ

અન્ય સભ્યો–

(૧) વિઠ્ઠલભાઇ વાલજીભાઇ પટેલ
(૨) રામજીભાઇ ખેંગારભાઇ પટેલ
(૩) જયંતિલાલ ઉકાભાઇ પટેલ
(૪) બાબુલાલ ઊકાભાઇ પટેલ
(૫) મોહનલાલ કરમસીભાઇ પટેલ
(૬) હસમુખલાલ હિરાલાલ પટેલ
(૭) પ્રહલાદભાઇ અરજણભાઇ પટેલ

ઉપર મુજબના નવા સભ્યો ચૂંટયા બાદ આજની સભાનું કામકાજ પુરૂં કરવામાં આવેલ હતુ.

લિ.
મંત્રી શ્રી નિકોડા યુવક મંડળ
નારાયણભાઈ પી. પટેલ

---

* શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ નવી દિલ્હી *

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજનાં ભાઈ બહેનોની એક સામાન્ય સભા તા. ૧૧–૧૧–૭૩ના રોજ સમાજના અગ્રણી શ્રી હિરાલાલભાઈ ગોપાલભાઇ ના પ્રમુખ સ્થાને યોજવામાં આવી હતી.

ઘણા સમયથી સમાજની પ્રગતિ વિશે વિચારી રહ્યા હતા તે મુજબ સમાજના દરેક કાર્યમાં મહિલાઓ તથા પુરૂષો સમાન ભાગ લે તેવું આયોજન થયું. દિલ્હી પાટીદાર સમાજમાં નાના મોટા મળી લગભગ ૩૦૦ જેટલી જન સંખ્યા છે જેમાં પુખ્ત વયના લગભગ ૧૭૫ની સંખ્યા છે. સામાન્ય હકકના બંધારણ હેઠળ મેમ્બરશીપ લવાજમ ભરી ૧૦૦ સભ્યોની નોંધણી થઇ હતી. ૨૦૩૦ની સાલના કારોબારી મંડળના ચુનાવમાં ૯૧ મતદાતાઓએ ભાગ લીધેલ હતે નવ વર્ષની ચુંટણીમાં ઉમેદવાર તરીકે ૧૦ પુરૂષો તથા ૨ મહિલાઓએ નામ નોંધાવ્યાં હતાં તેમાંથી નીચે મુજબ બહુમતીથી ચૂંટાઇ વિજય મેળવ્યો હતો.

પ્રમુખ :	શ્રી જેઠાભાઈ પચાણ	ચોપડા
ઉપપ્રમુખ :	શ્રી વેલજીભાઈ દેવસી	સાંખલા
મંત્રી :	શ્રી ધનારામ હિરાલાલ	સાંખલા
સહમંત્રી :	શ્રી કરશનભાઇ વિશ્રામ	જાળવાળા

મંત્રીશ્રી :	શ્રી રવજીભાઈ ભીમજી	ચોપડા
સભ્ય :	શ્રી સીવગણભાઈ હીરાલાલ	રવાણી
,,	શ્રી પચાણભાઈ મુળજી	સાંખલા
કો. ઓપ્ટ સભ્ય	શ્રી ખીમજીભાઈ તેજાલાલ	રવાણી
,, ,,	શ્રી અબજીભાઇ પરબત	પોકાર

નવા હોદ્દેદારોએ પોતાના પદની સોગંદ વિધિ કરી હતી. આ સભામાં જબલપુરથી પધારેલ શ્રી રામજીભાઈ શામજીએ અતિથી વિશેષ પદ શોભાવ્યું હતુ

ઉપર મુજબ ચુંટણીની પદ્ધત્તિ સમાજની વિચારણા હેઠળ હતી તે દરમ્યાન જબલપુરના શ્રી રામજીભાઇ શામજીભાઇ જેઓ હરિદ્વાર જતાં સમાજના આગ્રહથી રોકાઇ જઈ તે બાબતમાં માર્ગદર્શન આપ્યું હતું. શ્રી રામજીભાઈએ અતિથી વિશેષ સ્થાનેથી પોતાના પ્રવચનમાં કહ્યુ હતું કે સમાજના કાર્યમાં દરેક કાર્યકર્તાઓએ સેવાની ભાવના રાખવી જોઇએ. પદની લોલુપતા સામાજિક કાર્યોમાં હાની પહોંચાડે છે. આગળ બોલતાં તેમણે કહ્યું કે દિલ્હી શહેર તો ભારતનું કેન્દ્ર છે. તેમજ તેની આજુબાજુ ઘણાંજ પવિત્ર તીર્થ સ્થાનો છે. જેને લીધે આપણી જ્ઞાતિની ઘણીજ અવર જવર રહેછે તો આપણી સમાજવાડી દિલ્હીમાં થવી અતિ આવશ્યક છે. અંતમાં સમાજમાં સગઠન રૂપી શક્તિ વધે તેવી ભાઇ બહેનોને ભલામણ કરી હતી. તેમાં ખાસ બહેનો ઉપર ભાર મૂકી જણાવ્યું હતું કે દરેક સામાજિક કાર્યમાં બહેનોએ આગળ આવવું જોઇએ.

આભાર વિધિ બાદ પ્રસાદ વિતરણ પછી સભા વિસર્જન કરવામાં આવી હતી

લિ. મંત્રી
ધનારામ હિરાલાલ

શ્રી કચ્છ પાટીદાર સમાજ ઘાટકોપર મુંબઇ

અગત્યની જાહેરાત

મુંબઈ અને પરાં વિસ્તારમાં વસતા કચ્છી પાટીદાર ભાઇઓને વિજ્ઞપ્તિ

શ્રી કચ્છ પાટીદાર સમાજ (મુંબઇ)ની વસતી ગણતરી પત્રકો સમાજ પાસે આવી ગયાં છે હવે જેનાં પત્રકો બાકી હોય અગર કોઇ ધ્યાન બહાર રહી ગયાં હોય તો તેઓએ એટલે કે બૃહદ મુંબઈમાં રહેતાં સમજનાં ભાઈ બહેનોએ આ પત્રકો ડીસેમ્બરની ૩૧ (૧૯૭૩) સુધીનાં ભરી સમાજના મંત્રીઓને પહોંચતાં કરવાનાં અગર પાટીદાર વાડીમાં ઓફીસમાં પહોંચતાં કરવાનાં છે.

ત્યારબાદ વસતી ગણતરીનું પુસ્તક છપાવવા આપી દેવાનું છે. જેથી પાછળથી આ પુસ્તકમાં નામ ન આવ્યુ તેનો વસવસો ન થાય જેથી વેળાસર રહી જનાર ભાઈ બહેનોએ પત્રકો ભરી મોકલી આપવાં.

પત્રકો પાટીદાર વાડીમાં ઓફીસમાંથી મળશે.

આપનો સહૃદયી
મંત્રી: **માવજીભાઇ ધ. પટેલ**

પાટીદાર યુવક મંડળ ,રાયપુર મ. પ્ર.

ઉપરોક્ત મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૮-૧૦-૭૩ ના બપોરના ૩-૦૦ કલાકે સભાપતિ શ્રી અરજણભાઈ રામજીભાઈના સભાપતિપદે યોજવામાં આવી હતી જેમાં પ્રતિકુળ મોસમ હોવા છતાં સારી સંખ્યામાં સભ્યોએ હાજરી આપી હતી અને તે સભામાં વર્ષ ૨૦૩૦ માટે મંડળની કાર્યવાહક સમિતિની અને હોદ્દેદારોની ચૂંટણી કરવામાં આવેલ. જેમાં નીચે જણાવેલ સભ્યો કાર્યવાહક સમિતિના સદસ્ય તેમજ હોદ્દેદારો તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

૧ પ્રમુખ શ્રી શીવજીભાઇ આર. પટેલ.
૨ ઉપપ્રમુખ શ્રી કાન્તિલાલ એસ. પટેલ
૩ મંત્રી તથા કલા વિભાગ- શ્રી પન્નાલાલ કે. પટેલ
૪ સહમંત્રી શ્રી હરિલાલ એમ પટેલ B. Com (Hons)
૫ ખજાનચી શ્રી ભાણજીભાઈ એસ. પટેલ
૬ સહખજાનચી શ્રી નાનાલાલ કે. પટેલ
૭ પુસ્તકાલય શ્રી બાબુલાલ કે. પટેલ.
૮ „ પ્રેમજીભાઇ ડી. પટેલ.
૯ રમતગમત શ્રી હરિલાલ જી. પટેલ F. Y. B. com
૧૦ „ કાન્તિલાલ એ. પટેલ S.Y. „

સદસ્ય

૧૧ નથ્થુભાઇ એ. પટેલ
૧૨ અરજણભાઇ આર. પટેલ
૧૩ મગનલાલ વી. પટેલ F.Y.B. com
૧૪ હંસરાજ એચ. પટેલ
૧૫ અરજણભાઈ કે. પટેલ
૧૬ ભાણજીભાઈ આર પટેલ.
૧૭ રામજીભાઈ એન. પટેલ

સલાહકાર સમિતિ

૧ જશરાજભાઈ જે. પટેલ
૨ અમજીભાઇ આર. પટેલ

ઉપર જણાવ્યા મુજબના સર્વ હોદ્દેદારોએ મંડળનો ઉત્તરોતર વિકાસ સાધવા મન, વચન, અને કર્મથી મંડળની સેવા કરવાની તત્પરતા બતાવી હતી. ઉપરોક્ત

કાર્યવાહક સમિતિના સદસ્યોને હાજર રહેલા સૌ સભ્યોએ તાળીઓના ગડગડાટ અને હર્ષનાદથી વધાવી લીધા હતા. અંતમાં મંત્રીશ્રીએ આભારવિધી કર્યા બાદ સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

શ્રી પાટીદાર નવયુવક મંડળ, રાયપુર
વતી
હરિલાલ એમ. પટેલ
સહમંત્રી

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, જબલપુર.

પાટીદાર ભુવન, મદનમહલ, નાગપુર રોડ, જબલપુર. મ. પ્ર.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ જબલપુરની જનરલ મીટીંગ દિનાંક ૪-૧૧-૭૩ની યોજવામાં આવી હતી. તે મીટીંગમાં સમાજના નૂતન વર્ષના કાર્યવાહક સભ્યોની ચૂંટણીનું આયોજન થયું હતું.

આ મીટીંગમાં સભાપતિનું સ્થાન શ્રીમાન નાનજીભાઇ પેથાભાઇએ શોભાવ્યું હતું.

નીચે મુજબના સભ્યોને સર્વાનુમતે ચૂંટવામાં આવ્યા છે.

૧.	શ્રી	વીરજીભાઈ લાલજીભાઇ	પ્રમુખ
૨.	,,	પુંજાભાઇ અરજણભાઇ	ઉપ–પ્રમુખ
૩.	,,	હરીભાઇ ડાહ્યાભાઈ	મંત્રી
૪.	,,	મોહનભાઇ હરીભાઈ	ઉપ–મંત્રી
૪.	,,	કેશવલાલ લાલજીભાઇ	ખજાનચી
૫.	,,	હંસરાજભાઈ નાનજીભાઈ	સભ્ય
૬.	,,	અરજણભાઈ રાજાભાઇ	,,
૮.	,,	માવજીભાઈ હીરજીભાઇ	,,
૯.	,,	રતનશીભાઇ ધનજીભાઇ	,,
૧૦.	,,	શીવજીભાઇ નથુભાઇ	,,
૧૧.	,,	દયારામભાઇ કરશનભાઇ	,,

તા. ૧૧-૧૧-૭૩ ના રોજ ઉપરોક્ત ચૂંટાયેલ કાર્યવાહક સભ્યોની મીટીંગ યોજેલ જેમાં નિચેના બે કો. ઓપ્ટ સદસ્યો ચૂંટેલા છે.

૧. શ્રી વાલજીભાઇ નાનજીભાઇ
૨. ,, શીવજીભાઇ પ્રેમજીભાઇ

મંત્રી : હરીભાઈ પટેલ

શ્રી નવચેતન કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ–શેરપુરા

શેરપુરાકંપા તેમજ લાણાકંપાના પાટીદાર સનાતન યુવકમંડળની મીટીંગ ગત તા. ૧૮–૧૦–૭૩ ના રોજ મળેલ હતી. અને તેમાં નીચે મુજબ હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ છે,

પ્રમુખ		પટેલ ગોવિંદભાઇ કરશનભાઇ	શેરપુરા (વિરાણી મોટી)
ઉપ-પ્રમુખ	,,	ડાહ્યાભાઇ મુળજીભાઇ	લાણા (મથલ)
મંત્રી	,,	જયંતિલાલ દેવશીભાઇ	શેરપુરા (નખત્રાણા)
સહમંત્રી	,,	ઝવેરભાઈ મેઘજીભાઇ	,, (વિરાણીમોટી)
ખજાનચી	,,	પચાણભાઇ કાનજીભાઇ	લાણા (અરલ નાની)
સેક્રેટરી	,,	મણિલાલ ખેતાભાઇ	શેરપુરા (દેવીસર)
ઓડીટર	,,	તુલસીભાઇ નારણભાઈ	લાણા (વિરાણીમોટી)
સલાહકાર	,,	સામજીભાઈ દેવજીભાઇ	શેરપુરા (નખત્રાણા)

ઉપરના હોદ્દેદારોની નિમણૂંક શ્રી નારણભાઇ કાનજીભાઇ પટેલ (મીકેનીકલ એન્જીનીયર) શેરપુરા હાલ મુંબઇના શુભ હસ્તે રાખવામાં આવેલ હતી. મીટીંગમાં અન્ય સભ્યો સાથે કુલ ૪૧ વ્યકિતઓ હાજર રહેલ હતા. અને આવી પડેલ કુદરતી આફતને પહોંચી વળવા શું શું કરવું તે સંબંધી ચર્ચા પણ કરવામાં આવેલ હતી.

લિ.

શ્રી નવચેતન કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ શેરપુરા.

–: જ્ઞાતિ સમાચાર :–

અમદાવાદમાં તા. ૨૭–૧૦–૭૩ ને શનિવાર ના રોજ સવારના ૯–૦૦ વાગે કચ્છ કડવા પાટીદાર કોલોની, બહેરામપુરા રોડ ઉપર સમાજના ઉપ પ્રમુખ શ્રી દેવસીભાઇ રામજીભાઈના પ્રમુખ સ્થાને બેસતા વર્ષ નિમિત્તે એક મિલન સમારંભ યોજવામાં આવેલ હતો. સમારંભની શરૂઆતમાં સમાજના માનદ મંત્રી શ્રી લાલજીભાઈ મેઘજીભાઈ પટેલે સમાજમાં એકતા વધારવા ઉપર તેમજ સમાજના દરેક ભાઈ બહેનોને સ્વાધ્યાય કરવામાં રસ લેવાનો અનુરોધ કરતુ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ત્યારબાદ સમાજના પ્રમુખ શ્રી જેઠાભાઈ પુંજાભાઈએ પ્રસંગને અનુરૂપ પ્રવચન કર્યું હતું. પછી સમાજના ભાઈબહેનો સમક્ષ કાન્તિભાઇ પટેલે (હાસ્યરસના કલાકાર) મનોરંજન કાર્યક્રમ રજુ કર્યો હતો સમાજના સ્નેહમિલનના કાર્યક્રમ બાદ શ્રી જેઠાભાઈ પુંજાભાઇ પટેલ તરફથી તેમના સુપુત્ર શ્રી મોહનલાલના ઘેર પુત્ર જન્મની ખુશાલી બદલ સમાજમાં ભોજન સમારંભ યોજયો હતો. આ ભોજન સમારંભમાં ગુજરાત રાજયના મજુર પ્રધાન શ્રી મગનભાઈ બારોટ તેમજ અન્ય આમંત્રિતોએ હાજરી આપી હતી. આનંદમય વાતાવરણમાં સમારંભ પૂરો થયો હતો.

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા

પત્ર વ્યવહારનું સ્થળ :- C/o કેશવલાલ એન્ડ કું.
૬૫/૧ મહર્ષિ દેવેન્દ્ર રોડ કલકત્તા-૬

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ. કલકત્તાની એક વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૪-૧૧-૭૩ના મે. એમ. કે. પટેલ એન્ડ કું. નિમતલ્લા મધ્યે શ્રીમાન ખીમજીભાઈ લખમસીના પ્રમુખપદે મળેલ, જેમાં નીચે મુજબનાં કાર્યો હાથ ધરવામાં આવેલ.

૧ મંત્રીશ્રી અખેરાજ પ્રેમજી દ્વારા ગત અર્ધ વાર્ષિક સામાન્ય સભાની મિનિટ બુકનું વાંચન કરવામાં આવેલ.

૨ ખજાનચી શ્રી કેશવલાલ હંસરાજ દ્વારા સંવત ૨૦૨૯ની સાલના આવક જાવક ના ઓડિટ થયેલ હિસાબની રજુઆત કરવામાં આવેલ.

૩ મંત્રીશ્રી દ્વારા સંવત ૨૦૨૯માં મંડળે કરેલ જુદા જુદા કાર્યોની આછી રૂપરેખા આપવામાં આવેલ, જેમાં યુવક સંઘની સ્થાપનાનો અને કલકત્તાની પ્રતિનિધિ સભા તેમજ પુના અને હડમતિયાકંપાની તદર્થ સમિતિની સભાઓનો આછો ખ્યાલ આપવામાં આવેલ.

૪ સંવત ૨૦૩૦ની કાર્યવાહક સમિતિની અને હોદેદારોની ચૂંટણી કરવામાં આવેલ. જેમાં નીચે મુજબના સભ્યોની વરણી કરવામાં આવી છે.

૧	શ્રી અખેરામ વાલજી	પ્રમુખ
૨	,, પ્રેમજીભાઈ જેઠા	ઉપ-પ્રમુખ
૩	,, વેલજીભાઈ હરજી (B.Com. Hons.)	મંત્રી
૪	,, ધનજીભાઈ મનજી	સહમંત્રી
૫	,, મણીલાલ અરજણ	ખજાનચી
૬	,, તુલસીદાસ કેસરા	સહ-ખજાનચી
૭	,, ખીમજીભાઈ લખમસી	
૮	,, અખેરાજ પ્રેમજી (B. A.)	
૯	,, જવાહર કરશન (B Com.)	
૧૦	,, વિશ્રામભાઇ હંસરાજ	
૧૧	,, ગોપાળભાઇ વિશ્રામ (B.Com. L.L.B.)	
૧૨	,, ધનજીભાઇ મુળજી	
૧૩	,, જીવરાજ માવજી	

૧૪ ,, હરિલાલ માવજી
૧૫ ,, કાન્તિલાલ માવજી
૧૬ ,, રતનશી વાલજી
૧૭ ,, ગૌત્તમ સામજી
૧૮ ,, કાનજીભાઇ રતનશી
૧૯ ,, હંસરાજ મેઘજી
૨૦ ,, કાન્તિલાલ વાલજી
૨૧ ,, છગનલાલ માવજી (B Com.)

૫ વિદાય થતા મંત્રી શ્રી અખેરાજભાઈ તરફથી સંવત ૨૦૨૯ની કાર્યવાહક સમિતિનું સંયુક્ત રાજીનામું આપવામાં આવેલ અને વિદાય પ્રવચન આપવામાં આવેલ.

૬ મંત્રીશ્રી દ્વારા નવા ચૂંટાયેલ પ્રમુખ શ્રી ને સભાના પ્રમુખશ્રી સાથે સ્થાન ગ્રહણ કરવાનું કહેવામાં આવેલ અને નવા પ્રમુખ શ્રી એ તે ગ્રહણ કરેલ.

૭ વિદાય લેતા પ્રમુખશ્રી ખીમજીભાઈ દ્વારા વિદાય પ્રવચન કરવામાં આવેલ.

૮ નવા ચૂંટાયેલા પ્રમુખશ્રી અખેરામભાઈ દ્વારા મંગળ પ્રવચન કરવામાં આવેલ.

૯ નવા ચૂટાયેલા મંત્રીશ્રી વેલજીભાઈ દ્વારા મંગળ પ્રવચન કરવામાં આવેલ.

૧૦ મંત્રીશ્રી અખેરાજભાઇ દ્વારા મંડળ પર આવેલ જુદી જુદી જગ્યાઓનાં નૂતન વર્ષનાં અભિનંદન પત્રાનું વાંચન કરવામાં આવેલ.

૧૧ અંતે મંત્રીશ્રી તરફથી સૌ સભ્યાનો આભાર માનવામાં આવેલ અને મે. એમ. કે. પટેલ કું. ના કાર્યકર્તાઓના તેમને આપેલ સેવા બદલ આભાર માની પ્રમુખશ્રીની પરવાનગીથી સભા બરખાસ્ત જાહેર કરવામાં આવેલ

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ વતી
મંત્રી
વેલજી હરજી પટેલ



શ્રી કચ્છ પાટીદાર યુવક મંડલ

નૌલખા રોડ, ઇંદોર

શ્રી કચ્છ પાટીદાર યુવક મંડળ, ઇંદોરની વાર્ષિક સાધારણ સભા શ્રી શંકર વિજય સો મીલ નૌલખા ઉપર ગઈ તા. ૪-૧૧-૭૩ના મળી જવા પામી હતી, ઉપરોકત મીટીંગમાં મંડળના મંત્રીશ્રીએ મંડળની પ્રગતિ તથા આવક જાવકનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો.

ત્યારબાદ નવા વર્ષના હોદ્દેદારોની ચૂંટણી કરવામાં આવી હતી અને નવી કાર્યકારિણી નીચે પ્રમાણેની નિર્વાચિત ઘોષિત કરવામાં આવી હતી.

૧ પ્રમુખ – શ્રી લધારામભાઇ રામજીભાઈ પટેલ
૨ ઉપપ્રમુખ – શ્રી હીરાલાલ રતનશીભાઈ પટેલ
૩ મંત્રી – શ્રીમણિલાલભાઇ વેલજીભાઈ પટેલ
૪ સહમંત્રી – શ્રી મણિલાલભાઇ રામજીભાઇ પટેલ
૫ કેશીયર – શ્રી રતનશીભાઈ કરમશીભાઇ પટેલ
૬ સભ્ય – શ્રી વિસનજીભાઇ રામજીભાઇ પટેલ
૭ ,, – શ્રી રતીલાલભાઇ ડાહ્યાભાઈ પટેલ
૮ ,, – શ્રી ઇશ્વિરલાલ રામજીભાઈ પટેલ
૯ ,, – શ્રી ભીમજીભાઈ રામજીભાઇ પટેલ
૧૦ ,, ,, શ્રી ભીમજીભાઇ ખીમજી પટેલ
૧૧ ,, ,, શ્રી કરસનભાઇ રાંમજીભાઇ પટેલ

લાયબ્રેરી સંચાલક – શ્રી ધનજીભાઈ કરમશીભાઇ પટેલ

સલાહકાર સમિતિ – શ્રી ખેતાભાઈ નાનજી પટેલ
શ્રી હીરાલાલભાઈ ખીમજી પટેલ
શ્રી નથુભાઇ શીવદાસ પટેલ
શ્રી શીવગણભાઇ માવજી પટેલ
શ્રી પુંજાભાઇ પ્રેમજીભાઇ પટેલ

ત્યારબાદ નવ નિર્વાચિત પ્રમુખશ્રી તથા મંત્રી, સહમંત્રી તથા સભ્યોએ સાધારણ સભા જોગ પ્રાસંગિક પ્રવર્ચનો કર્યાં હતાં. ત્યારબાદ અલ્પાહાર બાદ સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

અસ્તુ—
વિનિત આપનો
મણીલાલ વેલજી પટેલ
મંત્રી
શ્રી કચ્છ પાટીદાર યુવક મંડલ
ઇંદોર (મ. પ્ર.)

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, સુરત

નવા વર્ષની કારોબારી સમિતિ

તા. ૧૫–૧૧–'૭૩ ના રોજ મળેલ જનરલ મીટીંગમાં મંત્રીશ્રીએ ગત વર્ષનો અહેવાલ વાંચી સંભળાવ્યો હતો તેમજ નવા વર્ષ માટે ચૂંટણી અંગે પ્રસ્તાવ મૂકયો હતો. પરંતુ સર્વે સભ્ય ભાઇઓએ સર્વાનુંમતિથી ગત વર્ષે કારોબારી સમિતિએ જે સેવા આપી તે જ કારોબારી સમિતિ ચાલુ વર્ષે પણ પોતાની સેવા આપી મંડળને ઉન્નતિના માર્ગે દોરી જાય તેવી લાગણી વ્યકત કરવામાં આવી હતી.

કારોબારી સમિતિએ ગતવર્ષના સહકાર બદલ આભાર માની ચાલુ વર્ષે પણ પોતાનાથી બનતી સેવા આપવાની તત્પરતા દર્શાવી હતી.

કારોબારી સમિતિના હોદ્દેદારો

૧. પ્રમુખ	શીવજીભાઈ પેથાભાઇ પટેલ	ખીરસરા
૨. ઉપ–પ્રમુખ	ભાણજીભાઇ ખેતાભાઇ	નેત્રા
૩. મંત્રી	મેઘજીભાઈ વાલજીભાઇ પટેલ B.Com	રસલીયા
૪. સહ–મંત્રી	ભાણજીભાઈ કરમસીભાઇ S.S.C.	નેત્રા
૫. ખજાનચી	લાલજીભાઇ શીવજીભાઇ પટેલ	રસલીયા

કારોબારી સમિતિના સભ્યો

૧	અંબાલાલ પ્રેમજી પટેલ	S.S.C.	ઘડાણી
૨	લધારામ દેવજીભાઇ પટેલ		રસલીયા
૩	નાનજીભાઈ જીવરાજભાઈ પટેલ		રસલીયા
૪	કરસનભાઇ સામજીભાઈ પટેલ		,,
૫	દેવજીભાઇ રામજીભાઇ પટેલ		,,
૬	લાલજીભાઇ નાનજીભાઇ પટેલ		નેત્રા

—: ઓડીટર્સ :—

૧	ડાહ્યાભાઇ અખઇભાઇ પટેલ	નેત્રા
૨	ગંગારામ માવજીભાઇ પટેલ F.Y.Bsc.	કાદીયા મોટા

યુવક મંડળના સભ્યશ્રી દેવસીભાઇ કાનજીભાઈ તરફથી ખુશાલીમાં મંડળના સભ્યો માટે ચા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી જેને સભ્ય ભાઇઓએ વધાવી લીધી હતી. ત્યારબાદ આભાર વિધિ કરી મીટીંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ વતી
મંત્રી
એમ. વી. પટેલ

નાના અંગીયા પાટીદાર નવયુવક મંડળ

નાના અંગીયા (કચ્છ)   હેડ ઓફીસ : કલકત્તા

શ્રી નાના અંગીઆ પાટીદાર નવયુવક મંડળ (કલકત્તા વિભાગ)ની વાર્ષિક સામાન્ય સભા ગત તા. ૧૮-૧૧-૧૯૭૩ને રવિવાર બપોરના ૨-૦૦ કલાકે મેસર્સ કે. એમ. ચોપડા એન્ડ કું. નિમતલ્લા મધ્યે શ્રીમાન સિવદાસભાઈ કચરા ચોપડાના પ્રમુખ પદ હેઠળ મળેલ હતી. જેમાં હાજર રહેલ સૌ સભ્યો પાસેથી બાકી નિકળતા લવાજમ ની વસુલાત કરવામાં આવેલ. ત્યાર બાદ શ્રી અબેરામ વાલજી તરફથી નાના અંગીઆ (કચ્છ) મુકામે સક્રિય પણે ચાલતી યુવા પ્રવૃત્તિ તેમજ વાંચનાલયનો આછો. ખ્યાલ આપવામાં આવેલ.

આ સભામાં પ્રથમ પોતાનાજ ગામમાં સામાજિક સડાઓ તેમજ ભાગફોડીયા પ્રવૃત્તિઓને ડામવા અને બંધ કરવા માટે તેમજ શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના દરેકે દરેક કાર્યોમાં વધુને વધુ યોગદાન આપી યુવક પ્રવૃત્તિને વેગવાન બનાવવા બાબત વિચારણા કરવામાં આવેલ.

મંડળમાં નવી જાગૃતિ આણવા માટે મંડળના કલકત્તા વિભાગ ખાતેના સભ્યો કુલ ૧૧૪ જણ માંથી ૧૬ સક્રિય કાર્યકરોને અને ૫ સલાહકારોને ચૂંટીને મંડળની કાર્યવાહક સમિતિ તેમજ હોદ્દેદારો ની નીચે જણાવ્યા મુજબ સર્વાનુમતે વરણી કરવામાં આવેલ.

૧	શ્રી વેલજીભાઇ વાલજી પારસીયા	(જનરલ પ્રમુખ-કલકત્તા અને કચ્છ વિભાગ)
૨	,, સીવજીભાઈ કચરા ચોપડા	(પ્રમુખ કલકત્તા વિભાગ)
૩	,, પ્રેમજીભાઈ જેઠા લીંબાણી	(ઉપ પ્રમુખ ,,)
૪	,, અબેરામ વાલજી પારસીયા	(મંત્રી ,, ,,)
૫	,, વેલજીભાઈ હરજી મેંઘાણી	(સહમંત્રી ,,)
૬	,, રામજીભાઇ પ્રેમજીભાઇ મેઘાણી	(ખજાનચી કલકત્તા વિભાગ)
૭	,, કરશનભાઇ હરજી ભગત	(સહખજાનચી)
૮	,, મનહરલાલ નારાયણ વાઘાણી	(સભ્ય ,, ,,)
૯	,, માવજીભાઇ પચાણ ચોપડા	
૧૦	,, જીવરાજભાઇ ધનજી પારસીયા	(,, ,,)
૧૧	,, જીવરાજભાઇ કરશન ચોપડા	(,, ,,
૧૨	,, અરજણભાઇ મેઘજી ચોપડા	(,, ,,)
૧૩	,, રતનશીભાઇ માવજી લીંબાણી	(,, ,,)
૧૪	,, સીવજીભાઇ ડાયા પારસીયા	(,, ,,)

૧૫ ,, માવજીભાઇ દાના ચોપડા (,, ,,)
૧૬ ,, હીરજીભાઇ હરદાસ ચોળુ (,, ,,)

સલાહકાર સમિતિ

૧ શ્રી મેઘજીભાઇ નથુ પારસીયા (,, ,,)
૨ ,, કરમસીભાઇ પ્રેમજી ચોપડા (,, ,,)
૩ ,, કરશનભાઇ જેઠા લીંબાણી (,, ,,)
૪ ,, રતનસી મેઘજી કેશરાણી (,, ,,)
૫ ,, માવજીભાઇ વેલજી કેશરાણી (,, ,,)

ત્યારબાદ નવા ચુંટાયેલ મંત્રી શ્રી તરફથી સૌ સભ્યોને યુવકસંઘ, સમાજ, અને પોતાના ગામ પ્રત્યેની દરેક યુવાનોની ફરજ બાબતનો ખ્યાલ આપવામાં આવેલ. છેવટે મે. કે. એમ. ચોપડા એન્ડ કાં.ની સભા માટે કરેલ વ્યવસ્થા બદલ કાર્યકર ભાઈઓનો આભાર માની પ્રમુખશ્રીની પરવાનગીથી સભા બરખાસ્ત જાહેર કરવામાં આવેલ.

મંત્રી
અખેરામ વાલજી પારસીયા

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ આણંદ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ આણંદની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૭-૧૦-૭૩ ને શનિવારના સાંજે ૩-૦૦ કલાકે ગીતા સો મીલમાં શ્રી હંસરાજભાઇ કરસનભાઇના પ્રમુખપદે મળી હતી. અતિથીવિશેષ તરીકે શ્રી રાજાભાઈ હીરજીભાઇએ સ્થાન ગ્રહણ કર્યું હતું.

મીટીંગની શરૂઆત નૂતનવર્ષાભિનંદનથી કરવામાં આવી હતી મંત્રીશ્રી રામજી-ભાઇ નથુભાઇ પટેલે જણાવ્યું કે કલકત્તા યુવક સંઘના જે પ્રતિનિધિઓ આણંદ આવેલા તેઓનું આણંદ સમાજે જે બહુમાન કર્યું તે પ્રસંશનીય છે ભવિષ્યમાં પણ યુવકસંઘ સાથ સહકાર આપી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ દિન પ્રતિ દિન પ્રગતિ કરે એવી આશા વ્યકત કરી અને આણંદ સમાજના અગ્રેસરો સર્વશ્રી અમરજીભાઇ પચાણભાઇ તેમજ શ્રી લખુભાઇ ખીમજીભાઇ તથા શ્રી સીવજીભાઈ માવજીભાઇ જેઓએ હડમતીઆકમ્પા સંમેલનમાં હાજરી આપેલ ત્યાંની કાર્યવાહીની આછી રૂપરેખા ઉત્સાહી કાર્યકરશ્રી લખુભાઇ તેમજ સીવજીભાઇએ આજની સભામાં આપી હતી.

તદઉપરાંત મંત્રીશ્રી રામજીભાઇએ કલકત્તા મધ્યે પ્રતિનિધિ સભાની કાર્ય-વાહીમાં થયેલા ઠરાવોનું વાંચન કરી સંભળાવેલ હતું.

સમાજના ઉત્સાહી કાર્યકરશ્રી ગોવિંદભાઇ સીવદાસભાઈ તેમજ શ્રી પ્રેમજીભાઈ જેઠાભાઈ પટેલે એક નવીજ ભેટ સમાજ આગળ ધરી તે ભેટ "યુવક મંડળ" આ નવલા વર્ષની નવીન ભેટને સમાજના યુવકભાઈ બહેનોએ હર્ષનાદથી વધાવી લીધી અને સં. ૨૦૩૦ ના નૂતનવર્ષથી શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ આણુંદ અસ્તિત્વમાં આવ્યું.

સમાજના અગ્રણી વડીલશ્રી અમજીભાઈ પચાણભાઇ તેમજ વડીલશ્રી સીવગણભાઇ કાનજીભાઇ તેમજ આજની સભાના પ્રમુખશ્રી હંસરાજભાઇએ સૌને સલાહ સંપથી વર્તવું એવી સલાહ આપી હતી.

મુખ્ય મહેમાન શ્રી રાજાભાઇએ ધાર્મિક ચર્ચા કરી હતી. ઉત્સાહી યુવકોએ પોતપોતાનાં મંતવ્યો રજુ કર્યાં હતા. તેમજ બહેનોએ પણ મુકત કંઠે પોતાના વિચારો દર્શાવ્યા હતા,

સં. ૨૦૩૦ના નવા વર્ષના પાટીદાર સમાજના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ	શ્રી પટેલ	સીવગણભાઈ કાનજીભાઇ	કાદીઆ
ઉપ-પ્રમુખ	,, ,,	મુળજીભાઇ જેઠાભાઇ	,,
મંત્રી	,, ,,	ગોવિંદભાઇ સીવદાસભાઈ	આણુંદ
સહમંત્રી	,, ,,	દેવસીભાઇ હંસરાજભાઇ	કાદીઆ
ખજાનચી	,, ,,	લખુભાઇ ખીમજીભાઇ	વિગોડી

સલાહકાર સમિતિ

સર્વશ્રી પા.	અમજીભાઇ પચાણભાઇ	વિગોડી
,,	સીવજીભાઇ માવજીભાઇ	મેઘપર
,,	પ્રેમજીભાઇ જેઠાભાઇ	કાદીઆ

સં. ૨૦૩૦ના નવા વર્ષના યુવક મંડળના હોદ્દેદારો

પ્રમુખ	શ્રી પટેલ	પ્રેમજીભાઈ જેઠાભાઇ	કાદીઆ
ઉપ-પ્રમુખ	,, ,,	સીવદાસભાઇ માવજીભાઇ	મેઘપર
મંત્રી	,, ,,	રામજીભાઇ નથુભાઇ	ખોંભડી
સહમંત્રી	,, ,,	ભાણજીભાઇ સીવગણભાઇ	કાદીઆ
ખજાનચી	,, ,,	નારણભાઇ કાનજીભાઇ	રસલીઆ ✓

અંતમાં મંત્રીશ્રી રામજીભાઈએ જણાવ્યું કે ગીતા સો મીલ તરફથી નૂતન વર્ષાભિનંદન પ્રસંગે સમુહમિલનનું આયોજન થયું હતું અલ્પાહાર પછી આજથી શરૂ થતું નવું વર્ષ સમાજના દરેક ભાઈ-બહેનોને સુખદાયી નીવડો એવી આશા વ્યકત કરી આનંદદાયક વાતાવરણમાં દરેક ભાઈ-બહેનો વીખરાયાં હતાં.

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ
મંત્રીશ્રી
રામજીભાઈ નથુભાઈ પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળ-વડોદરા.

ઉપરોકત મંડળની એક સામાન્ય સભા તા. ૨૦-૧૦-૭૩ ના રોજે રાત્રે ૮-૩૦ વાગે મે. બરોડા સો મીલ. પ્રતાપનગર રોડ ખાતે મળી હતી. જેમાં સંવત ૨૦૩૦ ના વર્ષ માટેની કાર્યવાહી સમિતિની રચના કરવામાં આવતાં નીચે દર્શાવ્યા મુજબના સભ્યો ચૂંટાઈ આવ્યા હતા,

પ્રમુખ		પટેલ મનજીભાઈ હરજીભાઈ
ઉપપ્રમુખ	,,	કરશનભાઈ પ્રેમજીભાઈ
મંત્રી	,,	તુલશીદાસ કરશનભાઈ
ઉપમંત્રી	,,	કાન્તિલાલ ડાહ્યારામ
ખજાનચી	,,	હરીલાલ ધનજીભાઈ
સભ્ય	,,	રતિલાલ માવજીભાઈ
,,	,,	સામજીભાઈ પચાણભાઈ
ઓડીટર	,,	રવજીભાઈ ડાહ્યાભાઈ
કો. ઓ. સભ્યો.	,,	વેલજીભાઈ પ્રેમજીભાઈ
,,	,,	હંસરાજભાઈ માધવજીભાઈ
,,	,,	મીઠુભાઈ લાલજીભાઈ
પર્યટન	,,	તુલશીદાસ વાલજીભાઈ
,,	,,	રતિલાલ વિશ્રામભાઈ
,,	,,	છગનલાલ દાનાભાઈ
શૈક્ષણિક	,,	ગંગારામ જીવરાજભાઈ
,,	,,	જેઠાલાલ ગંગારામ
,,	,,	રામજીભાઈ વાલજીભાઈ

કારોબારી મંડળની ચૂંટણી થયા પછી સભા વિસર્જન કરવામાં આવી હતી

લી. કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળ વડોદરા વતી
મંત્રી **તુલસીદાસ કે. પટેલ**

સમાજમાં ધાર્મિક કેન્દ્રસ્થાન જરૂરી ખરૂ ?

★ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ પરમ પૂજ્ય જ્ઞાતિગુરુ સ્વ. શ્રી ઓધવરામજી મહારાજના આશીર્વાદથી છેલ્લાં કેટલાંક વર્ષથી દેશ–વિદેશમાં સારી એવી પ્રગતિ સાધી શકયો છે. અત્યારે સદ્ગત મહારાજના શિષ્યશ્રી વાલજીદાસજી મહારાજ હરિદ્વાર ખાતે શ્રી લાલરામજી મહારાજ આશ્રમનું સંચાલન કરી રહ્યા છે આ કળિકાળમાં સમગ્ર રાષ્ટ્રમાંથી જ્યારે ધાર્મિક પ્રવૃતિઓ દિનપ્રતિદિન નષ્ટપ્રાયઃ થતી જતી હોય છે ત્યારે તેવી અસર આપણા સમાજમાં પણ ન ઉભી થાય તે માટે વાલજીદાસજી મહારાજ જેવા તપસ્વી સાધુ પુરૂષો સમાજમાં ધર્મમાટેનું પ્રચારતંત્ર ગોઠવવાનું વિચારે તો સમાજ માટે એ આનંદની વાત છે. સમાજને આજે ખરેખર ધર્મ ટકાવી રાખવાની જરૂર છે. ધર્મ તોજ ટકે જો ધર્મગુરુ તરીકે સબળ પુરૂષાર્થથી સમગ્ર સમાજમાં ધાર્મિક પ્રેરણાનું સિંચન કરી સમાજનાં સંતાનોના જીવનમાં પવિત્ર વિચારોનું પ્રદાન કરે આ બધું કરવા માટે સમાજના વિશાળ જનસંખ્યા ધરાવતા કોઈપણ પ્રદેશમાં મુખ્ય ધાર્મિક કેન્દ્ર સ્થાન હોવું જરૂરી છે.

આશા છે પરમપૂજ્ય વાલદાસજી મહારાજ આ અંગે જ્ઞાતિના આગેવાનો સાથે જરૂરી વિચાર વિમર્શ કરે અને સમાજના આગેવાનો પણ આ બાબત યુધ્ધના ધોરણે વિચારી યોગ્ય આયોજન કરે.

★ **સમાજ અને મહિલા મંડળો**

આપણા સમાજમાં મધ્યપ્રદેશમાં જબલપુર અને સાગર મુકામે મહિલા મંડળો તાજેતરમાં જ અસ્તિત્વમાં આવ્યાં છે તે એક આદરણીય હકીકત છે. માત્ર યુવક મંડળો અને સમાજનો વડીલ વર્ગ નેતાગીરીનો અંચળો ઓઢી આગળ વધે એટલુ જ આ જમાનામાં પૂરતું નથી એમ આ મહિલા મંડળોના પ્રસ્થાપકોએ પૂરવાર કરી આપ્યું છે તે બદલ ધન્યવાદ.

સમગ્ર સમાજમાં દ્વિમુખી પ્રગતિ હાંસલ કરવા માટે ઠેર ઠેર મહિલા મંડળો સ્થાપવાં જરૂરી છે.

મધ્યપ્રદેશના અન્ય મોટાં મોટાં કેન્દ્રો જેવાં કે ઇંદોર, રાયપુર વગેરે જેવાં સ્થળોએ મહિલા મંડળો સ્થાપી મધ્યપ્રદેશનું મહિલા મંડળનું એક યુનિટ (એકમ) સ્થાપવું જોઇએ. યુવક મંડળોએ પણ મહિલા જગતની સંગઠન શકિતને પ્રોત્સાહન આપવાની જરૂર છે.

★ છેતરપીંડીના ભોગ ન બનશો

જાણવા મળ્યું છે તે મુજબ મધ્યપ્રદેશની વસતી ગણત્રીની નકલ લઈ ઇતર જ્ઞાતિનો કોઇ માણસ ત્યાંના ગ્રામ્ય વિસ્તારોમાં ફરી ફરીને એ નકલને સુધારા વધારા સહિત ફરીથી છપાવી બહાર પાડવાની છે એવા બહાના તળે જાહેરાતો માટે કે અન્ય રીતે પૈસા પડાવવાનો ધંધો કરે છે તો મધ્ય પ્રદેશમાં વસતા આપણા સમાજની જનતાને નમ્ર વિનંતી છે કે કોઇ છેતરાય નહિ.

★ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ વાડી અમદાવાદ માટે આપનો અભિપ્રાય જણાવશો ?

ગીતામંદિર એસ. ટી. સ્ટેન્ડની ખૂબ નજીક અને આપણા સમાજની વસ્તી ધરાવતા વિસ્તારમાં ગીતા મંદિરની બાજુમાં સમાજવાડી બાંધવા માટે ૧૫૦૦ વાર જમીન ખરીદવામાં આવી છે. આ જમીનમાં જેમ બને તેમ જલ્દીથી બાંધકામની કાર્યવાહી હાથ ધરવા અમદાવાદ સમાજ વિચારે છે.

પરંતુ અખિલ કચ્છ કડવા પાટીદાર સમાજની સારી એવી વસ્તી હિન્દુસ્તાનનાં નાના મોટા અનેક રાજયોમાં ધંધાકીય રીતે પથરાયેલી છે. આ વિશાળ જનતાની સગવડ સાચવવાનો વિચાર કરીને વાડીનું બાંધકામ વિસ્તૃત રીતે કરવું કે પછી માત્ર સ્થાનિક ભાઇઓના વપરાશનો જ વિચાર કરીને બાંધકામ કરવું એ બાબત વિચારવી જરૂરી છે.

જો અખીલ ભારતીય ધોરણે સમાજવાડી બાંધવી હોય તો બાજુમાં બીજી જમીન મળે તેમ છે તો તેની અને બાંધકામ વગેરે માટેનાં નાણાંની વ્યવસ્થા કઈ રીતે કરવી તે બાબતમાં સમગ્ર સમાજના ભાઇઓના અભિપ્રાયની તાકીદની જરૂર છે. તો ઠેર ઠેર આપણા સમાજના આગેવાનો તેમજ અન્ય સૌ કોઇ ભાઇઓ પોત પોતાના વિભાગમાંથી આ અંગે જરૂરી અભિપ્રાય જાગૃતિ કાર્યાલય તેમજ આઝાદ કલમ પર તાત્કાલિક મોકલાવી આપે જેથી તે અંગે તાકીદે આગળ કાર્યવાહી થઈ શકે.

અમદાવાદ ખાતે આકાર લઈ રહેલી સમાજવાડી

★ ઉપરોક્ત વાડીનું બાંધકામ શરૂ કરવા માટેનાં ચક્રો ગતિમાન થયાના વિશ્વાસ પાત્ર વર્તુળો દ્વારા સમાચારો જાણવા મળ્યા છે. સાથે સાથે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજનાં ભાઈ બહેનો પાસેથી અમદાવાદની સમાજવાડીનું બાંધકામ સ્થાનિક વસતાભાઈઓની સગવડતા પૂરતું કરવું કે વિશાળ સમાજને લક્ષમાં લઇને આ બાબતનો અભિપ્રાય માંગવામાં આવ્યો છે.

ગુજરાત સમાજનુ આ અંગે એવું મતવ્ય છે કે અમદાવાદ શહેર એ ભલે ગુજરાતના પાટનગર ની નજીક હોશ પરંતુ કચ્છમાંથી ધંધાકીય બાબત અંગે તેમજ ફરવા જતાં આવતાં ઉત્તર ભારત વિભાગને બાદ કરતાં દરેક ભાઈ બહેનોને વાયા અમદાવાદ કરવાનું હોય છે. એ દ્રષ્ટિએ જોઇએ તો વાડીનું બાંધકામ વિશાળ જનસમુદાયની સગવડ અનુલક્ષી ને કરવામાં આવે એ ખુબ જ જરૂરી છે.

વ્યકિતગત અભિપ્રાય

★ અમદાવાદની સમાજવાડી વિશાળ જનસમુદાયની સગવડતા સચવાય એ રીતે બાંધવી જરૂરી છે. એટલું જ નહિં પરંતુ અમદાવાદની આસપાસ તેમજ દૂરથી એક મોટું શહેર છે. માટે મોટી મોટી હોસ્પીટલોમાં સેવા અશુશ્રા લેવા આવેલાં દર્દીઓને રોકાવું પડે તેવા સંજોગોમાં સેવા ચાકરી કરનાર વ્યકિત પણ દર્દીની સાથે રહી શકે એવી વ્યવસ્થા વાળી, શહેરમાં કામ અંગે આવનાર યાત્રાળુઓને ફરજિયાત રોકાણ કરવું પડે તેવા સંજોમાં રહી શકે તેવી અલાયદી રૂમોની વ્યવસ્થા પૂરી પાડતી તેમજ શકય હોયતો વિદ્યાર્થી મિત્રોના રહેઠાણના પ્રશ્નો હલ થઇ શકે તો પણ સારૂ આમ આ વાડીની વિવિધ ઉપયોગિતાની દ્રષ્ટિએ અને વિશાળ જનત ની સવલતં ને બાંધકામ કરતાં પહેલાં દ્રષ્ટિ સમક્ષ રાખવામાં આવે તે ઇચ્છનીય છે.

★ હાલ જબલપુર તેમજ કચ્છ સાયરા નિવાસી મુરબ્બી શ્રી રામજીભાઈ સામજીભાઈ પટેલે હરિદ્વાર ખાતે પરમ પૂજ્ય શ્રી વાલદાસજી મહારાજ સાથે મુલાકાત લેતાં શ્રી અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજ માટે મુખ્ય ધાર્મિક કેન્દ્ર સ્થાન જરૂરી છે એવી ચર્ચા થયાના સમાચારો જાણવા મળ્યા છે. વાલદાસજી મહારાજ મુંબઇ ખાતેના તેમના આગમન સમયે ત્યાંના વડીલો સાથે આ અગે પોતાના પવિત્ર વિચારોની રજુઆત કરશે. તેવો નિર્દેશ પણ છે. સમાજમાં ધર્મ ભાવના જાગૃત કરવા અને ટકાવી રાખવાનું કામ તપસ્વી સંતપુરૂષોનું છે, આશા છે સમાજનો સદ્‌ભાવ મહાત્મા પુરૂષોની સાથે વધુ જીવંત બને.

* ચુંટણીના ચમકારા *

- સાબરકાંઠા જિલ્લાની સી. સી. દેસાઇના અવસાનથી ખાલી પડેલી લોકસભાની બેઠક માટેનો ચૂંટણી જંગ રવિવાર તા. ૯-૧૨-૭૩ના રોજ ખેલાયો હતો. જેમાં સંસ્થા કોંગ્રેસ તરફથી કુમારી મણીબેન પટેલ તેમના નજીકના શાસક પક્ષના હરીફ ઉમેદવાર શાંતુભાઇ પટેલને ૧૩૮૧૫ મતે હરાવી વિજેતા બન્યાં હતાં.

- કચ્છ માંડવી તાલુકાની ખાલી પડેલી વિધાનસભાની બેઠક માટે ઉમેદવારી કરનાર શાસક પક્ષના શ્રા નેમીદાસ કેનીયા તેમના જનસંઘના હરીફ ઉમેદવારને હરાવી વિજેતા બન્યા છે.

* *
*




કાન્તિભાઈ કે. પટેલ
તંત્રી. 'જાગૃતિ'

આનન્દ!
ફુરસદ!!
વૈભવ!!!

રસોઈ ઘરનો રાજા
રાજેશ
પ્રેશર કુકર

પ્રથમ તો ગ્રાહકો તરફથી, પછી એના હરીફો તરફથી અને હવે ખુદ આઈ.એસ.આઈ. તરફથી પ્રમાણપત્ર. આમ રાજેશે આઈ.એસ.આઈ. ચિહ્ન ધરાવનારાં ગણ્યાં ગાંઠ્ય ઉત્પાદનોની ઉચ્ચ હરોળમાં સ્થાન મેળવ્યું છે.
લક્ષમાં રાખશો કે આઈ.એસ.આઈ. ચિહ્ન એટલે સવિશેષ ખાતરીનું ચિહ્ન! ઉત્પાદનની અત્યુત્તમ ગુણવત્તા, ઉત્કૃષ્ટ કારીગરી અને ચીવટપૂર્વકની પરિપૂર્ણતાનું પ્રમાણપત્ર. તેથી, જ્યારે તમે પ્રેશર કૂકરની શોધમાં હો ત્યારે રાજેશની માગણી કરજો. કારણ કે એ સવિશેષ ખાતરીનું ચિહ્ન — ISI ધરાવે છે.



નિર્માતા:
રાજેશ ઈન્ડસ્ટ્રીઝ
મહારાષ્ટ્ર.

સ્ટોકીસ્ટ *

શક્તિ વિજય વાસણ ભંડાર

તાંબા, પિત્તળ, સ્ટેનલેસ સ્ટીલ, એલ્યુમીનીયમના વાસણો તેમજ પ્રાયમસ વગેરે હાજર સ્ટોકમાં મળશે.

પ્રોપ્રાયટર: **પટેલ માવજીભાઈ ભીમજીભાઈ** (કચ્છ) વીરાણીવાળા

સ્થળ: બુટાલવાડા, **મોડાસા**, જિ. સાબરકાંઠા.

શ્રી જયઅંબે

ખેડૂત ભાઈઓને ખુશ ખબર



સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરું વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શક્તિ સ્પન પાઈપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઈપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—


શ્રી શક્તિ સ્પન પાઈપ કું

વડાગામ જિ. સાબરકાંઠા.

આપના ઘરમાં આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જવા માટે
હમેશાં ફિલિપ્સ રેડીયો ખરીદવાનોજ આગ્રહ રાખો.

ઓથેરાઇઝ્ડ ડિલર્સ ઈન :—

ફિલિપ્સ રેડીયો



કમા -૯૨


PHILIPS

પ્રો. વાડીલાલ જીવરામ
(મીઠુ)ભાઈ સોની
ઠે. ચારરસ્તા, ધનસુરા,
જિ. સાબરકાંઠા.

મળો યા લખો :—

શ્રી ગજાનંદ રેડીયો સર્વિસ

રેડીયો, ટ્રાન્ઝીસ્ટર, એમ્પ્લીફાયર વેચનાર
તેમજ સંતોષકારક રીતે રીપેર કરનાર
તથા ઇલેકટ્રીક સામાનના વહેપારી.


LAXMI
LAXMI

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા (જિ. સાબરકાંઠા)

શ્રી નં.

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠ.

મુદ્રક :
શ્રી. કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રો
ધનસુરા, જિ. સાબરકાંઠા